

ફ્ક સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા ફ્ક

સચિત્ર ગણધર વાદ

પ્રવચનકાર અને લેખક

પ.પૂ.મુનિરાજશ્રી અરૂણવિજયજી મહારાજ

卐 જામનગર મંડન શ્રી આદીશ્વરાય નમઃ 卐
卐 શ્રી વૃદ્ધિ-ધર્મ-ભક્તિસૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ 卐
શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ નં.

સચિત્ર ગણધરવાદ

[ભાગ ૨]

– વ્યાખ્યાતા અને લેખક

પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

[રાષ્ટ્રભાષારત્ન–વર્ધા, સાહિત્યરત્ન–પ્રયાગ]

[ન્યાય દર્શનશાસ્ત્રી–મુંબઇ]

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ-શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા, જામનગરે વિ. સં. ૨૦૪૦ (ઇ. સ. ૧૯૮૪) માં પ. પુ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજના ચાતુર્માસ દરમ્યાન આયોજિત ચાતુર્માસિક ૧૬ રવીવારીય "શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર"માં દર રવિવારે અપાયેલ "સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા"ના વિષયોની સંકલિત પુસ્તિકા — "સચિત્ર ગણધરવાદ"

• પુસ્તકનું નામ : "સચિત્ર ગણધરવાદ" જામનગર ચાતુર્માસની ૧ રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળાની સંકલિ પુસ્તિકા

• વ્યાખ્યાતા અને લેખક : પ. પુ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

• પ્રકાશક : શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા–જામનગર.

• શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ નં.

• શિબિર સંચાલક સંસ્થા : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્ દ્ર સંચાલિત શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિ

• પ્રથમ આવૃત્તિ — પ્રતિ ૫૦૦૦ — બે ભાગ

• વીર સં. ૨૫૧૦ — વિ. સં. ૨૦૪૦ — ઈ.સ. ૧૯૮

(ભાગ ૨)

– પ્રાપ્તિસ્થાન –

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ,
શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા,
ચાંદી બજાર, G. P. O સામે,
જામનગર–૩૬૧ ૦૦૧ સૌરાષ્ટ્ર

શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન
શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર
૩૯, વસંત વિલાસ, બીજે માળે, ડૉ. ડી. ડી. સાઠે માર્ગ
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦ ૦૦

શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્ર,
રમણ સ્મૃતિ, બીજે માળે, ૨૩૫ વી. પી. રોડ,
પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦ ૦૦૪.

ભાગ–૨ ની વિષયાનુક્રમણિકા

* નવા ટ્રસ્ટીમંડળની કમિટિની યાદી
* ચાતુર્માસિક સંસ્મરણો
* શિબિરમાં સાધર્મિક ભક્તિ કરનારાઓની યાદી
* લેખકની કલમે બે શબ્દ

કિંમત રૂા. ૨૫/-

વ્યાખ્યાન નં.	વિષય	
૯.	કર્મમોક્ષ (ક્ષય) સિદ્ધિ	૧ થી ૬૩
૧૦.	દેવ અસ્તિત્વ સિદ્ધિ	૧ થી ૮૭
૧૧.	નરક સિદ્ધિ	૧ થી ૮૪
૧૨. અને ૧૩.	પુણ્ય–પાપ સિદ્ધિ	૧ થી ૧૧૧
૧૪. અને ૧૫.	'પરલોકસિદ્ધિ" પુનર્જન્મ–પૂર્વજન્મ	૧ થી ૧૧૧
૧૬.	મોક્ષ (નિર્વાણ) સિદ્ધિ	૧ થી

પ્રકાશકીય નિવેદન.....

પર્વતોનાં ઉત્તુંગ શિખરોથી વહેતી "સરિતા" ધરતીના વિશાળ ધરાતલ ઉપર અનેક જીવોને ઉપયોગી તથા ઉપકારી બનીને આગળ વધીને સાગરમાં મળી જાય છે. વહેતી સરિતાનું મધુર પાણી પશુ=પક્ષી —નર—નારી—ઝાડ—પાન બધાંના માટે આશીર્વાદ સમાન છે. પાણી જેમ જીવનપ્રદ ઉપયોગી છે તેમ, શ્રી જિનેશ્વરની વાણી તેથી ઘણી વધારે ઉપકારી છે. પાણી તો દેહ માટે ઉપયોગી છે જ્યારે જિનવાણી દેહમાં વસનાર આત્મા માટે અનન્ત ઉપકારી છે. આ મધુર વાણીની ગંગોત્રી શ્રી જિનેશ્વર પ્રભુના મુખથી નીકળીને વિશાળ દેવ—મનુષ્ય—પશુ—પક્ષીના જીવો સુધી પહોંચે છે, પ્રસરે છે. સરિતા જૈન સાગરને મહાસાગર બનાવે છે તેમ જિનવાણી માનવને મહાન બનાવે છે. અનેક આત્માઓને તારે છે. શ્રી અજિતશાન્તિમાં કહ્યું છે કે...

जइ इच्छह परम पयं, अहवा कित्तिं सुवित्थडं भूवणे ।
ता तेलुक्कुद्धरणे जिणवयणे आयरं कुणह : ॥

જો પરમપદ મોક્ષની ઇચ્છા હોય, અથવા સંસારમાં-લોકમાં સુવિસ્તૃત-દશે દિશામાં પ્રસરે એવી કીર્તિની ઇચ્છા હોય તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનમાં આદર કરો. આ જિનવાણીનો અપાર મહિમા છે. કલ્પવૃક્ષની વેલડી જેવી અને અમૃત સમાન મીઠી આ જિનવાણીથી ચંડકૌશિક, દૃઢપ્રહારી, અર્જુનમાળી, રોહિણેય આદિ જેવા અનેક જીવો સંસાર સાગર તર્યા છે. કારણ કે જિનવાણીમાં એટલા કીમતી સિધ્ધાન્તો છે, એટલાં સુંદર-સાચાં તત્ત્વો છે કે જે સમુદ્રનાં રત્નો કરતાં પણ કીમતી-અમૂલ્ય છે.

હિન્દુસ્તાનમાં સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ જામનગર શહેર લોકપ્રસિધ્ધિમાં છોટી (લઘુ) કાશી તરીકની પ્રસિધ્ધિ ધરાવે છે. આ ખ્યાતિ અમને આજે ચરિતાર્થ થતી લાગી. ૭ મહિનાથી એકધારી જ્ઞાનગંગાની સરિતા સતત વહેતી જ રહી. અમારા શ્રી સંઘની આગ્રહભરી વિનંતિને

માન આપી પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ અત્રે શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળામાં ચાતુર્માસ પધાર્યા. તથા અત્રે બીરાજતા મુ. મ. શ્રી ધનપાલ વિજયજીની નિશ્રામ શ્રી સંઘે "ચાતુર્માસિક ૧૬ રવિવારીય" શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન કર્યું. ૬૫૦ યુવાનો પ્રવેશ ફોર્મ ભરીને જોડાણા. જ્ઞાતિની વાડીએ અનેક જૈન –જૈનેતર ભાઈ–બહેનોનો માનવ મહેરામણ ઊમટ્યો. ૬–૬ કલાક સુધી પૂજ્યશ્રીના ઉપદેશની જ્ઞાનગંગાના વહેતા પ્રવાહમાં અનેક આત્માઓ પ્રતિબોધ પામ્યા...મૂળભૂત તત્ત્વોને ઊંડાણથી સમજ્યા.

ચાતુર્માસના દર રવિવારે બપોરે સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા ગોઠવાઈ "શ્રી કલ્પસૂત્ર" જેવા મહાન પવિત્ર આગમના છઠ્ઠા વ્યાખ્યાન "ગણધરવાદ"નો વિષય આ જાહેર વ્યાખ્યાનોમાં લઈને વિસ્તારથી છણાવટ કરીને પોતાની અનોખી સરલ–સુગમ શૈલીમાં બોર્ડ ઉપર ચિત્રો દોરીને તથા ચાર્ટો દ્વારા તર્ક–યુક્તિપૂર્ણ રીતે અનેક દર્શનોનો સમન્વય કરીને પૂજ્ય શ્રી વિદ્વાન મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ સમજાવતા હતા. ખૂબ રસપૂર્વક જૈન-જૈનેતર શ્રોતાઓએ શ્રવણ કર્યા.

આવા તાર્કિક અને સચોટ યુક્તિઓ સાથેના મૂળભૂત પાયાના તત્ત્વોનાં વ્યાખ્યાનો અનેકોને ઉપકારી થાય અને તેની ચિરસ્મરણીય એક સંભારણું બની રહે તે માટે અમારા શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘે તેને છપાવવાનું આયોજન કર્યું. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનો આપ્યા પછી જાતે જ લખવાની ભારે જહેમત ઉઠાવી અને ચિત્રો આદિ સાથે તૈયાર કરીને દર રવિવારની નાની પુસ્તિકા રૂપે આપતા ગયા. અમે રાજકોટ શહેરમાં મુદ્રણની વ્યવસ્થા કરી. અને ૫૦૦૦ની સંખ્યામાં પુસ્તકો છપાવીને દેશ–પરદેશના લોકોની માંગણીઓ સંતોષવા મોકલતા પ્રયત્ન શરૂ કર્યા.

સમ્યગજ્ઞાનના આ પવિત્ર કાર્યમાં જામનગરના શ્રી વિ. જૈન સંઘે. રૂા. ૧,૫૦,૦૦૦ના ઉદાર ખર્ચ આ સમગ્ર કાર્યકર કરવા સહાયભૂત બન્યા છે. અને આ પુસ્તકો છપાવવામાં ઉદાર ફાળો આપ્યો છે. શિબિરાર્થી યુવાનોની સાધર્મિક ભક્તિમાં પણ ઉદાર ફાળો આપ્યો છે. પૂજ્યશ્રી તરફથી વ્યાખ્યાનોનું લેખન, ચિત્રકારો તરફથી ચિત્રો, બ્લોક અને પ્રેસવાળા તરફથી છાપકામ અને વ્યવસ્થાપક ભાઈઓ તરફથી સહયોગ પ્રાપ્ત થતાં આ "સચિત્ર ગણધરવાદ"ની સચિત્ર જાહેર વ્યાખ્યાન માળાનાં ૧૬ વ્યાખ્યાનોને અમે બે ભાગમાં છપાવીને પ્રસિધ્ધ કરતાં ગૌરવ અનુભવીએ છીએ. આ પધ્ધતિએ જૈન શાસનની અનેરી પ્રભાવના કરવાનો લાભ અમને મળ્યો તે બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનોની વહેતી જ્ઞાનગંગાને આ બે ભાગમાં પુસ્તક રૂપે જિજ્ઞાસુ વર્ગના હાથનાં અર્પણ કરીએ છીએ. અને આશા રાખીએ છીએ કે આ પુસ્તક આત્માદિ તત્ત્વોની વાસ્તવિકતાને સમજાવનારું સિધ્ધ થશે– એ જ અભ્યર્થના.

૧૪–૧–૧૯૮૫.
જામનગર


લિ. શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ.
પ્રમુખ–

પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજના એક યાદગાર-યશસ્વી ચાતુર્માસનાં સંસ્મરણો

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર !
જે ગુરુ વાણી વેગળા તે રડવડ્યા ભવ સંસાર ।

આત્માને ધર્મસન્મુખ બનાવી મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરાવવા માટે ગુરુ મહારાજની ખૂબ આવશ્યકતા પડે છે. ગુરુ વિના તો ઘોર અંધકાર છવાઈ જાય. દેવ–ગુરુ–ધર્મ આ તત્વત્રયીમાં ગુરુતત્ત્વ બન્નેની વચ્ચે છે. સંસારી જીવને દેવ–અને ધર્મ એમ બન્ને તત્ત્વની ઓળખ કરાવે છે.

ભારતના નકશામાં સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ અને લઘુ કાશી તરીકે પ્રસિધ્ધિ પામેલ જામનગર શહેર એક સંસ્કાર નગરી છે. ઇતિહાસનાં પાને "મંદિરોં કા નગર" એવી પણ પ્રસિદ્ધિ છે. શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ એક વિશાળ જ્ઞાતિ છે. આ જૈન સંઘનું ભવ્ય શેઠજી દેરાસર તથા સુંદર ઉપાશ્રય– ધર્મસ્થાન શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળાના નામે પ્રસિધ્ધ છે. શહેરની મધ્યમાં ચાર ચોકની વચ્ચે રમણીય અને સુંદર ધર્મસ્થાન છે.





અનેક વર્ષોથી અનેક આશ્ચર્ય ભગવંતો, સાધુ મહારાજ આદીના ચાતુર્માસો થતા રહે છે. અનેકવિધિ આરાધનાઓ થાય છે. ધર્મિષ્ઠ સંઘ અને સંસ્કારી સમાજ આરાધક વર્ગ છે.

વિ.સં. ૨૦૪૦ની સાલે અમારો શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ ચાતુર્માસાર્થે પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજને વિનંતિ કરવા વડોદરા નગર ગયો. જૈન સંઘના ધુરંધર આચાર્યો પૈકીના એક જૈનાચાર્ય પ.પૂ. સ્વ. ૧૦૦૮ શ્રીમદ્‌વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ (કાશીવાળા) શાસ્ત્રવિશારદ હતા. પાશ્ચાત્ય વિદ્વાનોને પણ ધર્મ સમજાવનારા પ્રસિદ્ધ આચાર્યદેવ હતા. તેમના પટ્ટપ્રભાવક વૈરાગ્યોપદેશક તપોમૂર્તિ ૧૦૦૮ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પ.પૂ. મુનિરાજશ્રી અરુણવિજયજી મહારાજ સ્વયં અભ્યાસ કરતા અને નાની વયના વિદ્યાર્થીજીવન ગાળતા... વિવિધ પરીક્ષાઓ આપી રહ્યા છે. તેઓ વર્ધાથી રાષ્ટ્રભાષા રત્ન, પ્રયાગથી સાહિત્ય-રત્ન, તથા મુંબઈ-ભારતીય વિદ્યા ભવન તરફથી ન્યાય-દર્શન શાસ્ત્રોની પરીક્ષાઓ પાસ થયેલા છે અને હાલમાં ન્યાયાચાર્યની અંતિમ પરીક્ષાનો અભ્યાસ કરી રહ્યા છે.

"સ્વ-પર હિતં સાધ્નોતીતિ સાધુ" આ લક્ષણ મુજબ સ્વ અને પરનું કલ્યાણ સાધતા પૂજ્ય શ્રી જૈન જૈનેતર યુવાવાલમના જીવન ઘડતર માટે પ્રતિવર્ષ બે-બે શિબિરોનું આયોજન કરે છે. વડોદરામાં પુજ્યશ્રીએ અમારી ચાતુર્માસની વિનંતિ સાંભળી... અમારી ભાવના સમજ્યા અને સંઘના આગેવાનો મુંબઈ પૂ. આચાર્ય શ્રી વિજય-પ્રેમસુરીશ્વરજી મહારાજ, પુ. આચાર્ય શ્રી વિજય સુબોધ સુરીશ્વરજી મહારાજ પાસે ગયા. પુજ્યશ્રીને વિનંતિ કરી અને એ જ વખતે ત્યાંજ જય બોલાવી. વહેતી ગંગા જેમ હિમાલયેથી નીકળીને પ્રયાગ અને કાશીમાં આવી. તેમ પૂજ્યશ્રી વડોદરાથી વિહાર કરી અમદાવાદ પરીક્ષા આપી શંખેશ્વર તીર્થની યાત્રા કરી.સુરેન્દ્રનગરમાં શિક્ષણ શિબિરનું આયોજન કરી છોટી કાશી

જામનગર પધાર્યા. વિ. સં. ૨૦૪૦ જેઠ વદ ૧૦ રવિવાર તા. ૨૪/૬/૮૪ના શુભ મુહૂર્તે પૂજ્યશ્રીનો નગર પ્રવેશ થયો. જામનગર શહેરમાં ચારે બાજુ પૂજ્યશ્રીના વ્યાખ્યાનો ગોઠવાયા. પૂજ્યશ્રીની વાણી અને ઉપદેશ લોકોના કાનમાં ગુંજવા માંડયા... લોકો આકર્ષાયા. આનન્દ અને ઉત્સાહની લહેરો...ઊછળી...

અષાઢ સુદ ૬-બુધવાર તા. ૪-૭-૮૪ના રોજ બૈન્ડ-વાજા સાથે વાજતે-ગાજતે ચતુર્વિધ શ્રી સંઘ સાથે પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ થયો. પૂ. અરુણવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી ધનપાલવિજયજી મ. બે ઠાણા શ્રી મોહનવિજયજી પાઠશાળામાં પધાર્યા... વ્યાખ્યાન વાણીમાં રોજ માનવ-મેદની વધતી ગઇ, આરાધના-તપશ્ચર્યાઓ શરૂ થઈ. ચાતુર્માસિક સળંગ અઠ્ઠમની તપશ્ચર્યા શરૂ થઈ. એક પછી એક અઠ્ઠમો થતા ગયા. સંઘમાં અનેરો આનન્દ અને ઉત્સાહ જાગ્યો. અઠ્ઠમના તપસ્વીઓના અનુમોદનીય પ્રભાવના સાથે સન્માન કરવામાં આવ્યા.

ચાતુર્માસિક સૂત્રવાંચન

ચાતુર્માસિક વાંચનાવસરે શ્રી અધ્યાત્મકલ્પદ્રમ ગ્રંથ; તથા "શ્રી વિપાકસૂત્ર" એમ બન્ને ગ્રંથો પ્રારંભ કરવામાં આવ્યા. રાત્રિ વ્યાખ્યાનો માટે "શ્રી સમરાદિત્ય ચરિત્ર" ગ્રંથનું વાંચન શરૂ થયુ. અને દર રવિવારે શિબિરમાં વ્યાખ્યાનાર્થે "ધર્મબિન્દુ ગ્રંથ" તથા સચિત્ર ગણધરવાદની જાહેર વ્યાખ્યાનમાળા માટે "શ્રી વિશેષાવશ્યક ભાષ્ય" ગ્રન્થ નકકી થયા. ગ્રન્થોના સુંદર ચઢાવા બોલવામાં આવ્યા...શુભ મુહૂર્તે વાચન શરૂ થયું. રાત્રિ વ્યાખ્યાનમાં ઘણી સારી સંખ્યામાં પુરૂષવર્ગ લાભ લેતો થયો. તત્વાર્થના કલાસ શરૂ થયા. શનિવારે પ્રશ્નોત્તરો થતી. સૂત્ર અર્થના કલાસો ચાલ્યા. દર શનિવારે બપોરે નાના બાળકો માટે સમૂહ સામાયિક થતી હતી...

ચાતુર્માસિક ૧૬ રવિવારીય
શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરનો પ્રારંભ :

જામનગર શહેરમાં ચારેબાજુ પૂજ્યશ્રીની બુલંદ ઘોષણા ગુંજતી થઈ. શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ તરફથી યુવા આલમના લાભાર્થે પૂજ્યશ્રીની જ્ઞાન ગરિમાનો લાભ લેવા માટે તથા યુવાનોનાં તન-મનનો જીર્ણોદ્ધાર કરવાના હેતુથી પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસના ૧૬ રવિવારી શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જામનગર શહેર તથા આજુ-બાજુના જૈન-જૈનેતર યુવાનો લગભગ ૬૫૦ ની સંખ્યામાં ફોર્મ ભરીને શિબિરમાં જોડાયા. તા. ૧૫-૭-૧૯૮૪ના રવિવારે અમારી જ્ઞાતિના પ્રમુખ શેઠશ્રી ભાનુકુમાર મગનલાલ દોશીના શુભહસ્તે જ્ઞાનદીપક પ્રગટાવી શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ. આ પ્રસંગે અન્ય જ્ઞાત તથા સમાજના આગેવાનોએ હાજરી આપી હતી.

શિબિરનો કાર્યક્રમ આ પ્રમાણે હતો. -દર રવિવાર

- સવારે ૯-૦૦ થી ૯-૩૦ પ્રાર્થના, ધ્યાન, આસન.
- ,, ૯-૦૦ થી ૧૦-૩૦ તત્વજ્ઞાનનું પ્રથમ વ્યાખ્યાન
- ,, ૧૦-૩૦ થી ૧૧-૩૦ બીજુ વ્યાખ્યાન
- ,, ૧૧-૩૦ થી ૧૨-૩૦ ત્રીજું વ્યાખ્યાન
- બપોરે ૧૨-૩૦ થી ૨-૦૦ ભોજન (સાધર્મિક ભક્તિ), વિશ્રાંતિ
- ,, ૨-૦૦ થી ૪-૩૦ સચિત્ર ગણધરવાદની જાહેર વ્યાખ્યાન માળા

અમારી જ્ઞાતિની વાડીના વિશાળ મંડપનાં આ પ્રમાણે દર રવિવારે સવારે ૯-૦૦ થી સાંજે સાડાચાર સુધીનો કાર્યક્રમ ચાલતો હતો. જૈમા શિબિરાર્થીઓ ઉપરાંત પાંચ-સાતહજારની મોટી સંખ્યામાં જૈન-જૈનેતર ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હતા. અનેક વિધ વિષયો ઉપર પુજ્યશ્રી પાયાના મુળભુત સિદ્ધાંતો ચાર્ટ-ચિત્ર પદ્ધતિથી બોર્ડ ઉપર સમજાવતા હતા. શિખવાડતા હતા. શ્રી મહાવીર જૈન સંગીત મંડળના ભાળકો વચ્ચે-વચ્ચે સંગીત સાથે સ્તવનો ગાતા હતા.

સાચિત્ર ગણધરવાદની જાહેર વ્યાખ્યાનમાળા

"ગણધરવાદ"નો વિષય જૈન સમાજમાં ઘણો જ પ્રસિદ્ધ વિષય છે. પર્યુષણ મહાપર્વ દરમ્યયાન કલ્પસૂત્રના વાંચનમાં વંચાય છે, તે ગણધરવાદના વિષય ઉપર રવિવારીય જાહેર વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી હતી. અત્યન્ત તાર્કિક અને યુક્તિ–પ્રયુક્તિ પૂર્ણ આ વ્યાખ્યાનોમાં આત્માથી મોક્ષ સુધીના તત્વો પૂજ્યશ્રી બોર્ડ ઉપર ચાર્ટ –ચિત્ર સાથે સરલતાથી સમજાવતા હતા. શ્રી સંઘે નક્કી કર્યું કે આ અમુલ્ય વ્યખ્યાનો છપાવીને પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવા. અને કેટલાક દાનવીર દાતાઓનો આ યોજનામાં સહયોગ સાંપડયો. અને પરિણામે અમે ૫૦૦૦ પ્રતિઓ પ્રસિધ્ધ કરી શકયા. જે દેશ અને પરદેશની ધરતી ઉપર ઝડપથી પહોંચવા માંઢી. પરિણામ સ્વરૂપે જિનવાણીના મૂળ તત્વોનો પ્રચાર થયો. અમને જણાવતા ખૂબ આનન્દ થાય છે કે અમારા ઈતિહાસમાં પ્રથમવાર વ્યાખ્યાનોના સંગ્રહરૂપે પુસ્તક છપાયું. આ અમારૂં ગૌરવાસ્પદ સંભારણું કાયમ યાદ રહે તેવું છે. બે ભાગમાં એક હજાર પાનાનું પુસ્તક પ્રકાશીત કરી અમે ધન્યતા અનુભવીએ છીએ.

સુંદર અનુષ્ઠાનો અને આરાધના–

* શ્રી સિધ્ધ ચક્ર મહાપૂજનની ભકિત સાથે આયંબિલની તપશ્ચર્યા કરાવવામાં આવી. આરાધનાર્થે દરેકને, સિદ્ધચક્રના યંત્રો બનાવીને ભેટ આપવામાં આવ્યા હતા.

૧૧ ગણધર ભગવંતોના એકાસણા સામૂહિક થયા.

* ૪૫ આગમની ભવ્ય રથયાત્રા–તથા પુજન

પુજ્યશ્રીની આગવી આયોજન શૈલીથી ૪૫ આગમોનું પુજન થયું. તથા ભવ્ય રથયાત્રા નીકળી. ગજરાજની અંબાડીએ "શ્રી ભગવતીસૂત્ર" તથા ૪૫ વાહનોમાં ૪૫ આગમો સાથે અપુર્વ રથયાત્રા નિકળી. દિવસભર મહાપુજન ચાલ્યું. પુ. મુનિરાજ શ્રી ગુણ સાગરજી મહારાજે પણ અમને આગમો આપી સહકાર આપ્યો. આ નિમિત્તે આગમ પુરૂષનો પટ બનાવવામાં આવ્યો.

૪૦૦ ઉપવાસ સાથે વીસ સ્થાનક તપની આરાધના

તીર્થંકર નામ કર્મની આ સર્વશ્રેષ્ઠ આરાધના પૂજ્યશ્રીની પ્રેરણાથી અદ્‌ભુત રીતે થઇ, ૪૦૦ ભાગ્યશાળીઓએ સામૂહિક ઉપવાસ કર્યા, શ્રી વીશસ્થાનક મહાપૂજન ભણવાયુ. અને આરાધનાર્થે શંકલ સંધને વીશ સ્થાનક યંત્રો અર્પણ કરવામાં આવ્યા.

* સામૂહિક અઠ્ઠમ તપની આરાધના– શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ ભગવંતોના અઠ્ઠમ તપની આરાધના સંધમાં અનેરા ઉત્સાહપૂર્વક થઈ. નાના–મોટા ઘણાં જોડાયા. શ્રી ગૌતમ સ્વામીના છઠ્ઠ તથા ખીરના પારણા આદિની અનેકવિધ તપશ્ચર્યાઓ ઘણી થઈ.

પર્યુષણ મહાપર્વની આરાધના

મહાપર્વ પર્યુષણની આરાધના અનેરા ઉત્સાહ સાથે થઈ, "કલ્પસૂત્ર શું છે?" જેવા વ્યાખ્યાનો પૂજ્યશ્રીએ આપ્યા. બહુ વિસ્તારથી અષ્ટાન્હિકા વ્યાખ્યાનમાં કર્તવ્યો સમજાવ્યા અને "કલ્પસૂત્ર" સુંદર રીતે સ્પષ્ટ સમજાવ્યું. સંવત્સરી મહાપર્વના દિને પ્રતિક્રમણ શું છે એ ઉપર વ્યાખ્યાન આપ્યા પછી સમજાવી સમજાવીને સંવત્સરી પ્રતિક્રમણ સુંદર રીતે શાંતિપૂર્વક કરાવરાવ્યું છે. ૧૭૨ ઉપર યુવાનોએ તથા અન્યોએ અટ્ઠાઈતપની આરાધના કરી, ૨૧, ૧૬, ૧૫, ૧૧, ૧૦, ૯, આદિ ઉપવાસોની સંખ્યામાં નાના–મોટા અનેક ભાઈ–બહેનોંએ તપશ્ચર્યા–આરાધના કરી. વિવિધ ફંડો થયા. ખૂબ ઉત્સાહ સાથે પર્યુષણ મહાપર્વની આરાધના થઈ. ભાદરવા શુદ ૫ના રોજ તપસ્વીઓની વિશાળ રથયાત્રા નિકળી હતી...

ભવ્ય ચૈત્યપરિપાટી–શિબિરાર્થી યુવાનો, અન્ય અઢીથી ત્રણ હજાર ભાઈ–બહેનો સાથે ચતુર્વિધ સંઘ સાથે જામનગર શહેરના સર્વ જિનચૈત્યોના દર્શનાર્થે ચૈત્યપરિપાટી નીકળી હતી. નાના–મોટા બધાએ પૂજ્ય ગુરૂદેવની સાથે પગપાળા ચાલીને દર્શન કર્યા હતા. અંતે સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી.

ત્રિદિવસીય બૃહદ્ અર્હદ્ મહાપુજન સાથે પંચાન્હિકા મહોત્સવ

શ્રી પર્યુષણ મહાપર્વની વિવિધ તપશ્ચર્યા–આરાધનાના ઉપલક્ષમાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ તરફથી સામૂહિક ફંડ કરીને ત્રણ દિવસનું અર્હદ્ મહાપૂજન તથા અષ્ટોત્તરી શાન્તિસ્નાત્રનો પંચાન્હિકા મહોત્સવ રાખવામાં આવ્યો. જિનેશ્વર પરમાત્માના જન્માભિષેક મહોત્સવને વિસ્તારની ઉજવવામાં આવ્યો. શ્રી શેઠજી દેરાસરની બહાર વિશાળ રંગમંડપમાં અપ્રતીમ રીતે ઉજવાયુ. ત્રીજાદિવસે ૫૬ દિક્ કુમારિકાઓ ૬૪ ઇન્દ્ર ઇન્દ્રાણિઓ સાથે, ૨ રથ આદિ પૂર્વક ભવ્ય રથયાત્રા નીકળી હતી. મહાપૂજનમાં ૫૬ દિક્ કુમારિકાઓએ નૃત્ય ભક્તિ રજુ કરી હતી. રાજકોટના નૃત્યકાર મહેન્દ્રભાઇએ સૌધર્મેન્દ્રની ભૂમિકા નૃત્યમાં રજુ કરી હતી. શેઠ જયન્તિલાલ લક્ષ્મીચંદ તથા શેઠ હરકિસન ભાઇ સૌધર્મેન્દ્ર, તથા ઇશાનેન્દ્ર બન્યા હતા. આ પ્રસંગે વિશાળ સોનેરી મેરૂપર્વતની રચના કરવામાં આવી હતી. સકલસંઘે મેરૂપર્વત ઉપર ચઢીને પ્રભુજીના અભિષેક કર્યા હતા. ભાદરવા સુદ ૧૫ તા. ૧૦–૯–૮૪થી ત્રણ દિવસ ચાલેલા આ મહાપૂજનમાં અનેક ભાવિકોએ સુવર્ણ–ચાંદીના દાગીનાંઓનો ત્યાગ કરી પ્રભુજીની આભૂષણપૂજા કરી હતી. અને તે સર્વ દાગીનાઓમાંથી શ્રી શાંતિનાથ ભગવાનને સોનાનો મુગટ બનાવવામાં આવ્યો છે. ભાદરવા વદ ૪ના રોજ શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર થયું. અંજનશલાકા મહોત્સવને યાદ કરાવે એવો સુંદર આ મહોત્સવ થયો. શેઠજી દેરાસરમાં ૧૮ અભિષેક કરવામાં આવ્યા હતા.

શ્રી સંઘે લીધેલા વિવિધ લાભો

* શ્રી ભગવતીસૂત્ર પુનર્મુદ્રણ યોજના, * શ્રી નિરયાવલિકા આગમની પુનર્મુદ્રણ યોજનામાં, * ચાર્ટ–ચિત્ર નિર્માણ યોજનામાં, * અંજન મહિલા તથા તાલીમ મંડળ માટેના ફાળામાં, * B. W. C. ના અહિંસા કાર્યમાં, મહાવીર જૈન શિબિરમાં સાધર્મિક ભક્તિ કરવામાં વિવિધ (ગચ્છ સ્વામી વાત્સલ્યોમાં, "ગણધરવાદ"ની પુસ્તિકાઓના

પ્રકાશનમાં, તથા વિવિધ પુજનો, અનુષ્ઠાનો તથા આરાધના, સ્પર્ધાઓના ઇનામો વગેરેમાં શ્રી સંઘ તથા અનેક ભાઈઓએ ઉત્સાહથી અનેક રીતે લાભ લીધો છે.

વિવિધ ઈનામી સ્પર્ધાઓનું આયોજન

* વિજ્ઞાન અને ધર્મની વકતૃત્વ સ્પર્ધા, * નિબંધ લેખન સ્પર્ધા, * રત્નાકર પચ્ચીશી સ્પર્ધા, * ભકતામર, અજિતશાંતિની સ્પર્ધા, * ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવ કહેવાની સ્પર્ધા, * સ્તુતિ, સ્તવન સજ્ઝાયની સ્પર્ધા, અષ્ટ પ્રકારી પૂજાની સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ઈત્યાદિ વિવિધ સ્પર્ધાઓનું આયોજન શહેર સ્તરે કરવામાં આવ્યુ હતું. જૈન-જૈનેતર યુવાનો તથા યુવતીઓએ ભાગ લીધો હતો અને વિવિધ દાતાઓ તરફથી સુંદર આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા.

૦ જાપ ધ્યાનની આરાધના

જામનગરમાં સર્વપ્રથમવાર યોજવામાં આવેલ અષ્ટદળ કમળમાં નવકારના જાપ પુજ્યશ્રીએ અનોખી રીતે કરાવ્યા હતા. અને ૪૮ કલાક -૨ દિવસ સુધી ચાલેલા આ અખંડ જાપ-ધ્યાનમાં જામનગરના ભાવિકોએ લગભગ ૧૧ લાખની સંખ્યામાં સુંદર શાંતિપુર્વક જાપ કર્યા હતા

૨૪ જિનેશ્વર ભગવાનની લોગસ્સ સાથે કાઉસ્સગ્ગ મુદ્રામાં જાપ-ધ્યાન કરવામાં આવ્યા હતા, ૨૭ પાર્શ્વનાથ ભગવંતના પુજન સાથે જાપ કરવામાં આવ્યા હતા. સુંદર રચના નિર્માણ કરવામાં આવી હતી. આવી અનોખી અનેક આરાધનાઓ કરાવવામાં આવી હતી. આસો મહિનાની નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના થઈ.

૦ શ્રી દીપાવલી મહાપર્વની આરાધના

આસોની ૧૪ તથા અમાવાસ્યાના દિપાવલી મહાપર્વ પ્રસંગે શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણકની આરાધનાના છઠ્ઠ તથા શ્રી વીરપ્રભુની ૧૬ પ્રહરની અંતિમ દેશના સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સુત્રનાં વાચનાનું શ્રવણ સવાર-બપોરની વાચનારૂપે ૨ દિવસ શ્રવણ કરવામાં

આવી હતી. પુજ્યશ્રી અરુણવિજયજી મહારાજે ૨ દિવસમાં સંપુર્ણ ઉત્તરાધ્યયન સુત્ર દ્વારા વીરપ્રભુની અંતિમદેશનાનો સાર સમજાવ્યો હતો. રાત્રિજાપ આદિ સાથે સુંદર આરાધના થઈ.

અશ્રુભીની નજરે સેંકડો ભાવિકોએ ગૌતમ સ્વામીનો વિલાપ અનુભવ્યો હતો. આ પ્રસંગે વ્યાપારીઓએ ફટાકડાનો ધંધો ન કરવાની, ફટાકડા ન વેચવાની બાધા (પ્રતિજ્ઞા) લીધી હતી. અનેક નાના મોટા યુવાનો તથા બાળક-બાળકાઓએ પણ ફટાકડા ન ફોડવાની બાધાઓ લીધી હતી. તેમને સર્વેને તથા પદ દિક કુમારીકાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

દિપાવલી મહાપર્વે પરોપકારના કાર્યો

જૈન સમાજ એક ઉદાર-દાનવીર અને દયાળુ જ્ઞાતિ છે. પૂજ્યની બુલંદ ઘોષણા તથા માર્મિક ઉપદેશના આધારે જામનગરના જૈન સંઘમાંથી યુવાનોએ પહેરવાના કપડાઓ, મીઠાઈ, વાસણ, ઘઉં; ચોખા, કઠોળ આદિ અનાજ, રોકડ રૂપિયાઓ તથા ફળ-ફુટ આદિ ભેગા કરી દિવાળી પર્વ તથા નુતનવર્ષારંભાદિને જામનગરની વિવિધ હોસ્પીટલો, આશ્રમો, આદિસ્થળે જાતે જઈને વીતરણ કરી આવ્યા હતા. જામનગર તથા બહારના ગામડાઓના અનેક જૈન-જૈનેતર ભાઈ-બહેનોને કપડા, રોકડ રૂપિયા, અનાજ આદિ આપવાનું આ પવિત્ર પરોપકારનું કાર્ય ઉદાર હાથે શિબિરાર્થી યુવાનોએ કર્યું હતુ. તથા દર રવિવારે આ શુભ કાર્ય ચાલુ રાખ્યુ છે.

શ્રી મહાવીર જૈન સ્વાધ્યાય કેન્દ્ર-

વિ.સં. ૨૦૪૧ના જ્ઞાનપંચમી પર્વના શુભદિને પુજ્યશ્રીની પ્રેરણાથી શિબિરાર્થી યુવાનો તથા અન્ય મોટા ભાઈઓનું સ્વાધ્યાય મંડળ ઉપરના નામે શરૂ કરવામાં આવ્યુ. જેમાં યુવાનો સપ્તાહમાં સાથે મળીને સ્વાધ્યાય કરી શકે.

કાર્તિકી પુર્ણિમાએ હિંદુસ્તાન ટાઈલ્સમાં પુજ્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તન કરવામાં આવ્યું. ચતુર્વિધ સંઘસ્થે વિશાળ માનવ મેદની

સાથે હિન્દુસ્તાન ટાઈલ્સ ફેક્ટરીમાં શત્રુંજયનો પટ જુહારી સમસ્તશ્રી સંઘે અનેરો લાભ લીધો. પુજ્યશ્રીનું વ્યાખ્યાન થયુ. પુજા ભણાઇ. ૧૬માં રવિવારે શિબિરની પુર્ણાહુતિ થઇ.

સંસ્કૃત પંડિત પરિષદનું આયોજન

પૂજ્ય શ્રી અરુણવિજયજી મહારાજ સ્વયં સંસ્કૃત ભાષાના વિદ્વાન છે. સંસ્કૃતમાં વ્યાખ્યાન આપે છે. ન્યાય-દર્શન શાસ્ત્રમાં ષડદર્શનના જ્ઞાતા છે. તેમની પ્રેરણા તથા માર્ગદર્શનાનુસાર શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘે પૂજ્ય શ્રીની નિશ્રામાં ત્રણ દિવસની પરિષદ યોજી. જેમાં મુંબઈ, નાગપુર, કાશી, પુના, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, દિલ્લી આદિ સ્થલોથી. સંસ્કૃત ભાષાના દાર્શનિક વિદ્વાનોં ભાગ લેવા આવ્યા હતા. શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર મુંબઇની સંસ્થાની આ પ્રવૃત્તિનું આ ત્રીજું અધિવેશન તા. ૧૭, ૧૮, ૧૯, નવેમ્બર ૧૯૮૪ના જામનગર મળ્યુ. "ચાર્વાક દર્શન"ના નિરસન માટે સંસ્કૃતમાં ભાષણો તથા ચર્ચા થઈ, આ સંસ્કૃત પંડિત પરિષદનું ઉદ્ઘાટન અમારા સંઘના પ્રમુખ શ્રી ભાનુભાઈ મગનલાલ દોશીએ કર્યુ હતું. તથા પંડિતજી શ્રી રામચન્દ્ર શાસ્ત્રી જોશી પુનાવાલા દ્વારા નૂતન ટીકા સાથે લખીને તૈયાર કરવામાં આવેલ જૈન દર્શનના અભ્યાસ માટેના પાયાના ગ્રંથ- "શ્રી પ્રમાણનય તત્ત્વાલોક"નું ઉદ્ઘાટન શેઠ શ્રી જગદીશભાઇ શાન્તિલાલ શાહ ઓખાવાલાના હસ્તે કરવામાં આવ્યુ હતુ. તા. ૧૮-૧૧-૮૪ના રોજ પંડિતનું ઇશ્વરચન્દ્રજી શર્માના હાથે લખાયેલ પુસ્તક "ભારતીય દર્શનોં મેં આસ્તિકતા કા સ્વરૂપ" નું ઉદ્ઘાટન શ્રી કે. પી. શાહે કર્યુ હતું. પ. શ્રી કૌન્ડિન્ય શાસ્ત્રીજીએ સુંદર સભા સંચાલન કર્યુ હતુ. તા. ૧૯-૧૧-૮૪ના આવેલા સર્વ વિદ્વાન પંડિતોનું ૧૦૧ રૂપિયા તથા ગરમ શાલ વડે સન્માન કરવામાં આવ્યુ હતું. ન્યાય-વ્યવહારોપમંત્રી શ્રી એમ. કે. જ્લોચ, લીલાધરભાઈ પટેલ, જસ્ટીસ શાહ, આદિ મહાનુભાવોએ સમારંભમાં હાજરી આપી હતી. સંઘપ્રમુખ ભાનુભાઈ દોશી તથા શ્રી વિ. શ્રી. જ્ઞાતિ તરફથી

બહુમાન કરવામાં આવ્યું હતું. જામનગરની જૈન-જૈનેતર જનતાએ સવાર-બપોરની ચર્ચામાં સારો રસ લીધો હતો. પૂજ્યશ્રીએ સંસ્કૃતમાં પોતાનું પેપર વાંચી, તેના ઉપર ચર્ચા કરી હતી. સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાનો આપ્યા હતા. નાસ્તિકવાદ-ચાર્વાક દર્શનના આત્મા નથી આદિના સિદ્ધાન્તો પાયા વિનાના ખોટા છે. તે તાર્કિક રીતે બધાએ રજૂ કર્યા હતા. અને આત્મા છે, પરમાત્મા છે, મોક્ષ છે. ઈત્યાદિ રીતે આસ્તિક વાદના સિદ્ધાન્તોની સ્થાપના કરવામાં આવી હતી. દરેક વિદ્વાનોએ આ સૂર કાઢયો હતો કે જીવનમાં આસ્તિકવાદના સિધ્ધાન્તોની ખૂબ જરૂરિયાત છે, આવી સુંદર રીતે સંસ્કૃત પાંડિત પરિષદનું આયોજન શ્રો વિ. શ્રી. ત. જ્ઞાતિ જૈન સંઘ તરફથી ઈતિહાસમાં સર્વ પ્રથમવાર જ કરવામાં આવ્યું હતું. આ એક ઐતિહાસિક અધિવેશન યોજાયું હતું. જે ચિરસ્મરણીય રહેશે.

વ્રતોચ્ચારણ સમારંભ

ચાતુર્માસ પૂર્ણાહૂતિ બાદ પૂજ્યશ્રીએ શ્રાવક જીવન યોગ્ય ૧૨ વ્રતો ઉચ્ચરાવ્યા. ઘણાં જૈન ભાઈ-બહેનોએ આજીવન માટે અનેક વ્રતો ઉચ્ચર્યા. નાણ સમક્ષ ચોથુ વ્રત (અખંડ બ્રહ્મચર્ય વ્રત) આદિ ૧૨ વ્રતો લીધા. પૂ. આચાર્ય શ્રી પ્રસન્નચંદ્ર સૂરીમ. તથા પૂજ્યશ્રી અરૂણવિજયજી મ.ની નિશ્રામાં બીજી વાર ઉપધાનતપમાં પણ વ્રતો ઉચ્ચારાવવામાં આવ્યા. હતા. અનેક આત્માઓ જૈન શાસનના સાચા શ્રાવક-શ્રાવિકાઓ બન્યા હતા. વિવિધ તપ પણ ઉચ્ચર્યા હતા.

ઉપધાન તપની ભવ્ય આરાધના-

શાસનના મહાન પુણ્યોદયે શ્રી આદીશ્વર દાદાની શીતલછાયામાં, દાદાની અસીમ કૃપાથી પૂજ્યશ્રીની શુભ પ્રેરણા તથા સદુપદેશથી "ઉપધાન તપની આરાધના થઈ, શ્રી. વિ. શ્રી ત. જ્ઞાતિના શ્રી ચાંપશી દેવજી પરિવારના ભાગ્યશાલી શ્રી. ફૂલચંદભાઈ આદિ પરિવારને ઉપધાન કરાવવાની ભાવના થઈ. શ્રી સંઘમાં જય બોલાવવામાં આવી. અને પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિનયચંદ્ર સુરીશ્વરજી મ. પુ. આચાર્ય

શ્રી કલ્પજ્યસૂરીશ્વરજી મ. શ્રીએ મુહૂર્તો આપ્યા. વિ. સં. ૨૦૪૧ના માગશર શુદ ૧૧. મૌન એકાદશી તા. ૪–૧૨–૮૪ના મુહૂર્ત આપ્યા. શ્રી સંઘના સદ્‌ભાગ્યે અમદાવાદથી પુ. આચાર્ય શ્રી પ્રસન્નચંદ્ર સૂરીશ્વરજી મ. આદિ ઠાણા ત્રણ પધાર્યા. શુભ મુહૂર્તે ઉપધાન તપમાં ૮૮ ભાગ્યશાલીભાઇ–બહેનોએ પ્રવેશ કર્યો. ઉપધાન તપ પ્રારંભ થયા. દાતાઓએ નીવિઓ તથા આયંબિલો લખાવ્યા. ધર્મશાળામાં શાંતિથી નિવિઓ થતી હતી. પૂજ્યશ્રી અરૂણવિજયજી મહારાજે સુંદર શૈલીથી વાંચનાઓ સમજાવી. ઉપધાનના સૂત્રો નવકાર, ઈરિયાવહી આદિ ઉપર વ્યાખ્યાનો આપ્યા. મહા સુદ તા. ૨૩–૧–૮૫ના રોજ માળારોપણનો ભવ્ય વરઘોડો ચઢયો, અને મહા સુદ ૩ તા. ૨૪–૧–૮૫ના માળારોપણ થયુ., ૪૪ આરાધકોને મોક્ષ માળા પહેરાવવામાં આવી. દેવદ્રવ્યની સુંદર ઉપજ થઇ. શેઠ શ્રી કુલચંદભાઈએ પંચાન્હિકા મહોત્સવ કરાવ્યો. ઉત્તમ રીતે એક યાદગાર ઉપધાનતપની આરાધના શ્રીસંઘમાં થઈ. ઉપધાન તપના આરાધકોએ બાર વ્રત ઉચ્ચર્યા. રાજકોટ, અમદાવાદ, મુંબઇ, પોરબંદર, જામનગર શહેર તથા જિલ્લાના ભાઇ–બહેનો ઉપધાનમાં જોડાયા હતા.

ભાઇ-બહેનની ભાગવતી દીક્ષા

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિના સંઘવી શેઠ શ્રી રતીલાલ કસ્તુરચંદ પરિવારના શેઠ શ્રી સુર્યકાન્ત રતીલાલ સંઘવીના સુપુત્ર મુમુક્ષુ હિમાંશુકુમાર તથા સુપુત્રી દીક્ષાર્થી બિન્દુબહેન બન્નેની ભાગવતી દીક્ષા માગશર શુદિ ૧૫ શનિવાર તા. ૮–૧૨–૮૪ના શુભ મુહૂર્તે જ્ઞાતિની વાડીએ થઈ. ભવ્ય વરસીદાનનો વરઘોડો નીકળ્યો. શ્રી વીશસ્થાનક મહાપૂજન તથા શાન્તિસ્નાત્ર સાથે શ્રી પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો. શ્રી સંઘ તરફથી દીક્ષાર્થીઓના બહુમાન કરવામાં આવ્યા હતા. પુ. આચાર્યશ્રી પ્રસન્ન ચંદ્રસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે દીક્ષા થઈ. પુ મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજના શિષ્ય બન્યા. મુનિ હેમન્ત વિજયજી મ. તેમનું નામ પાડવામાં આવ્યું. બિન્દુબહેને યુગવીર

આચાર્યશ્રી વિજયવલ્લભસુરિ મ. ના સમુદાયમાં પુ. સાધ્વીજી શ્રી દમયન્તિ શ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી ચન્દન બાળાશ્રીજી પાસે દીક્ષા લીધી અને સાધ્વીજીશ્રી ધર્મરત્નાશ્રીજીના નામે પ્રસિદ્ધ થયા.

૩ આગમોનો ઉદ્ઘાટન સમારંભ

સતત સ્વાધ્યાયરત પુજ્યમુનિશ્રી અરૂણવિજયજી મહારાજે જામનગરના ચાતુર્માસ દરમ્યાનમાં આગમોના પુનર્મુદ્રણનું કામ પણ ચાલુ રાખ્યુ હતું. શ્રી ભગવતી સુત્ર જે જૈન ધર્મના ૪૫ આગમોમાં ગણાય છે, તેનું મુદ્રણ કર્યું. સંઘમાં ટીપ થઈ અને પ્રથમ ભાગ પ્રતાકારે છપાઈને તૈયાર થયો. તે તા. ૨૬–૧–૮૫ના રોજ શ્રી વી. શ્રી. ત. જ્ઞાતિના પ્રમુખ ઉદાર દાનવીર શેઠશ્રી ભાનુભાઈ મગનલાલ દોશીના શુભ હસ્તે ઉદ્ઘાટન થયુ અને ત્યારપછી સંઘમાં નોંધાવેલા ભાગ્યશાળીઓને આપવામાં આવ્યું. પુજ્ય આચાર્ય મહારાજને અર્પણ કરવામાં આવ્યું.

૪૫ આગમમાંના ૧૧ અંગસુત્રમાં ૮મું અંગસુત્રશ્રી "અંતગડદશાસુત્ર", તથા ૯મું અંગસુત્ર "શ્રી અનુતરોપપાતિકદશાસુત્ર" આ બન્ને સંયુકત આગમો મુળ–ટીકા તથા ગુર્જરાનુવાદ સાથે શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રની શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન" તરફથી છાપવામાં આવ્યું હતું. જામનગરના જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી અભેચંદભાઈ ગુંદાવાલાના શુભહસ્તે રવિવાર તા. ૨૭–૧–૮૫ના રોજ ઉદ્ઘાટન થયું અને પુ. સાધુ–સાધ્વી મહારાજોને ભેટ અપાયું.

જામનગર શ્રી સંઘમાં "નિરયાવલીકા સુત્ર" છાપવાનો નિર્ણય થયો છે. તેની ટીપ પણ થઈ છે અને આ સુત્ર છાપવાનું ચાલુ છે. આ રીતે આગમ પ્રકાશનના કાર્યો પણ સુંદર થયા છે.

બે બહેનોની ભાગવતી દિક્ષા–

શ્રી વીશા શ્રી. જ્ઞાતિના શેઠશ્રી.....
.....પરિવારના દીક્ષાર્થી મુમુક્ષુ નુતનબેન તથા દીક્ષાર્થી કુમારિકા સ્મિતાબેન બન્નેની ભાગવતી દીક્ષા મહાસુદ ૧૦


તા. ૩૦-૧-૮૫ના શુભ મુહૂર્તે વાજતે ગાજતે જ્ઞાતિની વાડીમાં પુ. આચાર્યશ્રી પુ. આચાર્ય શ્રી પ્રસન્નચંદ્ર સુરી મ. તથા પુ. મુનિ શ્રી અરૂણવિજયજી મહારાજની શુભ નિશ્રામાં થઇ. પુ. સાગરજી મ.ના સમુદાયમાં પુ. સાધ્વીજી શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા તરીકે બન્ને દીક્ષા અંગીકાર કરી સાધ્વીજી શ્રી નમ્રતાશ્રીજી તથા સા. શ્રી સરિતાશ્રીજી મ.ના નામે પ્રસિદ્ધ થયા, જામનગરના રહેવાસી શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળાના મહેતાજીના સુપુત્ર દીક્ષા થી મુમુક્ષુ મુકેશકુમારની દીક્ષાનો વરપીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. પંચાન્હિકા મહોત્સવ થયો. તેમની દીક્ષા પાલીતાણા પવિત્ર તીર્થધામમાં થશે.

આ અત્યન્ત સંક્ષિપ્તમાં ચાતુર્માસના સંભારણાનો સંક્ષિપ્ત હેવાલ રજુ કર્યો છે. નાના-મોટા અનેક કાર્યો થયા. પુષ્પ ખીલે છે, અને સુગંધ પ્રસરે છે, અને ભમરાઓ આવે છે- તેમ પૂજ્ય મુનિશ્રી અરુણવિજયજી મહારાજ નાની ઉંમરમાં પણ બહુમુખી પ્રતિભા ધરાવતા જૈન સંઘના એક પ્રસિધ્ધ વિદ્વાન વક્તા છે. ચારે બાજુ જ્યાં જાય છે ત્યાં શાસનની પ્રભાવના ઘણી ઉત્તમ કરે છે. આ વહેતી જ્ઞાનગંગા અમારા જામનગરમાં આવી. પુજ્યશ્રીએ આઠ મહિના સુધી સન્ત એક ધારા વ્યાખ્યાનો આપીને જ્ઞાનનો ધોધ વહાવ્યો છે. લોકોને તરબોળ કર્યા છે. જામનગરના વર્ષોના ઇતિહાસમાં પુજ્યશ્રીનું આ એક યાદગાર યશસ્વી અને ધમ જાગૃતિનું ઐતિહાસિક ચાતુર્માસ થયું છે. અમારા શ્રી સંઘમાં યુવા વર્ગ આદિમાં સુદર જાગૃતિ આવી છે. ધર્મ પમાડવા બદલ પુજ્યશ્રીનો મહાન ઉપકાર અમારા શ્રી સંઘ ઉપર છે. મહાવદ ૧૧-શુક્રવાર તા. ૧૫-૨-૮૫ના રોજ શ્રી સંઘ એક વસમી વિદાય આપીને દિલમાં દુઃખ અનુભવે છે. પુજ્યશ્રી વિહાર રહીને અમદાવાદ તરફ પ્રયાણ કરે છે.

લિ. શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ



"શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રના પ્રેરક"
" પ્રસ્તુત પુસ્તકના વ્યાખ્યાનકાર – લેખક "



પ. પૂ. વિદ્વાન મુનીરાજ શ્રી અરૂણવિજયજી મ.સા.
(રાષ્ટ્રભાષારત્ન વર્ધા-સાહિત્યરત્ન પ્રયાગ ન્યાયદર્શનશાસ્ત્રી–મુંબઇ)

શ્રીનેમિ-નંદન શતાબ્દી ટ્રસ્ટ સોસાયટી
આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી ગ્રંથાલય

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પંચોતેરમી ઓળી તપાગચ્છ શાંતિજિનચંદ્ર



આયોજિત ચાતુર્માસિક હર્ષ પરિવારીય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

ક્ષ સચિત્ર ત્રૈકાલિક વ્યાખ્યાન માળા ક્ષ

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક : પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય :- કર્મ મોક્ષ(ક્ષય)સિદ્ધિ

વિ.સં. ૨૦૪૦ ભાદરવા વદ ૬ | નવમું વ્યાખ્યાન – ૯ | રવિવાર તા. ૨૬-૯-૮૪

છઠ્ઠા ગણધર —શ્રી મંડિક સ્વામી

વિષય :- કર્મ મોક્ષ(ક્ષય)સિદ્ધિ

શંકા — આત્માને કર્મનો બંધ-મોક્ષ હોય કે નહીં ?

जं संताणोऽणाई तेणाणंतो य णायमेगंतो
दीसइ संतोऽवि जओ कत्थइ बीयं-कुराईणं ॥

—— પ. પૂ. ચરમતીર્થપતિ આસન્નોપકારી શ્રમણ-પરમાત્મા શ્રી મહાવીર સ્વામીને નમસ્કારપૂર્વક ....

છઠ્ઠા ગણધર મંડિક સ્વામીની શંકા-જીવ સાથે કર્મનો બંધ મોક્ષ છે કે નહીં ? એનો પહેલો એક અંશ કર્મબંધ સિદ્ધિનો ગયા આઠમા વ્યાખ્યાનમાં વિચારી ગયા છીએ. અહીંયાં આ નવમા વ્યાખ્યાનમાં મંડિક સ્વામીની જ શંકાના બીજા અંશ -કર્મ મોક્ષ સિદ્ધિનો વિચાર કરીએ.

શું કર્મનો નાશ (ક્ષય) પણ થતો હશે ખરો ? અને જો કર્મનો ક્ષય ન થાય તો શું થાય ? મોક્ષ એટલે શું ? મોક્ષ કયારે થાય ? કેવી રીતે થાય ? વગેરેનો વિચાર અત્રે પ્રસ્તુત પ્રવચનમાં કરવામાં આવે છે.

"મોક્ષના"ના અર્થો — મોક્ષ. એટલે છૂટા પડવું. છૂટકારો થવો. બંધાયેલી વસ્તુનું છુટું પડવુ પણ મોક્ષ કહેવાય છે. પરન્તુ અહીંયાં આ સંદર્ભમાં વિચાર કરતા ખ્યાલ આવશે- જે આત્માએ કર્મ બાંધ્યા છે તેનો છુટકારો થવો તે મોક્ષ. જીવે કર્મ બાંધ્યા છે તો જીવે જ છોડવા પણ પડશે અને

આત્મા કર્મના બંધનમાંથી સદાના માટે જે સ્થાન, જે અવસ્થા પ્રાપ્ત કરે છે તે પણ મોક્ષ સ્થાન છે. મુક્તિનું ધામ છે. મુકતાવસ્થા છે. એટલે કર્મક્ષય-કર્મમોક્ષ અને જીવમોક્ષ એમ બન્નેની સિદ્ધિનો વિચાર અત્યારે કરવાનો છે.

જીવ+કર્મનો સંયોગ-વિયોગ તે જ બંધ-મોક્ષ

સંસાર એ જીવ+કર્મના સંયોગાત્મક છે. અને મોક્ષ એ જીવ+કર્મના વિયોગાત્મક છે.

જીવ+કર્મ સંયોગ	જીવ+કર્મ વિયોગ તે
સંસાર	મોક્ષ

જેનો સંયોગ એનો જ વિયોગ. કોનો સંયોગ ? કોનો વિયોગ ? સંયોગ હંમેશા બેનો થાય. પરન્તુ એકનો સંયોગ થતો જ નથી. અહીંયા પણ બે તત્વ છે. જીવ અને કર્મ (જડ) કર્મ અજીવતત્ત્વના પુદ્ગલનો જ પેટા ભેદ છે. કાર્મણ વર્ગણાના બનેલા કર્મ છે. તે બન્નેનો સંયોગ તેનું જ નામ સંસાર છે. અને બન્નેનો સદાના માટે સદંતર વિયોગ થવો, છૂટા થઇ જવું તેનું નામ છે મોક્ષ

મોક્ષ પણ સાપેક્ષિક છે. અર્થાત મોક્ષ બોલીએ છીએ ત્યારે બંધનો જ મોક્ષ એ સ્પષ્ટ અપેક્ષા સહિત ખ્યાલ આવે છે. બંધ ન હોય તો મોક્ષ કોનો થાય ? એમ વિયોગ પણ સાપેક્ષ છે. સંયોગ ન હોય તો વિયોગ કોનો થાય ? વિયોગ પહેલા સંયોગ જરૂરી છે. તેમ મોક્ષ પહેલા કર્મ બંધ પણ જરૂરી છે. અર્થાત્ એકથી બીજાની સિદ્ધિ થાય છે.

જે બંધાય છે તે છૂટે છે. કર્મ આત્માની સાથે બંધાય છે તો તે કર્મોને જ એક દિવસ આત્માથી છૂટા પડવાનું છે. છૂટવું જ પડશે. મોક્ષ થશે.

પ્રશ્ન—જે જે બંધાય છે તે તે છૂટે છે કે જે જે છૂટે છે તે તે બંધાય છે ? બંધાયેલાનો મોક્ષ કે મોક્ષનો બંધ ?

ઉત્તર — બંધાયેલાનો મોક્ષ ખરો. પરન્તુ બધા જ બંધાયેલા છૂટશે એવું નકકી નથી. જેમ ૫-૧૦-૨૦ વર્ષની જેલની સજા-વાળા છૂટી જશે. પરન્તુ આજીવન કેદવાળા નથી છૂટતા. તે જ પ્રમાણે ભવ્ય જીવો કર્મના બંધથી છૂટી જશે. પરન્તુ અભવ્ય જીવો, જાતિભવ્ય જીવો ક્યારેય નથી છૂટતા. તેમનો મોક્ષ કદાપિ નથી થતો.

એટલે હે મંડિક ! કર્મ બંધાયેલા બધા મુક્ત થાય જ એવો એકાન્ત પણ નથી અને કર્મથી મુકાયેલા, મુક્ત થયેલા ફરી બંધાતા જ નથી.

સંયોગ+વિયોગનો સાપેક્ષક ભાવ

જેનો સંયોગ છે તેનો વિયોગ પણ છે. સંયોગ વિના તો વિયોગ સંભવે જ નહીં. અને, વિયોગ કોનો ? તો સંયોગનો. અને સંયોગ કોનો ? તો કહેવું પડશે બે ભિન્ન જુદા પદાર્થોનો. આત્માની સાથે જે કર્મનો સંયોગ હતો તે જ કર્મનો આત્માથી વિયોગ થશે. તેને જ છૂટા પડવું પડશે. માટે વિયોગ સંયોગ-સાપેક્ષિક છે. જીવ-કર્મનો સંયોગ એ જ સંસાર અને એ બન્નેનો સર્વથા વિયોગ એનું નામ જ મોક્ષ.


વિયોગ

આંશિક વિયોગ — સંપૂર્ણ વિયોગ

આત્માથી કર્મનો વિયોગ કેવો થયો છે ? કારણ વિયોગ બે પ્રકારના છે. આંશિક વિયોગ થાય એ શું કામનું ? આંશિક વિયોગનો મોક્ષ નથી કહેવાતો. તેને નિર્જરા કહેવાશે. નિર્જરા આંશિક છે. તે રોજ રોજ થઈ શકે છે. પરન્તુ મોક્ષ કયારેય રોજ–રોજ નથી થતો.

દા. ત., ખાણમાં જયારે સોનું છે ત્યારે કેવું છે ? માટીની સાથે મિશ્રિત છે. સંયુકત છે. પરન્તુ તેને બહાર કાઢીને ભઠ્ઠી ઉપર તપાવીને માટી સોનું બન્નેને છૂટા પાડીને બેનો વિયોગ કરાવવો પડે. માટી જુદી–સોનું જુદું. સોનાના કણ... કણ... મળી જશે અને એક અખંડ દ્રવ્ય બની જશે. આ પ્રમાણે જીવ અને કર્મનો પણ વિયોગ થાય તો જ મોક્ષ થાય :

ગ્રહણ અને મોક્ષ —



જ્યોતિષ –ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ આકાશમાં ગ્રહણ થાય છે. સૂર્ય અને રાહુનું ગ્રહણ થાય છે. કયારેક ચંદ્ર અને રાહુનું ગ્રહણ થાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પ્રથમ– સૂર્ય અને રાહુ બન્ને જૂદા જૂદા છે. અને ગતિમાં ગમન કરતા રાહુનું વિમાન સૂર્યના ઉપર આવતું જાય છે. II નંબરના ચિત્રમાં થોડું ગ્રહણ દેખાય છે. III માં ઘણો વધારે અને IVમાં પૂરું ગ્રહણ દેખાય છે. રાહુના વિમાનથી સૂર્યનું વિમાન ગ્રસિત થઇ ગયું છે, ઢંકાઇ ગયું છે. આનું નામ ગ્રહણ. હવે પછી ગતિમાં ફરી આગળ વધતું રાહુનું વિમાન છૂટું પડતું જશે. અને Vમાં થોડું છૂટું પડયું VI માં અર્ધું છૂટું પડયું અને VII સાતમી અવસ્થામાં બન્ને સંપૂર્ણ છૂટા પડી ગયા છે. સૂર્ય પૂર્ણ દેખાય છે. આને પંચાંગની જ્યોતિષશાસ્ત્રની ભાષામાં ગ્રહણ મોક્ષ કહેવાય છે.

બસ, આ જ પ્રમાણે આત્મા અને કર્મનું પણ ગ્રહણ (બંધ) થયેલું છે–તેનો મોક્ષ થાય છે. પરન્તુ મોક્ષ થવા માટે V, VI અવસ્થામાં બતાવ્યા પ્રમાણે પ્રથમ થોડી, પછી ઘણી આ પ્રમાણે નિર્જરા થાય છે.... નિર્જરા થતાં થતાં.... એક દિવસ એવો પણ આવે કે પૂર્ણ–સંપૂર્ણ નિર્જરા થઈ જાય ત્યારે આત્મા સંસારથી, કર્મબંધથી સર્વથી મુકત થઈ જાય જેમ VIIમી અવસ્થામાં એકલો સૂર્ય રાહુ વિનાનો પૂર્ણ ચોખ્ખો દેખાય છે. તેમ આત્મા એક એવી અવસ્થામાં પહોંચે છે. જ્યાં પોતે એકલો જ હોય છે. સંસાર નહીં, કર્મ નહીં, શરીર નહીં, જન્મ-મરણ નહીં. તે અવસ્થાને મોક્ષ કહેવામાં આવે છે. જેમ માટીથી છુટું પડયા પછી જુદું સ્વતંત્ર સોનું ચોખ્ખું,

૧૦૦ ટચનું કહેવાય છે તેમ મુક્તાવસ્થામાં આત્મા શુદ્ધ, પૂર્ણ શુધ્ધ, સંપૂર્ણ ચોખ્ખો હોય છે.

(૧) મરૂદેવામાતાએ હાથીની અંબાડીએ પ્રથમ ચાર ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાની બન્યા. અને વીતરાગ સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. અને પછી અંતર્મુહૂર્તમાં તે અષ્ટ કર્મનો ક્ષય કરીને સદાના માટે કર્મસંબંધથી રહિત સિદ્ધ-બુધ્ધ, મુકત, શુદ્ધ બની ગયા.

(૨) ઈલાચીકુમાર દોરડા ઉપર નાચતા નાચતા ત્રીજી વખત નાચતા સામે દૂર ઘરમાં નજર જાય છે. એક નવયૌવના યુવતિ સ્ત્રી યુવાન સાધુ મહારાજને આહાર વહોરાવી રહી છે, છતાં મુનિરાજ ના પાડે છે. નજર ઊંચી કરીને જોતા પણ [illegible] બસ આ પ્રસંગ જોતાં ઈલાચીકુમારની અધ્યવસાય ધારા બદલાઈ ગઈ. અરે! મને ધિક્કાર છે. આ હું શું વિચાર [illegible] છું? હે આત્મા! કંઈક સમજ. મુનિ મહાત્માનો ત્યાગ જોતાં જોતાં કર્મક્ષયની નિર્જરાની ક્ષયકશ્રેણી મંડાઈ ગઇ, અને થોડી વારમાં આઠમાંથી ૪ કર્મ ક્ષય થતાં કેવળજ્ઞાન પામ્યા... અને પછી કેવળી તરીકે વીચરી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડીને એક દિવસ આઠે કર્મોનો ક્ષય કરી સર્વથા કર્મનો બંધનમાંથી છૂટીને સદાના માટે સંસારનો ત્યાગ કરીને મોક્ષે સિધાવ્યા.

અનાદિ-અનન્તનો ચતુષ્ટયી-

(૧) અનાદિ+અનન્ત
(૨) અનાદિ+સાન્ત
(૩) સાદિ+અનન્ત
(૪) સાદિ+સાન્ત

આ પ્રમાણે અનાદિ અને અનન્તની ચતુર્ભંગી થાય છે. (૧) જેનો કર્મ સંયોગ-બંધ અનાદિ છે. અને અન્ત પણ નથી. દા ત., અભવી જીવો આ સંસારમાં અનાદિ કાળથી કર્મયુકત છે. અને ભાવિમાં પણ તેમનો કર્મ-બંધ અનન્ત જ રહેવાનો છે. કદાપિ મુકત નહીં થાય.

(૨) અનાદિ-સાન્ત. અન્ય આપણા જેવા ભવ્ય જીવોનો કર્મબંધ ભૂતકાળની દૃષ્ટિએ અનાદિ જરૂર છે. પરન્તુ ભાવિની દૃષ્ટિએ સાન્ત છે. અન્ત સહિત છે. એક દિવસ આ કર્મબંધનો અન્ત જરૂર આવશે. આ બીજા ભેદમાં ભવ્ય જીવો આવે.

પ્રશ્ન— જે જે ભવ્ય જીવો છે તે તે મોક્ષે જશે જ ? કે પછી જે જે મોક્ષે જશે તે ભવ્ય જ ?

ઉત્તર— જે જે મોક્ષે જશે તે તે ચોકકસ ભવ્ય જીવ જ કહેવાશે. પરન્તુ જે જે ભવ્ય જીવો છે તે તે મોક્ષે જશે જ. એવો એકાન્ત નથી. જાતિ ભવ્ય, દુર્ભવ્ય જીવો મોક્ષે જવાના જ નથી. અને અનન્ત કાળ વીતી ગયો હશે છતાં પણ અનન્તા ભવ્ય જીવો સંસારમાં હશે. એવો એક પણ દિવસ આવવાનો નથી કે જે દિવસે સંસારમાંથી બધા જ ભવ્ય જીવો ખલાસ થઈ જશે. ના.

પ્રશ્ન— જે જે સમ્યકત્વી તે તે મોક્ષે જશે ? કે જે જે મોક્ષે જશે તે સમ્યકત્વી ?

ઉત્તર— સમ્યકત્વ પામ્યા એ જ ઘડીએ આપણો મોક્ષ નકકી થઈ જ ગયો છે. સમ્યકત્વ પ્રાપ્તિનો મોટો લાભ આ છે કે એક વાર સમ્યકત્વ પામ્યા, સ્પર્શ્યું એટલે એ જ ઘડીએ આપણો

મોક્ષ નકકી થઈ જ જાય છે. અર્થાત્ સમ્યકત્વ પામ્યા પછી હવે અર્ધપુદ્ગલ પરાવર્ત કાળમાં ચોકકસ મોક્ષે જવાના જ, અને બીજી રીતે વિચાર કરો તો મોક્ષ જનાર સમ્યકત્વી જ. સમ્યકત્વી વિના મિથ્યાત્વી, મિથ્યાદૃષ્ટિ જીવ કયારેય મોક્ષે જવાનો જ નથી. એને પણ સમ્યકત્વ પામ્યા પછી જ મોક્ષ મળશે. તે સિવાય નહીં. અને સમ્યકત્વ કોણ પામશે ? ભવી જીવ જ. અભવીને કયારેય મોક્ષ વિષે શ્રદ્ધા થતી જ નથી. અને તે સમ્યકત્વ પામતો જ નથી. અને તેથી જ મોક્ષે જતો જ નથી. માટે જો આપણે ભવી જીવ છીએ તો હવે સમ્યકત્વી થવા પ્રયત્ન કરવો જોઇએ. સમ્યકત્વી થવું, સમ્યકત્વ પામવું એ જ આપણા માટે ઘણી મહત્વની બાબત છે.

(૩) સાદિ + અનન્ત – મોક્ષની સાદિ છે, શરૂઆત છે. કર્મ ક્ષય પછી જયારે આત્મા મોક્ષમાં જાય છે ત્યારે તે મોક્ષની આદિ કહેવાય છે અને પછી એકવાર મોક્ષ પામ્યા પછી તે અનન્ત છે, સાન્ત નહીં. હવે ફરી મોક્ષનો અન્ત આવવાનો જ નથી.

(૪) સાદિ+સાન્ત જીવાત્મા સાથે કર્મની સાદિ પણ છે. અને અન્ત પણ છે. એક વ્યકિતને જયારે પણ કર્મ બંધાય છે ત્યારે તે કર્મની સાદિ– શરૂઆત થઇ અને જયારે એ જ કર્મનો ક્ષય થશે ત્યારે તે કર્મનો અન્ત પણ થશે. માટે સાન્ત, અન્ત સહિત તે સાન્ત. એવું નથી કે એક વાર જે કર્મ બાંધ્યા તે ખપે જ નહીં ? ના એવું નથી.

કર્મ ખપે તો શું થાય ?

એક વાર આત્મા સાથે બંધાયેલા કર્મો ખપે જ નહીં તો શું સ્થિતિ થાય? આત્મા ઉપર કર્મનો બંધ થતો જ જાય. જૂના

કર્મ ન જ ખપે અને નવા બંધાતા જ જાય. જો એવી સ્થિતિ સર્જાય તો કલ્પના કરો કે શું બને ? શું થાય ? શી સ્થિતિ થાય ?

આત્મા કર્મના ઢગલા નીચે દબાઈને શું જડ થઇ જવાનો છે? ના. પારિણામિક ભાવો દ્રવ્યનું સ્વસ્વરૂપમાં નિશ્ચિતપણે સ્થિર રહેવાનું જણાવે છે. જીવ કયારેય જડ થતો જ નથી. અને જડ કયારેય જીવ થતો જ નથી. ભવી કયારેય અભવી થતો જ નથી. અને એજ પ્રમાણે અભવી પણ કયારેય ભવી થવાનોજ નથી. આ નિશ્ચિત અપરિવર્તનશીલ સ્વભાવ તે પારિણામિક ભાવ કહેવામાં આવે છે.

સર્વ જીવોની કર્મ પરંપરાની દ્રષ્ટિએ કર્મ અનાદિ છે. એક જીવની કર્મપરંપરાનો વિચાર કરતા તે પણ અનાદિ છે. પરન્તુ પરંપરાને ન જોતાં એક ખાસ કર્મને જોવામાં આવે છે તે સાદિ છે. અને એક દિવસ ખપી જવાનો જ છે માટે સાન્ત જ છે.

કર્મો રોજ બંધાય છે. તેમ રોજ ખપે પણ છે. એક પણ કર્મ એવું નથી કે જે ખપે જ નહીં. કારણ કે જે જે કર્મ બંધાય છે, જયારે બંધાય છે. ત્યારે ત્યારે તે તે કર્મની સ્થિતિ પણ બંધાય છે. અને સ્થિતિ જઘન્ય કે ઉત્કૃષ્ટ ગમે તે બંધાય છે. બંધાયેલા કર્મની Time Limit સ્થિતિ (અવધિ) પૂરી થતાં તે કર્મ ખપવાનું જ છે. કાં તો ઉદયમાં આવીને ખપે અથવા તો આપણે ઉદીરણા કરીને ખપાવીએ અથવા એના સમયે ઉદયમાં આવે કર્મ ભોગવાય, એનાં સુઃખ-દુઃખો ભોગવી લઈએ પછી એ કર્મ એની અવધિ પૂરી થતાં

ખપી જ જવાનું છે અને તે માટે આત્માએ વધુ પુરૂષાર્થ કરવાની આવશ્યકતા છે.

કર્મક્ષય કરવાના હેતુથી જ જીવે ધર્મઆરાધના કરવી એ જ સર્વોચ્ચ હેતુ છે. યદ્યપિ જીવો ભિન્ન ભિન્ન હેતુઓથી ધર્મ કરે છે. દા. ત., ઇહલોકનાં સુખો, પરલોકના સુખોની પ્રાપ્તિ, સ્વર્ગીય વૈભવજન્ય સુખોની પ્રાપ્તિ આદિ માટે ઘણો ધર્મ થાય છે. તેથી પુણ્ય (શુભ) કર્મ બંધાય છે અને આત્મા તે બંધાયેલા કર્મને ભોગવવા માટે નવા જન્મો લે છે. આ પ્રમાણે એનો સંસાર વધે છે. પરન્તુ આત્મા સંસારથી અને ભવપરંપરાથી– કર્મથી મુકત તો નથી જ થયોને ? માટે કર્મક્ષય, નિર્જરા, કર્મ મોક્ષનું જ લક્ષ રાખવું વધુ હિતાવહ છે. મહામન્ત્ર નમસ્કારમાં પણ સવ્વપાવપ્પણાસણો" નું પદ છે. આ સાતમા પદમાં આપણને સર્વથા સર્વપાપ કર્મનો નાશ કરવાનો હેતુ રાખવાનું કહ્યું છે. કારણ, સર્વ પાપ કર્મના નાશ વિના મુકિત નથી. એ માટે જ કહ્યું છે કે– "**कर्ममुक्ति किलमुक्तिरेव**" "કર્મથી મુકિત એ જ સાચી મુકિત છે."

મોક્ષપ્રાપ્તિ યોગ્ય કયા જીવો ?

दव्वाहत्तो तुल्ले जीव- नहाणं सभावओ भेओ ।
जीवा-अजीवाइगओ जह तह भव्वेयरविसेसो ॥ १८२३

કેટલાક ગુણધર્મો ભિન્ન ભિન્ન પદાર્થોમાં સમાન હોય છે. દા. ત., આત્મા અને આકાશ એ બે દ્રવ્યો છે. હવે દ્રવ્યત્વ, સત્વ, પ્રમેયત્વ, જ્ઞેયત્વાદિ ધર્મોને કારણે આ બન્ને દ્રવ્યો સમાન હોવા છતાં જેમ જીવત્વ અને અજીવત્વ, ચેતનત્વ, અચેતનત્વ, રૂપે આત્મા અને આકાશમાં સ્વભાવ ભેદ છે.

એ જ પ્રમાણે બધા જીવો જીવત્વ ધર્મથી એકસરખા હોવા છતાં ભવ્યત્વ અભવ્યત્વના કારણે જીવોમાં ભવ્ય, અભવ્યના ભેદો મૂળમાંથી જ છે. આ ભેદ સ્વભાવ-ભેદ છે. ભવ્યત્વપણું, અભવ્યત્વપણું એ કર્મજન્ય ભેદ નથી. નારકીપણું, સ્વર્ગીપણુ એ કર્મજન્ય ભેદો છે. કારણ કે જીવ કરેલા કર્મના કારણે નરકમાં, સ્વર્ગમાં ગયેા છે. અને ત્યાંથી પાછેા મનુષ્યમાં આવ્યા પછી હવે નારકીપણું, નહીં રહે. માટે આ કર્મકૃત ભેદ છે. પરન્તુ ભવ્ય–અભવ્યપણું એ કર્મકૃત ભેદ નથી પણ સ્વભાવજન્ય ભેદ છે.

દા.ત. જેમ એક છોડવામાં ઊગેલા મગમાં પણ બે ભેદ છે. એક તેા ઉકળતા પાણીમાં બફવા મૂક્યા હોય ત્યારે સીઝે છે. બફાઈ જાય છે અને બીજા નથી સીઝતા. કલાકો સુધી પાણીમાં સગડી ઉપર બફાતા જ રહે, છતાં પણ નથી ચઢતા. તેને કોરડુ મગ કહીએ છીએ. આ ભેદ સ્વભાવભેદ છે. તે મગની જાતિ જ એવી. તેથી તે કોરડુ જ રહે. ન જ સીઝે. એમ ભવ્ય અને અભવ્યના ભેદ જીવસ્વભાવના કારણે મૂળભૂત ભેદો છે. અભવ્ય કયારેય સિદ્ધ ન જ થાય. મોક્ષે ન જ જાય. જ્યારે ભવ્ય મોક્ષે જાય.

ભવ્ય અભવ્ય જાતિ ભવ્યના ભેદો —

જેમ એક કન્યા એવી છે કે જે ભાવિમાં લગ્ન પછી માતા બને છે, અને બીજી એવી પણ કન્યા છે કે જે લગ્ન પછી જીવનભર માતા નથી જ થતી. એ કયારેય બાળકને જન્મ નથી જ આપતી. જેને વન્ધ્યા (વાંઝણી) તરીકે કહેવાય છે. અને ત્રીજી એક કન્યા છે, જે બાલ્યાવસ્થામાંજ દીક્ષા લઇ લે છે. હવે તે માતા બનવાની છે ? ના. સાધ્વી કયારેય માતા

ન જ બને ? બરોબર છે. સાધ્વી માતા ન જ બને એ વાત સાવ સાચી પરન્તુ માતા બનવાની યોગ્યતા તો ધરાવે છે કે નહીં ? માતૃપણાની– અર્થાત્ માતા થવાપણાની સંભાવના, શક્યતા તો ધરાવે છે કે નહીં ? અલબત્ત જીવનભરના વ્રત–ના કારણે તે થવાની નથી. તે વાત ચોક્કસ.

આ પ્રમાણે આ ત્રણ કન્યાની યોગ્યતા અયોગ્યતાના દૃષ્ટાંતથી ત્રણ પ્રકારના જીવો છે તે સમજી શકાશે. (૧) પહેલી કન્યા જે માતા બની શકે છે તેના જેવા ભવ્ય જીવો છે જે સિદ્ધ થઇ શકે છે. મોક્ષે જઇ શકે છે.

(૨) બીજી વાંઝણી (વન્ધ્યા) સ્ત્રીના જેવા અભવ્ય જીવો હોય છે. વાંઝણી જેમ ક્યારેય માતા નથી જ બનતી તેમ અભવ્ય જીવ ક્યારેય મોક્ષ નથી જ પામતો. એ આત્માનું જીવદળ જ એવું છે.

(૩) સાધ્વી થયેલી કન્યા જેવો ત્રીજી કક્ષાનો જાતિભવ્ય જીવ છે. જે ભવ્યની કક્ષાનો છે. છતાં પણ કોઈ કાલે મોક્ષ જવાનો નથી. જેમ સાધ્વી કોઇ કાળે માતા થવાની જ નથી. સાધ્વી અને માતા એ બન્ને પરસ્પર વિરૂદ્ધ ધર્મો છે. તેમ જ અહીંયા પણ એ જ વસ્તુ છે. આ દૃષ્ટાન્ત તોઆ જીવોમાં ભેદની તરતમતા સમજાય તે માટે આપ્યું છે. મૂળભૂત સ્વભાવમાં જ જીવોની આ ત્રણ કક્ષા છે. આ ભેદ કર્મજન્ય નથી. જો કર્મજન્ય માનીએ તો એક દિવસ આ કર્મોનો ક્ષય (નાશ) થતાં આ જીવોમાં પરિવર્તન આવી શકે અને અભવ્ય જીવપણ મોક્ષે જઇ શકે, પરન્તુ ના આ કર્મજન્ય ભેદ નથી. જીવ સ્વભાવગત આ ભેદો છે. માટે આને પારિણામિક ભાવજન્ય ભેદ કહેવાય

છે. પારિણામિક ભાવ એ છે કે જીવ કયારેય અજીવ અને અજીવ કયારેય જીવ થવાનો જ નથી અને ભવ્ય ક્યારેય અભવ્ય બનતો નથી અને અભવ્ય કયારેય ભવ્ય થતો નથી.

શું ભવ્ય બધા મોક્ષે જશે જ ?

एवं भव्वुच्छेओ कोट्ठागारस्स वा अवचयंति ।
तं नाणंतत्तणओऽणागयकालं वराण व ॥ १८२७

પ્રશ્ન— જે જે ભવ્ય છે તે તે મોક્ષે જશે જ. કે જે જે મોક્ષે જશે તે તે ભવ્ય જ ?

આનો વિચાર કરતાં જકાર કયાં લગાડવો ? જે જે ભવ્ય હશે તે મોક્ષે જશે જ ? એવો જકાર લગાડીને એવકારનો નિયમ નથી કરી શકતા. ભવ્ય મોક્ષે જશે પણ ખરા. અને નહીં પણ જાય. હા પણ એક વાત સાચી છે કે જે જે મોક્ષે જશે તે બધા ભવ્ય જ જવાના. અર્થાત અભવ્યાદિ નથી જ જવાના. પરન્તુ ભવ્યો અનન્તા છે. હજી એક નિગોદનો ગોળો પણ ખાલી નથી થયો. ગોળા તો એવા અસંખ્ય છે. અનન્તો કાળ વીતવા છતાં પણ સંસારમાં જીવો તો રહેવાના જ છે. એવો એક પણ દિવસ અનન્ત કાળે પણ નથી જ આવવાનો કે જે દિવસે આ સંસારમાં કોઇ જીવ જ નહીં રહે ? ના. એ બનવાનું જ નથી.

દા. ત. જેમ આકાશ પ્રદેશો અનન્તા છે. કાળની સાથી અનન્ત છે એ જ પ્રમાણે જીવો પણ અનન્તા છે. આકાશના એક-એક પ્રદેશને છૂટો પાડવામાં આવે તો પણ અનન્તા પ્રદેશો અનન્તા કાળેય પણ છૂટા પડવાના નથી.

જેમ ભૂત, ભાવિ અને વર્તમાન એ ત્રણ કાળ છે. ભાવિનો અનાગત કાળ કેટલો તો અનન્ત ? અને ભૂતકાળમાં કેટલો કાળ વીત્યો ? તો અનન્ત. આ પ્રમાણે ભૂત અને ભાવિ બન્ને અનન્ત છે. હવે વિચાર કરો ભૂતકાળમાં કેટલા જીવો મોક્ષે ગયા ? અનન્તા. કારણ સંસારમાં જીવો અનન્તા છે. મોક્ષે ગયેલા સિદ્ધો પણ અનન્તા છે, અને નિગોદમાં પણ અનન્તા અનન્ત જીવો છે. ભૂતકાળ જેટલો જ ભવિષ્યકાળ છે અને ભૂતકાળમાં આજ સુધીના અનન્તા કાળમાં નિગોદના જીવોના અનન્તમા ભાગના જ જીવો મોક્ષમાં ગયા છે. તો પછી ભાવિમાં પણ એટલા જ અર્થાત નિગોદના અનન્તમાં ભાગનાં જ જીવો મોક્ષે જશે અને તે સિવાયના બીજા અનન્તા જીવો ભવસંસારમાં રહેશે. અનન્તા ભવ્યો પણ મોક્ષે ગયા વિના રહેશે અને સાથે સાથે અભવ્યો, તથા જાતિ ભવ્યો પણ સંસારમાં જ રહેવાના છે. મોક્ષે જવા માટે એમનો તો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થવાનો.

માટે જેટલા ભવ્યો છે તેટલા મોક્ષે જશે જ. એવો નિયમ સાચો નથી ઠરતો પરન્તુ જેટલા મોક્ષે જશે તેટલા તો ચોકકસ ભવ્યો જ જવાના. બીજો પ્રશ્ન–જેટલા સમ્યકત્વી એટલા મોક્ષે જશે જ ? કે જેટલા મોક્ષે જશે તે સમ્યકત્વી જ ?

હા. આમાં બન્ને તર્કો સમાન કક્ષાએ સાચા છે. જે જે સમ્યકત્વી હશે તે મોક્ષે ચોકકસ જવાના જ. અને સમ્યકત્વ ભવ્ય જીવો જ પામે છે. જેટલા સમ્યકત્વી એટલા ભવ્ય ચોકકસ જ. પરન્તુ જેટલા ભવ્ય જીવો છે એટલા બધા સમ્યકત્વી હોય જ એવો નિયમ નથી. ભવ્ય જીવો તો

મિથ્યાત્વી પણ હોય છે. અને સમ્યકત્વ પામે ત્યારે સમ્યક્ત્વી થાય છે. ભવ્યોમાં પણ અનન્તા મિથ્યાત્વી છે. જ્યારે સમ્યક્ત્વી તો મિથ્યાત્વીની અનન્ત સંખ્યાના અનન્તા ભાગ જેટલા જ છે.

પરન્તુ જે વખતે સમ્યકત્વ પામ્યા તે જ વખતે જીવનો મોક્ષ નિશ્ચિત થઈ જ જાય છે. અને સમ્યકત્વ પામેલો જીવ અર્ધ પુદ્ગલ પરાવર્તકાળમાં નિશ્ચિત મોક્ષે જવાનો જ. નવતત્વમાં કહ્યુ છે કે —

अंतोमुहुत्तमित्तं -पि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल - परियट्टो चेव संसारो ॥

અર્થાત જે જીવોએ અન્ત મુહૂર્ત માત્ર પણ સમ્યકત્વ સ્પર્શ્યું હોય તે જીવોનો સંસાર હવે ફકત અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ જ બાકી રહે છે. અને ત્યાર પછી તે સમ્યકત્વી જીવ અવશ્ય મોક્ષે જાય જ. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

આ પ્રમાણે અહીંયાં બન્ને પક્ષો સાચા છે. કે જે જે સમ્યકત્વી તે તે અવશ્ય મોક્ષે જવાનો જ. અને જે જે મોક્ષે જાય છે, ગયા છે, જવાના છે, તે સર્વે પણ સમ્યકત્વી જ.

મોક્ષે ન જાય તો પછી ભવ્ય કેમ રહે ?

મંડિક સ્વામીએ પ્રશ્ન કર્યો–હે ભગવંત ! ભવ્ય હોવા છતાં પણ જો મોક્ષે ન જાય તો તેને ભવ્ય કહેવાનો અર્થ શો ? તો તો પછી તેને અભવ્ય જ કહીએ તો શું ખોટું છે ?

ના. આ કથન પણ યોગ્ય નથી. શું બધી જ કન્યાને વન્ધ્યા કહી શકાય ? ના. ન જ કહેવાય. એમાંથી મોટા ભાગની માતા થવાની યોગ્યતા ધરાવે છે. અને કોઇક જે

માતા થવાની યોગ્યતા નથી ધરાવતી તેને જ ફકત વન્ધ્યા કહેવાય. એ જ પ્રમાણે –

भण्णइ भव्वो जोग्गो. न य जोग-तेण सिज्झई सव्वो ।
जह जोग्गम्मिवि दलिए सव्वत्थ न कीरए पडिमा ।

પ્રભુએ કહ્યું – હે મંડિક! ભવ્ય કોને કહેવાય? ભવ્ય એટલે યોગ્ય! કોને યોગ્ય સિદ્ધિગમન યોગ્ય. મોક્ષે જવા યોગ્ય જે જીવ હોય છે તેને ભવ્ય જીવ કહેવાય છે. આના ઉપરથી એ ખ્યાલ આવશે કે ભવ્ય એટલે મોક્ષે જાય જ એવો અર્થ નથી થતો. મોક્ષે જવા યોગ્ય. મોક્ષે જવાની યોગ્યતા ભવ્યમાં પડી છે. અભવ્યમાં તો છે જ નહી. પરન્તુ ભવ્યમાં યોગ્યતા હોવા માત્રથી તે સિદ્ધ થશે જ એવો નિયમ નથી.

પરન્તુ જેમ એક બીજને ઊગવા માટે હવા, પાણી, તાપ, જમીન આદિ યોગ્ય સામગ્રીઓ મળે તો જ બીજની યોગ્યતા પ્રમાણે તે આ સહયોગી કારણો મળતાં તે ફળીભૂત થાય છે. એ જ પ્રમાણે ભવ્ય જીવમાં યોગ્યતા પડેલી હોવા છતાં પણ તેનો મોક્ષ ન થવામાં સહકારી કારણોનો અભાવ છે. જેમ એક કન્યામાં માતા થવાની યોગ્યતા પડેલી છે પરન્તુ તેનાં લગ્ન જ ન થાય તો માતા કયાંથી થવાની? જેમ સોનામાં, પાષાણ (પથ્થર) મણિ, રત્ન, ચન્દનના લાકડા વગેરેમાં પરમાત્માની પ્રતિમા થવાની યોગ્યતા પડી છે, પરન્તુ જો કોઇ શિલ્પી એને ઘડે નહીં ત્યાં સુધી એમાંથી પ્રતિમા કયાંથી થાય? કારણ શિલ્પીનો સહયોગ જ નથી મળ્યો. જો શિલ્પીનો સહયોગ મળે તો એમાંથી પ્રતિમા ઘડી શકાય તેમ છે.

એ જ પ્રમાણે ભવ્ય જીવોને મોક્ષે જવા યોગ્ય સહકારી કારણો નહીં મળે ત્યાં સુધી તે મોક્ષે જવાના નથી. પરન્તુ મોક્ષે ન જાય એથી કંઈ અભવ્ય નથી થઈ જતા. જીવમાં રહેલો પારિણામિક ભાવ એવો છે કે જેના કારણે ભવ્ય અભવ્ય થતો નથી. કોરડુ મગ સીઝતો જ નથી. એમ અભવ્ય જીવમાં તો સિદ્ધ થાય છે. અને જેને નથી મળતા તે કયારેય સિદ્ધ થતો જ નથી. પરન્તુ મોક્ષે ન પણ જાય છતાં ભવ્ય જીવનું ભવ્યત્વપણું નષ્ટ નથી થતું. ભવ્યત્વપણું સદાય યથાવત રહે છે.

પદાર્થોનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ

" उत्पाद व्यय-ध्रौव्य-युक्तं सत् "

જેને દ્રવ્ય–સત્–પદાર્થ, અર્થ, ભાવઆદિ પર્યાયવાચી નામથી ઓળખવામાં આવે છે તે વસ્તુ કહેવાય છે. આ વસ્તુ બે પ્રકારની છે. એક તો સત્ અને બીજી અસત્. સત્ કોને કહેવાય તે આ લક્ષણમાં જણાવવામાં આવ્યું છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જે હોય તેને સત્ (વિદ્યમાન) દ્રવ્ય કહેવાય. અર્થાત્ જે ઉત્પત્તિશીલ, નષ્ટ સ્વભાવી અને નિત્યસ્વરૂપે રહેનાર હોય તે સત્ દ્રવ્ય કહેવાય. અને એથી વિપરીત જેમાં આ ઉત્પત્તિ–વ્યય– નિત્ય ત્રણે સ્વરૂપની અવસ્થા ન ઘટતી હોય તે સત્ સ્વરૂપે ન ગણાય. અસત્ કહેવાય. એવી અસત્ વસ્તુ જગતમાં અસ્તિત્વ જ નથી ધરાવતી. અર્થાત્ વસ્તુ હોય અને તેમાં ઉત્પાદાદિ ભાવો ન હોય તે ન સંભવે. અર્થાત હોય જ. ઉત્પાદ=એટલે ઉત્પત્તિ, ઉત્પન્ન થવું. અને વ્યય=એટલે નાશ થવો, વિલય થવું અને ધ્રુવ=એટલે નિત્ય રહેવું.

દ્રવ્ય–ગુણ–પર્યાય. આ વસ્તુનું સ્વરૂપ ત્રણ પ્રકારે છે. ગુણ–પર્યાયવાળો જે હોય તેને જ દ્રવ્ય કહેવાય છે. (**गुण–पर्यायवद् द्रव्यम्**) પર્યાય એટલે આકાર, આકૃતિવિશેષ. પર્યાય સદાય બદલાતો રહે છે. બદલાવું એટલે ઉત્પન્ન થવું. અને નષ્ટ થવું, નાશ પામવું. એક પર્યાયનો નાશ થાય છે પછી બીજો પર્યાય ઉત્પન્ન થાય છે.

દા. ત., વીંટીનો પર્યાય નાશ પામે છે જ્યારે વીંટીને ઓગાળી નાખીએ છીએ ત્યારે. અને બંગડીનો નવો પર્યાય નિર્માણ થાય છે. એટલે એક પર્યાયનો નાશ અને બીજા પર્યાયની ઉત્પત્તિ થાય છે. પરન્તુ આ બન્ને પર્યાયની અંદર રહેનાર મૂળભૂત સોનું જે દ્રવ્ય છે તે તો સદાય નિત્ય (ધ્રુવ) રહે છે. વર્ષો સુધી ગમે તેટલી પર્યાયો બદલાતી રહે, રોજ ઉત્પન્ન થતી રહે અને રોજ નષ્ટ થતી રહે તો પણ અંતર્ગત દ્રવ્ય તો નિત્ય જ રહેવાનો છે. અને દરેક વસ્તુનું દ્રવ્યત્વ તો નિત્ય (ધ્રુવ) જ હોય છે. અહીંયાં પ્રસ્તુત વિષયના અનુસંધાનમાં વિચાર કરીએ. મોક્ષ એ તત્ત્વ છે. સ્વતંત્ર તત્ત્વ છે. તો તે મોક્ષ નિત્ય છે ? કે અનિત્ય છે? સાદિ છે કે શાન્ત છે? ઇત્યાદિ વિચારણા કરવાની છે–

મોક્ષ નિત્ય છે કે અનિત્ય ?

को वा निच्चाग्गाहो सव्वं चिय विभव भंग ठिइमइयं !
पज्जाय तरमेत्तप्पणादनिच्चाइवयसो ॥ १८४२

મોક્ષે ગયેલો મુકતાત્મા એકાન્ત નિત્ય છ એવો પણ આગ્રહ શા માટે રાખવો? હે મંડિક. જો તું આ પ્રમાણે પૂછતો હોય તો કહેવાનું કે એકાન્તે નિત્ય છે તો આગ્રહ શા

માટે રાખવો ? આ તારી વાત બરોબર છે. એકાન્તે અનિત્ય છે આવું બોલનારા અનિત્યવાદીને નિરુત્તર કરવાના હેતુથી જ અત્રે એમ કહેવામાં આવે છે કે મોક્ષ, મુકતાત્મા એકાન્તે નિત્ય છે. પરંતુ હે મંડિક !

વાસ્તવમાં તો પ્રત્યેક વસ્તુમાત્ર નિત્યાનિત્ય છે. સાપેક્ષ-ભાવે જોવી જોઇએ અને સાપેક્ષભાવે જોતાં વસ્તુમાત્ર પર્યાયની ઉત્પત્તિ– નાશની દૃષ્ટિએ અનિત્ય અને દ્રવ્યત્વની દૃષ્ટિએ નિત્ય જ હોય છે. જેમકે એક ઘડો છે. માટીમાંથી બન્યો. આ તેની ઉત્પત્તિ. અને એક દિવસ ઘડો ફૂટી ગયો. બન્યો અને ફૂટયો! અર્થાત ઉત્પત્તિ અને વ્યય (નાશ) આ બન્ને પર્યાયની અવસ્થા છે. પરન્તુ આ બન્ને પર્યાયોની અવસ્થામાં પણ માટી દ્રવ્ય તો નિત્ય જ રહ્યું ને ? બનવું, (ઉત્પન્ન થવું) ફૂટવું (નષ્ટ થવું) આ દૃષ્ટિએ ઘડો અનિત્ય છે. અને માટી દ્રવ્યની અપેક્ષાએ ઘડો નિત્ય છે. અર્થાત એક જ ઘડો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

એ જ પ્રમાણે મોક્ષે ગયેલ મુક્તાત્મા પણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય યુકત છે. એક જીવ સંસારીરૂપે (સંસારી પર્યાયથી) નાશ પામે છે. (વ્યય) અને મુક્તપણે, સિદ્ધપર્યાયપણે ઉત્પન્ન થાય છે. એક પર્યાય (સંસારી પર્યાય) નો નાશ અને બીજો પર્યાય (સિદ્ધ પર્યાય) રૂપે ઉત્પત્તિ, અર્થાત આ બન્ને પર્યાયાન્તરમાં પર્યાય પરિવર્તનમાં અનિત્યતા આવી અને ઉપયોગાત્મક - આદિ જીવ ગુણની દૃષ્ટિએ તો જીવ મોક્ષમાં નિત્ય જ રહેવાનો છે. જીવત્વ, આત્મત્વ દ્રવ્યરૂપે આત્મા અનન્ત કાળ માટે મોક્ષમાં નિત્ય જ

રહે છે. આ પ્રમાણે પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ, અને મૂળભૂત દ્રવ્યત્વની અપેક્ષાએ નિત્યત્વ. એમ હે મંડિક ! સર્વ વસ્તુમાત્ર એકાન્તે નિત્યપણે નહીં તથા એકાન્તે અનિત્ય પણે નહીં. પરન્તુ નિત્યાનિત્ય છે.એ જ સત્ય પક્ષ સિદ્ધ થાય છે. અને એ જ પ્રમાણે વ્યવહાર થાય છે.

આત્માનો મોક્ષ ક્યારે થાય છે ?

મોક્ષ = મો + ક્ષ 'મો'='મોહાદિ, 'ક્ષ'=ક્ષય. (નાશ) **मोहादिनां क्षयो मोक्ष. : "** । મોહાદિભાવોનો સર્વથા નાશ થઈ જવો તેનું નામ છે મોક્ષ. એ મોહાદિ શું છે ? કર્મ છે. મોહનીયકર્મ મુખ્ય છે. આઠ કર્મોમાં આ કર્મોનો રાજા છે. એટલે પ્રથમ એનું નામ લીધું અને પછી આદિ શબ્દ જોડયો. આદિથી બીજાં સાતે કર્મો સમજવાનાં. એટલે જ સ્પષ્ટ કહ્યું છે કે – **"कृत्स्नकर्मक्षयो मोक्ष : "** **कृत्स्न** = એટલે સંપૂર્ણ, સર્વ, સર્વથા. અર્થાત સર્વથા સર્વ કર્મોનો સંપૂર્ણપણે ક્ષય–નાશ થાય તો જ મોક્ષ મળે. કર્મયુકત આત્મા સંસારી કહેવાય અને કર્મ રહિત જીવ મુકત કહેવાય છે. આત્માને મુકત કરવો અર્થાત કર્મસહિતને કર્મ રહિત કરવો. બસ, એનું જ નામ મોક્ષ.

ગ્રહણ અવસ્થામાં સૂર્યનું વિમાન જેમ રાહુના વિમાનથી ગ્રસિત થાય છે તેમ આત્મા પણ કર્મથી ગ્રસિત થાય છે. કર્મથી બંધાય છે. એ જ આત્મા અને કર્મનું ગ્રહણ છે. સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ તો સારુ કારણ કે થોડી મિનિટોમાં કલાકોમાં તે છૂટી તો જાય છે. પરન્તુ આત્મા અને કર્મની સાથેનું ગ્રહણ બહુ જ ખરાબ છે. અનાદિ કાળથી

આત્મા અને કર્મનું ગ્રહણ થયેલું છે. અને અનન્તા વર્ષો વીતી ગયા છતાં હજુ આ ગ્રહણનો મોક્ષ (છુટકારો) થયો નથી. હે મંડિક! તને એમ જે શંકા છે કે આત્માનો કર્મની સાથેનો બંધ–મોક્ષ નથી થતો. પરંતુ ના. એમ નથી. ભલે ભૂતકાળમાં અનન્તા વર્ષો વીતી ગયા છતાં પણ ભવ્યાત્મા એક દિવસ સર્વ કર્મનો ક્ષય (નાશ) કરીને સદાના માટે મોક્ષ પામી પણ જાય છે અને હે મંડિક! આજ દિવસ સુધી અનન્તા આત્માઓ મોક્ષ પામી ચૂક્યા છે.


કર્મ ક્ષય (મોક્ષ) કેવી રીતે થાય છે?

મોક્ષ એટલે છૂટકારો. વિયોગ, છુટા થવું. કર્મ મોક્ષ એટલે કર્મનો છુટકારો ક્યારે થાય? કેવી રીતે થાય? અર્થાત આત્મા અને કર્મનો જે સંયોગ થયેલો છે તેનો સદંતર સર્વથા વિયોગ ક્યારે થાય? કેવી રીતે થાય? અર્થાત કર્મનો ક્ષય કેવી રીતે થાય?


ક્ષય એટલે નાશ. નાશ થવું, ક્ષય થવું, મોક્ષ થવું, છૂટકારો થવો, અથવા વિયોગ થવો. આત્માએ જે માર્ગે કર્મો બાંધ્યા છે એનાથી વિપરીત કંઇક એવી પ્રવૃત્તિ (ધર્મ) કરવી જોઇએ જેથી બંધાયેલા કર્મોનો નાશ થાય. જેમ ગુંદર લગાડીને આપણે બે કાગળને ચોટાડયા હોય અને પછી કેવે જો ફરી બન્નેને છૂટા પાડવા હોય તો પાણી લગાડીને, અથવા પાણીમાં પલાળી રાખીને અથવા ઉખેડીને એમ ગમે તે પ્રયોગો કરીને પણ બન્નેને છૂટા પાડવા જોઇએ. અને હકીકતમા બન્ને છૂટા પડે છે. એ આપણે અનુભવ કર્યો છે. બસ, તો એવી જ રીતે કંઇક કરીને આત્મા અને કર્મને

છૂટા પાડવાં જોઇએ. આ છૂટા પાડવાની ક્રિયાનું નામ છે – "નિર્જરા".

નિર્જરા એટલે શું ?



આ ચિત્રમાં બતાવેલા એક પ્રયોગને જોવાથી નિર્જરા શી ક્રિયા છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. સર્વ પ્રથમ ઉપર બે પાત્રોમાં જુદા–જુદા દૂધ–અને પાણી સ્વતંત્ર છે. બન્ને પોત-પોતાના મૂળભૂત દ્રવ્ય રૂપે છે. અને ત્યાર પછી આ બન્ને સ્વતંત્ર દ્રવ્યોને એક પાત્રમાં ભેગા કરી નાખવામાં આવે છે. આ બંને



દૂધ + પાણી એકબીજામાં એવાં મળી જાય છે કે પાણીનું તો અસ્તિત્વ જ લોપ થઈ જાય છે. પાણી દૂધમય બની ગયું છે એવુ આપણને લાગે છે. આ જ પ્રમાણે, આત્મા અને કર્મ પણ મળી જાય છે. જ્યારે આશ્રવ માર્ગે ખેંચા-ઈને આવેલા કર્મો આત્માની સાથે ચોટીને એક રસ થઇ જાય છે. તેને બંધ કહેવામાં આવે છે. આ કર્મનો બંધ ક્ષીર+નીર સંયોગવત્ અર્થાત દૂધમાં પાણી મળે (ભળી જાય) તેવો કહ્યો છે.

હવે આપણે એક પ્રયોગ કરીને આ બન્નેને છૂટા પાડવાના છે. કારણ, પાણીએ દૂધમાં પ્રવેશ કરીને દૂધની શક્તિને ઓછી કરી નાંખી છે. આપણે કહીએ છીએ. આ તો સાવ પાણી જેવું દૂધ છે. આવું દૂધ પીવું એ તો પાણી પીધા બરોબર છે. આ બન્નેમાંથી કોણ છૂટું પડશે ?

જે બહારથી આવીને મળ્યું છે તેને જ છૂટા થવાનું

છે. જે આવ્યું છે તેને જ જવાનું છે. પાણી જ બહારથી આવીને દૂધમાં ભળ્યુ છે. તો તેને જ જવાનું છે. હવે આ મળેલું-ભળી ગયેલું પાણી દૂધથી છૂટું પાડવા માટે એક તપેલામાં લઈને તેને ગરમ કરવા માટે મૂકવું જોઇએ. નીચે બર્નર (Burner) રાખીને અગ્નિ પ્રગટાવીને ગરમ કરવું જોઇએ. હવે જુઓ, ધીમે ધીમે ગરમી તપેલામાં થઇને દૂધ-પાણીમાં પહોંચી.... કોણ ગરમ થશે ? બન્ને દૂધથી છૂટું પડશે. જોજો. માટી અને સોનાને મિશ્રિત અવસ્થામાં ગરમ કરતા માટી છૂટી પડે છે, અને સોનાના કણ કણ ભેગા થઇ જાય છે. અને સોનું બની જાય છે.


તેમ આ પ્રયોગમાં પાણી બળીને વરાળ થઇને ઉપર ઊડતું જશે. દૂધથી છુટું પડીને વરાળ થઇને નીકળતું જશે... જેટલું વધારે ગરમ કરશું એટલો પાણીનો ભાગ બળીને છુટો પડતો જશે. આ જે વરાળ થઇને જવું, છુટું પડવું તેને નિર્જરા કહેવાય છે. નિર+જરા નિર ઉપસર્ગ પૂર્વક જરા ધાતુ છે.

જરા=એટલે ઘડપણ. વૃદ્ધાવસ્થા કહો કે જરાવસ્થા કહો. જરાવસ્થામાં ચામડી જરવા માંડે છે. શિથિલ થઈ જાય છે, ખરવા માંડે છે. તેમ આત્મા ઉપર બંધાયેલાં કર્મો પણ ખરવા માંડે, ખરવા માંડે તેને નિર્જરા કહેવાય છે. કર્મક્ષયના અર્થમાં નિર્જરા શબ્દ રૂઢ થઈ ગયો છે.


આ પ્રયોગની જેમ દૂધના સ્થાને આત્મા છે. પાણીના સ્થાને કર્મ છે જે બહારથી આવીને કાર્મણ વર્ગણા રૂપે


આત્માને ચોટીને બન્યા છે. અને આત્માને રહેવાનો આધાર સ્થાન આ સંસારમાં શરીર છે. શરીર વિના આત્મા સંસારમાં રહી શકતો નથી. આ શરીર જીવાત્માને આધારરૂપે મળ્યું છે. આત્મા તો અદૃશ્ય–અરૂપી તત્વ છે. એટલે એને તો કોઇ ને કોઈ આધાર ગમે તેવુ શરીર જોઇએ જ. અને આ શરીરના માધ્યમથી એવો પ્રયોગ કરવો જોઇએ કે જેથી અંદરથી આત્મા ઉપર રહેલા કર્મો ક્ષય થતા જાય.

તપેલાના સ્થાને આપણું શરીર છે. અને તે તપેલામાં દૂધ–પાણીની જેમ શરીરમાં આત્મા અને કર્મ છે. પ્રાયમસ ઉપર તપેલુ મુકાય છે. પ્રાયમસમાંથી તાપ (અગ્નિ) નીકળે છે. અને તે દૂધ–પાણીમાં જશે કયાંથી ? તપેલામાં થઈને જ. તો પહેલા તપેલુ જ ગરમ થશે કે પાણી ? પહેલાં તપેલું જ ગરમ થશે. એમ (તાપ) તપ રૂપી અગ્નિ પ્રગટ કરવાથી સર્વ પ્રથમ અગ્નિ શરીરને અસર કરશે. શરીર માધ્યમ છે. માટે પહેલા શરીર વડે જ તપ કરવાનું કહ્યું છે. શરીર થકી જે તપ કરશું તેમાંથી નિર્માણ થયેલો અગ્નિ-તાપ–અંદર આત્મામાં પહોંચશે. અને આત્માને સ્પર્શ થયા પછી તેમાં રહેલા કર્મને તપાવશે (દૂધમાં જેને પાણીને તપાવે છે તેમ) આત્મા તપીને લાલચોળ થશે. અને જેમ પાણી વરાળ થઈને ઉડી જાય છે. તેમ આત્મા ઉપર લાગેલ કાર્મણવર્ગણા જે કર્મ રૂપે પરિણમે છે તે બળીને રાખ થતી જશે. અને ખરીને



આત્માથી છૂટી પડતી જશે. બસ, આનું જ નામ છે નિર્જરા. આત્મા છે. તેમાં જે બહારથી આવીને કાર્મણ વર્ગણા ચોટી હતી. અર્થાત આશ્રવના માર્ગે જે કાર્મણ વર્ગણાના પ્રદેશો આત્મામાં આવીને બંધ રૂપે બંધાઇને જે આત્માની સાથે એકરસ થઈ ગયા હતા. તે કર્મ પુદ્ગલપરમાણુઓ તથા પ્રકારના તપ આદિ દ્વારા નિર્જરા કરતા કરતા ખરે છે. ખપે છે. નાશ પામે છે.





આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે, આત્મા છે અને તેમાં કાર્મણ વર્ગણાના પ્રદેશોની આવ-જા દેખાય છે. આત્મા કર્મ પ્રદેશોથી

ભરેલો છે. ઉપરથી જોતાં ફરી કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ આત્મામાં આશ્રવ માર્ગે આવે છે. અને ફરી આત્મા કંઈક તપાદિ દ્વારા નિર્જરા કરે છે. અને કર્મ ખપે છે. અર્થાત આત્મા ઉપરથી જરી જાય છે. નિર્જરીને છૂટા પડે છે. પરન્તુ બધા જ નથી નિર્જરી જતા. પર્યૂષણ મહાપર્વમાં અઠ્ઠાઈ, માસખમણની તપશ્ચર્યા કરી હોય અને એનાથી થોડી ઘણી કર્મ નિર્જરા થઈ હોય. પરન્તુ પારણા પછી બધુ જ છૂટથી આવાથી કર્મ બંધ થતો જતો હોય.

જેમ પ્રાયમસ ઉપર દૂધમાં ઊભરો આવે અને એટલામાં તો આપણે ફરી પાણી નાંખીએ છીએ. જે પાણીને બાળવા માટે તો દૂધને ગરમ કરવાની મહેનત આપણે કરી રહ્યા હતા, તે જ દૂધમાં ફરી પાણી નાંખ્યુ. હવે વિચાર કરો, દૂધની કેવી સ્થિતિ થઈ? અને આ જ પ્રમાણે ૧ વાર, ૨ વાર, ૩ વાર, ૪ વાર ચાલ્યા જ કરે. દૂધ ઉભરે આવતું જ જાય અને તમે પાણી નાંખે જ રાખો અને બાળે જ રાખો તો શું કોઈ કાળે પણ એનો છેડો–અન્ત આવે એમ છે? ના. શકય જ નથી.

એ જ પ્રમાણે આત્મા પણ કર્મની નિર્જરા કરે છે. અને થોડાં–કર્મ ખપે છે. થોડી નિર્જરા થાય છે. ત્યાં તો આત્મા ફરી કર્મ બંધની પ્રવૃત્તિ કરે છે. અને પાછા કર્મ બંધાય છે. બંધ પછી નિર્જરા અને નિર્જરા પછી બંધ આ જ ક્રમ અનન્તા વર્ષોથી ચાલ્યા જ કરે છે.

શું નિર્જરા એટલે જ મોક્ષ ?

ના. જો નિર્જરા એ જ મોક્ષ હોત તો તત્વો નવ કેમ કહ્યા. ? નિર્જરા અને મોક્ષ એક જ હોય તો તત્વો આઠ થાત. નિર્જરાથી મોક્ષ ? કે મોક્ષ થીનિર્જરા ? નિર્જરાથી મોક્ષ. બરોબર છે. મતલબ આ બન્નેમાં પણ કાર્યકારણ ભાવ છે. નિર્જરા એ કારણ છે. અને મોક્ષ એ કાર્ય છે. જેમ ધૂમાડા અને અગ્નિમાં ધૂમાડો એ કાર્ય છે અને અગ્નિ એ કારણ છે.

જયાં જયાં કાર્ય હોય ત્યાં કારણ હોય કે જયાં કારણ હોય ત્યાં કાર્ય હોય ? કાર્ય હોય તો કારણ હોય કે કારણ હોય તો કાર્ય હોય ?


સ્પષ્ટ જ છે કે કાર્ય ધૂમાડો હશે તો અગ્નિ અવશ્ય જ હશે. પણ અગ્નિ હશે તો ધૂમાડો હોય કે ન પણ હોય. એ જ પ્રકારે નિર્જરા કારણ છે. માટી કારણ છે. ઘડો કાર્ય છે. માટી હોય તો ઘડો હોય કે ન પણ હોય પરન્તુ ઘડો હોય તો માટી ચોકકસ હોય. તેમ નિર્જરા તો કારણ છે. નિર્જરા થાય ત્યારે મોક્ષ ન પણ થાય. કારણ કે આંશિક નિર્જરા થઇ છે. થોડા જ પ્રમાણમાં નિર્જરા થઇ છે.

થોડી થોડી નિર્જરા તો રોજ થાય છે. પરન્તુ એટલે-થી મોક્ષ નથી થતો. માટે જ તત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિ ભગવંતે મોક્ષનું લક્ષણ દર્શાવતા સૂત્રમાં– **कृत्स्न कर्मक्षयो मोक्ष**' આમાં 'કૃત્સ્ન' વિશેષણ મૂકયું છે. કૃત્સ્ન એટલે સર્વ કર્મો-ની સર્વથા સંપૂર્ણ પણે નિર્જરા થવી જોઇએ. તો જ મોક્ષ મળશે. અન્યથા નહીં.

કેટલા કર્મોની ? આઠે-આઠ કર્મોની પૂર્ણ પણે નિર્જરા થાય તો જ મોક્ષ મળે. અને જો બધા કર્મોની નિર્જરા ન થાય તો મોક્ષ નહીં મળે. નિર્જરા કહેવાશે. પરન્તુ આંશિક નિર્જરા, અલ્પ નિર્જરા.

હા એ પણ વાત ચોકકસ છે કે જયારે કયારે પણ કોઈનેય મોક્ષ મળશે ત્યારે નિર્જરાથી જ મળશે. જેમ જયારે પણ ધૂમાડો નીકળશે તો અગ્નિ થકીજ નીકળશે. અગ્નિ વિના ધૂમાડો નહીંજ નીકળે તેમ મોક્ષ નિર્જરા વિના સંભવ જ નથી. એટલે મોક્ષ મેળવવા માટે નિર્જરા કરવી જ પડશે. અને તે પણ સંપૂર્ણ 'સવ્વપાવપ્પણાસણો' એ જ સાધકનો લક્ષ હોવો જોઇએ. સર્વ પાપ કર્મનો નાશ કરવો એજ ધર્મનો લક્ષ્ય છે. હેતુ છે. સાધ્ય છે. મોક્ષ એનું ફળ છે. મોક્ષ મેળવવાનો લક્ષ્ય હોય તો નિર્જરા કર્યા વિના છૂટકોજ નથી. નિર્જરા વિન. ચાલશે જ નહી.


નિર્જરા કેવી રીતે કરવી ?



નિર્જરા બે રીતે થાય છે. સ+કામ= સ્વેચ્છા પૂર્વક કામ=એટલે ઇચ્છા. સ્વયં પોતાથી પ્રબલ ઇચ્છાથી કરે તેને સકામ નિર્જરા કહેવાય છે. દા. ત. ખાવાનું છે. છતાં ઉપવાસ આયંબિલ-વગેરે તપ કરે છે. તે સકામ નિર્જરા કહેવાય.


અને અનિચ્છાએ, પરાણે કરતો હોય તે અકામ નિર્જરા કહેવાય. ભૂખ લાગે છે. ખાવુ છે. પરંતુ શું થાય? તાવ છે. ડોકટરે ના પાડી છે. માટે નથી ખાતો અને ભૂખ-તરસ સહન કરેછે તેને અકામ નિર્જરા કહેવાય છે. ગમે તેમ કોઇ પણ રીતે એ જીવે પણ ભુખ-તરસ સહન તો કરી છે ને? ખાધુ તો નથી ને? તો એને પણ નિર્જરા જરૂર થશે. પરંતુ તે અકામ, અનિચ્છાએ થશે. તેનું પ્રમાણ બહુ જ થોડુ હોય છે. વૃક્ષ-ઝાડ-પાનાદિ વનસ્પતિ કાયના એકેન્દ્રિયો આદિના જીવો અનિચ્છા છતાં પરાણે દુઃખ સહન કરે છે તે અકામ નિર્જરા જ કરે છે. અને અકામ નિર્જરા કરતા કરતા જ તે જીવો એકેન્દ્રિય પણામાંથી નિકળીને આગળ વધે છે. અને પંચેન્દ્રિય પણા સુધી પહોંચે છે. મનુષ્ય થઇને સંજ્ઞી-પંચેન્દ્રિય પર્યાત મનુષ્ય થઇને સ્વયં સ્વ ઇચ્છાથી તપાદિ કરીને સકામ નિર્જરા કરી શકે તો જ ઉત્તમ નિર્જરા કરીને કર્મ ક્ષય કરીને મોક્ષ પામી શકે છે.

સકામ નિર્જરા કેટલી રીતે? -



સ્વયં જે સ્વેચ્છાથી નિર્જરા કરવાની છે તે બાહ્યય અને આભ્યંતરના ભેદથી બે પ્રકારે છે. (૧) જેમાં બાહ્યય

શરીરના આલંબન ની પ્રાધાન્યતા છે. અને તેના વડે જે ઉપવાસ આદિ તપ કરવા પૂર્વક જે કર્મનિર્જરા કરવામાં આવે છે. તે બાહ્ય બાહ્યય નિર્જરા કહેવાય છે. આ બાહ્ય પ્રકારની સકામનિર્જરા ૬ પ્રકારે છે. નિર્જરા તપ વડે થાય છે.



अणसणमूणो अरिया वित्तीसंखेषणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥

(૧) અનશન– અશન એટલે આહાર અને અનશન એટલે આહારનો ત્યાગ અર્થાત ઉપવાસ. અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ આદિ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાપૂર્વક જે ઉપવાસ તપ કરવામાં આવેછે તે ચઉ વિહાર ઉપવાસ કહેવાય છે. અને અચિત જલ (ઉકાળેલું પાણી)ની છૂટ રાખીને જે ઉપવાસ કરવામાં આવે છે તે તિવિહાર ઉપવાસ. પરંતુ પાણી સિવાયના ત્રિવિધ– ત્રણે પ્રકારના આહારનો સદંતર ત્યાગ કરીને કરવામાં આવતો ઉપવાસ તિવિહાર ઉપવાસ કહેવાય છે. આત્મા દેહ રાગને આધીન થઇને આહારાદિની પ્રવૃત્તિના નિમિત્તે જે કર્મ બાંધતો હતો, હવે આ ઉપવાસાદિ બાહ્ય તપ કરવાથી તે કર્મો નહીં બંધાય તથા જૂનાં કર્મોની નિર્જરા થશે.

(૨) ઉનોદરી તપ—

ઉદર એટલે પેટ. ખાઇએ છીએ ત્યારે પેટ ભરાય છે. ખોરાક પેટમાં જાય છે. કેટલું ખાવું ? પેટ ભરીને ? કુલ પેટ ભરીને ખાઇએ તો તે પૂરોદરી કહેવાય. જે ઘણાં રોગો આદિનું કારણ છે. પરંતુ તેની સામે ઉણોદરી એ તપ છે. આપણા આહારના પ્રમાણ કરતા ઓછુ ખાવુ. અર્થાત આપણો આહાર ૩૨ કોળીયા, તથા સ્ત્રીનો આહાર ૨૮ કોળીયા પ્રમાણ કહ્યો છે. તો તેથી થોડુ ઓછુ ખાવુ તે ઉણોદરી તપ કહેવાય. કારણ આટલી પણ ઇચ્છાનો નિરોધ તો કરવો જ પડયો છે.

(૩) **વૃત્તિ સંક્ષેપ તપ**– વૃત્તિ એટલે માનસિક વૃત્તિ વિશેષ. ભોજન–પાણી વગેરે વૃત્તિ. જમવા બેસીએ ત્યારે તો ભોજનમાં સંભવ છે ૫૦ વાનગીઓ પણ હોય. પરંતુ એ ૫૦ વાનગીઓ

જોઈને આપણું મન ઊછળે છે. આ ખાઉં કે આ...? આ લઉં કે આ? એવા ટાઈમે ઉછળતી ઇચ્છાનો નિરોધ કરવા માટે વૃત્તિસંક્ષેપ તપ છે. ઇચ્છાને રોકવી, મર્યાદા બાંધવી તે આ વૃત્તિસંક્ષેપ તપ છે. ૫૦ માંથી મારે ૧૦ જ ખાવી છે., ૫ જ ખાવી છે. બસ, મારું પેટ ૫-૧૦ વસ્તુઓથી ભરાઈ જશે. શા માટે વધારે ખાવી ? આ પ્રમાણે મનને સમજાવીને ઇચ્છાની મર્યાદા કરી વસ્તુની સંખ્યા ઘટાડવી તે વૃત્તિસંક્ષેપ તપ કહેવાય. પ્રભુ મહાવીરે ૫ માસ અને ૨૫ દિવસના ઉપવાસ તપનું પારણું ફક્ત અડદના બાકળાથી જ કર્યું હતું, એમ મનને સમજાવવું.

(૪) રસ ત્યાગ- ભોજનમાં ખારો, મીઠો, કડવો, તીખો, તૂરો, ખાટો વગેરે ૬ રસો છે, ષડરસ ભોજન કહેવાય છે. આ રસોનો સ્વાદ માત્ર જીભને થાય છે. અને જીભને જો ન ગમે તો રાગ-દ્વેષ-કલેશ કષાયના નિમિત્તો ઊભાં થાય છે. એટલા માટે આત્માને આ કલેશ - કષાય - રાગ-દ્વેષોથી બંધાતાં કર્મથી બચાવવા માટે આ જીભના સ્વાદોનાં તોફાન જ ઓછાં કરીએ અથવા બંધ કરીએ તો કેટલું ઉત્તમ. અને સાથે સાથે એમાંથી ઘી, દૂધ, ગોળ, તેલ, કડાવિગઈ આદિ ૬ વિગઈઓનો પણ ત્યાગ કરવામાં આવે તો કેટલું સારું. ૬ વિગઈના ત્યાગપુર્વકના અને રસત્યાગપુર્વકના આહારને નીરસ આહાર કહેવાય છે. એવો આહાર તે આયંબિલ તપ રૂપે ગણાય છે- જેનાથી ઇચ્છા ઉપર નિયંત્રણ થાય છે. અને તેથી ઘણી કર્મનિર્જરા થાય છે. નિર્જરા માટે આ પણ ઉત્તમ બાહ્ય તપ છે.

(૫) કાયકલેશ તપ—

કાયા એટલે શરીર. શરીર અને આત્મા તદ્દન જુદા છે. કાયા જડ છે. આત્મા ચેતન છે. ચેતન થોડા દિવસ માટે આ માટીની કાયાના ઘરમાં રહેવા માટે આવ્યો છે. અને એ જ કાયા અહીંયાં જ છોડીને જીવે જવાનું છે. અને કાયા અગ્નિમાં બાળીને રાખ કરી નાખવી પડે છે. તો આવી નાશવંત ક્ષણિક અશુચીની ભરેલી આ કાયા ઉપર રાગ ન થઈ જાય, જેથી ભારે કર્મો ન બંધાઈ જાય તે માટે આત્માએ આ કાયાને થોડું કષ્ટ પડે તે રીતે પણ કરવુ જોઇએ. કેશલોચ, વિહાર, ઠંડી, તડકો, તાપ સહન કરવો, ખુલ્લા પગે તાપમાં ચાલવું વગેરે તથા વીરાસન, પદ્માસનાદિ આસનો કરીને કાયાને નિશ્ચલ સ્થિર કરવાથી પણ દેહરાગ, દેહભાવ ઘટે છે. અને એનાથી દેહના મમત્વની ઇચ્છા ઘટે છે. માટે આ કાયકલેશને પણ તપ કહ્યું છે. આત્માને દેહ ભિન્નતાની અનુભૂતિ થાય. દેહભિન્નતાનું સાચું તત્વજ્ઞાન થાય. જેથી દેહના નિમિત્તે આત્મા પાપ કરતો અટકે. માટે આ કાયકલેશ એ તપ છે.

(૬) સંલીનતા તપ-

સંલીનતા એટલે સંકોચન. શરીરના અંગોપાંગાદિ સંકોચીને રાખવાં. તે રીતે શયનાદિ કરવું. વગેરે સંલીનતા છે. આ સંલીનતા બે પ્રકારે છે.


૧ ઇન્દ્રિય સંલીનતા- અર્થાત ઇન્દ્રિયોને તેવા વિષયોમાં જતી અટકાવીને સંકોચી રાખવી તે. અને બીજી

૨ કષાય સંલીનતા— ક્રોધ, માન-માયા, લોભ આદિ કષાયોને ઉદયમાં ન આવવા દેવા. તેમને સંકોચી રાખવા તે

કષાય સંલીનતા. બીજી રીતે મન, વચન, કાયાના યોગોને આશ્રવ માર્ગે ન જવા દેવા તે યોગ સંલીનતા, તથા સંયમમાં બાધા ન પહોંચે તે રીતે જ્ઞાન-દર્શનાદિમાં લીન રહેવું તે પણ સંલીનતા બાહ્ય તપ છે. તેથી પણ કર્મનિર્જરા થાય છે.

આભ્યંતર તપ

૧	૨	૩	૪	૫	૬
પ્રાયશ્ચિત્ત	વિનય	વૈયાવચ્ચ	સ્વાધ્યાય	ધ્યાન	કાયોત્સર્ગ



આભ્યંતર તપમાં કાયાની પ્રાધાન્યતા નથી. બાહ્ય પરિબળો ગૌણ છે. અને મન– આત્માના નિમિત્ત પ્રધાન છે. તેને આભ્યંતર તપ કહેવામાં આવે છે. જેમાં મન કેન્દ્ર સ્થાનમાં રહે છે, અને મન એવી પ્રવૃત્તિમાં પરોવાઈ જાય કે જેથી આત્માને કર્મ બંધાવા નથી દેતો. ઉપરથી કર્મની નિર્જરા કરાવે છે તેને આભ્યંતર તપ કહેવાય છે. આ આભ્યંતર તપ ૬ પ્રકારે છે. આ ચિત્રમાં તેનાં ૬ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

(૧) પ્રાયશ્ચિત્ત –

આત્માને બંધાયેલા કર્મથી મુકત કરવા માટે પ્રાયશ્ચિત્ત એ પ્રથમ માર્ગ છે. પ્રાયાશ્ચિત્તમાં પ્રવેશ કરવા માટે પશ્ચાતાપનું પ્રવેશ દ્વાર છે. આ પશ્ચાતાપના માર્ગે જ પ્રાયશ્ચિત્ત કરી શકાય છે. પશ્ચાત્તાપ વિનાનું પ્રાયશ્ચિત્ત કેટલી નિર્જરા કરાવશે ? ભૂતકાળમાં કરેલા પાપ કર્મોના નાશ માટે આભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્ત એ પ્રથમ પ્રકાર છે. પ્રાયશ્ચિત્તથી પાપનાશ અને આત્મશુદ્ધિ થાય છે. જેમ સાબુથી કપડાં ધોવાય, કપડાં ઉપરનો મેલ ધોવાઈ જાય છે, તેમ પ્રાયશ્ચિત્તાદિ તપથી આત્મા ઉપરનો કર્મમળ ધોવાતાં આત્મા શુદ્ધ થાય છે. પ્રાયશ્ચિત્ત ૧૦ પ્રકારના કહ્યાં છે.

(૨) વિનય –

વિનય વડે પણ કર્મની અદ્‌ભુત નિર્જરા થાય છે. માટે વિનયનો પણ આભ્યંતર તપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિનય એક મહાન ગુણ છે. સર્વ ગુણોની મૂળ ખાણ છે.

વિનયમાં નમ્રતાનો ભાવ છે. જેમ એક બીજ નાનકડું હોય છે અને તેમાંથી એક વિશાળ વૃક્ષ થાય છે તેમ નાનામાં નાના વિનયમાંથી ક્રમશઃ મોક્ષ પ્રાપ્તિ થાય છે. વિનયમાંથી ગુરુ-શુશ્રુષા, તેથી શ્રુતજ્ઞાન,-વિરતિ-તેથી આશ્રવનો નિરોધ અર્થાત સંવર, સંવરથી તપપૂર્વક નિર્જરા, નિર્જરાથી ક્રિયા નિવૃત્તિ તેથી અયોગીપણું અને યોગ નિરોધપૂર્વકના અયોગી-પણાથી ભવપરંપરાનો નાશ અને તેથી આત્માને મોક્ષનું ફળ પ્રાપ્ત થાય છે. આવી ફળ પરંપરાને ઉત્તરોત્તર પ્રાપ્ત કરાવવાંનો મુખ્ય આધાર વિનય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન. કાયા તથા ઉપચાર વિનય એમ વિનયના ૭ પ્રકાર કહ્યા છે.

[૩] વૈયાવચ્ચ—


વૈયાવચ્ચ એટલે સેવાભક્તિ. વૈયાવચ્ચ અપ્રતિપાતિ ગુણ છે. ઘણા જીવોમાં આ ગુણ જોવા પણ નથી મળતો અને કેટલાકમાં વિશિષ્ટ કક્ષાએ જોવા મળે છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ એવા ૧૦ મહાપુરૂષોની વૈયાવચ્ચ સેવાભક્તિ એ આભ્યંતર તપ સ્વરૂપે છે. જે કરનારને મહાન કર્મ નિર્જરા કરાવે છે. આ પ્રમાણે વૈયાવચ્ચના ૧૦ પ્રકાર કહ્યા છે. આનાથી પણ કર્મ ક્ષય થતો હોવાથી તેની ગણના આભ્યંતર તપમાં કરવામાં આવી છે.

(૪) સ્વાધ્યાય તપ—

"**स्वस्याध्ययनं = स्वाध्याय**"


સ્વ એટલે આત્મા. આત્માનું અધ્યયન તે સ્વાધ્યાય. આત્મ-

ચિન્તન. ચિંતા કરનારો કર્મ બાંધે છે. જ્યારે ચિન્તન કરનારો કર્મનો ક્ષય નિર્જરા કરે છે. માટે આ સ્વાધ્યાયને તપમાં ગણવામાં આવ્યો છે. આમ તો લોકો સેંકડો પ્રકારની વસ્તુઓ વાંચે છે. પરંતુ બધી જ કંઈ કર્મ નિર્જરા નથી કરાવતી. ઘણું વાંચન તો કર્મ બંધ પણ કરાવે છે. જ્યારે આત્મ સિદ્ધાંતનું વાંચન, ચિન્તન, મનનાદિ સ્વાધ્યાય કર્મની નિર્જરા કરાવે છે. સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. (૧) વાચના, (૨) પૃચ્છના (૩) અનુપ્રેક્ષા (૪) પરાવર્તના અને, (૫) ધર્મકથા. અજ્ઞાની



આત્મા જેટલી કર્મનિર્જરા વર્ષોમાં પણ નથી કરી શકતો તેથી વધુ જ્ઞાની આત્મા શ્વાસોચ્છવાસ માત્રમાં કર્મની અદ્‌ભુત નિર્જરા કરી શકે છે. સિદ્ધાંતનું વાંચન કરવું, તે અંગે પ્રશ્નોત્તરી કરવી. પૂછવું અને જાણવું તે પૃચ્છાના. અનુપ્રેક્ષા એટલે ચિંતન. ભાવનાઓ ભાવવી. ચિંતવવુ. અને તેનું પુનઃ પુનઃ સ્મરણ કરવુ તે પુનરાવર્તન અને તે વસ્તુ તે ગુણ જે મહાપુરૂષોએ આચર્યો હોય તેમના જીવન ચરિત્રની કથાનું શ્રવણ કરતાં કરતાં ધર્મ તત્ત્વ સમજવું તે ધર્મકથા કહેવાય છે. આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય કર્મનિર્જરા કારક આભ્યંતર તપ છે. **"स्वाध्यायो परमो तपः"** સ્વાધ્યાયને પરમ તપ કહ્યું છે. સર્વ તપોમાં તે રાજા છે. ઉચ્ચ તપ છે.

(૫) **ધ્યાન** જ્યારે અગ્નિ પ્રગટ થાય છે ત્યારે બધું જ બાળી નાંખે છે. એ જ પ્રમાણે આત્માની અંદર અધ્યવસાયોની સ્થિરતા લાવીને મન-વચન-કાયાની એકાગ્રતા સાધી શકાય તો તે ધ્યાન બને છે. ધ્યાનને એક પ્રજ્વલિત અગ્નિ કહે છે. **"ध्यानाग्निना दह्यते कर्म"** ધ્યાન રૂપી અગ્નિ વડે કર્મો બાળવામાં આવે છે.



ધ્યાન એટલે માનસિક વિચારધારા. મનનાં પરિણામો

શુભ હોય તો સુંદર કર્મની નિર્જરા થાય અને અશુભ હોય તો કર્મનો બંધ પણ એટલો જ ભારે થાય.

ષટ્‌ચક્ર



ભગવાન મહાવીર સ્વામીએ ૩૦મા વર્ષે દીક્ષા લીધી અને ૧૨॥ વર્ષ સુધીની અદ્‌ભુત ધ્યાનસાધના કરી. તપ કર્યું કાયોત્સર્ગ કર્યા. આ બધાથી નિર્જરા કરી કર્મનો ક્ષય કર્યો. અન્તે શુકલ ધ્યાનમાં વીરપ્રભુને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયુ. કર્મનિર્જરા માટે ધ્યાન પણ એક પ્રબળ પ્રકાર છે.

(૬) કાયોત્સર્ગથી નિર્જરા—


કાયા–શરીર, તેનો ઉત્સર્ગ એટલે ત્યાગભાવ તે કાયોત્સર્ગ. આની મુદ્રામાં સ્થિર ઊભા રહીને કાઉસ્સગ કરાય છે. અથવા એને જિન મુદ્રા પણ કહેવાય છે. દોષોના ત્યાગપૂર્વક આ

કાયોત્સર્ગ થાય છે. અનાદિ કાળથી જીવમાં પડેલો દેહભાવ, દેહરાગ એ બધાનો નાશ કરવા માટે કાયોત્સર્ગ ઉત્તમ માર્ગ છે. દેહરાગ, દેહભાવ અને દેહાધ્યાસે આત્માને ઘણાં અશુભ કર્મો બંધાવ્યા છે. એ કર્મોનો નાશ કરવા માટે કાયોત્સર્ગ કરવામાં આવે જેથી કર્મોનો નાશ થઇ શકે. દરેક તીર્થંકર કાયોત્સર્ગ કરે છે. સાધુ, મુનિરાજો કરે છે. શ્રાવક જીવનમાં કરી શકાય છે. દ્રવ્ય કાયોત્સર્ગમાં આહાર, પાણી, ઉપાધિ આદિનો ત્યાગ કરવામાં આવે છે. તે પૂર્વક થતો કાઉસ્સગ દ્રવ્ય કાયોત્સર્ગ. અને અંતરાત્મામાંથી ક્રોધાદિ કષાયોનો પણ ત્યાગ કરવો તે ભાવ કાયોત્સર્ગ છે. દૃઢપ્રહારીએ કાયોત્સર્ગમાં કેવળજ્ઞાન મેળવ્યું. ગજસુકુમાલ મુનિએ કાયોત્સર્ગમાં ઉપસર્ગ સહન કરી કેવળજ્ઞાન મેળવી. આત્મ કલ્યાણ સાધ્યું.

"भवकोडी संचियं कम्म तवसा निज्जरिज्जइ"

કરોડો ભવનાં બાંધેલાં પાપકર્મો પણ તપશ્ચર્યા અર્થાત આ બાહ્ય અને આભ્યંતર ૧૨ પ્રકારનાં તપ વડે નિર્જરી શકાય છે, ખપાવી શકાય છે. ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં જીવને જેટલી વિશેષ અને વધુમાં વધુ કર્મની નિર્જરા કરવાની સુલભતા મનુષ્ય ગતિમાં છે એટલી બીજી કોઇ ગતિમાં નથી. સર્વોત્તમ કર્મની નિર્જરા જીવ મનુષ્ય ગતિમાં જ કરી શકે છે. કારણકે સર્વ પ્રકારના તપાદિની સુલભતા માત્ર મનુષ્ય ગતિમાંજ છે. દેવગતિમાં ચારિત્ર તપાદિ કંઈ છે જ નહીં.

"कडाण कम्माण न मोक्खोत्ति" જો નિર્જરા ન કરી તો કર્યા કર્મ ભોગવ્યા સિવાય કોઇ છૂટકારો નથી. નિકાચિત કર્મોની નિર્જરા તપાદ્વીર્થી નથી થતી. પરન્તુ તે કર્મો તો


નિર્જરા
સકામ નિર્જરા-(તપ)
અકામ નિર્જરા
બાહ્ય તપ
આભ્યંતર તપ
અણસણ ૨
ઉણોદરી ૨
વૃત્તિસંક્ષેપ ૪
રસત્યાગ ૧
કાયકલેશ ૧
સંલીનતા ૨
બાહ્ય
આભ્યંતર
છ વિગઇત્યાગ
ઇન્દ્રિય સંલીનતા
વિવિક્તચર્યા સંલીનતા
ઇત્વરિક
યાવત્કથિત
દ્રવ્ય
ક્ષેત્ર
કાલ
ભાવ
લોચાદિ
વિહાર
મલ
આસન
બાહ્યના ભેદ — ૨-૨-૪-૧-૧-૨=૧૨
પ્રાયશ્ચિત્ત ૧૦
વિનય ૭
વૈયાવચ્ચ ૧૦
સ્વાધ્યાય ૫
ધ્યાન ૪
કાયોત્સર્ગ ૨
આલોચના. પ્રતિક્રમણ જ્ઞાન, દર્શન આ ઉ.ચા. તપસ્વી
મિશ્ર, વિવેક તપ, ચારિત્ર, મન, લઘુશિષ્યાદિ. ગ્લાન
કાયોત્સર્ગ, છેદ, ભુલ, વચન, કાયા, શ્રાવક, સંઘ, કુલ
અનવસ્થિત, પારાંચિત ઉપચાર, ગણ
વાચના
પૃચ્છના
અનુપ્રેક્ષા
પરાવર્તના
ધર્મકથા
શુભ
અશુભ
ધર્મ
શુક્લ
આર્ત
રૌદ્ર
બાહ્ય
આભ્યંતર
(કાયિક)
મનથી
આભ્યંતરના ભેદ — ૧૦-૬-૧૦-૫-૪-૨=૩૮ કુલ-૧૨-૩૮=૫૦

ભોગવવાં જ પડે. પરન્તુ જે કર્મો નિકાચિત નથી હોતાં તે કર્મો તો કોઇ પણ જીવ તપાદિ વડે ઉદીરણા કરીને ઉદયમાં લાવીને પણ નિર્જરી શકે છે.

આ પ્રમાણે કર્મ ક્ષયથી મોક્ષ થાય છે, અને મોક્ષ પ્રાપ્તિ માટે કર્મક્ષયપૂર્વકની નિર્જરા કરવી જ પડે. અન્યથા મોક્ષ નહીં થાય. માટે જ્યારે કર્મબંધ તત્ત્વ માનીએ છીએ તો તેની સાથે કર્મ મોક્ષ (ક્ષય-નાશ) પણ અવશ્ય સ્વીકારવો જોઇએ.

જો બંધ માનીએ અને મોક્ષ નહીં માનીએ તો આત્મા સંસારમાં જ પરિભ્રમણ કરતો રહેશે. તેનો કોઈ છુટકારો કે અન્ત જ નહીં આવે અને આત્મતત્ત્વ સ્વીકાર્યા પછી હે મંડિક ! સંસારીને મુક્તિ તો તેની જ અર્થાત આત્માની જ અવસ્થા વિશેષ છે. માણસ માનવો અને પછી તેને નાનો-મોટો ન માનવો એ કેમ ચાલે ? એ જ પ્રમાણે આત્મા માનવો અને તેની સંસારી તથા મુકતાવસ્થા ન માનીએ તો ન ચાલે. અને જો સંસારી તથા મુકતાવસ્થા માનીએ છીએ, સ્વીકારીએ તો તે કયા કારણે સ્વીકારીએ છીએ ? એ બન્ને અવસ્થાનાં કારણ પણ ન માનીએ તો પણ કેવી રીતે સાધ્ય સિદ્ધ થશે ? અગ્નિ વગર ધુમાડો થાય છે આ તો એવી વાત સિદ્ધ થશે પરન્તુ તે તો બનતું નથી.

માટે આત્માની સંસારી અવસ્થામાં કારણરૂપ કર્મ-બંધ તત્ત્વ માનવો પડે અને મોક્ષાવસ્થાની પ્રાપ્તિ માટે કર્મ-મોક્ષ, કર્મની નિર્જરા માનવી જ પડે. કર્મબંધથી જ સંસાર અને કર્મક્ષયથી જ મોક્ષ. આ બન્નેનાં બે કારણો છે. માટે કર્મક્ષય તો સદાય થાય છે.

શું કર્મ તપથી જ ખપે કે સ્વયં પણ ખપે ?

કર્મ ક્ષય કરવા માટે મુખ્ય વિકલ્પ તો તપ જ છે. સ્વેચ્છાએ બાહ્ય–આભ્યંતર તપ કરવાથી તથા તેના પ્રકારના શુભ અધ્યવસાયથી તે તે કર્મની નિર્જરા થાય છે. પરન્તુ જે જીવો મિથ્યા દૃષ્ટિ અજ્ઞાની છે તેથી એ જીવો તપમાં માનતા જ નથી. સમતાજ જ નથી, કરતા જ નથી. તો તેમના કર્મની નિર્જરા થાય જ નહીં ?

ના. એવું નથી. કર્મ જે આત્મા સાથે બંધાયાં છે તે એક દિવસ તો છૂટાં પડવાનાં છે. પરન્તુ તે કયારે ? કે જયારે કર્મની અવધિ સમય મર્યાદા પૂરી થઇ ગઇ હોય એટલે તે કર્મ ઉદયમાં આવી પોતાના વિપાક દેખાડીને ખપી જ જવાનાં છે. પછી આત્માની સાથે રહેવાના નથી. દા. ત., આપણને તાવ આવ્યો. કોઇ પણ રોગ થયો. ૨–૪ દિવસ તાવ રહ્યો. આ અશાતા વેદનીય કર્મનો ઉદય. હવે એ ઉદયની કાળ મર્યાદા પ્રમાણે રહેશે. અને પછી પોતાનો વિપાક–એટલે–ફળ–દુઃખ–અશાતા દેખાડીને તે કર્મ ખપી જશે.

પ્રશ્ન — જો આ ક્રમ ચાલતો જ હોય અને બાંધેલાં કર્મો એની મેળે ખપતાં જ હોય તો પછી નિરર્થક તપ કરીને સો ફાયદો ? તો પછી તપ કરવું નકામું ને ?

ના. એમ પણ નથી. તપ વિશેષ કરવાથી તે કર્મની ઉદીરણા થાય છે. એટલે જે કર્મ હજી ઉદયમાં નથી આવ્યું તે કર્મને ખેંચીને ઉદયમાં લાવવું અને તેને તપના ૧૨ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારની આરાધનાથી ખપાવી દેવું. હવે

ઉદીરણામાં એ કર્મને જે ૧ વર્ષ પછી, ૨ વર્ષ પછી ૧૦ વર્ષ પછી ઉદયમાં આવવાનું હતું તેને આજે જ લાવીને ખપાવી નાંખ્યું. ઠંડા પાણીએ અસ્ત ગઇ, કાંટાની વેદના સોયની અણીએ ગઇ. અને એ કર્મ ખપી ગયા પછી હવે ૪, ૮, ૧૦, વર્ષ પછી તમારે એ કર્મનું દુઃખ, તાપ કે અશાતા કંઈ પણ ભોગવવુ નહીં વડે આપણે એ કર્મની સજા, દુઃખમાંથી છૂટી ગયા. આ રીતે કર્મોની ઉદીરણા કરીને તપાદિ વડે સ્વેચ્છાપૂર્વક ખપાવવા આ જ ડહાપણભર્યો માર્ગ છે. અગમચેતી જેવો માર્ગ છે. એના કરતાં વિપરીત કર્મો એના સમયે ઉદયમાં આવે અને એ પોતાનું નાટક પૂરેપૂરો ભજવે. એ વખતે એની સજામાં કેટલું દુઃખ ભોગવવું પડે અને તેમાં સમતા ન રહેતાં બીજાં નવાં કર્મો પણ બંધાય છે. આ પરંપરા ચાલુ જ રહે છે. આના કરતાં તો તપનો આશ્રય લઇ ને ઉદીરણા દ્વારા કર્મની નિર્જરા કરવી એ લાખ ગણો સારો માર્ગ છે. હા. એક વાત અહીંયાં તપના માર્ગમાં પણ ખરી કે તપ કરવાથી પણ નિકાચિત–ગાઢ બંધાયેલાં કર્મો નો પણ ક્ષય નથી થતો. માટે ફકત નિકાચિત–ગાઢ બંધવાલા કર્મોને તો તેના સમયે ભોગવવાં પડશે, એના ઉદયે એની સજા દુઃખ ભોગવ્યા પછી જ તે કર્મ ખપશે. એટલે નિકાચિતની વાત જુદી છે. પરન્તુ બધા જ કર્મ નિકાચિત જ હોય છે, એવુ નથી. બીજાં અનિકાચિત કર્મો ઘણાં છે, તેને તપ દ્વારા ખપાવી શકીએ છીએ.

શું નિર્જરા એટલે મોક્ષ કહેવાય ?

ના. નિર્જરા થાય ત્યારે મોક્ષ થવો જ જોઇએ એવો નિયમ નથી. જ્યારે જ્યારે નિર્જરા થાય ત્યારે મોક્ષ ? કે મોક્ષ થાય ત્યારે નિર્જરા ? ચોક્કસ મોક્ષ થશે ત્યારે તો નિર્જરા અવશ્ય થવાની જ છે. સંપૂર્ણ નિર્જરા થશે તો જ મોક્ષ થશે. પરન્તુ નિર્જરા થશે ત્યારે મોક્ષ થાય કે ન પણ થાય. કારણ, નિર્જરા કેટલા પ્રમાણમાં થઇ છે તે જોવાનું છે.

નિર્જરા

દેશનિર્જરા	સર્વનિર્જરા
દેશ = અલ્પ પ્રમાણમાં થોડા કર્મની નિર્જરા તે દેશ નિર્જરા બધા-સંપુર્ણ કર્મની નહીં. દેશ નિર્જરા મોક્ષ નથી.	સર્વ કર્મોનું સર્વથા સંપુર્ણ પણે જડમૂળમાંથી સર્વાંશે ક્ષય કરવો તે સર્વ નિર્જરા છે. સર્વ નિર્જરાથી જ મોક્ષ છે.

देशन यः संचितकर्मणां क्षयः सा निर्जरा प्राज्ञजनैर्निवेदिता स्यात्सर्वथेयं यदि सर्वकर्मणां, मुक्तिस्तदा तस्य जनस्य – संभवेत ।

આત્માએ બાંધેલ સંચિત કરેલાં કર્મોની જો દેશ નિર્જરા અર્થાત અલ્પ પ્રમાણમાં નિર્જરા કરીએ તો તેથી મોક્ષ નહીં થાય. પરન્તુ સર્વથા સંપૂર્ણપણે સર્વ કર્મોની નિર્જરા કરીએ તો જ આત્માનો મોક્ષ થાય છે. માટે મોક્ષ અવશ્ય છે. ભવ્ય જીવોને બંધાયેલાં કર્મો એક દિવસ છૂટે તો ખરા ત્યારેજ મોક્ષ થાય. ભૂતકાળમાં એવા અનન્ત આત્માઓ

આ પ્રમાણે સર્વ નિર્જરા કરીને મોક્ષે ગયા છે. એ એનું પ્રમાણ છે, પુરાવો છે. અને માટે જ મહામંત્ર નવકારમાં સવ્વપાવપ્પણાસણો સર્વ પાપકર્મોનો નાશ કરવાનો લક્ષ રાખવાને નિર્દેશ કરવામાં આવ્યો છે.

શું નિર્જરા પછી ફરી બંધ થાય ?

નવ તત્ત્વોમાં સાતમા ક્રમે નિર્જરા, આઠમા ક્રમે બંધ અને નવમા ક્રમે મોક્ષ તત્વ વર્ણવવામાં આવ્યાં છે. દેશ નિર્જરા થઈ એટલે મોક્ષ ન જ થાય, થોડી નિર્જરાથી મોક્ષ નથી થતો. પરન્તુ જે કર્મની નિર્જરા થઈ છે, તેની પાછળ બીજાં કર્મો હજી ઘણાં બેઠાં છે. જેમ ઉપર ઉપરથી થર કે પોપડા કાઢતા જઇએ પરન્તુ નીચે એટલા જ થર, પોપડા હજી ઘણા છે. હજી આત્મા જે થરો નીચે દબાયેલો છે તે તો ઘણુ છે. એક વસ્તુ ઉપરથી રંગના એકબે થરના પોપડા કાઢવાથી તે વસ્તુ સ્પષ્ટ દેખાવા નથી માંડતી. પરન્તુ તેની ઉપરના સર્વ થરો નીકળી જાય તો જ તે વસ્તુ દેખાય. એ જ પ્રમાણે આપણે આજે ઉપવાસ કે અઠ્ઠાઇ કરી એટલે બધાં જ કર્મો નથી ખપી જતાં. સંભવ છે ઉપરના આછાપાતળા ૧-૨ થર નીકળે ખરા. પરન્તુ આત્મા ઉપર કર્મની રજના અનન્ત થરો જામેલા છે અને એ અનન્ત થરો કર્મના પડને નિર્જરીએ, ખપાવીએ તો જ આત્માનો મોક્ષ થશે.

શું ઘરમાં ઝાડુ કાઢયા પછી નવો કચરો પાછો નહીં આવે ? ચોક્કસ આવશે. માટે જ રોજ સવાર-સાંજ બે વાર ઝાડુ કાઢવું જ પડે છે. સવારે કાઢયું છતાં સાંજે પાછો એટલો જ કચરો નીકળતો જ જાય છે. કારણ રજકણો તો

સતત આવતા જ જાય છે. નિર્જરા કરતી વખતે પણ બીજી બાજુના અશુભ અધ્યવસાયોથી બીજી બાજુ કર્મ બંધ પણ થતો જાય છે. ઉપવાસ કર્યો ત્યારે નિર્જરા થશે પરન્તુ ઉપવાસમાં પણ ભોજન કથાની વાતો, મીઠાઇ–ફરસાણની ચર્ચા-વિચારણા, ખાવાની શરત, વગેરેના નિમિત્તો તથા ખાવાના વિચારો, સ્વપ્નાં વગેરે કર્મબંધ પણ કરાવશે.




જ્યાં સુધી કર્મ બંધના મિથ્યાત્વ-અવિરતિ પ્રમાદ-કષાય-યોગના હેતુઓ બંધ ન થાય ત્યાં સુધી તો કર્મ બંધ ચાલુ રહેશે. જેમ કર્મ બંધના હેતુઓ છે તેમ જ કર્મના આગમનના આશ્રવ દ્વારો પણ છે, ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગ ક્રિયા આદિ કર્મના આશ્રવ દ્વારો છે. હવે વિચાર કરો કે આશ્રવ દ્વારો ખુલ્લા છે, અને કર્મ બંધના હેતુઓ પણ બંધ નથી થયા. તેના દ્વાર પણ ખુલ્લા છે. પ્રવાહ ચાલુ છે તો પછી કર્મનો બંધ કેમ નહીં થાય ? થતો જ રહેશે. ભલે આપણે કર્મ ક્ષય માટે નિર્જરા કરતા હોઇએ પરન્તુ તેના સાથે સાથે આશ્રવ માર્ગોનો નિરોધ ન કર્યો હોય, તેને ન અટકાવ્યા હોય અને એ જ પ્રમાણે કર્મ બંધના હેતુઓ પણ બંધ ન કર્યા

હોય તો નિર્જરા પછી પણ ફરી ફરી કર્મ બંધ થવાનો જ. જેમ ઘરના બારી-બારણા ખુલ્લા રાખીને ઝાડુ કાઢવાની ક્રિયામાં એક બાજુથી કચરો નીકળશે ખરો, પણ બીજી બાજુ ફરીથી હવાથી ઊડીને તે જ કચરો અને બહારથી આવતો નવો કચરો બન્ને આવતા જ જશે. અને ઝાડુ કાઢનાર કાઢતા જ જશે. તો આમાં શું થશે ? શું ઘર સાફ થશે ? ના.

એ જ પ્રમાણે આવી જ અજ્ઞાનભરી ક્રિયા જીવની ચાલુ છે. નિર્જરા પણ કરે છે અને આશ્રવના બારી-બારણા પણ ખુલ્લા રાખ્યા છે, અને કર્મ બંધના હેતુઓ પણ ચાલુ છે. પછી કર્મ બંધથી જીવ કયાંથી બચે ? સંભવ નથી. શકય નથી. કર્મો બંધાતાં જ જશે.

મોક્ષે ગયા પછી કર્મ કેમ નથી બંધાતાં ?



सेाऽणवराहेा दव्व पुणेा न बज्झए बंधकारणाभवा ।
जेागा य बंधहेउ न य ते तस्सासरीरात्ति ॥ १८४०

कर्म मुक्तिः किल मुक्तिरेव ખરેખર તો કર્મથી મુકિત (છુટકારો) એ જ ખરેખર મોક્ષ છે. એકવાર આત્મા અથાગ પુરુષાર્થ કરીને આ કર્મના બંધનોથી છૂટી ગયો. હવે જેને મન, વચન, કે કાયા કંઈ જ રહ્યા નથી સદાના માટે અશરીરી થઈને મોક્ષે ચાલ્યો ગયો છે તેને હવે કોઈ બંધનો પ્રશ્ન જ નથી. જે ચૌદરાજ લોકના છેડે આત્મા સિદ્ધશિલા ઉપર સ્થિર થઈ ગયો ત્યાં તેનું મોક્ષસ્થાન છે

સિદ્ધશિલા પણ ચૌદરાજ લોકમાં જ છે. ત્યાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય સ્થાવરના પૃથ્વી,પાણી,અગ્નિ, વાયુના તેમજ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના નિગોદના ગોલા પણ ત્યાં છે. અને સાથે સાથે અષ્ટ મહવાર્ગણાં પણ ત્યાં છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુએ પણ ત્યાં છે. અને આ એકેન્દ્રિયના જીવો ત્યાં પણ કર્મ બાંધે છે. કાર્મણ વર્ગણા ગ્રહણ કરીને કર્મ બાંધે છે. તો પછી જે આત્મા સિદ્ધ થઈ ને સિદ્ધશિલાએ પહોંચ્યા છે તેમને કેમ કર્મ નથી બંધાતા ? સિદ્ધના જીવો પણ ત્યાં છે, અને કાર્મણ વર્ગણા પણ ત્યાં છે. તો પછી ત્યાં તેમને ફરી કર્મ કેમ નથી બંધાતાં ?

એના ઉત્તરમાં ભગવંતે આ શ્લોકમાં ફરમાવ્યું કે, સિદ્ધના જીવોને મન, વચન, કાયા (શરીર) જ નથી. તેથી મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓ પણ નથી, ઇન્દ્રિયાશ્રવાદિ આશ્રવદ્વારો પણ નથી. તો પછી કાર્મણ વર્ગણા હોવા છતાં પણ કર્મ શા માટે બંધાય ? કર્મ એની મેળે કયારેય નથી બંધાતાં. આપણે તથા પ્રકારની રાગ-દ્વેષની પ્રવૃત્તિ કરીએ છીએ તો જ કર્મ બંધાય છે. સિદ્ધના જીવોને તો શરીર, આયુષ્ય, કર્મ, વગેરે કંઈ છે જ નહીં. કહ્યું છે કે–

सिद्धाणं नत्थि देहो न आउ कम्मं न पाण जोजीओ।
साहः अणंता तेसिं ठिई जिणंदागमे भणिआ ॥

સિદ્ધાત્માઓને નથી તો શરીર, નથી તો આયુષ્ય તેથી જન્મ-મરણ પણ નથી. નથી તેમને કર્મ, નથી તેમને ઇન્દ્રિય, શ્વાસોશ્વાસાદિ પ્રાણો અને ઉત્પત્તિ યોનિ પણ નથી અને મોક્ષમાં તેમની સ્થિતિ સાદિ-અનન્ત છે. આ પ્રમાણે

જિનેશ્વર ભગવંતનાં આગમશાસ્ત્રોમાં કહ્યું છે. સાદિ= એટલે પ્રારંભ. શરૂઆત. અને અનન્ત. અર્થાત અંત વિનાની અર્થાત એક વાર મોક્ષ જે ને પ્રાપ્ત કર્યો જેની આદિ- શરૂઆત થઇ ત્યાર પછી કયોરેય તે સિદ્ધાત્માનો અન્ત નથી આવતો. અનન્ત કાળે પણ તેનો અન્ત નથી આવતો. કારણ, ત્યાં કોઇ કર્મબંધ તો છે જ નહિ.

શું મોક્ષે ગયા પછી જીવો પાછા આવે ?

જેમ હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અવતારવાદ બતાવવામાં આવ્યો છે. કહ્યું છે કે, ભગવાન ફરી ફરી અવતાર લે છે. પાછા આવીને જન્મ લે છે અને લીલા કરે છે, ઇત્યાદિ. આ વિચારધારા જિનેશ્વરના શાસનમાં નથી. "अपुनरावृत्ति" જ્યાં ગયા પછી ફરી નથી આવવાનું તે મોક્ષ છે.

न पुणो तस्स पसूई बीया भावाहिंकुरस्सेव ।
बीयं च तस्स कम्मं न य तस्स तयं तओ निच्चो ॥

મંડિકને સમજાવતાં શ્રી વીર પરમાત્માએ કહ્યું, હે મંડિક ! મોક્ષે ગયા પછી જીવનું પુનરાગમન– ફરી આવવા– પણું રહેતું નથી. કારણ, બીજ નો જ અભાવ છે. જેમ બીજ બળીગયું હોય. દાઝી ગયું હોય પછી હવે તેમાંથી અંકુર ન ફૂટે બીજ ઉગે નહીં. તેમાંથી ઝાડ ન થાય. તેજ પ્રમાણે આત્માને આ સંસારમાં પરિભ્રમણ કરાવનાર જે કર્મો હતા તે જ બીજ તરીકે હતા. તેના જ કારણે જીવ ના જન્મ- મરણ, એક ગતિમાંથી બીજી ગતિમાં ગમના-ગમન થતું હતું સુખ- દુઃખ મળતું. પરન્તુ હવે આ કોઈ વાતની સંભાવના જ નથી. કારણ, બીજના જ અભાવમાં અંકૂર ક્યાંથી ફૂટે ? એ જ પ્રમાણે

કર્મના જ અભાવે જીવ સંસારમાં ફરી આવે શા માટે ? કોઇ પ્રયોજન નથી. એટલે જૈન ધર્મમાં મોક્ષથી પુનરાગમન નથી માન્યું. માટે જ અવતારવાદને અવકાશ નથી.

શું મોક્ષ નિત્ય છે કે અનિત્ય ? –

दव्वामुत्तत्तणओ नहं व निच्चो मओ स दव्वतया ।
सव्वगयत्तावतो महित्ति तं नाणुमाणाओ ॥ १८४२.


મોક્ષમાં કર્મરૂપ બીજ જ નથી તેથી ભવોત્પત્તિ-રૂપ અંકુરની ઉત્પત્તિનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. જ્યારે એક વાર આત્મા મોક્ષે ગયા પછી કાળસ્થિતિ જ અનન્ત છે, પછી અનિત્યતા ક્યાંથી સંભવે ? માટે મોક્ષમાં જીવ નિત્ય રહે છે. અને એટલે જ જીવનો મોક્ષ નિત્ય છે. તે મુકતાત્મા દ્રવ્ય સ્વરૂપ અને અમૂર્ત હોવાથી આકાશની પેઠે દ્રવ્યપણે નિત્ય છે. જેમ પ્રધ્વંસાભાવ કૃતક છતાં નિત્ય છે. પ્રધ્વંસાભાવ તો અનુત્પન્ન પદાર્થનો રહે છે. અને જો પ્રધ્વંસાભાવનો જ અભાવ માનીને પ્રધ્વંસાભાવને અનિત્ય માનવામાં આવે તો અભાવનો અભાવ માનવાથી ભાવની સ્થાપના થઇ જાય. માટે પ્રધ્વંસાભાવ કૃતક છતાં નિત્ય છે. તે જ પ્રકારે મોક્ષ પણ કૃતક= અર્થાત કૃતિમત્ પ્રયત્ન સાધ્ય છે. છતાં પણ નિત્ય છે. આત્મા જરૂર નિત્યાનિત્ય છે. સ્વદ્રવ્ય સ્વરૂપે આત્મા નિત્ય છે. અને સંસારમાં તેના પર્યાયોનો વિચાર કરવામાં આવેતો તે અનિત્ય પણ છે. માટે નિત્યાનિત્ય ઉભય સ્વરૂપે આત્મા છે. જેમ માટીના પર્યાયરૂપે ઘટની ઉત્પત્તિ તથા નાશ બન્ને થાય છે. તેથી ઘડો માટીની અપેક્ષાએ નિત્ય અને ઉત્પત્તિ આકારની અપેક્ષાએ અનિત્ય.

એ જ પ્રમાણે મુકતાત્મા વિષે જો નિત્યાનિત્ય કહેવુ હોય તો કહી શકાય કે- સંસારી પર્યાય રૂપે આત્મા નષ્ટ થયો અને મુકતાત્મા તરીકે ઉત્પન્ન થયો. અને સોપયોગત્વાદિ આત્મ ગુણસ્વરૂપે દ્રવ્યથી એ જ મૂળભૂત સ્વરૂપમાં કાયમ રહ્યો. માટે દ્રવ્યસ્વરૂપથી નિત્યત્વપણું તથા પર્યાય સ્વરૂપથી અનિત્યત્વપણું એમ જીવમાં, મુકતાત્મામાં નિત્યાનિત્યપણાનું સ્વરૂપ રહે છે. આ પ્રમાણે સાપેક્ષવાદી· સ્યાદ્વાદી કહે છે.

શું આત્મા સર્વ વ્યાપી છે ?

આત્માને સર્વ વ્યાપી માનનારાં દર્શનો પણ છે. 'વિભુ' દ્રવ્ય તરીકે આત્માને ઇતર દાર્શનિકોએ માન્યો છે. 'વિભુ' એટલે "સર્વ મૂર્તદ્રવ્ય સંયોગિત્વ"– અર્થાત સમસ્ત સંસારના સર્વ મૂર્ત દ્રવ્યોનો સંયોગ કરનાર તે આત્મા આકાશની પેઠે સર્વવ્યાપી, સર્વગત છે. જૈન શાસનની માન્યતાનું સ્વરૂપ છે. આત્માને સ્વદ્રવ્યથી સર્વવ્યાપી માનવાની આવશ્યકતા નથી. દ્રવ્યથી આત્મા પરિમિત ક્ષેત્રમાં રહે છે. સંસારી અવસ્થામાં દ્રવ્યથી આત્મા કાયાકારપરિણામી–સ્વદેહપરિમિત ક્ષેત્રમાં જ રહેનારો હોય છે. જો દ્રવ્યથી આત્માને સર્વવ્યાપી માનવામાં આવે તો સર્વ જીવોના સુખદુઃખની અનુભૂતિ થવી જોઈએ. પરન્તુ તે નથી થતી. બીજાની આંગળી કપાય છે તો પણ આપણને કોઈ હર્ષ–શોક દુઃખ નથી થતો જો. સર્વવ્યાપી હોય તો થવો જોઇએ. પરન્તુ નથી થતો એ પ્રત્યક્ષ અનુભવગમ્ય વસ્તુ છે. માટે આત્માને દ્રવ્યથી સર્વવ્યાપી દ્રવ્ય માનવો તેના કરતાં આત્માને પોતાના જ્ઞાનગુણથી સર્વવ્યાપી માનવો એ જ નિર્દોષ પક્ષ છે.

અનન્ત લોકા-અલોકાકાશ સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



જે આત્માને કેવળજ્ઞાન થાય છે તે સર્વજ્ઞ કેવળી આત્મા સદેહે હોય અથવા વિદેહે મોક્ષમાં હોય તો પણ સમાન સ્વરૂપે અનન્તા આકાશ સુધી જોઇ શકે છે. સમસ્ત લોક–અલોકમાં સર્વત્ર ક્યાં શું છે?, અને ક્યાં શું નથી. અર્થાત લોકમાં શું શું છે? ક્યાં શું છે? અને અલોકમાં શું શું નથી? ઇત્યાદિ સર્વ કંઇ પણ પોતાના જ્ઞાનથી જુએ છે. અનન્તને જોનાર અનન્ત જ્ઞાની કહેવાય. તે કેવળ જ્ઞાનથી સર્વવ્યાપી થયા., દ્રવ્યથી નહીં. આત્મ દ્રવ્યથી તો આ પૃથ્વી

ઉપર સદેહે હોય, અથવા વિદેહે મોક્ષમાં નિયત સ્થાને હોય છતાં તેમને બધું જણાય એમને જોવા જવુ નથી પડતુ પરન્તુ બધુ તેમના જ્ઞાનમાં જણાય છે. માટે આત્મા સ્વદ્રવ્યથી સર્વ-ગત – સર્વવ્યાપી નથી. પરન્તુ કેવળજ્ઞાનથી સર્વવ્યાપી છે. આ ચિત્રમા જોઇને સ્પષ્ટ સમજી શકાશે,


મોક્ષ ગમન તો ક્યાં સુધી ?
અલોકમાં પણ ગમન કેમ નથી થતું ?

અઢી દ્વીપના ક્ષેત્રમાંથી દેહમાંથી મુકત થઈને ઋજુગતિ દ્વારા ગમન કરતો એક જ સમયે આત્મા ચૌદરાજ લોકના અગ્ર ભાગે પહોંચી જાય છે. લોअग्गमुवगयाणं'' લોકના અગ્ર ભાગે પહોંચી જાય છે. ઋજુ-સરળ ગતિથી જાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૯૦° ના અંશે સીધો જાય છે અને જ્યાં લોકાગ્ર છે ત્યાં સ્થિર થઈ જાય છે. હવે ત્યાંથી આગળ નથી જતો.

किं सिद्धालयपरओ न गई ? धम्मात्थिकाय विरहाओ।
सो गइ उवग्गहकरो लोगाग्मि जमत्थि नालोए ॥ १८५०

સિદ્ધાલય અર્થાત સિદ્ધક્ષેત્રે જીવ જાય છે. તો તેની ઉપર પણ કેમ નથી થતો ? જો ૧ સમયમાં દેહ છોડીને સાત રાજલોક પ્રમાણ ક્ષેત્ર કાપીને સરલ સીધો જીવ ગતિ કરતો જાય છે તો પછી તે હજી લોકની પણ આગળ અલોકમાં કેમ નથી જતો ?

મંડિકના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ફરમાવ્યુ, હે મંડિત, જેમ માછલાને ગતિમાં સહાયક પાણી છે. તે જ પ્રકારે


સિધ્ધ શિલા
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૨
૯
૧
૨
૪
૫
કિલ્બિષિક
લોકાંતિક
લો
૬
કિલ્બિષિક
૧૦
કિલ્બિષિક
ચર-સ્થિર જ્યોતિષ્ક
વ્યંતર
ભવનપતિ
દ્વીપ સમુદ્ર
નરક ૧
નરક ૨
નરક ૩
નરક ૪
નરક ૫
નરક ૬
નરક ૭
૧
૨
૩
ત્રસનાડી
૫
૬
૭


ચૌદરાજ લોકમાં સર્વત્ર પ્રસરેલા જીવ અને પુદ્ગલને ગતિ કરાવવામાં સહાયક તત્વ તે ધર્માસ્તિકાય છે, અને એ જ ગતિમાં સ્થિતિ કરાવવામાં સહાયક તત્વ અધર્માસ્તિકાય છે. અને આ ધર્માસ્થિતકાય વગેરે લોકમાંજ છે. આ લોક ૧૪ રાજ લોક પ્રમાણ છે. એની બહાર અલોક છે. અને અલોકમાં ગતિ સહાયક ધર્માસ્તિકાય વગેરે નથી. માટે જીવ અલોકમાં ગતિ નથી કરી શકતો જેમ માછલી પાણી વિના બહાર ગતિ નથી કરી શકતી તેમ. માટે જીવની ગતિમાં ધર્માસ્તિકાય તત્વ સહાયક હોવાથી જ્યાં સુધી આ તત્વ છે ત્યાં સુધી જ જીવ ગતિ કરી શકશે, અને જ્યાં સુધી સ્થિતિ સહાયક અધર્માસ્તિકાય તત્વ છે ત્યાં સુધી જઈને જીવ અટકી જશે. સ્થિર થઇ જશે. એથી આગળ અલોકમાં નહીં જઇ શકે. માટે લોકાગ્ર ભાગે સિદ્ધાત્મા સદા માટે સ્થિર થઇ જાય છે.

લોકાગ્ર ભાગથી મુકતાત્મા પાછા કેમ નથી પડતા ?

नहनिच्चलओ वा थाण विणासपयणं न जुतं से ।
तह कम्माभावाओ पुणाक्किया भावओ वावि ॥ १८५७

મંડિક–હે ભગવંત ! જેમ ઝાડ ઉપર બેઠેલો માણસ પડી જાય, અથવા ફળ પડી જાય તેમ લોકાગ્ર ભાગે રહેલા સિદ્ધાત્માઓ પડી કેમ નથી જતા ? એમનું પતન કેમ ન થાય ?

કરુણાસાગર કૃપાલુ ભગવંતે કહ્યું—હે મંડિક ! એક વાર જે આત્મા મોક્ષે ચાલ્યો ગયો તે આ ચાર ગતિના સંસાર-ચક્રમાંથી છૂટીને સિદ્ધશિલા ઉપર લોકાગ્રભાગે બિરાજમાન થઇ ગયા પછી કદાપિ કોઈ કાળે પણ તેનું પતન સંભવ નથી.



કારણ કે એ સ્થાન આકાશની જેમ નિત્ય હોવાથી તેનો વિનાશ પણ નથી થતો. અને વિનાશ ન થવાથી મુકતાત્માનું પતન પણ નથી થતુ. બીજુ, આત્માને પતનાદિ ક્રિયામાં કર્મ જે મુખ્ય કારણ છે તે કર્મ તો ત્યાં છે જ નહીં સર્વથા

કર્મનો અભાવ છે. તો પછી પતનની સંભાવના રહી જ કયાં? અને બીજુ કે પોતાના પ્રયત્નની પ્રેરણા-આકર્ષણ-વિકર્ષણ તથા ગુરુત્વ (ભારે વજન) વગેરે જે પતન થવાના કારણો છે તે પણ મુકતાત્માને ત્યાં નથી એટલે પણ પતન સંભવ નથી.

કદાચ 'સ્થાનથી પતન' એમ જો તું કહેતો હોય તો તે પણ યોગ્ય નથી. સ્થાન તો આકાશ છે. અને જો સ્થાનથી પતન માનીએ તો તો આકાશને પણ પોતાના નિત્ય સ્થાનથી ચલાયમાન થઈને પડવું જોઈએ. પરન્તુ તે તો નથી બનતું. આકાશ નિત્ય દ્રવ્ય છે. તે કદાપિ પડતો નથી. તેમ આત્માનો મોક્ષ થયા પછી તે નિત્ય સ્વરૂપમાં છે એટલે કદાપિ પતન સંભવ જ નથી. ત્યાં પતનનું કોઈ કારણ નથી.

પરિમિત ક્ષેત્રમાં અનંતા કેવી રીતે સમાયા ?


મંડિક સ્વામીએ પ્રશ્ન કર્યો, હે ભગવંત ! સિદ્ધ શિલા તો પરિમિતિ=મર્યાદિત ક્ષેત્ર છે. તો પછી ત્યાં અનન્તા સિદ્ધો કેવી રીતે સમાઈ શકયા ? તે વિષયમાં ફરમાવે છે.

परिमियदेसेऽणंता किहमाया ? मुतिविरहियत्ताओ ।
णेयम्मि व नाणाई दिट्ठीओ वेगरूवम्मि ॥ १८६०

સિદ્ધોની આદિ પણ સિદ્ધ નહીં થાય. કારણ, કાળ અનાદિ છે. કાળ પ્રવાહની પરંપરા અનાદિ હોવાથી પ્રથમ શરીર કોનું કલ્પશો ? પ્રથમ મોક્ષે કોણ ગયો ? પ્રથમ નિગોદમાંથી કોણ નીકળ્યો એ પણ કહેવુ અસંભવ છે. માટે સિધ્ધોની આદિ પણ કહેવી સંભવ નથી.

હવે સિદ્ધશિલા તો માત્ર ૪૫ લાખ યોજન પહોળી પરિમિત છે. અને અનાદિ-અનન્ત કાળથી જીવો મોક્ષે જતા રહ્યા છે. અનન્તા જીવો મોક્ષે પહોંચ્યા છે તો ત્યાં અનન્તા

કેવી રીતે રહી શકતા હશે ? આના ઉત્તરમાં કહેવાનું કે, જીવાત્મા અમૂર્ત છે અને અરૂપી છે. અને દીપકની જવા-



લાની જેમ બધા એકબીજામાં સમાઈ જાય છે. પાંચ દીવડાઓ જુદા જુદા ભેગા કર્યા હોય તો તે પાંચેયની જવાલાઓ ભિન્ન ભિન્ન દેખાય છે. છતાં ભેગા કરતાં તે એક બીજામાં ભળી જાય છે. પાંચેની એક ભેગી રહે છે. અથવા દૂર એક નાચતી નટી ઉપર હજારો પ્રેક્ષકોની નજર ભેગી કેવી રીતે થાય છે ? એક સોયને જોનારા ઘણાં માણસોની દૃષ્ટિ કેવી એ સોય ઉપર ભેગી થાય છે ? સોય એક છે. અને તેનાં ઉપર ઘણાંની દૃષ્ટિ ભેગી થાય તેમ અનન્તા સિદ્ધાત્માઓ મોક્ષમાં એકબીજામાં એકત્ર-ભેગા થઈને પણ રહે છે. એક રૂમમાં જેમ ઘણાં દીવાઓ ભેગા કર્યા હોય તો તે બધાનો પ્રકાશ એક જ રૂમમાં જેમ ભેગા થઇને રહી શકે છે. તે જ પ્રમાણે પ્રકાશપુંજની જેમ મોક્ષમાં સિદ્ધશિલા નાની ૪૫ લાખ યોજનની પરિમિત હોવા છતાં પણ અનન્તા સિદ્ધાત્માઓ સાથે રહી શકે છે.

હે મંડિક ! આ પ્રમાણે કર્મનો બંધ પણ થઈ શકે છે. અને કર્મનો મોક્ષ પણ થઈ શકે છે. અને કર્મનો મોક્ષ એટલે છુટકારો થયા પછી આત્મા મુકત થાય છે. અને મુકતાત્મા કેવો હોય છે, કયાં હોય છે, કેવુ ક્ષેત્ર હોય છે વગેરેનો યુક્તિપૂર્વક વિચાર કર્યો છે. માટે મને આશા છે

કે હવે કર્મ બંધ–મોક્ષ વિષયક તારી શંકા ટળી હશે. અને જે વેદ વાક્યોનો અર્થ કરતાં તને ભ્રમ થયો હતો તે વેદ વાક્યનો સાચો અર્થ પણ તને સમજાયો છે. એટલે આ વિષયમાં તું નિઃશંક થયો હશે. માટે આત્માનો કર્મ સાથેનો સંયોગ–વિયોગ રૂપ બંધ-મોક્ષ છે તેમાં તું શ્રદ્ધા ધારણ કર.

મંડિકની શંકાનું સમાધાન અને દીક્ષા

छिन्नम्मि संसयम्मि जिणेण जरमरण विप्पमुक्केणं
सो समणो पव्वइओ अधुट्ठहि रवंडिय सएहिं ॥ १८६३



આ પ્રમાણે પરમાત્મા સર્વજ્ઞ મહાવીર પ્રભુ પાસે કર્મ-બંધ- મોક્ષવિષયક પોતાની શંકાનો યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક ઉત્તર મેળવી મંડિક સ્વામીનું મન સંતોષ પામ્યું. વેદ વાક્યોનો સાચો અર્થ પણ સમજાઇ ગયો. મનની શંકા ટળી, વાસ્તવિક સાચું તત્વજ્ઞાન પ્રાપ્ત થયુ. મંડિકનું અંતકરણ પ્રભુના ચરણોમાં નમી ગયુ, મંડિક નતમસ્તક થઇને પ્રભુનાં વિનંતિ કરવા લાગ્યા- હે જરા- મરણના દુઃખથી મુકત ભગવંતા. હવે મારા માટે આપ જ પૂજનીય છો શરણ્ય છો! હવે આપનું જ શરણ મારે ગ્રાહ્ય છે. આપે મોક્ષતત્વનું પ્રતિવાદન કરી મારા ઉપર અનહદ, અસીમ કૃપા કરી છે. તો હવે હું પણ બંધ રહિત

થઈ મુકત થાઉં તે આપનું ચારિત્ર મારે સ્વીકાર્ય છે.

એમ કહી મંડિક સ્વામીએ પોતાના ૩૫૦ શિષ્યો સાથે પ્રભુના ચરણોમાં દીક્ષા લીધી, અને વીરના શાસનમાં છઠ્ઠા ગણધર બન્યા. સ્વાત્મ કલ્યાણ સાધ્યું. દ્વાદશાંગી રચી મહાન ઉપકાર કર્યો. અંતે કેવળજ્ઞાન પામી રાજગૃહીમાં મુકિત-પદ પામ્યા. આપણે સવે મોક્ષ પામીએ એ જ અભિલાષા.

શ્રી આદિનાથ સ્વામીને નમઃ

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

— ની પવિત્ર નિશ્રામાં —

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ

તરફથી આયોજિત ચાતુર્માસિક ૧૬ રવિવારીય –

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

— માં દર રવિવારે ચાલતી —

સચિત્ર ગણધરવાદ જાહેર વ્યાખ્યાનમાળા

ની નવમા રવિવારની પ્રસ્તુત પુસ્તિકા

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ

જૈન સંઘ જ્ઞાનભંડાર, જામનગર

તરફથી છપાવી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

ભાદરવા વદ ૬ રવિવાર તા. ૧૬-૯-૧૯૮૪ ની

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

ની આ નવમા રવિવારની શિબિરની

સર્વે શિબિરાર્થીઓની 'સાધર્મિક ભક્તિ'

એક સદ્‌ગૃહસ્થના સૌજન્યથી

હા. શ્રી હર્ષદભાઇ માણેકલાલ શાહ

(મહેસાણા વાળા) આદિ તરફથી કરવામાં આવેલ છે.

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ



શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

આયોજીત-ચાતુર્માસ ૧૯૮૪ ઘાટકોપર

ૠ સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા ૠ

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક : પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય : "દેવ અસ્તિત્વ સિદ્ધ"

વિ સં. ૨૦૪૦ ભાદરવા વદ ૧૩] દશમું વ્યાખ્યાન-૧૦ [રવિવાર તા. ૨૩-૬-૧૯૮૪



સાતમા ગણધર –શ્રી મૌર્યપુત્ર સ્વામી

વિષય : દેવ અસ્તિત્વ સિદ્ધિ

શંકા – દેવતાઓ છે કે નહીં ?

तेण्वइए सोउं मोरियो आगच्छइ जिणसगासं ।
वच्चामि ण वंदामि वंदित्ता पज्जुवासामि ॥ १८६४

પ. પૂ. અનન્ન ઉપકારી ચરમતીર્થપતિ શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર પૂર્વક....

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમા-શ્રમણજી મહારાજ ગણધરવાદના પ્રકરણમાં સાતમા ગણધર શ્રી મૌર્યપુત્ર સ્વામીના અધિકારમાં ફરમાવે છે કે....

અપાપાપુરી નગરીના મધ્યમાં સોમિલવિપ્રના સ્થાનમાં યોજાયેલ યજ્ઞમંડપમાં સોમિલના આમંત્રણથી યજ્ઞમાં પધારેલા દિગ્ગજ ધુરંધર વિદ્વાનોમાં મૌર્ય પુત્ર નામના દ્વિજોત્તમ શ્રેષ્ઠ પંડિત પ્રવરે વિચાર કર્યો, શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમથી લઇને ૫ થી ૬ વિદ્વાન પંડિતો સર્વજ્ઞની સાથે ચર્ચા કરવા શિષ્ય પરિવાર સાથે ગયા છે. અને ત્યાં સર્વજ્ઞની સાથે ચર્ચા વિચારણા કરીને વાસ્તવિકતા સમજી ગયા લાગે છે. સાચું તત્ત્વજ્ઞાન પામી ગયા લાગે છે. અને સાંભળવા પ્રમાણે આ મહાન દાર્શનિક અને સર્વજ્ઞ છે. જે સર્વ પ્રશ્નોની ચર્ચામાં સામેવાળાને નિરંત્તર

કરે છે. તેના પ્રશ્નોનો સમાધાનકારક, સંતોષકારક ઉત્તર આવે છે. તો મારી પહેલાં મંડિક પંડિત હજી હમણાં જ ૩૫૦ શિષ્યો ગયા હતા, અને એ પણ સર્વજ્ઞથી પ્રભાવિત થઈને ત્યાં તેમનું શિષ્યત્વ સ્વીકારીને તેમનાં ચરણોમાં રહી ગયા લાગે છે. આ પ્રમાણે સાંભળીને મૌર્યપુત્ર પંડિત દ્વિજોત્તમ પણ સમવસરણે જવા તૈયાર થયા. પોતાના ૩૫૦ શિષ્યો સાથે નીકળ્યા. અને સમવસરણે જિનેશ્વર પરમાત્મા મહાવીર પ્રભુ પાસે આવે છે. મનમાં ભાવ સારા છે કે હું પણ ત્યાં જઈ તે જિનેશ્વરને વંદન કરીશ, દર્શન કરીશ અને વંદન કરીને તેમની સેવા કરીશ.

आभटठो य जिणेणं जाइ-जरा-मरणविप्पमुक्केणं ।
नामेण य गोत्तेणय सव्वण्णू सव्वदरिसीणं ॥

મૌર્યપુત્રને આવેલો જાણીને જન્મ-જરા મરણથી રહિત સર્વજ્ઞઅને સર્વદર્શી જિનેશ્વર પરમાત્માશ્રી મહાવીર પ્રભુએ તે મૌર્યપુત્ર ને તેના નામ ગોત્રથી સંબોધન કરીને મધુર ભાષામાં આવકારીને બોલાવ્યા, હે કાશ્યપ ગોત્રીય મૌર્યપુત્ર સુખેથી આવો ભાઈ, આવો.

किं मण्णे अत्थि देवा उयाहु नत्थित्ति संसओ तुज्झ ।
वेय पयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥

હે આયુષ્મન ! મૌર્યપુત્ર ! પરસ્પર વિરુદ્ધ અર્થ પ્રતિપાદન કરનારા વેદના પદોનો અધ્યયન કરતા કરતા, સાંભળવાથી,

તારા મનમાં એવી શંકા ઘર કરી ગઈ છે કે, દેવો છે કે નહિં ? દેવલોકના દેવતાઓ ! અહીં આવે છે કે નહી ? દેવતાઓના અસ્તિત્વને તું નથી માનતો. પરન્તુ એમ નથી. હે મૌર્યપુત્ર પરસ્પર વિરુધ્ધ ભાસતાં એવાં વેદપદો તારા જાણવામાં આવ્યાં. અને તું તેનો અર્થ બરોબર કરી ન શકયો. આશય સમજી ન શકયો દ્વિધામાં પડી ગયો. અને અન્તે એવા નિર્ણય ઉપર આવી ગયો કે, દેવતાઓ નથી. અને વળી પ્રત્યક્ષરૂપે દેવતાઓ હજી તને દેખાયા નથી એટલે તારી માન્યતાને પુષ્ટી મળી. આ પ્રમાણે વેદ પદોના સાચા અર્થ ન જાણતો તું શંકાસ્પદ, સંશયાત્મક સ્વરૂપમાં પડી ગયો કે દેવતાઓ છે કે નહીં ? તે વેદ પદો આ પ્રમાણે છે–

(૧) "स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति." અર્થાત–યજ્ઞરૂપી શસ્ત્રને ધારણ કરનાર આ યજમાન એકદમ સીધો સ્વર્ગમાં નિશ્ચિતરૂપે જાય છે.

(૨) "अपाम सोममम्रता अभूम, अगन्मत् ज्योतिरविदाम देवान, किं नूनमस्मान् तृणवदरातिः किमु धूर्तिरमृत मर्त्यस्य" । અર્થાત– સોમરસ પીને તેઓ દેવ થયા સ્વર્ગલોકમાં ગયા, અને દેવપણું પામ્યા. તે દેવો અમર્ત્યપણું પામેલ દેવો પુરુષના વ્યાધિ અને વૃધ્ધાવસ્થાને તૃણવત્ કરશે.

ઉપરનાં આ બન્ને પદો દેવોના અસ્તિત્વને, દેવોની સત્તાને સાબિત કરે છે. આ પદો તે વાંચ્યાં અને દેવતાઓ છે એવી જાણકારી મળી પરન્તુ હે મૌર્યપુત્ર ! બીજી બાજુ એવા પણ

વિરૂધ્ધ ભાષતા વેદ પદો મળ્યા જેવા કે- "को जानाति मायोपमान् गीर्वाणानिन्द्र यम-वरुण-कुबेरादीन" । અર્થાત માયાના સ્વરૂપે ઇન્દ્રજાલ જેવા જણાતા- ઇન્દ્ર-યમ-વરુણ-કુબેર વગેરે દેવો છે કે નહીં તે કોણ જાણે છે ?

આ પદો દેવસત્તાનો અભાવ પ્રતિપાદન કરે છે. ઉપરના બે પ્રકારના પરસ્પર વિરુધ્ધ અર્થ પ્રતિપાદન કરનારા વેદવાક્યો જોઇને તું દ્વિધામાં પડયો કે દેવતાઓ છે કે નહીં ? એથી શંકા જાગી. સંશય ઘર કરી ગયો. દેવતાઓ છે કે નહીં. ? અને વળી પ્રત્યક્ષ ન દેખાતાં તું એ વિચાર ઉપર આવી ગયો કે દેવતાઓ નથી. પરન્તુ એ યોગ્ય નથી. આ જ પ્રમાણે, દેવતાઓ નથી એ મતને પુષ્ટ કરવા તે કેટલીક યુક્તિઓ લગાવી છે કે-

सच्छंदचारिणो पुण देवा दिव्वप्पभावजुत्ता य ।
ज न कयाइवि दरिसणमुवेंति तेा संसओ तेसु ॥ १८६८

-હે મૌર્યપુત્ર ! તું એમ માને છે કે- નારકીઓ તો અત્યન્ત દુઃખી અને પરાધીન હોવાથી અહીં આવી શકતા નથી, એટલા માટે પ્રત્યક્ષ દેખાતા નથી. માત્ર સાંભળીને જ શ્રધ્ધા કરી લઇએ, પરન્તુ દેવતાઓ તો પરાધીન નથી, સ્વચ્છંદાચારી છે. મન હોવે ત્યાં જઈ-આવી શકે છે. એમાં તેમને કોઇનોય પ્રતિબંધ નથી. કોઇનુંય બંધન નથી. અને બીજું દેવતાઓ દિવ્ય પ્રભાવ યુકત હોવા છતાં પણ કયારેય અહીં આવ્યા હોય અને પ્રત્યક્ષ કોઇને ય જણાયા હોય એવો પણ ખ્યાલ નથી, પણ બીજી બાજુ શ્રુતિ-સ્મૃતિ આદિમાં

દેવો છે એમ કહે છે. એટલે તું સંશયમાં પડયો. દ્વિધામાં પડયો છે.

દેવો પ્રત્યક્ષ છે તે જોઇ લે–

मा कुरू संसयमेए सुदूरमणुयाइभिन्नजाईए ।
पेच्छसु पच्चक्खं चिय चउव्विहे देवसमूहे ॥

શ્રી મહાવીર પ્રભુએ કહ્યું : હે મૌર્યપુત્ર! તું મનમાં સંશય (શંકા) ન કર. જુઓ. આ આખું સમવસરણ દેવતાઓએ જ બનાવ્યું છે અને આ સમવસરણમાં જ મનુષ્યાદિથી ભિન્ન જાતિવાળા, દિવ્ય પ્રભાવવાળા, દિવ્ય આભૂષણાદિથી યુક્ત ચારે નિકાયના દેવો છે, અને તે બધા દેવો અહીં મને વંદન કરવાને આવેલા છે. દેશના શ્રવણ કરવાને આવેલા છે. તેમને તું પ્રત્યક્ષ જોઈ લે.

બીજું હે મૌર્યપુત્ર! આ તો ઠીક છે કે અત્યારે સમવસરણમાં હું તને પ્રત્યક્ષ દેખાડું છું. પરંતુ અહીં જોવા પહેલાં પણ ઉપર આકાશમાં તો ચંદ્ર, સૂર્ય, તારા વગેરે જે પ્રત્યક્ષ સ્પષ્ટ આંખ સામે દેખાતાં હતા તો તારે દેવસંબંધી શંકા કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. કારણ આ સૂર્ય–ચન્દ્રાદિ તો જ્યોતિષ્ક મંડળના દેવતાઓ જ છે. તે વસતિ વિનાના આલયમાત્ર (વિમાનો) છે, એમ જો તું કહેતો હોય તો તે પણ યોગ્ય નથી. કારણ કે તે દેખાતા વિમાનો આલયમાત્ર નથી, પરન્તુ હકીકતમાં શહેરમાં વસનારા લોકોની જેમ તેમાં પણ કોઇ વસનારા છે, એમ સિદ્ધ થાય છે અને વસનારા દેવતાઓ

જ. કારણ કે નિવાસસ્થાન રહેઠાણ હોય અને તે સદંતર ખાલી જ હોય, કોઈ રહેતું જ ન હોય એ કહેવું પણ અયોગ્ય છે. માટે સૂર્ય-ચંદ્રાદિ જે સર્વ લોકોને પ્રત્યક્ષ દેખાય છે, તેના પ્રકાશ-ગતિ આદિનો સ્પષ્ટ અનુભવ થાય છે. માટે દેવતાઓ નથી એવી શંકાને સ્થાન જ નથી રહેતું. બીજું, દેવે કરેલા ઉપઘાત અને અનુગ્રહ પણ પ્રત્યક્ષ ઘણાને અનુભવાય છે. કેટલાક દેવતાઓ તો કોઇ-કોઈ મનુષ્યો ઉપર પ્રસન્ન થઈને હીરા-મોતી-રત્નો-સુવર્ણાદિ આપીને અનુગ્રહ કરે છે અને કેટલાક દેવો તો રાજા આદિની જેમ શસ્ત્રાદિ વડે ઉપઘાત પણ કરે છે. આથી દેવો છે એ વાતનો નિશ્ચય તો અવશ્ય થાય છે.

વેદપદોના સાચા અર્થથી દેવસિદ્ધિ-

હે સૌમ્ય મૌર્યપુત્ર! જે વેદ વાક્યોના આધારે તને શંકા જાગી તેનું કારણ એટલું જ છે કે, તું વેદપદોના અર્થો બરાબર કરી નથી શક્યો. જો એ જ વેદ અને શ્રુતિ, સ્મૃતિ, પુરાણોનાં વાક્યોનો ફરી વિચાર કરીને વાસ્તવિક અર્થ કરી કરીશ તો તેનાથી જ દેવોની સિદ્ધિ થઈ જશે. દા.ત.-

મૈત્ર્યુપનિષદ્ (૬-૩૬) માં કહ્યું છે કે — "आग्नहोत्रं जुहुयात् स्वर्गकामः" સ્વર્ગ મેળવવાની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. આમાં યજ્ઞક્રિયાથી સ્વર્ગ પ્રાપ્તિના ફળની વાત કરી છે. હે મૌર્યપુત્ર! જો તું સ્વર્ગ અને સ્વર્ગવાસી દેવનો અભાવ માનતો હોય તો તારા મત પ્રમાણે તો સ્વર્ગમાં લઈ

જનારી આ યજ્ઞ-યાગાદિની ક્રિયા પણ નષ્ટ થઇ જશે. યજ્ઞ-યાગાદિની ક્રિયાનું ફળ જ નહીં રહે. તો નિષ્ફળ-ફળ વિનાની ક્રિયાનું લોકો આચરણ શા માટે કરશે ?

શતપથબ્રાહ્મણ (૧૨, ૫, ૨, ૮. ઇત્યાદિ વેદ વાક્યોમાં પણ દેવોની સત્તા જણાવતાં કહ્યું છે કે-ય- એષ યજ્ઞાયુધી" તે આ યજ્ઞનો આયુધી ઇત્યાદિ ઘણાં વેદ વાક્યો છે જેમાં યજ્ઞાદિની ક્રિયાનું ફળ દેવ-સ્વર્ગ બતાવ્યું છે.

"કો જાનાતિ માયોપમાન્ ગીર્વાણાનિન્દ્ર-યમ-વરુણ કુબેરાદીન્"- હે મૌર્યપુત્ર ! આ વેદવાક્યથી જે તને શંકા થઈ હતી તે યોગ્ય નથી. કારણ, આ વેદ વાક્ય દેવોના અભાવને પ્રતિપાદન નથી કરતું. પરન્તુ 'માયોપમ' શા માટે કહ્યા છે ? એમ જો તું કહેતો હોય તો તેનું તાત્પર્ય એ છે કે, દેવતાઓ સ્વયં પણ અનિત્ય છે. એમનું પણ આયુષ્ય પૂર્ણ થયે સમાપ્તિ છે. તો પછી તેમની બીજી રિદ્ધિ-સિદ્ધિ તો નિઃસાર-અનિત્ય જ હોય એમાં શી શંકા ? આ પ્રમાણે અહીં ઇન્દ્રજાળ કહીને દેવઋધિ અને અન્ય ઋધિના સમુદાયની પણ અનિત્યતા પ્રતિપાદન કરવામાં આવી છે. અને એ માટે જ "માયોપમ" માયિક શબ્દ વાપરીને કહ્યા છે.

હે મૌર્યપુત્ર ! આ પ્રમાણે આ વેદવાક્યો દેવોનું અસ્તિત્વ પ્રતિપાદન કરનારાં છે. અને તે કેવા માયિક માયોપમ-ઇન્દ્રજાલિક છે તે કહ્યું છે.

બીજું એ કે, જો તું દેવોનું અસ્તિત્વ ન માને તો

વેદ વાક્યોમાં કહેલા મંત્રોમાં જે દેવોનું આહવાન કર્યું છે તેમને અર્ઘ્ય, આહુતિ દ્વારા આમંત્રણ આપવામાં આવે છે તે પણ અસિદ્ધ થઈ જશે. વેદ વાક્યો અને શ્રુતિના મંત્રોમાં તો ઇન્દ્રાદિ દેવોને આવાહનના આમંત્રણ માટે ઘણા મન્ત્રો છે. તે બધાનું શું ? દા.ત., શ્રુતિમાં કહ્યું છે કે उक्थषोडशिप्रभृ त-क्रतुभिर्यम-सोम-सूर्य-सुरगुरु-स्वाराज्यानि जयति" – અર્થાત ઉક્થ-ષોડશિ વગેરે યજ્ઞો વડે યમ, ચંદ્ર, સુર્ય બૃહસ્પતિ ને સ્વર્ગના રાજ્યને પ્રાપ્ત કરે છે. આ વેદ વાક્યો દેવોનું અસ્તિત્વ સુચવનારા છે. અને જો તું દેવ ન માને, તેમનો અભાવ માને તો શ્રુતિ–સ્મૃતિ વેદને પણ નિરર્થક માને એનો પણ અભાવ માન.

તૈત્તિરીય આરણ્યક (૧, ૧૨, ૩) માં આવાહનના મંત્ર રૂપે કહે છે કે – "इन्द्र आगच्छ मेधातिथे मेषवृषण" આનાથી ઇન્દ્રાદિ આમંત્રણ આપીને આવવાનું કહેવામાં આવ્યું છે.

હે મૌર્યપુત્ર ! જો દેવોનું અસ્તિત્વ જ ન હોત તો આ આમંત્રણ અને આવાહન કોનું ? શા માટે કર્યું ? માટે ઉપરોક્ત આ વેદપદો દેવતાઓ છે તો જ સાચા ઠરશે. માટે દેવતાઓનું અસ્તિત્વ માન્યા વિના નહીં ચાલે કારણ કે શ્રુતિ–સ્મૃતિ–વેદ પુરાણ આદિ તો દેવતાઓના મંત્રો–ચર્ચા આદિથી ભરેલા પડ્યા છે. આ પ્રમાણે દેવસિધ્ધમાં વેદ–પુરાણ–શ્રૂતિ–સ્મૃતિ પણ સાક્ષી પુરાવે છે.

દેવગતિના અભાવમાં દાનાદિ ક્રિયા નિષ્ફળ જશે-

હે મૌર્યપુત્ર! જગતમાં બધા જ જીવો સર્વ ધર્મ ફક્ત કર્મક્ષય કે નિર્જરા માટે નથી પણ કરતા. અર્થાત્ કેટલીક દાન-પુણ્ય આદિની ધર્મક્રિયા સ્વર્ગ પ્રાપ્તિ, સ્વર્ગીય સુખ અર્થે પણ કરે છે. કારણ, સ્વર્ગ એ પણ પુણ્યકાર્યની પ્રાપ્તિનું ફળ છે, હેતુ છે. ઇહલોક પરલોક સંબંધી સુખની અંદર પરલોકના સુખો તે સ્વર્ગ સંબંધી એમ વાતનો હેતુ રહેલો છે. પરન્તુ તારા મત પ્રમાણે જો સ્વર્ગ નથી જ, અને દેવ પણ નથી. તો પુણ્ય હેતુ નિરર્થક ઠરશે અને પુણ્ય હેતુક થતી દાનાદિ ક્રિયારૂપ ધર્મ પણ નિરર્થક ઠરશે. આ પ્રમાણે તો એકના અભાવ માનવા જતા અનેકનો અભાવ સિદ્ધ થશે. અને જો જીવનમાં ધર્મનો જ અભાવ સિદ્ધ થશે તો તે અનર્થકારી થશે, મહા આપત્તિકારક થશે. કારણ, બધા જ જીવોની નિર્જરાવૃત્તિ નથી પણ હોતી અને બધા જ ધર્મમાંના બધા જ પ્રકારો મોક્ષ જ અપાવે છે એમ પણ નથી હોતું. માટે દાનાદિ ક્રિયાથી પણ સ્વર્ગ-તથા દેવપણાની પ્રાપ્તિ થાય છે એ માનવું જ પડશે.

ઉત્કૃષ્ટ પુણ્ય અને સુખથી દેવસિદ્ધિ-

जइ नारगा पवन्ना पगिट्ठपावफलमोइणो तेणं ।
सुबहुगपुण्णफलभुजो पवज्जियव्वो सुरगणोवि ॥

હે મૌર્યપુત્ર ! હવે તર્કાનુમાન પ્રમાણથી પણ તને દેવ-સિદ્ધિ કરી બતાવું છું.

જેમ ઉત્કૃષ્ટ પાપ કર્યાં હોય તો તેના ફળરૂપે જીવને નરક ગતિમાં જવું પડે છે. અને ત્યાં કરેલા પાપની સજારૂપે ભારે દુઃખ ભોગવે છે. તો તે જ પ્રમાણ પુણ્યનું તથા પુણ્યના ફળનું પણ વિચાર કર. કારણ, આ જગતમાં બધા જ જીવો પાપ જ કરનારા છે, એવું પણ નથી. દાન, પરોપકાર, અન્નાદિ આપવું, ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી આપવું ઇત્યાદિ આપવા આદિનું જે પુણ્યકાર્ય છે તે પણ ઘણું કરે છે. જગત માં પણ જે શુભ કાર્ય રૂપે ગણાય છે. અને આ પુણ્યકાર્યનું ફળ તો સુખ પ્રાપ્તિ જ હોય છે.

સુખ-દુઃખ એ કાર્ય છે, અને કાર્ય તો કારણ વિના સિદ્ધ થતું નથી. માટે સુખ-દુઃખ રૂપ કાર્ય માટે કારણ રૂપે જીવોના પોતાના કરેલા પુણ્ય-પાપને જ માનવા પડશે. બીજો વિકલ્પ જ નથી. કારણ ઈશ્વરનો જો જગતના જીવોને સુખ-દુખના ફળ તો દાતા માનવામાં આવશે તો ઈશ્વરનું સ્વરૂપ જ વિકૃત થઈ જશે. તો પછી શા માટે એકને સુખ આપે અને એકને દુઃખ આપે પછી તમે કહેશો એ તો ઈશ્વરની ઇચ્છા (મરજી) તો ઈશ્વર ઇચ્છા મરજીવાળો સાબિત થશે. અને ઇચ્છા મરજી તો રાગના પર્યાયવાચી શબ્દો છે. તો જેને સુખ આપશે તેના પ્રત્યે રાગ અને જે જીવને દુઃખ નથી ગમતું છતાં તે જીવને

ઈશ્વર દુઃખ આપશે તેના પ્રત્યે ઈશ્વરની ઈચ્છા–મનમાં દ્વેષ આવશે. એટલે તો ઈશ્વર રાગ–દ્વેષવાળો સાબિત થયો. અને જો રાગ–દ્વેષવાળાને જ ઈશ્વર કહેવા હોય તો તે સંસારી જીવો સર્વે રાગ દ્વેષવાળા જ છે તો બધાજ ઈશ્વર સિદ્ધ થઇ જશે. તો અનન્ત ઈશ્વરવાદ પક્ષ માનવો પડશે. આ બધાં દૂષણો આ પક્ષ માનવામાં છે. માટે જીવો જે પુણ્ય – પાપ સ્વયં કરે છે તેનાં સુખ–દુખો પણ સ્વયં ભોગવે છે.

જઘન્ય–મધ્યમ–ઓછાં સુખો ભોગવવા માટે તો અત્રે મનુષ્યગતિ પણ છે. પરન્તુ જે જીવે પ્રકૃષ્ટ પુણ્ય ઉપાર્જન કર્યું છે, તેને પ્રકૃષ્ટ (ઉત્કૃષ્ટ) સુખ ભોગવવા ક્યાં જવું ? કારણ મનુષ્ય, ગતિમાં તો સુખની મર્યાદા છે. અહીંયાં તો ચક્રવર્તીપણાનાં સુખો– જે ૬ ખંડનો માલિક છે ત્યાં સુધીની મર્યાદા છે. બસ, પછી સંસારના સુખની ઉત્કૃષ્ટતા અત્રે મનુષ્ય ગતિમાં નથી. માટે હે મૌર્યપુત્ર ! જે જીવોએ અનેક દાનાદિ પુણ્ય–સુકૃત કરીને ઉપાર્જન કરેલા છે તે જીવો માટે તો ઉત્કૃષ્ટ સુખ આપનારી યોગ્યતાવાળી જો કોઈ ગતિ હોય તો તે દેવગતિ છે. સ્વર્ગલોક છે. દેવજન્મ–દેવભવ છે.

જ્યાં જીવો મનુષ્યગતિ કરતાં તો સેંકડોગણું વધુ સુખ ભોગવી શકે છે, અનુભવી શકે છે. અર્થાત આ મનુષ્યગતિમાં જે જે સુખો છે તેના કરતાં હજારગણાં, લાખગણાં, વધુ

પ્રમાણમાં સુખો સ્વર્ગગતિમાં છે. અત્યન્ત સુંદર રૂપવતીકાયા, વૈક્રિયશરીર, વૈક્રિયલબ્ધિ, હીરા-મોતી, રત્નાદિની અમાપ ઋદ્ધિ-સિદ્ધિ, આમોદ-પ્રમોદ, અપ્સરા વૃન્દ ઇત્યાદિ સંસારનાં સર્વ સુખો ત્યાં સ્વર્ગમાં ચરમ સીમામાં છે.


સ્વર્ગ શું છે? સ્વર્ગલોક કયાં છે? -

હે મૌર્યપુત્ર! પરલોક સંબંધી વિચારણા કરતાં પરલોક શું છે? કયાં છે? તે વિચારીએ. લોકને આપણે બે વિભાગમાં જોઇએ. (૧) સ્વલોક (૨) પરલોક. આપણે જે લોકમાં રહીએ છીએ તે આપણા માટે સ્વલોક થયો. આપણે મનુષ્ય છીએ તો આપણું રહેવાનું ક્ષેત્ર તે મનુષ્ય લોક અને મનુષ્યો સાથે તિર્યંચો પણ (પશુ-પક્ષી) પણ આપણી સાથે રહે છે. તિર્યગ્ ગમન કરનારા તિર્યંચો. માટે આ જ મનુષ્યલોકને તિર્છાલોક પણ કહેવાય છે.

સ્વલોક સિવાય જે છ બીજા લોકો છે તે પરલોક થયા. ઇહલોક-પરલોકમાં પણ સુખની પ્રાપ્ત્યર્થે જીવો ધર્માદિ સુકૃત કરે છે. પરલોક જીવોની નજર સામે લક્ષમાં રહે છે.


પરલોકમાં સુખ-શાંતિ સારી મળે એ પણ લક્ષ જીવો રાખે છે અને તદનુરૂપ જીવો ધર્મ-સુકૃતાદિરૂપ પુણ્ય કરે છે. અખિલ બ્રહ્માંડમાં લોક કેટલા?

ચૌદ રાજલોક


સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
ત્રસનાડી
રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
ખાલી.૧૦.યો૰
આઠ વાણવ્યંતર નિકાય
ખાલી. ૧૦. યો૰
આઠ વ્યંતરનિકાય
ખાલી. ૪૦૦. યો૰
ખાલી ૧૧૫૮૩ ૧/૩ યો૰
દરેક પતર 3000.યો૰
૧૦ ભવનપતિ નિકાય
ખાલી
૭ નરક ભૂમિ રત્નો
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
કિ૰
લોકાંતિક
કિ૰
કિલ્બિષિક
ચરસ્થિર જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
સિદ્ધક્ષેત્ર
ઊર્ધ્વ લોક
તિર્યક્ લોક
અધો લોક
યોજન
૧૮૦૦૦૦

ચૌદ રાજલોક

સમસ્ત અનન્તાકાશના કેન્દ્રમાં ૧૪ રજ્જુ પ્રમાણે જે લોકક્ષેત્ર છે તેને ચૌદ રાજલોક કહેવામાં આવે છે. આ ચૌદ રાજલોકમાં રહેનારા ચાર ગતિના જીવો છે. ચાર ગતિના પ્રકારના જીવોથી જ આ લોક ભરેલો છે.



આ ચારે ગતિના જીવોને રહેવા માટે લોક છે. તેથી આ લોકક્ષેત્ર અથવા રાજલોક કહેવાય છે. તેના ૧૪ ભાગ છે. માપમાં. માટે ૧૪ રાજલોક કહેવાય છે. આ ચૌદમાંના ઉપરના ૭ રાજલોક સ્વર્ગીય દેવો માટે છે. તેથી તે ઉપરના લોક ભાગને દેવલોક કહી શકાય. કારણ દેવતાઓ રહે છે માટે દેવલોક, અને આપણી ઉપર તથા લોકના ઉપરી ભાગમાં હોવાથી ઊર્ધ્વલોક કહેવાય. સ્વર્ગલોક કહેવાય. અને તે જ પ્રમાણે નીચેના ૭ રાજલોકને પાતાળ. અધોલોક અથવા નરક-લોક પણ કહેવાય છે. આ બન્નેના થઈને ૭ + ૭ = ૧૪ ચૌદ રાજલોક થઈ જાય છે.

હવે એમાંથી મનુષ્ય–તિર્યંચોને રહેવા માટે ઉપરના ૭ રાજલોકમાંથી ફક્ત ૯૦૦ યોજન તેમજ નીચેના ૭ રાજ–લોકમાંથી પણ ફક્ત ૯૦૦ યોજન એમ કુલ ૧૮૦૦ યોજન ક્ષેત્ર તિર્છાલોક.

અથવા મનુષ્ય લોક તરીકે કહેવાય છે.

આપણે મનુષ્યો છીએ. અને એથી આપણે આપણા મનુષ્ય લોકમાં રહીએ છીએ તેને સ્વલોક કહેવાય. અને મનુષ્યેતર– આપણા સિવાયના સ્વર્ગલોક તથા નારકલોકને પરલોક પણ કહેવાય છે.

સ્વર્ગીય દેવોના રહેઠાણનો લોક તે સ્વર્ગલોક. અથવા દેવલોક કહેવાય છે. દેવગતિમાં રહેનારા જીવો દેવતાઓ કહેવાય છે. દેવતાઓની પણ અવાન્તર જાતિઓ કેટલી છે ? એ માટે ફરમાવે છે કે –

દેવનિકાય – ૪ –

देवाश्चतुर्निकायाः ॥ ४–१ ॥

"देवा हि १. भवनपति २. व्यंतर ३. ज्योतिष्क ४. वैमानिक भेदाच्चतुर्धा ॥"

દેવતાઓ

૧	૨	૩	૪
ભવનપતિ	વ્યંતર	જ્યોતિષ્ક	વૈમાનિક

૧. भवनेषु वसनशीला भवनवासिन ભવનોમાં રહેવાના કારણે એમને ભવનવાસી અને તેમના પતિ તે ભવનપતિ દેવ.


૨. विविध देशान्तरनिवासित्वाद् व्यन्तरा વિવિધ દેશોમાં નિવાસ કરતાં હોવાથી વ્યંતર કહેવાય છે.

૩. द्योतनस्वभावत्वाज्ज्योतिष्का; प्रकाशमान – ઝળહળતાના સ્વભાવ સ્વરૂપવાલા સૂર્ય–ચંદ્રાદિને જ્યોતિષ્ક દેવ કહેવાય છે.

૪. विमानेषुभवा वैमानिकाः ઇન્દ્ર–શ્રેણિ–પુષ્પક આદિ વિમાનોમાં રહેનારા દેવતાઓને વૈમાનિક દેવ જાતિના કહેવાય છે.

દેવાનકાયના અવાન્તર ભેદો-

दसहा भवणाहिवइ अट्ठविहा वाणमंतरा हुंति ।
जोइसिया पंचविहा दुविहा वेमाणिया देवा ॥



સમસ્ત બ્રહ્માંડમાં રહેતા સર્વ પ્રકારના દેવતાઓને મુખ્યપણે ચાર નિકાય (જાતિ) માં વિભક્ત કરવામાં આવ્યા છે. તે છે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, તથા વૈમાનિક. એ મુખ્ય ભેદે ૨૫ પ્રકારના કહ્યા. ભવનપતિ ૧૦, અને વ્યંતર ૮, તથા જ્યોતિષ્ક ૫, અને વૈમાનિક ૨, એમ કુલ ૨૫ પ્રકારના કહ્યા છે. પરન્તુ એના પણ અવાન્તર પેટાભેદોની ગણતરીની સંખ્યા જોવામાં આવે તો ઘણી વધારે છે.

દેવતાઓ

૧	૨	૩	૪
ભવનપતિ	વ્યંતર	જ્યોતિષ્ક	વૈમાનિક
૨૫	૨૬	૧૦	
૧૦ અસુરકુમારાદિ	૮ વ્યંતર	ચર અચર	
૧૫ પરમાધામી	૮ વાણવ્યંતર	૫ + ૫	
—	—	= ૧૦	
૨૫	૧૦ તિર્યગ્જૃંભક		
	—		
	૨૬		


કલ્પોપપન્ન	કલ્પાતીત
૧૨ દેવલોક	૫ અનુત્તર
૯ લોકાંતિક	૯ ગ્રૈવેયક
૩ કિલ્બીષિક	—
—	૧૪
૨૪	

૨૫ + ૨૬ + ૧૦ + ૩૮ = ૯૯.

૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = ૧૯૮ પ્રકાર કુલ દેવતાઓના

૩૦૩ મનુષ્ય

૪૮ તિર્યંચ



દેવ ૧૯૮


નરક ૧૪

=૫૬૩ ભેદ જીવના

સમસ્ત ચાર ગતિના આ સંસારમાં આ પ્રમાણે ૫૬૩ પ્રકારના જીવો છે. આ જીવોના સંપૂર્ણ કુલ ભેદો થયા. ૫૬૩ થી એકપણ પ્રકાર વધારે આ સંસારમાં નથી. પાંચસો ને ચોસઠમો પ્રકાર નથી. અહીંયા જીવોની સંખ્યા નથી. જીવોના પ્રકારોની સંખ્યા છે. એમાં કુલ ૧૯૮ પ્રકારની સંખ્યા દેવ ગતિના દેવતાઓની છે. તેમાં મુખ્ય તો ૯૯ પ્રકાર જ છે. તેના પર્યાપ્તા, અપર્યાપ્તા એમ ૯૯+૯૯=કરતાં ૧૯૮ આવે છે.

દેવતાઓના નિવાસસ્થાનો

આ સાથેના ચૌદ રાજલોકના નકશામાં જોતાં ખ્યાલ આવશે કે સૌથી ઉપર પ્રથમ ૫ અનુત્તર દેવલોક છે, પછી ૯ ગ્રૈવેયક દેવતાઓ છે. (આ ૧૪ કલ્પાતીત કહેવાય છે) પછી ૧૨ દેવલોકો છે. તે તે વિમાનો છે. તેમાં રહેનારા વૈમાનિક દેવતાઓ કહેવાય છે. લોકના અંતે રહેનારા તે ૯ લોકાંતિક દેવો છે. અને ૩ કિલ્બીષિક છે. (૧૨+૯+૩) = અ ૨૪ વૈમાનિક કલ્પોપપન્ન દેવતાઓ છે. તેમની નીચે મેરૂ પર્વતની ચારે બાજુ પ્રદક્ષિણા દેતા સૂર્ય–ચન્દ્રાદિ ૫ ચર જ્યોતિષ્ક તથા અઢી દ્વીપ બહાર ૫ સ્થિર (અચર) જ્યોતિષ્ક મંડળના દેવતાઓ છે.


શિખરનું શિલ્પ
૫. અનુસર
૬. ગ્રીવપટ્ટ
કર્ણાટીય-શૈલી
૧૨ કર્ણાટપટ્ટ
૬. ચોકોણિક
ચંદ્રશિલા
ચંદ્રશિલા અષ્ટાંશિક
ચૂર્ણ-અમૃતી
જંઘા-૧
જંઘા-૨
જંઘા-૩
જંઘા-૪
જંઘા-૫
જંઘા-૬
જંઘા-૭
પ્રસ્તરાડી

તે જ તિર્છાલોકમાં રહેનારા, વ્યંતર નિકાયના ૨૬ પ્રકારના દેવતાઓ છે. તથા નીચે રત્નપ્રભાદિ નરકપૃથ્વીમાં ભવનપતિના ૧૫ પરમાધામી દેવો રહે છે. આ પ્રમાણે ચૌદે-રાજ લોકમાં ત્રણે લોકમાં દેવગતિના દેવતાઓ રહે છે. હવે ક્રમશઃ એક એક જાતિના દેવતાઓનું સ્વતંત્ર વિવેચન કરીએ.

ભવનપતિ દેવતાઓ-

ભવનપતિ નિકાયના મોટા ભાગના દેવતાઓ ભવનોમાં નિવાસ કરતા હોવાથી, પોતાના નિવાસના પતિ–એટલે માલિક –સ્વામી–પોતે હોવાથી ભવનપતિ કહેવાય છે.

भवनवासिनोऽसुरनागविद्युत्सुवर्णाग्निः ।
वातस्तनितोदधि द्वीपदिक् कुमारा ॥ ४–११

કુમારની જેમ (કાંતદર્શન, પ્રિય, મનોહર દર્શન) મૃદુ, મધુર, લલિત ગતિવાળા અને ક્રીડામાં તત્પર રહેતા હોવાથી કુમાર કહેવાય છે.

ભવનપતિ

અસુર કુમારાદિ ૧૦	૧૫ પરમાધામી
(૧) અસુરકુમાર (૨) નાગકુમાર	અંબ, અંબર્ષિ, શ્યામ
(૩) વિદ્યુત્કુમાર (૪) સુવર્ણકુમાર	શબલ, રૂદ્ર, ઉપરૂદ્ર,
(૫) અગ્નિકુમાર (૫) વાતકુમાર	કાલ, મહાકાલ, અસિ,
(૭) સ્તનિતકુમાર (૮) ઉદધિકુમાર	પત્રધનુ, કુંભ, વાલુક,
(૯) દ્વીપકુમાર (૧૦) દિક્કુમાર	વૈતરણી, ખરસ્વર, મહાઘોષ.

અસુર કુમારો મોટા ભાગે આવાસોમાં રહે છે. જો કે કયારેક ભવનોમાં પણ રહે છે. બાકીના નાગકુમારાદિ નવ પ્રકારના ભવનપતિના દેવો પ્રાયઃ ભવનોમાં જ રહે છે. તેમના આવાસો દેહ પ્રમાણ ઉંચા અને સમચોરસ હોય છે. અને તેમના આવાસો (મહેલ–મકાન) ચારે બાજુથી ખુલ્લા હોવાથી મોટા મંડપ જેવા લાગે છે. તેમના ભવનો બહારથી ગોળ અને અંદરથી ચોખુણિયા હોય છે. એ ભવનોનો વિસ્તાર ઓછામાં ઓછો આપણા જંબુદ્વિપ જેવો લાગે. મધ્યમથી સંખ્યાતા યોજન પ્રમાણ, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ પણ હોય છે. ભવનપતિના અસુરકુમારાદિની શરીરની ઉંચાઈ ૭ હાથ પ્રમાણ હોય છે.

અસુરકુમારોનું આયુષ્ય ૧ સાગરોપમથી કંઈક અધિક હોય છે. અને નાગકુમારાદિ નવનું આયુષ્ય કંઈક ઓછા ૨ સાગરોપમ જેટલું હોય છે. આપણા જેવા કુમારો અથવા રાજકુમાર જેવા શોભતા આ બધા કુમાર તરીકે ઓળખાય છે. ભવનપતિ દેવોના મુકુટમાં વિશેષ પ્રકારના ચિન્હો હોય છે. તેમના વર્ણો પણ ભિન્ન ભિન્ન હોય છે. કપડાંના રંગ પણ જૂદા જૂદા હોય છે. તેમના ભવનોની સંખ્યા વગેરે તથા નામો આદિ આ કોષ્ઠાથી જાણી શકાશે :–

ભવન પતિના ૧૦ અસુર કુમારોનું વર્ણન ભવનોની સંખ્યા

	નિકાય	મુકુટમાં ચિહ્ન	શરીર વર્ણ	વસ્ત્રવર્ણ	દક્ષિણ દિશામાં	ઉત્તર દિશામાં
૧	અસુર	ચૂડામણિ	કાળો	રાતો	૩૪ લાખ	૩૦ લાખ
૨	નાગ	સર્પફણાં	ગૌર	લીલો	૪૪ લાખ	૪૦ લાખ
૩	વિદ્યુત્	વજ્ર	રકત	લીલો	૩૮ લાખ	૩૪ લાખ
૪	સુવર્ણ	ગરુડ	પીળો	ધોળો	૪૦ લાખ	૩૬ લાખ
૫	અગ્નિ	કળશ	રકત	લીલો	૪૦ લાખ	૩૬ લાખ
૬	વાયુ	મગર	લીલો	સંધ્યાવત	૪૦ લાખ	૩૬ લાખ
૭	સ્તનિત	શરાવ-સંપુટ	પીળો	ધોળો	૪૦ લાખ	૩૬ લાખ
૮	ઉદધિ	અશ્વ	ગૌર	લીલો	૪૦ લાખ	૩૬ લાખ
૯	દ્વીપ	સિંહ	રકત	લીલો	૫૦ લાખ	૪૬ લાખ
૧૦	દિક્	હસ્તિ	પીળો	ધોળો	૪૦ લાખ	૩૬ લાખ

ભવનપતિના દેવો મનુષ્યવત્ કાયસેવી છે.

૧૫ પરમાધામી—

परमाधार्मिका : पंचदशधा : परिकीर्तिता ।
यथार्थैर्नामभि : ख्याता अम्बप्रभृतयश्च ते ॥

अम्बाम्बरीष शबल श्याम रौद्रोपसद्रका : ।
असिपत्रधनु : कुम्भा महाकालश्च कालक : ॥
वैतरणो बालुकश्च महाघोष : खरस्वर ।
एतेऽसुर निकायान्तर्गत: पंचदशोदिता : ॥

ભવનપતિના ૨૫ પ્રકારોમાં ૧૦ અસુરકુમારો છે અને ૧૫ પરમાધામીઓ છે. એમને પણ અસુરકુમારોમાં ગણીને સમાવેશ કર્યો છે. તેમની સંખ્યા ૧૫ છે, દેવ જાતિના દેવો છે. (૧) અમ્બ (૨) અમ્બરીષ (૩) શબલ (૪) શ્યામ (૫) રૌદ્ર (૬) ઉપરૂદ્ર (૭) અસિપત્ર (૮) ધનુ (૯) કુમ્ભ (૧૦) મહાકાળ (૧૧) કાળ (૧૨) વૈતરણ (૧૩) વાલુક (૧૪) મહાઘોષ (૧૫) ખરસ્વર. આ ૧૫ પરમાધામી દેવો છે. આ ૧૫ પરમાધામીઓ અધોલોકમાં રત્નપ્રભાના આવાસોમાં (ભવનોમાં) રહે છે. શ્રી મહાનિશીથ સૂત્રના અધ્યયનમાં આ પ્રમાણે કહ્યું છે :


વ્યંતર નિકાયના દેવો–

વ્યંતરા :– કિન્નર–કિંપુરુષ–મહોરગ–ગાન્ધર્વ–યક્ષ–રાક્ષસ–ભૂત–પિશાચા:
॥ ૪–૧૨ ॥

"વિવિધદેશાન્તર નિવાસિત્વાદ્ વ્યન્તરા:"– વિવિધ દેશોના અન્તરો જેમના નિવાસસ્થાનો છે તે વ્યંતરો કહેવાય છે. વિ = એટલે વિવિધ પ્રકારના અન્તર = નિવાસ (આવાસો) છે. જેમના તે વ્યન્તર. વિગતાન્તરા વ્યંતરા: અથવા, વિ – એટલે વિગત. અન્તર=ભેદ અર્થાત જેમના અન્તરો–ભેદો નથી તે વ્યન્તર

કહેવાય છે. વ્યન્તર દેવો પર્વત, ગુફા, વન વગેરેના વિવિધ આંતરામાં રહેતા હોવાથી પણ વ્યન્તરો કહેવાય છે, અથવા ભવનપતિ અને જ્યોતિષ્ક એ બન્ને દેવોના આંતરામાં (મધ્યમાં) રહેતા હોવાથી પણ વ્યન્તર કહેવાય છે.

રત્નપ્રભા જે પહેલી નરક પૃથ્વી છે તેના ઉપરના ૧૦૦૦ યોજનમાંથી ઉપર નીચેના સો-સો યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યંતર દેવો ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન ભલે અહીં થાય છતાં પણ તે વ્યંતરો ઉર્ધ્વ, અધો અને મધ્યમ એમ ત્રણે લોકમાં ફરે છે. તેઓ ભવનો, નગરો, આવાસોમાં રહે છે. આ દેવતાઓ ચક્રવર્તી આદિ પુણ્યશાળી પુરુષોની પણ સેવક (નોકર)ની જેમ સેવા પણ કરે છે.



વ્યન્તરો મુખ્યપણે ૮ પ્રકારના છે.

વ્યંતરો

૧	૨	૩	૪	૫	૬	૭	૮
કિન્નર	કિંપુરુષ	મહોરગ	ગાંધર્વ	યક્ષ	રાક્ષસ	ભૂત	પિશાચ

વ્યંતર દેવોના અવાંતર ભેદો, ધ્વજા ચિહ્ન અને શારીરિક વર્ણ

જાતિ	ભેદો	ધ્વજામાં ચિહ્ન	શારીરિક વર્ણ
કિન્નર	કિંપુરુષ આદિ દશ પ્રકારના છે	અશોક વૃક્ષ	લાલો
કિંપુરુષ	કિંપુરુષ આદિ દશ ,,	ચંપક વૃક્ષ	ધોળો
મહોરગ	ભુજંગ આદિ દશ ,,	નાગ વૃક્ષ	શ્યામ
ગાંધર્વ	હાહા આદિ બાર ,,	તુંબરુ વૃક્ષ	શ્યામ
યક્ષ	પૂર્ણભદ્ર આદિ તેર ,,	વટ વૃક્ષ	શ્યામ
રાક્ષસ	ભીમ આદિ સાત ,,	ખટ્વાંગ	શ્વેત
ભૂત	સુરૂપ આદિ નવ ,,	સુલસ વૃક્ષ	શ્યામ
પિશાચ	કુષ્માંડ આદિ પંદર ,,	કદંબ વૃક્ષ	શ્યામ

વ્યંતર જાતિના દેવોનું વિશેષ વર્ણન–

૧. કિન્નર જાતિના વ્યંતર દેવ–કિન્નર જાતિના વ્યન્તરોનું શરીર પ્રિયંગુમણિના જેવા લીલા અથવા શ્યામ વર્ણવાળા હોય છે. તેમનો સ્વભાવ સૌમ્ય હોય છે. જોવામાં અત્યન્ત સૌમ્ય આનંદકારી હોય છે. મોઢા ઉપર એમના રૂપની શોભા વધારે હોય છે. એમનું ચિહ્ન અશોક વૃક્ષની ધ્વજા

હોય છે. અને વર્ણ અવદાત શુદ્ધ અને સ્વચ્છ સફેદ હોય છે. આ કિન્નરો દશ પ્રકારના હોય છે. કિન્નર, રૂપશાલી, હૃદયંગમ, રતિપ્રિય, રતિશ્રેષ્ઠ, કિંપુરૂષ, મનોરમ, અનિન્દિત, કિંપુરૂષોત્તમ, અને કિન્નરોત્તમ. આ બધા અત્યન્ત સૌંદર્યવાન હોય છે.

૨. કિંપુરૂષ જાતિના વ્યંતરો–કિંપુરૂષ જાતિના વ્યંતરોના શરીરમાં હાથ અને મોઢું મનોહર હોય છે. જાંઘ અને હાથની શોભા વધુ હોય છે. આ ત્રણે અંગો વધુ પ્રકાશશીલ હોય છે. આ વ્યંતરો જાત-જાતના લેપ (વિલેપન) કરે છે. અને ચિત્ર-વિચિત્ર પ્રકારની માળાઓ ધારણ કરે છે. એમનું ચિન્હ ચંપકવૃક્ષની ધ્વજા છે. અત્તર આદિ ધૂપ લગાડે છે. કિંપુરૂષો પણ દશ પ્રકારના છે–સત્પુરૂષ, પુરૂષોત્તમ, યશસ્વાન, મહાદેવ, મરૂત્, મેરૂપ્રભ, મહાપુરૂષ, અતિપુરૂષ, પુરૂષ અને પુરૂષવૃષભ.

૩. મહોરગ જાતિના વ્યંતરો–આ જાતિના દેવોનો વર્ણ આમ તો શ્યામ હોય છે. છતાં પણ સ્વચ્છ, અને શુદ્ધ હોય છે. એમની ગતિ વધુ ઝડપી હોય છે. મોટા શરીરવાળા હોય છે. શરીર ઉપર ચિત્ર વિચિત્ર આભુષણો ધારણ કરતા હોય છે. આમ સ્વભાવ સૌમ્ય રાખે છે. ખભા તથા ડોકના ભાગ વિશાલ હોય છે, જાડા હોય છે. એ વ્યંતરો પણ જાત-જાતનાં વિલેપનો કરે છે. એમનું ચિન્હ નાગ વૃક્ષની ધ્વજા છે.

ભૂજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, ભાસ્વંત, સ્કંધશાલી, મહેષ્વક્ષ, મેરૂકાંત, મહાવેગ, અને મનોરમ આ દશ પ્રકારના મહોરગ વ્યંતરો હોય છે.

૪. ગાંધર્વ જાતિના વ્યંતરો-આ ગાંધર્વ જાતિના વ્યંતરોનું સ્વર બહુજ મીઠો, સૂરીલો અને પ્રિય હોય છે, એમનું દર્શન પણ પ્રિય હોય છે. તેમનું રૂપ ઘણું ઉત્તમ છે. એઓ મસ્તક ઉપર મુકુટ ધારણ કરે છે. આમ એમના શરીરનું વર્ણ શુદ્ધ-સ્વચ્છ લાલ હોય છે. શરીર મજબુત અને ગંભીર હોય છે, એમનું મુખ સુંદર હોવાથી રૂપ પણ વધુ સુંદર છે. ગળામાં હાર પહેરે છે. એમની ઓળખ માટે તેઓ તુમ્બરૂ વૃક્ષની ધ્વજા રાખે છે. આ ગાંધર્વ જાતિના વ્યંતરો પ્રકારના છે. હાહા, હુહુ, તુમ્બરૂ, નારદ, ઋષિવાદક, ભુતવાદક, કદમ્બ મહાકદમ્બ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ, અને સદ્ગતિ યશ.

૫. યક્ષ જાતિના વ્યંતરો-યક્ષ જાતિના વ્યંતરોનું શરીર માનોન્માન પ્રમાણવાળુ હોય છે. નિર્મલ કાળા રંગના હોય છે. જોવામાં મનોજ્ઞ અને પ્રિય હોય છે. એમના હાથ, પગના તળીયા, નખ તાલુ, અને જીભ લાલ હોય છે. મણિઓ, રત્નો જડેલા મુકુટો પણ પહેરે છે. જાત જાતના રત્નો અને રત્નો જડેલા દાગિના ઘણાં પહેરે છે. એમના ઓળખ માટે વટ વૃક્ષની ધ્વજા રાખે છે. આ યક્ષો તેર પ્રકારના હોય છે. પૂર્ણભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનભદ્ર, વ્યતિપાકભદ્ર, સર્વતોભદ્ર, સુભદ્ર, યક્ષોત્તમ, રૂપયક્ષ, ધનાહાર, ધનાધિપ, અને મનુષ્યયક્ષ.

૬. રાક્ષસ જાતિના વ્યંતરો

શુદ્ધ નિર્મલ વર્ણવાળા હોય છે. જોવામાં મોટા ભીમ જેવા ભયંકર-બીહામણા લાગે. મસ્તક ભાગમાં અત્યન્ત કરાલ

હોય છે. એમના હોઠ લાલ રંગના તથા મોટા લાંબા હોય. સોનાના દાગીના પહેરે છે. અને અત્તર વગેરેના જાત-જાતના વિલેપન પણ કરે છે. એમના ચિન્હ તરીકે એમને ખટવાંગની ધ્વજા રાખી છે. આ રાક્ષસો ૭ પ્રકારના હોય છે. વિઘ્ન, ભીમ, મહાભીમ, રાક્ષસ-રાક્ષસ, વિનાયક, બ્રહ્મ રાક્ષસ અને જળરાક્ષસ.

૭. ભૂત જાતિના વ્યંતરો

આમ ભૂતોની પણ આકૃતિ તો સુંદર હોય છે. પણ શરીરનો રંગ કાળો શ્યામ હોય છે. સૌમ્ય સ્વભાવી આ ભૂતોનું શરીર સ્થૂલ હોય છે. અનેક પ્રકારના વિલેપનો લગાડીને કાલ રૂપ જેવા દેખાય છે. આ ભૂતો નવ જાતના છે. સુરૂપ પ્રતિરૂપ અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિકાક્ષ, મહાવેગ, મહાસ્કંદિક, આકાશક, અને પ્રતિચ્છન્ન. આ ભૂતો એમના ધ્વજ તરીકે સુલસધ્વજા રાખે છે.

૮. પિશાચ જાતિના વ્યંતરો

જોવામાં તો સૌમ્ય હોય છે. રૂપ પણ એમનું સુંદર હોય છે. આ પિશાચો હાથમાં અને ગળામાં રત્નોના દાગીના પહેરે છે. એમને એમની ઓળખના ચિન્હ તરીકે કદમ્બ વૃક્ષ રાખેલ છે. આ પિશાચો ૧૫ જાતિના છે. કુષ્માંડ, પટક, જોષ, આન્હિક, કાળ, ચોક્ષ, અચોક્ષ, મહાકાળ, વનપિશાચ તૂષ્ણીક, તાલમુખર, દેહ, વિદેહ, મહાદેહ અને અપસ્તારક.

વાણવ્યંતર જાતના દેવો-

વ્યંતર નિકાયમાં જ અવાન્તર ભેદરૂપે વાણવ્યંતર ૧

જાતિના દેવોની ગણતરી થાય છે. ખાસ કરીને વન વગેરેમાં રહેવા ઉપરથી "વાણવ્યંતર" નામ પડયું છે. વનાન્તરે चरन्तीति वानमन्तराः વનમાં પણ મોટી અખોળવાળા ઝાડોમાં રહેતા હોય છે અને પર્વતની ગુફા વગેરેમાં પણ રહેતા હોય છે. આપણે જે અત્યારે આ ભૂમિ ઉપર રહીએ છીએ. એ જંબુ-દ્વીપની અર્થાત અઢી દ્વીપની ભૂમિની નીચે જે પાતાલ લોક છે. તેમાં પહેલી નરક છે રત્નપ્રભા. આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ભાગમાં જે ૧૦૦ યોજનની ભૂમિ છે. તેમાં પણ ઉપર નીચેના ૧૦-૧૦ યોજન છોડી દઇએ એટલે વચ્ચેના ૮૦ યોજનના ભાગમાં વાણવ્યંતર દેવતાઓનો જન્મ થાય છે. ત્યાં પણ રહે છે અને અત્રે પણ આવે જાય છે.



આ વાણવ્યંતર દેવોના ૮ ભેદ સ્થાનાંગચુત્ર (ઠાણાંગ) ત્રીજા અંગ સૂત્ર નામના આગમમાં કહ્યા છે. તે આ પ્રમાણે-

અણપન્ની, પણપન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદી, મહાકંદી, કુષ્માંડ, અને પતગ.

૧૦. તિર્યક્ જૃંભક જાતિના દેવો–

જરુંભ એટલે વૃદ્ધિ પામતો એમનો સ્વચ્છંદાચાર નિત્ય જૃંભ પામતો અર્થાત વધતો હોવાથી એઓ જૃંભક કહેવાય છે. ચિત્ર-વિચિત્ર અને વૈતાઢય તથા મેરૂ વગેરે પર્વતો ઉપર તિર્યક્ લોકમાં વસનારા આ દેવો તિયક્જૃંભક દેવ તરીકે ઓળખાય છે. એમનું પલ્યોપમનું આયુષ્ય હોય છે. હંમેશા આમોદ-પ્રમોદમાં રહે છે. ક્રીડા કરવામાં મસ્ત હોય છે. તેમજ સુરત સમાગમમાં પણ લીન રહે છે.

અન્ન, પાન, વસ્ત્ર, વસતિ, શય્યા, પુણ્ય, અને ફળ, આ વસ્તુઓ ખુટતી હોય તો પૂરી પણ પાડે છે. ઓછા રસવાળીને રસભરી બનાવે છે. અન્ન વગેરેની વૃધ્ધિ કરનારી છે, વિદ્યા વગેરેની વૃધ્ધિ કરનારા વિદ્યાજૃંભક દેવો પણ છે. ભગવાન મહાવીર પ્રભુના જન્મ સમયે સિદ્ધાર્થ રાજાના રાજકુળના બંદીખાનાં ધન-ધાન્ય, અન્ન, વસ્ત્રાદિની ખૂબ-ખૂબ વૃદ્ધિ એમને કરી હતી. તેમજ, ભગવાનના દીક્ષા સમય પહેલા ચારે બાજુથી દાટેલા, મૂકેલા ધનના ઢગલા લાવીને જેમને પ્રભુના ખજાનામાં ખૂબ ખૂબ ધન-ધાન્ય-વસ્ત્રાદિની વૃદ્ધિ કરી હતી અને પછી ભગવન્તે ૧ વર્ષ સૂધી યથેચ્છ વરષીદાન આપ્યુ હતું.

આ વર્ણન પવિત્ર શ્રી કલ્પસૂત્રમાં આવે છે. એજ પ્રમાણે નાના બાળમુનિ વજ્રામુનિની ગોચરીએ જતાં માર્ગમાં ૧–૨ વાર પરીક્ષા પણ કરી હતી. અને વજ્રામુનિ ઓળખી ગયા કે આ તો દેવ છે. અને સાધુને દેવપિણ્ડ કલ્પે નહીં. તેમને ઘેબર આદિ આહારની ના પાડી. ત્યારે એ તિર્યક્ જૃંભકદેવે પ્રસન્ન થઈને તેમને વિદ્યા પણ આપી હતી. યશ ખૂબ વધ્યું

આ તિર્યક્ જૃંભક દેવો શાપ અને વરદાન બન્ને આપવાની ક્ષમતા ધરાવે છે. ક્રોધાતુર હોય એ વખતે જે એમને જુએ એ અપચશ અને અનર્થ પણ પામે છે. શ્રાપ પણ આપી દે છે અને પ્રસન્ન–સંતુષ્ટ હોય એ વખતે જો એમનું દર્શન કોઈને થાય તો એના ધનાગમમાં ધન–ધાન્યાદિની વૃદ્ધિ પણ કરી આપે છે, માટે અનુગ્રહ–નિગ્રહ સમર્થ આ દેવો છે. એમનામાં એ પ્રકારની શક્તિ છે.

આ તિર્યક્ જૃંભક દેવો ૧૦ પ્રકારના છે. અન્નજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, વેશ્મજૃંભક, શય્યાજૃંભક, પુષ્પજૃંભક, ફળજૃંભક, વિદ્યાજૃંભક તથા દશમાં અવ્યક્ત જૃંભકદેવો છે. (જેઓ વગર વિભાગે પણ વૃધ્ધિ કરનારા છે) આ પ્રકારનું વર્ણન પાંચમા અંગશ્રી ભગવતી સૂત્રના ચૌદમા શતકમાં કર્યું છે.

વ્યંતર નિકાયમાં ૭ા સાડા સાત હાથ પ્રમાણનું શરીર હોય છે અને ૧ પલ્યોપમ પ્રમાણ આયુષ્ય હોય છે. મનુષ્યોની જેમ જ કાયસેવી ભોગી તેઓ પણ હોય છે.

દાખલો ૨૫.

૨૬ + ૨ + ૨ = ૧૦ + ૨ + ૨ ૧૦ + ૨ + ૨ = ૨૬ ફક્ત સમાનતા ડાબી બાજુના અવયવો.

ફક્ત સમાનતા જમણી બાજુના અવયવો.


૧૦	ફક્ત સમાનતા	૨	૨	ફક્ત સમાનતા	૨	૨	૧૦

૧૦	ફક્ત સમાનતા	૨	૨	ફક્ત સમાનતા	૨	૨	૧૦

| ૨૬ | ફક્ત સમાનતા | ૨ | ૨ | ફક્ત સમાનતા | ૨ | ૨ | ૨૬

જ્યોતિષ્ક દેવો-

સમસ્ત બ્રહ્માંડ ચૌદ રાજલોક પ્રમાણ છે. ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોક એવા ત્રણ મુખ્ય લોકો છે. એનાથી ચૌદ રાજલોકના ત્રણ ભાગ પડે છે. ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવો




છે, અને અધોલોકમાં ૭ નરક પૃથ્વીઓ છે. આપણા શરીરના કેન્દ્રમાં જેમ નાભિ છે, તેમ ૧૪ રાજલોકમાં મધ્યમાં કેન્દ્રમાં અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. આ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. આ અસંખ્ય દ્વીપ સમુદ્રો ઉપર નહીં પરન્તુ તિર્ચ્છા છે. અસંખ્ય દ્વીપ સમુદ્રોની મધ્યમાં મેરૂ પર્વત છે. તે પર્વત ૧ લાખ યોજન ઉંચો છે. તે મેરૂ પર્વત જે દ્વીપમાં છે તે જંબુદ્વીપ છે. આ જંબુદ્વીપ ૧ લાખ યોજનના વિસ્તારવાળો છે. અને તેને ફરતો ૨ લાખ યોજન વિસ્તારવાળો લવણ સમુદ્ર છે. તેને ફરતો ગોળ વલયાકારે ૪ લાખ યોજનનો ઘાતકી ખંડ છે, તેને ફરતો ૮ લાખ યોજનના વિસ્તારવાળો કાલોદધિસમુદ્ર છે. અને તેને ફરતો ૧૬ લાખ યોજન વિસ્તારવાળો પુષ્કરાર્ધ દ્વીપ છે. પરન્તુ આ પુષ્કરાર્ધ દ્વિપની અંદર વલયાકારે મધ્યમાં માનુષોત્તર પર્વત છે. તેની બહાર મનુષ્ય વસ્તિ નથી. પુષ્કર દ્વીપ અર્ધોજ લેવાય એટલે પુષ્કરાર્ધ દ્વીપ કહેવાય છે. આ પ્રમાણે અઢી દ્વીપ (સમુદ્ર) થયા.

અઢી દ્વીપ–સમુદ્રોનો વિસ્તાર આ પ્રમાણે છે.

(૮ (૮ (૪ ૨ (૧) ૨) ૪) ૮) ૮) = ૪૫ લાખ યોજન અઢી દ્વીપનો આયાર–વિસ્તાર ૪૫ લાખ યોજન થયો ત્યાર પછી પણ શુભ નામોના અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. એક દ્વીપ પછી તેના કરતાં ડબલ સમુદ્ર, ફરી દ્વીપ, ફરી સમુદ્ર એમ ૧ રાજલોક પ્રમાણ વિસ્તારવાળા આ તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્રો છે.


તે તે દ્વીપમાં મધ્યમાં મહાવિદેહ ક્ષેત્રના કેન્દ્રમાં મેરૂ પર્વત છે. તે મેરૂ પર્વતની ચારે બાજુ ફરતાં સૂર્ય–ચંદ્ર


આદિના વિમાનો છે. તેમાં રહેનારા દેવતાઓ જ્યોતિષ્ક દેવતાએ કહેવામાં આવે છે.



આ જ્યોતિષી દેવતાઓ ઊર્ધ્વલોકમાં પણ નથી. અને અધોલોકમાં પણ નથી. પરન્તુ જે તિર્છાલોકમાં છે. તિર્છાલોકમાં

જે અસંખ્ય-દ્વીપ-સમુદ્રો છે. તેમાં સર્વપ્રથમ મધ્યનો દ્વીપ જંબુદ્વીપ જે છે. તેના મધ્યના ક્ષેત્ર તરીકે મહાવિદેહ ક્ષેત્ર છે. તે મહાવિદેહના પણ મધ્યમાં તથા જંબુદ્વીપના કેન્દ્રમાં મેરૂ પર્વત છે. તે ૧ લાખ યોજન ઉંચો છે. આ મેરૂ પર્વતની નીચેના ભાગની તળેટી–તળીયાની ભૂમિને સમતલા ભૂમિ કહેવામાં આવે છે.





આ સમતલા ભૂમિથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉંચે–એમ ૯૦૦+૯૦૦=૧૮૦૦ યોજનનો તિર્ચ્છાલોકનું ક્ષેત્ર છે. આ ૯૦૦ યોજનમાં જ એટલે તિર્ચ્છાલોકમાં જ રહેનારા જ્યોતિષ્ક દેવતાઓ છે. આ ૯૦૦ યોજન પૂરા થયા પછી ઉપર ઊર્ધ્વલોક શરૂ થાય છે. હજી ઉપર ૯૯૧૦૦ યોજન ઊંચે ઊર્ધ્વલોકમાં મેરૂપર્વત છે.

જ્યોતિષ્કના મુખ્ય ભેદો – આ તિર્ચ્છાલોકના મેરૂપર્વતના

ક્ષેત્રમાં જ ચારે બાજુ ફરતા જ્યોતિષ્ક દેવતાઓ આવેલા છે. આ દેવતાઓ મુખ્ય પાંચ પ્રકારના છે. "જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો -ગ્રહ-નક્ષત્ર પ્રકીર્ણક-તારકાશ્ચ ॥ ૪-૧૩ જ તત્વાર્થમાં પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજ જણાવે છે કે, જ્યોતિષ્ક દેવતાઓ મુખ્યપણે સૂર્ય, ચન્દ્ર, ગ્રહ નક્ષત્ર, તથા છૂટક તારાઓ એમ પાંચ પ્રકારના છે.

જ્યોતિષ્ક દેવતાઓ કેટલી ઉંચાઇએ છે -

જ્યોતિષી દેવોના બનાવેલા ચિત્રમાં જોતાં ખ્યાલ આવશે કે-નીચે તળિયે અઢી દ્વીપ બતાવેલા છે. તેના મધ્યમાં જંબુદ્વીપ છે. અને તે જંબુદ્વીપના મધ્યમાં મેરૂ પર્વત છે, તેની નીચેની સમતલા ભૂમિથી ઉપર ૯૦૦ યોજન ઉંચે સુધીના તિર્છાલોકમાં સુર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા આદિના જ્યોતિષી દેવો રહેલા છે.

સમતલા ભુમિથી ઉપર જતા ૭૯૦મા યોજનાથી શરૂ કરી ૯૦૦ યોજન સુધી અર્થાત ફક્ત ૧૧૦ યોજન સુધીના જ વિસ્તારમાં આ બધા દેવતાઓ રહેલા છે. ઉંચે ફક્ત ૯૦૦ યોજન સુધીમાં રહેલા છે. અને આમ-આયામ-લંબાઇમાં ગણીએ તો અસંખ્ય-દ્વીપ સમુદ્રો સુધી વિસ્તરેલા છે. સર્વ પ્રથમ સમતલા-ભુમિથી ઉપર જતા ૭૯૦માં યોજને તારામંડલ આવે છે. જ્યોતિષ્ક મંડળમાં સર્વથી નીચે તારામંડળ છે. તેમના વિમાનો નાના છે, ત્યારપછી તારા મંડળથી ૧૦ યોજન ઉંચે એટલે સમતલા પૃથ્વીથી ૮૦૦મા યોજને


સુર્યદેવ છે. તેમનું વિમાન છે. ત્યાર પછી સુર્યથી ૮૦ યોજન ઉંચે અર્થાત સમતલા ભૂમિથી ૮૮૦મા યોજને ચંદ્રનું વિમાન રહેલ છે. ચંદ્રથી ૪ યોજન ઉપર ૮૮૪માં યોજને નક્ષત્ર મંડળ છે. અને ત્યાર પછી નક્ષત્રોથી ૪ યોજન ઉંચે એટલે કુલ ૮૮૮ મા યોજનથી ગ્રહમંડળ શરૂ થાય છે. પછી બધા ગ્રહો એક ઉપર એક એમ આવેલા છે.

સર્વપ્રથમ ૮૮૮મા યોજને બુધગ્રહ છે. પછી તેની ઉપર ૩ યોજને એટલે ૮૯૧મા યોજને શુક્રગ્રહ છે. અને પછી તેનાથી ૩ યોજન ઉંચે એટલે ૮૯૪માં યોજને ગુરુગ્રહ રહેલો છે અને ગુરુગ્રહથી પણ ૩ યોજન ઉપર એટલે કુલ ૮૯૭માં યોજને મંગળગ્રહ છે. અને સર્વથી ઉંચે છેલ્લે અર્થાત મંગળથી ૩ યોજન ઉંચે ૯૦૦માં યોજને અંતિમ ગ્રહ શનિ આવેલો છે. આ પ્રમાણે ગ્રહો એક ઉપર એક ત્રણ-ત્રણ યોજનના અંતરે ઉંચે આવેલા છે. આ તેમનાં વિમાનો છે. ૯૦૦મા યોજને જ્યોતિષ્ક મંડળ સમાપ્ત. બસ તિર્છા લોકની ઉંચાઇ ની હદ પૂરી થઈ ગઈ, ઉર્ધ્વલોકની હદ શરૂ થશે. સુર્યાદિ દેવતાઓ તથા તેમનાં વિમાનો જ્યોતિષ=પ્રકાશ, જ્યોતિ-સ્વરૂપ=પ્રકાશમાન સ્વરૂપ હોવાથી તે જ્યોતિષ્ક દેવતાઓ કહેવાય છે. સુર્યાદિ તે તે જાતિના દેવોના મુકુટમાં પોતપોતાની જાતિ અનુસાર સુર્યાદિના પ્રભાના મંડળ સમાન દેદીપ્યમાન (ચમકદાર) ચિહ્ન હોય છે. અર્થાત સુર્ય જાતિના દેવોનો મુકુટમાં પ્રભામંડળ સમાન દેદીપ્યમાન સુર્ય આકારનું ચિહ્ન હોય છે. ચંદ્રજાતિના દેવોના મુકુટમાં પ્રભામંડળ સમાન દેદીપ્યમાન

ચંદ્રના આકારનું ચિહ્ન હોય છે. એ જ પ્રમાણે તારા–ગ્રહ–નક્ષત્રો આદિને પણ ચિહ્ન હોય છે.

જ્યોતિષ્ક મંડળની મેરૂ પર્વતને નિત્ય પ્રદક્ષિણા


મેરૂ પ્રદક્ષિણા નિત્યગતયો નૃલોકે ॥ ૪–૧૪



સુર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર અને તારાના આ પાંચે જ્યોતિષ્ક

મંડળના દેવતાઓ આ તિર્છાલોકમાં મેરૂપર્વતની ચારે તરફ નિયમિત રીતે પ્રદક્ષિણા કરતા હોય છે. પાંચે ગતિશીલ છે. સતત પરિભ્રમણશીલ છે. મંડળાકારે મેરૂપર્વતની ચારે બાજુ ફરતા હોય છે. આ ગતિ મંડળાકારે છે.

જ્યોતિષ્ક દેવતાઓ



૫ ચરજ્યોતિષ્ક (ગતિશીલ) ૫ સ્થિર જ્યોતિષ્ક (સ્થિતિશીલ)

આ પ્રમાણે જે સુર્ય–ચંદ્રાદિ નિત્ય ગતિ કરે છે. ફરે છે. પ્રદક્ષિણા દે છે તેમને ચર જ્યોતિષ્ક કહેવાય છે. અઢી દ્વીપમાં આ બધા સુર્ય–ચન્દ્રાદિ ગતિશીલ ચર છે. અને અઢી દ્વીપની બહાર બધા અચર સ્થિર છે.

જંબુદ્વીપના જ મેરૂપર્વતની ચારે તરફ પરિમંડળાકારે અર્થાત ગોળ ઘેરાવા પ્રમાણે સતત પરિભ્રમણ કરતા જ રહે છે. એ વિમાનોની આવા પ્રકારની ગોળ–વલયાકારે ગતિ હોય છે. આ ગતિ કૃત્રિમ નથી. અને ઈશ્વરેચ્છાને આધીન નથી. કે ઈશ્વર આ ગતિ કરે છે કે કરાવે છે એવું પણ નથી. પરન્તુ જ્યોતિષ્ક વિમાનો સ્વભાવથી જ પરિભ્રમણ શીલ છે. તેથી તેમની ગતિ સ્વભાવસિદ્ધ છે. આ સુર્ય–ચન્દ્રાદિનાં વિમાનો મેરૂપર્વતથી ૧૧૨૧ યોજન દૂર રહીને પ્રદક્ષિણા ફરે છે. વિમાનો અર્ધ કોઠાના ફળના આકારે સ્ફટિક રત્નમય હોય છે. ચન્દ્રાદિની ગતિ ક્રમશઃ અધિક અધિક છે. સર્વથી ઓછી ચન્દ્રની ગતિ (૧૩૫) છે. તેનાથી (ચન્દ્રથી) સુર્યની ગતિ

વધારે છે. તેનાથી (સુર્યથી) ગ્રહોની ગતિ વધુ ઝડપી છે. અને ગ્રહો કરતા પણ નક્ષત્રોની ગતિ વધારે છે. અને નક્ષત્રો કરતા પણ તારાઓની ગતિ વધારે છે.

આગમશાસ્ત્રોમાં સુર્યચંદ્રાદિની ગતિમાં સહાયક તેમના વિમાનને ખેંચનારા બીજા દેવો બતાવ્યા છે. જે દેવતાઓને આભિ યોગ્ય નામ કર્મનો ઉદય હોય છે. તે દેવતાઓ તે તે વિમાનોને વહન કરે છે. તે દેવો પરિભ્રમણ કરતા વિમાનોની નીચે નીચે ગમન કરે અને વૈક્રિય શક્તિવાલા હોવાથી સિંહ-હાથી-ઘોડા બળદનું રૂપધારણ કરીને ચારે દિશામાં ગોઠવાઇને વિમાનોને વહન કરે છે.

૧. ચંદ્રના વિમાનને – ૧૬૦૦૦ દેવો
૨. સુર્યના વિમાનને – ૧૬૦૦૦ દેવો.
૩. ગ્રહના વિમાનને – ૮૦૦૦ દેવો.
૪. નક્ષત્રના વીમાનને – ૪૦૦૦ દેવો.
૫. તારા મંડળના વીમાનને – ૨૦૦૦ દેવો.

આ પ્રમાણે આટલી સંખ્યામાં તે તે વિમાનને દેવતાઓ વહન કરે છે. અઢી દ્વીપની બહાર જે અચર (સ્થિર) વિમાનો છે, ત્યાં આ ગતિનો પ્રશ્ન જ નથી.

અઢી દ્વીપમાં સુર્ય-ચંદ્રાદિની સંખ્યા –

દ્વીપ-સમુદ્ર	સુર્ય	ચંદ્ર	ગ્રહ	નક્ષત્ર	તારા
જંબુદ્વીપ	– ૨	૨	૧૭૬	૫૬	૧૩૩૯૫૦કો૦કો૦
લવણસમુદ્ર	– ૪	૪	૩૫૨	૧૧૨	૨૬૭૯૦૦કો૦કો૦
ધાતકીખંડ	–૧૨	૧૨	૧૦૫૬	૩૩૬	૮૦૩૭૦૦કો૦કો૦

કાલોદધિ –૪૨ ૪૨ ૩૬૯૬ ૧૧૭૬ ૨૮૧૨૯૫૦કો૦કો૦
પુષ્કરાર્ધ –૭૨ ૭૨ ૬૩૩૬ ૨૦૧૩ ૪૮૨૨૨૦૦કો૦કો૦

આ પ્રમાણે અઢીદ્વીપ (મનુષ્ય ક્ષેત્ર)માં કુલ ૧૩૨ સુર્યો છે અને ૧૩૨ ચંદ્રો છે. ગ્રહ, નક્ષત્ર અને તારા એ ચન્દ્રનો પરિવાર ગણાય છે. અને જે ચન્દ્રનો પરિવાર છે એ જ સુર્યનો પણ પરિવાર છે. સુર્યનો પરિવાર અલગ નથી. કારણ કે ચન્દ્ર સુર્યથી પણ અધિક ઋદ્ધિમાન અને પુણ્યશાલી છે. કુલ ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો અને ૬૬૯૭૫ કોડાકોડી તારાઓ આટલો એક ચન્દ્રનો પરિવાર છે. જંબુદ્વીપમાં આપણી પૃથ્વી ઉપર ૨ ચન્દ્ર–૨ સૂર્ય છે. તેથી પરિવાર ડબલ છે. અને ત્યાર પછી જેમ જેમ ચન્દ્ર–સૂર્ય ડબલ છે. તેમ તારા–ગ્રહ નક્ષત્ર મંડળ પણ તે રીતે છે. તેમની અર્થાત્ અઢી દ્વીપના કુલ ચન્દ્રાદિના પરિવારની સંખ્યા આપી છે.

કલ્પસૂત્રાદિ આગમ શાસ્ત્રમાં ગ્રહોની સંખ્યા ૮૮ ગણાવમાં આવી છે. તેના નામો આદિ પણ ગણાવવામાં આવ્યા છે. પરન્તુ વર્તમાન કાલે સુર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ. આ નવ ગ્રહો જ પ્રસિદ્ધિમાં છે. પ્રચલિત છે.

સૂર્ય–ચંદ્રાદિના વિમાનનું પ્રમાણ–

વિમાન	લંબાઇ–પહોળાઇ	ઊંચાઇ
ચંદ્ર	૫૬/૬૧ યોજન	૮૨/૬૧ યોજન
સુર્ય	૪૮/૬૧ યોજન	૨૪/૬૧ યોજન

ગ્રહ	૨ ગાઉ	૧ ગાઉ
નક્ષત્ર	૧ ગાઉ	૦॥ ગાઉ
તારા	૦॥ ગાઉ	૦। ગાઉ

જઘન્ય સ્થિતિવાળા તારાની લંબાઈ-પહોળાઈ ૫૦૦ મનુષ્યો અને ઉંચાઈ ૨૫૦ ધનુષ્ય હોય છે.

વર્તમાન વિજ્ઞાનયુગની માન્યતાઓ-

વર્તમાન કાળનું વિજ્ઞાન અવિષ્યમાં સતત શોધ—ખોળ કરી રહ્યુ છે. કેટલાય યાનો ચંદ્ર ઉપર મોકલ્યા છે. કહેવાય છે કે એપોલોયાન દ્વારા સૂર્ય પ્રથમથીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની ધરતી ઉપર ઊતર્યો. પરન્તુ પ્રશ્ન એ પણ છે કે હકીકતમાં જે ચન્દ્ર છે ત્યાં આ વિજ્ઞાની એ ગયાછે? અથવા જ્યાંગયા છે તેનું નામ ચન્દ્ર પાડવામા આવ્યુ છે ?

વર્તમાન વિજ્ઞાનના મત પ્રમાણે સુર્ય સ્થિર છે. તેની ચારેબાજુ અન્ય ગ્રહો ફરે છે. અને આમાં પૃથ્વીને પણ ફરતી બતાવી છે. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે. અને પૃથ્વીની ચારે બાજુ ચન્દ્ર ફરે છે. અને બન્ને ભેગા થઈને સુર્યની ચારે બાજુ પ્રદક્ષિણા આપતા ફરે છે. અને તેના કારણે-દિવસ-રાત-ઋતુ પરિવર્તન તથા વર્ષ માસ આદિ થાય છે.

નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર ઉપર ઉપરીને ત્યાંથી માત્ર મારી જ હાથમાં આવી તે જ લઈને આવ્યા છે એથી વિશેષ ત્યાં કંઈ નથી એમ કહેવામાં આવે છે. જીવન પણ ત્યાં નથી. ઇત્યાદિ ઘણી ભિન્ન વિચારધારા છે. તે વિચાર માંગી લે છે.

સૂર્ય-ચંદ્રની ગતિના આધારે કાળ વિભાગ –

અઢી દ્વીપમાં મેરુ પર્વતને પ્રદક્ષિણા ફરતા સુર્ય-ચંદ્રાદિ સતત પરિભ્રમણશીલ, ગતિશીલ છે. અને તેમની ગતિના કારણે જ કાળનો વ્યવહાર થાય છે. દિવસ-રાત-આદિની ગણતરી કરવામાં આવે છે, તથા અમુક નિયત સ્થાનની સુર્યોદય કહેવામાં આવે છે. તથા અમુક નિયત સ્થાને સુર્ય પહોંચતા સુર્યાસ્ત કહેવામાં આવે છે. તેના આધારે પૂર્વ-પશ્ચિમની દિશાને સ્થાપના કરવામાં આવી સુર્યોદયથી પ્રારંભી સુર્યાસ્ત સુધીના કાળને દિવસ કહેવામાં આવે છે અને સુર્યાસ્તથી સુર્યોદય સુધીના કાળને રાત્રિ કહેવાય છે. ૧૫ રાત્રિ-દિવસને ૧ પક્ષ (૧૫ દિવસ, પખવાડીયુ) કહેવામાં આવે છે. ૨ પખવાડીયાનો ૧ મહિનો, ૨ માસની ૧ ઋતુનો, ૧ આયન, ૨ આયનનો, ૧ સંવત્સર (વર્ષ), ૫ વર્ષનો ૧ યુગ, ૨ યુગનો, ૧ દશકો, ૧૦ દશકાનો ૧ સૌકો (૧૦૦ વર્ષ) ૧૦ સૌકાનો ૧ સહસ્ત્રવર્ષ ૧૦ સહસ્ત્ર વર્ષનો ૧ લાખ એમ આગળ વધતા ૮૪ લાખ વર્ષનું ૧ પૂર્વાંગ, પૂર્વાંગને પૂર્વાંગે ગુણતાં અર્થા ૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં ૧ પુર્વકાળ થાય છે. એવા ૮૪ લાખ પુર્વનો ઋષાભદેવ ભગવાનનું આયુષ્ય હતું.

અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ

૧૦ કોડાકોડી પલ્યોયમ = ૧ સાગરોપમ

૧૦ કોડાકોડી સાગસોપમ = ઉત્સાર્થેણી કાળ.

૧૦ કોડાકોડી સાગરોપમ = અવસર્થિણી કાળ.


૨૦ કોડાકોડી સાગરોપમ (અર્થાત ૧ ઉત્સાર્થેણી + ૧ અવ-

સર્પિણી) = ૧ કાળચક્ર

અનન્તા કાળચક્ર = ૧ પુદ્ગલ પરાવર્ત કાળ.

આ પ્રમાણે સુર્ય–ચંદ્રાદિ ઉપર જ વ્યવહાર કાળનો મુખ્ય રહ્યો છે. તેમની ગતિ પ્રમાણે કાળ ગણના છે અને જ્યાં અઢી દ્વીપની બહાર ત્યાં દિવસ–રાતના માસ–વર્ષનો પ્રશ્ન જ નથી રહેતો. પ્રકાશમાં દિવસ, અને જ્યાં પડછાયો (અંધારૂં) પડે ત્યાં રાત.

સ્વર્ગ–નરકમાં તો સુર્ય–ચંદ્ર છે જ નહીં. એટલે ત્યાં દિવસ–રાત જેવી કોઈ વસ્તુ જ નથી. પરન્તુ કેટલા વર્ષ થયા? એ પ્રમાણે ગણના કરવા માટે અહીંના આધારે ગણના કરવામાં આવે છે.



૪૫ અઢીદ્વીપની બહાર જ્યોતિષ્ક દેવોની સ્થિરતા –

'बाहिरवत्थिता :"

મનુષ્યલોકની બહાર અર્થાત અઢી દ્વીપની બહાર સુર્ય ચન્દ્રાદિ સ્થિર હોય છે. ગતિ નથી કરતા. એથી જ્યાં સુર્યનો પ્રકાશ પહોંચે ત્યાં સદાય દિવસ, અને જ્યાં સુર્યનો પ્રકાશ નથી પહોંચ્યું તે અંધારાને સદાય રાત ગણવાની. મનુષ્ય ક્ષેત્રના વિમાનો કરતા બહાર અર્ધા હોય છે. ચન્દ્રના કિરણો અત્યન્ત શીતલ પણ નહીં અને સુર્યના કિરણો અત્યન્ત ઉષ્ણપણ નથી. હોતા. શ્રી કલ્પસુત્રમાં અત્રેના સુર્યની કિરણોની સંખ્યા પણ કહી છે–

ऋतुभेदात् पुनस्तस्याऽतिरिच्यन्तेऽप रश्मय ।

शतानि द्वादश मधौ, त्रयोदश तु माधवे ।।१।।

चतुर्दश पुन र्ज्ये, ष्ठे नभो–नभस्ययोस्तथा ।

पञ्च शैक त्वाषाढे, षोडशैव तथाऽऽश्विने ।। २।।

कार्तिके त्वेवादश च शतान्येवं तमप्यपि

मार्गे च दशसार्धानि शतान्येवं च फल्गुने ।

पौष एव पर मासि, सहस्र किरणा रवे : ॥

–ઋતુઓના ભેદ પ્રમાણે સુર્યના કિરણો વૃદ્ધિ પણ પામે છે.

૧. કાર્તિકમાં–૧૧૦૦ કિરણો
૨. માગસરમાં–૧૦૫૦ ,, ,
૩. પોષમાં– ૧૦૦૦ ,, ,
૪. માહમાં– ૧૧૦૦ ,, ,
૫. ફાગણ —
૬. ચત્રમાં– ૧૨૦૦ કિરણો ,
૭. વૈશાખમાં–૧૩૦૦ ,, ,
૮. જેઠમાં– ૧૪૦૦ ,, ,
૯, અષાઢમાં ૧૫૦૦ ,, ,
૧૦. શ્રાવણ,ભાદરવામાં– ૧૪૦૦ ,, ,
૧૧. આસોમાં ૧૬૦૦ ,, ,

સૂર્ય-ચંદ્રના પ્રકાશનું રહસ્ય :-

આ તપનામ કર્મ : સુર્યનો પ્રકાશ ઉષ્ણ છે, અને ચંદ્રનો પ્રકાશ શીત છે. તેનું શું રહસ્ય છે ? અદ્‌ભુત રહસ્ય છે. સુર્યને જે મુળ વિમાન છે, તેમાં પાછળના ભાગે વિશેષરૂપે મંડળમાં બાદર પૃથ્વીકાયના એકેન્દ્રિય જીવો ત્યાં વસે છે. તે જીવોને આતપ નામ કર્મનો ઉદય હોય છે. આ "આતપ" એક વિશિષ્ટ નામ કર્મ છે. એ આ સુર્ય વિમાનમાં રહેનારા બાદર પૃથ્વીકાય સિવાય બીજા કોઈને પણ નથી હોતો. આ નામકર્મના ઉદયના કારણે તે જીવો અનુષ્ણ અર્થાત શીત હોય છે. આ પરન્તુ તેમનામાંથી નીકળતો પ્રકાશ ઘણો ઉષ્ણ હોય છે. આ એમનો સ્વભાવ જ છે. એ કર્મજન્ય છે. આ કર્મનું આશ્ચર્ય જ એ છે કે સ્વયં અનુષ્ણ-શીત છે અને પ્રકાશ ઉષ્ણ છે. તેના કારણે તાપ-તડકો વિશેષ ઉષ્ણ લાગે છે. તાપ શબ્દ જ અતપનો અપભ્રંશ થઈને આવ્યો છે.

ઉદ્યોતનામ કર્મ-

अणसिण पयासरुवं जिअगमुज्जोअए इदुज्जोआ ।

जइदेवुत्तर विकिरिअ जोइसरुज्जोअखाइच्च ॥

જ્યોતિષ્ક મંડળમાં જે ચંદ્ર-તારા આદિનું જે મંડળ છે, તેના વિમાનોમાં ચંદ્ર-તારાદિમાં બાદર પૃથ્વીકાયના જીવો છે, જેમને "ઉદ્યોતનામ કર્મ"નો ઉદય હોય છે. આ કર્મના ઉદયે એ જીવો-સ્વયંશીત-ઠંડા હોય છે. અને તેમનો પ્રકાશ પણ ઠંડો હોય છે. તે જીવોનું છે. શરીર ઠંડો પ્રકાશ પાથરે જેમ આગિયાના શરીરમાંથી પણ પ્રકાશ નીકળે છે. તે આ કર્મ છે.

જ્યોતિષ્ક દેવોનું આયુષ્ય

જૈન આગમ શાસ્ત્રોમાં આ જ્યોતિષ્ક વિમાનોમાં ઉત્પન્ન થનારા દેવોના આયુષ્યનું પ્રમાણ પણ કહ્યું છે શરીરની ઊંચાઇ વગેરે પણ કહી છે.

૧. ચંદ્રદેવ–શરીરની ઉંચાઈ ૭ હાથ, અને આયુષ્ય ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ

૨. સુર્યદેવ– ,, ,, ૭ ,, ,, આયુષ્ય ૧ પલ્યોપમ ૧ હજાર વર્ષ

૩. ગ્રહદેવ– ,, ,, ૭ ,, ,, ૧ પલ્યોપમ


૪. નક્ષત્રદેવ– ,, ,, ૭ ,, ,, ½ પલ્યોપમ

૫. તારાદેવ– ,, ,, ૭ ,, ,, ૦। પલ્યોપમ

સુર્ય–ચન્દ્રાદિ જ્યોતિષ્ક દેવોના વિમાનોમાં દેવીઓ પણ ઉપજે છે અને મનુષ્યવત્ તેઓ પણ કાયસેવી હોય છે. સુખો ભોગો મનુષ્યવત્ કાયસેવી છે. જ્યોતિષ્ક મંડળના દેવો ફકત તિર્છાલોકમાં જ વસે છે. અને તે પણ ફકત ૧૧૦ યોજનના પરિમિત ક્ષેત્રમાં જ વસે છે. નિવાસ અને ઉત્પત્તિ આદિના આ ક્ષેત્રની બહાર બીજે કયાંય નહીં.

મૃત્યુલોકનો માનવી ગમે તે સાધને માનવ દેહ સાથે તો ચંદ્ર-સુર્ય કે ગ્રહો ઉપર જઈ ન શકે. સુર્યચંદ્રાદિ દેવો છે. ભગવાન મહાવીર સ્વામીને વંદન કરવા પ્રભુની દેશના શ્રવણાર્થે, દર્શનાર્થે આ સુર્ય–ચન્દ્ર બન્ને પોતાના મૂળ વિમાન સાથે આ ધરતી ઉપર નીચે ઉતરી આવ્યા હતા. એવો

સ્પષ્ટ ઉલ્લેખ શ્રી કલ્પસુત્રમાં છે. હિન્દુ ધર્મમાં પણ એને સુર્યનારાયણ તરીકે ભગવાન માનવામાં આવે છે. સુર્યના સહસ્ર નામોનું સ્તોત્ર છે.


૧, વિજય
૨, વૈજયન્ત
૩, જયન્ત
૪, અપરાજિત
૫, સર્વાર્થસિદ્ધ
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૨ દેવલોક
૧, સૌધર્મ
૨, ઈશાન
૩, સનત્કુમાર
૪, માહેન્દ્ર
૫, બ્રહ્મલોક
૬, લાન્તક
૭, મહાશુક્ર
૮, સહસ્રાર
૯, આનત
૧૦, પ્રાણત
૧૧, આરણ
૧૨ અચ્યુત
૯ ગ્રૈવેયક
૧, સુદર્શન
૨, સુપ્રતિબદ્ધ
૩, મનોરમ
૪, સર્વભદ્ર
૫, વિશાલ
૬, સુમનસ
૭, સૌમનસ
૮, પ્રિયંકર
૯, આદિત્ય
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૨ દેવલોક
૯ લોકાંતિક
૧, સારસ્વત
૨, આદિત્ય
૩, વહ્નિ
૪, અરુણ
૫, ગર્દતોય
૬, તુષિત
૭, અવ્યાબાધ
૮, મરુત
૯, અરિષ્ટ
૧૨ દેવલોક
૯ લોકાંતિક
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૨ દેવલોક
૯ લોકાંતિક
સિદ્ધશિલા
૪૫ લાખ યોજન
૧૨ દેવલોક
૯ લોકાંતિક
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક

વૈમાનિક દેવનિકાય–

હવે આપણે વૈમાનિક દેવનિકાય એ નામની દેવગતિની ચોથી અને છેલ્લી જાતિનું વર્ણન કરીએ છીએ. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવી જ નિકાય (જાતિ) દેવગતિમાં છે. "વૈમાનિક" શબ્દ પારિભાષિક છે. તે વિમાન ઉપરથી બન્યો છે. 'વિમાન' એટલે અત્યારના વર્તમાન સંદર્ભમાં જે આકાશ ઉડતા વિમાન એટલે કે Plane જેટ, જંબો કે બોઇંગ વિમાનથી મતલબ નથી. પરન્તુ વિમાન એટલે ઉપરના ઊર્ધ્વ લોકમાં સાત રાજલોકમાં દેવતાઓને રહેવાના સ્થાન ભુમી તેને વિમાન કહેવામાં આવે છે. "વિમાને ભવાઃ વૈમાનિકાઃ।" જે વિમાનોમાં ઉત્પન્ન થાય છે તે દેવ કહેવાય છે. જો કે એમ તો સુર્ય–ચંદ્રને પણ વૈમાનિક દેવ કહેવા ? ના. અહીંયાં આ વૈમાનિક શબ્દ રૂઢ છે.

વૈમાનિક દેવ કોને કહેવા ? તેઓ ક્યાં રહે છે ? તો તેને માટે કહે છે– વૈમાનિકાઃ।, ઉપર્યુપરિ: આ સાથે જે નહશો છે. તે ૧૪ રાજલોકમાંના ઉપરના ઉર્ધ્વલોકના ફકત ૭ રાજલોકનો નકશો છે. તત્વાર્થમાં ઉપર્યુપરિ આ સુત્ર જણાવે છે કે ઉર્ધ્વલોકના ૭ રાજલોકમાં જે વચ્ચે એક રજ પ્રમાણ પહોળી અને ૭ રાજલોક પ્રમાણ લાંબી (ઉભી) વિસ્તારવાળી ત્રસનાડીમાં જ એકની ઉપર એક એમ આવેલા જે ૧૨ દેવલોકો છે તેને વૈમાનિક દેવલોક કહેવાય છે. અહીં જેમ જેમ ઉપર–ઉપર જઈએ તેમ તેમ એક દેવલોક–પછી બીજો.... તેની ઉપર ત્રીજો–ચોથો.... હજી તેની ઉપર....જઇએ તો પમો છઠ્ઠો....

એમ દેવ વિમાનો (પૃથ્વીઓ) છે. વ્યંતર નિકાયની જેમ આ વૈમાનિક દેવોનું સ્થાન જેમ તેમ-અવ્યવસ્થિત નથી. જ્યોતિષ્કની જેમ ફક્ત તિર્છાલોકમાં જ છે એમ પણ નથી.

તિર્છાલોકના કેન્દ્રમાં રહેલો ૧ લાખ યોજનનો જે મેરૂપર્વત છે તેનો ફક્ત ૯૦૦ યોજન જેટલો જ ભાગ તિર્છાલોક-મનુષ્ય ક્ષેત્રમાં છે, એમ ગણાય. પરન્તુ તેથી વધુ એટલે કે ૯૯૧૦૦ યોજન જેટલો ભાગ તો ઉર્ધ્વલોકમાં છે. ૧ લાખ યોજનની ટોચ પૂરી થઈ ગયા પછી સંખ્યાતા યોજનોનો આકાશ ખાલી ગયા પછી ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક શરૂ થાય છે. અર્થાત વૈમાનિક દેવતાઓના વિમાનો આવે છે.

ત્રણ પ્રકારના વિમાનો –

આ દેવતાઓનો વિમાનો ૩ પ્રકારના છે. ૧, ઇન્દ્રક વિમાન- ૨, શ્રેણિબદ્ધ, અને ત્રીજા ૩, પુષ્પપ્રકીર્ણક. આ મુખ્ય વિમાનોના ૩ વિભાગો છે. ૧. જે સર્વની વચ્ચે હોય તેને ઇન્દ્રક વિમાન કહેવાય છે. ૨, શ્રેણિબદ્ધ-જે પૂર્વ આદિ દિશાઓમાં ક્રમસર શ્રેણિરૂપ એક લાઈનમાં વ્યવસ્થિત છે સ્થિત છે તે વિમાનોને શ્રેણિબદ્ધ વિમાન કહેવાય છે. અને વિખરાએલા ફૂલોની જેમ જે અવ્યવસ્થિત રીતે જ્યાં ત્યાં પથરાયેલા હોય તે જાતને "પુષ્પપ્રકીર્ણક" વિમાન કહેવામાં આવે છે. આ દેવલોકમાં વિમાનોના મુખ્ય પ્રકારો છે.


વૈમાનિક દેવલોકમાં કોણ કોણ ગણાય ?

ચાર પ્રકારની દેવ જાતિમાં વૈમાનિક દેવ નિકાય સર્વથી મોટી નિકાય છે. સારી છે, અને આ ચૌદે રાજલોકની સમસ્ત

જીવસૃષ્ટિની ઉંચામાં ઉંચી અને સારામાં સારી સુખની જાતિ આ વૈમાનિક દેવોની નિકાય છે.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એકની ઉપર એક એમ ઉપર જતાં જતાં ઉપર-ઉપર છેક છેલ્લે સુધી ત્યાં સુધીમાં જેટલા દેવતાઓ આવે છે, તે બધાય વૈમાનિક દેવ નિકાયમાં ગણાય છે. તેના મુખ્ય બે ભાગ ગણવામાં આવે છે.

"कल्पोपपन्नाः कल्पातीताश्च"



આ પ્રમાણે વૈમાનિક દેવોના પ્રકાર કુલ ૩૮ છે, જે આગળના નકશા (ચિત્ર)માં દર્શાવવામાં આવ્યા છે. તે જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે કોણ ક્યાં રહે છે? કોનો નિવાસ ક્યાં છે? કલ્પ એટલે જ્યાં નાના મોટાની મર્યાદા છે, તેને કલ્પ કહેવાય છે, અથવા તો બીજી રીતે જ્યાં ઈન્દ્ર આદિની દશ પ્રકારની દેવ વ્યવસ્થાની જે કલ્પના કરવામાં આવી છે. તેને પણ કલ્પ કહેવામાં આવે છે. આ કલ્પમાં જે ઉત્પન્ન થયા હોય તે કલ્પોત્પન્ન છે. તે કલ્પ ૧૨ છે. તેમાં ઉત્પન્ન થનારીને કલ્પોત્પન્ન દેવ કહેવામાં આવે છે

તે ૨૪ પ્રકારના છે. અને જ્યાં નાના મોટાનો વ્યવહાર પણ નથી. અને જ્યાં ઇન્દ્ર, સામાનિક આદિ દશ પ્રકારની કોઈ વ્યવસ્થા કે મર્યાદા પણ નથી. તેને કલ્પનાથી અતીત એટલે કલ્પાતીત દેવલોક કહેવાય છે. આ કલ્પાતીત ૧૪ પ્રકારના છે. ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર.

બાર દેવલોકનું વર્ણન

सौ धर्मशानसनतकुमार माहेन्दब्रह्मलांतवजा ।
शुक्रसहस्त्राशनतप्राणतजा आरणाच्युतजा ॥

આગળનું ચિત્ર ચૌદ રાજલોકનું અર્ધું છે. કારણ નીચેની સાત નરકીઓ સાત રાજલોકના અર્ધા ભાગમાં આવેલી છે. તે અહીંયાં દેવલોકના વિષયમાં ઉપયોગી ન હોવાથી નીચેનું ચિત્ર છોડીને ફક્ત દેવલોકોનું ઉપરના સાત રાજલોકનું ઉર્ધ્વલોકનું ચિત્ર લીધું છે. ઊર્ધ્વલોકના સાત રાજલોકમાં ઊભી ૧ રાજ પહોળી તથા ૭ રાજલાંબી એવી ત્રસનાડીમાંજ આ બધા દેવલોકો છે. તિર્છાલોકના મધ્યમાં જે મેરૂ પર્વત છે એ એક લાખ યોજન ઉંચો છે. તેની છેલ્લી ટોચ પૂરી થયા પછી અને એ જ પ્રમાણે જે સુર્ય–ચંદ્રાદિ જ્યોતિષ્ક મંડળ છે તેમનાથી ઉપર અસંખ્યાત યોજન ગયા બાદ વૈમાનિક કલ્પોત્પન્નના ૧૨ દેવલોકો છે તેના નીચેથી ઉપર ઉપર જતાં ક્રમશ: બાર દેવલોકો છે. અસંખ્ય યોજન પછી જમણીબાજુ પહેલો સૌ ધર્મ અને ડાબી બાજુ બીજો ઈશાન એવા બે દેવલોકો આવે છે. ઈશાન દેવલોક સૌધર્મથી થોડો ઉપર છે. બન્ને સમ શ્રેણિમાં નથી.

સૌધર્મની સમશ્રેણિમાં એની ઉપર અસંખ્ય યોજન ઉંચે ઉજ્જે સનત્કુમાર દેવલોક છે. એ જ પ્રમાણે બીજા ઈશાન દેવલોકથી અસંખ્ય યોજન ઉંચે ચોથો માહેન્દ્ર દેવલોક છે.

હવે પછી બે-બે- સાથે ન આવતા મધ્યમાં એટલે વચ્ચે વચ્ચે એક એક દેવલોક આવે છે. ઉજ્જ અને ૪થાની વચ્ચે પરન્તુ ઘણો ઉપર પાંચમો બ્રહ્મલોક છે. એની જ શ્રેણિમાં ઉપર ૬ઠો દેવલોક લાંતક છે. એની ઉપર ૭મો મહાશુક્ર દેવલોક છે. અને એની ઉપર વચ્ચે ૮મો સહસ્ત્રાર દેવલોક છે. અહીંયા આઠ દેવલોક પૂરા થયા પછી ફરી બે-બે-દેવલોકો સાથે આવે છે.

૯મું આનત દેવલોક જમણી બાજુમાં અને ડાબી બાજુમાં ૧૦મું પ્રાણતદેવલોક છે. એમાં પણ આનતથી પણત કંઈક ઉંચે છે. એની ઉપર અર્થાત આનતની ઉપર ૧૧મો આરણ દેવલોક છે. અને પ્રાણતની ઉપર ૧૨મો અચ્યુત દેવલોક છે. એમાં પણ આરણઅચ્યુત કંઈક ઉચે છે. આ બાર દેવલોકો કલ્પોપન્ન વૈમાનિક દેવલોક તરીકે ગણાય છે.

૯ લોકાન્તિક અને ૩ કિલ્બિષક દેવો-

કલ્પોપપન્નના ૧૨ વૈમાનિક દેવલોકમાં જ આ બીજા ૧૨ પ્રકારના દેવતાઓ રહે છે. તેમાં ૯ લોકાન્તિક દેવો તથા ૩ કિલ્બિષિકો છે. બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ ૪-૨૫) ૧૨ દેવલોકમાં જે ૫ મો બ્રહ્મલોક છે. તેની દિશામાં લોકના અન્ત ભાગ સુધી રહેનારા, લોકના અંતે રહેનારા હોવાથી લોકાન્તિક દેવો કહેવાય છે. બ્રહ્મલોક નામના પમા દેવલોકના અંતે ચાર

દિશામાં ૪, ૪ વિદિશામાં ૪ અને ૧ મધ્યમાં એમ ૯ વિમાનો છે. આ નવ વિમાનોમાં જન્મનારા, રહેનારાને ૯ લોકાંતિક દેવો કહેવાય. તેમના વિમાનોનાં નામ આ પ્રમાણે છે.–

सारस्सयाइच्चवन्हिवरुणा गद्दतोय-तुषिता-ऽव्याबाध -मरुतोऽरिष्टश्च ॥

(૧) સારસ્વત, (૨) આદિત્ય (૩) વન્હિ, (૪) વરૂણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) મારૂત (૯) અરિષ્ટ એમ નવ વિમાનોના નામો છે. અને એ વિમાનોમાં રહેનારા દેવતાઓ એ નામથી જ ઓળખાય છે. જેમ ભારતમાં રહેનારા આપણે ભારતીય તરીકે ઓળખાઇએ છીએ તેમ લોકાંતિક દેવતાઓ પણ તેમના વિમાનના નામથી ઓળખાય છે લોક એટલે સંસાર પણ થાય છે, લોકનો અર્થાત્ સંસારનો અંત કરનારા હોવાથી પણ તે લોકાન્તિક દેવતાઓ કહેવાય છે. જ્યારે તીર્થંકર ભગવંતો દીક્ષા લેવાનો સમય આવે છે. ત્યારે આ દેવતાઓ ૧ વર્ષ પહેલા આવીને ભગવંતની આગળ "जय जयनंदा, जय जय भद्दा" એ પ્રમાણે સ્તુતિ કરીને વિનંતી કરતા કહે છે– " भयवं तित्तं पवत्तेहि" હે ભગવંત, આપ તીર્થ પ્રવર્તાવો. આ પ્રમાણે તીર્થ પ્રવર્તાવવા માટે વિનંતિ કરવાનો જાણે શાશ્વતો આચાર હોય તેમ સર્વત્ર તીર્થંકરભગવંતો પાસે અચૂક નિયમિત જાય છે. આ સાંભળીને ભગવાન તે દિવસથી ૧ વર્ષ સુધી વરષીદાન આપે છે.

આ દેવતાઓ ઘણું લઘુકર્મી હોય છે. તેઓ વિષય –વાસના રતિ કિડાથી રહિત હોવાથી તેમને દેવર્ષિ પણ

કહેવામાં આવે છે. લોકાન્તિક દેવનો જીવ સાત-આઠ ભવે મોક્ષમાં જાય છે. બીજો પણ મત આમાં છે.

કિલ્બિષિક દેવો જે અન્ત્યજ સમાન હોય છે તે ૩ પ્રકારના છે. ત્રણ સ્થળે રહે છે. ૧, પહેલા બે દેવલોકની નીચે, રહેનારા, ૨, ત્રીજા દેવલોકની નીચે રહેનારા, ૩, અને છઠ્ઠા લાન્તક દેવલોકની નીચે રહેનારા એમ ત્રણ પ્રકારના કિલ્બિષિક દેવતાઓ છે.

કલ્પાતીત કક્ષાના નવ ગ્રૈવેયક દેવો-

જેમને કલ્પોપન્નના કલ્પ એટલે નાના-મોટા પૂજ્ય-પૂજક ભાવ વગેરેનો કલ્પ એટલે મર્યાદા તે ક્યાં સુધી હોય છે ? તો કહે છે "प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः" અર્થાત ૯ ગ્રૈવેયકોની પુર્વ (પહેલા) સુધી જે ૧૨ દેવલોક છે ત્યાં સુધી જ આ કલ્પ અર્થાત મર્યાદાની અવધિ હોય છે. અને પછીના ઉપર દેવતાના ભેદો નથી હોતી તેને કલ્પાતીત અર્થાત મર્યાદાતીત કહેવામાં આવે છે. "स्वामी सेवक भावादि कल्पेन रहिता हमे ॥ અર્થાત સ્વામી સેવક ભાવાદિની મર્યાદા જ્યાં કંઈ જ નથી તે કલ્પાતીત દેવતાઓ કહેવાય છે.

કલ્પાતીત દેવો

|

| |

૯ ગ્રૈવેયક ૫ અનુત્તર = ૧૪

ચૌદ રાજલોકનો જે નકશો છે. તેની આકૃતિવાળો જે ચૌદ રાજલોક પુરૂષ જે છે. તેની ગ્રીવા અર્થાત ડોકના ભાગ

ઉપર ગળામાં પહેરેલા હારના આભુષણની જેમ શોભા છે, તેમ ચૌદ રાજલોક પુરૂષની ગ્રીવાના ભાગના સ્થાને જેમનું નિવાસ સ્થાન વિમાનો છે તેમને ગ્રૈવેયક દેવતાઓ કહેવામાં આવે છે. તે ૯ પ્રકારના છે. (૧) અધસ્તનાધસ્તન (૨) અધસ્તન મધ્યમ (૩) અધાસ્તનો પરિતન (૪) મધ્યમાધસ્તન (૫) મધ્યમ મધ્યમ (૬) મધ્યમોપરિતન (૭) ઉપરીધસ્થાસ્તન (૮) ઉપરીસ્થિ મધ્યમ અને (૯) ઉપરિસ્થઉપરિતન.

આ નવ ગ્રૈવેયકો છે. તેમાં ઉત્પન્ન થતાં દેવો પણ ગ્રૈવેયક દેવોના નામથી જ ઓળખાય છે. નવ ગ્રૈવેયક શરીરની ઉંચાઈ ફકત ૨ હાથ પ્રમાણ જ હોય છે. અને તેમનું આયુષ્યાદિ નીચેના કોષ્ટક પરથી જણાશે.

	૯ ગ્રૈવેયકના નામ	શરીર	આયુષ્ય	વિષય ભોગ	અવધિજ્ઞાનનું ક્ષેત્ર
૧	સુદર્શન	૨ હાથ	૨૩ સાગરોપમ	નથી	૬ઠ્ઠી નરક સુધી જુએ
૨	સુપ્રતિબદ્ધ	,,	૨૪ ,,	,,	,, ,, ,,
૩	મનોરમ	,,	૨૫ ,,	,,	૭મી ,, ,,
૪	સર્વતો ભદ્ર	,,	૨૬ ,,	,,	,, ,, ,,
૫	સુવિશાળ	,,	૨૭ ,,	,,	,, ,, ,,
૬	સુમનસ	,,	૨૮ ,,	,,	,, ,, ,,
૭	સૌમનસ્ય	,,	૨૯ ,,	,,	,, ,, ,,
૮	પ્રિયંકર	,,	૩૦ ,,	,,	,, ,, ,,
૯	નંદીકર	,,	૩૧ ,,	,,	,, ,, ,,

પાંચ અનુત્તર વિમાન :

"न उत्तरे - अनुत्तर" येषामुत्तरे विमाना: न विद्यते ते अनुत्तरा: ।

અનુત્તર શબ્દનો અર્થ કરે છે, હવે જેની ઉત્તરમાં એટલે ઉપર કે આગળ કોઈપણ દેવતાઓના વિમાનો છે જ નહીં તે અનુત્તર કહેવાય છે. નવગ્રૈવેયક વિમાનોની પણ ઉપર જે પાંચ વિમાનો છે તે અનુત્તર વિમાનો છે. અથવા દેવલોકના અંતે (છેડે) આવેલા હોવાથી હવે તેમની ઉત્તર=એટલે પછી, આગળ બીજા કોઈ વિમાનો નથી. માટે તે અનુત્તર કહેવાય છે. આ પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો અલ્પ સંસારી– એકાવતારી હોવાથી બધા ઉત્તમ દેવો છે. તેમનાથી ઉત્તમ બીજા કોઈ દેવો જ નથી. એવા અનુત્તર વિમાનો પાંચ છે. (૧) વિજય (૨) વૈજયન્ત (૩) જયન્ત (૪) અપરાજિત, (૫) સર્વાર્થસિદ્ધિ. આ પાંચ અનુત્તર વિમાનોના નામો છે. એમાં ઉત્પન્ન થનારા દેવો તે તે નામથી ઓળખાય છે. "अनुत्तरोववातिदशांगसूत्र" * જૈન જય આગમોમાં ૧૧ અંગસૂત્રો છે. તેમાં આ નવમું અંગ સૂત્ર છે. તેમાં જે જે આરાધક આત્માઓ અત્રેથી ત્યાં અનુત્તર વિમાનમાં જઈને ઉત્પન્ન થયા છે તેમનું વર્ણન છે. ઉપપાત એટલે જન્મ. અને જેનો અનુત્તર વિમાનોમાં ઉપપાત થયો છે તે अनुत्तरोपपातिक". અને તેમાં ઉત્પન્ન થનારા ૧૦ ઉત્તમ આત્માઓ છે. તેથી 'દશા' શબ્દ સાથે જોડાયો છે. અને

* શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર તરફથી આ આગમ પ્રકાશ ગુજરાતી અનુવાદ સહ પ્રસિદ્ધ થયો છે તે દરેકને વાંચવા ખાસ વિનંતિ.

આગમ સૂત્રોમાં આ આગમ અંગસૂત્ર તરીકે ઓળખાય છે. માટે "શ્રી અનુત્તરોપપાતિક-દશાંગસૂત્ર" આ પ્રમાણે આ આગમનું નામ છે.

ભગવાન મહાવીર સ્વામીના પરમ ઉપાસક મહારાજા શ્રેણિકના પુત્રો-જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિસેન દીર્ઘદન્ત, લષ્ટદંત, વેહલ્લ, વેહાસ અને અભયકુમાર. આ શ્રેણિક પુત્રોએ ચારિત્ર લઈ આરાધના કરીને વિજયાદિ પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા છે. તેઓ બધા એકાવતારી છે. ૩૨, ૩૩ સાગરોપમોનું આયુષ્ય છે. એ જ પ્રમાણે મહારાજા શ્રેણિક અને દેવી ધારિણી, જે રાજા શ્રેણિકની પટ્ટરાણી છે તેમના બીજા તેર પુત્રો છે. દીર્ઘસેન, મહાસેન, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, મહાસિંહસેન, અને પુણ્યસેન. આ તેરે પુત્રો દીક્ષા લઈ ચારિત્ર પાળીને વિજયાદિ પાંચ અનુત્તરમાં ઉત્પન્ન થયા છે. તેઓ એકાવતારી છે. માટે અહીંથી ચ્યવી મહાવિદેહમાં જઈ જન્મીને ચારિત્ર પામી, કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

એ જ પ્રમાણે આજ આગમના ત્રીજા અધ્યયનમાં પણ જે ૧૦ અધ્યયનો કહ્યા છે તેમાં પણ હકીકત એવી છે કે કાકંદી નગરીમાં રહેનારી ભદ્રાસાર્થવાહીને ૧૦ પુત્રો હતા. ધન્ય, સુનક્ષત્ર, ઋષિદાસ, પેલ્લક, રામપુત્ર, ચન્દ્ર, પૃષ્ટ, પેઢાલપુત્ર, પોટ્ટિલ અને વેહલ્લ. આ દસે પુત્રોએ ચારિત્ર લીધું. ઉત્તમ તપ

કર્યું એમાં ધન્ના અણગાર * તો એક મહાન તપસ્વી તરીકે ભગવાન મહાવીરના ૧૪૦૦૦ સાધુઓમાં શ્રેષ્ઠ તરીકે પંકાયા. એક વખત મહારાજ શ્રેણિકે પુછયું હે ભગવંત! આટલા ચૌદ હજાર સાધુઓમાં કોણ ઉત્કૃષ્ટ અણગાર* (સાધુ) છે? એટલે ભગવંતે કહ્યું કે શ્રેણિક! આજીવન છઠ્ઠના પારણે અને તેમાં પણ પારણે આયંબિલ કરનાર ધન્ના અણગાર ઉત્કૃષ્ટ તપસ્વી છે. અને શ્રેણિકે વાંદ્યા.

આવા ઉત્કૃષ્ટ અણગાર કાળ પામી પાંચમા અનુત્તર સર્વાર્થ સિદ્ધમાં ઉત્પન્ન થયા. અને એકાવતારી બન્યા. ૩૩ સાગરોપમનું આયુષ્ય પામ્યા અને ત્યાંથી ચ્યાવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી ચારિત્ર લઈ, કેવળ જ્ઞાન પામી મોક્ષે જશે. એ જ પ્રમાણે બીજા નવે પણ ચારિત્ર લઈ પાંચ અનુત્તર ઉત્પન્ન થયા. તેમાં પણ ત્યાંથી ચ્યાવી મહાવિદેહમાં ચારિત્ર લઈ કેવળ જ્ઞાન પામી મોક્ષે જશે.

આ પ્રમાણે અનુત્તર વિમાનો છે. કલ્પાતીત દેવલોક છે. ઉત્કૃષ્ટ કક્ષાના દેવતાઓ ત્યાં ટોચે વસે છે, તેઓ એકાવતારી હોય છે. અનુત્તર વિમાનોના દેવો વિનયશીલ સ્વભાવથી જ જય રૂપ છે. પોતાના અભ્યુદયના વિઘ્નના કારણોને પણ જીતી લીધા છે

---

* ધન્ના અણગારનું ચરિત્ર-તપશ્ચર્યાનું વર્ણન શ્રી અનુત્તરોપપાતિક દશા આગમમાંથી વાંચવું. ગુજરાતી અનુવાદ આ જ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયો છે.

એટલે એમને ક્રમથી વિજય, વૈજયન્ત આદિ કહેવાય છે. આ જ તેમના વિમાનના નામો છે. જે વિઘ્નોથી પરાજિત નથી થતા તે અપરાજિત કહેવાય છે. અને સર્વ અભ્યુદયના પ્રયોજનોમાં જે સિધ્ધ થઈ ગયા છે અને સર્વ અર્થો જેમના સિદ્ધ થઈ ગયા છે. તે સર્વાર્થ સિદ્ધ દેવો કહેવાય છે.

ક્રમ	૫ અનુત્તર	શરીર પ્રમાણ	આયુષ્ય	અવધિ જ્ઞાન	ભવ
૧	વિજય	૧ હાથ	૩૧ સા. ૬૨	સંપૂર્ણ ત્રસ નાડી	દ્વિચરમાવતારી
૨	વૈજયન્ત	,,	,, ૩૨	,,	,,
૩	જયન્ત	,,	૩૧,૩૨ સા.	,,	,,
૪	અપરાજિત	,,	૩૨ સા.	,,	,,
૫	સર્વાર્થસિદ્ધ	,,	૩૩ સા.	,,	એકાવતારી

વૈમાનિક દેવલોકમાં દેવીઓ.

વૈમાનિક દેવલોકમાં સૌધર્મ તથા ઈશાન ફક્ત આ બે જ દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થાય છે. તેથી આગળ ઉત્પન્ન નથી થતી. પરંતુ આઠમા દેવલોક સુધી ગતિ કરી શકે છે. અથવા દેવીઓ જોઈ શકે છે. હોવાના કારણે પ્રથમ બે દેવલોક સુધીના દેવો મનુષ્યવત્ કામ વિષય ભોગોની સેવના કરે છે. પછીના ઉપરના નહીં. પછી ઉપર ૩, ૪ થા સ્વર્ગના દેવો સ્પર્શસેવી છે, પછી પાંચમા, છઠ્ઠા દેવલોકના દેવો માત્ર રૂપસેવી છે. દેવીનું રૂપ જોઇને સંતોષ પામે છે. પછી ૭મા ૮મા દેવલોકના માત્ર શબ્દ સેવી છે. પછી બસ પછી ૮માથી ઉપર

દેવી નથી જતી. એટલે પછીના ચાર એટલે ૮ થી ૧૨ સુધીના મનઃસેવી છે. અને પછી તો ૯ ગ્રૈવેયક, પાંચ અનુત્તર દેવલોકોમાં મનથી પણ કોઈ વિષયભોગનો વિચાર સુધ્ધાં પણ નથી કરતા. "कायप्रवीचारा आ ऐशानात" પ્રવિચાર એટલે મૈથુન સેવન તે ફક્ત બીજા ઈશાન દેવલોક સુધીના દેવતાઓને છે. પછીનાને તો "शेषाः स्पर्श-रुप-शब्द-मन प्रवीचारा द्वयोर्द्वयोः" સ્પર્શ, રૂપ, શબ્દ અને મનથી જ માત્રને છે. "परे अप्रविचारा" પછી-પછીના ઉપરના દેવોને તો મૈથુનનો વિચાર પણ નથી હોતો. માટે તેઓ અપ્રવિચારી છે.

જેમ જેમ નીચેની દેવગતિ મળે તેમ તેમ વિષય ભોગેા-વાસના વધારે હોય છે. અને ઉપર-ઉપરના દેવલોકમાં ઘટતી જાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક આદિ દેવલોકોમાં તો દેવીઓ પણ છે અને પ્રવિચાર પણ છે. એથી જ કર્મબંધની પ્રવૃતિ દેવલોકમાં પણ છે. પાપ પણ બંધાય છે.

વૈમાનિક દેવીઓની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિનું યંત્રઃ-

દેવલોક	દેવી	ઉત્કૃષ્ટ સ્થિતિ	જઘન્ય સ્થિતિ
સૌધર્મ	પરિગૃહીતા	૭ પલ્યોપમ	૧ પલ્યોપમ
સૌધર્મ	અપરિગૃહીતા	૫૦ પલ્યોપમ	૧ પલ્યોપમ
ઈશાન	પરિગૃહીતા	૯ પલ્યોપમ	સાધિક ૧ પલ્યોપમ
ઈશાન	અપરિગૃહીતા	૫૫ પલ્યોપમ	સાધિક ૧ પલ્યોપમ




દેવલોકમાં ઉપપાતજન્મ–

વૈક્રિયમૌપપાતિક વૈક્રિય શરીરધારી દેવતાઓનો જન્મ ઉપપાત જન્મ કહેવાય છે. તેમને આપણી જેમ માતાની કુક્ષીમાં સાડા નવ માસ રહેવું નથી પડતું. પરન્તુ આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પુષ્પો પાથરેલી સુંદર શય્યા હોય છે. તે જ તેમના ઉત્પત્તિસ્થાનો કહેવાય છે. તે પુષ્પની શય્યામાં જે દેવ

આપણા જેવા ૧૬ વર્ષની ઉંમરના રાજકુમાર જેવા ત્યાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન (જન્મ) થતાની સાથે જ તેઓ ૧૬ વર્ષના યુવાન રાજકુમાર જેવા લાગે છે. અને સર્વ પ્રકારની સુખ સાહેબી ત્યાં મળે છે. કરેલા સુકૃત પુણ્ય પ્રકારે જીવોને ત્યાં એવી સુખ-સંપત્તિ મળે છે.

દેવલોકની ઋદ્ધિ-સિદ્ધિ

વૈમાનિક દેવ ગતિની ઋદ્ધિ-સિદ્ધિ ગજબની છે. મનુષ્ય જન્મના ઉત્તમ સુકૃત, પુણ્ય સંચયના આધારે જે જન્મ ત્યાં પામે છે. ત્યાં તે દેવલોકમાં હિરણ્ય-રૂપુ, સોનું, ચાંદી, હીરા મોતી-રત્નો-મણિઓ વગેરેનો વૈભવ-ઘણો હોય છે. તેમના




મુગટોમાં પણ કીંમતી-હીરા રત્નો તથા પ્રકાશ-માન મણિઓ જડેલા હોય છે. અને એની તોલે તો આપણે આવી જ ન શકીએ. અરે તેમની પગની મોજડી. (પગરખા)માં પણ જે રત્નો -હીરા જડેલા હોય છે. તેમાંના ૧ રત્નનો પણ વિચાર કરીએ તો આપણી પૃથ્વી પરના સર્વ હીરાઓ ભેગા કરીએ તો પણ તેમના ૧ રત્નની તોલે નથી આવી શકતા. "न देवाः" દેવતાઓ નપુંસક નથી હોતા.. માત્ર સ્ત્રી-પુરૂષ આ બે વેદમાળા જ હોય છે.

દેવલોકમાં ચાલતા નટારંભ, અપ્સરાઓ દેવીઓના નાચ–ગાન વગેરે વર્ષો સુધી ચાલે છે. બે–બે હજાર વર્ષ સુધીના એક એક નાટકો પણ ચાલે છે. સુખ–મોજ–શોખમાં દેવતાઓ મસ્ત હોય છે. ગીત–નૃત્ય સંગીત આદિ પણ સુરીલા સુમધુર ત્યાં સતત ચાલતા હોય છે.



ત્યાં ખાવું–પીવું, આહાર–વિહારની કોઈ ચિંતા જ નથી. કારણ, વૈક્રિય શરીર છે. એટલે ખાવા–પીવાનો પ્રશ્ન જ નથી. ગળામાં પુષ્પની માલા સતત ધારણ કરેલી હોય છે. એ તેમની મૃત્યુના ૬ માસ પહેલાથી કરમાવાની શરૂઆત થાય છે. ત્યારે ખબર પડવા માંડે છે કે હવે મૃત્યુનો સમય નજીક આવ્યો છે. દેવતાઓને પણ મરવું તો પડે જ. કારણ ગમે તેમ તો દેવગતિ પણ છે તો સંસારમાં જ ને ? જે ચાર ગતિનો સાથીઓ આપણે કાઢીએ છીએ. તે ચાર ગતિના સૂચક આ સાથીઆમાં ઉપરની એક પાંખડી દેવગતિની છે. માટે દેવગતિ પણ ચિહ્નું ગતિ ભવભ્રમણના સંસાર–



માં જ ગણાય છે. દેવલોકના દેવતાઓ પણ મરીને અહીંયા આપણી મનુષ્ય અને તિર્યંચ આ બે ગતિમાં જ આવીને જન્મે છે. દેવતાઓ મરીને નરક ગતિમાં નથી જતાં તેમ જ દેવ મરીને તુરંત પાછા દેવ તરીકે પણ નથી જન્મતા. એક વાર તો દેવને મરીને અહીંયા મનુષ્યમાં અથવા તિર્યંચમાં આવવું જ પડે. પછી ભલે અહીંથી પાછો મરીને દેવ ગતિમાં જાય. એટલું જ નહીં પરંતુ એમને એમના આભૂષણ હીરા–મોતી–રત્નો–મુકટ વગેરેમાં જે મોહ રહેલો હોય છે તેના કારણે દેવતાઓ આ પૃથ્વી ઉપર સોના–ચાંદી–હીરા–મોતીમાં એકેન્દ્રિય એક દે જે મરીને વાંદરો થયાં તો તિર્યંચ ગતિમાં પંચેન્દ્રિય ગર્ભજ પશુ–પક્ષી હતો. સ્થાવર પૃથ્વીકાયમાં પણ જન્મે છે. ઘણાં તેના પ્રસંગ પણ શાસ્ત્રમાં આવે છે. અને પછી તે વાંદરો નવકાર મંત્રની આરાધના કરીને ફરી દેવ થયો.

કોણ કોણ દેવગતમાં જાય ?

એજ પ્રમાણે દેવગતિમાં જવાના હકદાર કોણ ? ફકત મનુષ્યો અને તિર્યંચો બે જ. નરકી મરીને તુરંત દેવ નથી થતાં. મોટા ભાગના દેવો મરીને તિર્યંચની પશુ–પક્ષીની ગતિમાં જાય છે. વિરલા ભાગ્યશાળીઓ જ મનુષ્યગતિમાં આવે છે.

અહીંથી ચંડકૌશિક સાપ મરીને આઠમા દેવલોકે ગયો હતો. ભગવાન પાર્શ્વનાથે જે લાકડામાં બળતા સાપને નવકારમંત્ર પોતાના સૈનિકના મોઢે સંભળાવ્યો તે મૃત્યુ પામીને નાગરાજ ધરણેન્દ્ર દેવ થયો.

વાવમાંથી દેડકો પણ મરીને દર્શનની ભાવનાના કારણે તુરંત દેવ થયો અને ભગવંતના સમવસરણમાં તો જઘન્યથી કરોડ દેવતાઓ સેવામાં હાજર રહે છે. "जघन्यतः कोटि संख्यास्ता नसेवन्ते सुराऽसुराः" હેમચન્દ્રાચાર્ય મહારાજ ફરમાવે છે કે, હે ભગવંત ! ઓછામાં ઓછા ૧ કરોડ દેવતાઓની સંખ્યા આપની સેવામાં રહે છે.

ગર્ભજ મનુષ્યો તથા સંમૂર્છિમ તથા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો દેવગતિમાં ઉત્પન્ન થઈ શકે છે.


"सराग संयम संयमा संयमाऽकामनिर्जरा बालतपांसि दैवस्य"

સરાગ સંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા, બાલતપ આદિના કારણે જીવો દેવગતિનું આયુષ્ય બાંધીને દેવગતિમાં જઈ શકે છે. પરન્તુ દેવગતિ જ શ્રેષ્ઠ છે, એવું માનવાની જરૂર નથી. દેવગતિમાં ચારિત્ર નથી, સંયમ નથી. બે ઘડીની સામાયિકનો વિરાતિ ધર્મ ત્યાં નથી. બે ઘડીની નવકારશી ત્યાં નથી.

કોઈ વ્રત–પચ્ચખાણ તપ વગેરે ત્યાં કંઈ જ નથી. માટે દેવતાઓ અવિરતિના ઉદયવાળા છે. અને તેથી જ વિરતિ–વ્રત સ્વીકારી નથી શકતા.

ભગવાન મહાવીર પ્રભુની દેશના એ માટે જ નિષ્ફળ ગઈ. કારણ, જે દિવસે પ્રભુને વૈશાખ સુદ ૧૦ના કેવળ જ્ઞાન થયું ત્યારે કેવળજ્ઞાન કલ્યાણક ઉજવવામાં માત્ર દેવતાઓ જ હતા. સમવસરણ રચાયું. દેવતાઓએ પ્રભુની વિરતિ ધર્મની દેશના સાંભળી પરન્તુ કોઈને પણ

પરિણામ થાય જ નહીં. કોઇએ વિરતિ-વ્રત ન લીધા એટલે પ્રભુની દેશના નિષ્ફળ લેખાણી એ એક મોટો અન્યાય ગણાયો. એટલે દેવગતિ જ સારી છે એમ નથી. દેવ કરતાં ઉત્કૃષ્ટ મનુષ્યગતિ છે. જ્યાંથી વિરતિ-ચારિત્ર સ્વીકારીને આત્મા મોક્ષ પામી શકે છે. દેવતાઓ પણ સતત ઝંખે છે કે મનુષ્ય જન્મ મળે તો ઘણું સારું. જેથી ધર્મારાધના કરીને આ સંસારના



જન્મ મરણના ફેરાથી તો છૂટી શકાય. તો પછી આપણે મનુષ્યએ ધર્મ પામ્યા પછી શા માટે સ્વર્ગની દેવજન્મની માંગણી કરવી જોઈએ ? આ અંગે આત્મમંથન કરવા જેવું છે.

દેવ વિમાન—

દેવલોકમાંથી પૃથ્વીતલ ઉપર આવવા માટે દેવતાઓ વિમાનની રચના કરે છે. પુષ્પક વિમાન, પાલક વિમાન આદિ તેમનાં નામો છે. આગળ પશુ–પક્ષીના આકારની રચના કરે છે. અંદર ઘુમટ, શિખર, આદિની રચના કરે છે. ઈન્દ્રાદિ દેવતાઓ તેમાં સિંહાસન ઉપર બિરાજમાન થાય છે. અને પોતાની વૈક્રિય લબ્ધિથી દેવતાઓ અત્રે ભગવંતના પાંચ કલ્યાણક પ્રસંગે આવે છે. સમવસરણમાં પ્રભુની દેશના સાંભળવા પણ આવે છે. એ વખતે પોતાના (વિમાનો) વાહનો સમવસરણના પ્રથમ ગઢમાં મૂકી દે છે. અને પછી ઉપર ત્રીજા ગઢમાં પ્રભુની દેશના શ્રવણ કરવા જાય છે. સમ્યક્ શ્રદ્ધાળુ દેવતાઓ ધર્મ આરાધના, દેવાધિદેવની ભક્તિ–કલ્યાણકની ભક્તિ તીર્થયાત્રા, શાશ્વતી-જિનપ્રતિમાઓની પૂજા ભક્તિમાં પોતાનો સમય ગાળે છે.

દેવલોકના વિમાનોના વિસ્તારો આદિનું વર્ણન તો આગમોમાંથી, લોક પ્રકાશ આદિમાંથી વિસ્તારથી જાણવું. સુધર્માસભા આદિ જે દેવ દરબાર ભરાય છે, તેમાં પણ દેવતાઓ હાજરી આવે છે. ચર્ચા–વિચારણા થાય છે.

૧૦ પ્રકારના દેવતાઓ–

જે ૧૨ દેવલોક કલ્પોપપન્ન છે. ત્યાં સુધીમાં દેવતાઓની અંદર ઈન્દ્ર – સામાનિક આદિ ૧૦ પ્રકારના વિભાગો છે.

૧. ઇન્દ્ર – દેવલોકના સ્વામી–માલિક હોય તેને ઇન્દ્ર કહેવાય છે. તે તે દેવલોકના એટલે દા. ત. સૌધર્મ દેવલોકના ઇન્દ્ર તે સૌધર્મેન્દ્ર, ઇશાનના ઇશાનેન્દ્ર. આ સર્વોપરી સત્તા ધરાવતા રાજાના સ્થાને બિરાજમાન ઇન્દ્ર.

૨. સામાનિક – આયુષ્યમાં ઇન્દ્ર સમાન તેથી સામાનિક દેવ કહેવાય છે. પિતા, ગુરૂ, મંત્રીની જે આ દેવો પૂજ્ય હોય છે.

૩. ત્રાયસ્ત્રિંશ – જે દેવતાઓ મંત્રી તથા પુરોહીતનું કામ કરે છે તે ઇન્દ્રને સલાહ આપવાનું પણ કામ કરે છે. આ દેવો ભોગમાં બહુલાસકત હોવાથી દોગુંદક પણ કહેવાય છે.

૪. પારિસાદ્ય– જે મિત્રનું કામ કરે છે, ઇન્દ્રની સભાના સભ્યો, જે ઇન્દ્રના મિત્ર પણ હોય છે. પ્રસંગે ઇન્દ્રને પણ આનંદ–વિનોદ કરાવે છે.

૫. આત્મરક્ષક – ઇન્દ્રની રક્ષા કરવા માટે શસ્ત્ર ધારણ કરી કવચ પહેરી, ઇન્દ્રની પાછળ, પડખે ઊભા રહે તે. જો કે ઇન્દ્રને ભય નથી. પરન્તુ ઇન્દ્રનો વૈભવ દેખાડવા માટે પણ આ આત્મરક્ષક દેવો હોય છે.

૬. લોકપાલ – રક્ષણ માટે જે પોલીસ–ચોકીયાતનું કામ કરે છે તે દેવતાઓ લોકપાલ કહેવાય છે. સરહદની પણ રક્ષા કરે છે.

૭. અનીક – જેમ રાજાને લશ્કર હોય છે, તેમ દેવલોકમાં લશ્કર–સેનાધિપતિ, સૈનિકના જેવી ફરજ અદા કરનારને અનીક દેવ કહેવાય છે.

૮. **પ્રકીર્ણક**– શહેર કે ગામમાં જેમ છૂટક લોકો છે તેમ, દેવલોકમાં છૂટા છવાયા પ્રજાની જેમ વસનારા દેવતાઓને પ્રકીર્ણક દેવ કહેવાય છે.

૯. **આભિયોગ્ય**– જે સેવા ચાકરી તરીકે નોકરના જેવું કામ કરનાર કરે, વિમાન ચલાવવા વગેરેનું કામ કરે તેવા દેવોને આભિયોગ્ય દેવો કહેવાય.

૧૦. **કિલ્બિષિક** – અન્ત્યજ સમાન હલકા દેવો હોય છે. તેમને કિલ્બિષિક ગણવામાં આવે છે. અન્ય દેવો તેમને હલકી દૃષ્ટિથી જુએ છે.

ઉમા સ્વાતિ મહારાજે આ વાતને તત્વાર્થ સૂત્રથી કહી છે–

"इन्द्र-सामानिक-त्रायस्त्रिंश- पारिषाद्या – ऽऽत्मरक्ष – लोकपालाऽनीक – प्रकीर्णकाऽऽभियोग्य-किल्बिषिकात्रैशः" (૪–૪)


त्रायस्त्रिंश-लोकपालवर्जा व्यन्तर–ज्योतिष्काः ॥ - ૪–૫ આજે દશ પ્રકાર કહ્યા છે, તેમાંથી ત્રાયાસ્ત્રિંશ એટલે મંત્રી–પુરોહિત સમાન દેવો અને લોકપાલ અર્થાત્ સરહદનું રક્ષણકાર્યાદિ સુરક્ષા કારક દેવો વ્યંતર અને જ્યોતિષ દેવતાઓમાં નથી હોતા. પરન્તુ આ સિવાયના આઠ હોય છે.

ઇન્દ્રાદિના વિભાગો બધામાં છે.

ભવનપતિના	કુલ ૨૦	ઇન્દ્રો.-દરેકના બે-બે.
વ્યંતરના	,, ૧૬	,, દરેકના બે-બે.
વાણુવ્યંતરના	,, ૧૬	,, દરેકના બે-બે.
જ્યોતિષ્કના	,, ૨	,, (સૂર્ય-ચંદ્ર)
વૈમાનિકના	,, ૧૦	
	૬૪	

૬૪- એમ કુલ ચોસઠ ઇન્દ્રો થાય છે.

દેવલોકમાં અવધિજ્ઞાન



અવધિ એટલે અમુક મર્યાદા સુધી સ્પષ્ટ દેખાવું તેનું જ્ઞાન તે અવધિજ્ઞાન

અવધિજ્ઞાન

ગુણપ્રત્યયિક (મનુષ્ય-તિર્યંચને) અવધિજ્ઞાન

ભવપ્રત્યયિક (દેવનારકને)

દેવલોકના દેવતાઓને તો જન્મથી જ હોય છે. એટલે તેને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે. આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દેવતાઓને ઉપર પોતાના વિમાનની શીખરની ધ્વજા સુધી જ દેખાય છે અને નીચે-નીચે અમુક-અમુક ક્ષેત્ર સુધી દેખાય છે. તે નીચેના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ સમજાઈ જશે.

૦ માનિક દેવોના અવધિજ્ઞાનના ક્ષેત્રનું યંત્ર

દેવો	ઉત્કૃષ્ટ ઊર્ધ્વ અવધિ	ઉત્કૃષ્ટ અધો અવધિ	ઉત્કૃષ્ટ તિર્યગ્ અવધિ
૧–૨ કલ્પ	પોતપોતાના વિમાનની ધ્વજા સુધી	પહેલી પૃથ્વીના છેડા સુધી	પોતપોતાના ઉપરના વિમાનની ધ્વજા સુધી અસંખ્યાત દ્વીપ સમુદ્ર પ્રમાણ ક્ષેત્ર જાણે દેખે
૩–૪ ,,		બીજી પૃથ્વીના અંત સુધી	
૫–૬ ,,		ત્રીજી પૃથ્વીના અંત સુધી	
૭–૮ ,,		ચોથી પૃથ્વીના અંત સુધી	
૯–૧૨ ,,		પાંચમી પૃથ્વીના અંત સુધી	
૧થી૬ ગ્રૈવે.		છઠ્ઠી પૃથ્વીના અંત સુધી	સ્વયંભૂરમણ સમુદ્ર સુધી
૭થી૯ ,,		સાતમી પૃથ્વીના અંત સુધી	
પાંચઅનુત્તર		લોક નાલિકાના અંત સુધી	

દેવતાઓને સુખ આદિની અધિકતા–

સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધીન્દ્રિયાઽવધિ વિષયતોઽધિકા.” (૪-૨૧)

વૈમાનિક દેવલોકમાં ૧૨ કલ્પોપન્ન ઉપરના ૧૪ કલ્પાતીત દેવોમાં જેમ જેમ ઉપર-ઉપર જઈએ તેમ તેમ–આયુષ્યની સ્થિતિ-પ્રભાવ, સુખનું પ્રમાણ, દ્યુતિ એટલે શરીર, વસ્ત્ર, આભુષણ વગેરેની તેજ શોભા, અને લેશ્યા એટલે પરિણામોની શુભાશુભ તરતમતા, તથા ઇંન્દ્રિય સુખ–ભોગો તથા અવધિ જ્ઞાનનું પ્રમાણ વધતું અને ચઢતું દેખાય છે. અર્થાત પહેલા દેવલોકથી વધારે બીજા દેવલોકમાં, પછી તેથી વધારે ત્રીજા દેવલોકમાં એમ ઉપર ઉપર ચઢતા વધુ દેખાય છે, એથી એ

સ્પષ્ટ થાય છે કે ઉપર-ઉપરના દેવલોકો વધુ સારા, સુખ-આદિથી ભરેલા છે. જેમ-જેમ ઉપર ચઢીએ તેમ તેમ આયુષ્યની સ્થિતિ પણ વધારે-વધારે થતી જાય છે. તે જ પ્રમાણે અવધિજ્ઞાનનું પ્રમાણ ક્ષેત્રાદિ પણ વધતું જાય છે.

"गति-शरीर-परिग्रहाभिमानतो हीनाः"-

ઉપરોકત સાત વસ્તુઓ ચઢતા ક્રમે વધતી છે. જ્યારે ગતિ-એટલે અન્ય સ્થળે ગમન કરવાની ગતિ, શરીરની ઉંચાઈ (અવગાહના) પ્રમાણ, પરિગ્રહ અને અભિમાન આ ચાર વસ્તુઓ જેમ જેમ - ઉપરના દેવલોકમાં જઈએ તેમ તેમ ઘટતી જાય છે.

અભિમાનાદિ ભાવો સારા નથી. શરીર પણ ઘણું ઊંચુ સારું નથી. તે પણ ઉપર ઉપરના દેવલોકમાં ઘટતું જાય છે. દા.ત. ૧-૨ દેવલોકમાં- ૭ હાથ, ૩, ૪થામાં -૬ હાથ, ૫-૬માં- ૫ હાથ, ૭-૮,માં ૪ હાથ, અને ૯ થી ૧૨ દેવલોકમાં ૩ હાથ, પછી. નવગ્રૈવેયકમાં ૨ હાથ, અને પાંચ અનુત્તર વિમાનમાં ફકત ૧ હાથ જેટલી જ ઉંચાઈવાળુ શરીર હોય છે. એ જ પ્રમાણે ગતિ-પરિગ્રહ-અભિમાન પણ ઘટતાં જાય છે.

દેવલોક તથા સાત નરકનું આયુષ્ય -

આ ચિત્ર જોતાં સમજાશે કે નીચે સાત નરકોમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય કેટલું છે ! એ જ પ્રમાણે વૈમાનિક દેવલોકમાં ક્રમશ : આયુષ્યનું પ્રમાણ કેટલું છે, અને ક્રમે ક્રમે કેટલું વધતું જાય છે. જેમ-જેમ ઉપર જઈએ છીએ તેમ તેમ વધારે વધારે આયુષ્ય જોવા મળે છે.

વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિનું યંત્ર :-

દેવલોક	ઉત્કૃષ્ટ સ્થિતિ	જઘન્ય સ્થિતિ
૧ કલ્પ	૨ સાગરો૦	૧ પલ્યો૦
૨ ,,	સાધિક ૨ સાગરો૦	સાધિક ૧ પલ્યો૦
૩ ,,	૭ સાગરો૦	૨ સાગરો૦
૪ ,,	સાધિક ૭ સાગરો૦	સાધિક ૨ સાગરો૦
૫ ,,	૧૦ ,,	૭ ,,
૬ ,,	૧૪ ,,	૧૦ ,,
૭ ,,	૧૭ ,,	૧૪ ,,
૮ ,,	૧૮ ,,	૧૭ ,,
૯ ,,	૧૯ ,,	૧૮ ,,
૧૦ ,,	૨૦ ,,	૧૯ ,,
૧૧ ,,	૨૧ ,,	૨૦ ,,
૧૨ ,,	૨૨ ,,	૨૧ ,,
૧ ગ્રૈવે	૨૩ ,,	૨૨ ,,
૨ ,,	૨૪ ,,	૨૩ ,,
૩ ,,	૨૫ ,,	૨૪ ,,
૪ ,,	૨૬ ,,	૨૫ ,,
૫ ,,	૨૭ ,,	૨૬ ,,
૬ ,,	૨૮ ,,	૨૭ ,,
૭ ,,	૨૯ ,,	૨૮ ,,
૮ ,,	૩૦ ,,	૨૯ ,,
૯ ,,	૩૧ ,,	૩૦ ,,
વિજયાદિ ચાર	૩૨ ,,	૩૧ ,,
સર્વાર્થસિદ્ધ	૩૩ ,,	× ,,

દેવલોકજઘન્યસ્થિતિ		દેવલોકજઘન્યસ્થિતિ		દેવલોકજઘન્યસ્થિતિ	
૫	સાધિક ૭ સા.	૧ ગ્રૈવે૦	૨૨ સા	૭ ગ્રૈવે૦	૨૮ સા.
૬	૧૦ સા.	૨ ,,	૨૩ ,,	૮ ,,	૨૯ ,,
૭	૧૪ સા.	૩ ,	૨૪ ,,	૯ ,,	૩૦ ,,
૮	૧૭ સા.	૪ ,,	૨૫ ,,	વિજયાદિ ચાર	૩૧ ,,
૯-૧૦	૧૮ સા.	૫ ,,	૨૬ ,,		
૧૧-૧૨	૨૦ સા.	૬ ,,	૨૭ ,,		

ભવનપતિ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર

નિકાય	દેવ-દેવીઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ
અસુરકુમાર	દક્ષિણના દેવો	૧ સાગરોપમ
	દક્ષિણની દેવીઓ	૩॥ પલ્યોપમ
	ઉત્તરના દેવો	સાધિક ૧ સાગરોપમ
	ઉત્તરની દેવીઓ	૪॥ પલ્યોપમ
નાગકુમારાદિ ૯	દક્ષિણના દેવો	૧॥ પલ્યોપમ
	દક્ષિણની દેવીઓ	૨॥ પલ્યોપમ
	ઉત્તરના દેવો	૧॥॥ પલ્યોપમ
	ઉત્તરની દેવીઓ	દેશોન પલ્યોપમ

દરેક પ્રકારના ભવનપતિ નિકાયના દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

* ભવનપતિ આદિ ચારે નિકાયમાં ઇંદ્રોની અને ઇંદ્રાણીઓની સ્થિતિ ઉત્કૃષ્ટ જ હોય છે. ઇંદ્રના દેવની અપેક્ષાએ અને ઇંદ્રાણીની દેવીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

વ્યંતરનિકાયમાં દરેક પ્રકારના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ અને દરેક પ્રકારની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૦॥ પલ્યોપમ છે. દરેક પ્રકારના દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

જ્યોતિષદેવ-દેવીઓની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિનું યંત્ર

દેવો	ઉત્કૃષ્ટ સ્થિતિ	જઘન્ય સ્થિતિ
ચંદ્ર-દેવો	૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યો૦	૦॥ પલ્યોપમ
ચંદ્ર-દેવીઓ	૫૦ હજાર વર્ષ અધિક ૦॥ પલ્યો૦	,,
સૂર્ય-દેવો	૧ હજાર વર્ષ અધિક ૧ પલ્યો૦	,,
સૂર્ય-દેવીઓ	૫૦૦ વર્ષ અધિક ૦॥ પલ્યો૦	,,
ગ્રહ-દેવો	૧ પલ્યોપમ	,,
ગ્રહ-દેવીઓ	૦॥ પલ્યોપમ	,,
નક્ષત્ર-દેવો	૦॥ પલ્યોપમ	,,
નક્ષત્ર-દેવીઓ	સાધિક ૦॥ પલ્યોપમ	,,
તારા-દેવો	૦॥ પલ્યોપમ	૧/૮ પલ્યોપમ
તારા-દેવીઓ	સાધિક ૧/૮ પલ્યોપમ	,,

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપાગચ્છ જૈન સંઘ



આયોજીત-અષ્ટમોંદ્વિક મહોત્સવ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વિતિય

ફ્ર સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા ફ્ર

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક : પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય :- "નરક સિદ્ધિ"



આઠમા ગણધર શ્રી અકંપિત સ્વામી

વિષય "નરક સિદ્ધિ"

શંકા — નરક ગતિ છે કે નહીં ?
નારકી હશે કે નહીં ?

ते पव्वइए सोउं अकंपिउ आगच्छइ जिणसगासं ।
वच्चामि ण वंदामि वंदित्ता पज्जुवासामि ॥

પરમ પૂજ્ય પરમેશ્વર પરમપિતા પરમાત્મા ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ચરણારવિન્દમાં નમસ્કારપૂર્વક .....

ગણધરવાદના આ ક્રમમાં આઠમા ગણધર શ્રી અકંપિત સ્વામી આવ્યા. પોતાની આગળના જે વિદ્વાન પંડિતો પ્રભુની પાસે વાદ માટે ગયા તે ત્યાંજ નિરુત્તર થઈને, નિઃશંક થઈને ત્યાંજ દીક્ષિત થઇ ગયા છે તે સાંભળીને અકંપિત દેવ ગૌતમ પણ પોતાના શિષ્ય પરિવાર સાથે આવ્યા. તેઓ ૩૦૦ શિષ્યો સાથે સમવસરણે પહોંચ્યા. મનમાં ભાવ સારો છે. હું પણ જઈને વંદન કરીશ અને વંદન કરીને તેમની સેવા કરીશ. આ ભાવ સાથે જ્યાં સમવસરણમાં ઉપરના ત્રીજા પ્રાકારે પહોંચ્યા ત્યાં તો

आभट्ठो य जिणेणं जाइ – जरामरणविप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ॥

જન્મ-જરા અને મરણથી રહિત અને સર્વજ્ઞાની સર્વદર્શની જિનેશ્વર એવા શ્રી મહાવીર સ્વામી ભગવંતે

નામ અને ગોત્ર પૂર્વક બોલાવતાં કહ્યું.

હે ગૌતમ ગોત્રીય અકંપિત ! ભલે પધારો. સુખેથી પધારો. આવો સુંદર મીઠો આવકાર મળતાંની સાથે અકંપિત આગળ વધ્યા. અને મનમાં એમ વિચારવા લાગ્યા કે જે સર્વજ્ઞે મારા નામ-ગોત્ર કહ્યા છે તે મારા મનની શંકા પણ કહી આપે તો કેટલું સારું ?

અકંપિત તો હજી મનમાં વિચાર કરે છે ત્યાં તો અંતર્યામી કરૂણાસાગરે ફરમાવ્યું.

किं मण्णे नेरइया अत्थि नत्थित्ति संसओ तुज्झ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥

હે અકંપિત ! આ જગતમાં નારકી જીવો છે કે નહીં ? હશે કે નહીં ? નરક છે કે નહીં ? આવા પ્રકારનો સંશય તારા મનમાં છે. અને તે સંશય પણ તને વેદનાં પદો વાંચતાં અને તેનો અર્થ બરોબર ન કરવાથી થયો છે. તે વેદપદોનો અર્થ તું જે વિચારે છે તે બરોબર નથી. અને પરસ્પર જે વિરુદ્ધ વેદ પદો આવ્યાં છે તેથી તું દ્વિધામાં પડયો છે. અને ત્યારથી સંશય (શંકા) તારા મનમાં ઘર કરી ગયો છે કે નારકી હશે કે નહીં ?

હવે તે વેદ પદો પણ તને કહું છું અને તું તેનો અર્થ કેવો કરે છે ? અને તું દ્વિધામાં કેમ પડયો ? કેમ તને સંશય થયો ? તે સર્વ હકીકત કહું છું.

વેદ પદો અને તેનો અર્થ

"**नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति**" અર્થાત જે બ્રાહ્મણ થઈને શૂદ્રના હાથનું અન્ન ખાય છે તે નારકી થાય છે. નરકમાં

જાય છે. આ વેદવાક્ય નરકના અસ્તિત્વને જણાવે છે. નરકની સિદ્ધિ સાબિતી આ વાક્ય ઉપરથી થાય છે. પરન્તુ બીજી બાજુ બીજું વેદવાક્ય એક એવું તારા જોવામાં આવ્યું અને તે છે— **न ह वै प्रेत्य नारकाः सन्ति**" અર્થાત જીવ મરીને નારક થતો નથી. અથવા પરલોકમાં નારકી નથી એવો પણ અર્થ થાય છે.

આ વાક્ય નરક નથી એમ જણાવે છે એવું તેં માની લીધું છે. ઉપર એક વાક્ય નરકની સિદ્ધિ કરતું હતું, અને આ વાક્ય નરકનો નિષેધ કરે છે. એવા પરસ્પર બન્ને વિરુદ્ધ અર્થવાળાં વેદવાક્યોને વિચારતાં તું દ્વિધામાં પડ્યો અને તેથી સંશય થયો. હવે સંશયમાં નિર્ણય શો કરવો ? એટલે તેં માની લીધું કે નરક ગતિ પણ નથી અને નારકી જીવો પણ નથી.

અને જેવો આ સંશયમાં તેં નિર્ણય કર્યો ત્યાં તારા મતને પુષ્ટિ મળતો તર્ક તને લાધ્યો કે હા. વાત તો સાચી જ છે. જો નારકીઓ હોય તો દેખાય કેમ નહીં ? અથવા માનો કે ન દેખાય, પરંતુ જ્યાં હોય ત્યાંથી અહીંયાં આવે કેમ નહીં ? મને તો હજી સુધી દેખાણા પણ નથી. મેં જોયા પણ નથી. માટે બરોબર છે કે નારકી જીવો પણ નથી અને નરક પણ નથી. આ પ્રમાણે એક બાજુ તો મનમાં દ્વિધા શંકા હતી જ અને બીજી બાજુ આ પ્રત્યક્ષ પ્રમાણથી તને પુરાવો મળ્યો એટલે તેં માની લીધું કે, નારક પણ નથી અને નરક પણ નથી. આ પ્રમાણે તારી માન્યતા થઇ ગઇ છે.

ભ. મહાવીર–પરન્તુ હે અકંપિત ! તારી આ માન્યતા બરોબર નથી. તને જે વેદ વાકયોથી શંકા થઈ છે તે વેદ વાકયોનો તું વાસ્તવિક બરોબર અર્થ નથી કરતો માટે તને આ શંકા થઈ છે. જો બરાબર અર્થ કર્યો હોત અને પૂર્વાપરનું અનુસંધાન સમજ્યો હોત તો આ સવાલ ઊભો જ ન થાત. તો હવે પહેલાં એ વેદ વાકયોનો સાચો વાસ્તવિક અર્થ તું સમજી લે.

વેદવાકયોનો વાસ્તવિક અર્થ

"न ह वै प्रेत्य नरके नारका: सन्ति"


ભ. મહાવીર – હે અકંપિત ! આ વેદવાકયથી તું જે નારક અને નરકનો અભાવ સિદ્ધ કરે છે તે યોગ્ય નથી. આ વાકય અભાવ દર્શક નથી. પરન્તુ એનું તાત્પર્ય એવું છે કે જેમ આ પૃથ્વી ઉપર અહીંયાં મેરૂપર્વત આદિ જેમ શાશ્વતા નિત્ય છે તેમ નરકમાં નારકીઓ શાશ્વતા નથી. કાયમ ત્યાં જ રહેવાના છે તેમ નથી. પરન્તુ જે પ્રાણી ઉત્કૃષ્ટ પાપ ઉપાર્જન કરે છે તે મરીને પરભવમાં નારકી થાય છે. આ પ્રમાણે તે વેદ પદનો અર્થ છે. અથવા 'નારકી મરીને ફરીથી અનંતર એટલે તુરત પાછા નારકીપણે ઉત્પન્ન થતા નથી' એમ તે વેદ પદનો અર્થ કરવાનો છે. એથી હે અકંપિત ! આ વિધિ વાકયથી એમ કહેવાનો આશય છે કે જે ઉત્કૃષ્ટ પાપ કરે છે તે અહીંથી મરીને પરલોકમાં નારકી થાય છે. માટે કોઇએ પણ એવું પાપ ન કરવું, કે જેથી પરભવમાં નારકી થવું પડે. હે અકંપિત ! વેદ વાકયોનો યથાર્થ અર્થ અને વાસ્તવિકતા તું આ પ્રમાણે જાણ. વેદ વાકયોનો ગૂઢ આશય સમજે તો સંશયને કોઇ સ્થાનનો અવકાશ જ નથી રહેતો.


પ્રત્યક્ષ પ્રમાણથી નારક સિદ્ધિ

અકંપિત–હે ભગવંત ! જેમ ઇન્દ્રિય પ્રત્યક્ષથી અત્રે મનુષ્યો સ્પષ્ટ દેખાય છે, તિર્યંચ પશુ–પક્ષીના જીવો પણ દેખાય છે અને ત્રીજી દેવગતિના દેવતાઓ ચંદ્ર–સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જયોતિષ્ક મંડળના દેવતાઓ પણ અહીંથી આપણને ઇન્દ્રિય પ્રત્યક્ષથી સ્પષ્ટ દેખાય છે. પરન્તુ ચોથી નરક ગતિના નારકી જીવો તો દેખાતા જ નથી. અને નથી દેખાતા, કોઇને પણ પ્રતીતિ થતી જ નથી તો આ "નારકી" 'નરક' આ બન્ને નિરર્થક સિધ્ધ થશે. કારણ, વિદ્યમાન આ સંસારમાં નરક અને નારકી આ શબ્દથી વાચ્ય પદાર્થ શો લેવો ? આ પ્રમાણે આ બન્ને પદોથી વાચ્ય પણ કોઈ પદાર્થ નથી. કોઈ જીવો દેખાતા નથી. તો પછી નારકી છે એ કેવી રીતે માનવું ?

ભગવાન મહાવીર – હે સૌમ્ય અકંપિત ! એમ નથી. શું માત્ર ઇન્દ્રિય પ્રત્યક્ષ એક જ પ્રત્યક્ષ છે ? અને શું અતીન્દ્રિય પ્રત્યક્ષ એ પ્રત્યક્ષ નથી ? શું ઇન્દ્રિયો વડે જ આત્મા પ્રત્યક્ષ કરી શકે છે ? અને શું ઇન્દ્રિયો વિના સીધો આત્મા પોતે પ્રત્યક્ષ નથી કરી શકતો? ચોકકસ કરી શકે છે.

પ્રત્યક્ષ બે પ્રકારના છે.





આ પ્રમાણે પ્રત્યક્ષ બે પ્રકારના છે. તેમાં પ્રથમ જે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે તે પાંચ પ્રકારે છે. કારણ, ઇન્દ્રિયો પાંચ છે. અને તે પાંચેના વિષયો વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–શબ્દ દ્વારા થતા પદાર્થોના પ્રત્યક્ષ તે ઇન્દ્રિય પ્રત્યક્ષ કહેવાશે. સ્પર્શ (ચામડી)જન્ય પ્રત્યક્ષ –તે સ્પર્શજ. રસના (જીભ) જન્ય પ્રત્યક્ષ જેનાથી ખારો, તીખો, મીઠો આદિ રસાસ્વાદની અનુભૂતિ તે રસનાજ પ્રત્યક્ષ. ઘ્રાણ (નાક) વડે થતું ગન્ધનું પ્રત્યક્ષ અર્થાત સુગંધ, દુર્ગન્ધની અનુભૂતિ તે ઘ્રાણજ પ્રત્યક્ષ. નેત્ર (આંખ) વડે લાલ, લીલો, પીળો કાળો વગેરે જે વર્ણ (રંગ) દેખાય છે તે નેત્રજ પ્રત્યક્ષ અને પાંચમી ઇન્દ્રિય –શ્રોત્રેન્દ્રિય (કાન) વડે જે શબ્દ (ધ્વનિ) શ્રવણ કરવાપૂર્વક જે શ્રવણ થાય છે તે શ્રોત્રજ પ્રત્યક્ષ થાય છે.

આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયો છે અને છઠ્ઠું મન છે. મન વડે યોગી પણ પ્રત્યક્ષ કરી શકે છે. અને અયોગી પણ પ્રત્યક્ષ કરી શકે છે તે માનસ પ્રત્યક્ષ કહેવાય છે.

પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ. અહીંયાં અક્ષ શબ્દ ઇન્દ્રિય અર્થમાં વાપરવામાં આવ્યો છે. પરન્તુ "અક્ષ" એટલે માત્ર ઇન્દ્રિય જ અર્થ થાય છે એવું નથી. અક્ષ એટલે આત્મા પણ અર્થ થાય છે.

"जीवो अक्खो अत्थव्वावण भोयण गुणण्णिवओ जेण ।
तं पह वट्टइ नाणं जं पच्चक्खं तयं तिविहं" ॥ ८९ १

"अशुङ् व्याप्तौ" (अश्नुते-ज्ञानात्मना सर्वानर्थान् व्याप्नोतीत्यक्षः" अथवा "अश् भोजने" अश्नाति सर्वानर्थान् यथायोगं भुङ्क्ते पालयति वेत्यक्षः-जीव (आत्मा) उभयत्राप्यौणादिकः सक्प्रत्ययः"२

આ પ્રમાણે 'अक्ष' શબ્દથી આત્મા (જીવ) એવો અર્થ થાય છે. 'अक्षं प्रति गतं प्रत्यक्षं' અર્થાત આત્મા પ્રતિ ગયેલું તેમજ ઇન્દ્રિય પ્રતિ ગયેલું તે પ્રત્યક્ષ એમ બન્ને અર્થ થાય છે. તેથી જ પ્રત્યક્ષના પણ બે ભેદો થયા. ઇન્દ્રિય પ્રત્યક્ષ અને બીજો નોઇન્દ્રિય પ્રત્યક્ષ. (નન્દી સૂત્રમાં આ મુખ્ય બે ભેદ પાડયા છે) નોઇન્દ્રિય પ્રત્યક્ષમાં જે સીધું આત્મા વડે જ જ્ઞાન કરવાનું છે તેમાં પણ પૂર્ણતા અને અપૂર્ણતાના આધારે બે ભેદ પડે છે. સાંવ્યાવહારિક પ્રત્યક્ષમાં અવધિ – અમુક મર્યાદા સુધીના ક્ષેત્રનું જ્ઞાન તે અવધિજ્ઞાન. અવધિ દર્શનમાં પણ મર્યાદિત ક્ષેત્ર છે, સર્વ નથી. એ જ પ્રમાણે મનઃ પર્યવજ્ઞાનના વિષયમાં પણ માત્ર સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના જ મનોગત ભાવો જણાય છે. પરન્તુ અસંજ્ઞિ અર્થાત મન વિનાના જીવો પણ જગતમાં અનન્તા છે. તો તેમના ભાવો જાણવાનું કામ કોણ કરશે ? મનઃપર્યવ જ્ઞાનની પણ સીમા છે. માટે સર્વથા પારમાર્થિક પ્રત્યક્ષ મહત્ત્વનું છે. પારમાર્થિક પ્રત્યક્ષ સમસ્ત બ્રહ્માંડના સર્વદ્રવ્ય પદાર્થોના અનન્ત ગુણ – પર્યાયો સાથે પ્રત્યક્ષ કરે છે. ત્રિકાલાબાધિત રીતે પ્રત્યક્ષ કરે છે. માટે તેને કેવળજ્ઞાન,

---

૧. વિશેષાવશ્યકભાષ્ય. ૨. નન્દીસૂત્રની વૃત્તિ

કેવળદર્શન કહેવામાં આવે છે. આ કેવળજ્ઞાન-કેવળદર્શનને જ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અને આ જ્ઞાન આત્માને થાય છે, ઇન્દ્રિયોને નહીં. માટે આત્મા ઇન્દ્રિયોની મદદ વિના પણ સમસ્ત લોકાલોકના સર્વ ભાવને ત્રિકાલાબાધિત રીતે જાણી-જોઈ શકે છે.

કેવલી પ્રત્યક્ષથી નરક સિદ્ધિ - માટે હે અકંપિત! આવા સર્વજ્ઞ, સર્વજ્ઞાની સર્વદર્શની જે જોઈને, અથવા જેનો પ્રત્યક્ષ કરીને જણાવે તે પણ અસંદિગ્ધ હોય છે. સંશય રહિત હોય છે. તેમાં શંકાને સ્થાન પણ નથી રહેતું.

અને એવું અનન્તજ્ઞાન-દર્શન અર્થાત કેવળજ્ઞાન કેવળ-દર્શન મને થયું છે અને તેથી સંપૂર્ણ નરકગતિ, સર્વનારકો મને પ્રત્યક્ષ છે. તેથી હું જોઈ રહ્યો છું તેવું તારી આગળ સ્પષ્ટ વર્ણવી રહ્યો છું. તેથી તે તારા માટે પણ શ્રદ્ધેય છે, સ્વીકાર્ય છે.

અકંપિત- પરન્તુ હે ભગવંત! આપ સર્વજ્ઞ છો એમાં શું પ્રમાણ છે? હું કેવી રીતે માની લઉં કે આપ સર્વજ્ઞ છો?

सच्चं चेदमकंपिय ! महवयणाओऽवसेसवयणं व ।
सव्वण्णुत्तणओ वा अणुमयसव्वण्णुवयणं व ॥
भय-राग-दोस-मोहाभावाओ सच्चमणइ[illegible] ।
सच्चं त्रिय मे वयणं जाणयमज्जत्थवयणं व ॥
किंह सव्वण्णु त्ति मई पच्चक्खं तव्वसंसयच्छेया ।
भय-राग-दासरहिओ तल्लिंगाभावओ सोम्म ॥

'પ્રભુના સર્વજ્ઞપણાની સિદ્ધિ'

હે અકંપિત! જે રીતે મેં તારા મનની શંકાને

સત્ય સ્વરૂપે પ્રગટ કરી છે. જે તારી શંકા, મનોગત સંશયને જ્યારે કોઈ નથી જાણતું ત્યારે તે સંશયને તારા કહ્યા વિના જ મેં કહી આપ્યો છે. અને તે સત્ય છે, એમ તેં સ્વીકાર કર્યો છે. તો પહેલાં તો એનાથી જ તને ખાત્રી થઇ જાય કે હું સર્વજ્ઞ છું. સર્વજ્ઞ વિના આવી રીતે મનોગત સંશયનું સ્વરૂપ અને તે પણ કયારે, કેવી રીતે, શા માટે થયું ? આ પ્રમાણે કહેવું અશકય છે. અસંભવ છે.

જ્યારે મેં પ્રગટ કરેલા તારા સંશયને તું સત્ય માને છે. તો તે જ પ્રમાણે હું છું કે નરક છે, નારકીઓ પણ છે તો તે પણ તું સત્ય સ્વરૂપે સ્વીકાર કર. કારણ કે એ પણ સર્વજ્ઞનું વચન છે. માટે સ્વીકાર કરવામાં દોષરહિત છે. વળી, તને જે ઇષ્ટ જૈમિનીય છે અને તેમને જો તું સર્વજ્ઞ માની શકતો હોય તો મને શા માટે નહીં ? માટે જૈમિની આદિ સર્વજ્ઞના વચનને જો તું સત્ય માને છે તો મારું વચન પણ સર્વજ્ઞપણું હોવાના કારણે તારે સત્ય માનવું જ જોઇએ.

કારણ કે મારું વચન પણ સત્ય છે, અહિંસક છે. જે અસત્ય અને હિંસક વચન હોય તેની પાછળ ભય, રાગ, દ્વેષ, મોહાદિ કારણો હોય છે. જે કર્મજન્ય હોય છે અને તે બધાનો અર્થાત ભય, રાગ દ્વેષ, મોહનો મારામાં સદંતર અભાવ છે. જેનો ખ્યાલ તને પણ સ્પષ્ટ આવી જ જતો હશે. કારણ કે તે ભય–રાગ–દ્વેષાદિના કારણભૂત મોહનીય આદિ કર્મો હવે મારામાં નથી. તે ચારે ઘાતી એવાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય કર્મોનો મેં સર્વથા ક્ષય કરી નાખ્યો છે. તેનો મારામાં સદંતર અભાવ છે. અને તે ભય, રાગ, દ્વેષ

મોહાદિ તો નથી–નથી. પરન્તુ તેના સૂચક ચિન્હો, હેતુઓ, હાસ્ય–રૂદન– હસવુ, રડવુ, પ્રીતિ–અપ્રીતિ ભય–જુગુપ્સા આદિ પણ મારા કોઇ નિમિત્ત અથવા સહકારી હેતુઓ પણ નથી. માટે ચારે ઘનઘાતિ કર્મક્ષય જન્ય જે સર્વજ્ઞતા હોય છે તે મારામાં પ્રાપ્ત થયેલી છે. પ્રગટ થયેલી છે જેને ચારે ઘાતી કર્મો ઉદયમાં હોય છે, સત્તામાં હોય છે તેને સર્વજ્ઞતા–સર્વદર્શનતા નથી હોતી. અને જેને તે ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય અભાવ હોય છે તેનામાં સર્વજ્ઞતા–સર્વદર્શનતા અવશ્ય હોય છે. એટલે મારામાં સર્વજ્ઞતા નથી એવો સંશય કરવો યોગ્ય નથી.

વળી, જેમ એક મનુષ્ય તટસ્થ–મધ્યસ્થ હોય છે, તે પ્રમાણે જ્ઞાતા–દ્રષ્ટા એવા મારા જેવા સર્વજ્ઞનું વચન પણ તટસ્થના જેવું સત્ય અને અહિંસક માનવું જોઇએ. કારણ કે ભય–મોહ–રાગ–દ્વેષાદિ ન હોવાના કારણે વીતરાગતા તથા સર્વજ્ઞતા હોવાના કારણે અસત્ય બોલવાનાં કારણો પણ મારામાં નથી. અસત્ય (જુઠ્ઠુ) બોલવાનાં કારણો તરીકે ગણાતાં ક્રોધ, લોભ, ભય, હાસ્ય (માન, માયા) આદિ પણ મારામાં સર્વથા નથી. માટે ખોટું બોલવાનું પણ કોઈ પ્રયોજન નથી. ભય–રાગ–દ્વેષાદિ યુકત મનુષ્ય અજ્ઞાની કહેવાય છે. અને તેથી રહિત સર્વજ્ઞાની–વીતરાગી કહેવાય છે. માટે સર્વજ્ઞ અને સર્વજ્ઞનું વચન બન્ને પ્રમાણ માનવું જોઇએ. આ પ્રમાણે અકંપિતને યથાર્થ પ્રતીતિ થઈ. અને તે નતમસ્તક થઇ ગયા.

હે અકંપિત ! આવા પ્રકારનું કેવળજ્ઞાન, કેવળદર્શન અને હોવાથી હું સર્વજ્ઞ-સર્વદર્શી છું અને

તેથી હું પારમાર્થિક પ્રત્યક્ષ (કેવળજ્ઞાન)થી હું નરકને જોઉં છું, નારકીઓને પણ જોઉં છું, તથા જાણું છું અને જેવું જોઉં છું અને જાણું છું તેવું જ તારી આગળ વર્ણન કરું છું. માટે તેમાં યથાર્થતા અને વાસ્તવિકતા તારે સ્વીકાર કરવી. તેમાં સંદેહ ન રાખવો.

આ સાંભળીને સર્વજ્ઞતાની યથાર્થ પ્રતીતિ કરીને અકંપિત નતમસ્તક થઇ ગયેા. અને પછી બીજો પ્રશ્ન પૂછયેા–હે કૃપાલુ! જો ખરેખર નારકી જીવો છે તેા પછી તે અહીં આવતા કેમ નથી?

નારકીઓ અહીં આવતા કેમ નથી?

(રાજા પ્રદેશીએ પણ કેશી ગણધરને એવેા જ પ્રશ્ન પૂછતાં કહ્યું હતું- મહારાજ! મારા દાદા મહાનાસ્તિક હતા. ઘણાં પાપ કરતા હતા. અને તમારા કહેવા પ્રમાણે ઘણાં પાપ કરનારા જો નરકમાં જાય તેા મેં મારા દાદાને કહ્યું હતું કે જો તમે નરકમાં જાઓ તેા મને અહીંયાં કહેવા આવજો. ત્યાં શું છે? ત્યાં કેવું દુઃખ છે? પાપની સજા કેવી ભોગવવી પડે છે? વગેરે. પરન્તુ મહારાજ! મારા દાદાને મરી ગયે વર્ષો વીતી ગયાં છે અને હજી સુધી આવ્યા નથી. જો નરક જેવી કોઈ ગતિ કે કંઇ પણ હોત તેા મારા દાદા આવ્યા હોત. પરન્તુ નથી આવ્યા. માટે નરક નથી, નારકી નથી. એવેા મારેા દૃઢ મત છે.

ઉત્તર–પ્રદેશી રાજાના આ પ્રશ્નનેા ઉત્તર આપતાં પૂ. કેશીગણધરે ફરમાવ્યું– હે પ્રદેશી! ધારેા કે એક મનુષ્ય ઘરેથી કહીને નીકળ્યેા છે કે હું હમણાં પાછેા થેાડી વારમાં જ આવું છું.

અને તે નીકળ્યા પછી તારી અત્યન્ત માનીતી રાણી કાર્યવશાત બહાર નીકળી હોય અને એવું એકાંત-નિર્જન સ્થાન જોઈને કામાતુર થઈ બધું ભાન ભૂલીને તારી રાણી ઉપર તે બળાત્કાર ગુજારે, શિયળ ભંગ કરે. રાણીની ચીસો સાંભળનાર કોઈ ન રહે. અને રાણીને મારવા શરીર ઉપર ઘા કરે. અને એવા માં ઓચિંતા રાજ સૈનિકો આવી પહોંચે અને પેલા દુષ્ટ દુરાચારીને પકડીને તારી સમક્ષ હાજર કરે, અને આ વાત સાંભળીને તું લાલ-ચોળ થઈ જાય અને પેલા દુષ્ટ અપરાધીને ફાંસીની સજા ફરમાવતો હોય, પેલો દુષ્ટ રીબાતો હોય-ત્રાસ અનુભવતો હોય. એવા સમયે એ ધારે તો પણ ઘરે જઈ શકે? મનમાં ખૂબ ઇચ્છા હોય કે ઘરે જઈ આવું. મારાં બાળબચ્ચાં, પત્ની પરિવારને તો મળું.. મનમાં તો ઇચ્છા ઘણા હોય. અને કદાચ તારી આગળ આજીજી કરે, મને છોડો. મને જવા દે, હું કાલે પાછો આવીશ. તો શું હે રાજન! તું એને છોડે? જવા દે ખરો?

રાજા પ્રદેશી–ના સાહેબ! હરગિજ નહીં.

કેશીસ્વામી – હે પ્રદેશી! બસ, તો નરક પણ એવી જ છે. નરક એક ગતિ છે. તે આપણી પૃથ્વી નીચે અધો લોકમાં છે. અને અહીંથી પ્રકર્ષ પાપના કારણે જે જીવો નરકમાં ગયા હોય તે ત્યાં મહાભયંકર દુઃખ ભોગવતા હોય છે. તેમને દુઃખ આપવામાં જેને મજા આવે છે, એવા પરમાધામીઓ ત્યાં હોય છે. તે તેમને છોડે તેમ નથી. અને અસહ્ય દુઃખ ભોગવતા હોય છે. પરમાધામી-ઓને આધીન તેમના વશમાં હોય છે. તો હે પ્રદેશી!

હવે વિચાર કર કે તારા દાદા અહીં તને કહેવા માટે પણ આવી શકે ખરા ? લાગે છે કોઈ શક્યતા ?

પ્રદેશી રાજા કેશી સ્વામીનો તર્ક-યુક્તિપૂર્વક ઉત્તર સાંભળી વાસ્તવિકતા સમજી ગયો. વસ્તુ તત્ત્વનો તેણે સ્વીકાર કર્યો.)

એ જ વાત અહીંયાં પણ સમજવાની છે. આ જ ઉત્તર ભગવંતે અકંપિતને આપ્યો છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે નારકી જીવો આવી નથી શકતા.

અનુમાન પ્રમાણથી નરક સિદ્ધિ—

पावफलस्स पगिट्ठस्स भोइणो कम्मओडवसेसट्ठ ।
सन्ति धुवं तेडभिमया नेरइया, अह मइ हेज्जा ॥
अच्चत्थदुक्खिया जे तिरियनरा नारगत्ति तेडभिमया ।
तं न जओ सुरसेाकखप्प गरिससरिसं न तं दुकखं ॥

જીવો અહીંયાં પાપની પ્રવૃત્તિમાં પણ રત છે. મનુષ્યો– તિર્યંચ પશુ· પક્ષીઓ પણ પાપની પ્રવૃત્તિઓ સતત કરે છે. આ બધાં કરેલા પાપોને કયાંય ભોગવવાં તો પડશે કે નહીં ? એક માણસ ૧૦૦ વાર ચોરી કરે અને માંડ ૧-૨ વાર પકડાય છે. અને ૨-૪ વર્ષની સજા જેલમાં ભોગવી આવે છે. પરન્તુ જે ૯૮ કે ૯૯ વારની ચોરીમાં નથી પકડાયો તેનું શું ? ન પકડાય એટલે શું તે પાપમાંથી છટકી જાય છે ? ના. કયારેય નહીં. ચોર કદાચ આ ધરતી ઉપર પોલીસના હાથમાંથી છટકી જશે. પકડાતાં બચી જશે. એ વાત હજી પણ સંભવ છે પરન્તુ જે પાપ કર્યાં છે તેમાંથી તેણે નરકમાં તો જવું જ પડશે. અને ત્યાં પરમાધામીઓના હાથમાંથી છટકવાનો સંભવ નથી. કોઈ સંજોગોમાં પણ નરકમાં તો છટકી શકે

તેમ જ નથી. કહેવત છે કે "દેર હૈ, પર અંધેર નહીં".

માણસ છેલ્લી મરણ પથારીએ પડયો હોય છે. ભારે માંદગી પણ ભોગવતો હોય છે. અને મૃત્યુની ઘડીઓ ગણાતી હોય છે એવા સમયે પણ કોઇ શું પોતે જિંદગીમાં કરેલાં પાપો ભૂલી જાય છે? [ના. માણસ શું ખાધું-પીધું હતું વગેરે ભૂલી શકે છે પણ જગતમાં કોઇ પણ વ્યકિત પોતાનાં પાપો ભૂલી નથી શકતી. દરેકને પોતાનાં પાપો તો યાદ જ હોય છે. તો અહીંયાં જે પાપો કર્યાં છે તેની સજા તો ભોગવવાની જ છે. એ સજા કયાં કેટલા પ્રમાણમાં ભોગવાય છે?

અકંપિત — હે ભગવંત! આજ ધરતી ઉપર જે મનુષ્યો તથા તિર્યંચ પશુ-પક્ષીનાં જીવો છે તે બધા જે પ્રકારની ભૂખ-તરસ-છેદન-ભેદન-મારણ આદિની વેદના ભોગવતા હોય છે તેમને જ આપણે નારકી માની લઇએ તો શો વાંધો છે? કારણ કે દુઃખ તો ભોગવે જ છે ને?

ભગવાન — હે અકંપિત! ના. એમ નથી. પાપો પણ બે પ્રકારનાં છે. કેટલાંક સામાન્ય કક્ષાનાં પાપો છે. અને કેટલાંક ઉત્કૃષ્ટ (પ્રકૃષ્ટ) કક્ષાનાં પાપો છે. અહીંયાં મનુષ્યો અને પશુ-પક્ષીઓ જે દુઃખ-વેદના ભોગવે છે એ તો સામાન્ય વેદના છે. બહુ ઓછું દુઃખ છે અને સાથે થોડાઘણા અંશે સુખ પણ છે. હા. સુખનું પ્રમાણ ઓછું અને દુઃખનું પ્રમાણ વધારે છે એ પણ વાત બરોબર છે. પરંતુ હજી તેથી પણ વધારે ઉત્કૃષ્ટ કક્ષાનું પણ દુઃખ હોય છે. જેમ દરેક વસ્તુ અવસ્થા વિશેષની ચરમ સીમા-અંતિમ તો છેડા હોય છે. દા. ત., સુખ છે, તો

સુખની પણ ચરમસીમા છે. અહીંયાં જે મનુષ્યો સુખ ભોગવે છે તે તો સામાન્ય સુખ છે. અને પાછું દુઃખમિશ્રિત સુખ છે. ક્ષણિક સુખ છે. ક્ષણિક એટલા માટે કે જેની પાછળ દુઃખના ડુંગરો તો ઊભા જ છે. એટલે સુખાભાસ માત્ર જ છે- પરન્તુ ઉત્કૃષ્ટ સુખ પણ છે અને તે ભોગવનારા જીવો–ગતિ વગેરે પણ છે.

सुख दुःखे मनुजानां मनः शरीराश्रये बहुविकल्पे ।
सुखमेव तु देवानामल्पं दुखं तु मनसिभवम् ॥

આચારાંગ ટીકામાં કહ્યું છે કે, મનુષ્યને માનસિક અને શારીરિક નાના પ્રકારનાં સુખ–દુઃખ હોય છે. પણ દેવોને તો શારીરિક સુખ જ હોય છે. અલ્પ માત્રામાં માનસિક દુઃખ હોય છે.

મનુષ્ય–તિર્યંચમાં ભૂખ–તરસ ઠંડી–ગરમી આદિનાં દુઃખો તો સામાન્ય છે તેથી ઉત્કૃષ્ટ છેલ્લી ચરમ સીમાનાં દુઃખો ભોગવવાની તો એકમાત્ર ગતિ નરકગતિ જ છે. જેમ ચરમ સુખો, ઉત્કૃષ્ટ સુખો ભોગવવાની ગતિ તે સ્વર્ગની ગતિ છે. તેમ છેદન, ભેદન, તાડન, મારણ, વગેરેનાં પ્રકૃષ્ટ પાપોની સજારૂપે દુઃખો ભોગવવાની ગતિ પણ છે. અને તે છે નરકગતિ.

सततमनुबद्धमुकतं दुःखं नरकेषु तीव्रपरिणामम् ।
तिर्यक्षूष्ण-भय-क्षुत्-तृडादिदुःखं सुखं चाल्पम् ॥

નારકી જીવોમાં તીવ્ર પરિણામવાળું સતત દુઃખ લાગ્યું જ રહે છે. તિર્યંચગતિનાં પશુ પક્ષીઓમાં ઉષ્ણ, તાપ,

સ્વર્ગાદિની ફળ પ્રાપ્તિ પણ છે. માટે સ્વાર્ગાદિ પરલોક માનવાં એ જ હિતાવહ લાગે છે. આ પ્રમાણે ભગવંતે સ્વર્ગ પરલોકની વેદ પ્રમાણથી સિધ્ધિ કરી બતાવી. શ્રુતિ-સ્મૃતિ-વેદ આદી પણ પરલોક-સ્વર્ગને સમર્થન આપે છે.

શું પરલોક છે ? છે તો કયાં છે ? કેવો છે ? કોના માટે છે ? ત્યાં શું છે ? કેટલા પરલોક છે ? કેવી રીતે જવાય ? ઈત્યાદિ પ્રશ્નોનો વિચાર પ્રસ્તુત પુસ્તકમાં કરવાનો છે.

પહેલાના ગણધરોની ચર્ચામાંથી સમજવા જેવું

भूइंदियाइरित्तस्स चेयणा सेा य दव्वओ निच्चेा ।
जाइसरणाईहिं पडिवज्जसु वाउभूइव्व ॥

ભગવંતે ફરમાવ્યું- હે મેતાર્ય ! ચેતના પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિ ભુતો અને ઈન્દ્રિયોથી ભિન્ન છે. ચેતના દેહથી પણ ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય છે. ચેતના એ સ્વતંત્ર આત્માનો ધર્મ છે અને તે આત્મા જાતિ સ્મરણાદિના હેતુ આદીથી સિદ્ધ થાય છે. એવો આત્મા દ્રવ્યથી નિત્ય છે. આ પ્રમાણે ત્રીજા ગણધર વાયુ ભુતિની જેમ તું પણ સ્વીકાર કર.

न य एगेा सव्वगओ निक्किरिओ लक्खणाईमेआओ ।
कुंभादउव्व बहवेा पडिवज्ज तमिन्द भूइव्व ॥

આત્મા એક નથી. પણ અનંતા છે. સર્વગત, સર્વવ્યાપી એક આત્મા નથી. પરન્તુ દરેક શરીરને આશ્રયીને શરીર પરિમાણ માત્ર અનન્તા આત્માઓ છે. અને આત્મા નિષ્ક્રિય પણ નથી. સક્રિય છે. કર્મનો કર્તા છે. કૃતકર્મના ફળનો ભોક્તા છે. ઘટ-પટ આદિની જેમ લક્ષણાદિના ભેદથી ભેદ છે. અર્થાત

એકથી બીજામાં ભેદ શા માટે છે ? તો કહેવાનું કે રાગ, દ્વેષ, કષાયાદિ અધ્યવસાયોની તરતમતાના કારણે ઉપાધિ ભેદથી ભિન્ન ભિન્ન છે. માટે હે મેતાર્ય ! આ પ્રમાણે પ્રથમ ગણધર ઈન્દ્ર ભુતિની જેમ તું પણ પહેલા તો આત્માને આ સ્વરૂપમાં સારી રીતે સમજી લે.

इहलोगाओ य परो सौम्म ! सुरा-नारगा य परलोओ ।
पडिवज्ज मोरिआऽकंपिउव्व विहियप्पमाणाओ ॥

હે સૌમ્ય ! આ લોકથી ભિન્ન જુદો પરલોક છે. જેને સ્વર્ગ-નરક કહેવાય છે. દેવ-નારકીના ભવ તરીકે ઓળખાય છે. તેને સાતમા ગણધર મૌર્યપુત્ર તથા આઠમા ગણધર અકંપિત સ્વામીની જેમ સમજીને સ્વીકાર કર,પ્રમાણથી કબુલ કર.

આ પ્રમાણે પહેલા, ત્રીજા, સાતમા અને આઠમા આ ચાર ગણધરોની ચર્ચા વાંચવાથી આત્મા અને પરલોકના વિષયોની સ્પષ્ટ સિદ્ધિ થઈ જશે. એટલે અહીંયાં આ વ્યાખ્યાનમાં નવું કંઈ કહેવાનું રહેતું જ નથી. જો કે પહેલા કરી ગયેલા સર્વ વિષયનું પુનરાવર્તન એટલે ફરીથી બધુ જ અહીંયા કહેવું ઉચિત નથી, સંભવ નથી અને યોગ્ય પણ નથી. એટલે આ વિષયના જિજ્ઞાસુએ બધા તર્કો તથા યુક્તિઓ પ્રથમ ત્યાંથી વાંચી લેવા. એટલે પરલોક આદિ સ્પષ્ટ સમજાઈ જશે.

પરલોકને ઓળખવા માટે સર્વપ્રથમ પરલોકગામી કોણ છે? પરલોકગામી કેવો છે ? પરલોકમાં જનાર તે આત્મા કેવો છે? વગેરે સમજવુ જરૂરી છે. એ સમજાય તો જ આગળ પરલોક સમજાશે.

મેતાર્યનો પ્રશ્ન- ભુતોના સંઘાત-સમુદાયમાંથી ઉત્પન્ન થયેલ આત્મા ભુતોના નષ્ટ થવાથી તે પણ નાશ પામી જાય છે. તો પછી પરલોક માનવો કોનો ?

દેહાત્મવાદ ભૂત ચૈતન્યવાદ પક્ષનું ખંડન

મેતાર્યના આ પ્રશ્નનો ઉત્તર આપતા પરમાત્મા શ્રી વીરપ્રભુએ ફરમાવ્યું- હે સૌમ્ય ! તારી વાત બરોબર છે. જો ભુતોનાં સમુદાયમાંથી આત્માને ઉત્પન્ન માનીએ તો તો તારો પક્ષ સાચો પડે. પરન્તુ મુળ પાયામાં જ તારી ભુલ એ થાય છે કે તું જેવો આત્માને માને છે તેવો તે નથી. તેનું આત્માનું સ્વરૂપ નથી. એટલે તારી માન્યતા પ્રમાણે ભૂતસંઘાતોત્પન્ન આત્મા છે, દેહ-શરીર એ જ આત્મા છે. અને તે અનિત્ય-વિનાશી છે. માટે પછીના અસ્તિત્વ વિષે અર્થાત પરલોક વિષે તું શંકાશીલ છે કે, જ્યારે આત્મા જ અનિત્ય છે, તે જ નષ્ટ થઈ જાય છે, અને મૃત્યુ પછી કોઇ જ રહેતું નથી. કંઇ જ રહેતુ નથી. મૃત્યુ પછી રહેનાર કોઈ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતુ તત્વ જ નથી તો પછી પરલોક કોનો ? પરલોકમાં જાય કોણ ? અને પરલોકમાં જનાર જ નથી માટે પરલોક જેવુ પણ કંઈ નથી. એવી તારી આ માન્યતામાં તને માત્ર પરલોકમાં નથી એવી શંકા નથી. પરન્તુ "પરલોક નથી"ની વાતના મૂળમાં પરલોકગામી-પરલોકમાં જનાર આત્મા નથી. માટે પરલોક નથી એવી તારી શંકા છે. એટલે જેમ કબજીયાત છે, માટે માથુ દુઃખે છે. તેમાં ફકત માથા ઉપર બામ લગાડવાથી શું થશે ? માથું દુઃખતું


મટાડવા માટે તો તેનું મુળભૂત કારણ જે કબજીયાત છે તેને મટાડવી પ્રથમ આવશ્યક છે. ચતુર વૈદ્ય પ્રથમ રેચક–ચૂર્ણ–સૌમ્ય વિરેચન આપશે. અને તેથી કારણ નાબૂદ થતા કાર્ય પણ–નાબૂદ થઈ જશે. કબજીયાત મટતાં માથું દુઃખતું પણ મટી જશે.

એ જ રીતે તારા વિષયમાં પણ એવુ જ છે. કપાળે બામ લગાડવાની જેમ ફક્ત જો ઉપર ઉપરથી પરલોક છે, એવી સિદ્ધિ કરી આપીશ તો પણ નિરર્થક જશે. કારણ, પરલોક નથી તેના મુળમાં તને પરલોકગામી આત્મા જ સ્વતંત્ર દેહભિન્ન, ભૂતભિન્ન ચેતન દ્રવ્ય નથી, એવી જે તારી કારણ-ભુત શંકા છે. પ્રથમ તો એનું સમાધાન કરાવવું પડશે. પછી પરલોકની વાત. કારણ નષ્ટ થયા પછી કાર્યમાં પરિવર્તન અવશ્ય આવી જશે. આત્માનું સ્વરૂપ સમજાઇ ગયા પછી પરલોક પણ તને સરળતાથી સહેલાઇથી સમજાઇ જશે. માટે પ્રથમ આત્મા વિષે ચર્ચા કરવી હિતાવહ છે. એટલે દેહાત્મવાદ ભુતચૈતન્યવાદ વિષયક તારી માન્યતાનું નિરાકરણ કરવું જ ઉચિત છે.

દેહાત્મવાદ એટલે દેહ એ જ આત્મા છે. દેહ=શરીરથી જુદો કોઇ આત્મા નામનો પદાર્થ નથી. દેહમાં આત્મા દેહથી જુદો કોઇ આત્મા એમ તું નથી માનતો પરન્તુ દેહને જ આત્મા, શરીર એ જ આત્મા એમ તું માને છે, તે પાયામાં જ મોટી ભુલ છે. આ નાસ્તિક મતવાદી વિચાર છે.

એ જ પ્રમાણે ભુત ચૈતન્યવાદ પક્ષ છે. ભુતો ચાર છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ. નાસ્તિકચાર્વાક ચાર જ ભુતો માને છે, પાંચ નહીં. લોકમાં આકાશ સાથે પંચભુતની માન્યતા પ્રચલિત છે. પૃથ્વી પાણી, અગ્નિ અને વાયુ આ ચાર ભુતોના સંઘાત-મિશ્રણમાંથી ચેતના શકિત ઉત્પન્ન થઇ જાય છે. જેમ ધતુરો-મહુડા-ધાવડી, ગોળ અને દ્રાક્ષા આદિ પદાર્થોના મિશ્રણમાંથી મદશકિત ઉત્પન્ન થાય છે. મદિરા-દારૂ બને છે. અને તેમાં એક જાતનો નશો હોય છે. એ મદિરા પીધા પછી જેમ માણસમાં મદ-નશો ચડે છે. તેમ પૃથ્વી આદિ ભુતોના મિશ્રણમાંથી ચેતના નામની મદ જેવી શકિત નિર્માણ થાય છે, તે જ આત્મા છે. તેથી ભિન્ન આત્મા નથી અને જેમ પૃથ્વી-આદિ ભુતોમાંથી ઘડો બન્યો હોય અને એક દિવસ તે જ ઘડો ફુટી જાય, નષ્ટ થઇ જાય. એટલે એ ઘડો પાછો પૃથ્વી આદિ ભુતોમાં જ વિલીન થઇ જાય છે. પછી ઘડા જેવું કંઇ જ રહેતું નથી.

એ જ પ્રમાણે પૃથ્વી આદિ ભુતોના મિશ્રણમાંથી ચેતના



શકિત (આત્મા) ઉત્પન્ન થઈ અને તે જ શરીર રૂપ ભુતોનો સંઘાત-મિશ્રણ ભુતોમાં વિલીન થતા નષ્ટ થતા. ચેતના શકિત આત્મા પણ તેમાં વિલીન થઈ જાય છે. પછી કંઈ રહેતુ નથી.

તુ એવુ માને છે કે– જેમ એક કપડું તન્તુઓના(સુતર) જોડાણથી બન્યુ ત્યારે તેનામાં સફેદી આવી, એમ ભુતોના મિશ્રણ-માંથી બનેલા દેહમાં ચેતના આવી અને જ્યારે એ કપડુ બળી ગયું ત્યારે તે કપડાની સાથે તેની સફેદી પણ ભેગી બળી ગઇ. પછી શું રહ્યું ? એમ શરીર બળી જતા, ભુતોમાં વિલીન થતા તેની ચેતના શકિત પણ નષ્ટ થઇ ગઈ. તે પણ સાથે જ બળી ગઇ. પછી શું રહ્યું ? એટલા જ માટે તું દેહાત્મવાદ, દેહ એ જ આત્મા છે, તથા ભુતચૈતન્યવાદ-ભુતોના જ મિશ્રણમાં ચેતના માને છે ? આ પ્રમાણે તારી માન્યતા છે. પણ તે તદ્દન ખોટી છે. અયોગ્ય છે. સાવ તર્કયુકિત-પ્રમાણ રહિત છે. એમાં સેંકડો આપત્તિઓ આવશે.

હે મેતાર્ય ! જો શરીર એ જ આત્મા હોય તો પછી મૃતાવસ્થામાં અર્થાત મરી ગયા પછી પણ જે મડદુ પડયું છે. તે મડદુ પણ શરીર જ છે તો પછી હવે કેમ તે બોલતુ-ચાલતુ નથી ? ૧ મિનિટ પહેલા એ જ બોલતું ચાલતુ હતું. બધી જ ક્રિયા-સર્વ વ્યવહાર એ કરતું હતુ. તો પછી હવે કેમ કંઈ નથી કરતુ ? તારા કહેવા પ્રમાણે શરીર તો એ જ છે. એમાં તો ના નહીં પાડી શકે ? પરન્તુ હવે શ્વાસબંધ ક્રિયાબંધ, પ્રવૃત્તિબંધ, બોલવું ચાલવું પણ સદંતર બંધ. સુખ-દુઃખની લાગણીનો અનુભવ પણ નથી થતો.

ઇન્દ્રિયોને જ આત્મા માનનારા વિચારે કે મૃતકને બધી ઇન્દ્રિયો છે, આંખ ઉઘાડી હોય છતાં પણ તે કંઇ જોતો નથી. કાન ઉઘાડા છે પણ કંઇ સાંભળતો નથી. જો ઇન્દ્રિયો વડે જ્ઞાનનો અનુભવ થતો હોત તો લાકડામાં બાળતી વખતે મડદું ચીસ પાડીને ઉભુ થઇ જવું જોઇએ. જેમ જીવતા માણસને સામાન્ય પણ અગ્નિનો સ્પર્શ થતા તે ચીસ પાડીને કેમ ઉભો થઈ જાય છે? તેમ મડદુ કેમ નથી થતું ? બન્ને અવસ્થામાં શરીર તો એનું એ જ છે. શરીર નથી બદલાયું છતાં પણ એક વાર ચીસો પાડે છે અને બીજી વાર ચીસો નથી પાડતું. માટે દેશ–શરીર એ જ આત્મા કેવી રીતે માનવું ?

શું કોઇનો હાથ, કોઇનો પગ, કોઈનું માથું, કોઇનું પેટ, કોઈનું ધડ વગેરે અંગો લાવીને ભેગા કરવાથી શું તે શરીરમાં ચેતના આવી જશે ? શું તે સક્રિય બની જશે ? શું તે બધી પ્રવૃતિ કરશે ? ના. શકય નથી ? જે માણસને એક અંગે કેન્સરની ગાંઠ થઇ હોય, અને તેથી તે મૃત્યુ પામ્યો હોય તો શું ફરી તે માણસને જીવિત કરવા માટે બીજાનો હાથ કે પગ કાપીને લગાડવાથી તે પુનર્જીવિત થઈ જશે? ના. એ પણ સંભવ નથી. પરન્તુ હે સૌમ્ય ! તારી માન્યતા પ્રમાણે તો મૃતક ફરીથી જીવિત થઈ જવો જોઇએ. પરન્તુ न भुतो न भविष्यति, ભુતકાળમાં કયારેય બન્યુ નથી અને ભાવિમાં કયારેય બનવાનું નથી કે મૃતક–મડદુ પુનર્જીવિત થયું હોય.

મૃત્યુ સમયે ગયો એવો વ્યવહાર ગતિ ક્રિયાનુકુળ વ્યાપાર કોનો થાય છે ? કોણ ગયો ? શરીર ગયું કે જીવ ગયો ? સર્વ સામાન્ય જનતા સર્વત્ર એક જ વ્યવહાર કરે છે કે જીવ ગયો, શરીર નથી ગયું. શરીર ગયું એમ કોઇ કહી પણ ન શકે. કારણ, શરીર તો સામે પડયુ છે. શરીર તો હાજર છે. સામે સ્પષ્ટ દેખાય છે. તો પછી 'શરીર ગયું' એ કહેવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત નથી થતો, માટે સર્વત્ર એમ જ કહેવાય છે કે "જીવ ગયો".

મૃત્યુ એ શું છે ? જીવ અને શરીરનો વિયોગ એનું જ નામ મૃત્યુ છે. જીવાત્મા શરીરને છોડીને ચાલ્યો જાય છે. એ જ મૃત્યુ કહેવાય છે. માટે છોડનાર કોઇ જુદો છે અને જે છોડવામાં આવે છે તે જુદુ છે. માટે શરીર અને આત્મામાં ભેદ છે. બન્નેને એક તો માની જ ન શકાય. શરીરને આત્મા કહી જ ન શકાય. અર્થાત મૃત્યુ સમયે જે જીવ શરીર છોડીને જાય છે, તે જ્યાં જાય છે તે પરલોક છે. પરગતિ છે. પરભવ છે અને બીજે જઇને જન્મે છે. માટે પુનર્જન્મ છે અને એ જ પ્રમાણે આ જન્મમાં આપણે આવ્યા તો કોઈ ગતિમાંથી જ આવ્યા છીએ. એટલે ગત જન્મ તે આપણો પૂર્વજન્મ થયો. આ પ્રમાણે એક માત્ર કેન્દ્રમાં આત્માને દેહભિન્ન, ભુતભિન્ન સ્વતંત્ર ચેતના શકિતવાળો આત્મા જો માનવામાં આવે તો પછી પરલોકાદિ સર્વ પદાર્થો સ્વતઃ સિદ્ધ થઈ જશે. પછી તો બહુ સહેલું છે.

એ જ પ્રમાણે હે મેતાર્ય ! તુ જે ભુતચૈતન્ય વાદપક્ષ માને


છે તે પણ યોગ્ય નથી. તારી એ પણ માન્યતા ખોટી છે કે- મદ્યાંગોમાં જેમ મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ ભુતોના સંઘાતમાં ચેતના શક્તિ ઉત્પન્ન થાય છે. એ બની જ ન શકે. મદ્યાંગોમાં મદશક્તિ પહેલાથી તિરોહિત રૂપે પડેલી હતી. અવ્યક્ત રૂપે પડેલી હતી. તો જ તેના સમુદાયમાંથી ઉત્પન્ન થઈ. અન્યથા પાણી કે દૂધમાંથી કેમ મદશક્તિ ઉત્પન્ન નથી થતી ? ગોળ, દ્રાક્ષ, ધતુરા, મહુડાના ફળ, વગેરેના જ મિશ્રણમાંથી કેમ મદશક્તિ ઉત્પન્ન થાય છે ? પાણી કે દૂધમાંથી મદ શક્તિ કેમ ઉત્પન્ન નથી થતી ? જો એમ માનીએ કે જેમાં જે ન હોય છતા તેના સમૂહમાંથી તે ઉત્પન્ન થાય છે. તો તો પછી રેતીમાંથી પણ તેલ નીકળશે. રેતીના એક કણમાં તેલ નથી. પરન્તુ તેના સમૂહને પીલવાથી શું તેલ નીકળશે ? ના. સંભવ નથી.

જે એક કણમાં સ્વતંત્રાસ્તિત્વમાં નથી. તો પછી તે તેના સમુદાયમાં તો કયાંથી નીકળે ? હા, તેલ તલમાંથી નીકળે છે. અને તે તેલ તલના એક એક કણમાં છે તો સમુહમાંથી પણ નીકળે છે. પરન્તુ રેતીના કણમાં નથી માટે તેના સમુહમાં પણ નથી. એમ મદ શક્તિ ગોળ-મહુડા-ધતુરાના કણ કણમાં વ્યાપ્ત છે. માટે તેના સંમિશ્રણમાંથી ઉત્પન્ન થાય છે. પરન્તુ પાણી-દૂધ-ઘી આદિમાં મદશક્તિ નથી. માટે તેના સમુહમાંથી કે સંમિશ્રણમાંથી પણ ઉત્પન્ન નહીં થાય. એ જ પ્રમાણે તલમાંથી તેલ નીકળશે. પણ રેતીના સમુદાયને પણ પીલવાથી તેલ નહીં જ નીકળે. એમ શરીરના કોઈ અવયવમાં ચેતના શક્તિ નથી. માટે દેહના સર્વાંગોના જોડાણ માત્રથી ચેતના

શકિત ઉત્પન્ન નથી થઈ જતી. માટે જ મૃતક (મડદા)માં ચેતના શકિત નથી હોતી. એ જ પ્રમાણે પૃથ્વી–પાણી–અગ્નિ અને વાયુ એ ચારે ભુતોમાં સ્વતંત્રપણે પણ ચેતના શકિત નથી. માટે તે ચારે ભુતોના સમુદાયમાં કે સંઘાતમાં કે મિશ્રણમાં કયારેય ચેતના શકિત ઉત્પન્ન નથી જ થવાની. આથી એ સિદ્ધ થાય છે કે ચેતના એ દેહધર્મ નથી. પરન્તુ દેહાતિરિકત છે. શરીરથી ભિન્ન, સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા એવા આત્મ દ્રવ્ય (ચેતન તત્ત્વ)નો ધર્મ છે. ચેતનની શકિત તે ચેતના છે. તે જ્ઞાન–દર્શનાત્મક છે. ચૈતન્ય એ ચેતનનો ધર્મ છે, દેહનો નહીં. માટે ચેતનનો એવો આત્મા ચૈતન્ય સ્વરૂપી છે. ચેતના દેહભિન્ન છે. માટે દેહનો નાશ થવાથી ચેતના નાશ નથી થતી. આથી ચેતન એ દેહભિન્ન સ્વતંત્ર નિત્ય શાશ્વત દ્રવ્ય છે. અને દેહ એ ચેતનથી ભિન્ન ભુતજન્ય ભૌતિક જડ અને નાશવંત છે. તે ઉત્પન્ન થયો છે. માટે નષ્ટ થવાનો જ છે. આત્મા અનુત્પન્ન છે. માટે શાશ્વત નિત્ય છે.

ચેતના શું છે ?

ચેતના એ ચેતનની શકિત વિશેષ છે. ચેતન ગત ધર્મ છે. ગુણ છે.



ચેતના બે પ્રકારની છે. જ્ઞાન-દર્શનાત્મક તેનો સ્વભાવ છે. જ્ઞાનાત્મક એટલે જાણવું અને દર્શનાત્મક એટલે જોવુ. આ જાણવા અને જોવાનો સ્વભાવ કોનો છે ? આત્માનો છે ? શરીરનો કે ઇન્દ્રિયોનો નથી. આંખ નથી જોતી. પણ આત્મા આંખ વડે જુએ છે. કાન નથી સાંભળતા પણ સાંભળવામાં કાન એ સહાયક સાધન માત્ર છે. કાન વડે સાંભળીએ છીએ. નાક વડે સૂંઘીએ છીએ. ચામડી વડે સ્પર્શ અનુભવીએ છીએ. આમાં વડે એ કરણ અર્થમાં તૃતીયા વિભક્તિ છે. વડે એ સુચક કરણનો કર્તા તો આત્મા જ માનવો પડે. જો આ હીં ના પાડો કે ના, આંખ જુએ છે, કાન સાંભળે છે. તો એવી આપત્તિ આવશે કે તો પછી મડદુ કેમ નથી જોતુ, સાંભળતું ? મડદાની પણ બન્ને આંખો ખુલ્લી રાખો તો શું તે જોશે ? મડદાના બન્ને કાન ખુલ્લા છે તો શું તે સાંભળે છે ? ના.. કેમ નથી સાંભળતું ? કેમ નથી જોતું ? કારણ, તેની જોવા સાંભળવાની ક્રિયાનો કરનાર કર્તા આત્મા ચાલ્યો ગયો છે. હવે તે મૃતકમાં નથી, માટે મડદું હોવા છતાં, મડદાને કાન-કાન હોવા છતાં પણ તે જોતું-સાંભળતું નથી.

આ પ્રમાણે જાણવુ-જોવુ એ પણ ક્રિયા છે અને તે ક્રિયાનો કર્તા આત્મા છે. શરીર તો માત્ર સાધનભુત છે. આત્મા એ જ ચેતન દ્રવ્ય છે. અને ચેતનનો ધર્મ ચેતના છે. સ્વભાવ અને ગુણ ચેતના છે. ચૈતન્ય છે. એટલે જ "**चेतना लक्षणा जीव**:" ચેતના લક્ષણવાળો. જીવ કહ્યો છે. જીવને ઓળખવા માટે ચેતના એ લક્ષણ બનાવ્યું. લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને

અસંભવ એવા ત્રિદોષ રહિત છે. આવા ત્રણે દોષથી રહિત હોય તેને જ લક્ષણ કહેવાય. લક્ષણ હંમેશા લક્ષ્યની સિદ્ધિ કરે છે. અહીંયા લક્ષ્ય પદાર્થ તે આત્મા છે અને લક્ષણ તે ચેતનાધર્મ છે. ચેતના લક્ષણથી ચૈતન્ય સ્વરૂપી આત્માની જ સિદ્ધિ થાય છે, શરીરની નહીં. કારણ ચેતના એ શરીરની નથી. ચેતના શરીરમાં નથી ઘટતી. કારણ જાણવા જોવાનો સ્વભાવ એ શરીરનો નથી. આત્માનો છે

આત્માનું લક્ષણ– પૂજ્ય વાચક મુખ્યજી શ્રી ઉમાસ્વાતિજી મહારાજ તત્વાર્થ સુત્રમાં ફરમાવે છે કે- **'उपयोगो लक्षणम्'** ઉપયોગ લક્ષણવાળો આત્મા છે. ઉપયોગ જ્ઞાન–દર્શનાત્મક છે. અને દર્શનોપયોગ જ્ઞાનોપયોગથી આત્મા જાણે છે અને દર્શનોપયોગથી જુએ છે, આ જાણવા અને જોવા સ્વભાવવાળો તે આત્મા છે. ઉપયોગ પણ ચેતનાત્મક છે. ચેતના કહો કે ઉપયોગ કહો બન્ને એક જ છે. નામભેદ છે. પરન્તુ સ્વરૂપ એક જ છે. આત્માનું લક્ષણ શરીરમાં નહીં ઘટે અને શરીરનું લક્ષણ આત્મામાં નહીં ઘટે. કારણ બન્ને પરસ્પર વિરૂધ્ધ ગુણધર્મવાળા દ્રવ્યો છે. માટે જ ભિન્ન સ્વતંત્ર આત્મા અને આત્માથી ભિન્ન સ્વતંત્ર જડજન્ય ભુતજન્ય દેહ શરીર માનવું જોઇએ. બન્નેને એક માનવા શકય નથી. હાથી અને ઘોડા બન્નેને એક માની ન શકાય. આકાશ–પાતાળમાં જેટલો તફાવત છે, તેટલો જડ–ચેતનની વચ્ચે તફાવત છે.

સંખ્યાની દ્રષ્ટએ આત્મા કેટલા ?

મેતાર્યજીનો એવો પણ પ્રશ્ન છે કે, આત્મા એક જ હોવાથી

અને તે સર્વવ્યાપી હોવાથી પણ પરલોક કેવી રીતે સંભવે? બ્રહ્મબિન્દુપનિષદમાં કહ્યું છે કે–

एक एव हि भूतात्मा भुते भुते व्यवस्थित : ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥

–દરેક ભૂતોમાં રહેનારો એવો એક જ ભૂતાત્મા છે. અને તે એક છતાં એકરૂપે અને જેમ પાણીમાં ચંદ્રમા દેખાય અને અનેકરૂપ થાય છે તેમ પ્રતિબિંબની જેમ અનેક રૂપે પણ દેખાય છે.

"एकमेवाद्वितीयं ब्रह्म", "नेहनानास्तिं किंचन"

એક જ અને અદ્વિતીય અર્થાત એના જેવો બીજો કોઈ નથી એવો બ્રહ્મ જ છે. એથી અતિરિક્ત બીજુ કંઇ જ નથી. આવો પણ પક્ષ છે. અને તે બ્રહ્મને જ સત્ય માને છે. પરન્તુ જગત મિથ્યા માને છે. "ब्रहमसत्यं जगन्मिथ्या." અદ્વિતીય –એટલો બીજો નથી જ. માટે અદ્વિતીય અને તેથી 'એકમેવ' એમ જ એમ કહેવામાં આવે છે. આ પક્ષના મતની માન્યતા પ્રમાણે પણ એક જ બ્રહ્મા એ જ પરમ આત્મા છે. અને માત્ર ઉપાધિભેદથી બધા શરીરોમાં પાણીમાં ચંદ્રના અનેક પ્રતિબિમ્બની જેમ અનેકરૂપે દેખાય છે.

આના ઉપરથી પણ મેતાર્યજી શંકા કરે છે કે તો પછી પરલોક માનવો જ કોનો ? એક જ આત્મા અને તે જ આકાશની જેમ સર્વવ્યાપી છે." વિભુ છે. "सर्वमुर्तद्रव्य संयोगित्वं विभुत्व" સર્વમુર્ત દ્રવ્યની સાથે સંયોગ સંબંધથી સંકળાયેલ એવો દ્રવ્ય તે વિભુ–વ્યાપક કહેવાય. એવો એક

બ્રહ્મ છે. તે વિભુ છે. સર્વવ્યાપી છે. એટલે સર્વવ્યાપી એવા એક જ આત્માનો પરલોક પણ કેવી રીતે માનવો ? કારણ જ્યારે પરલોક માનશો ત્યારે સર્વલોક કયો માનવો ? અને સર્વવ્યાપી હોવાના કારણે તેનો તો સદાય પરલોક સ્પર્શ પણ છે જ. માટે આ માન્યતાના પક્ષમાં અનન્તાત્મા જ માનવામાં નથી આવતા, એક જ આત્મા અને તે પણ સર્વવ્યાપી માનવામાં આવે છે તો પછી પરલોક જેવી કોઇ વાત જ નથી રહેતી.

આત્મા એક અને સર્વવ્યાપી નથી

હે મેતાર્ય ! આ પક્ષ સ્વીકારવામાં પણ ઘણાં દોષો છે. પહેલી વાત તો એકે આત્માને એક માનીને તેને આકાશની જેમ સર્વવ્યાપી માનીએ તો તે ઘટી શકે તેમ જ નથી. આકાશ સર્વવ્યાપી એક અખંડ દ્રવ્ય છે. અને બધે એક સરખો છે. કયાંય ભેદ નહીં દેખાય. કારણ આકાશનું સર્વત્ર એક જ લિંગ-લક્ષણ અનુભવાય છે. પરન્તુ આત્મા વિષે એવું નથી. આત્મા પ્રત્યેક પિંડ (શરીર)માં વિલક્ષણ દેખાય છે. એવો નિયમ છે કે લક્ષણ ભેદ હોય તો જ વસ્તુભેદ માની શકાય. આકાશનો લક્ષણભેદ નથી. આકાશ સર્વત્ર એક સરખો છે. માટે સર્વવ્યાપી માની શકાય. પરન્તુ આત્મા જો એક અને સર્વવ્યાપી માનીએ તો સર્વત્ર તે એક સરખો નથી દેખાતો. વિલક્ષણ છે. લક્ષણભેદથી બધે ભિન્ન-ભિન્ન લક્ષણયુક્ત દેખાય છે. કારણ વસ્તુનું સાધક અનુમાન આ પ્રમાણે થાય છે કે–

આત્મા અનેક છે, ભિન્ન ભિન્ન છે. કારણ કે તેમાં લક્ષણ ભેદ છે. ઘટાદિની જેમ. જે વસ્તુ ભિન્ન નથી હોતી તેમાં લક્ષણ ભેદ નથી હોતો. જેમ કે આકાશમાં. આ પ્રમાણે આત્મા પ્રત્યેક શરીરમાં જુદા જુદા લક્ષણભેદથી ભિન્ન-ભિન્ન જ માનવા જોઈએ. કારણે દરેકને સુખ-દુઃખથી અનુભુતિ ભિન્ન ભિન્ન થાય છે. એક સુખી છે તો બીજો દુઃખી છે. એક કર્મબંધ છે તો બીજો કર્મમુકત છે. એક રાજી બીજો નારાજ, એક જ્ઞાની બીજો અજ્ઞાની આવા તો સંસારમાં જેટલા જીવો એટલા લક્ષણ ભેદો અધ્યવસાય ભેદોથી થશે અને અધ્યવસાયો અનન્તા છે. માટે જીવો પણ અનન્ત જ માનવા પડશે.

એક જ અને સર્વવ્યાપી માનનારાના પક્ષ આ તર્ક માટે કોઈ ઉત્તર નથી. આકાશની જેમ સર્વવ્યાપી આત્મા માની શકાય જ નહી. એક અને સર્વવ્યાપી માનો તો સર્વ જીવો સુખી જ હોવા જોઇએ. અથવા સર્વજીવો દુઃખી જ કોઈ પણ એક ભાવમાં હોવા જોઇએ. પરન્તુ તે તો પ્રત્યક્ષ દેખાતુ નથી.

જો સર્વ શરીરોમાં વ્યાપીને રહેલો આત્મા એક જ હોય તો એકની આંગળી કપાતા જે દુઃખ કે વેદના એકને થાય તે વેદના સર્વજીવોને થવી જોઇએ. પરન્તુ ના. તે સર્વ નથી અનુભવતા. કતલખાનામાં રોજ સેંકડો પશુઓ કપાય છે. નરકમાં અસંખ્યાતા જીવો છેદન-ભેદનની વેદનાનો તીવ્ર ત્રાસ સતત અનુભવી રહ્યા છે તો તેનો અનુભવ આપણને અહીંયા કેમ નથી થતો ?

એક ઘરમાં પણ બધા એક સરખા સુખી નથી હોતા. કોઈ રોગી કોઇ નિરોગી, કોઈ સ્વસ્થ કોઇ અસ્વસ્થ, કોઈ હસતો કોઈ રડતો. વગેરે અનન્ત ભેદો દેખાય છે. અનુભવાય છે. માટે આત્મા એક અને સર્વ વ્યાપી માનવો એ પક્ષ કદાપિ ઉચિત નથી. પરન્તુ આત્મા અનન્ત અને દેહવ્યાપી જ માનવો ઉચિત છે. પ્રત્યેક શરીરમાં ભિન્ન-ભિન્ન આત્મા છે. અને તે આત્મા તેના જ શરીરમાં વ્યાપીને રહેલ છે. તે શરીરની બહાર નહીં. આ રીતે માનવાથી જ પરલોક આદિની વ્યવસ્થા માની શકાશે.

જો એક અને સર્વવ્યાપી આત્માને માનો તો પુણ્ય-પાપ બંધ-મોક્ષ-પરલોકાદિની વ્યવસ્થા જ નહીં થઈ શકે. કારણ જે એક કરે તે જ બધા કરે. એક પુણ્ય કરે તો બધા પુણ્ય કરે તેમ માનો, પરન્તુ ના. સાધુ સંતો શુભ પુણ્ય પણ કરે છે અને ચોરી, હિંસા, ખૂન આદિ પાપો પણ આ જગતમાં સતત થઈ રહ્યા છે. અર્થાત એક જ એક સરખી પ્રવૃત્તિ જગતમાં નથી દેખાતી. નથી અનુભવાતી અનન્ત વૃત્તિઓ છે, અનન્ત પ્રવૃત્તિઓ છે. માટે આત્મા પણ અનન્ત માનવા જ પડશે અને જો પુણ્ય-પાપ પરલોકાદિ એકાત્મવાદી પક્ષમાં ન સિધ્ધ થયા તો નાસ્તિક શબ્દની વ્યાખ્યા પ્રમાણે નાસ્તિક સિધ્ધ થશે.

બીજુ જગતમાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ દ્વૈતવૃત્તિના ભાવો પણ ઘણાં છે. અને આ બન્ને સુખ-અને દુઃખ એક જ સમયે એક જીવનમાં એક સાથે તો કેમ ઘટી શકે? સંભવ જ નથી. કારણ એક સમય એક જીવને એક ઉપયોગ રહે છે.

એક જ સમયે બન્ને ઉપયોગ તો કેવી રીતે સંભવે ? ન જ સંભવે. અને જગતમાં સુખ-દુઃખ રાગ દ્વેષાદિ તો સતત સ્પષ્ટ દેખાય છે. માટે અનેક જીવ માનવા પડશે, તો જ એક સુખી, એક દુઃખી, એક રાગી, એક દ્વેષી એમ સિદ્ધ થઈ શકશે. તેથી નાનાજીવવાદ પક્ષ જ યુક્તિ યુકત સિદ્ધ થાય છે.

જો જીવ જ માનીએ તો સર્વગત-સર્વવ્યાપી માનવો એક પડે. આકાશની જેમ. પરન્તુ આકાશમાં જેમ સુખ-દુઃખ, બંધ-મોક્ષ. પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિ નથી સંભવતા તેમ જીવમાં પણ નહીં સંભવે. તો આકાશની જેમ જીવ પણ જડ -અજીવ તત્વ માનવો પડશે. એટલે આવી અનેક આપત્તિઓ આવશે. વળી, જો એક જ આત્મા હોય તો કર્તા ભોકતા આદિ કોને માનશું ?

અને જો બધા આત્માઓ એક જ હોય, તેમાં જો ભેદ જ ન હોય તો કોઈ મનુષ્ય, કોઈ પશુ, કોઈ પક્ષી, કોઈ દેવ, કોઈ નારકી, કોઈ સુખી, કોઈ દુઃખી આદિ ભેદોની સિદ્ધિ કેવી રીતે કરીશું ? અને ન કરીએ તો ચાલે તેમ નથી. કારણ, સંસારમાં જીવો તો ચારે ગતિમાં છે. મનુષ્યો પ્રત્યક્ષ જોઈએ છીએ, તિર્યંચ-પશુ-પક્ષીઓ પણ પ્રત્યક્ષ જોઈએ છીએ. કોઈને લાગેલી વળગાડ આદિથી ભૂત-પ્રેત આદિના વ્યવહારનો પણ અનુભવ કરીએ છીએ. તો પ્રત્યક્ષ સિધ્ધ વસ્તુનો શાસ્ત્ર કે સિદ્ધાન્ત નિષેધ કેમ કરી શકશે ? અને નિષેધ કરે તો આ બધા ભાવોની સિધ્ધિ કેવી રીતે કરી શકશે ?

બીજું જીવ સર્વવ્યાપી પણ સિધ્ધ નથી થતો, દેહવ્યાપી જ સિધ્ધ થાય છે. કારણ કે તેના ગુણો શરીરમાં જ ઉપલબ્ધ થાય છે. જેમ ઘડાના ગુણો ઘડાની બહાર ઉપલબ્ધ નથી થતા, ઘડામાં જ દેખાય છે. જેમ કે ઘડાની લાલાશ, કપડાની સફેદી એ ગુણો દ્રવ્યની બહાર ઉપલબ્ધ નથી થતા. તે તે દ્રવ્યમાં જ દેખાય છે. એમ સુખ-દુઃખની અનુભૂતિ શરીરમાં જ થાય છે, શરીરની બહાર નહીં. તેથી આત્માને શરીરવ્યાપી જ માની શકાય. સર્વવ્યાપી નહીં.

यत्रैव यो दृष्टगुणः स तत्र कुम्भादिवत् निष्प्रतिपक्षमेतद्"

જેનો ગુણ જ્યાં દેખાય છે તે દ્રવ્ય ત્યાં જ હોય છે. ઘડાની જેમ.

આત્મા સંકોચ વિકાસશીલ સ્વભાવવાળો છે. રબરની જેમ નાનો-મોટો થઈને પણ રહી શકે છે. "**प्रतिक्षेत्र भिन्न**" પ્રત્યેક શરીરમાં ભિન્ન ભિન્ન છે. માટે એક જ આત્મા એ પક્ષયુક્ત નથી. જે વખતે જીવને જેવું શરીર મળે-નાનું શરીર મળે તો જીવ તેમાં સંકોચાઈને રહે છે અને મોટું શરીર મળે તો જીવ તેમાં સ્વપ્રદેશો વિસ્તારીને રહે છે. અને સંસારમાં કીડી, મંકોડા, હાથી-ઘોડા, વ્હેલ માછલી, મનુષ્યો વગેરે અનેક પ્રકારના શરીરો નાના-મોટા છે. તો દીપકના પ્રકાશની જેમ આત્મા પણ સ્વપ્રદેશોને સંકોચીને વિસ્તારીને રહી શકે છે. જેવુ શરીર અને જેટલા પ્રમાણવાળું, જેવા આકારવિશેષવાળું શરીર મળે છે, જીવ તેમાં વ્યાપીને રહે છે. માટે આત્માને દેહવ્યાપી માનવો એ જ પક્ષ સત્યપક્ષ છે. પરન્તુ આત્માને સર્વવ્યાપી આકાશ જેવો માનવો એ યુક્તિ સંગત સિધ્ધ નથી થતો અને દેહવ્યાપી પ્રતિશરીરે ભિન્ન-

ભિન્ન એમ અનન્ત આત્મા માનીશું તો જ પરલોક સિધ્ધ થશે. પરભવ સિદ્ધિ થશે. કોઈ સ્વર્ગમાં કોઇ નરકમાં વગેરે જાય છે. કોઈ પશુ–પક્ષી આદિ તરીકે ઉત્પન્ન થાય છે. તે સુસંગત સિદ્ધ થશે અને તેથી પુનર્જન્મ, પૂર્વજન્મ આદિ સુસંગત યુક્તિયુક્ત સિધ્ધ થશે.



અથવા જ્યાં જેની ઉપલબ્ધિ પ્રમાણથી સિદ્ધ નથી. અર્થાત જે જ્યાં પ્રમાણથી અનુપલબ્ધ છે, ત્યાં તેનો અભાવ માનવો જોઇએ. જેવી રીતે ભિન્ન એવા ઘટમાં પટનો અભાવ છે. એવી રીતે શરીરની બહાર સંસારી જીવની અનુપલબ્ધિ છે. તેથી દેહ બહાર આત્માનો અભાવ છે.

દેહની ઉપર સ્પર્શનો અનુભવ કરતી સ્પર્શેન્દ્રિય (ચામડી) મઢેલી છે. સમસ્ત દેહની ચારે બાજુ રહેલી આ ચામડી વડે સ્પર્શનો અનુભવ થાય છે, તે ચામડી વડે સ્પર્શનો અનુભવ કરનાર આત્મા છે. જેટલો ચામડી સાથે સ્પર્શના અનુભવનો ક્ષેત્ર છે, તેટલો પ્રદેશ આત્માને રહેવાનો વિસ્તાર છે. તેથી બહાર નથી રહેતો. એક દીવાનો પ્રકાશ એને મળેલા ક્ષેત્રમાં મર્યાદિત રીતે વ્યાપીને રહે છે. તેમ, આત્મા પણ મળેલા ક્ષેત્ર શરીરમાં વ્યાપીને રહે છે. તેથી આત્મા સ્વદેહ વ્યાપી છે.

આત્મા સક્રિય છે કે નિષ્ક્રિય ?

કૃતિ વ્યાપાર એટલે ક્રિયા. તે અનેક પ્રકારની છે. આવી ક્રિયા કરે તે સક્રિય અને ન કરે તો તે નિષ્ક્રિય. જેમ આકાશ, જડ આદિ નિર્જીવ પદાર્થો ક્રિયા નથી કરતા. પરન્તુ સંસારમાં ખાવા-પીવાની, ઉઠવા-બેસવાની, ચાલવા-ફરવાની. આવવા-જવાની, ભણવા-લખવાની, ઉંઘવા-જાગવાની, જોવા-સાંભળવાની, સૂંઘવા-ચાખવાની, જાણવા-જોવાની આદિ સેંકડો પ્રકારની ક્રિયાનો કર્તા કોણ ? અથવા શું કર્તા વિના ક્રિયા થાય છે ? શું મડદુ-મૃતક કોઇ પણ જાતની ક્રિયા કરે છે ?

આકાશ, પત્થર વગેરે કોઇ ક્રિયા કરે છે? ના, ક્યારેય સંભવ નથી. પરન્તુ તે સર્વ પ્રકારની ક્રિયા કરનાર એક માત્ર ચેતન દ્રવ્ય આત્મા જ છે. હા. આત્મા ક્રિયા–પ્રવૃત્તિ કરતી વખતે ઘણાં સાધનોનો સાથ–સહકાર લે છે. એટલે દેહ–શરીર, ઇન્દ્રિયો મન, વચન, કાયા આદિ ક્રિયામાં સહાયક સાધન જરૂર બને છે. પરન્તુ તે સ્વયં ક્રિયા નથી કરતા. તે કરણરૂપે છે. અને આત્મા કર્તા રૂપે છે. માટે આત્મા સક્રિય છે, નિષ્ક્રિય નથી. અને જે કર્તા છે તે જ ભોકતા પણ છે. કર્તા–ભોકતા ભાવ પણ આત્મામાં જ છે. જે શુભા–શુભ કર્મનો કર્તા હોય તે જ તેના શુભા–શુભ ફળનો પણ ભોકતા હોય છે. આત્માને કર્તા ન માનવો અને ફકત ભોકતા માનવો એ પણ યુકિત–સિધ્ધ નથી થતો. માટે કર્તા છે તો ફળનો ભોકતા છે એમ માનવું જ યોગ્ય છે. આત્માને ક્રિયાશીલ–સક્રિય તથા કર્તા–ભોકતા ન માનીએ તો સંસારનો વ્યવહાર જ નહીં ચાલી શકે. સુખ–દુઃખ જેવું કંઈ જ નહીં રહે. તો કોઈ સુખી –દુઃખી જ નહીં રહે. પરન્તુ ના.... સંસારમાં સતત સર્વ પ્રકારની ક્રિયા આપણે જોઈએ છીએ. કર્તા એવા આત્માની વિવિધ પ્રકારની ક્રિયા જોઇએ છીએ. અને સુખ–દુઃખના ફળ ભોગવતા જીવોને પણ જોઇએ છે. અને ફળના અનન્ત પ્રકારો છે તેથી આત્મા પણ અનન્તા છે એ સિધ્ધાન્ત જ યુકિતસિધ્ધ છે.

આત્માના સ્વરૂપને જણાવતા લક્ષણોને એકત્ર એક સુત્રમાં ગુંથીને પ્રમાણનયતત્વાલોક ગ્રન્થમાં પૂજ્ય વાદિદેવસૂરી મહારાજે જણાવ્યુ છે કે....

"चैतन्यस्वरुपः परिणामी, कर्ता, साक्षादभोक्ता देहपरिमाण प्रतिक्षेत्रं भिन्न, पौद्गलिकादृष्टवांश्चायम्"

આત્મા ચૈતન્યસ્વરૂપી છે, પરિણામી છે, શુભાશુભ કર્મનો કર્તા છે, અને સ્વયં કરેલા કર્મના ફળ–પરિણામનો સાક્ષાત ભોકતા પણ આત્મા જ છે. અને તે દેહપરિમાણ માત્ર છે એટલે જે વખતે જેવું અને જેટલુ શરીર મળે છે. તેમાં જ વ્યાપીને રહેવાવાળો છે. પણ શરીર બહાર નહીં, અને જગતમાં જેટલા શરીરો છે તે પ્રત્યેક શરીરમાં ભિન્ન–ભિન્ન સ્વતંત્ર આત્મા છે. એવા ચારે ગતિના અનન્તા શરીરો છે તેથી આત્મા અનન્ત છે. પુદ્ગલજન્ય કર્મને ગ્રહણ કરનાર પણ આત્મા છે. અદૃષ્ટ એવો આત્મા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે. (વિશેષ વિસ્તારથી ઈન્દ્રભૂતિ ગૌતમના વ્યાખ્યાનમાં તેની ચર્ચા કરી છે ત્યાંથી જાણી લેવુ.')

આત્મા નિત્ય છે કે અનિત્ય ?

જગતના જડ–ચેતનાદિ સર્વ પદાર્થોના સ્વરૂપને જોવા માટે પરમાત્માએ સ્યાદ્વાદ અનેકાન્તવાદની એક અલૌકિક દૃષ્ટિ આપી છે. પદાર્થ માત્ર સાપેક્ષિક છે. અપેક્ષા સહિત તે સાપેક્ષ. સ્વ. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાથી એક દૃષ્ટિએ એ જ વસ્તુ સ્વરૂપમાં છે. પરન્તુ એ જ વસ્તુ પરદ્રવ્ય, ક્ષેત્ર –કાળ, ભાવની પરરૂપની દૃષ્ટિથી જોતા નથી પણ; એટલે જ વસ્તુને છે અને નથી એમ બન્ને સ્વરૂપે કહી શકીએ છીએ. સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી જે છે તે જ પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવથી નથી. સંસારમાં તમામ આત્માદિ પદાર્થોને જોવા માટે

તેનું સ્વરૂપ નિશ્ચિત કરવા માટે આ પ્રમાણે સ્વ પર દ્રવ્યાદિ અપેક્ષાથી જ જોવી જોઈએ. "वत्थु सहावो धम्मो" વસ્તુનો સ્વભાવ એ જ એનો ધર્મ છે. "गुण-पर्यायवद् द्रव्यम्" ગુણ-અને પર્યાયવાળું જે હોય તે દ્રવ્ય. દ્રવ્ય અનેક ગુણો, અનન્ત ધર્મોવાળું છે. એટલે જ કહેવાય છે કે, "अनन्त धर्मात्मक वस्तु" અનન્ત ધર્મ વાળી વસ્તુ છે. અનન્ત ધર્મોને આપણે એક સાથે જોઇ નથી શકતા. જે એક વસ્તુના અનન્ત ગુણો, અનન્તી પર્યાયોને ત્રણે કાળની અવસ્થા વિશેષને એકસાથે જુએ છે અને જાણે છે તે સર્વજ્ઞ, સર્વદર્શી, કેવળજ્ઞાની-કેવળદર્શની છે. વસ્તુ છે કે નહીં, વસ્તુ સામાન્ય છે કે વિશેષ, વસ્તુ એક છે કે અનેક, વસ્તુ નિત્ય છે કે અનિત્ય, આદિ એવા અનેક ગુણોની અપેક્ષાઓથી વસ્તુનું સ્વરૂપ જોવુ તે જ સાપેક્ષવાદ છે અને એક વખતે એક ગુણની વિવક્ષાથી કહેતી વખતે બીજી અપેક્ષાઓનો લોપ ન થઈ જાય. બીજી અપેક્ષાઓથી વસ્તુ બીજા સ્વરૂપે પણ છે, તે જણાવતા શબ્દ કથંચિત 'સ્યાદ્' શબ્દથી વાકય પ્રયોગ કરાતો હોવાથી આ જ સાપેક્ષવાદને 'સ્યાદ્વાદ' પણ કહેવાય છે અને અનેક ગુણ-ધર્મો છે. એવા દ્રવ્યને અનેક ગુણ-ધર્મોની દૃષ્ટિથી જોવા અને જાણવા માટે "અનેકાન્તવાદ"ની ઘણી વ્યાપક દૃષ્ટિ છે.

આ પ્રમાણે સ્યાદ્વાદ, સાપેક્ષવાદ કે અનેકાન્તવાદ કહો સર્વ એક જ પ્રક્રિયા છે. આ અનેકાન્તવાદ સ્વયં કોઈ તત્વ કે સિધ્ધાન્ત નથી પરન્તુ વસ્તુ તથ્યના સિધ્ધાન્તને જોવા-જાણવાની એક અનુપમ પધ્ધતિ છે. ઉત્તમ ન્યાય છે. ઉત્તમ

રીતિ છે. સોનાને પારખવા જેમ કસોટી એક ઉત્તમ ચોકસાઈનું સાધન છે, તેમ પદાર્થને પારખવા સ્યાદ્વાદ અનેકાન્તવાદ એક ઉત્તમ પધ્ધતિ છે. જેમાં વસ્તુને સાચો ન્યાય મળે છે. વસ્તુ સ્વરૂપનું પૂર્ણ અને સાચુ જ્ઞાન થાય છે. પદાર્થના એક એક કરતા અનેક ગુણધર્મોનો યથાર્થ બોધ થાય છે તે સપ્ત-ભંગી દ્વારા થાય છે.

અસ્તિ–નાસ્તિ, એક અનેક સામાન્ય વિશેષ, નિત્ય – અનિત્ય આદિ પરસ્પર સાપેક્ષ એવા અનેક ધર્મોમાંથી અહીં નિત્યાનિત્યની ચર્ચા કરીએ. જગતના જડ-ચેતન એવા મૂળભૂત બે દ્રવ્યોમાંથી આત્મા (ચેતન) દ્રવ્યમાં નિત્યાનિત્ય કેવી રીતે છે તે જોઇએ. જેથી એ વાતનો નિર્ણય થઇ શકે, અને આપણને ખ્યાલ આવી શકે કે આત્મા નિત્ય છે કે અનિત્ય ?

નિત્યાનિત્યની સપ્તભંગી

૧. સ્યાદ્ નિત્ય

૨. સ્યાદ્ અનિત્ય

૩. સ્યાદ્ નિત્યાનિત્ય

૪. સ્યાદ્ અવક્તવ્ય

૫. સ્યાદ્ નિત્ય–અવક્તવ્ય

૬. સ્યાદ્ અનિત્ય–અવક્તવ્ય

૭. સ્યાદ્ નિત્યા–નિત્ય–અવક્તવ્ય

આ સપ્તભંગી – સાત પ્રકારની જિજ્ઞાસા શંકા પ્રશ્નાદિ કારણે સાત જ ભંગના પ્રકારવાળી છે. આઠમો ભંગ નથી પડતો. અનેક ધર્મોને આ રીતે "સ્યાદ્" શબ્દ લગાડીને જોવામાં

આવે છે. સ્યાદ્ કથંચિત્ અર્થમાં છે. અર્થાત બીજી પણ અપેક્ષાઓ છે. એક ધર્મને કહે છે ત્યારે બીજા ધર્મને ગૌણ કરીને બાજુમાં રાખીને મુખ્ય એક ધર્મની અપેક્ષા કરે છે. પછી બીજાને કહેશે.

અહીંયાં આત્મા દ્રવ્ય છે. નિત્યાનિત્ય ધર્મ છે. નિત્ય–એટલે કાયમ રહેવું, શાશ્વત, સદાય એક જ સ્વરૂપમાં રહેવુ. અને એનાથી ઉલ્ટું–વીપરીત–અનિત્ય. એટલે સદા ન રહેવાવાળું. પરિવર્તનશીલ, પરસ્પર વિરોધી દેખાતા આ બન્ને ધર્મો એક જ દ્રવ્ય એવા આત્મામાં જુદી જુદી અપેક્ષાઓથી કેવી રીતે રહેલા છે, તે જોવાની રીત પધ્ધતિ તે સ્યાદ્વાદ.

સ્વદ્રવ્યાદિની અપેક્ષાથી આત્મા નિત્ય છે. સ્વદ્રવ્ય–એટલે આત્મદ્રવ્ય–પોતે પોતાના સ્વરૂપથી નિત્ય છે. નિત્ય ધર્મને આ ચાર અપેક્ષાઓથી તપાસવામાં આવે છે. સ્વદ્રવ્યાપેક્ષયા નિત્ય, સ્વક્ષેત્રાપેક્ષયા નિત્ય, સ્વકાળાપેક્ષયા નિત્ય અને સ્વભાવાપેક્ષયા નિત્ય. અર્થાત આત્મા સ્વદ્રવ્યની અપેક્ષાથી નિત્ય છે. સ્વક્ષેત્ર પોતાના ક્ષેત્ર એટલે આત્મપ્રદેશોથી નિત્ય છે, સ્વકાળ-આત્મા પોતાની કાળ-અવધિથી નિત્ય છે. અકાળ છે. અને સ્વભાવ-આત્મા પોતાના ગુણો-જ્ઞાન દર્શનાદિથી પણ નિત્ય છે.

આ પ્રમાણે સ્વદ્રવ્યાદિની ચાર અપેક્ષાથી આત્મા નિત્ય છે એ સ્પષ્ટ સિધ્ધ થાય છે. પરન્તુ એ જ આત્માને પર દ્રવ્યાદિની અપેક્ષાથી જોવામાં આવે તો તે જ આત્મા અનિત્ય પણ સિધ્ધ થશે.

દ્રવ્ય-ગુણ અને પર્યાય

દ્રવ્ય માત્ર દ્રવ્ય જ નથી. પરન્તુ દ્રવ્યમાં ગુણો છે. અને પર્યાય એટલે તેનો વિશિષ્ટ આકાર પણ છે. દ્રવ્ય (Substence), ગુણ (Attribute), પર્યાય (Mode, Shape) આ ત્રણ અવસ્થા વિશેષવાળું દ્રવ્ય છે. તેને દ્રવ્ય કહો, પદાર્થ કહો, વસ્તુ કહો, અર્થ, સત્ત્વ અને ભાવ પણ કહી શકાય છે. દ્રવ્યનું લક્ષણ કરતા કહ્યું છે કે 'गुण+पर्यायवद् = द्रव्यम्' ગુણ અને પર્યાયવાળું જે હોય તે દ્રવ્ય કહેવાય. કોઈ પણ દ્રવ્ય કે વસ્તુ જગતમાં ગુણ વગરની નથી તેમજ આકાર વિશેષ એટલે પર્યાય વિનાની પણ નથી.

એ જ પ્રમાણે આત્મા એ સ્વતંત્ર દ્રવ્ય છે. જ્ઞાન-દર્શન, સુખ-દુઃખાદિ તેના ગુણો છે. અને સંસારમાં દેવ-મનુષ્ય-પશુ-પક્ષી આદિ તેની પર્યાયો એટલે આકાર વિશેષ છે. આત્મા આ આકારોમાં રહે છે. આ પર્યાયવાળો છે. દ્રવ્ય સ્વરૂપમાં સદાય નિત્ય રહે છે. જ્યારે ગુણ પર્યાયો પરિવર્તનશીલ છે. બદલતા રહે છે.

ત્રિપદીનું સ્વરૂપ

સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ સમસ્ત બ્રહ્માણ્ડના સર્વ પદાર્થોની ત્રણ અવસ્થા બતાવી છે. તે 'ત્રિપદી'='ત્રણ પદ'ના સિદ્ધાન્તથી ઓળખાય છે. તે આ પ્રમાણે છે. "उप्पेइ वा, विगमेइ वा, धुव्वेइ वा અર્ધમાગધી-પ્રાકૃતના આ સિદ્ધાન્તને પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થમાં આ પ્રમાણે વર્ણવ્યું છે. 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' અર્થાત ઉત્પન્નશીલ,

વ્યય, વિનાશ સ્વભાવી તથા ધ્રૌવ્ય, ધ્રુવ-નિત્ય સ્વભાવી એવી વસ્તુ છે. એક જ વસ્તુ આ ત્રણે અવસ્થાવાળી છે. ઉપર-ઉપરથી નજર કરતા એમ લાગશે કે આ પરસ્પર વિરુદ્ધ ધર્મો એક જ વસ્તુમાં કેવી રીતે રહી શકે ? આ સંભવ નથી લાગતું. પરન્તુ એવું નથી. બહુ વિચાર કરતા તે વસ્તુ સ્પષ્ટ રીતે આ ત્રણે સ્વભાવવાળી દેખાય છે. દા. ત. એક વસ્તુ-વીંટી આપણે જોઈ. વીંટી એક આકાર છે. પર્યાય છે. તેનું મૂળ દ્રવ્ય સોનું છે. અને પીળા-પણું વગેરે તેનો ગુણ છે. હવે તેની પર્યાયો એટલે આકાર બદલાવી પણ શકાય છે. વીંટી ન ગમી તો ઓગાળીને ચેન બનાવી, તે ન ગમી તો ઓગાળીને બંગડી બનાવી. તે ન ગમી તો ફરી ઓગાળીને કંદોરો-હાર વગેરે બનાવ્યા. બરો-બર છે. આકાર બદલાતો ગયો. પરન્તુ મૂળભૂત દ્રવ્ય સોનું બદલાયું ? શું સોનું પીત્તળ થઈ ગયું ? ના. સોનું તો એનું એ જ રહ્યું છે. પરન્તુ આકાર (પર્યાય) બદલાણો.

પર્યાય બદલાણી ત્યારે શું થયું ? કેવી રીતે બદલાણી ? પરિવર્તનમાં શી પ્રક્રિયા થઈ ? એ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે એક આકાર નષ્ટ થયો અને બીજો નવો આકાર ઉત્પન્ન થયો, બન્યો. વીંટીને ઓગાળતા વીંટીનો આકાર નષ્ટ થયો અને ચેનની નવી આકાર બની, ઉત્પન્ન થયો. ચેન ન ગમી અને તેને ઓગાળતા ચેનની આકાર નષ્ટ થઈ. અને બંગડી બનાવતા નવી પર્યાય ઉત્પન્ન થઈ. આ પ્રમાણે એક ઉત્પન્ન થયો, બીજો નષ્ટ થયો ત્યારે જ પર્યાય બની. એટલે ઉત્પન્ન

થવું અને વ્યય અથવા "વિગમેઽ" —આ શબ્દનો અર્થ છે. નષ્ટ થવું.

હવે આટલું સમજ્યા પછી વિચાર કરતા સ્પષ્ટ ખ્યાલ આવશે કે વસ્તુ પોતે જ આ ત્રણ અવસ્થાવાળી છે. ગમે એટલી પર્યાયો ઉત્પન્ન થાય કે નષ્ટ થાય પરન્તુ તેથી મૂળ-ભૂત દ્રવ્યને કોઈ આંચ નથી આવતી. મૂળભૂત દ્રવ્ય તો પોતાના સ્વરૂપમાં નિત્ય રહે છે અને પર્યાયો બદલાતી રહે છે. જે નિત્ય રહે છે તે ત્રણે કાળમાં એકસરખો રહે છે. વિચાર કરો કે એક નિત્ય દ્રવ્યની આજ દિવસ સુધીમાં કેટલી પર્યાયો બદલાણી હશે ? કાળ અનન્તો વીતી ગયો છે અને અનન્તા કાળથી આત્માદિ દ્રવ્યો નિત્ય છે. જેવા છે તેવા જ છે, અનન્ત કાળમાં અનન્ત પર્યાયો બદલાઈ ગઈ. છતાં દ્રવ્ય નિત્ય રહ્યું છે.

આ રીતે સંસારના તમામ પદાર્થોમાં આ ત્રણ પદો (ત્રિપદી) ઘટશે. 'तस्माद् वस्तु त्रयात्मकम्" તેથી વસ્તુ આ ત્રણ અવસ્થાવાળી છે. એટલે પરમાત્માએ ફરમાવેલ ત્રિપદીનો સિધ્ધાન્ત સત્ય અને યથાર્થ સિધ્ધ થાય છે.

જેમ વીંટીનું દૃષ્ટાન્ત લીધું તેમ હવે આત્મા નું દૃષ્ટાન્ત લઇએ અને આત્મા પણ એક દ્રવ્ય વસ્તુ જ છે તો તેને પણ આ ત્રિપદી ની કસોટી ઉપર કસી જોઈએ. જેથી ચોકસાઈ થતા આત્મા-ના ચોકકસ સ્વરૂપનું ખ્યાલ આવે. પરીક્ષા થાય. આત્મા સ્વતંત્ર દ્રવ્યની અપેક્ષાથી સદા નિત્ય છે. અવિનાશી—શાશ્વત છે. ત્રણે કાળમાં તેનું સ્વરૂપ એકસરખુ જ રહે છે. દ્રવ્યથી જે જે નિત્ય

છે તે તે ત્રણે કાળમાં એકસરખું રહે છે. જે નિત્ય નથી હોતુ તે ત્રણે કાળમાં બદલાયા કરે છે, પરિવર્તન થતું રહે છે. દ્રવ્ય નિત્ય છે. જ્યારે પર્યાય અનિત્ય છે. આકાર બદલાય છે. આત્મા એ દ્રવ્ય છે. જ્ઞાન-દર્શન-સુખ-દુઃખાદિ તેના ગુણો છે. અને જે શરીરમાં રહે છે તે તેની પર્યાય છે. અન્યથા અરૂપી નિરંજન નિરાકાર આત્માની કોઈ પર્યાય આકાર કલ્પી જ નહીં શકાય. માટે જ્યારે એ જ આત્મા દેવ શરીરમાં રહે છે. ત્યારે દેવ, અને તે શરીર બદલાયા પછી મનુષ્ય, એ પ્રમાણે ઘોડો હાથી વગેરે પશુ-પક્ષી કબુતર-પોપટ પક્ષી પછી-નરક એમ એક પછી એક પર્યાય બદલાતી રહે છે. જેમ વીંટી-બંગડી વગેરે પર્યાયો બદલાય છે તેમ અહીંયા શરીર એ પર્યાય છે. પર્યાય અનિત્ય છે. અનિત્ય એ પરિવર્તનશીલ છે. એટલે શરીર પર્યાય સદાય બદલાતી રહે છે.

આ પ્રમાણે ત્રિપદીની કસોટી ઉપર કસીને આત્માની પરીક્ષા કરતાં આત્મા કેવો લાગશે ? આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એટલે આ બન્ને અપેક્ષાઓ ભેગી કરતા આત્મા નિત્ય+અનિત્ય બન્ને સ્વરૂપે છે. કારણ કે પર્યાય કોની ? અર્થાત પર્યાય પણ દ્રવ્યની જ છે. દ્રવ્યથી ભિન્ન જુદી પર્યાય નથી. જ્યારે દ્રવ્યને ગુણ-પર્યાય બન્નેની અપેક્ષાથી જોવો પડશે, કહેવું પડશે. એટલે દ્રવ્ય અપેક્ષાએ આત્માનિત્ય અને પર્યાય અપેક્ષાએ આત્મા અનિત્ય. અને બન્ને અપેક્ષાઓ ભેગી કરીને બોલતી વખતે "આત્મા નિત્યાનિત્ય" છે, આ પ્રમાણેનો સિધ્ધાંત થાય છે.

એટલે આત્માને ફકત નિત્ય કહેવો એ પણ અધૂરો સિદ્ધાંત છે. અને આત્માને ફકત અનિત્ય જ કહેવો એ પણ અધૂરો સિધ્ધાન્ત છે. એને એકાન્ત કહેવાય છે. એક જ અપેક્ષાથી જોવું તે એકાન્તવાદ. તે મિથ્યા છે. અપૂર્ણ છે. જ્યારે બધી અપેક્ષાઓથી વિચાર કરતા સંપૂર્ણ સ્વરૂપ નિશ્ચિત થાય છે. તેને અનેકાન્ત કહેવાય છે, તેથી "આત્મા નિત્યાનિત્ય છે." એ સિધ્ધાન્ત અનેકાન્ત સિધ્ધાન્ત છે. માટે સર્વાંગ સંપૂર્ણ સત્ય છે. સહઅનેકાન્ત તથા ક્રમાનેકાન્તથી–ગુણ પર્યાયની અપેક્ષાઓ સ્પષ્ટ થાય છે. દ્રવ્યાર્થિક નય તથા પર્યાયાર્થિક નયથી આ પ્રમાણે નિત્યાનિત્ય સ્વરૂપ સ્પષ્ટ સિદ્ધ થાય છે. માટે આત્માને એકાન્ત નિત્ય પણ નહીં અને એકાન્ત અનિત્ય પણ ન માનતા. "અનેકાન્ત રીતે નિત્યાનિત્ય" જ માનવો જોઇએ. આ રીતે આત્માનું સ્વરૂપ નિત્યાનિત્ય સિધ્ધ થતા, તથા દ્રવ્ય–ગુણ–પર્યાયની અપેક્ષાએ જોતા આત્માની આગામી અવસ્થા–પરલોક સિધ્ધ પૂર્વજન્મ, પુનર્જન્મ સ્વર્ગ–નરક તથા મોક્ષાદિ તત્ત્વોની સિધ્ધિ થશે. અન્યથા સંભવ નથી.

નિત્યાનિત્યત્વાદિ વિષયક પ્રશ્નોત્તરી

મેતાર્યસ્વામી–વિજ્ઞાનનો આત્માની સાથે ભેદ કે અભેદ શું માનવો ? હે ભગવાન ! ભેદ–કે અભેદ ગમે તે માનો છતાં પણ પરલોકનું અસ્તિત્વ ઘટી શકતુ નથી. જો આત્માની સાથે વિજ્ઞાનનો અભેદ માનીએ તો વિજ્ઞાન અનિત્ય હોવાથી નષ્ટ થઇ જાય છે એટલે જીવ પણ નષ્ટ થયો જ કહેવાય અને આત્મા નષ્ટ થઇ ગયા પછી પરલોક કોનો થશે ? આ રીતે

અભેદ પક્ષ માનવામાં પરલોક સિદ્ધ નથી થતો. બીજા પક્ષમાં આત્મા અને વિજ્ઞાનમાં જો ભેદ માનો તો જીવ જ્ઞાની નહીં બની શકે ? જેમ આકાશથી જ્ઞાન ભિન્ન-(જુદું) છે તેથી આકાશ અજ્ઞાની-અનભિજ્ઞ છે. તેમ આત્મા પણ જ્ઞાનથી જુદો હોવાથી તે આત્મા પણ અજ્ઞાની સિધ્ધ થશે.

બીજુ, જો અનિત્ય એવા જ્ઞાનથી ભિન્ન આત્માને માનવાથી એકાંત નિત્ય માનો તો આત્મામાં કર્તૃત્વ અને ભોકતૃત્વ પણ ઘટી નહીં શકે તો પછી પરલોકની તો વાત જ કયાં રહી ? અને જો નિત્યમાં કર્તૃત્વ-ભોકતૃત્વ હોય તો તે સર્વદા હોવા જોઇએ. કારણ નિત્ય વસ્તુ સદા એકરૂપ હોય છે. અને સદા તે હોતા તો નથી. એટલે આત્માને એકાન્ત નિત્ય માનવામાં આવે તો તેમાં કર્તૃત્વ ન ઘટી શકે. જો કર્તા ન હોવા છતાં આત્મામાં પરલોક ઘટી શકતો હોય તો સિધ્ધાત્માનો પણ પરલોક થવો જોઇએ. કારણ તે પણ કર્તા નથી.

બીજું, ભોકતાપણું ન હોય તો તો પછી પરલોક માનવો જ વ્યર્થ છે. કારણ, પરલોકમાં જો આત્માને કર્મનું ફળ ભોગવવાનું જ ન હોય તો પછી પરલોકની આવશ્યકતા શી ?

વળી, લાકડું-પત્થર આદિ અજ્ઞાની હોવાથી તેને એક ભવથી બીજા ભવમાં જન્મ લેવારૂપ સંસરણ નથી હોતું. એવી જ રીતે આત્મા જો જ્ઞાનથી જુદો હોય તો આકાશ લાકડા પત્થરના જેવું અજ્ઞાની બની જશે. તો પછી તેનો એક ભવમાંથી બીજા ભવમાં સંસરણ-ગમન નહીં થાય અને આત્મા

આકાશના જેવો અમૂર્ત હોવાથી પણ તેનો સંસાર નહીં ઘટે અને સંસાર નહીં હોય તો પરલોક નહી ઘટે.

ભગવન્ત ફરમાવે છે, હે સૌમ્ય !

मन्नसि विणासि चेया उप्पत्तिमयाइओ जहा कुंभो ।
नणु एयं चिय साहणमविणासित्तेवि से सोम्म ॥

ઘડાની જેમ આત્માને ઉત્પત્તિમાન અને પર્યાય સ્વરૂપ માનીને તું તેને અનિત્ય છે. જેમ કે થાંભલા વગેરે. આ પ્રમાણે અનિત્ય ચૈતન્યથી અભિન્ન એવો આત્મા પણ અનિત્ય હોવાથી તેનો પરલોક નથી, એમ જે તું માને છે તે અયોગ્ય છે. કારણ કે ચૈતન્ય વિજ્ઞાન એકાન્તે અનિત્ય નથી. પણ કથંચિત્ નિત્ય છે. કારણ તે પણ ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરૂપ છે. પર્યાયની દ્રષ્ટિએ ઉત્પન્ન થતી હોવાથી જેમ વસ્તુ અનિત્ય છે, તેમ દ્રવ્ય સ્વરૂપથી વસ્તુ કથંચિત નિત્ય પણ સિધ્ધ થાય છે. એ જ પ્રમાણે કથંચિત નિત્ય વિજ્ઞાનથી અભિન્ન એવો આત્મા પણ સ્વ દ્રવ્યથી કથંચિત નિત્ય છે. માટે પરલોક નથી. એમ કહી ન શકાય.

જે હેતુઓ વડે તે વિજ્ઞાનને અનિત્ય સિદ્ધ કર્યું છે તે જ હેતુઓ વડે તેને નિત્ય પણ સિધ્ધ કરી શકાય. અર્થાત જે ઉત્પતિશીલ હોય છે, કે જે પર્યાય હોય છે તે સર્વથા વિનાશી – અનિત્ય નહીં પરન્તુ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય-ધ્રુવ પણ હોય છે.

મેતાર્ય–આ કેવી રીતે બને ?

ભગવાન–વસ્તુ માત્રનો સ્વભાવ જ ઉત્પાદ - વ્યય અને ધ્રૌવ્યમય છે. કોઈ પણ વસ્તુમાં આ ત્રણમાંથી માત્ર એક જ

નથી હોતું. પરન્તુ વસ્તુમાં આ ત્રણે અવસ્થા હોય છે. વસ્તુ મૂળ દ્રવ્યથી નિત્ય ધ્રુવ હોય છે, પર્યાયથી અનિત્ય એટલે ઉત્પાદ-વ્યય સ્વભાવી હોય છે. માટે આ વાત જો તું તારી સમજણમાં સચોટ બેસાડી દે તો કોઇ શંકાને સ્થાન જ ન રહે. જો વસ્તુ ઉત્પત્તિના કારણે કથંચિત અનિત્ય કહેવાય તો દ્રવ્યગત ધ્રૌવ્યત્વપણાને લઇને નિત્ય પણ કહેવાય છે. એટલે એમ કહી શકાય કે વિજ્ઞાન એ નિત્ય છે. કારણ કે તે ઉત્પત્તિશીલ છે. ઘડાની જેમ કથંચિત નિત્ય એવા વિજ્ઞાનથી અભિન્ન હોવાથી આત્મા પણ કથંચિત નિત્ય થયા પછી પરલોકનો અભાવ કેવી રીતે ઘટે ?

બીજું, હે સૌમ્ય ! વિજ્ઞાનને વિનાશી સિધ્ધ કરવા તેં જે "ઉત્પત્તિશીલ હોવાથી" એવો જે હેતુ આપ્યો છે તે વિરોધી અનુમાન (પ્રત્યાનુમાન) હોવાથી વિરુધ્ધ અવ્યભિચારી છે. એટલે કે વિજ્ઞાનમાં તેની ઉત્પત્તિ હોવાથી તું તેને અનિત્ય માને છે. અને તું તારા હેતુને અવ્યભિચારી માને છે. પરન્તુ તેથી વિરુધ્ધ નિત્યતાને સિદ્ધ કરનાર અવ્યભિચારી બીજો પણ હેતુ છે. તેથી તેં આપેલ હેતુ-કારણ દોષયુકત છે. કારણ કે, વિજ્ઞાન એ સર્વથા અનિત્ય વિનાશી ન હોઈ શકે. કારણ તે પણ વસ્તુ છે. અને જે વસ્તુ હોય તે ઘડાની જેમ એકાન્ત વિનાશી-અનિત્ય જ ન હોય. કારણ, વસ્તુ પર્યાયની અપેક્ષાએ અનિત્ય-વિનાશી અને મૂળભૂત દ્રવ્યની અપેક્ષાએ નિત્ય - અવિનાશી હોય છે. માટે વસ્તુ નિત્યાનિત્ય ઉભય છે.

મેતાર્ય — હે ભગવંત! ઘડો તો ઉત્પત્તિવાળો હોવાથી વિનાશી-અનિત્ય છે તો પછી તેને જ આપ નિત્ય અવિનાશી કેવી રીતે કહો છો? અને ઘડાનું દૃષ્ટાન્ત લઈને વિનાશી ઘડાના આધારે વિજ્ઞાનને અવિનાશી આપ કેવી રીતે સિધ્ધ કરો છો?

ભગવન્ત—હે આસન્ન કલ્યાણી! પહેલાં તો એ બરોબર સમજી લે કે, ઘડો એ શું છે? રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એ ઘડાના ગુણો છે. ઘડાનો આકાર અને સંખ્યા એ આકૃતિ (પર્યાય) છે, માટી એ દ્રવ્ય છે અને પાણી લાવવું (જલાહરણાદિ) આદિ શકિત ક્રિયા છે. આટલું ઘડાનું સ્વરૂપ છે. હવે વિચાર કર. આ ઘડો ઉત્પાદ વિનાશ-ધ્રૌવ્ય એમ ત્રયાત્મક છે. દ્રવ્યથી ઘડો નિત્ય, આકારની ઉત્પત્તિ—નાશ આદિથી પર્યાયની અપેક્ષાએ અનિત્ય એમ ઉભય સ્વરૂપ દ્રવ્યથી નિત્ય તથા વિજ્ઞાન પર્યાયમાં ઉત્પત્તિની—નાશની દૃષ્ટિથી અનિત્ય એમ નિત્યાનિત્ય આત્મા સિધ્ધ થાય છે. જેમ માટીમાંથી એક આકારરૂપે ઘડો ઉત્પન્ન થતો હોય ત્યારે તે આકાર એક પર્યાય બન્યો. માટીનો પિંડ આ આકારે છે. અને આકૃતિ બદલાય ત્યારે પહેલી પર્યાય નષ્ટ પામે અને બીજી પર્યાય ઉત્પન્ન થાય. આ પ્રમાણે ઉત્પાદ-વિનાશ બન્ને સિધ્ધ થાય છે. તેથી તે ઘડો અનિત્ય છે. પરન્તુ માટીરૂપ મૂળ દ્રવ્યને તો કંઈ જ થતું નથી. માટે મૂળ દ્રવ્યથી તે નિત્ય છે. સારાંશ એ કે માટી દ્રવ્ય ઘડો નિત્ય છે. અને માટી પિંડના આકાર વિશેષરૂપ ઘડો અનિત્ય છે. માટે નિત્યાનિત્ય ઉભયાત્મક છે. એ જ પ્રમાણે

સંસારની સર્વ વસ્તુઓ–સર્વ દ્રવ્યો ઉત્પાદ–વિનાશ–ધ્રુવસ્વભાવી સમજવી જોઇએ. તેથી જગતની સર્વ વસ્તુઓ નિત્યાનિત્ય સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે વિજ્ઞાન પણ ઉત્પત્તિશીલ અને આત્માચૈતન્ય દ્રવ્યરૂપે નિત્ય એમ–નિત્યાનિત્ય સ્વરૂપ આત્માનું પણ નિશ્ચિત થાય છે.

ભેતાર્થ—વિજ્ઞાનમય આત્મામાં આપ ઉત્પાદિ ત્રણે કેવી રીતે ઘટાવો છો તે સમજાવો.

ભગવાન–આત્માની જ્ઞાનશક્તિ છે, જ્ઞાનગુણમય આત્મા છે. જે સમયે જે પદાર્થ સમક્ષ આવે તે સમયે તે ઉપયોગવાળો આત્મા તદાકાર બને અને જેમ જ્ઞેય પદાર્થોમાં બદલાય તેમ જ્ઞાનનો આકાર પણ બદલાય છે. દા. ત., ઘટ વિષયક જ્ઞાન તે ઘટવિજ્ઞાન કહેવાય. આત્મા ઘટાકાર જ્ઞાનવાળો થાય છે. અને ઘડો ગયા પછી અથવા ફુટી ગયા પછી આવેલ બીજા પદાર્થનું જ્ઞાન થાય તે વસ્તુ માનો કે પટ છે. તો પટાકાર જ્ઞાન થાય છે. એ જ પ્રમાણે સર્વ પદાર્થો માટે સમજવું. જેમ જેમ વસ્તુ બદલાય તેમ તેમ તદાકાર જ્ઞાન બદલાય. આ રીતે એક જ્ઞાનની ઉત્પત્તિ અને પછી નાશ, અને પછી બીજા જ્ઞાનની ઉત્પત્તિ (વસ્તુના આધારે) અને પહેલાંના એક જ્ઞાનનો નાશઃ આ પ્રમાણે (વિજ્ઞાનમાં પણ ઉત્પત્તિ–વિનાશ હોવાથી અનિત્ય–વિનાશી અને આ ઉત્પત્તિ–વિનાશ જ્ઞાનની પર્યાય જ્ઞાની એવા આત્મા સાથે અભેદ સંબંધથી છે. માટે તે આત્માને પણ વિનાશી–અનિત્ય કહેવાય અને સ્વદ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ ચેતના દ્રવ્યથી આત્મા નિત્ય પણ છે. ઘટ ચેતના જે સમયે નાશ થાય છે. પછી

પટ ચેતના (પટ જ્ઞાન) ઉત્પન્ન થાય છે. પરન્તુ આત્મસ્વરૂપ મુળ ચેતના તો તેની તે જ છે. આ પ્રમાણે સમસ્ત લોકમાં જડ-ચેતન સર્વમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુકતપણું સિધ્ધ થાય છે.

મેતાર્ય-હે ભગવાન! મારો પ્રશ્ન હવે એ છે કે, જગતની સર્વ વસ્તુ ઉત્પાદાદિ ત્રિસ્વભાવ માનવાની શી આવશ્યકતા છે? શું ફકત ઉત્પાદ અને વ્યય માનવાથી ન ચાલે? એક વાત તો અનુભવસિધ્ધ છે કે જે ઘડો ઉત્પન્ન થવા પહેલાં હતો જ નહીં તો પછી તે ઘડાને ઉત્પત્તિ પહેલાં પણ વિદ્યમાન માનવાનો શો અર્થ?

ભગવાન!-હે સૌમ્ય મેતાર્ય!

असओ नत्थि पसूई, होज्ज व जइ होउ खरविसाणस्स।
न य सव्वहा विणासो सव्वुच्छेयप्पसंगाओ॥

જો ઘટ-પટ આદિ પદાર્થો સર્વથા અસત્ હોય, દ્રવ્યરૂપે પણ વિદ્યમાન ન હોય તો તો પછી તેની ઉત્પત્તિ જ ન થાય. જો સર્વથા અસતની પણ ઉત્પતિ માનશો તો તો ગધેડાને પણ શિંગડાં ઊગવાં જોઇએ. વન્ધ્યાને પણ પુત્ર હોવો જોઇએ અને અપુષ્પ પણ હોવો જોઇએ. પરન્તુ ખરવિષાણ, વન્ધ્યા કે અપુષ્પ જેવી વસ્તુ જ જગતમાં વિદ્યમાન નથી. તે સર્વથા અસત્ છે, અવિદ્યમાન છે. માટે કદીય ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ નથી. વિદ્યમાન એવા સત્ પદાર્થની ઉત્પત્તિ થાય છે.

એ જ પ્રમાણે સત્-વિદ્યમાન એવા પદાર્થોનો સર્વથા વિનાશ પણ નથી થતો. સતનો સદંતર નાશ જો માનીએ તો

તો પછી જગતમાં આજ દિવસ સુધીમાં અનન્ત-સર્વ વસ્તુ-ઓનો નાશ થઈ ગયો હોત. કારણ, કાળ અનન્ત વીતી ગયો છે. તો પછી કંઈજ અવશિષ્ટ રહ્યું જ ન હોત. અને ક્રમશઃ સર્વ વસ્તુઓનો ઉચ્છેદ-નાશ માની લઇએ તો પણ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતી અનેક વસ્તુઓ જોતાં હેતુમાં દોષ આવશે. માટે અસત્‌ની ઉત્પતિ માનવી અને સત્‌ એવા વિદ્યમાન પદાર્થનો સર્વથા નાશ માનવાથી જગતની વ્યવસ્થા જ નહીં ચાલી શકે. માટે તે પક્ષ સદોષ-દોષ યુકત છે.

એટલે જગતમાં જે અવસ્થિત-વિદ્યમાન સત્‌ પદાર્થ છે તેનો જ આંશિકરૂપે એકરૂપે વિનાશ અને અન્યરૂપે ઉત્પાદ માનવો જોઇએ. દા. ત., માટી એવા સત વિદ્યમાન પદાર્થનો ઘટ રૂપે વિનાશ અને પછી કળશાકારે ઉત્પત્તિ, સોનાની વીંટીરૂપે ઉત્પત્તિ અને પછી વિનાશ, ફરી બંગડી આકારે ઉત્પત્તિ એ જ પ્રમાણે જગતના સર્વ પદાર્થોમાં ઉત્પાદ અને વિનાશની ઘટના છે, વ્યવસ્થા છે. કોઈ પણ પદાર્થ એવો નથી જે મૂળ દ્રવ્યરૂપે નિત્ય ન હોય, અને પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વિનાશ સ્વભાવી ન હોય તે બને જ નહીં. માટે સર્વ પદાર્થ ઉત્પાદ વિનાશશીલ સ્વભાવવાળા છે.

"एवमुप्पाय-व्वय-धुवस्सहावं भयं सव्व" માટે જ સર્વ વસ્તુ (પદાર્થો) ઉત્પાદ-વ્યય (વિનાશ) અને ધ્રુવ (નિત્ય) સ્વભાવમય જ છે. "तस्तात् वस्तु त्रयात्मकम्" તેથી વસ્તુ ત્રણે સ્વભાવી છે. ઉત્પન્ન પણ થાય છે, નષ્ટ પણ થાય છે. અને નિત્ય પણ રહે છે. પરન્તુ વસ્તુનો સર્વથા ઉચ્છેદ-નાશ

તો માની જ ન શકાય. કારણ કે તેમ માનવા જતાં સમસ્ત લોકવ્યવહારનો જ ઉચ્છેદ–નાશ થઇ જશે. પરન્તુ તેમ કદાપિ થતું નથી. આ પ્રમાણે માનવામાં જ તટસ્થતા છે.

દૃષ્ટાન્તથી આ વાત સમજવા જેવી એ પ્રમાણે છે કે, એક રાજા એની પુત્રી રાજકુમારીના રમવા માટેના સોનાના ઘડાને ભાંગી નાંખી રાજકુમારને સોનાનો દડો બનાવી દે તો તેથી રાજકુમારી નારાજ થશે. તે રડવા માંડશે. અને રાજકુમાર રાજી થશે. રમવા માંડશે. પરન્તુ સોનાના મુળ દ્રવ્યના રાજા તટસ્થ રહેશે. કારણ, સોનામાં કંઇ વધ–ઘટ થઇ નથી. તેમાં ફરક પડયો નથી. માત્ર પર્યાય (આકાર) જ બદલાણો છે. માટે રાજાને તો કોઇ હર્ષ–શોક નથી. ઔદાસીન્ય–માધ્યસ્થભાવ રહે છે.

આ પ્રમાણે લોકવ્યવહાર પ્રત્યક્ષસિદ્ધ તથા અનુભવ સિદ્ધ છે. જો વસ્તુ માત્રને ઉત્પાદાદિ ત્રયાત્મક ન માનવામાં આવે તો સંસારની વ્યવસ્થા જ નહીં ચાલી શકે અને સર્વ પદાર્થોના ઉચ્છેદની આપત્તિ આવશે. એટલા માટે પદાર્થ માત્ર ત્રયાત્મક સ્વભાવવાળો જ માનવો જોઇએ. પછી તે જડ પદાર્થો હોય અથવા ચેતન પદાર્થ હોય. ગમે તે હોય.

ઉત્પાદાદિ ત્રયાત્મક આત્માની પરલોક-પુનર્જન્માદિસિદ્ધિ

સર્વજ્ઞ–સર્વદર્શી શ્રમણ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ જગતની વસ્તુ માત્રને ઉત્પાદ – વિનાશ – નિત્યસ્વભાવી એમ ત્રયાત્મક સમજાવતાં આત્મા–ચેતનદ્રવ્ય પણ કેવી રીતે ત્રયાત્મક છે તે સમજાવતા કહ્યું :

मणुएह लोगनासो सुराहपरलोग संभवो समयं ।
जीवतयाऽवत्थाणं नेहभवो नेव परलोओ ॥

હે આસન્ન કલ્યાણી મૈતાર્ય ! આ રીતે વસ્તુ માત્રને ત્રયાત્મક-ત્રિસ્વભાવી માનીને હવે આત્મા-ચેતન દ્રવ્ય ઉપર તે ત્રણે સ્વભાવને બેસાડી જુઓ. ચેતન-આત્મા પણ આ ત્રણે સ્વરૂપે છે કે નહીં ? એ જ પ્રમાણે, આ ભવ-જન્મ સંસારમાં રહેલા જીવના પણ ઉત્પાદિ ત્રણે સ્વરૂપો હોય છે. જેમ કે, જ્યારે મનુષ્ય મરણ પામીને દેવલોક સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે, ત્યારે મનુષ્યલોકના જન્મના પર્યાયનો તે જીવ માટે નાશ થાય છે. અને સ્વર્ગમાં દેવ તરીકેના નવા પર્યાયની ઉત્પત્તિ થાય છે.

સ્વર્ગમાંથી પાછો ચ્યવે (મૃત્યુ પામે) તો ફરીથી આ લોકમાં પશુ-પક્ષી-મનુષ્યાદિની ગતિમાં આવી જન્મ ધારણ કરે, ફરી ઉત્પન્ન થાય. આ રીતે એક જન્મનો નાશ અને બીજા જન્મની ઉત્પત્તિ એમ બન્ને પર્યાયોની અપેક્ષાએ ઉત્પત્તિ અને નાશ સ્પષ્ટ પ્રતીત થાય છે. અને મૂળભૂત ચેતના-ચૈતન્ય દ્રવ્ય સ્વરૂપે આત્મા સદાય નિત્ય રહ્યો. કેવળ જીવત્વ અવસ્થામાં આ લોક ન કહેવાય. તેમજ દેવાદિ પરલોક પણ ન કહેવાય. પરન્તુ પર્યાયની વિવક્ષા રહિત કેવળ જીવ દ્રવ્ય જ કહેવાય. આ પ્રમાણે જીવાત્માનો પણ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એવા ત્રણે સ્વભાવો સ્પષ્ટ સિધ્ધ થાય છે.

ઇહલોકમાંથી મરીને પરલોકમાં ઉત્પન્ન થનાર જીવ પોતે આ પર્યાયોથી મનુષ્ય-દેવ-પશુ આદિ કહેવાય છે. પરન્તુ જીવ શૂન્ય દ્રવ્યની અપેક્ષાએ તો તેને ઇહલોક-પરલોક આદિ જેવું કંઇ જ નથી. પરન્તુ તેને માત્ર જીવ કહેવાય છે.

જીવ પણ એક સ્વતંત્ર દ્રવ્ય છે. અને તે દ્રવ્ય પણ સદાય ગુણ-પર્યાય યુકત હોય છે. આ જ પર્યાયાદિની અપેક્ષાએ તે ઉત્પત્તિ-વિલય સ્વરૂપે છે. અને તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ તે નિત્ય છે. ઉત્પત્તિ-વિલયની પર્યાયની અપેક્ષાએ જીવની દેવ-મનુષ્યાદિની પર્યાય બદલાય છે. દેવ-મનુષ્ય-નારકી આદિ જીવનો પર્યાય સ્વીકારીએ તો પર્યાયની ગતિ અને લોક પણ સ્વીકારવો જ પડે. એમ ત્રિપદીના આધારે આ લોક અને પરલોકની પણ સિદ્ધિ થાય છે. પુનર્જન્મ તથા પૂર્વ જન્મોની પણ સિધ્ધિ થાય છે.

શંકાનું સમાધાન અને મેતાર્યની દીક્ષા

छिन्नम्मि स संयम्मि जिणेण जरमरणविप्पमुक्केण ।
सो समणो पव्वइओ तिहिओ सहखण्ड यसओहिं ॥



હે મેતાર્ય ! આ પ્રમાણે જો વસ્તુનો ઉત્પાદ વ્યયાદિ ત્રયાત્મક સ્વભાવ માનવામાં ન આવે તો લોક-વ્યવહાર ન ચાલે, લોક વ્યવસ્થા ન બેસે. લોકનો સર્વથા વિચ્છેદ થઈ જશે. માટે આત્માનું કથંચિત અવ-સ્થિતપણું હોવાથી આત્માને પરલોકનો અભાવ નથી. અને જો પરલોક સર્વથા ન જ હોય, ન જ માનવામાં આવે તો **'स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्'** અર્થાત સ્વર્ગની ઇચ્છા-વાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો એવું જે વેદમાં કહ્યું છે અથવા દાનાદિ કરીને ઉપાર્જન કરેલા પુણ્યથી સ્વર્ગાદિની પ્રાપ્તિ

અથવા પાપાદી કરનારને નરક ગતિની પ્રાપ્તિ થાય છે એ બધું વ્યર્થ સિધ્ધ થશે. તો કોઈ દાનાદિ જ નહીં કરે. કોઇ પુણ્યોપાર્જન જ નહીં કરે, તો જગતના વ્યવહારમાંથી શુભ પ્રવૃત્તિનો જ સર્વથા અભાવ સિદ્ધ થશે. અથવા નરક જ નહીં માને તો સદાય પાપ પ્રવૃત્તિમાં જ જીવો રચ્યા રહેશે. માટે જગતની સ્વર્ગ–નરકની સત્તાને માનવી જ પડે. અને તેથી જ લોક–પરલોક છે, ઇત્યાદિ માનવાથી જ પુણ્ય–પાપ આદિની સત્તા સિદ્ધ થશે માટે આ સર્વ સ્વીકારવું એ જ સમ્યક્ તત્વ છે.

આ પ્રમાણે પ્રભુનાં વચનો સાંભળીને મેતાર્ય શંકારહિત થયો. એના મનની શંકાનું સમાધાન થયું. ચિત્ત સ્વસ્થ બન્યું. વાસ્તવિક તત્વ સમજાયું. યથાર્થ સ્વરૂપ સમજાતાં, આત્મા, તેના પર્યાયો, તેની ગતિ, તેનો ભવ, તે માટે લોક–પરલોક અને ત્યાં થતો પુનર્જન્મ–પૂર્વજન્મ આદિની સત્તા મેતાર્યના અંતરમાં તર્ક યુક્તિ–દલીલોથી સ્પષ્ટ સ્થિર બેસી ગઈ. તેમની માન્યતા બદલાઈ ગઈ. મનમાં પરિવર્તન આવ્યું. હવે જીવનમાં જ પરિવર્તન લાવવાનું છે.


અને વત્સભૂમિ તુંગિયાયનસન્નિવેશના કૌંડિન્ય ગોત્રીય વિપ્રવર પંડિત શ્રી મેતાર્યે ૩૬ વર્ષની વયે પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે આર્હત દીક્ષા અંગીકાર કરી. પ્રભુના શિષ્ય થયા. પ્રભુના ૧૦મા ગણધર બન્યા. કુલ ૨૬ વર્ષના ચારિત્ર પર્યાયમાં તેઓ ૧૦ વર્ષ છદ્મસ્થતામાં રહ્યા. અને ઉંમરના

૪૬મા વર્ષે કેવળજ્ઞાન-કેવળદર્શન પામી સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. ૧૬ વર્ષ સુધી કેવળીપણે વિચરી અનેક આત્માઓને તાર્યા. ૬૨મા વર્ષની અંતિમ ઉંમરે રાજગૃહી પધાર્યા. ૧ માસના નિર્જલ ઉપવાસપૂર્વક અંતિમ સંલેષણા કરીને વાદળોપગમન અનશન કરીને પ્રભુની હયાતીમાં જ મોક્ષે સિધાવ્યા. સદાના માટે સિધ્ધના ધામમાં બિરાજમાન થયા. અજર-અમરપદ પામ્યા....નિરંજન-નિરાકાર બન્યા....


ચૌદ રાજલોકમાં-ત્રણ લોકની વ્યવસ્થા

ઇહ (આ) લોક, પરલોક વગેરે વિષયોની સિદ્ધિ પ્રથમ આવશ્યક છે. આ લોકોની સિદ્ધ થશે તો જ આગળ પુનર્જન્મની પણ સિદ્ધ થશે. કારણ, પુનર્જન્મ અર્થાત ફરીથી જન્મ. તો પહેલો પ્રશ્ન તો એ થશે કે આ ફરીથી જન્મ ક્યાં થયો ? ક્યાં થશે ? ક્યાં એ શબ્દ ભૌગોલિક ક્ષેત્ર-સ્થાન સૂચવે છે. માટે જે જે ક્ષેત્રો-સ્થાનોમાં જીવોનાં જન્મ-મરણ આદિ થતાં હોય, સંસરણ-પરિભ્રમણ થતું હોય, ગત્યન્તર-એક ગતિમાંથી બીજી ગતિમાં, બીજી ગતિમાં પણ જન્મ-મરણ થતાં હોય તો ભૌગોલિક સ્થાન તરીકેના ક્ષેત્રને લોક તરીકે જાણવાનું છે. તે લોક ક્યાં છે ? કેટલા છે ? તેનું પ્રમાણ વગેરે સ્વરૂપ જાણવા માટે પણ (બ્રહ્માંડનું) લોક-આદિનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

લોક સ્વરૂપનો આકાર



અનન્ત બ્રહ્માંડ એટલે અન્ત વિનાનો, સીમા વિનાનો અનન્ત શૂન્યાકારનો ○ મોટો ગોળો છે. તેની દિશા કે તેના છેડા કોઈ પણ માપી ન શકે. સંભવ નથી. તે અનન્ત બ્રહ્માંડના કેન્દ્રમાં એક નાના ટપકા જેવડો જ માત્ર લોક છે. આ નાના ટપકા જેટલો જે છે તેનો આકાર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જેમ એક મનુષ્ય પગ પહોળા કરીને, કમર ઉપર બે હાથ ટેકવીને ઊભો હોય તેવા વૈશાખ-વિષ્કંભ આકાર પ્રમાણે આ પુરુષનો આકાર છે. આટલો જ લોક છે. એ સિવાયનો બહાર અનન્ત અલોક છે. અનન્ત અલોકમાં કંઈ જ નથી. શૂન્યાકાશ માત્ર છે. જીવ-અજીવની કોઈ સૃષ્ટિ નથી. સર્વથા શૂન્યાકાશ છે.




અને જ્યાં જીવ-અજીવની સર્વ સૃષ્ટિ છે તે લોક કહેવાય છે. તેટલા ક્ષેત્રમાં રહેલા આકાશને લોકાકાશ કહીએ છીએ. આ લોકાકાશ જ લોકમાં રહેલા સર્વ પદાર્થોનો આધાર છે. આકાશના આધારે સ્વર્ગ-નરક આદિની ભૂમિઓ વગેરે ટકી રહી છે. ગતિ સહાયક તત્ત્વ, ધર્માસ્તિકાય, સ્થિતિ સહાયક તત્ત્વ, અધર્માસ્તિકાય, જૂના-નવા, નાના-મોટા આદિ પરિવર્તનનાં લક્ષણવાળું કાળ તત્ત્વ, જ્ઞાન-દર્શનાદિ ચેતના લક્ષણવાળા અનન્તા જીવાત્માઓનો આધાર તથા વર્ણ-ગન્ધ, રસ, સ્પર્શ,

ધ્વનિ, અંધકાર, પ્રકાશ આદિ પુદ્ગલાસ્તિકાયના તત્ત્વોનો આધાર એક માત્ર વૈશાખ પુરુષાકાર, (વિષ્કંભ પુરુષાકાર) લોકમાત્ર છે. લોકાકાશ પરિમિત ક્ષેત્ર જ આ સર્વ પદાર્થોનો આધાર માત્ર છે. એટલે એ પરિમિત ક્ષેત્રને લોકાકાશ પ્રમાણ કહીએ છીએ. જે આકાશ લોકની સીમાની અંતર્ગત છે તે લોકાકાશ અને જે લોક સીમાની બહાર અનન્ત આકાશ છે. તે અલોકાકાશ કહેવાય. અલોકના અનન્ત ક્ષેત્રમાં રહેલું આકાશ તે અલોકાકાશ, જ્યાં કંઈ જ નથી.

ચૌદ રાજલોક

રજ્જુ એ માપ વિશેષના પ્રમાણનું નામ છે. દેવતાઓએ સ્વશક્તિથી લોખંડનો મોટો વજનદાર ગોળો ફેંકયો હોય અને તે પડતા-પડતા છ મહિના સુધી નીચે પડે....એ છ મહિના સુધી પડતા-પડતા જેટલો ક્ષેત્ર સ્પર્શે તે ૧ રાજલોક. [એક રજ્જુ પરિમિત લોક] રજ્જુ એટલે રસ્સી-દોરી, તે માપનું સૂચક સાધન છે. તેવા ૧૪ રજ્જુ પ્રમાણ લોકને ચૌદરાજ લોક કહીએ છીએ. પુરુષે ટેડે [કમર ઉપર] હાથ દઈને પગ પહોળા કર્યા હોય તે આકાર. સહુથી ઉપર ૧ રાજલોક પહોળો, કોણીના ભાગે ૩ રાજલોક પહોળો અને કમરના ભાગે પાછો ૧ રાજલોક પહોળો અને કમરના ભાગથી નીચે ઊતરતા-ઊતરતા ક્રમશઃ વધતો-ઓછો એવો ૧૪ રાજલોક પરિમિત લોકાકાશ ક્ષેત્ર છે. તેમાં જ જીવો અને પુદ્ગલ, અજીવાદિ તત્ત્વો ભરેલા પડ્યા છે.


ત્રિભુવન વિલાસ
૫. અમૃતસર
૬. ગોવિંદગઢ
કુલ્લાલીલ-૪૪
૧૨ કુલ્લાપ્રાસાદ
૬. ચોકુંડિલક
ચોકંડિલક
ચાંદર
ચાર,ત્રિશૂલ વસોલિલક
ત્રિશૂલ-સમુદ્રો
ભવન-૧
ભવન-૨
ભવન-૩
ભવન-૪
ભવન-૫
ભવન-૬
ભવન-૭
પ્રસ્તાવના


ત્રણ લોકનું સ્વરૂપ

આ ચૌદ રાજલોકના જીવોના વસ્તિની પ્રાધાન્યતાના કારણે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. [ચિત્રમાં બતાવ્યા પ્રમાણે] સહુથી ઉપર પ્રથમ ઊર્ધ્વલોક અથવા દેવલોક છે. ત્યાં માત્ર દેવતાઓની જ વસ્તિ છે. દેવલોકની નીચે ૧ રાજ લાંબો-પહોળો અને ફક્ત ૧૮૦૦ યોજન ઊંચાઈના પરિમાણવાળો મનુષ્યલોક છે. એને મૃત્યુલોક પણ કહેવાય છે. અને તિર્યંચગતિના પશુ-પક્ષીની વસતિ ઘણી વિશેષ હોવાના કારણે તિર્યંગલોક અથવા તિર્છાલોક પણ કહેવાય છે. આ બીજો લોક થયો અને ત્રીજો લોક તે તિર્છાલોકથી નીચે એટલે અધોઃ. 'અધો' સંસ્કૃત શબ્દ નીચેનો વાચક છે. એટલે અધોલોક એવુ નામ પાડવામાં આવ્યું છે. અધોલોકના પાતાળ પણ કહેવાય છે. અને ત્યાં નારકી જીવોની જ વસતિની પ્રાધાન્યતા હોવાના કારણે નરકલોક પણ કહેવાય છે.

૧. ઊર્ધ્વલોક – સ્વર્ગ – દેવલોક
૨. મૃત્યુલોક – મનુષ્યલોક – તિર્છાલોક
૩. અધોલોક – નરક – પાતાળલોક

આ પ્રમાણે ત્રણ લોક છે.

૧. ઊર્ધ્વલોક (દેવલોક)




ઊર્ધ્વલોક ૭ રાજલોક પ્રમાણ ક્ષેત્ર છે. તેમાં સર્વથી ઉપરના સ્થાને સિદ્ધશિલા છે. તેની ઉપર લોકાગ્રભાગે સિદ્ધાત્માઓ રહેલા છે. પછી ઉપરથી અલોક શરૂ થઈ જાય છે. તેની નીચે પાંચ અનુત્તર વિમાનો છે. વિજય, વૈજયન્ત, જયન્ત, અપરા-

જિત અને સર્વાર્થ સિદ્ધ નામનાં પાંચ અનુત્તર વિમાનો રહેલાં છે. તેની નીચે મનુષ્યની ગ્રીવા (ડોક)ના ભાગે રહેલા ૯ ગ્રૈવેયક છે. ગ્રૈવેયક દેવો નવની સંખ્યામાં વિભકત નવ ગ્રૈવેયક કહેવાય છે. આટલું ૫+૯=૧૪. એ કલ્પાતીત દેવલોક છે. અને તેની નીચે ૧૨ કલ્પોપપન્ન દેવલોકો છે. આ ક્ષેત્રમાં જ ૩ કિલ્બીષિક, ૯ લોકાન્તિક વગેરે છે. આ બાર દેવલોકની નીચે મેરુ પર્વત આવે છે.

૧ લાખ યોજનના મેરુપર્વતનો ૯૯૧૦૦ યોજન જેટલો ભાગ ઊર્ધ્વ લોક (દેવલોક)માં છે. અને તેની નીચેનો ફક્ત ૯૦૦ યોજન ભાગ મનુષ્યલોક (તિર્ચ્છા લોક)માં છે. આ ૯૦૦ યોજન સમતલા ભૂમિની ઉપર અને ૯૦૦ યોજન સમતલા ભૂમિની નીચે એમ કુલ ૧૮૦૦ યોજન પરિમિત તિર્ચ્છાલોકનું ક્ષેત્ર છે.

આ તિર્ચ્છાલોક ૧ રાજ પહોળો છે. ૧ રાજલોકના પરિમિત ક્ષેત્રમાં-વલયાકારે ગોળ- એક દ્વીપ પછી બીજો સમુદ્ર ફરી દ્વીપ-ફરી સમુદ્ર, ફરી દ્વીપ, ફરી સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. તેમાં એક દ્વીપની ચારે બાજુ વલયાકારે-ગોળ ફરતો સમુદ્ર છે. દ્વીપથી બમણો (ડબલ) સમુદ્ર છે. અને પછી તેથી ડબલ પાછો બીજો દ્વીપ, ફરી તેથી ડબલ પાછો બીજો સમુદ્ર, ફરી તેથી ડબલ પાછો દ્વીપ, ફરી પાછો તેથી ડબલ સમુદ્ર આ પ્રમાણે એકથી બમણા એવા અસંખ્ય દ્વીપ સમુદ્રો છે.

અસંખ્ય દ્વીપ સમુદ્રોનો નકશો-



આ નકશામાં અરૂણ દ્વીપ-અરૂણ સમુદ્ર સુધીનાં નામો બતાવવામાં આવ્યાં છે. અને પછી તેની આગળ પુજ્ય ઉમાસ્વામીવાચકજી તત્વાર્થ સૂત્રમાં ફરમાવે છે કે શુભ-શુભ નામના દ્વીપ-સમુદ્રો-પછી-પછી અસંખ્ય છે. અને અંતિમ સમુદ્ર સ્વયં ભુરમણ સમુદ્ર છે. બધા જ વલયાકારે છે. અને એક એકથી બમણા છે.

અન્તમાં છેલ્લે 'સ્વયંભૂરમણ' નામનો સમુદ્ર છે. આ અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં માત્ર પ્રથમના અઢી દ્વીપ સમુદ્રો જ મનુષ્યોની વસતિનું ક્ષેત્ર છે. અઢી દ્વીપમાં જ મનુષ્યો રહે છે તેની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં ફક્ત તિર્યંચ ગતિનાં પશુ-પક્ષીઓ જ રહે છે. જળચરાદિ પ્રાણીઓની પણ બહુલતા છે.

અઢી દ્વીપક્ષેત્ર

આ અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં પ્રથમના અઢી દ્વીપો-સમુદ્રોનું પરિમિત અઢી દ્વીપ સમુદ્ર ક્ષેત્ર જ મનુષ્યલોક કહેવાય છે. એની બહાર મનુષ્યોની વસતિ નથી. આ અઢી દ્વીપ ૪૫ લાખ યોજનના માપની કુલ પહોળાઈનું ક્ષેત્ર છે.

(૮ (૮ (૪ (૨ (૧) ૨) ૪) ૮) ૮)= ૪૫ લાખ યોજન.

પુ. કાળો. ધા. લ. જંબુ લ. ધા. કાળો. પુ.

આ અઢીદ્વીપમાં જંબુદ્વીપ-૧ લાખ યોજન	પશ્ચિમમાં
લવણસમુદ્ર ૨ ,, ,,	૨ લાખ યોજન
ધાતકી ખંડ ૪ ,, ,,	૪ ,, ,,
કાળોદધિ સમુદ્ર ૮ ,, ,,	૮ ,, ,,
પુષ્કરાર્ધદ્વીપ ૮ ,, ,,	૮ ,, ,,
પૂર્વમાં ૨૩ ,, ,,	૨૨ ,, ,,

અઢી દ્વીપ કુલ ૨૩ + ૨૨ = ૪૫ લાખ યોજન છે.

અઢી દ્વીપમાં ભૂમિઓ.

અઢીદ્વીપમાં કુલ ૧૦૧ ભૂમિઓ છે.

૧૫ કર્મભૂમિ +	૩૦ અકર્મભૂમિ +	૫૬ અંતર્દ્વીપ
૫ ભરત ક્ષેત્ર	૫ હિમવંત ક્ષેત્ર	૧૪ હિમવંત પર્વતની પૂર્વે
૫ ઐરવત ક્ષેત્ર	૫ હરિવર્ષ ક્ષેત્ર	૧૪ ,, ,, ની પશ્ચિમે
૫ મહાવિદેહ ક્ષેત્ર	૫ રમ્યક ક્ષેત્ર	૧૪ શિખરી ,, ,, ,,
	૫ હૈરણ્યવંત ક્ષેત્ર	૧૪ ,, ,, પૂર્વે
૧૫ કર્મભૂમિ.	૫ ઉત્તર કુરુક્ષેત્ર	
	૫ દેવ કુરુક્ષેત્ર	
	૩૦ અકર્મભૂમિ.	૫૬ અંતર્દ્વીપો લવણ સમુદ્રમાં શિખરી તથા હિમવંત પર્વતની દાઢા સમાન વિસ્તરેલા છે.

૧૫ કર્મભૂમિ

જંબુ દ્વીપમાં – ૧ ભરતક્ષેત્ર+૧ ઐરાવતક્ષેત્ર+૧ મહાવિદેહ =૩

ધાતકીખંડમાં – ૨ ,, +૨ ,, +૨ ,, =૬

પુષ્કરાર્ધ દ્વીપમાં–૨ ,, +૨ ,, +૨ ,, =૬

૫ +૫ +૫ =૧૫

અધોલોક (પાતાળ)

તિર્છાલોકની નીચે અઢી દ્વીપની નીચેથી ૭ રાજલોક સુધીમાં ૭ નારક પૃથ્વીઓ છે. આપણાથી અધો એટલે નીચે હોવાથી અધોલોક કહીએ છીએ. તેમાં નરક, પૃથ્વીઓ તથા નારકી જીવો જ હોવાથી નરકલોક પણ કહેવાય છે. રત્નપ્રભા આદિ સાત નામોની પૃથ્વીઓ છે. ક્રમશઃ નીચે ઊતરતાં એક એકથી વધુ વિસ્તારવાળી છે. વધુ મોટી છે. ત્રણ નરક પૃથ્વીઓ સુધીમાં પરમાધામી (નરક સંત્રીઓ) છે, જેઓ નારકી જીવોને નિર્દયપણે પીડે છે. અસંખ્ય નારકી જીવો આ ૭ પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે અને પાપની કરુણ સજા ભોગવે છે.

આ સાતે નરક પૃથ્વીઓ ઠાંકરા, રેતી, કાદવ, ધૂમાડો તથા ઘોર અંધકારથી ભરેલી છે. છરાના જેવા અણીદાર પથ્થરોવાળી આ નરક પૃથ્વીઓમાં જીવોને સતત ત્રાસ છે. નરકગતિમાં ૧૦ પ્રકારની તીવ્ર વેદના છે. નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્યો પણ કરોડો-અબજો વર્ષોથી પણ ઘણાં વધારે સાગરોપમોની સંખ્યામાં છે.

મહાકષ્ટ, ભયંકર દુઃખ અને તીવ્ર વેદનાઓથી ભરેલી આ નરકમાંના જીવો સતત દુઃખ ભોગવતા હોય છે. ત્યાં પણ જન્મ-મરણ સતત ચાલે છે. અસંખ્ય જીવો જન્મે છે અને મરે છે. આ પણ એક લોક છે. ચાર ગતિમાં તેની ગણતરી છે. [વધુ વિસ્તારથી નરકનું વર્ણક " नरन सिधि " નામની વ્યાખ્યાન પુસ્તિકામાં કરેલ છે.]

૧ ગ્રી નદી
૨ ચૂનો પથ્થર
૩ રેતી
૪ ચિરોડી
૫ ચા. જ.
૬ ચા. ઉ.
૭ ચા. ઉ.
૧ ચિરોડી
૨ ચા. જ.
૩ ચિરોડી
૪ ચા. ઉ.
૫ ચા. જ.
૬ ચિરોડી
૭ ચા. ઉ.
ઉપરનું પડ
૧ ચિરોડી
૨ ચા. જ.
૩ ચિરોડી
૪ ચા. ઉ.
૫ ચા. જ.
૬ ચિરોડી
૭ ચા. ઉ.
નીચેનું પડ

સ્વલોક અને પરલોક


આટલા ભૌગોલિક વિવેચન ઉપરથી લોકનું સ્વરૂપ ખ્યાલ આવ્યો હશે. તેમાં ૧૪ રાજલોક અને તેમાં પણ ત્રણ લોકમાં વિભકત સર્વ જીવ રાશી રહે છે. માટે લોક સ્વરૂપનો વિચાર કર્યો. હવે એના ઉપરથી સ્વલોક કયો અને પરલોક કયો તે સરળતાથી સમજી શકાશે. સ્વલોક એટલે જે લોકમાં આપણે રહીએ છીએ તે આપણો સ્વલોક થયો અને જે સ્વથી ભિન્ન તે પરલોક. આપણે જે લોકમાં રહીએ છીએ, તેનાથી ભિન્ન-જુદો તે પરલોક. દા.ત., આપણે અત્યારે વચ્ચેના તિર્છાલોકમાં રહીએ છીએ તે મનુષ્યલોક આપણો સ્વલોક થયો અને તેનાથી ભિન્ન ઉપરનો ઊર્ધ્વ લોક-દેવલોક થયો. તે જ પ્રમાણે નીચેનો અધોલોક નરકલોક છે. એ પણ સ્વથી ભિન્ન પરલોક થયો.

જેમ આપણા માટે ઊર્ધ્વલોક અને અધોલોક એ પરલોક સિદ્ધ થયો, એ જ પ્રમાણે નરકના નારકી જીવો માટે નરક લોક-અધોલોક-સ્વલોક ગણાશે અને તેમના માટે (મૃત્યુલોક-મનુષ્યલોક) તિર્છાલોક અને ઊર્ધ્વલોક પરલોક ગણાશે. એ જ પ્રમાણે દેવલોકના દેવતાઓ માટે તેમનો ઊર્ધ્વલોક (સ્વર્ગલોક) સ્વલોક કહેવાશે. અને તેમના તિર્છાલોક તથા અધોલોક (નારકલોક) પરલોક તરીકે ગણાશે.

'ઇહલોક' શબ્દ પણ આપણે સાંભળેલો છે. 'ઇહ' સંસ્કૃત શબ્દ છે. 'ઇહ' એટલે 'આ' એવો અર્થ થાય છે. આ લોક એટલે સ્વલોક. આપણે જે લોકમાં રહેતા હોઈએ તે ઇહલોક અથવા સ્વલોક પણ કહેવાય. અને તેથી ભિન્ન

તે પરલોક કહેવાય. આ પ્રમાણે પરલોક પદાર્થની સિદ્ધિ થાય છે. પરલોક પદાર્થની વિચારણા આપણે અહીંયાં કરીએ છીએ એટલે પરલોક શબ્દથી પ્રધાનપણે સ્વર્ગ-નરક લેવાય છે. પરલોકની સિદ્ધિ કરવી એટલે સ્વર્ગ-નરકની સિદ્ધિ કરવી. સ્વર્ગ-નરક જે માને તે પરલોકને માને. સ્વર્ગ-નરકના અસ્તિત્વ તથા સ્વરૂપમાં જેની શ્રધ્ધા હોય અર્થાત પરલોકમાં જેની શ્રધ્ધા હોય તે શ્રધ્ધાળુ-આસ્તિક કહેવાય. **'परलोकादि पदार्थे यस्य मतिः सः आस्तिकः'** પરલોકથી સ્વર્ગ-નરક તથા આદિ શબ્દથી આત્મા-પુણ્ય-પાપ આદિ પદાર્થો જે ઇન્દ્રિયગોચર નથી, તેમાં શ્રધ્ધા રાખવી તે માનવા તેને આસ્તિક કહેવાય, શ્રધ્ધાળુ કહેવાય. [પરલોકનું સ્વરૂપ સમજવા માટે, સ્વર્ગ-નરકનું સ્વરૂપ સારી રીતે સમજવા માટે ૧૦મી તથા ૧૧મી વ્યાખ્યાન પુસ્તિકા 'સ્વર્ગ સિદ્ધિ' તથા 'નરક સિધ્ધિ' અવશ્ય ધ્યાનપૂર્વક વાંચવી.]

પરલોક તથા ચાર ગતિ-



સ્વસ્તિક ચાર ગતિનું સૂચક ચિહ્ન છે. અને ચાર ગતિનાં નામો તે તે જીવો ઉપરથી પડવામાં આવ્યાં છે. ૧. મનુષ્ય જીવોના નામે મનુષ્ય ગતિ ૨. સ્વર્ગના દેવતાઓના નામે દેવગતિ ૩. નરકના નારકી જીવોના નામે નરક ગતિ, અને ૪. પશુ-પક્ષી તિર્યંચ જીવોના નામે તિર્યંચ ગતિ. આ પ્રમાણે ચાર પ્રકારના જીવોના આધારે ચાર ગતિનાં ચાર નામ

પડ્યાં છે. તેનું પ્રતીક સ્વસ્તિક (સાથિયો) કહેવાય છે. એટલે જીવોને ગતિની અપેક્ષાએ ચાર વિભાગમાં વિભકત કર્યા છે.


ત્રણે લોકનાં નામો પણ આ જ પ્રમાણે જીવોના આધારે પડયાં છે. તે તે લોકમાં તે તે જીવોની પ્રધાનતા-બહુલતાના કારણે તે તે લોકનાં નામો પણ સૂચક રીતે પડયાં છે (૧). સ્વર્ગના દેવતાઓના જીવોના કારણે દેવલોક (૨) પશુ-પક્ષી એવા તિર્યંચ જીવોની બહુલતાના કારણે મધ્યવર્તી લોકને તિર્છાલોક અથવા તેને જ મનુષ્યોની શ્રેષ્ઠતાના કારણે મનુષ્ય-લોક પણ કહ્યો છે. (૩) નરકના નારકી જીવો. સાત રાજલોક પરિમિત ક્ષેત્રમાં સાત નરકભૂમિઓમાં નારકી જીવો જ પ્રધાનપણે રહે છે. માટે નરકલોક એમ નામ છે. દિશાના નામે ઉપરના સાત રાજલોકને ઊર્ધ્વલોક અને નીચેની દિશાના આધારે અધોલોક એમ પણ કહેવાય છે.

લોકની દૃષ્ટિએ વિચાર કરો અથવા ગતિની દૃષ્ટિએ વિચાર કરો તો પણ બન્ને રીતે તે તે ગતિ કે લોકના જીવોની જ સિદ્ધિ થાય છે. અને તે તે જીવોના આધારે તે તે લોક કે ગતિની સિધ્ધિ થાય છે. ચારે ગતિ ચૌદ રાજલોકમાં પ્રસરેલી છે. અને ત્રણે લોક પણ ચૌદ રાજમાં જ છે. એમ, ગતિ અને લોક બન્નેનું અસ્તિત્વ સ્વીકારવું જ પડે.

ચાર ગતિના સૂચક સ્વસ્તિકની ૨ પાંખડીઓ પરલોકને સૂચવે છે. સિધ્ધ કરે છે. નં. ૨ની દેવગતિની પાંખડી ઉપર કરો એટલે છેક ઉપર અનુત્તર વિમાન સુધી દેવલોકમાં જાય છે.


પરન્તુ મનુષ્યની ગતિની પાંખડી સીધી ઊર્ધ્વદિશા સૂચવે છે, અર્થાત આ મનુષ્યગતિનો જીવ જ સીધો સહુથી ઉપર મોક્ષ સુધી પણ જઈ શકે છે, તે સૂચવવા ઊર્ધ્વમુખી છે, સીધી છે અને તે જ પ્રમાણે તિર્યંચ ગતિની પાંખડી તિચ્છાં. લોકની દિશા સૂચવે છે અને નરક ગતિની પાંખડી અધોમુખી નીચેની દિશા સૂચવે છે. એનું મોઢું નીચે તરફ છે. નીચે છેક સાત રાજલોક નરક સુધીમાં જવાનું સૂચવે છે. આ પ્રમાણે ચારે ગતિઓ ત્રણ લોકની સાથે સંબંધ સૂચવે છે.

ચારે ગતિમાં જીવોનું પરિભ્રમણ




આ ચિત્રમાં જોવાથી ચારે ગતિમાં જીવોનું ગમનાગમન સમજાય છે. કયો જીવ કઇ ગતિમાં જાય છે અને કેટલી ગતિમાં જાય છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. સ્વસ્તિકની ચાર પાંખડીઓના કેન્દ્રમાં તો જીવ છે અને એ જ જીવ સ્વ સ્વ કર્માનુસારે તે તે ગતિમાં જાય છે. એમ એક જ જીવ સ્વકર્માનુસારે ચારે ગતિમાં પરિભ્રમણ સતત કરે છે. જ્યાં સુધી જીવનો મોક્ષ નથી થતો ત્યાં સુધી જીવને અવશ્યપણે સંસારની આ ચાર ગતિઓમાં સતત પરિભ્રમણ કરવું જ પડે છે. અને આ ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં અનન્તા જન્મ-મરણો ધારણ કરતાં કરતાં તે ઘાંચીના બળદની જેમ વલયાકારે પરિભ્રમણ કરતો રહે છે. ચૌદ રાજ-લોકની અંદરના અનન્તા જીવો આ સ્વસ્તિક ની ચાર ગતિમાં સતત પરિભ્રમણ કરતા રહે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક ભવમાંથી બીજા ભવમાં, એક લોકમાંથી બીજા લોકમાં એમ સતત ગમનાગમન ચાલતું જ હોય છે. ૭૬મા પાનાના ચિત્રમાં જીવનું ચારે ગતિમાં થતું પરિભ્રમણ બતાવ્યું છે. વચ્ચે કેન્દ્રમાં ચૌદ રાજલોક છે, અનન્ત નિગોદના જીવો છે. એ જીવો ક્રમશઃ એક પછી એક બહાર નીકળીને ગોળાકાર સ્થિતિમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. એમાં અનન્ત જન્મ-મરણના ભવો થઈ ગયા. છતાં અન્ત ન આવ્યો. પરન્તુ ચાર ગતિમાં મનુષ્ય થઇને જિનધર્મની આરાધના કરે. દર્શન-જ્ઞાન -ચારિત્ર ધર્મની ઉપાસના કરીને કર્મની નિર્જરા કરે અને સદંતર સર્વથા સર્વ કર્મનો ક્ષય કરીને સિધ્ધ-બુધ્ધ-મુકત-થઈને મોક્ષે બિરાજમાન થાય છે. મોક્ષ પરલોકમાં નથી.

પરન્તુ મોક્ષ ત્રણે લોકની ઉપર છે, ચૌદરાજલોકના લોકાગ્ર ભાગે છે. જીવાત્મા ત્યાં જઈ ને સ્થિર થાય છે. મુક્તને પાછા ફરવાનું હોતું નથી. ફરી સંસારમાં પાછા નથી આવત સંસાર કર્મ-જન્ય છે. મોક્ષ કર્મક્ષયથી મળે છે. માટે જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી સંસારમાં જન્મમરણ સતત રહેશે.



ચૌદ રાજલોકના ત્રણે લોકમાં જીવોનું જન્મ-મરણ ગમનાગમન



શ્રી ભગવતી સૂત્રમાં બારમા શતકના સાતમા ઉદ્દેશામાં શ્રી ગૌતમસ્વામી ગણધરે પ્રશ્નો પૂછયા અને સર્વજ્ઞ શ્રી વીર ભગવંતે ઉત્તરમાં ચૌદ રાજ લોક શું છે, કેટલો છે વગેરે સમજાવ્યું. સમસ્ત લોકમાં પ્રસરેલા આકાશના અસંખ્ય

પ્રદેશો છે. જેમ કપડામાં ઊભા અને આડા દોરા ગોઠવ્યા હોય છે તે પ્રમાણે ઊભા અને આડા ગોઠવાયેલા દોરાના ક્રોસપોઈન્ટ જેવા આકાશ પ્રદેશો છે. અને એ આકાશ પ્રદેશોના આધારે જીવાત્મા ગતિ કરે છે. માટે જ તેની કાં-કદાચ ઉપર કાં તો નીચે, કાં તો આડી દિશામાં ગમન થાય છે પરંતુ વચ્ચે ત્રાંસી ગતિ નથી થતી. ગતિ સીધી ઉપરથી નીચે, નીચેથી ઉપર અને આડી સીધી ગતિ થાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જીવો આ પ્રમાણે મૃત્યુ પછી પોતાના જન્મસ્થાને જાય છે. સ્વકર્માનુસારે જે જીવનું જન્મસ્થાન જ્યાં નિશ્ચિત થયું હોય ત્યાં જીવ જાય છે અને જન્મ ધારણ કરે છે. મૃત્યુ પછી જીવને એના નિયત જન્મ-સ્થાન સુધી જવાનું (પહોંચાડવાનું) કામ કાર્મણ શરીર તરીકે જીવની સાથે જ રહેનાર આનુપૂર્વી નામકર્મ આ કામ કરે છે. આ કર્મ મૃત્યુ પછી જીવને જે ગતિમાં જવાનું હોય છે, ત્યારે કામ કરે છે અને આ પ્રમાણે જીવની ગતિ થાય છે, ગમનાગમન થાય છે.

આ ગમનાગમનમાં જીવ એકલોકથી બીજાલોકમાં જાય છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. જીવ દેવલોકમાં દેવભવ પૂરો કરીને મનુષ્યલોકમાં ચ્યવીને જન્મ લઈને મનુષ્ય થાય છે તથા દેવનો જીવ ચ્યવીને તિર્યંચગતિમાં જન્મીને પશુ-પક્ષી તરીકે પણ ઉત્પન્ન થાય છે. એ જ પ્રમાણે મનુષ્ય-તિર્યંચના જીવો મૃત્યુ પછી ઈહલોકમાંથી પરલોકમાં અર્થાત દેવલોકમાં જઈને ત્યાં દેવ તરીકે જન્મે છે. અથવા અધોલોકમાં જઈને નરકમાં નારકી તરીકે જન્મે છે. એ જ પ્રમાણે અધોલોકનો નારકી જીવ નરકનો

ભવ પૂર્ણ કરીને તિર્છાલોકમાં આવીને તિર્યંચ પશુ-પક્ષી અથવા મનુષ્ય તરીકે જન્મે છે. આ પ્રમાણે જીવનું ત્રણે લોકમાં ગમનાગમન ચારે ગતિમાં સતત જવું-આવવું થાય છે.

तं किंचि नत्थि ठाणं लोए वालग्ग कोडि मित्तंपि ।
जत्थ न जीवा बहुसो सुहदुह परंपरं पत्ता ॥

શાસ્ત્રકાર મહાપુરુષો ફરમાવે છે કે, ચૌદરાજ લોકમાં વાળના અગ્રભાગ જેટલો નાનો ટુકડો મૂકવા જેટલી પણ જગ્યા ખાલી નથી કે જ્યાં જીવે અનેક વખત સુખ-દુઃખની પરંપરા ન અનુભવી હોય. રાઈનો એક દાણો મૂકવા જેટલી પણ જગ્યા ખાલી નથી, કે જ્યાં જીવે અનન્ત વાર જન્મ-મરણ ન કર્યા હોય. એકતા માટે કહે છે કે-


न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

-એવી કોઇ જાતિ, કોઈ ઉત્પત્તિ સ્થાન યોનિ, કોઇ ક્ષેત્ર સ્થાન અને કોઇ કુળ આ જગતમાં એવું બાકી નથી કે જ્યાં સર્વ જીવોએ અનન્ત વાર જન્મ-મરણ ધારણ ન કર્યા હોય.

અસંખ્ય આકાશ પ્રદેશના આ ચૌદરાજલોકના ક્ષેત્ર જીવોએ અનન્તા જન્મ-મરણ-અનન્તા ભવ કર્યા છે. આ પ્રમાણે જન્મ -મરણ સતત ચાલ્યા કરે છે.

જન્મ-મરણ શું છે ?...

જન્મ અને મરણ એ જીવનની બે છેડાની બે મોટી ક્રિયા છે.



જેમ એક દોરીના બે છેડા હોય છે તેમ, આ જીવનના પણ બે છેડા છે. એક પ્રથમ છેડો જન્મનો છે અને બીજો છેડો મરણનો છે. જેને મૃત્યુ કહીએ છીએ.

આ જન્મ અને મરણના બે છેડા વચ્ચેનો કાળ તે જીવન કહેવાય છે. એક દિવસ જન્મનો, અને છેલ્લો એક દિવસ મરણનો છે. તે બેની વચ્ચેનો કાળ તે જીવનનો કાળ–વર્ષોમાં ગણાય છે. તે જન્મથી–મૃત્યુ સુધીના કાળને આયુષ્ય કહીએ છીએ. આયુષ્ય નિયત કાળનું નિશ્ચિત હોય છે. એક જન્મનું આયુષ્ય શરૂ થવું અર્થાત જન્મ થવો. જન્મથી આયુષ્ય શરૂ થાય છે. અને આયુષ્યની સમાપ્તિ થવી અર્થાત મૃત્યુ થવું. મૃત્યુ એ આયુષ્યની સમાપ્તિનું સૂચક છે અને આયુષ્યની સમાપ્તિ પછી જીવ એક ગતિ–એક જન્મમાંથી બીજી ગતિ, બીજા જન્મમાં જાય છે. અને ત્યાં ઉત્પત્તિસ્થાનમાં જન્મ લે છે.

અહીંયાં જન્મ એટલે જીવાત્માનું ઉત્પત્તિ સ્થાન (યોનિ)માં ઉત્પન્ન થવું. ઉત્પત્તિરૂપે આત્માનો એક શરીરની સાથે સંયોગ થવો તે જન્મ. એક નવા શરીરની સાથે ઉત્પત્તિ ભાવથી સંયોગ સંબંધ તે જન્મ, અને તે જ ઉત્પન્ન કરેલા શરીરની સાથેનો વિયોગ – છુટકારો તે મૃત્યુ. એટલે જન્મ – મરણ એ શરીરની સાથે જીવાત્માની સંયોગ–વિયોગની ક્રિયા માત્ર છે. સંબંધ માત્ર છે. આપણે વ્યવહારમાં પ્રસૂતિને જન્મ કહીએ છીએ. પ્રસૂતિ થઇ અને બાળક જન્મ્યું તેને જન્મ કહીએ છીએ. પરંતુ તે તો શરીર રચનાની સમાપ્તિ પછી શરીરનું માતાની કુક્ષીથી બહાર નીકળીને આ ધરતી ઉપર પગ મૂકવો

તે કહેવાશે. એટલે લોક વ્યવહારમાં આને જન્મ ગણવામાં આવે છે. પરન્તુ જ્ઞાની મહાપુરુષોની દૃષ્ટિથી જીવાત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં આવ્યો અને ઉત્પત્તિ સ્થાનમાં માતાની કુક્ષીએ ઉત્પન્ન થયો તે જ તેનો જન્મ થયો ગણાય છે. જીવ ઉત્પત્તિ યોનિમાં પ્રવેશ કર્યા પછી તુરત આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મનઃ એમ આ ૬ પર્યાપ્તિ-ઓની રચના કરે છે. સર્વ પ્રથમ આહાર લે છે. આહારના સત્વન પિંડરૂપે પરિણમાવી શરીરરૂપે બનાવે છે તે શરીર બનાવતી વખતે તેમાં મકાનનાં બારી-બારણાં જેવા ઇન્દ્રિયોના દરવાજા રાખે છે. આ ઇન્દ્રિયો જીવ સ્વકર્માનુસાર ઓછી-વધારે, પૂરી-અધૂરી, વગેરે બનાવે છે. ત્યાર પછી શ્વાસોચ્છ-વાસની ક્રિયા શરૂ કરે છે અને તે શ્વાસોચ્છવાસના આધારે જીવન પ્રક્રિયા શરૂ થાય છે અને પછી ભાષા વર્ગણા સ્વીકારી ભાષા બનાવે છે. જેથી દુઃખસુખના ભાવો વ્યક્ત કરી શકાય અને અન્તે છઠ્ઠી પર્યાપ્તિ તરીકે મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓને બહારથી ખેંચીને મન બનાવે છે. આ મન જીવાત્માને વિચાર કરવા કામે લાગે છે.

આ પ્રમાણે સર્વ પ્રથમ જીવાત્મા સ્વયં ઉત્પત્તિ યોનિના સ્થાનમાં આવીને માતાની કુક્ષીમાં ઉત્પન્ન થાય છે. અને પછી આ પ્રમાણે ૬ પર્યાપ્તિઓ બનાવે છે. પછી ૯॥ મહિનાનો કાળ પરિપકવતા માટે પસાર કરે છે. અને યોગ્ય સમયે શરીર રચનાની પૂર્ણતા-પરિપકવતા પછી માતાની કુક્ષીની બહાર નીકળવારૂપ જન્મ લે છે. અને પછી મૃત્યુના અંતિમ છેડા

સુધી પહોંચવા માટે વચ્ચેનો કાળ જીવનકાળ તરીકે પૂરો કરે છે. જો માત્ર માતાની કુક્ષીથી બહાર નીકળવાની ક્રિયાને જ ફક્ત જન્મ ગણીએ તો એક વાત એ પણ વિચારવા જેવી છે કે, માનો માતાના ઉદરમાં જ ચોથા મહિને, ૭મા મહિને, ૮મા મહિને મૃત્યુ થઇ ગયું તો શું એ જીવનો જન્મ જ નહીં ગણાય ?

ના. એવું નથી. મૃત્યુ થયું છે તો જન્મ પછી જ મૃત્યુ થાય છે. મૃત્યુ થયું છે માટે જન્મ અવશ્ય થયો છે. એ મૃત્યુ પહેલાં માનવું જ પડે. આપણી લૌકિક વ્યવહારુ દૃષ્ટિએ ભલે જન્મ ન દેખાયો હોય તેથી શું થઈ ગયું ? પરન્તુ જીવાત્માનું એક ગતિમાં આવવું, માતાની કુક્ષીમાં ઉત્પન્ન થવું, શરીરાદિ ધારણ કરવું, વગેરે જન્મની ક્રિયા થઇ ચૂકી છે. અને જેટલા મહિના કે દિવસો સુધી જીવ્યો તે જ તેનું જીવન ગણાશે. અને જે દિવસે જીવ આ શરીરને છોડીને ચાલ્યો જશે તે દિવસ મૃત્યુનો દિવસ કહેવાશે. તો જીવન તો ગમે તેટલા વર્ષનું હોઈ શકે છે. કોઈનું ૧૦૦ વર્ષનું, તો કોઈનું ૫ વર્ષનું, કોઈનું ૮૦ વર્ષનું તો કોઈનું ૧૦ વર્ષનું, તો કોઈનું ૨ વર્ષનું, કોઇનું ૧ વર્ષનું, તો કોઇનું ૪, ૬, ૭, ૮ મહિનાનું, તો કોઈનું ફક્ત ૧૫ દિવસનું, ૫ દિવસનું અને કેવળજ્ઞાની મહાત્માઓની દૃષ્ટિએ, ફક્ત ૨ ઘડી (૪૮ મિનિટ)નું પણ જીવન હોય છે. ફક્ત ૨ ઘડીમાં તો જીવ માતાની કુક્ષીમાં આવ્યો અને ચાલ્યો પણ ગયો. આટલા ઓછા સમયમાં પણ જન્મ-જીવન-મરણ થઈ જાય છે.

આ પ્રમાણે જીવને આ સંસારમાં ૮૪ લાખ જીવ યોનિઓમાં સતત જન્મ-મરણ કરતાં કરતાં પરિભ્રમણ કરવું પડે છે. કરોપાર્જિત કર્માનુસારે જીવને ભટકવું પડે છે. એ ભટકવા માટે ૮૪ લાખ યોનિઓ એ જ જીવને ઉત્પત્તિ માટેનું ક્ષેત્ર છે. એટલામાં જ પરિભ્રમણ કરતા રહેવું પડે છે. એક જન્મ પછી બીજો જન્મ, બીજા પછી ત્રીજો, ત્રીજા પછી ચોથો, પછી પાંચમો, છઠ્ઠો, સાતમો, દસમો, સોમો, હજારમો, લાખમો, કરોડમો, અબજમો : ક્રોમ આજ દિવસ સુધીમાં જીવાત્માના અનન્તા જન્મો થઇ ગયા છે. ૪ ગતિમાં, પાંચ જાતિમાં અને ૮૪ લાખ જીવયોનિઓમાં પરિભ્રમણ કરતા કરતા અનન્ત ભવો કર્યા. અનન્ત જન્મ-મરણ થયા. આ અનન્ત માનીએ ત્યારે એક પછી બીજો-બીજા પછી ત્રીજો એમ જ અનન્ત માનવા પડે. હવે અનન્ત માનીએ એટલે પુનર્જન્મ અને પૂર્વજન્મ બન્ને સિદ્ધ થઈ જાય છે. ભૂતકાળમાં થઈ ચૂકેલા જન્મો તે પૂર્વ જન્મો ...અને ભાવિમાં થનારા તે પુનર્જન્મ. આ પ્રમાણે માત્ર કાળ વિવક્ષાની દૃષ્ટિએ કાળની ત્રણ પર્યાયો જ લગાડવી પડે છે. કાળની ત્રણ પર્યાય એટલે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ.

પુનર્જન્મ- પુનર્જન્મ એ બે શબ્દો છે. પુનર્ + જન્મ. "પુનઃ" એટલે ફરીથી. ફરીથી શબ્દ બીજી વારના અર્થમાં છે. એક ક્રિયા એક વાર થઇ ચૂકયા પછી જ્યારે બીજી વાર ફરીથી થાય છે ત્યારે "પુનઃ" એમ કહેવાય છે. દા. ત., આપણે બોલ્યા અને બીજાએ ન સાંભળ્યું એટલે સામેવાળી વ્યક્તિ કહે

છે, ભાઇ ! ફરીથી કહો તો, શું કહ્યું ? એ વખતે આપણે જે પહેલાં કહ્યું હોય તે જ ફરીથી કહેવું પડે છે. તેને "પુનઃ" પુનરાવર્તન કહીએ છે. એમ અહીંયાં "પુનર્જન્મ" શબ્દમાં પુનઃ શબ્દ પણ ફરીથી જન્મ એ જ સૂચવે છે. પુનર્જન્મમાં પુનઃ શબ્દ ફરીથી એ અર્થને સૂચવે છે તો જન્મ એક પ્રક્રિયાનું સૂચક છે. **Rebirth. Re+Birth.** આ અંગ્રેજી શબ્દમાં પણ **Re** એટલે ફરીથી અર્થાત પુનઃ એ જ અર્થ થાય છે અને **Birth** એ જન્મનો વાચક શબ્દ છે. **Reincarnation. Re** એટલે ફરીથી અને **Incarnation** એટલે અવતાર. અવતરવું અર્થાત જનમવું.

પુનર્જન્મ એટલે ફરીથી જનમવું. તો તે ફરીથી જનમનાર કોણ ? કોણ ફરીથી જન્મે છે ? જન્મ કોનો ? આત્માનો કે શરીરનો ? શું શરીર ફરીથી જન્મે છે ખરું ? ના. કહે છે કે, **"भस्मीभूतस्य देहस्य पुनरागमन कुत :"** ? અર્થાત બળીને ભસ્મ થઈ ગયેલા આ શરીરનું પુનરાગમન= ફરીથી આવવું તો કયાંથી સંભવે ? ન જ સંભવે. માટે શરીર જ્યારે અહીંયાં બળી ગયું છે ત્યારે અવશિષ્ટ શું રહ્યું ? આત્મા. જીવ. કારણ શરીર જડ, વિનાશી, નાશવંત છે. જ્યારે આત્મા અવિનાશી શાશ્વત છે. આત્મા બળતો નથી, નષ્ટ થતો નથી, મરતો નથી. આપણે જ આગળ જન્મ મરણના શબ્દોનો અર્થ જોઇને આવ્યા છીએ તે પ્રમાણે અહીંયાં વિચાર કરતાં જીવાત્મા જ જે મૃત્યુ પછી અવશિષ્ટ રહે છે, તે જ આવીને માતાની કુક્ષીમાં ઉત્પત્તિસ્થાનમાં જન્મ લે છે.


અગ્નિ સંસ્કાર કોનો ? અગ્નિ સંસ્કાર કોનો કરીએ છીએ ? જીવનો કે શરીરનો ? પ્રશ્ન એ થાય છે કે, શું આપણે મૃત્યુ પછી શરીર બાળીએ છીએ કે મૃત્યુ પહેલાં ? ના. કયારેય મૃત્યુ પહેલાં અગ્નિસંસ્કાર નથી કરતા. કારણ, મૃત્યુ પહેલાં તો જીવ જીવતો હોય છે. સજીવ સચેતન હોય છે. પહેલાં બાળીએ તો ખૂનના ગુનાનો આરોપ આવે છે. માટે જીવતા કયારેય નથી બાળતા. જીવતા એટલે જીવ સાથે, જીવ સહિત. જીવ શરીરમાં હોય ત્યાં સુધી સજીવને નથી બાળતા. પરન્તુ મૃત્યુ પછી બાળીએ છીએ.

મૃત્યુ એટલે શું ? જીવ અને શરીરનો વિયોગ. જીવાત્મા જ્યારે આ શરીર છોડીને ચાલ્યો જાય છે ત્યારે તે પ્રક્રિયાને મૃત્યુ કહીએ છીએ. અર્થાત જીવ શરીરને છોડી ગયા પછી જે મૃત શરીર રૂપે (Dead Body) તરીકે પડી રહેલું શરીર છે, જેમાં હવે હલન–ચલન, બોલવા–સાંભળવા, વગેરેની કોઈ ક્રિયા રહી નથી તેવી મૃત અવસ્થામાં રહેલ શરીરને મૃત શરીર કહેવાય છે. આ બધી ક્રિયા કરનારો કર્તા જે જીવ છે, તેના ગયા પછી અર્થાત શરીર છોડીને જીવ ચાલ્યો ગયા પછી જે નિર્જીવ અવસ્થાનું શરીર છે, મૃત શરીર છે તેનો અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે. અગ્નિ વડે હવે આ નશ્વર દેહને દાહ આપીને બાળી નાંખીને ભસ્મ કરવો તે અગ્નિદાહ અથવા અગ્નિ સંસ્કાર કહેવાય છે. આ વખતે જીવ નથી એની ખાતરી એ જ કે મૃત શરીર બળવા છતાં કોઈ વેદના–દુઃખ, ત્રાસ તકલીફ નથી અનુભવતો, ચીસો નથી પાડતો. જે ચીસો


જીવતાં સહેજ ગરમ તવા ઉપર હાથ અડી જતાં પાડતો હતો તે હવે નથી પાડતો. તેવી વેદના–દુઃખ હવે નથી થતું. કારણ કે તે વેદના–દુઃખને સહન ન કરનારો જ નથી રહ્યો. તો પછી ચીસ પાડે કોણ ?

માટે એક વાત નિશ્ચિત થઈ ગઈ કે જે મૃત શરીર અગ્નિમાં બળીને ભસ્મીભૂત થઇ ગયું છે તે ભસ્મની કણ–કણમય બની ગયું છે. એટલે શરીરને ફરીથી આવીને જન્મ લેવાપણું નથી રહેતું. ફકત આત્મા જ સ્વયં કરેલા શુભ–અશુભ કર્માનુસારે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે અને ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થઇને જન્મ ધારણ કરે છે. પુનરાગમન, ફરીથી આગમન (આવવું) કોનું થયું ? જીવનું શરીર પાછું આવતું નથી. આત્મા જ આવે છે. માટે આત્મા માનો તો પુનર્જન્મની સિદ્ધિ સરળ છે અને જગતમાં જે ધર્મોએ, જે દર્શનોએ આત્મા જેવો સચેતન દ્રવ્ય–પદાર્થ નથી માન્યો માટે તેઓ પુનર્જન્મ, પૂર્વજન્મ પણ નથી માનતા. પરન્તુ આ તત્ત્વો ન માનવાથી સંસારમાં ઘણી મોટી અવ્યવસ્થા ઊભી થશે. માટે પુનર્જન્માદિ માપવા માટે આત્મા આદિ માનવા જ જોઈએ. એક આત્મા તત્ત્વને માનીએ એટલે બીજાં બધાં તત્ત્વો માનવાં સાવ સહેલાં છે. અને જો મૂળ તત્ત્વ આત્માને જ માન્યો તો બીજા કોઈ પણ તત્ત્વને માનવામાં તકલીફ પડવાની જ છે.

પુનર્જન્મ અને પૂર્વજન્મ



૧. જન્મ — જીવન - મરણ ૨. જન્મ — જીવન — મરણ




૩. જન્મ–મરણ ૪. જન્મ - જીવન - મરણ ૫. જન્મ - જીવન - મરણ



૬. જન્મ–જીવન–મરણ ૭. જન્મ–જીવન–મરણ ૮. જન્મ–જીવન–મરણ



૯. જન્મ - જીવન - મરણ, ૧૦ જન્મ — જીવન - મરણ



૧૧. જન્મ - જીવન - મરણ, ૧૨ જન્મ — જીવન - મરણ

આ પ્રમાણે ઉપર જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે, એક દિવસે જન્મ થાય છે, જન્મ પછી અમુક વર્ષનો કાળ જીવન તરીકે વિતાવે છે. અને પછી એક દિવસ જીવ મૃત્યુ પામે છે. મૃત્યુ પામ્યો એટલે એક ભવ પૂરો અને પછી જીવ બીજી ગતિમાં બીજા ભવમાં જાય છે.

આ નિશાની મૃત્યુ પછી જીવની બીજી ગતિમાં બીજા ભવમાં જન્મસ્થાને જવાની ગતિ સૂચવે છે. પછી બીજો, બીજા પછી ત્રીજો એમ અનેક જન્મ–મરણ થાય છે.

આગળ આગળના ધારણ કરાતા જન્મો તે પુનર્જન્મના નામે ઓળખાય છે. પુનર્જન્મ ભાવિકાળમાં થનારા આગામી ભવો છે. જ્યારે ભૂતકાળમાં વીતી ચૂકેલા ભવો તે પૂર્વજન્મના

નામે ઓળખાય છે. પૂર્વ એટલે અહીં i ભૂતકાળનો સૂચક અર્થ છે. અને આજથી પૂર્વના કાળમાં થઈ ચૂકેલા જન્મોને પૂર્વજન્મ કહેવાય છે આ. પ્રમાણે પુનર્જન્મ અને પૂર્વજન્મ બન્ને તત્ત્વો સિધ્ધ થાય છે.

વસ્ત્ર પરિવર્તનના ઉદાહરણથી પુનર્જન્મ સિદ્ધ

આપણે જોઇએ છીએ કે, મનુષ્યો રોજ કેટલાંય વસ્ત્રો પરિધાન કરે છે અને રોજ પરિવર્તન કરે છે. સવારે ઓફિસનો ડ્રેસ જુદો પહેરે છે. અને ફરવા જતાં બીજો વેષ પહેરે છે. પોલીસ તરીકેનો વેષ પહેરે ત્યારે પોલીસ કહેવાય છે. રાત્રે જુદો વેશ ધારણ કરે છે. વ્યકિત એક જ છે. અને ભિન્ન ભિન્ન વેષભૂષા ધારણ કરવાના પરિણામે માણસ જુદા-જુદા રૂપમાં દેખાય છે. પરન્તુ ગમે એટલા વેષ બદલ્યા છતાં આપણે વ્યકિતને જે કાન્તિભાઈ તરીકે ઓળખીએ છીએ, તેમાં ફરક નથી પડતો. તે જ નામથી વ્યવહાર કરીએ છીએ. કારણ કે કપડાં બદલવાથી વ્યકિત નથી બદલાઇ જતી. વ્યકિત તો એની એ જ છે. જે પહેલાં એક વેષમાં હતી તે જ બીજા વેષમાં છે. વ્યકિત નથી બદલાતી. એક નટ કે નટી, નાટકમાં થોડી વારે જાત-જાતના વેષ બદલી આવે છે. પરન્તુ તેના મોઢા ઉપરથી આપણે કહીએ છીએ કે, વેષ ગમે એટલા બદલવા છતાં વ્યકિત એ જ છે. ઓળખાય છે. વ્યકિત નથી બદલાણી. એ જ વાતને સમજાવતાં ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥

જેમ મનુષ્ય જૂનાં કપડાં ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ દેહધારી આત્મા, જૂનાં શરીરો ત્યજીને નવાં શરીરો ધારણ કરે છે.

માણસે એક કપડું ૨-૫ વર્ષ પહેર્યું. પછી તે જૂનું થતાં કાઢી નાંખ્યું અને નવું બનાવી બીજું પહેર્યું. તે પણ થોડાં વર્ષોમાં જીર્ણ-શીર્ણ થઈ જતાં બીજું બદલ્યું. એમ ઉપરાઉપરી એક પછી બીજું બદલીએ છીએ. પરન્તુ પહેરનાર વ્યક્તિ તો એક જ છે. આ જ દૃષ્ટાન્તે અહીંયાં પુનર્જન્મની વાતને સમજીએ. શરીરને એક વસ્ત્રની ઉપમા આપવામાં આવી છે, કપડા સાથે સરખાવવામાં આવેલ છે. કપડાની જેમ એક શરીર પણ જીર્ણ-શીર્ણ થઇ જતાં, અર્થાત વૃધ્ધાવસ્થામાં (ઘડપણમાં) શરીર જર્જરિત-નબળું થઈ જતાં તેની કાળ-અવધિ પૂરી થઈ જતાં આત્મા તેને છોડીને ચાલ્યો જાય છે. અને બીજી ગતિમાં બીજા જન્મમાં બીજું નવું શરીર ધારણ કરે છે. નવું શરીર બનાવે છે. અને પછી તેમાં થોડાં વર્ષો સુધી રહે છે. ફરીથી તે શરીર પણ જીર્ણશીર્ણ થઈ જતાં મૃત્યુ સમયે તેને પણ છોડીને જીવ પરલોકમાં જાય છે. અને પછી ત્યાં ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. અને બીજું શરીર બનાવે છે.

બસ, એક શરીર છોડીને જઇને જીવ બીજા ઉત્પત્તિસ્થાનમાં જે બીજું શરીર બનાવે છે અને તેમાં જન્મીને રહે છે તે જ તેનો બીજો જન્મ. તેને જ પુનર્જન્મ કહીએ છીએ. અને આગળ આગળના જે જન્મો થતા જાય તે પુનર્જન્મ

અને જે પાછળ-પાછળના ભૂતકાળમાં થઈ ગયા હોય તેને પૂર્વજન્મ કહીએ છીએ.

કેટલાક વિશિષ્ટ પૂર્વજન્મો

ભગવાન શ્રી આદિનાથના ૧૩ ભવો થયા છે. ધનસાર્થવાહના પ્રથમ ભવથી ૧૩ ભવો કરીને મોક્ષે સિધાવ્યા. ભગવાન નેમિનાથના ૯ ભવથયા. ભગવાન શ્રી પાર્શ્વનાથ ના ૧૦ ભવો થયા. અને નયસારથી લઈને મહાવીર સુધીમાં ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવો થયા. આ પ્રમાણે તીર્થંકર ભગવંતોના આટલા થયા. તેમ બીજા પણ તીર્થંકરોના ઓછા વધારે ભવો થયા છે. આ સંખ્યા જ્યારથી તેમનો આત્મા સમ્યક્ત્વ પામીને મોક્ષે ગયો ત્યાં સુધીના જ ભવોની સંખ્યા છે. પરન્તુ નિગોદ લઈને મોક્ષ સુધીના ભવો (જન્મો) જો ગણવા બેસીએ તો અનન્તા જન્મો દરેકના થયા છે.

બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિક !.....હે ચંડકૌશિક ! બોધ પામ, બોધ પામ,... શાંત થા....શાંત થા.... આ પ્રમાણે એક સાપને સમજાવતાં પ્રભુ મહાવીરે ચંડકૌશિક નામ લઈને સંબોધન શા માટે કર્યું ? ચંડકૌશિક કંઈ સાપનું નામ ન હતું. પરન્તુ પૂર્વના જન્મનું નામ હતું અને આ નામ સાંભળતાં સાપના મનમાં વલોપાત થયો. અને સાપને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તે સમજી ગયો કે, ચંડકૌશિક બીજો કોઈ નહીં, હું જ છું. મારા જ પૂર્વજન્મનું આ નામ છે. પ્રભુએ મને જ સંબોધન કર્યું છે. અને તે સાપ કટિબદ્ધ થઈ ગયો. ૧૫ દિવસ સુધીના

ઉપવાસ સાથે કઠિન તપશ્ચર્યા અનશન કર્યું. ઉપસર્ગ સહન કરીને પાપ ધોઈને આઠમા સહસ્ત્રાર દેવલોકમાં જઈને ઉત્પન્ન થયો.

હાથીને પ્રતિબોધ

નદીના કાંઠે સંઘે પડાવ નાંખ્યો હતો અને હાથી ગાંડોતૂર થઈને ધસમસતો આવ્યો. લોકો ભાગી ગયા. પરન્તુ ધ્યાનમાં ઊભા રહેલા અરવિન્દ મુનિ સ્થિર રહ્યા. હાથીએ તેમને સૂંઢમાં ઉપાડી ફેંકયા. એમ ઘણા ઉપસર્ગો કર્યા. અન્તે હાથી થાકીને ઊભો રહ્યો ત્યારે મુનિએ બુજઝ ...બુજઝ મરુભૂતિ ! એમ કહ્યું એટલે આ શબ્દો સાંભળી મનમાં પ્રશ્ન થયો. કોણ મરુભૂતિ ? કોણ....એમ ઉહાપોહ કરતાં જાતિસ્મરણ અર્થાત પૂર્વજન્મનું જ્ઞાન થયું. અને પોતાના જ્ઞાનમાં ખબર પડી કે- મરુભૂતિ તો હું પોતે જ છું. અત્યારે ભલે હું હાથી છું પણ ગયા જન્મમાં હું મનુષ્ય હતો ..મરુભૂતિ મારું નામ હતું. અને આ મુનિ મારા મિત્ર હતા. આજે મને ઉપદેશ કરે છે. આ જ્ઞાન થતાં હાથી શાન્ત થયો. પ્રતિજ્ઞા કરી. જીવનભર છઠના પારણે છઠની તપશ્ચર્યા કરીને જીવન સફળ કર્યું.

જાતિસ્મરણ જ્ઞાનના આધારે પુનર્જન્મ સિદ્ધિ

સ્મરણ-સ્મૃતિ એ જ્ઞાનનો પ્રકાર છે. પૂર્વના કાળનાં ઘટનાઓ-પ્રસંગો આદિનું યાદ આવવું તેને સ્મરણ જ્ઞાન કહીએ છીએ. તેને યાદશકિત, સ્મરણશકિત પણ કહેવાય છે. કોની સ્મરણશકિત કેટલી સતેજ હોય છે તેના આધારે તેને યાદ રહે છે. અને વર્ષોની વાત આપણી બુધ્ધિ ઉપર તાજી થઇ જાય છે. કેટલીક વાર અમુક જોતા આપણને ભૂત-

કાળ યાદ આવી જાય છે. નાનાં બચ્ચાને જોતાં આપણને આપણું બચપણ યાદ આવી જાય છે. કોઇનાં લગ્ન જોતાં કોઈને પોતાનાં લગ્ન યાદ આવી જાય છે. એમ ક્વેટલીક વાર બાલ્યાવસ્થામાં જન્મોની યાદ આવી જાય છે. ભૂતકાળમાં મારો જન્મ કયાં હતો ? કયાં થયો હતો ? હું કોણ હતો ? મારું શું શું હતું ? વગેરે ઘણી વાતો, ઘણી વ્યકિતઓ, ઘણા સંબંધો વગેરે પણ યાદ આવી જાય છે. એટલે આ જાતિસ્મરણ જ્ઞાનના આધારે પૂર્વજન્મની તથા આ ભવના પૂર્વજન્મની એમ બન્નેથી સિદ્ધિ થાય છે. વર્તમાન જગતમાં પણ એવા સેંકડો પ્રસંગો બન્યા છે જેને ઘણા વિદ્વાનોએ નોંધ્યા છે, લખ્યા છે, ટાંકયા છે ? પેપરોમાં પ્રસિદ્ધ પણ કર્યા છે.

કેટલાક વિદ્વાનોમાંના એક છે ડૉ. એચ. એમ. બેનર્જી. જેમણે ખૂબ ઊંડાણપૂર્વક રસ લઈને પૂર્વજન્મ તથા પુનર્જન્મના કિસ્સાઓની જાતે તપાસ કરીને નોંધ્યા છે. આ કાર્યમાં તેમણે વર્ષોનો ભોગ આપ્યો છે અને ફળસ્વરૂપે પુસ્તકો પણ લખ્યાં છે. જેમાં સેંકડો કિસ્સાઓનો સંગ્રહ છે. (૧) "Americans Who have been Reincarnatred." (2) "The one and Future LIFE." આ બન્ને પુસ્તકોમાં તેમણે તેમના ૨૫ વર્ષના સંશોધનના નીચોડરૂપે સાર લખ્યો છે. ઘણા પ્રસંગો ચિત્રો સાથે ટાંકયા છે અને "There is LIFE after LIFE" એક જન્મ પછી બીજો જન્મ અર્થાત પુનર્જન્મ છે એ વાત ખૂબ ભારપૂર્વક પ્રસિદ્ધ કરી છે અને પશ્ચાત્ય જગતમાં હાહાકાર મચાવી દીધો છે.

ઘણી વાર કેટલાક પ્રસંગો–બનેલી ઘટનાઓની તપાસ કર્યા પછી વર્તમાનપત્રો (પેપરો)માં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમજ સ્વતંત્ર પુસ્તકો પણ આ વિષયમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમાંના કેટલાક પ્રસંગો આપણે અહીંયાં જોઈએ જેથી પુનર્જન્મ તથા પૂર્વજન્મ વિષે ખ્યાલ આવે.

પુનર્જન્મ–પૂર્વજન્મના કેટલાક કિસ્સાઓ

શેરાટોન હોટલના માલિકની પુત્રી માર્શીયા મુરે જેણે એક ડોકટર સાથે લગ્ન કર્યાં હતાં. તેને કમરનો સખત દુઃખાવો રહેતો હતો. તેને "Reincarnation Therapy" અર્થાત્ પૂર્વભવની વેદના! દુઃખની યાદ અપાવીને તે દુઃખમાંથી મુકત કરી.

ડો. બેનરજીએ નોંધેલી એક વાતમાં એમ લખ્યું છે કે એક અમેરિકન સ્ત્રીને માથાનો સખત દુઃખાવો થતો હતો તેને પણ "પુનર્જન્મ ચિકિત્સા" પધ્ધતિથી ભૂતકાળના જન્મની યાદમાં લઈ ગયા. અને તેને યાદ આવ્યું કે તે ગયા જન્મમાં દારૂ પીરસવાનું કામ કરતી હતી ત્યારે દારૂડિયાઓમાં થયેલા તોફાન અને ગોળીબારમાં એક ગોળી તેના મગજમાં લાગી હતી અને તે ન નીકળી શકી. તેની આ વેદના છે. અને તેને યાદ કરાવીને સમજાવીને ધીમેધીમે વાત ભુલાવી દીધી અને માથાનો દુઃખાવો મટી ગયો.

મુંબઈમાં બોરીવલીમાં રહેતા દીપ કાપડીયા નામના લગભગ ૪ થી ૫ વર્ષની ઉંમરના નાના બાળકને પૂર્વજન્મની વાતો યાદ આવી. હું ઉદયપુરનો છું, મારે દીકરી પણ છે,

વગેરે ઘણી વાતો કરી ત્યારે ડો. બેનર્જી વગેરે દીપને ઉદયપુર લઈ ગયા અને બધી તપાસ કરતાં સાચું પડયું અને દીપે જાતે જ પોતાની દીકરી–પત્ની વગેરેને ઓળખાવ્યાં.

"આ પૂર્વજન્મની પણ એક ભૂગોળ હોય છે. જ્યાં તૃષ્ણા હોય ત્યાં જ નવો જીવ આવે છે." આ શબ્દો કહેતાં કર્મના સિદ્ધાન્તોનો સંબંધ રજુ કરતાં ડો. બેનર્જીએ એક પ્રસંગ લખ્યો. સિમલામાં ૯ વર્ષની એક છોકરીને તેના પિતા લઈને આવ્યા ત્યારે તે એક એવા શહેરનું અદ્‌ભુત વર્ણન કરતી હતી..જ્યાં લાઈટો ખૂબ છે. પથ્થરિયા તળાવ વગેરે છે. ૧૯૬૭ ની સાલથી પિતાને સતત કહેતી હતી. તે છોકરીને લઈને ફરતાં ફરતાં તેણે બોસ્ટ શહેરને બતાવ્યું હતું. પછી તો તેની બધી જ યાદો નજર સામે તરવા માંડી.

મુસ્લિમો પુનર્જન્મમાં નથી માનતા. પરન્તુ તુર્કીના એક મુસ્લિમ કુટુમ્બના ૩ વર્ષના નાના બાળક ઈસ્માઈલની વાતો ઉપરથી ઘણાંને આશ્ચર્ય થયું. કારણ, ઇસ્માઈલ અલ્ટાનકલીશ ૨ વર્ષની ઉંમરથી જ એમ કહેતો હતો કે આ જિન્દગીથી કંટાળી ગયો છું અને પછી ધીમે ધીમે ઘણી હકીકતોએ કહેતો ગયો અને તપાસમાં સાચી પડતાં પૂર્વજન્મ તથા પુનર્જન્મની વાતો આજે ઈસ્લામી જગતમાં મનાતી થઈ ગઈ છે. એવા ઘણા પ્રસંગો બનતા હોવાથી બળભળાટ મચી ગયો છે. એવી જ પરિસ્થિતિ ખ્રિસ્તી ધર્મ માનતા પાશ્ચાત્ય જગતમાં છે. કેટલાક બનતા બનાવોને નજરે જોઈને અમેરિકાની ૫૦ ટકા

પ્રજા પૂર્વજન્મ-પુનર્જન્મના સિદ્ધાન્તોને સત્ય માનતી થઈ ગઈ છે.

૩ વર્ષનો ગિરીશ કહે છે

સીકર ગામમાં શિવનંદન સહાયને ત્યાં જન્મેલો ગિરીશ ૩ વર્ષની ઉંમરે કહે છે, "હું એક ધનવાન મારવાડી કડીલાલજીનો પુત્ર હતો. પાસા પડાવવા ડાકુઓએ મારું હરણ કર્યું હતું. પછી ૫૦ હજારની માંગણી કરી હતી. પરન્તુ મારાં ગરીબ માતા-પિતા આવી મોટી રકમ ન આપી શકયાં એટલે મને મારી નાંખ્યો હતો. એ પછી હું અહીંયાં શિવનંદન સહાયના ઘરમાં જન્મ્યો છું. મારી હત્યાના સમાચારથી ગત જન્મના મારા પિતા મૃત્યુ પામ્યા હતા. આ તપાસ કરતાં હકીકત સાચી કરી હતી. (જનશક્તિ ૨૨-૧૨-૬૩)

૪॥ વર્ષની જ્ઞાનતિલકા કહે છે

સિલોનના કોટમાલેના હડુનાવા ગામના બી.બી. ડી. અપુહમી અને દિંગીરી અમ્મા નામના પિતા-માતાની ૪॥ વર્ષની પુત્રી જ્ઞાનતિલકાએ કહ્યું, "પૂર્વજન્મમાં તે તુરિન તિલેકર્ત્તને નામનો છોકરો હતો. ૯-૧૧-૧૯૫૪ ના રોજ ૧૩ વર્ષની મારી ઉંમરે મૃત્યુ પામ્યો હતો. અને તે પછી ૧૪ માસ બાદ જ્ઞાનતિલકા તરીકે પુનર્જન્મ થયો છે." પછી પોતાના પુર્વના ઘર-સંબંધીઓ વગેરેની ઓળખ આપી જે સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા હતા. સંપુર્ણ તપાસ બાદ ન્યાધાધીશોએ કબૂલ કર્યું કે આ બધી વાત સાચી છે. (કલ્યાણ-૧૭૮)

૪ વર્ષનો ચન્દ્રશેખરનો પુત્ર કહે છે

કાનપુરમાં જાડી મહોલ્લામાં રહેતા પંડિત ચન્દ્રશેખરનો પુત્ર દૈવી તેજવાળો છે–ની વાતો શહેરમાં પ્રસરી હતી. તે સખત ઠંડીમાં પણ ફક્ત લંગોટ બાંધી નીચે ધરતી અને ઉપર આકાશ ઓઢે છે. રહે છે. ગૌર વર્ણવાળો તે ઘણો તેજસ્વી લાગે છે. આહારમાં આઠ દિવસ ફક્ત પાણી અને દૂધ, અને એક દિવસ ફળગ્રહણ કરે છે. આખો દિવસ સમાધિમાં હોય એમ લાગે છે. પૂર્વજન્મ અંગેની તે જેટલી વાતો કરે છે તે તપાસમાં સાચી પડી હતી.

૨॥ વર્ષની વશકોરબાળા શું કહે છે ?

જબલપુરના રહીશ શ્રી દલજીતસિંહની પુત્રી વશકોર નામની ફક્ત ૨॥ વર્ષની થઇ ત્યારે એકાએક તે બોલી ઊઠી, "ઘણા દિવસ મારે ખોરાક વિના કાઢવા પડયા છે." આ સાંભળી માતા-પિતાને આશ્ચર્ય થયું. પછી વશકોરે કહ્યું–પૂર્વ જન્મમાં હું પટણાના સતના જિલ્લામાં રહેતી હતી. મારાં માતા–પિતા શિક્ષિત હતાં અને મને પણ સારી રીતે શિક્ષણ અપા૦યુ હતુ. કોલેજમાં દીનદયાળ નામના યુવાન સાથે પરણી હતી. તે વકીલ થયો. અમારું લગ્ન જીવન સુખી હતું પણ સાસુએ એક દિવસ તળાવના કાંઠે મને ધક્કો મારીને પાણીમાં નાંખી દીધી. મેં પણ મારી સાસુનાં કપડાં મેં બેંચ્યાં એટલે તે પણ સાથે પડી. અમે બન્ને મૃત્યુ પામ્યાં. અને આજે હું તમારા ઘરે જન્મી છું.

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ નીપ્રેરિત નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન મંદિર ટ્રસ્ટ



આયોજિત-ચાતુર્માસિક ૬૬ વિદ્વાચોય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય શિરોર

ૠ સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા ૠ

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક-પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય–"પરલોક સિદ્ધિ", "પુનર્જન્મ" અને "પૂર્વજન્મ"

આસો વદ ૧૧ અને કાર્તિક સુદ ૧૧] વ્યાખ્યાન ૧૪-૧૫ [તા. ૨૧ ઓક. અને ૪-૧૧-૮૪

૧૪મું અને ૧૫મું બન્ને સંયુકત વ્યાખ્યાનો –
દશમા ગણધર શ્રી મેતાર્ય સ્વામી.



શંકા– પરલોક જેવું કંઈ છે કે નહીં

વિષય:- "પરલોક સિદ્ધિ"

પુર્નજન્મ અને પૂર્વજન્મ

ते पव्वइए सोउं मेअज्जो आगच्छई जिणसगासे ।
वच्चामि ण वंदामि वंदित्ता पज्जुवासामि ॥

પ. પૂ. આસન્નોપકારી પરમ પિતા પરમાત્મા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીને નમસ્કારપુર્વક....

અચલભ્રાતા આદિ ભારી પુર્વે નવ વિદ્વાન પંડિતો પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ચર્ચા કરી, શંકાનું સમાધાન કરીને દીક્ષિત થયા. પ્રભુના શાસનમાં ગણધર પદે બિરાજમાન થયા તે સાંભળીને દશમા દ્વિજોત્તમ વિદ્વાન પંડિત પ્રવર શ્રી મેતાર્ય દત્ત કૌણ્ડિન્ય પણ ત્યાં જવા તૈયાર થયા અને પોતાના ૩૦૦ શિષ્યો સાથે રવાના થયા. હું પણ પ્રભુ પાસે જઈશ. પ્રભુને વંદન કરીશ, વંદન કરીને તેમની સેવા કરીશ.

વત્સભુમિ તું ગિયસન્નિવેશ નગરીના વતની કૌણ્ડિન્ય ગોત્રીય શ્રી મેતાર્યદત્ત પંડિત ૩૬ વર્ષની ઉંમરે પોતાના ૩૦૦ શિષ્યો સાથે સમવસરણે આવ્યા.

आमट्ठो य जिणेणं जाइ-जरा-मरणविप्पमुक्केणं ।
नामेणयगोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ॥

જન્મ-જરા-મરણથી મુક્ત થયેલા સર્વજ્ઞ અને સર્વદર્શી જિનેશ્વર ભગવાનશ્રી મહાવીર સ્વામીએ સમવસરણે આવતા જોઇને મેતાર્ય પંડિતને તેના નામ ગોત્રનો ઉલ્લેખ કરીને મીઠા આવકાર સાથે બોલાવતા કહ્યું – હે કૌણ્ડિન્ય ગોત્રવાળા મેતાર્ય પંડિત, આવો ભાઈ આવો.... ખુશીથી આવો....

किं मन्ने परलोओ अत्थि नत्थित्ति संसओ तुज्झ ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥

પ્રભુએ આગળ કહ્યું– હે આયુષ્માન ! તું એમ માને છે કે પરલોક છે કે નહી ? આવો સંશય તારા મનમાં છે. અને આ સંશય થવાનું કારણ એ છે કે તુ વેદના પદોનો અર્થ વ્યવસ્થિત કરતો નથી.

સર્વજ્ઞ પરમાત્માના મુખેથી મધુર આવકાર મળતાની સાથે જ તથા વર્ષોથી મનમાં ઘર કરી ગયેલી શંકાને પણ પ્રભુએ પ્રગટ કરી આપી અને તેનું કારણ પણ જણાવી દીધું તે સાંભળીને આશ્ચર્યચકિત થઇ ગયેલા મેતાર્ય પંડિત સમવસરણના ત્રીજા પ્રકારમાં પ્રભુ પાસે પહોંચ્યા. પ્રદક્ષિણા-વંદના આદિ કરીને પ્રભુ પાસે ચર્ચા કરવા બેઠા....

હે પ્રભુ ! મને વેદના કયા શ્લોકમાંથી કયા કારણે કેવી રીતે શંકા થઈ તે ફરમાવો. મારી ભૂલ બતાવો.

કેવળજ્ઞાની સર્વજ્ઞ પ્રભુ માટે કયાં કંઇ અઘરૂ છે. પ્રભુએ તુરંત વેદનો શ્લોક કહેતા જણાવ્યુ કે–

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय ।
तान्येवाऽनु विनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति ॥

હે મેતાર્ય ! આ વેદવાકયથી તુ અર્થ ખોટો કરતા એમ માને છે કે પરલોક નથી. તુ એવો અર્થ કરે છે કે–વિજ્ઞાનના સમુદાયરૂપ આત્મા પૃથ્વી–પાણી, અગ્નિ, અને વાયુ એવા ચાર ભૂતોના મિશ્રણમાંથી તેમના સંઘાતમાંથી મદિરાશકિતની જેમ ઉત્પન્ન થયેા છે. અને તેના આધારભૂત તે ભૂતોનો નાશ થતા ચૈતન્ય સ્વરૂપી એવા આત્માનો પણ નાશ થઈ જાય છે. અને આત્માનો જ નાશ થઈ ગયા પછી ભવાન્તરમાં જનાર પરલોકગામી રહ્યો કોણ ? માટે પરલોકગામી (જનાર) જ નથી તેથી પરલોક જેવી કોઇ વસ્તુ જ નથી. ભૂતોના નાશ થવાથી તેમાંથી ઉત્પન્ન થયેલો ચૈતન્ય પણ જેમ પાણીમાં પરપોટા ઉત્પન્ન થાય છે અને તે પાછા પાણીમાં જ નાશ પામી જાય પછી રહે શું ? એ જ પ્રમાણે આત્મા પણ પૃથ્વી આદિ ભૂતોના સંઘાતમાંથી મદ્ય શકિતની જેમ ઉત્પન્ન થાય છે. અને તે જ પૃથ્વી આદિ ભૂતોના નષ્ટ થવાથી પાણીના પરપોટાની જેમ તેમાં જ તે ચૈતન્ય પણ નાશ પામી ગયેા. પછી અવશિષ્ટ તેા કંઈ રહેતુ જ નથી. આત્મા જ નથી રહેતેા તેા પછી પરલોકમાં જાય કોણ ? પરલોકમાં જનાર પરલોકગામી જ કોઈ નથી તેા પછી પરલોક વગેરે પણ શેના હોય ? માટે તે એવી માન્યતા દૃઢ કરી લીધી કે પરલોક જેવું કંઈ છે જ નહીં.... અને બીજુ તે એવું પણ વિચાર્યું કે, જો ભૂતોના સંઘાતમાંથી ઉત્પન્ન એવું ચૈતન્ય જો ભૂતોથી

ભિન્ન હોય, તો પણ અરણીથી ભિન્ન એવા વિનાશ ધર્મવાળા અગ્નિની જેમ, ઉત્પન્ન થવાથી વિનાશધર્મવાળા ચૈતન્યનું નિત્યપણું સિદ્ધ નહિં થાય. અને તેથી પણ ભવાન્તર એવા પરલોકનો તો અભાવ જ સિદ્ધ થશે. પરલોક જેવી કોઈ સત્તા સિદ્ધ નહીં થાય. બીજી યુકિત તારી આ વિષયમાં એવી છે કે....

ભિન્ન ભિન્ન સ્થાને દરેક ભુતમાં એક જ આત્મા વિદ્યમાન છે તે એક છતાં પણ જળચન્દ્રવત અનેક જણાય છે. આ પ્રમાણે સર્વગત-નિષ્ક્રિય એવો એક જ આત્મા માનવામાં આવે તો પણ પરલોકની સિદ્ધિ નથી થતી. કેમકે આકાશની જેમ સર્વ પિંડોમાં વ્યાપક વ્યાપેલા હોવાથી તેની અન્યત્ર ગતિ થવાની સંભાળના જ નથી. અસંભવ છે. માટે પણ

બીજી યુકિત વિચારતા હજી તુ એમ પણ કહે છે કે – આ લોક જેમાં આપણે મનુષ્યો આદિ રહીએ છીએ, આ લોક-થી ભિન્ન તે પરલોક આ લોકની અપેક્ષાએ દેવ-નારક આદિ ભવ તે પરલોક કહેવાય છે અને તે પરલોક પણ પ્રત્યક્ષ નથી જાણતો અને પરલોકવાસી દેવ-નારકો પણ પ્રત્યક્ષ પણ નથી દેખાતા. એટલે પણ પરલોક છે એમ કેવી રીતે માનવો ? માટે પરલોક નથી એવી તારી ધારણા અને માન્યતા આવી યુકિતઓના કારણે દૃઢ થઈ ગઈ છે.

દ્વિધાનું કારણ- બીજી બાજુ શ્રુતિઓમાં પરલોક છે, એવો ઉલ્લેખ છે. શ્રુતિઓમાં પરલોકની વાતો સંભળાય છે. **"स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्"** એટલે સ્વર્ગ મેળવવાની

ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. "नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति" અર્થાત જે બ્રાહ્મણ શુદ્રના હાથનું અન્ન ખાય તે નરકમાં જાય, નારકી થાય.

આ પ્રમાણે બીજી બાજુ એ જ વેદો અને શ્રુતિઓમાં સ્વર્ગ-નરકના સમર્થનવાચી વાકયો જોઈને તું દ્વિધામાં પડયો. બન્ને અર્થ નિકળતા ભિન્ન ભિન્ન વેદ વાકયોથી. તને દ્વિધા થઈ અને તેથી શંકા મનમાં જાગી કે સાચું શું હશે ? પરલોક છે કે નહીં ? હશે કે નહીં ? આ પ્રકારની દ્વિધામાં તારૂ મન શંકાથી ઘેરાયેલું છે. હજી તુ કોઇ નિર્ણય નથી કરી શકયો. પરન્તુ પરલોક અને પરલોકવાસી દેવ-નારકને અહીંયા પ્રત્યક્ષ ન જોવાથી તેં એવો વિચાર નકકી કરી લીધો છે કે પરલોક નથી, અને પરલોકગામી પણ કોઇ નથી.

ગોળ-ધાવડી આદિ મદ્યના અંગો કારણોથી મદ્યધર્મ જેમ જુદો નથી, તેમ પૃથ્વી આદિ ભુતોથી ચૈતન્ય ધર્મ (આત્મા) પણ જો ભિન્ન ન હોય તો પણ પરલોક જેવું કંઇ પણ માનવાનું કારણ નથી રહેતું. કારણ કે પૃથ્વી આદિ ભુતોના નાશ સાથે ચૈતન્યનો પણ નાશ થઈ જ જાય છે અને ચૈતન્યના નાશ પછી પરલોક કોનો અને શા માનવો પડે ? દા.ત., કપડાની સાથે સફેદપણું તે તેનો ધર્મ છે અને કપડા ફાટી ગયા તો સફેદપણું કયાંથી ટકશે. અર્થાત બન્ને સાથે ખલાસ થઇ જશે. એ જ પ્રમાણે, ચૈતન્ય જ્યારે ભુતધર્મ છે અને પૃથ્વી આદિ ભુતોમાંથી ઉત્પન્ન થાય છે અને જ્યારે પૃથ્વી આદિ ભુત સમુદાયનો નાશ થઈ જાય છે તો સફેદપણાની જેમ અહીંયા

પણ ચૈતન્યધર્મ નષ્ટ થઇ જશે. માટે પછી પરલોક માનવાની તો વાત જ ક્યાં રહી ? કારણ પરલોકગામી–પરલોકમાં જનાર આત્મા જ ન રહ્યો. તો પરલોક કોનો માનવો ?

બીજુ એ કે ચૈતન્ય ભૂતોના સંઘાતથી ઉત્પન્ન થતુ હોવાથી અનિત્ય છે. જે જે ઉત્પન્ન થાય છે તે અનિત્ય એવા ચૈતન્ય ધર્મ (આત્મા)નો નાશ થઈ ગયા પછી પરલોક કોનો ? અને પરલોક શા માટે ?

અદ્વૈત આત્માને સંસરણ નથી

જો પ્રત્યેક શરીરમાં ભિન્ન ભિન્ન અનેક આત્મા (ચૈતન્ય ધર્મ)ને ન માનો અને માત્ર સકલ ચૈતન્યાશ્રય રૂપ એક જ સર્વવ્યાપી અને નિષ્ક્રિય આત્મા માનો તો જેમ કે કહેવામાં આવ્યુ છે કે....

एक एव हि भूतात्मा भूते भुते व्यवस्थित :।
एकधा बहुधा चैव दृश्यते जलचंन्द्रवत् ॥

અર્થાત પ્રત્યેક ભૂતમાં વ્યવસ્થિત એવો એક જ ભૂતાત્મા છે અને તે એક છતાં એકરૂપે અને બહુરૂપે પાણીમાં ચંદ્રના પ્રતિબિમ્બની જેમ દેખાય છે. (જલચન્દ્રવત). તો પણ પરલોક-ની સિદ્ધિ તો ન જ થાય. કારણ કે સર્વગત અને નિષ્ક્રિય ચૈતન્ય (આત્મા) હોવાથી આકાશ જેમ વ્યાપક છે તેમ એવો આત્મા પણ સર્વ શરીરોમાં વ્યાપ્ત એક જ છે. અને સર્વ-વ્યાપી એવા એક આત્માનું સંસરણ એટલે ગતિ આદિ ક્રિયા તો હોય જ નહીં. તો પરલોક કોનો ? પરલોકમાં ગયો કોણ ?

બીજુ પરલોકગામી એવો આત્મા જ સિદ્ધ નથી થતો તો પછી પરલોક તો કયાંથી સિદ્ધ થાય? આત્મા તો છે નહીં. અને શરીર અહીંયા જ બળીને ભસ્મ થઈ જાય છે પછી પરલોકે જનાર જ કોઇ નથી. માટે પરલોક માનવાની જ આવશ્યકતા નથી. તો પછી પુનર્જન્મ કે પૂર્વજન્માદ્દિનો સવાલ જ કયાંથી ઉભો થાય ? આવી શ્રી મેતાર્ય પંડિતની શંકા છે.

[આ પૂર્વપક્ષ છે. ચાર્વાક–નાસ્તિક દર્શનની જે માન્યતા છે તે આ છે અને આવી છે. નાસ્તિક આત્માને સ્વતંત્ર ચૈતન્ય સ્વરૂપે નથી માનતા. તેને ભુત ચતુષ્ટયના સંઘાતથી જન્ય ભુતોત્પન્ન ભુત ધર્મ માને છે. અને તે પણ નષ્ટ થઈ જાય છે. માટે પરલોકગામીન હોવાથી પરલોક નથી એવી નાસ્તિક–ચાર્વાક દર્શનની માન્યતા છે કે "अस्ति नास्ति मति-र्दृष्टिर्यस्य"– વ્યાકરણના કર્તા શ્રી પાણિનીએ આ સુત્ર લખીને એમ કહ્યું છે કે.... જેની પરલોક આદિમાં દૃષ્ટિ–મતિ જ નથી. અર્થાત જે પરલોકાદ્દિ આત્માદ્દિ પદાર્થો નથી માનતો, નથી સ્વીકારતો તે નાસ્તિક છે. આ પ્રમાણે નાસ્તિક કોને કહેવાય તે ઉપરની વ્યાખ્યા અને શંકાથી ખ્યાલ આવી જશે. પ્રસ્તુત વ્યાખ્યાનમાં પણ પરલોક તથા પરલોકગામી એવા આત્માના અસ્તિત્વ વિષે ચર્ચા થશે. અર્થાત નાસ્તિક પક્ષનું નિરસન થશે.]

[જો કે આ વ્યાખ્યાનમાં પુ. મતાર્યસ્વામી શંકાના સમાધાન માટે પ્રથમ તો "આત્મા" પદાર્થની જ સિદ્ધિ

કરવી પડશે. અનેક પ્રમાણોથી પરલોકગામી-પરલોકમાં જનાર આત્માની જો સિધ્ધિ થાય તો જ પરલોકની સિધ્ધિ થશે. નહીંતર નહીં થાય. આત્મસિધ્ધિ વિષેના બે વ્યાખ્યાનોમાં પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીની આત્મા નથીની વિચારણામાં જે "આત્મસિધ્ધિ"– બીજા અને ત્રીજા વ્યાખ્યાનમાં કરી છે, અને ત્યાર પછી–ત્રીજા ગણધર શ્રી વાયુભુતિ ગૌતમની શંકા શરીર એ જ આત્મા છે, શરીરથી ભિન્ન કોઈ આત્મા નથીની શંકાના સમાધાનરૂપે–પાંચમાં વ્યાખ્યાનમાં કરી ગયા છીએ. એટલે આ વ્યાખ્યાનની પુસ્તિકા વાંચવા પહેલા ૨, ૩ અને ૫ મું આ ત્રણ વ્યાખ્યાન પુસ્તિકાઓ પહેલાં વાંચી લેવી. જેથી આત્માની સિધ્ધિ થઇ જશે તો આગળ પરલોક-પુનર્જન્મ અને પુર્વજન્મની સિધ્ધિ સરલ છે.

પ્રથમ ગણધર શ્રી ઈન્દ્રભુતિ ગૌતમની શંકાના કારણનું જે વેદ વાકય હતું તે જ વેદવાકય ત્રીજા ગણધર શ્રી વાયુભુતિની શંકાનું કારણ બન્યુ. અને તે જ વેદ વાકય આજે દશમા ગણધર મેતાર્યની પણ શંકાનું કારણ બન્યુ. ત્રણે ગણધરોની શંકાની ઉત્પત્તિમાં કારણભુત વેદવાકય એક જ છે. (विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविनश्यति, न प्रत्यसंज्ञाऽस्ति ॥) આ એક જ વેદ વાકયના ભિન્ન ભિન્ન રીતે અર્થ કરવાથી ૧લા, ૩જા ૧૦માં આ ત્રણે ગણધરોને જુદી જુદી શંકા જાગી. ૧લા ગણધરને–"આત્મા છે જ નહીં" એવી શંકા જાગી. ૨જા ગણધરને– "આત્મા શરીરથી ભિન્ન નથી." ,, ,, ,,

૧૦મા ગણધરને– પરલોક તથા પરલોકગામી આત્મા નથી, એવી શંકા જાગી.

આ પ્રમાણે ત્રણે ગણધરોની શંકાનું સ્વરૂપ છે. ત્રણેનો ભેદપણ સ્પષ્ટ ખ્યાલ આવી જતો હશે. બધાની શંકાનો આધાર જે એક જ શ્લોક છે તેનો પણ ખ્યાલ સ્પષ્ટ આવી જતો હશે. ત્રણેની વિચારધારા નાસ્તિકવાદી-વિચારધારા હતી. પછી પ્રભુની સાથે ચર્ચા થઈ અને પરમાત્માએ તે શંકાઓનું સમાધાન કરી આપ્યું. અને આત્માદિ પદાર્થોની સિદ્ધિ કરી આપી તે આત્મા સિધ્ધિની યુક્તિઓ ૨, ૩, ૫ માં આ ત્રણ વ્યાખ્યાનોથી વાંચીને સમજી લેવી....અને પછી આ ૧૪-૧૫ મું વ્યાખ્યાન વાંચવું. જેથી સમજવા માટે સરળતા-સુગમતા રહેશે.)

મેતાર્ય સ્વામીની શંકાનો ઉત્તર

મેતાર્યસ્વામીએ કહ્યું– હે કૃપાસાગર સર્વજ્ઞ ભગવંત ! આપે મારા મનની શંકા અને શંકાની ઉત્પત્તિનું કારણ, દ્વિધા સંશયાદિનું સ્વરૂપ તો યથાર્થ સાવ સાચુ પ્રગટ કર્યું.... પરન્તુ હે પ્રભુ ! તે શંકાનું સમાધાન પણ આપ જ કરો. કારણ, આપના વિના મને સમજાવનાર હવે બીજો કોણ છે ? તો જે શંકા જાણી શકયા– શંકાની ઉત્પત્તિના કારણનું મૂળ આપ જાણી શકયા છો તો હવે તેનો ઉત્તર પણ આપ જ જાણો છો માટે હવે હવે આપ જ મને સમજાવો. મારી શંકાનું નિવારણ કરી મારા ઉપર ઉપકાર કરો.

વેદવાક્યનું સમાધાન

પરમકૃપાળુ પરમાત્માશ્રી મહાવીર પ્રભુએ ફરમાવ્યું, હે મેતાર્ય ! પ્રથમ તો જે વેદપદમાંથી તને શંકા થઇ છે, તેનો અર્થ સાચો સમજી લે. પછી યુક્તિ પ્રયુક્તિથી અન્ય વિચારણા કરીશું. વેદવાક્યનો શો અર્થ છે તે કહું છું.

विज्ञानघन एवैतेभ्यो भुतेभ्यः समुत्थाय ।
तान्येवाऽनु विनश्यती न प्रेत्यसंज्ञाऽस्ति ॥

'विज्ञानघन एव' અર્થાત જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય, તે વિજ્ઞાનના સમુદાયરૂપ જે આત્મા 'एतेभ्यो भुतेभ्यः समुत्थाय' જ્ઞેયપણે એટલે જાણવા યોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વગેરે ભુતો થકી અથવા ઘટ, પટ વગેરે ભુતોના વિકારો થકી, આ પૃથ્વી છે, આ ઘડો છે, આ પટ છે. ઇત્યાદિ પ્રકારે તે તે ભુતોના ઉપયોગ રૂપે ઉત્પન્ન થઇને 'तान्येवाऽनु विनश्यति' તે ઘટ વગેરે ભુતોના જ્ઞેયપણે અભાવ થયા પછી અર્થાત ઘડો ફુટી ગયા પછી આદિ વસ્તુઓના નાશ પછી આત્મા પણ તેઓના ઉપયોગ રૂપે વિનાશ પામે છે. અર્થાત 'घटज्ञान वानहं' હું ઘટાકાર જ્ઞાનવાળો છું. આ પ્રતીતિ ઘડો ફુટી જવાથી ચાલી જાય છે અને પછી જે બીજો પદાર્થ સમક્ષ આવે તેને જોઇને તદાકાર જ્ઞાન થાય છે. અર્થાત જ્ઞાન પણ એક પદાર્થના ઉપયોગ રૂપે નાશ પામે છે. (બદલાય છે) અને બીજા પદાર્થમય ઉપયોગ ઉત્પન્ન થાય છે.

જેમ જેમ પદાર્થ બદલાય તેમ તેમ આત્માનો તદાકારનો ઉપયોગ પણ બદલાય છે. "न प्रेत्यसंज्ञास्ति" થી એમ સમજવાનું છે કે આવી રીતે પુર્વના ઉપયોગ રૂપે આત્મા ન રહેલો હોવાથી તે પુર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી. કારણ, બદલાઇ ગયેલ પદાર્થના આધારે ઉપયોગ પણ બદલાય છે. એટલે પછી પછીનો ઉપયોગ રહે છે. અને પુર્વપુર્વનો ઉપયોગ બદલાઇ જાય છે. નષ્ટ થઈ જાય છે. न प्रेत्यसंज्ञाऽस्ति આ શબ્દોથી આત્મા નથી એવો અર્થ નથી થતો. એવો અર્થ ન કરાય. પરન્તુ પુર્વઉપયોગ નથી રહેતો. એવો અર્થ કરવો જોઈએ. આ વેદ પદોથી ઘટ, પટાદિ ભુતોની અપેક્ષાએ આત્માના ઉપયોગની ઉત્પત્તિ અને વિનાશ (પરિવર્તન) સુયવેલ છે. પરન્તુ તે ભુતોમાંથી ચૈતન્યાત્મા ઉત્પન્ન થાય છે, એમ સમજવાનું નથી. પૃથ્વી-પાણી આદિ ભુતોમાંથી આત્મા ઉત્પન્ન થાય છે એમ સમજવાનું નથી. પરન્તુ પૃથ્વી-પાણી માટી આદિ ભુતોના મિશ્રણમાંથી એક ઘડાનો આકાર ઉત્પન્ન થાય છે. અને આ આકારનો ઘડો જોઈને આત્મા, આ આકારને ઘડો કહેવાય, અત્યારે હું ઘટાકાર જ્ઞાનવાળો છું. અત્યારે મને ઘડાનું જ્ઞાન છે. અને એ જ માટી મનેનો ઘડો ફુટી જાય અને પાછો માટી-માં જ વિલીન થઈ જાય અને સામે જો કોઈ બીજો પદાર્થ આવે તો આત્મા ઘટાકાર ઉપયોગ છોડીને પટાકાર ઉપયોગવાળો બનશે. એક સમયે આત્માને જ્ઞાન-દર્શનનો એક જ ઉપયોગ હોય છે. માટે ઘટાકાર ઉપયોગ બદલી જશે, બદલાઈ જશે.

અને બીજા નવા પટાકાર ઉપયોગવાળો આત્મા થશે. અર્થાત્ હવે પટનું જ્ઞાન થશે. અને ઘટ જ્ઞાનના ઉપયોગવાળો આત્મા બદલાઇ જશે. અને પટ જ્ઞાનાકાર ઉપયોગવાળો બની જશે.

ઉપયોગો પદાર્થ ઉપર આધાર રાખે છે. એટલે પદાર્થ બદલાતા પણ બદલાતો જશે. માટે જેમ પદાર્થમાં ઉત્પત્તિ-વિનાશ જોવામાં આવે છે તેમ ઉપયોગમાં પણ ઉત્પત્તિ-વિનાશ જોવામાં આવે છે. તદાકાર ઉપયોગની ઉત્પત્તિ-વિનાશ તો આત્માની જ્ઞાનપર્યાય થઇ, પરન્તુ આ બન્ને પર્યાયોનો આશ્રય તો મુળભુત દ્રવ્ય આત્મા નિત્ય રહે છે. તે નષ્ટ થતો નથી. તે નિત્ય જ રહે છે.

ઘડો ફૂટી ગયા છતા પણ ઘડાનું જ્ઞાન નષ્ટ નથી થઈ જતું. અને જ્ઞાનવાન તો આત્મા છે. માટે આત્મા નષ્ટ નથી થતો. તે નિત્ય રહે છે. પરન્તુ જ્ઞાનની પર્યાયો પદાર્થના કારણે બદલાયા કરે છે. માટે જ્ઞાન-વિજ્ઞાન એ માત્ર ભુતપદાર્થોમાંથી ઉત્પન્ન નથી થતું. તે આત્માનો ધર્મ છે. ગુણ છે. આત્મા જ્ઞાનમય છે. ચૈતન્ય સ્વરૂપી આત્માનો ચેતના સ્વભાવ છે. ગુણ છે. ચેતના ભુત પદાર્થોમાંથી ઉત્પન્ન નથી થતી. તેથી તે ભુતધર્મ પણ નથી.

ભૂતજન્ય તો ઘટ-ઘટાદિ પદાર્થો જ હોઇ શકે. પૃથ્વીની માટી-પાણી વગેરે ભૂત પદાર્થોની મિશ્રણ કરીને કુંભાર ચાક ઉપર માટીનું પિંડ ફેરવીને ઘડાનો આકાર બનાવે છે અને તેને વાયુ લાગતા તે સુકાય છે. પછી અગ્નિમાં તેને પરિપકવ

બનાવવામાં આવે છે. એમ પૃથ્વી–પાણી, અગ્નિ તથા વાયુ એ ભૂતચતુષ્ટય એટલે ચાર ભૂતોના મિશ્રણથી માત્ર ઘડો બન્યો છે. આત્મા એમ બનતો નથી કે ઉત્પન્ન થતો નથી. પરંતુ હવે તે માટીના પિંડના બનેલા આકારને જોઈને આપણને "આ ઘડો છે" એવા પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે આત્મા તદાકાર બને છે. અર્થાત ઘટાકાર, પટાકાર, બને છે. હું અત્યારે ઘટ જ્ઞાનવાળો છું. **'घटज्ञानवानहं'** આવી પ્રતીતિ થાય છે. આ ઘટજ્ઞાનવાળો એ જ્ઞાનની પર્યાય થઈ :

જગતમાં પદાર્થો અનન્તા છે. અનેન્ત પદાર્થોનો જ્ઞાન એક સાથે તો કેવળજ્ઞાની સર્વજ્ઞને જ થાય છે. પરન્તુ આપણા જેવા અલ્પજ્ઞને તો પદાર્થોનો જ્ઞાન ક્રમશઃ થાય છે. એક પછી બીજા પદાર્થનો જ્ઞાન પછી ત્રીજા, પછી ચોથા એમ ક્રમથી થાય છે. પહેલા ઘડાનું જ્ઞાન થયા પછી બીજો પદાર્થ પટ–વસ્ત્ર વગેરે નજર સમક્ષ આવતા હવે આત્મા પટ જ્ઞાનવાળો થાય છે. ઘટ પદાર્થ ખસી ગયા છતાં પણ તેનો જ્ઞાન તો આત્મામાં મયમ રહે છે. પરન્તુ એટલું જ કે વર્તમાન ક્ષણે એકજ પદાર્થનું જ્ઞાન રહે છે. બીજી ક્ષણે બીજુ જ્ઞાન. અને બીજી ક્ષણે બીજો પદાર્થ આવે તો પછી તે પ્રત્યક્ષ સમક્ષ આવે અથવા અન્ય પ્રમાણો દ્વારા ઉપસ્થિત થાય, અથવા સ્મરણમાં આવે તો પણ આત્મા આવેલા નવા પદાર્થના આકારવાળો જ્ઞાનાકાર થાય છે. એમ પદાર્થો બદલાતા જાય તેમ જ્ઞાનાકાર ઉપયોગ પણ બદલાતુ

જા છે. પરન્તુ ઘડા કુટી જવાથી તે ઘડા જે ભુતોમાંથી બન્યો હતો તે ભુતોમાંજ વિલય પામી જાય છે. પરન્તુ જ્ઞાન વિલય પામવાનો પ્રશ્નજ ઉપસ્થિત નથી થતો. કારણ ઘડો માટીનો હતો. ઉત્પન્ન હતો. માટે વિનાશ ધર્મી વિનાશી હતો. જ્ઞાન આત્માનો ધર્મ છે. તે ઉત્પન્ન નથી. અનુત્પન્ન નિત્ય-શાશ્વત ધર્મ છે. માટે અવિનાશી છે. જ્ઞાનની પર્યાય બદલાવાથી આત્મા-ચેતન નષ્ટ નથી થતો. ઘડો કુટીને ભુતોમાં વિલીન થઇ ગયો તેથી આત્મા-ચૈતન્ય ભુતોમાં વિલીન નથી થતો. તે તો ભુતોથી ભિન્ન દ્રવ્ય છે. ભુતોથી અન્ય દ્રવ્ય નથી માટે ભુતોમાં વિલીન થવાનો કે નષ્ટ થવાનો પ્રશ્ન આત્મા માટે ઉપસ્થિત નથી થતો. માટે પ્રેત્યભાવ રહે છે. ઘડો કુટી જવા છતા જેમ ઘડાનું જ્ઞાન આપણને રહે છે. તેમ મૃત્યુ પછી શરીર બળીને ભુતોમાં વિલીન થઇ જવા છતા પણ આત્મા ચેતન-દ્રવ્ય જે નિત્ય-શાશ્વત-અજર-અમર-અવિનાશી છે તે રહે છે. અને તેજ આત્મા પરલોક પરગતિ આદિમાં ગમન કરે છે. માટે પરલોક ગામી આત્મા છે. અને પરલોકગામી છે તો પરલોક અવશ્ય છે એમ સિધ્ધ થાય છે.

अत्थि ववत्थिम लोए समग्गि होताइं सग्गकामस्स ।
तइयंबइं सव्वं दाणाइफलं च परलोए ॥

હે મેતાર્ય ! જો પરલોક સત્યથા ન હોય, તો સ્વર્ગની ઇચ્છાવાળા માટે અગ્નિહોત્રાદિના યજ્ઞ કરવાનુ અનુષ્ઠાન જે કહ્યું છે જેમકે- "स्वर्गकामो, अग्निहोत्रं जुहुयात्"-સ્વર્ગની

ઇચ્છાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. બીજી બાજુ જે દાન-પુણ્ય વગેરે ઉપાર્જન કરવામાં આવે છે. લોકમાં તે દાન-પુણ્યના ફળ તરીકે સ્વર્ગની પ્રાપ્તિ બતાવવામાં આવે છે તો શું તે બધુ નષ્ટ સમજવું ? જો સ્વર્ગ ન માનવામાં આવે તો દાન-પુણ્ય વગેરે ક્રિયા પરિણામ-ફળના અભાવમાં નિરર્થક-નિષ્પ્રયોજન સિદ્ધ થઈ જશે. અને જો ક્રિયા નિરર્થક નિષ્પ્રયોજન સિદ્ધ થશે તો એવી ક્રિયા આચરશે કોણ ? તો તો જગતમાંથી દાન આપવા આદિની ક્રિયાજ બંધ થઈ જશે. દાનાદિના વિવિધ પ્રકારના ફળસ્વરૂપે પણ સ્વર્ગ માનવું પડશે. અને જો માનીએ તો પરલોકમાં સ્વર્ગ છે એમજ માનવું પડે. કારણ આ ધરતી ઉપર તો સ્વર્ગ દેખાતું નથી. જેવું વર્ણન સ્વર્ગ વિષે આવે છે. મળે છે તેવો કોઈ ક્ષેત્ર ઉર્ધ્વ લોકમાં જ હોવો જોઇએ. એટલે પરલોક તો માનવો જ પડે કારણ સ્વર્ગ આ લોકમાં નથી પરલોકમાં છે. નાસ્તિકમતાવલંબી અહીંયા જ અત્યન્ત સ્ત્રીભોગ, આલિંગનાલિંગનમાં જ સ્વર્ગ સુખમાની લે છે એટલે સ્વર્ગ જેવું પરલોક છે એમ માનવા તૈયાર નથી. પરન્તુ આલિંગનાલિંગનમાં જ જો સુખ હોત કે તેનેજ સ્વર્ગ માન્યું હોત તો બધાને એક સરખો આનન્દ થાત. પરન્તુ એવું સર્વત્ર નથી દેખાતું ઘણાંને સ્ત્રી હોવા છતાં ભોગ નથી ભોગવતા. સુખી છે. માટે અત્યન્ત સુખ માટે સ્વર્ગાદિ માનવા પડે જેથી દાનાદિ પુણ્ય કાર્ય પણ વ્યર્થ ન જાય. પરન્તુ શ્રુતિ-સ્મૃતિ આદિમાં દાનાદિ ક્રિયાનો વિધાન છે તે ફકત પ્રલાપ માત્ર નથી અને તેથી મળતાં

ભય, ભૂખ, તૃષા એ બધી જાતનું દુઃખ હોય છે. અને સાવ અલ્પ સુખ હોય છે. (આ પ્રમાણે આચારાંગ સૂત્રની ટીકામાં છે.)

"कृतं कर्म अवश्यमेव भोक्तव्यम कल्पकोटिशतैरपि" – કર્મસત્તાના આ નિયમ પ્રમાણે પણ વિચાર કરતા સ્પષ્ટ જણાય છે કે કરેલા ગઢ નિકાચિત કર્મો તો અવશ્ય ભોગવવાના જ છે. ભલેને પછી કરોડો વર્ષો વીતી જાય. તો પણ છૂટકો જ નથી.

પાપ અને સમયમર્યાદા

હે અકંપિત ! જો નરક ગતિ ન માનીએ અને માત્ર અહીંયા મનુષ્ય ગતિમાં જ બધા પાપ કર્મોની સજા ઉદયમાં આવે છે એમ માનીએ તો પણ ઘણા દોષો આવશે. મનુષ્યનું આયુષ્ય કેટલું ? વર્તમાનકાળે તો ૮૦, ૯૦, ૧૦૦ સુધી વધુમાં વધુ છે. હવે ફકત ૧૦૦ વર્ષમાં એના કરેલા બધા પાપોની સજા અહીં ભોગવવા બેસે તો આયુષ્ય જ પુરૂ થઈ જાય. અને માનો કે એક જીવે લાખો પાપ કર્યા છે. તો તેને માટે દુઃખની સજા ભોગવવા માટે કેટલા વર્ષો જોઈએ ? એક મનુષ્યે એના ૮૦ વર્ષના જીવનમાં ત્રણસોથી ચારસો વાર નાની મોટી ચોરી કરી છે. એક એક વારની ચોરીમાં ૫ થી ૧૦ વર્ષની જેલ મળે છે. અને આટલી ચોરીમાં તે ૭ વખત તો પકડાયો છે. તેમ દરેક વખતે ઓછા વધારે વર્ષોની સજાના કારણે તે જીવનમાં ૫૮ વર્ષ તો જેલમાં સજા ભોગવી ચૂકયો છે. તો આ ૫૮ વર્ષ તો ફકત ૭ વર્ષની સજાના છે.

હજી એ સિવાયની ચોરીઓ કેટલી બાકી છે ? ૩૦૦

૪૦૦ ચોરીઓમાંથી ફકત ૭ વખતની ચોરીમાં પકડાયો અને ૫૮ વર્ષની જેલ ભોગવી તો જે બીજી બધી ચોરીઓ છે તેનું શું ? ભલે અહીંયાં પોલીસના હાથે નથી પકડાયો. પરન્તુ એની ચોરીના બધા પાપો જે કર્યા છે તે એને તો યાદ જ છે. અને અહીંયાં એટલામાં એનું આયુષ્ય પુરૂ થઇ જાય છે. પછી તો નરકમાં જ જવાનો છે. ત્યાં બાકીની બધી ચોરીઓની સજા ભોગવશે. નરક પણ એક જાતની ભયંકર જેલ જેવી છે. અરે જેલ કરતાં તો હજાર ગણી ખરાબ. અને હંટર મારનાર પોલીસ યથા સજા આપનાર જલ્લાદના જેવા પરમાધામીઓ છે. હવે નરકમાં ફકત ૮૦-૧૦૦ વર્ષનું જ આયુષ્ય મળે તો ન ચાલે. પાપ ભોગવવાના બાકી હોય અને આયુષ્ય પુરૂ થઇ જાય તો શું કામનું ? તો ફરી બીજી વખત આવવું પડે. એટલા માટે નરકગતિમાં આયુષ્યો પણ લાખો-કરોડો વર્ષો ઉપરના હોય છે. કારણ કે આ તો ફકત ચોરીના બદલે એક પ્રકારના પાપની સજા થઇ. અને એક-એક જીવે કેટલી કેટલી જાતના પાપો કર્યા છે ? શું ફકત ચોરી જ કરી છે ? ના. ચોરી સાથે બીજુ પણ બીજાં હશે. હિંસા, ખૂન, લૂંટ, બળાત્કાર, દારૂ સેવન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન વગેરે બધી જાતના પાપો કર્યા હશે. તો તે બધી જાતના પાપો માટેના સજાનું શું ? હજી બીજા કેટલા વર્ષો જોઇશે ?

અહીં કરેલાં પાપો અહીં જ ન ભોગવાય ? (અકંપિતનો પ્રશ્ન)

હે ભગવંત-શું અહીં કરેલા પાપોનું ફળ અહીંયાં જ ન મળે ? જે સારા-કર્મોનું ફળ અર્થાત કરેલા પુણ્ય-કે

પાપનું ફળ અહીંયાં આ જ જનમમાં મળે છે. કારણ કે કેટલાય જીવો ઘણાં દુઃખી છે. અને કેટલાય જીવો ઘણાં સૂખી પણ છે. તો આ સુખ-દુઃખ તો કરેલા પુણ્ય-પાપનું જ ફળ છે ને ? જેમ પરીક્ષા આપીને જીવો પાસ-નાપાસ થાય છે તેમ પુણ્ય-પાપના વિપાકો અહીંયાં જ મળી જતા હોય તો પછી સ્વર્ગ-નરક જેવુ કંઇ માનવાની આવશ્યકતા જ નથી રહેતી? તો આ પક્ષ શું ખોટો છે ?

હે અકંપિત ! ના. એમ પણ નથી બનતું. અત્યન્ત સંક્લિષ્ટ અને તીવ્ર કષાયાદિમાં તેમજ ઘણી ખરાબ કૃષ્ણાદિ લેશ્યાના પરિણામોમાં બાંધેલા કર્મોની સ્થિતિ પણ ઘણી દીર્ઘ બંધાય છે અને એ બંધાયેલી દીર્ઘ સ્થિતિ ૨૦, ૩૦ કે ૭૦ કોડા-કોડી સાગરોપમની હોય તો તેના અ બાધા કાળ પ્રમાણે પણ વિચાર કરીએ તો ૨૦૦૦, ૩૦૦૦, ૭૦૦૦, વર્ષ પ્રમાણ તો અ બાધા કાળ છે. અર્થાત આવી મોટી સ્થિતિમાં બંધાયેલા કર્મ બે-ત્રણ-ચાર હજાર વર્ષ પછી તો ઉદયમાં આવે. અને અહીંયાં તો આયુષ્ય જ ફકત ૮૦, ૯૦, ૧૦૦ વર્ષનું હોય પછી તે પાપની સજા કયાંથી ભોગવાય ? તે માટે તો નરકમાં જ જવુ પડે. કારણ ત્યાં કરોડો વર્ષો ઉપરના (સાગરોપમોના) આયુષ્યો હોય છે. (કર્મબંધસ્થિતિ ના ૮ મા વ્યાખ્યાનમાંથી વિશેષ જાણવું)

બીજુ એ કે હે અકંપિત ! મનુષ્ય-તિર્યંચ ગતિના દુઃખો કેટલા ? બહુ જ મર્યાદિત છે. સિંહને પાંજરામાં પૂર્યો તે બરોબર પણ પાંજરામાં પણ તેને ખાવા તો આપે છે. માણસને જેલમાં ખાવા તો મળે છે. આ તો

ઘણું સારૂ સુખ કહેવાય પરન્તુ નરકમાં તો આટલાય સુખનું નામ પણ નથી. ત્યાં તો ખાવા માટે પણ પોતાના જ શરીરના માંસના ટુકડા કાઢી પોતાના જ મોઢામાં ખવરાવવા માટે નાંખે. આ તો કેટલી ભયંકર સજા ? આવી જ બધી ભયંકર સજા છે. અહીંયાં મનુષ્ય તિર્યંચગતિમાં જે જે દુઃખો છે તે જ દુઃખો નરકમાં હજારગણી વધુ તીવ્ર સ્થિતિમાં ભોગવવાનાં હોય છે.

નરક ગતિ ન માનીએ તો !

કદાચ ઘડીભર એમ માની લો કે નરક જેવી કોઈ વસ્તુ, કોઇ ગતિ છે જ નહીં. તો શું ગુણ-દોષ ? જેમ અહીંયાં એવો વિચાર કરો કે જેલ કે સજા જેવું કંઈજ ન હોય તો પાપનું પ્રમાણ વધે કે ઘટે ? વર્તમાન કાળે આજે જેલ, ફાંસી વગેરે ઘણી જાતની સજા છે છતાં પણ આટલા બળાત્કાર, ખૂન, હિંસા, ચોરી વગેરેના પાપો થાય છે. અને જો સજા કે જેલ કે જો કંઇ જ ન રાખવામાં આવે તો તો પાપોનું પ્રમાણ કેટલું વધી જાય ? પછી તો કોઇ ભય, ડર કે બીક જેવું કંઇ જ ન રહે ? તો પાપોની પ્રવૃત્તિ તો માઝા મૂકી દે. ત્રાસ-ત્રાસ-આતંક છવાઈ જાય. મા-બહેન-બેટીઓની ઇજ્જત જ ન સચવાય. ધોળા દિવસે રસ્તામાં લૂંટાય, જીવન વ્યવહાર એક દિવસ પણ ન ચાલે. એથી પણ નરકગતિ. નરક ભૂમિ ક્ષેત્રાદિ માન્યા વિના તો ચાલે જ નહીં.

નરકગતિ, ભૂમિ, ક્ષેત્ર, વેદના બધું કોણે બનાવ્યું છે ?

મનમાં ઘડીભર એવો પણ પ્રશ્ન ઉભો થાય છે કે તો પછી આ નરકની ગતિ, નરકની ભૂમિઓ, ત્યાંનું ક્ષેત્ર અને


ત્યાં થતી વેદના, ત્યાં મળતી સજા વગેરે આ બધું કોણે બનાવ્યું હશે ? ક્યારે બનાવ્યું હશે ? શા માટે બનાવ્યું હશે ?

ના. એમ નથી. આ પ્રશ્ન પણ અસ્થાને છે. કોઇ ઇશ્વર કે કોઇ એવી સત્તા આ સ્થાનો, કે ગતિ બનાવનાર જ નથી. જો ઇશ્વરને બનાવનાર માનીએ તો ઇશ્વર ઉપરથી આપણી શ્રદ્ધા જ ઉઠી જશે. કારણ, આવી તીવ્ર વેદનાઓ. આવી નરક પૃથ્વીઓ, અને આ બધું એક દયાળુ, પરમદયાળુ ઇશ્વર બનાવી જ ન શકે. અને બનાવે તો ઇશ્વરને દયાળુ ન જ કહેવાય. નિષ્ઠુર– કઠોર· અને ક્રુર હૃદયવાળો ઇશ્વર માનવો પડે અને પછી તો ઇશ્વરને નરકમાં જ રહેવું પડે. કારણ, રોજ નરકમાં કેટલાય આવીને જન્મે છે. કેટલાયને તે તે પાપની સજા આપવાની છે. અને ઘણી નરકભૂમિઓ હોય અને ઘણા નારકી જીવો હોય તો ઇશ્વરને બહુરૂપી થઇને જ રહેવુ પડે અને જો ઇશ્વરને આવા સ્વરૂપમાં માનીએ તો નરકમાં જ પરમાધામીઓ છે તેમને જ ઇશ્વર માનવાનો વખત આવે ?

માટે ના. ઇશ્વરને કર્તા સ્વરૂપમાં માનવાની જરૂરત જ નથી. પછી પ્રશ્ન ક્યાં રહયો ? માટે ચૌદ રાજલોકમાં અનાદિ કાળથી શાશ્વત નરકભૂમિઓ છે. તે ક્ષેત્રો છે. ત્યાંની વેદનાઓ છે, ત્યાં પરમાધામીઓ છે, વગેરે બધુ સ્વયં જાતે ચલે છે. તંત્ર વ્યવસ્થિત ચાલે છે. કોઈ નીયન્તા, સંચાલકની જરૂરત જ નથી. એટલે એ સવાલ જ નથી ઉપસ્થિત થતો. હવે આપણે પ્રસંગોપાત નરક સંબંધી વિશેષ હકીકત જોઇએ. નરક છે. નરક ગતિ સિદ્ધ થાય છે. એ જાણ્યા પછી હવે એ જોઈએ કે નરક કેટલાં છે ? ક્યાં છે ? ત્યાં શું છે ? ત્યાં કેટલી– કેવા પ્રકારની વેદનાઓ

છે ? વગેરે નરક સંબંધી સ્વરૂપ જોઈએ –

નરકગતિ અને નરકભૂમિ ક્યાં છે ? – (ભૌગોલિક વિચાર) ચૌદ રાજ લોક



આ ચૌદ રાજ લોકના નકશાનું ચિત્ર છે. લોકની દૃષ્ટિએ આ ચૌદ રાજ લોકના ત્રણ ભાગ પડે છે.

૧. ઉર્ધ્વલોક–દેવલોક ૨. તિર્છાલોક – મનુષ્યલોક ૩. અધોલોક–પાતાલ. ચૌદ રાજલોકના કેન્દ્રમાં મેરૂ પર્વત છે. તેની ચારે બાજુ જંબુ દ્વીપ–આદિ આસંખ્ય દ્વીપ સમુદ્ર છે.

આ મેરૂ પર્વતની સમતલા ભૂમિથી નીચે ૯૦૦ યોજન સુધી તિર્છાલોક છે. તે પછી નારક લોક, અધોલોક શરૂ થાય છે. ૭ રાજલોકના વિસ્તારમાં ૭ નરક પૃથ્વીઓ છે. એક એક રાજ (રજ્જુ) પ્રમાણ ક્ષેત્રમાં એક એક નરક પૃથ્વી છે. એના નામ માપ પ્રમાણ વગેરે શાસ્ત્રોમાં છે.

"रत्न-शर्करा-वालुका-पङ्क-धूम-तमो-महातमःप्रभा भूमयो"

આ પ્રમાણે એકની નીચે એક, અને એકથી મોટી એક એમ ઉતરતા ક્રમે સાત નરક પૃથ્વીઓ આવેલી છે. અધોલોકનો ક્ષેત્ર ભાગ પણ ઉતરતા ક્રમે ક્રમશઃ વધુ ને વધુ પહોળો થતો જાય છે. પહેલી નરકપૃથ્વીનો ૧ રાજ પહોળો છે. પછી ૨.૧/૨, પછી ૪, પછી ૫, પછી ૬, પછી ૬.૧/૨, અને છેલ્લે સાતમી નરક ૭ રાજલોક પહોળી છે.

પહેલી નરક-રત્નપ્રભા

તિર્છાલોકના અસંખ્ય દ્વીપ–સમુદ્રોના મધ્યમાં રહેલા મેરૂ પર્વતની નીચેની સમતલા ભૂમિની નીચે ૯૦૦ યોજન ગયા પછી અધોલોક શરૂ થાય છે. તેમાં સાત નરક પૃથ્વીઓ છે. તેમાં પહેલી નરક પૃથ્વીનું મૂળ નામ 'ધર્મા' છે. પરન્તુ તે ધર્મા પૃથ્વી ઉપર વજ્ર વૈડુર્ય, લોહિત, મસારગલ્લ, આદિ ૧૬ જાતના રત્નો ઘણાં છે. અને તે રત્નોની પ્રભા વિશેષ

ફાહિયાન અમોઘવર્ષ ફાહિયાન

૧ ફાહિયાન અમોઘવર્ષ ફાહિયાન ૧૦૦૦ ફાહિયાન અમોઘવર્ષ ફાહિયાન ૧૦૦૦ ફાહિયાન અમોઘવર્ષ ફાહિયાન ૧૦૦૦ ફાહિયાન અમોઘવર્ષ ફાહિયાન ૧૦૦૦

સાંચ ગામનો સ્તૂપ

૧. મહાન સ્તૂપ. ૨. ખંડિત સ્તૂપ. ૩. ગોપુર. ૪. ચૈત્ય. ૫. મઠ. ૬. ટેકરી. ૭. ગામ.

હોવાથી આ 'ધર્મા પૃથ્વીને રત્નપ્રભાના નામથી ઓળખાય છે. આ પ્રથમ પૃથ્વી રત્નપ્રભા એક રાજ પહોળી છે. એટલે સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્ય દ્વીપ સમુદ્ર પ્રમાણ તેની નીચે પહોળી છે.

રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧૮૦૦૦૦ યોજન છે. તેમાં ઉપરના એક હજાર અને નીચેના એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧૭૮૦૦૦ યોજનામાં નારકી જીવો રહે છે. આ ૧૭૮૦૦૦ યોજન વિસ્તારમાં ૧ પ્રસ્તર આવેલા છે. આ નરક વાસના ૧૩ રસ્તા છે. સમશ્રેણિમાં રહેલા હોવાથી એકેક રસ્તો એ એક પ્રસ્તર કહેવાય છે.

આ બધા પ્રસ્તરો ૩ હજાર યોજન ઉંચા છે. અને એકબીજાનાં વચ્ચે અંતર ૧૧૫૮૩ પૂર્ણાંક એક તૃતીયાંશ યોજનનો છે. એક એક પ્રસ્તરે એક એક નરકેન્દ્ર છે એમનાથી દરેક પ્રસ્તરે નરકાવાસ નીકળે છે. પહેલી નરકમાં ૩૦ લાખ નરકાવાસો છે. આ નરકમાં દિશા—વિદિશાઓમાં નરકાવાસો છે. દરેકમાં ભિન્ન ભિન્ન સંખ્યામાં નરકવાંસો છે. આ નરકાવાસો અન્દરથી ગોળ અને બહારથી ચતુષ્કોણ છે. આ નરકાવાસો લાંબા પહોળા કેટલાક સંખ્યાત યોજન છે, કેટલાક અસંખ્યાત યોજન છે. સાતે નરક પૃથ્વીઓમાં આ આવાસો એવા જ છે. ઘર્મા-વંશા-પ્રભાદિ ભિન્ન ભિન્ન તેમના નામો છે. આ સર્વ નરકાવાસોનો દેખાવ ભયંકર છે. ભૂમિ બરછી જેવી હોય છે. તેને જોતાં જ ભય જાગે.

શર્કરાપ્રભા-બીજી નરક

બીજી નરક પૃથ્વી વંશાના નામવાળી છે. પરંતુ તેમાં શર્કરા એટલે કાંકરા ખૂબ છે. તેની પ્રભાથી યુકત હોવાથી શર્કરા પ્રભા કહેવામાં આવે છે. આ બીજી નરક પૃથ્વી ૨.૧/૨ રાજ પહોળી છે. એમાં કુલ ૧૧ પ્રસ્તરો છે. તેમાં ૨૫ લાખ નરકાવાસો છે. શર્કરાપ્રભા એને ગોત્રનામ પણ કહે છે. આ પૃથ્વીની જાડાઇ ૧૩૨૦૦૦ યોજન છે.

ત્રીજી નરક વાલુકાપ્રભા

ત્રીજી નરક પૃથ્વીનું નામ શૈલા છે. પરંતુ આ પૃથ્વીમાં વાલુકા એટલે રેતીની જ બહુલતા હોવાથી તેને 'વાલુકાપ્રભા' નામથી ઓળખાય છે. આ જ તેમનું ગોત્ર નામ ગણાય છે. આ નરક પૃથ્વી ૪ રાજ પહોળી છે. તેમાં ૯ પ્રસ્તરો છે. અને નારકી જીવોને ઊપજવાના ૧૫ લાખ નરકાવાસો છે. દરેક પ્રસ્તરે એક એક નરકેન્દ્ર છે. આ શૈલા પૃથ્વીની જાડાઇ ૧૨૮૦૦૦ યોજન પ્રમાણ છે. તેમાંના ઉપર નીચેના એક એક હજાર યોજન છોડીને વચ્ચે ૧૨૬૦૦૦ યોજનમાં ૧૫ લાખ નરકાવાસો છે.

ચોથી નરક પંકપ્રભા

આ નરક પૃથ્વીનું મૂળ નામ અંજના છે. પરંતુ આ પૃથ્વી ઉપર સર્વત્ર પંક એટલે કાદવ છે. તેની જ પ્રધાનતા હોવાથી પંકપ્રભા નામથી પ્રસિદ્ધ છે. આ ચોથી નરક લગભગ ૫ રાજ પહોળી છે. અને તેની જાડાઇ ૧૨૦૦૦૦ યોજન પ્રમાણ છે. એમાં પણ ઉપર નીચે એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧૧૮૦૦૦ યોજન જેટલા વિસ્તારમાં નારકી

જીવોને રહેવાના કુલ ૭ પ્રસ્તરો છે. તેમાં ૧૦ લાખ નરકાવાસો છે.

ધૂમપ્રભા – પાંચમી નરક

આ પાંચમી નરકપૃથ્વીનું નામ રિષ્ટા છે. પરન્તુ સંપૂર્ણ પૃથ્વી તલ ઉપર ધૂમાડાની જ પ્રધાનતા હોવાથી ધૂમપ્રભા નારક પૃથ્વીના નામથી પ્રસિદ્ધ છે. આ રિષ્ટા પૃથ્વી ૬ રાજ પહોળી છે. આ નરકપૃથ્વીની જાડાઈ ૧૧૮૦૦૦ યોજન પ્રમાણ છે. આમાં પણ ઉપર નીચેના એક એક હજાર યોજન છોડીને કુળ ૧૧૬૦૦૦ યોજન વિસ્તારમાં નારકીજીવો માટે કુલ પાંચ પ્રસ્તર છે. આ પાંચ પ્રસ્તરોમાં નારકીજીવો માટે ઉત્પન્ન થવાના કુલ ૩ લાખ નરકાવાસો છે.

તમ પ્રભા છઠ્ઠી નરક

મઘા નામની આ છઠ્ઠી નરક પૃથ્વીમાં તમસ એટલે એકલુ અંધારું જ છે. અને તેના કારણે આ નરક પૃથ્વીને તમઃપ્રભા નામથી ઓળખાય છે. આ છઠ્ઠી નરક પૃથ્વી સાડા છ રાજ પહોળી છે. અને તેમાં પણ ત્રણ વલય છે. તમઃપ્રભા પૃથ્વી ૧૧૬૦૦૦ યોજન પ્રમાણ જાડાઇ છે. તેમાં પણ પહેલાની જેમ જ ઉપર નીચે એક એક હજાર યોજન વિસ્તાર છોડીને વચ્ચેનો ૧૧૪૦૦૦ યોજન વિસ્તાર જ નારકી જીવો માટે છે. તેમાં ત્રણ પ્રતર છે. આ ત્રણ પ્રતરોમાં થઇને કુલ ૯૯૯૯૫ નરકાવાસો છે.

(૭) તમસ્તમઃપ્રભા (મહાતમઃપ્રભા) ૭મી નરક

આમ તો આ સાતમી અને છેલ્લી નરક પૃથ્વીનું મૂળ નામ માઘવતી છે. પરન્તુ આ સાતમી નરકમાં ઘોર અંધારૂં

છે જ્યાં પોતે પણ પોતાની આંગળીએ ન જોઇ શકે તેવો અતિશય ઘોર અંધકાર છે. એટલે તમસ્તમઃપ્રભા અથવા મહાતમઃપ્રભા એ પ્રમાણે પણ નામ પ્રસિદ્ધ છે. આ નરક ૭ રાજ પહોળી છે. અને તેની જાડાઇ ૧૦૮૦૦૦ યોજન પ્રમાણ છે. એમાં પણ ઉપર–નીચે સાડીબાવન–સાડીબાવન હજાર યોજનનો વિસ્તાર છોડીને વચ્ચે ૧૦૩૦૦૦ યોજન ક્ષેત્રમાં જ નારકી જીવો ઉત્પન્ન થાય છે. તેમાં ૧ પ્રતર છે. આ 'અપ્રતિષ્ઠાન' નામનો એક પ્રસ્તર ૩ હજાર યોજન ઉંચો છે. એક લાખ યોજનના વિસ્તારવાળો છે. એમાં ૫ નરકવાસ છે. વચ્ચેનો અપ્રતિષ્ઠાન પછી ચાર દિશામાં કાળ, મહાકાળ, રોરૂ અને મહા-રોરૂ આવા ૫ નરકાવાસો નારકી જીવોને ઉત્પન્ન થવા માટે છે.

આ મુખ્ય સાત નરક પૃથ્વીઓ થઇ. તેમાં અવાન્તર નરકો પણ છે, જેને પ્રકીર્ણક નરક કહે છે. (પટલ) પ્રકીર્ણક નરક રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ધાતન, શોચન. તાપન, ક્રન્દન, વિલપન, છેદન, ભેદન ખટાખટ, કાલવિન્જર આદિ છે.

નરકાવાસો— સાતે નરકોમાં મુખ્યરૂપે નરકાવાસો ત્રણ પ્રકારના હોય છે. (૧) ઇન્દ્રક, (૨) પંક્તિગત, (૩) પુષ્પાવ કીર્ણ બરોબર મધ્યમાં વચ્ચોવચ્ચ આવેલા નરકાવાસને ઇન્દ્રિક નરકાવાસ કહેવામાં આવે છે. દિશા તથા વિદિશામાં આવેલા પંક્તિબદ્ધ નરકાવાસોને "પંક્તિગત" કહેવામાં આવે છે. અને ત્રીજા પ્રકારના નરકવાસો પુષ્પ (ફૂલ)ની જેમ છૂટા છવાયા હોવાથી તેમનું નામ પુષ્પાવકીર્ણ નરકાવાસ કહેવાય છે. આકારની દૃષ્ટિએ ઇન્દ્રક નરકાવાસ ગોળ હોય છે. પંક્તિગત નરકાવાસ ત્રિખૂણીયા અને ચોખુણીયા જેવા હોય છે. અને

પ્રાકૃતિક પ્રદેશો

ક્ષેત્રફળ

૧ ગુજરાત ૧૭૦૦૦૦ ચો.કિ.મી.

૨ મધ્ય ગુજરાત ૧૨૭૦૦૦ ,,

૩ દક્ષિણ ગુજરાત ૧૨૬૦૦૦ ,,

૪ સૌરાષ્ટ્ર ૧૧૭૦૦૦ ,,

૫ કચ્છ ૧૧૬૦૦૦ ,,

૬ ઉત્તર ગુજરાત ૧૦૭૦૦૦ ,,

૭ પૂર્વ પહાડી પ્રદેશ ૧૦૭૦૦૦ ,,

ગુજરાતના પ્રાકૃતિક પ્રદેશો

અને પુણ્યાવકીર્ણ નરકાવાસો તો જુદા જુદા અશુભ આકારના હોય છે.

આ ત્રણે નરકાવાસોની ઉંચાઈ એકસરખી એટલે ત્રણ હજાર યોજન પ્રમાણ હોય છે. પરંતું લંબાઇ-પહોળાઈ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. કોઇ કોઈ સંખ્યાત હજાર યોજન અને કેટલાક અસંખ્યાત હજાર યોજન પણ લાંબા-પહોળા હોય છે. પહેલી નરકમાં આવેલ સીમંતક નામનો ઇન્દ્રક નરકાવાસ ૪૫ લાખ યોજન અને સાતમી નરકમાં આવેલ અપ્રતિષ્ઠાન નરકાવાસ ૧ લાખ યોજન લાંબો પહોળો હોય છે. સાતે નરકમાં તેમની સંખ્યા ભિન્ન ભિન્ન છે.

નરક પૃથ્વીઓ કોના આધારે ટકી છે ?

घनाम्बु-वात्ता-ऽऽकाशप्रतिष्ठाः सप्ताऽधोऽधः पृथुतराः चतुर्भिश्च किलाधारैर्भूनिरेषा प्रतिष्ठिता घनोदधि घनवात-तनुवात-मरुत्पथैः ॥

અહીંયાં ઉપરના ચિત્રમાં જોતાં ખ્યાલ આવશે કે ચૌદ રાજલોકમાં નીચે અધોલોકમાં જે નરકપૃથ્વીઓ છે. તેમાં દરેક પૃથ્વીનાં (કાલા પટ્ટાની નીચે)।।।।।।। આ પ્રકારની ખાલી જગ્યા દેખાય છે. અને પછી તેની નીચે બે નરક પૃથ્વીઓની વચ્ચે ઘણું અંતર છે. આ અંતર તે આકાશનું છે. આપણને પ્રશ્ન

(આકૃતિ માટે જુઓ પાના નં. ૨૧)

એ થશે કે આટલી જાડાઈ-ઉંચાઈ-પહોળાઇ ધરાવતી આ નરક પૃથ્વીઓ કોના આધારે ટકી હશે ? કોના આધારે રહેલી હશે ?

આ માટે જૈનોએ કોઇ યાન કે રોકેટ કે કંઇ જ ન મોકલતા આ એક સંપૂર્ણ સત્યને વર્ષોથી પ્રકાશિત કર્યું છે.

અનન્તજ્ઞાની તીર્થંકર ભગવંતોએ પોતાના કેવળજ્ઞાનથી જે સ્પષ્ટ જોઇને જણાવ્યું છે તે જ આગમ શાસ્ત્રોમાં કંડારાયેલું છે અને આજે તે જ પ્રમાણે રજુ કરાય છે. તેના પુરાવા એ પ્રમાણે છે કે બે નારક પૃથ્વીઓ વચ્ચે અંતર કેટલું છે ? નરકપૃથ્વીઓ કોના આધારે ટકી છે? તેમજ તેમનું પ્રમાણ વગેરે કેટલું તે જણાવે છે.

રત્નપ્રભાદિ નરક પૃથ્વીએ ઘનોદધિ ઘનવ.ત તનુવાત અને આકાશ એ ચાર વસ્તુઓના આધારે રહેલી છે.

त्रिभिश्च वलयैरेषा परितः परिवेष्टिता ।
घनोदधि-घनवात-तनुवातात्मकैः क्रमात् ॥

ગોલ વલયાકારે રહેલી આ પૃથ્વીઓની નીચે ક્રમશઃ ઘનોદધિ, ઘનવાત, તનુવાત ના વલયો છે.

तत्र प्रतिष्ठिता भूमिराधारेण घनोदधेः ।
महाकटाहविन्यस्तस्त्यानाब्यघनपिंडवत् ॥

એને ઉપમા આપતાં કહે છે કે જેમ મોટા કડાયામાં રહેલા થીજી ગયેલા ઘીનો ઘટ્ટ પિંડ હોય એવો ઘનોદધિ છે. એને આધારે એ રત્નપ્રભા વગેરે નરક પૃથ્વીઓ રહેલી છે.

योजनानां सहस्राणि विंशतेः परिकीर्तितम् ।
घनोदधेर्मध्यभागे बाहल्यं क्रमतस्ततः ॥
प्रदेशहान्यासं हीयमानेऽत्यन्ततनूभवन् ।
पृथ्वीं वलयाकारेण स्वयमावृत्य तिष्ठतिः ।
वलयस्यास्य विष्कम्भः प्रज्ञाप्तो योजनानि षट् ।
उत्तत्वं तु वसुमतीबाहल्य स्यानुसारतः ॥

असौ घनोदधिरपि घनवाते प्रतिष्ठित : ।
असंख्यानि योजनानि क्वचिये तस्यापि पुष्टता ॥
प्रदेशहान्यां तनुता भजमानो घनोदधे : ।
आवृत्य वलयं तस्थौ वलयाकृतिनात्मना ॥
अस्यापि वलयस्यैवं मानमा त्रैरूदीरितम् ।
चतुश्टयी योजनाना साधैकत्वं तु पूर्ववत ॥

—લોક પ્રકાશમાં ફરમાવે છે કે – ઘનોદધિ વચ્ચેના ભાગમાં ૨૦૦૦૦ યોજન જાડો છે. અને પછી આગળ ક્રમે-ક્રમે પ્રદેશના ઘટવાથી એ ઘનોદધિ પાતળો થતો જાય છે. છેવટે અત્યન્ત સૂક્ષ્મ થઈને, વલયાકારે વીંટીને રહેલો છે. છેવટે આ વલયની પહોળાઇ છ યોજનની છે. અને એની ઉંચાઈ પૃથ્વીની જાડાઈ પ્રમાણે ૧૮૦૦૦૦ યોજન છે.

આ ઘનોદધિ પણ ઘનવાયુ = એટલે થી જેલા વાયુ ઉપર રહેલો છે. આ ઘનવાયુ મધ્યભાગમાં અસંખ્ય યોજન ની જાડાઈમાં છે. પરન્તુ પછી પ્રદેશના ઘટવાથી સુક્ષ્મ થતો થતો ઘનોદધિના વલયને વલયાકારે વીંટીને રહેલો છે. અને આ વલયનું પ્રમાણ છેલ્લે સાડાચાર યોજન કહ્યું છે, ઉંચાઇ તો તો પહેલા કહી તે પ્રમાણે જ છે.

घनवातोऽपि सतत तनुवाते प्रतिष्ठित : ।
अस्यापि मध्ये बाहल्यमसंख्यध्नं घनानिलात् ॥

ततस्तनु भवन्नेष घनवातस्य सर्वत : ।
आवृत्य वलयं तस्थौ वलयाकृतिनात्मना ॥

तनुवातस्य वलये विषकम्भ परिकीर्तित : ।
एक योजनमध्यर्द्ध मुच्चयव पुनरुक्ततू ॥

હવે તેની નીચે ત્રીજું વલય તનુવાતનું છે. તનુવાત ઘનવાતની નીચે સતત રહેલો છે. એ તનુવાતની મધ્યમાં ઘનવાતથી અસંખ્યગણી જાડાઈ છે. પછી પ્રદેશો ઘટતા જવાથી હીન થતો જતો ઘનવાતરૂપ વલયને વલયાકારે વીંટીને રહેલો છે. તનુવાતની પહોળાઈ પ્રાંત દોઢ યોજન છે. અને ઉંચાઇ પહેલાં જેટલી જ છે. એ તનુવાત આકાશને આધારે રહેલો છે. અને આકાશ અસંખ્ય યોજન પ્રમાણ છે.

જેવી રીતે આ પહેલી નરક પૃથ્વી રત્નપ્રભાને ફરતા ઘનોદધિ વગેરે ત્રણ વલયો રહેલા છે. તેવી જ રીતે બીજી, ત્રીજી, ચોથી યાવત સાતમી પૃથ્વીની નીચે પણ આ જ પ્રમાણે આ વલયો રહેલા છે. સાતે નરક પૃથ્વીઓને ટકવા માટે આ પ્રમાણે આ ઘનોદધિ આદિનાં ત્રણ વલયો છે.

ખરેખર જો જોઇએ તો જાણે કલશની ચારે બાજુ સાપ વીંટાઇને રહ્યા હોય, એવા શોભે છે. અને પૂર્ણ ગોળાકારમાં ચારે તરફ પરિધિના કારણે પૂર્ણચન્દ્રમા જેવા શોભે છે. અર્થાત પૂર્ણ ગોળ આકારે છે.

ઉપરથી રત્નપ્રભા પૃથ્વીથી ક્રમશઃ નીચે જતાં જોઇએ તો પ્રથમ રત્નપ્રભા પૃથ્વી તેની નીચે ઘનોદધિ છે. પછી ઘનવાત છે, પછી તનુવાત છે, અને અંતે આકાશ છે. તેના પછી ઘણાં અંતરે બીજી પૃથ્વી આવશે. આ બધા ઘનોદધિ વગેરે અંગડીના આકારે (વલયાકારે) રહેલા છે. આ પ્રમાણે પૃથ્વી આદિના આધારનું આ એક વિશિષ્ટ વિજ્ઞાન સર્વજ્ઞ ભગવંતોએ જ રજુ કર્યું છે. આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીના છેલ્લા ભાગથી ફરતા ત્રણ પ્રકારના વલયોના ૬+૪॥+૧॥–એમ કુલ ૧૨ યોજન થાય

છે. એ બાર યોજન પછી અલોક આવે છે.

નારકી જીવો

"तासु नरका"


રત્નાપ્રભા આદિ સાતે નરક પૃથ્વીઓમાં નારકીજીવોને રહેવા માટે નરકવાસો હોય છે. પહેલા કહી ગયા પ્રમાણે દરેક નરકોમાં પ્રતરો ભિન્ન ભિન્ન સંખ્યામાં હોય છે. અને તેમાં નરકાવાસો સાતે નરકના કુલ મળી ૮૪ લાખ છે. અને તેમાં રહેનારા નારકી જીવો છે.

નરકગતિ




ચતુર્ગતિ સ્વરૂપ આ સંસાર ચક્રમાં ચાર ગતિમાં એક નરકગતિ પણ સ્વતંત્ર ગતિ છે. આ નરકગતિ નામકર્મ બાંધેલા જીવો નરકગતિમાં જઈને જન્મે છે. સાત નરકના કારણે તેમાં રહેનારા નારકી જીવો પણ સાત પ્રકારના ગણવામાં આવે છે. અને તેમના પણ પર્યાપ્તા-અપર્યાપ્તા એમ સાત પર્યાપ્તા તથા સાત અપર્યાપ્તા એમ ચૌદ પ્રકાર થાય છે. ચારગતિના જીવોની સંખ્યામાં નરકગતિના ૧૪ પ્રકાર જીવોના ગણવામાં આવે છે. તથા પ્રકારના ભારે પાપ કર્મો ઉપાર્જન કરીને જીવો નરકગતિનામકર્મ બાંધે છે. અને પછી નારક આયુષ્યાદિ બાંધીને નરક ગતિમાં જઈને જન્મે છે. એકવાર નરકગતિમાં ઉત્પન્ન થયા પછી ત્યાંથી મરીને જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ આવી શકે છે.


૧. ચાર ગતિ




૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન




૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન



૪. દેવનું બે ગતિમાં ગમન



૫. નરકનું બે ગતિમાં ગમન.



એવો શાશ્વત નિયમ છે કે નારકી જીવ નરકમાંથી મરીને તુરંત પાછો બીજા જ ભવે નારકી નથી થતો. હા, એક ભવ અહીંયા મનુષ્ય–તિર્યંચમાં આવીને કરીને પછી પાછો નરકમાં જઇ શકે છે. જેમ ભગવાન મહાવીરનો આત્મા ૧૯મા ભવે સાતમી નરકમાં ગયો. અને પછી ત્યાંથી નીકળીને તિર્યંચ ગતિમાં ૨૦મો ભવ સિંહનો કર્યો, અને પછી ૨૧મો ભવ ચોથી નરકમાં કર્યો. પરંતુ તુરંત બીજી વાર તો નરકમાં જન્મ નથી થતો. અર્થાત નારકી મરીને નારકી નથી થતો. એ જ પ્રમાણે નારકી જીવ મરીને દેવલોકમાં પણ નથી જતો. દેવ પણ નથી થતો. કારણ નરકગતિમાં એવો કોઈ ધર્મ નથી કે જેની આરાધના કરીને પુણ્ય ઉપાર્જન

કરીને જીવ નરકમાંથી સીધો દેવ થઇ શકે.

માટે નરક ગતિના જીવો મરીને ફક્ત મનુષ્ય અને તિર્યંચની બે જ ગતિમાં જઇને જન્મે. અને તે જ પ્રમાણે નરકમાં આવનારા જીવો પણ ફક્ત મનુષ્ય અને તિર્યંચ ગતિ આ બેમાંથી જ આવનારા છે.

કોણ કઇ નરક સુધી જઇ શકે છે ?

અસંજ્ઞી અર્થાત મન વિનાના પણ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ જીવો પહેલી નરકમાંજ ઉત્પન્ન થઈ શકે છે. ગર્ભજ ભૂજપરિસર્પ અર્થાત હાથે ચાલનારા પશુઓમાં ખાસકરીને વાંદરા, કાકીડા, ગરોળી, ઉંદર, ચંદનઘો, સાંઢા, બીસકોલી, વગેરેના જીવો મરીને વધુમાં વધુ બીજી નરક સૂધી જ જઇ શકે છે. પક્ષીઓ વધુમાં વધુ ત્રીજી નરક સૂધી ઉત્પન્ન થઇ શકે છે. અને સિંહાદિ હિંસક પશુઓ ચોથી નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે છે. સાપ વગેરે જે તેથી પણ વધુ હિંસક છે તે જીવો પાંચમી નરક સૂધીમાં ઉત્પન્ન થઇ શકે છે, અને સ્ત્રીઓ છઠ્ઠી નરક સૂધીમાં ઉત્પન્ન શકે છે, અને મનુષ્યો (પુરૂષો) અને માછલા, મગર વગેરે જલચર પ્રાણીઓ આદિ સાતમી નરક સૂધીમાં ઉત્પન્ન થઈ શકે છે.

આ તો આ બધા વધુમાં વધુ નરક ગતિમાં કયાં સૂધી જઇ શકે છે તે બતાવ્યું છે. એનો અર્થ એવો નથી કે એ જીવો એમાં જ જાય. ના. મનુષ્યો પહેલી– બીજી એમ સાતેમાં જાય છે. અને અત્યારે છે પણ ખરા. પરન્તુ સ્ત્રીઓ જાય તો વધુમાં વધુ છઠ્ઠી સૂધી જ. પરન્તુ સાતમીમાં ન

જઈ શકે. ૧થી૬ સુધીમાં ગમે ત્યાં જાય. આ પ્રમાણે દરેક જીવોનું આ ઉત્કૃષ્ટ નરક ગમન કહ્યું છે.

કયા સંઘયણવાળો જીવ કઈ નરક સુધી જાય ?

સેવાર્ત નામના છઠ્ઠા સંઘયણવાળા જીવો બીજી નરક સુધીમાં જન્મી શકે છે. અને કીલિકા સંઘયણવાળો જીવ ત્રીજી નરક સુધીમાં જન્મી શકે છે. અર્ધ નારાચ સંઘયણુ-વાળા જીવો ચોથી નરક સુધી જઈ શકે છે. અને નારાચ સંઘયણવાળા જીવો પાંચમી નરક સૂધીમાં જઇને જન્મી શકે છે. ઋષભનારાચ સંઘયણવાળા જીવો છઠી નરક સુધીમાં જઈ શકે છે. અને વજ્ર–ઋષભનારાચ નામના પહેલા સંઘયણવાલા જીવો સાતમી નરક સૂધીમાં પણ જઇ શકે છે. વજ્રઋષભના-રાચ આ તો પુણ્ય પ્રકૃતિના ઘરનો ઉચ્ચ સંઘયણ છે. મોક્ષે જવા માટે પણ આ સંઘયણ અનિવાર્ય છે. આ સંઘયણ તીર્થંકર, ચક્રવર્તી, આદિ ૬૩ શલાકા જીવોને મળે છે. તદ્-ભવ મોક્ષગામી જીવોને મળે છે–પરંતુ આ સંઘયણનો દુરૂ-પયોગ કરીને સત્તાના મદમાં શકિતનો દુરૂપયોગ કરીને ચક્રવ-ર્તીઓ પણ સાતમી નરક સુધીમાં જાય છે. સુભૂમ ચક્રવર્તી, બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકમાં ગયા છે. ત્રિપૃષ્ટ વાસુદેવના ૧૮માં ભવમાં ભારે પાપકર્મ બાંધીને શ્રી મહાવીર ભગવાનનો જીવ ૧૯માં ભવે સાતમી નરકમાં ગયો.

આપણે આજે છેલ્લા–છઠા સેવાર્ત સંઘયણવાળા જીવો છીએ. એટલે આજે આપણે વધુમાં વધુ બીજી નરક સુધી જ જઇ શકવાના અધિકારી છીએ. અત્યારે વર્તમાન કાળે બીજીથી

આગળ નહીં ! સંઘયણ તો શરીરના બાંધા–હાડકાની મજબૂતી અને શરીરના બંધારણ–મજબૂતીને કહેવામાં આવે છે. આ મજબૂતી સારા માર્ગે પણ વપરાય અને બરાબ માર્ગે પણ વાપરી શકે છે.

सराग : स्वजनद्वेषी, दुर्भाषो मूर्खसंगकृत ।
शारित स्वस्यगता- ऽऽयातं नरो नरकवर्त्मनि ॥

કલ્પસુત્રની ટીકામાં જણાવ્યુ છે કે તીવ્ર રાગવાળો, સગા-સ્વજના–સંબંધી ઉપર દ્વેષ- વૈમનસ્ય ધારણ કરવા વાળો, અત્યન્ત બરાબ, ગંદી અને હલ્કી ભાષા બોલનાર તથા સાવ મૂર્ખ માણસોની સોબત કરનારો મનુષ્ય નરકગતિમાંથી આવ્યો છે અને પાછો નરકગતિમાં જવાનો છે એમ પોતાને સૂચવે છે. એટલે અમુક ચિન્હો ઉપરથી આપણે એવુ પણ અનુમાન કરી શકીએ છીએ કે આ જીવ નરકગતિમાંથી અહીંયા આવ્યો છે અને ફરીને પાછો નરકગતિમાં જવાની શકયતા લાગે છે. દા. ત. અત્યંત ક્રુર હિંસક વૃતિવાળા મનુષ્યો, સાપ સિંહાદિ ગીધ વગેરે પક્ષીઓ, તેમજ દરિયાના જલચર માછલા–મગર વગેરે જીવો જે સતત મહાઘોર હિંસામાં રાચનારા છે તે નરક ગતિમાંથી આવ્યા છે અને પાછા નરક ગતિમાં જવાના છે એવુ લાગે છે. જો કે એવો કોઈ નિયમ નથી કે નરકમાંથી જ આવ્યા હોય અને નરકમાં જ જવાના છે એમ ભાર પૂર્વક એકાન્તથી જકાર વાપરીને ચોક્કસ જ કહેવાનું છે એમ નથી. પરન્તુ તેવા ક્રુર અધ્યવસાય, પાપ, હિંસક વૃત્તિ આદિના આધારે બહુલતાએ એમ કહેવાય છે. અત્યન્ત અશુભ અધ્યવસાયના આધારે એમ કહી શકાય છે. તે પણ સામાન્યથી.

નરકગતિમાં જવાના કારણો

દેવ-મનુષ્ય-નરક-તિર્યંચની જે ચાર ગતિઓ છે તે ચારેમાં જવા યોગ્ય આયુષ્ય-ગતિ આદિના કર્મો બાંધીને જ જીવ તે તે ગતિમાં જઇ શકે છે. અને તે ગતિનું આયુષ્ય ભોગવી શકે છે. આપણને એક ગતિમાંથી બીજી ગતિમાં મોકલનાર કોઈ બીજી ઇશ્વરાદિની શકિત નથી. સ્વયં જીવ આ જન્મમાં તે તે ગતિ-યોગ્ય તેવા આશ્રવો-હેતુઓથી એવા કર્મો બાંધે છે. અહીંયા આપણે પ્રસંગોપાત્ત નરકગતિમાં જવા યોગ્ય આયુષ્ય કર્મના કારણોનો વિચાર કરીએ—

"बहवार भरिग्रहत्व च नारकष्यायुष : "॥ તત્વાર્થ.
"बंधइ निरयाउमहारंभ परिग्गहर ओ सदा ॥ કર્મગ્રન્થ

મહા એટલે અત્યન્ત મોટા પ્રમાણમાં આરંભ-સમારંભ – અર્થાત હિંસા આદિ કરવાથી, અને મહાપરિગ્રહ ઘણો સંગ્રહ, ઘણા મૂર્છા- મોહ-મમત્વ રાખવાથી, તીવ્રક્રોધાદિ કષાયો કરવાથી, રૌદ્ર ધ્યાનના પરિણામવાળા, કૃષ્ણલેશ્યા-વાળા જીવો, ત્રાસ-સ્થાવરાદિ છએ કાયના જીવોની અમાપ હિંસા આદિની પ્રવૃત્તિના કારણે-પંચેન્દ્રિય મનુષ્ય પશુ-પક્ષી -મુનિ આદિની હત્યા-ખૂન કરવાના કારણે તથા તેમને મારીને માંસાહાર, ઇંડાદિ ભક્ષણ કરનાર, મદિરા-દારૂ આદિનું સેવન કરનારા, અત્યન્ત વિષય-કષાયની વૃત્તિવાળા જીવો, મહામિથ્યા-મતિ, મહાચોર, વ્રતઘાતક, રાત્રિભોજનમાં સદા રત રહેનારા, ગુણીજનોની નિંદા કરનારા, તીવ્રમત્સર – ઈર્ષ્યા – દ્વેષની બુદ્ધિ રાખનારા આદિ આશ્રવ કારણોથી જીવો નરકગતિનું આયુષ્ય કર્મ બાંધીને નરક

ગતિમાં જાય છે, અને ત્યાંના દુઃખો ભોગવે છે. ઉપર કહ્યા મુજબના આ પાપોની પ્રવૃતિ કરનારા ઘણાં જીવો અહીંયા આજે આપણી આંખ સમક્ષ દેખાય છે. તો આવી પાપ પ્રવૃતિ કરનારા જીવો હોય અને તે કર્મોનો વિપાક ભોગવવા માટેની ગતિ ન હોય તો કેમ ચાલે? માટે નરક છે. અને નરક ગતિમાં જવાનાં પાપકર્મો અહીંયા છે. તેવા પાપ કર્મો કરીને તે કર્મો બાંધીને જીવો તે નરક ગતિમાં જાય છે અને પછી ત્યાં કર્યા કર્મના ફળ ભોગવે છે.

નારકી જીવોના શરીર તથા આયુષ્ય

ઉપરોક્ત પાપ પ્રવૃતિ કરીને નરક ગતિમાં ગયેલા જીવોને શરીર– આયુષ્ય વગેરે પણ નરકના પ્રમાણમાં તેમજ પાપ કર્મના પ્રમાણમાં મળવા જોઇએ જેથી તે જીવો ત્યાં પોતાના કરેલા બધા પાપકર્મોની સજા ભોગવી જ શકે. જો તેવુ શરીર ન હોય અને તેવુ આયુષ્ય ન હોય તો બધા પાપ-કર્મોની વર્ષો સૂધીની સજા કયાંથી ભોગવી શકે? ૧ વારની સજામાં જ મરીને આવી જાય તો કયાંથી ચાલે? માટે નારકી જીવોનાં શરીરો પણ વિશિષ્ટ અને વિચિત્ર હોય છે. તેમજ લાખો–કરોડો–અબજો વર્ષો કરતા પણ વધારે આયુષ્ય હોય છે.

નારકી કહેવાય પંચેન્દ્રિય. પાંચ ઇન્દ્રિયો-ચામડી, જીભ, નાક, આંખ, કાન--પૂરા છે. આપણે પણ પચેંન્દ્રિય છે. એટલે નારકી જીવોનું શરીર આકારમાં આપણા જેવુ, મનુષ્ય જેવુ જ હોય છે. આવુ જ દેખાય છે. પરન્તુ રચના ઔદારિક નથી હોતી પરન્તુ વૈક્રિય શરીર હોય છે. અશુભ વૈક્રિયશરીર યોગ્ય વર્ગણા ગ્રહણ કરીને તેઓ વૈક્રિય શરીર બનાવે છે. એટલે માતા–

પિતાના સંયોગથી આપણી જેમ તેમને ૯ા મહિના ગર્ભમાં રહીને ઉત્પન્ન નથી થવુ પડતું.

નારકીનો જન્મ

नारक देवानामुपपात : । वैक्रियमौपपातिकम ।

તત્વાર્થમાં જણાવે છે કે નરક ગતિના નારકીજીવો, તથા દેવલોકના દેવતાઓના જન્મ ઉપપાત જન્મથી થાય છે. અને તેમના શરીર વૈક્રિય શરીર હોય છે. દેવલોક ગતિમાં નારકી જીવો ત્યાં રહેલા ગોખલામાં તથા કુંભીમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતી વખતે પોતાના શરીરની ઉંચાઇ આદિ સાથે જ તે ગોખલા-કુંભી આદિના ઉત્પત્તિ સ્થાનમાં શરીર તૈયાર કરીને જ અંતર્મુહૂર્તમાં જન્મે છે પરન્તુ પાપકર્મ ની પ્રબળતાથી તે જન્મ વખતે તેમને અતિશય દુઃખ થાય ત્યારે તીવ્ર વેદના અનુભવતા હોય છે.

તેમનું શરીર હાડ-માંસ-લોહીનું નથી હોતુ, પરન્તુ પારા જેવુ હોય છે. ગમે તેટલી વાર કાપીને ટુકડા ટુકડા પણ કરી નાંખ્યા હોય તો પણ પાછુ ભેગુ થઇને જોડાઇને ઉભુ થઈને ચાલવા માંડે છે. તેમને ખાવા-પીવા આદિની તથા આહાર-વિહારની કોઈ પ્રવૃત્તિ નથી હોતી છતા પણ ભૂખ-તરસ સખત લાગે છે.

નારકીનું આયુષ્ય

નારકીના જીવોના આયુષ્યો પણ ઘણાં લાંબા-મોટાં હોય છે. આપણાં અહીંના જેવા નાના-નાના સામાન્ય આયુષ્ય નથી હોતા. તો તે કયાંથી બધા પાપકર્મોની સજા ભોગવી શકે ?

ક્રમ ૧ લું ૩૩ ,, ૨૨૦૦૦ –

ક્રમ ૨ જું ૨૨ ,, ૧૦૦૦૦ –

ક્રમ ૩ જું ૧૬ ,, ૧૦૦ ફો.

ક્રમ ૪ થું ૧૦ ,, ૨૫૦ ફો.

ક્રમ ૫ મું ૬ ,, ૧૨૫ ફો.

ક્રમ ૬ ઠું ૩ ,, ૬૨ ફો.

ક્રમ ૭ મું ૧ ચોરસ ૩૧ ફો.

ક્રમ ૮ મું ૧૬ ફો. ૦ ઇંચ

,, ૧૦ ફો. ૦ ઇંચ

,, ૬ ફો. ૫ ઇંચ

,, ૪ ફો. ૧૧ ઇંચ

૩ ફો.–૧૦૦૦૦ –

ક્રમ ૧ લું ૨૨૦૦૦ ,, ૨૨ ,,

ક્રમ ૨ જું ૧૦૦૦૦ ,, ૨૨ ,,

ક્રમ ૩ જું ૧૦૦ ,, ૧૬ ,,

ક્રમ ૪ થું ૨૫૦ ,, ૧૦ ,,

ક્રમ ૫ મું ૧૨૫ ,, ૬ ,,

ક્રમ ૬ ઠું ૬૨ ,, ૩ ,,

ક્રમ ૭ મું ૩૧ ચોરસ ફો. ૧ ,,

ક્રમ ૮ મું ૧૬ ફો. ૦ ઇંચ ૩ ફો.–૧૦૦૦૦ –

ક્રમ ૯ મું ૧૦૦૦૦ ,, ૩૩ ,,

ક્રમ ૧૦ મું ૨૫૦૦૦ ,, ૨૨ ,,

ક્રમ ૧૧ મું ૧૦૦૦૦૦ ,, ૨૨૦૦૦ ,,

ક્રમ ૧૨ મું ૨૫૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦ ,,

ક્રમ ૧૩ મું ૨૫૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૪ મું ૨૫૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૫ મું ૨૫૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૬ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૭ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૮ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૧૯ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૦ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૧ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૨ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૩ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૪ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૫ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૬ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૭ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૮ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૨૯ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૦ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૧ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૨ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૩ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૪ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૫ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૬ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૭ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૮ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૩૯ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૦ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૧ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૨ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૩ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૪ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૫ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,,

ક્રમ ૪૬ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૪૭ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૪૮ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૪૯ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૫૦ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૫૧ મું ૨૫૦૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૫૨ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૫૩ મું ૨૫૦૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૫૪ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૫૫ મું ૨૫૦૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૫૬ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૫૭ મું ૨૫૦૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૫૮ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૫૯ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૦ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૧ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૨ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૩ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૪ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૫ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૬ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૬૭ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૬૮ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૬૯ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૦ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૭૧ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૨ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૩ મું ૨૫૦૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૪ મું ૨૫૦૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૭૫ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૬ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૭ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૮ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૭૯ મું ૨૫૦૦ ,, ૧૦૦ ,,

ક્રમ ૮૦ મું ૨૫૦૦ ,, ૧૦૦૦ ,,

ક્રમ ૮૧ મું ૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

જઘન્ય એટલે સાવ ઓછામાં ઓછું. અહીંયાં આપણું ઓછામાં ઓછુ આયુષ્ય–જેમ માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો અને જીવ માત્ર ૨ ઘડીના અંતર્મુહૂર્ત પુરતો રહીને પણ મૃત્યુ પામી શકે છે, અર્થાત આપણું ઓછામાં ઓછું જેમ ૨ ઘડીનું અંતર્મુહૂર્તનું આયુષ્ય હોઇ શકે છે તેટલુ નરકમાં ઓછામાં ઓછુ ૧૦ ૦૦૦ દસ હજાર વર્ષોનું આયુષ્ય હોય છે. દરેક નરક–માં જઘન્ય આયુષ્યનું પ્રમાણ જુદુ જુદુ છે.

એ જ પ્રમાણે વધુમાં વધુ આયુષ્યને ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાય છે. તે પહેલી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમ છે.

૧ સાગરોપમ = ૧૦ કોડાકોડી પલ્યોપમ

૧ પલ્યોપમ = અસંખ્ય વર્ષો

આટલું ૧ સાગરોપમ તો ફકત પહેલી રત્નપ્રભાનરક માં આયુષ્ય છે. તે પછી જેમ બીજી ત્રીજી એમ નીચે નીચેની નરકમાં જઇએ તેમ ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રમાણ વધતુ જ જાય છે. (૧) ૧, (૨)–૩, (૩)–૭, (૪)–૧૦, (૫)–૧૭, (૬)–૨૨, (૭)–૩૩ સાગરોપમ પ્રમાણ છે. એ જ પ્રમાણે જઘન્ય આયુષ્ય (૧)–૧૦૦૦૦વર્ષ (૨)–૧, (૩)–૩, (૪)–૭, (૫)–૧૦, (૬)–૧૭, (૭) ૨૨ સાગરોપમ વર્ષો છે. આ જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેનું મધ્યમ આયુષ્ય તે તે નરકોના પ્રતરોમાં છે. દા. ત. ૧૮, ૧૯, ૨૦, સાગરોપમોના આયુષ્યો પણ છે.

સાત નરકોના– ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને એમ ક્રમશ : આ પ્રમાણે કુલ ૪૯ પ્રસ્તરો છે. તે તે દરેક પ્રસ્તરોમાં નારકી જીવોનું આયુષ્ય જુદુ જુદુ છે. ત જ પ્રમાણે શરીરની ઉંચાઇ આદિનું પ્રમાણ પણ ભિન્ન ભિન્ન છે. નરકમાં

શરીરની ઉંચાઈ હાથના માપથી માપવામાં આવે છે. એટલે અત્રે ચિત્ર સાથેના કોષ્ઠકમાં તે તે નરકમાં ઓછામાં ઓછી ઉંચાઇ કેટલી છે તે બતાવી છે. (૩ હાથ) અને તે તે નરકો માં વધુમાં વધુ ઉંચાઇ પણ કેટલી છે તે દર્શાવી છે. ૨૦૦૦ હાથ સાતમી નરકમાં. આ પ્રમાણે વચ્ચેની અર્થાત મધ્યમ ઉંચાઇ તે તે નરકના પ્રસ્તરોમાં ભિન્ન ભિન્ન ઉંચાઈ હોય છે. આ તો દરેક નરકના સ્વાભાવિક શરીરોની ઉંચાઇ કહી. પરન્તુ કૃત્રિમ ઉંચાઈ અર્થાત ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે તેઓ પોતાના શરીર કરતાં પણ ઉભલ ઉંચાઈ પ્રમાણમાં પણ બનાવી શકે છે. અને નાનામાં નાનું શરીર કરવું હોય તો તેઓ અંગુલના અસંખ્યાતમાં તથા સંખ્યાતમા ભાગ જેવડુ પણ કરી શકે છે. તેમનું વૈક્રિય શરીર છે માટે.

નારકીઓના શરીરં એકદમ કુબ્જ છે, પાંખો કાપીનાંખેલા પક્ષીઓના જેવુ વિરૂપ દેખાય છે. એમના શરીરનો વર્ણ (રંગ) પણ અત્યન્ત નિકૃષ્ટ, અતિભીષણ, તથા મલીન હોય છે. ગધેડા, અને ઉંટ જેવી એમની ચાલ (ગતિ) પણ બેડોળ શરીરના કારણે લાંબી–ટુંકી અને વિચિત્ર અપ્રિય હોય છે. સતત પીડાતા એવા નારકીઓના અવાજો–શબ્દો અને ધ્વનિ તો જાણે રોજ વિલાપ કરતા કરતા રડતા હોય તેવો અત્યન્ત દારૂણ–દુઃખદાયક હોય છે. સાંભળનારને પણ ભય અને દુઃખ ઉત્પન્ન થાય.

નારકીઓનો જઠરાગ્નિ (પેટનો અગ્નિ) એટલો બધો પ્રદીપ્ત–પ્રજ્વલિત હોય છે કે દુનિયાભરના ઘી અન્ન વગેરે તેમને ખવરાવવામાં આવે તો પણ તૃપ્તિ ન થાય. જો કે નર-

કમાં ખાવા-પીવાનું કંઇ પણ હોતુ નથી. પરન્તુ આ તો ઉપમાથી સમજાવવામાં આવે છે કે એમને ભૂખ-તરસ એટલી ભયંકર હોય છે કે તેમને એક સાથે આટલુ બધુ દુનિયાભરનું ઘી-દૂધ-અનાજ મળી જાય તો પણ તેમની ભૂખ ન શમે. અવી તીવ્ર ક્ષુધા વેદના હોય છે.

નરક ગતિમાં લેશ્યા પરિણામાદિ

नित्याशुभतरलेश्या परिणाम-देह-वेदना-विक्रियाः ॥ ३-३

નરક ગતિમાં જે કંઈ પણ હોય છે તે સર્વ અશુભ જ હોય છે. શુભ કંઇ હોતુ જ નથી. દા. ત. નરકગતિના નારકી જીવોના વિચારોની તરતમતા જેને લેશ્યા કહેવાય છે તે અશુભ હોય છે, તેમના પરિણામો ઘણાં અશુભ હોય છે, તેમના શરીર (દેહ) પણ અશુભ, કુરૂપ અભદ્ર દેખાય છે. હુંડક સંસ્થાનવાળું, બધા અંગોપાંગાદિ અવયવો બેડોળ હોય છે. શુભ-પવિત્ર નથી હોતુ, મલ-મૂત્રાદિ અશુભ ગંદા પદાર્થો જેવુ હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ધ્વનિ પણ અશુભ ખરાબ હોય છે. વધારે પડતો કાળો રંગ બીહામણો હોય છે. એ જ પ્રમાણે નરક ગતિની વેદના અને દુઃખો તથા ઉત્તર વૈક્રિય શરીર પણ અત્યન્ત અશુભ હોય છે.

નારકીઓની લેશ્યા

૬ લેશ્યામાંથી કૃષ્ણ, નીલ, અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યા તરીકે ગણાય છે. નરકગતિમાં આ ત્રણે અશુભ લેશ્યા જ હોય છે. પરસ્પર એકબીજાને પણ મારવા કાપવાના જ વિચારો હોય છે. સારા વિચારોનો પણ દુષ્કાળ હોય છે. હા. સમ્યગ્ દૃષ્ટિ જીવોની લેશ્યા શુભ પણ હોય

છે. પરંતુ એમને બાદ કરીએ તો મોટા ભાગના નારકી જીવો અશુભ લેશ્યાથી ઘેરાયા હોય છે.

છઠ્ઠી— સાતમી નરકમાં કૃષ્ણ લેશ્યા, પાંચમીમાં ઉપરના ભાગમાં નીલ અને નીચેના ભાગમાં કૃષ્ણ લેશ્યા હોય છે, ચોથીમાં નીલ અને ત્રીજી નરકના ઉપરી ભાગમાં કાપોત અને



નીચેના ભાગમાં નીલ લેશ્યા હોય છે. પહેલી – બીજી નરકમાં કાપોત લેશ્યા હોય છે. એથી એ જીવોની વિચારધારા અત્યંત ખરાબ હોય છે, જેમાં કાષાયની બહુલતા ઉગ્રતા હોય છે.

અશુભ પરિણામ—

માનસિક પરિણામો તો નારકી જીવોના અશુભ હોય છે. પરંતુ અહીંયા પરિણામ શબ્દથી માત્ર માનસિક પરિણામ નહીં પણ પુદ્ગલ પરિણામ લેવામાં આવે છે. નરકમાં પુદ્ગલોનો પરિણામ પણ અત્યંત અશુભ હોય છે.

૧૦ પ્રકારના–પરિણામ

બંધન, ગતિ, સંસ્થાન ભેદ વર્ણ, ગંધ રસ, સ્પર્શ, અગુરૂલઘુ શબ્દ

શરીરરૂપે બંધાતા પુદ્ગલો પણ અત્યન્ત અશુભ હોય છે.

ગતિ–તેમની ગતિ ગધેડા ઉંટાદિ જેવી અપ્રશસ્ત–વિહાયોગતિ નામકર્મના કારણે હોય છે. **સંસ્થાન**–તેમનો શારિરિક આકાર અને ભૂમિની આકૃતિ પણ બીહામણી, ભયજનક, ઉદ્વેગકારક હોય છે. **ભેદ**–શરીર, ભીંત, આદિ સ્થાનોમાંથી છુટા પડતા પુદ્ગલો પણ અત્યન્ત અશુભ હોય છે. **વર્ણ**– બધે અંધારું છવાયેલુ હોય છે. જમીન ઉપર તળીયાનો ભાગ વગેરે પણ કફ–થૂંક–શ્લેષ્મથી લેપાયેલો– ખરડાયેલો હોય છે. દરેક પદાર્થનો વર્ણ ત્રાસ ઉપજાવે તેવો કૃષ્ણ કાળો હોય છે. **ગંધ**–નરકમાં દુર્ગન્ધ તો માથુ ફાડી નાંખે તેવી હોય છે. ઝાડો–પેશાબ–લોહી –પરૂ, માંસ–ચરબી વગેરેની ભયંકર દુર્ગંધ મારતી, તથા તે પદાર્થોથી ખરડાયેલી નરક પૃથ્વીઓ હોય છે. **રસ**– નરક ભૂમિઓના પદાર્થોનો રસ–કડવા લીંબડા જેવો હોય છે.

ત્યાંના કોઇપણ પદાર્થો મધુર રસવાલા સારા પ્રિય હોતા નથી. **સ્પર્શ**—નરકના પદાર્થોના સ્પર્શ પણ જાણે સાપ કે વીછીના ડંખ જેવા લાગે છે. અને અત્યન્ત ઉષ્ણ-ગરમ-શકિત હોય છે. **અગુરૂલઘુ** –શરીરનો અગુરૂલઘુ પરિણામ પણ અનેક દુઃખોનો આશ્રય હોવાથી અનિષ્ટ અશુભ હોય છે. **શબ્દ**– નારકી જીવો બિચારા સતત ચીસો પાડતા હોય છે, રડતા અવાજે બોલતા હોય છે. ભયકારક, ભયંકર અવાજ પણ કાઢતા હોય છે. છેદાતા–ભેદાતા–કપાતા બિચારા નારકીઓ હે મા! ઓ બાપરે! અમને છોડાવો... બચાવો....બચાવો.... અરે.. રે.. આદિ અનેક જાતના કરૂણ અવાજો કરતા હોય છે તે સાંભળવાથી પણ ત્રાસ – દુઃખ થાય છે.

નરક ગતિમાં વેદના

વેદના એટલે દુઃખ–ત્રાસ, પિડા, નારકીજીવોને કેટલી વેદના હોય છે.! અહીંયા પાપ કરીને નરકમાં ગયા પછી કરેલા પાપની સજા, દારુણ વિપાકો જે ભોગવવાના હોય છે તે અત્યંત ક્રુર હોય છે પીડાકારક, ત્રાસ ઉપજાવે તેવા હોય છે. સતત મરણતોલ વેદના અનુભવતા હોય છે, જો કે બધી નરકોમાં એક સરખી વેદના નથી હોતી. તેના પ્રકારો પણ જુદા જુદા હોય છે.

નરકની વેદના

૧	૨	૩
પરસ્પરોદીરિત	અસુરોદીરિત	ક્ષેત્રકૃત

પરસ્પરોદીરિત વેદના—

પરસ્પરના વેરી-દુશ્મન બન્ને-અથવા ઘણા જીવો જો નરકમાં સાથે ઉત્પન્ન થયા હોય તો ક્ષેત્રાનુભાવજનિત શસ્ત્રોથી પરસ્પર લડે છે. અન્દર-અન્દર યુદ્ધ કરે છે.



કાપા-કાપી ચાલે છે. કદાચ દુશ્મન ન પણ હોય તો પણ સામસામે અથડાઈને પણ લડે છે. એક તો છઠ્ઠી, સાતમી વગેરે ઘોર અંધારી નરકો, એમાં પોતાને જ પોતાનું શરીર ન દેખાય અને ચાલતા કરતા અથડાઈને પણ લડે છે, બાઝે છે, લોહી-લુહાણ થઇ જાય છે. મિથ્યાદૃષ્ટિ નારકી પરસ્પર યુદ્ધ કરે છે. માત્ર સમકિતધારી આત્માઓ સમતાભાવે સહન કરે છે. તેઓ યુદ્ધ નથી કરતા. લડતા નથી. એક-બીજાને ડરાવવા, લડાવવા, લડવું, ભય પમાડવા વગેરે પરસ્પર કૃત વેદના હોય છે.

"नारक संमूर्च्छिनो नपुंसकानि" ॥

જગતના જીવો ત્રણ વેદમા વિભક્ત છે. અડીયા વેદ એટલે વિષય વાસના, કામ સંજ્ઞા. (૧) સ્ત્રીવેદ (૨) પુરૂષવેદ,

(૩) અને નપુંસકવેદ. નરકની ગતિમાં સાતે નરકમાં બધા નારકી જીવો નપુંસક જીવો નપુંસકવેદના ઉદયવાળા હોય છે. નપુંસકવેદના ઉદયવાળાને કામવાસના ખૂબ તીવ્ર હોય છે. સ્ત્રી પુરૂષ ઉભયની સાથે ભોગની તીવ્રવૃત્તિ તેની હોય છે. કામ-વાસનાથી પીડાતા ઘણાં જીવો ઘણી જાતનાં પાપો આચરે છે. વિચાર કરો કે નારકી જીવોને નપુંસક વેદનો ઉદય છે, કેટલી તીવ્ર તેમની કામસંજ્ઞા હશે! નરક ગતિમાં કોઇ સ્ત્રી-પુરૂષ તરીકે તો છે જ નહીં. બધા જ નપુંસક છે. અને એવી સ્થિતિમાં પોતાની કામસંજ્ઞા સંતોષવા શું શું કરતા હશે? કેટલા તોફાનો, કેટલા ધમપછાડા આ માટે કરતા હોય છે. પરંતુ તેમાં બિચારા વધુ ને વધુ દુઃખી જ થતા હોય છે. છતાં પણ મોહ છે. મોહનીય કર્મનો ઉદય છે. શું થાય? મૈથુનેચ્છા તો બધા જ પાપો કરાવે. અને એમાં ને એમાં ઘણાં વધારે દુઃખી થાય છે. આ પ્રમાણે અનેક પ્રકારની પરસ્પરોદીરિત દુઃખો–તીવ્ર વેદના નરક ગતિમાં સતત છે.

असुरोदीरित- परमाधामी कृत वेदना –

संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥ ३-५

ચોથી નરકની પહેલા એટલી ત્રીજી નરક સુધીના નારકીઓને અસુરનિકાયના પરમાધામીઓ જે સંકલેશ યુકત હોય છે તેમના તરફથી થતી વેદના અસુરોદીરિત વેદના છે. ૧ લી, ૨જી અને ત્રીજી આ ત્રણ નરકોમાં આવા અસુર નિકાયના ૧૫ જાતના પરમાધામી દેવો હોય છે. દેવતાઓ તરીકે તેમની ગણના ભવનપતિ દેવોમાં ગણાય છે. પૂર્વ ભવોમાં અત્યન્ત સંકલેશરૂપ કર્મ જેમણે કર્યા છે, અને

પાપકર્મ કરવામાં જેની અત્યન્ત રૂચિ રહેતી એવા જીવો મૃત્યુ પામીને દેવગતિમાં ભવનપતિમાં પરમાધામી બને છે. પરમ + અધાર્મિક= તે પરમાધામી એ બધા મિથ્યા દૃષ્ટિ



અને પરમ અધાર્મિક હોય છે. કર્મકલેશથી ઉત્પન્ન થનારા આ પરમાધામીઓનો સ્વભાવ પણ અત્યન્ત સંક્લેશ યુકત ક્રૂર હોય છે. બીજાને દુઃખી જોઈને, દુઃખી કરીને જ આ લોકોને વધારે મજા આવે છે. બીજા જીવોને મારવા–કાપવા– છેદવામાં જ આ પરમાધામીઓને વધારે આનંદ આવે છે. એવો જ તેમનો સ્વભાવ થઇ ગયો હોય છે. વિકૃત મોઢાવાળા, પશુઓના જેવા મોઢા અને વિકૃત બિહામણા શરીરની વૈક્રિય રચના કરીને નારકી જીવોને ડરાવતા હોય છે. તેઓ ત્રીજી નરકની આગળ ચોથી નરકમાં જઈ નથી શકતા. બસ, તેટલી જ મર્યાદા છે–માટે ત્રીજી નરક સુધીના જીવોને વધુ ત્રાસ આપે છે–પીડે છે–મારે છે–કાપે છે. તેઓ તેમની મજા ખાતર કરતા હોય છે. પરંતુ નારકી જીવને તો કેટલી ભારે વેદના થતી હોય છે!

બીજા જીવોને મારવા-કાપવા આદિનું આવું ઘોર પાપ કરનારા પરમાધામીઓને પણ ભારે પાપ કર્મ બંધાય છે. અને આ પાપ કર્મના કારણે તેઓ પણ ત્યાંથી મૃત્યુ પામીને લવણ સમુદ્રમાં આવેલા દ્વીપની ગુફાઓમાં જળચારી "અંડ-ગોલિક" મનુષ્યો બને છે. મદ્ય-માંસમાં ખૂબ લોલુપ બને છે. રત્નદ્વીપના મનુષ્યો સમુદ્રમાંથી રત્નો કાઢવા માટે આ અંડ-ગોલિક મનુષ્યોની અંડની ગોળીને મેળવવા માટે તેમને યુકતથી પકડીને ઘંટીમાં દળે છે. ૧ વર્ષ સુધી ઘંટીમાં દળાયા પછી તેમનું મૃત્યુ થાય છે. કારણ, તેઓ વજ્રઋષભનારાચ સંઘયણ-વાળા હોય છે. પછી તેમના શરીરનું ઘઉંના લોટ જેવું ચૂર્ણ થઇને બહાર નીકળે છે. તેમાંથી અંડગોળીઓ શોધે છે. તે લઇને રત્નદ્વીપના માણસો પોતાનું કામ કરી લે છે.

આવા પરમાધામીઓ ૧૫ જાતના હોય છે.

पन्नरस परमाहम्मिआ पन्नत्ता तंजहा-अंबे अंबरिसी चेव सामे सबलेत्ति आवरे । रुद्दोवरुद्दकाले अ महाकालेत्ति आवरे ॥१॥ असिपत्ते धणु कुम्भे वालुए वेअरणीति अ । खरस्सरे महाघोसे एते पन्नरसाहिआ ॥२॥ (સમવાયાંગ સૂત્ર)

(૧) અંબ (૨) અંબર્ષિ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રૂદ્ર (૬) ઉપરૂદ્ર, (૭) કાલ (૮) મહાકાલ, (૯) અસિ, (૧૦) પત્ર ધનુ, (૧૧) કુંભ, (૧૨) વાલુકા, (૧૩) વૈતરણી, (૧૪) ખરસ્વર, અને (૧૫) મહા-ઘોષ. આવા ૧૫ નામોથી તે ઓળખાય છે. આ પંદરે જાતિના પરમાધામીઓ ભિન્ન ભિન્ન પ્રકારે નારકીઓને હેરાન કરવામાં મારવા-કાપવામાં જ ખૂબ મજા માને છે.

(૧) **અંબ**૧ જાતિના પરમાધામીઓ તે ઘણી જાતના ભયા ઉભા કરીને ડરાવે છે. નારકીજીવોની પાછળ પડીને તેમને દોડાવે છે ઉપરથી નીચે ફેંકે છે, પત્થરની જેમ ફેંકીને વજ્રથી વીંધે છે.

(૨) **અંબરિષ**૨ આ બીજી જાતના પરમાધામીઓ નારકીઓને કાપીને ટુકડા કરવામાં, કાતરવામાં, જાણે શાક સમારતા હોય તેમ તેમના અંગોપાંગ કાપવામાં મજા માને છે. બોલની જેમ આમતેમ ફેંકે છે. દંડ વડે વીંધે છે.

(૩) **શ્યામ**૩ નારકીઓને જમીન ઉપર અફાળે છે, ચાબુકોથી પ્રહાર કરે છે. સામ-સામે ફેંકે છે. વજ્ર ભૂમિ ઉપર પછાડે છે, ખૂબ માર મારે છે.

(૪) **શબલ**૪ આ પરમાધામીઓ તો હદ કરે છે. બિચારા નારકીઓના પેટ ચીરીને આંતરડા બહાર કાઢી નાંખે છે. હૃદય ચીરીને લોહી બહાર કાઢે છે. અને પાછા તેમને જ દેખાડે છે. માંસ ચીરીને ટુકડા કરીને બતાવે છે.

(૫) **રૂદ્ર**૫ નારકીજીવોને તલવાર ત્રિશૂળથી વિંધીને તેમાં પરોવીને ધગધગતી ચિતામાં હોમી દે છે. શસ્ત્રોથી ભેદીને મારે છે શૂળી ઉપર ચઢાવે છે. વગેરે રીતે આ મતના પરમાધામીઓ મારીને મજા અનુભવે છે.

(૬) **ઉપરૂદ્ર**૬ રૂદ્ર કરતાં પણ વધારે સવાયા ઉપરૂદ્ર છે. તે ઘણા ખતરનાક હોય છે. બિચારા નારકીઓના શરીરના

---

(૧) **आराइएहिं विंधंति भोग्गराइहिं तह निसुंभंति घाडंति अंबर तले मुंचंति य नारए अंबा ॥१०३॥ निहए यतह निसन्ने अंहय**

(૨) **चित्तं विचित्तखंडेहिं । कप्पंति कप्पणीहि अंबरिसी तत्थ नेरतिए ॥१०४ ॥**

ટુકડે ટુકડા કરી નાંખે છે. ખૂબ ત્રાસ આપે છે. અને તેમના જ માંસના ટુકડા તેમને પાછા ખવરાવે છે. સાથળ– હાથ-પગ–મસ્તકને કાપી નાંખે છે.

(૭)**કાલ૭** રડતા–ગભરાતા નારકીઓને આ પરમાધામીઓ પકડીને ગરમ ગરમ લોઢાની ધગધગતી લોઢીમાં નાખે છે. જીવતા બાળી નાંખવા આગમાં ફેંકે છે. કંદુ, ચુલા અને લોઢીમાં પકાવે છે.

(૮)**મહાકાલ૮** આ તો કાલ કરતાં પણ વધારે ખતરનાક મહા-કાલ નામના હોય છે. બિચારા નારકીઓના શરીરમાંથી માંસ ના ટુકડા જ – ટુકડા કાઢીને પાછા તેમને જ ખવરાવે છે. છોડતા નથી. સિંહના પુચ્છ જેવા કે કાકડી જેવા ટુકડા કાઢીને ખવરાવે છે.

(૯) **અસિ**–૯ નારકીઓના હાથ–પગ, પેટ, માથું વગેરે અંગોપાંગો તલવારથી છેદે છે. ભાલાથી ભોંકે છે. શસ્ત્રોવડે છેદીને છિન્ન ભિન્ન કરી નાંખે છે.

---

(૩) साडणपाडणतोत्तयविंधण तह रज्जुतलज्झारेहिं । सामा नेरतियाणं

(૪) कुणंति तिव्वाऐ वियणाऐ ॥ १०५ ॥ सबला नेरइयाण उयराऐ तह य हिययमज्झाऐ। कड्ढंति अंतवसमंसफिप्फिसे छेदिडं यहुसो ॥ १०६ ॥

(૫) छिंदंति असीहिं सिसूलसूलेसुइसतिकुंततुपरेसु पोयंति चियासु दहंति निरयं नारए रुद्दा ॥ १०७ ॥

(૬) भंजंति अंगुलंगाणि जह बाहू सिराणि कर चरणे फप्पंति खंडखंडं उवरूदा निरययासीणं ॥ १०८ ॥

मीरासु सुठियेसुं कंडुसुय पयणगेसु कुम्भीसु । लोहीसु य पलबंते काला उ नेरइए ॥ १०९ ॥ छेतूण सीहपुच्छागिईणी तह कागणिप्पमाणाणि । खावंति मंसखंडाणि नारए तन्व महकाला ॥ ११० ॥

(૧૦) **પત્રધનુ** ૨ આ પરમાધામીઓ અસિપત્રના જંગલ વિકુર્વીને દેખાડે છે. છાયામાં બેસવા જનારા બિચારા નારકીઓને એ વનમાં જતા પણ ભારે દુઃખ. ઝાડના પાંદડા જ તલવારની ધાર જેવા હોય છે, જેથી તેમના કાન-નાક કપાઇ જાય છે. નારકીઓ આવે એટલે આ પત્ર ધનુઓ પવન વિકૂર્વે છે. અને તલવાર જેવા પાંદડાઓથી તેમના હાથ પગ કપાઇ જાય છે.

(૧૧) **કુંભ** કુંભી-પચનક, શુંડક વગેરે સાધનો ઉપર ઉકળતા તેલ આદિમાં ભજીયાની જેમ તળી નાંખવાનું કામ આ કુંભ જાતિના પરમાધામીઓ કરે છે. બિચારા નારકીઓની શી દશા થતી હશે ?

(૧૨) **વાલુક** આ પરમાધામીઓ તો ભઠ્ઠીની તપેલી ભયંકર ગરમ રેતીમાં નારકીઓને તડતડ ફૂટતા ચણાની જેમ શેકી નાંખે છે. કદંબવાલુકા નામની પૃથ્વીમાં તપેલીમાં રાખ્યા હોય તેમ ભુંજી નાખે છે.

(૧૩) **વૈતરણી** વૈતરણી નદી વિકુર્વીને તેમાં બિચારા નારકીઓને ચલાવે છે. તેથી તેમનું નામ પણ વૈતરણી છે. આવી નદીમાં ઉકળતા લાક્ષારસ જેવો ધોધમાર પ્રવાહ વહેતો હોય છે. તેમાં લોહી, ચરબી, વાળ, પરૂ, હાડકા વગેરે વહેતા હોય છે. અને પછી ખૂબ તપી ગયેલી લોખંડની

हत्थे पाय उरू बाहु सिरा तह य अंगुवंगाणि। छिंदंति असी असिवाइएहिं निच्चं पि निरयाओ ॥ १११ ॥पत्तवणुनिरथपत्ता असिपतवणं विडविय कउं । रइंसंति तत्थ छायाहिलासिणो जंति नेरतिया ॥ ११२ ॥ तो पवणचलिततरुविविहिएहिं किर तेसिं । कण्णोट्ठनासाकर चरणउरुमाईणि छिंदंति ॥ ११३ ॥

નાવમાં બેસાડે છે.

(૧૪)**અરસ્વર**– જોર જોરથી કઠોર શબ્દો– અવાજો કરતા દોડતા આવતા આ જાતિના પરમાધામીઓ નારકીઓ પાસે કુહાડાથી શરીરની ચામડી છોલાવે છે. કાંટાઓના ઝાડ ઉપર ચઢાવે, કાંટાઓ ઉપર ચલાવે. લાકડાની જેમ તેમને કરવતથી કાપે છે.

(૧૫) **મહાઘોષ** – ગગનભેદી શબ્દો– અટ્ટહાસથી નારકીઓને રડાવે છે. ભયભીત થઈને નાસભાગ કરતા પરમાધામીઓ તેમને પકડીને વધસ્થાનમાં મારે છે. એવી ઘણી રીતે મારે છે.

કરેલા પાપકર્મોના દારૂણ વિપાકોની સજા તે નરકગતિમાં કેવી ભોગવાય છે ?

હસતા તે બાંધ્યા કર્મ રોતાં નહી છૂટે રે પ્રાણિયા.... હે જીવ ! આજે આ મનુષ્ય તિર્યંચની ગતિમાં અત્યન્ત હસતા હસતા મજામાં, મોજની ખાતર તું જે જે ઘોર પાપ કર્મો અહીંયા જીવો બાંધે છે તેની ઘોર સજા તો નરક ગતિમાં જ મળશે. કરેલા ભારે પાપકર્મો સજા–દુઃખ ભોગવ્યા વિના એમ ને એમ છૂટી નથી જતા.

कृतं कर्म अवश्यमेव भोक्तव्यं कल्पकोटि शतैरपि

કરેલા ભારે નિકાચિત કર્મો તો અવશ્ય ભોગવવા જ પડે છે. ભલેને કરોડો વર્ષો વીતી જાય તો પણ છૂટકો જ નથી. જેવા કરીએ છીએ તેવા જ ફળ ભોગવવા પડે છે. જેવુ વાવીએ છીએ તેવુ જ લણીએ છીએ. જે પાપ કરીએ છીએ તે જ ભોગવવાનુ હોય છે. કરેલા કર્મો પ્રમાણે જ ગતિ ને સજા છે. બીજો કોઈ આપનાર ઈશ્વર નથી. આમાં ઈશ્વરને

કર્તા માનવાની ભૂલ કરવાની જ નથી. નહીં તો પરમાધામી અસુરોને ઇશ્વર-ભગવાન માનવાનો મોટો દોષ આવી જશે. કર્મસત્તા જ પ્રબલ છે.

એક શ્રીમંત શેઠ કરોડો રૂપિયાનો માલિક કોડાધિપતિ છે. પરન્તુ કરોડો રૂપિયા કમાયો છે કેવી રીતે ? તે કરોડોની પાછળ પાપો કેવા ભયંકર કર્યા છે. દુનિયાને તેની શ્રીમંતાઈ દેખાય છે. પરન્તુ તેની પાછળ કરેલા પાપો કોને દેખાય છે ? ભલે શ્રીમંત હોય પણ પાપકર્માનુસાર રોગમાં રીબાઇ-રીબાઇને મરીને તેનો જીવ નરકમાં જાય છે. ત્યાં પરમાધામીઓ તેને કઢાઇમાં ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળે છે.

કોઇની પણ શ્રીમંતાઇ- સંપત્તિ સાથે નથી આવતી. સાથે તો માત્ર કરેલા પાપ- પુણ્ય આવે છે. અને તે જીવને એકલા જવુ પડે છે. વિચાર કરો અહીંયાં સહેજ ગરમ તેલમાં હાથ ચડી જાય અથવા તેલનું ગરમ ટીપુ ચામડી ઉપર પડી જાય તો કેટલી વેદના થાય છે ? તો પછી નરકમાં પરમાધામીઓ ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળતા હશે ત્યારે તો શું થતુ હશે? પણ પરમાધામીઓને બિલકુલ દયા આવવાની જ નથી. તે તો નિર્દયપણે ક્રૂરતાથી મારે છે. કાપે છે. તળે છે. બાળે છે. ટુકડે ટુકડા કરી નાંખે છે.

પરન્તુ નરકમાં પરમાધામી કાપીને ટુકડા કરીને બીજાને પકડવા જાય છે ત્યાં તો નારકીજીવનું શરીર પારાની જેમ પાછું ભેગું થઇને ઉભું થઇને દોડવા જાય છે. ત્યાં પાછા પકડાય છે. શરીર વૈક્રિય છે. એટલે એક વારમાં મરે તેમ નથી. અને આયુષ્ય નિરૂપક્રમ છે. પૂરૂ આયુષ્ય ભોગવાય પછી જ તેમનું મૃત્યુ થાય છે. તે સિવાય

નહીં. આ પ્રમાણે લાખો – કરોડો નહી. અસંખ્ય વર્ષો સુધી નરકની સતત વેદના ભોગવતો હોય છે. ૧ મિનિટ પણ નિરાંતનો હાશ.... એવો દમ પણ નથી ખેંચી શકતો. ઘડીભર પણ નિરાંતનો શ્વાસ નથી લઈ શકતો.

વિષય વાસનાના પાપોની દારૂણ સજા –



જીવોમાં પડેલી કામવાસના ઘણાં પાપો કરાવે છે. આ ચિત્રમાં એક સ્ત્રી પરપુરૂષની સાથે કામક્રીડા કરીને પોતાની વાસના સંતોષવા માંગે છે. વાસના તો આગમાં નાંખેલા ઘી જેવી છે. ભોગો ભોગવતા કોઈ તૃપ્તિ થતી જ નથી. પણ છાને– છપને કરેલા આ પાપોની સજા નરકમાં પરમાધામી સળગતી આગમાં કાંટામાં નાંખે છે. અને ઉપરથી તલવાર ઝીકે છે. માત્ર સ્ત્રી જ પર-પુરૂષગમન કરે છે, એવુ નથી. પુરૂષ પણ પરસ્ત્રીગમન કરે છે. ચાર પુત્રોનો પિતા પણ બીજાની સ્ત્રી સાથે ચેડા કરે છે, બળાત્કાર કરે છે, પિતા ભયંકર કામાતૂર થઈને પોતા-ની પુત્રી ઉપર બળાત્કાર કરે છે. શું આ ઘોર નીચ પાપ




નથી ? આ પાપની સજા રૂપે નરકમાં ક્રુર પરમાધામી ગરમ-ગરમ લાલચોળ થાંભલા સાથે ચોટાડીને ભાલા વડે માથું ફોડે છે.



વિષય સેવનમાં ક્યારેય તૃપ્તિ થતી જ નથી. તૃષ્ણા જ વધે છે. માનવ વાસનાનો ગુલામ બની જાય છે. અને કેટલો વિષયાસક્ત બને છે ! ભોગમાં જ ધર્મ છે. ભૂખ્યા રહેવાથી ભગવાન નથી મળતા. તપ-ત્યાગમાં તો માત્ર કષ્ટ છે.


આવી નાસ્તિક વિચારધારાથી કરેલા પાપો અને તેમાં પણ આજના કહેવાતા હાલી નીકળેલા ભગવાનો મળી ગયા. જેમને સંભોગથી સમાધિની વાતો કરી અને તેમાં અજ્ઞાની જીવો લપટાઇ ગયા. ગમે તેની સ્ત્રી–દીકરી સાથે વ્યભિચારો આચર્યા પણ તેણે કરેલા પાપકર્મોની સજાનો વિચાર ન કર્યો.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે નરકમાં પરમાધામી સળગતી આગમાં કાંટામાં ઉભા રાખી દોરડાથી બન્નેને કસીને બાંધીને પછી લાકડું ચીરે તેમ કરવતથી ચીરવા માંડશે. હાય....હાય.... બાપરે....અરેરે.... કરતા કરતા ભયંકર પીડા-દુઃખ જ ભોગવવાનું રહેશે. તે છોડે તેમ નથી. અહીંના ક્ષણિક સુખની ખાતર નરકમાં વર્ષોની કારમી સજા. વિષયવાસનાના સુખો શમિનિહના ક્ષણિક આનન્દ જેવા છે. શું જીવો આટલા મૂર્ખ છે કે ક્ષણિક સુખની ખાતર ભયંકર પાપો કરીને નરકમાં હજારો– લાખો વર્ષોની સજામાં ભયંકર ચીસો પાડતી કારમી વેદના ભોગવશે?




જુગાર– દારૂનો વ્યસની ઘણી ચોરીઓ કરે છે, લૂંટે છે.

ચોરીના ફળ સ્વરૂપે પરમાધામી નરકમાં ઘાણીમાં પીલે છે.




નિર્દયતાથી ઘરમાં માંકડ, લીખ ફોડી.મંકોડા, વંદા મારવાનું પાપ કરનારને

નરકમાં અણીદાર છરાઓ ઉપર સૂવાડીને પરમાધામી ત્રિશૂલ ભોંકી મારે છે.



નિર્દયતાથી કરતા પૂર્વક અબોલ મૂંગાપશુઓનો વધ- હિંસા કરનાર કસાઇ

નરકમાં બે પરમાધામી તે જ કસાઇના જીવને કરવતથી લાકડાની જેમ ચીરે છે.




બકરા, માછલા, વગેરે પશુઓને કાપી માંસનો વ્યાપાર કરનાર તથા લેનાર. ખાનાર.

લેનાર, વેચનાર, ખાનાર બધાને નરકમાં બે પરમાધામીઓ મસ્તક છેદીને મારે છે.




નિરપરાધી સ્ત્રીને જીવતી સળગાવી દેવાનું પાપ કરનારને

નરકમાં સળગતી આગની જવાલાઓમાં નાખી અસૂરો ભાલાથી મારે છે,



ગુંડાગીરી, દાદાગીરીથી મારા- મારી કરી ગળુ દાબીને મારનારને

નરકમાં પરમાધામી પછાડીને પરશુથી ચીરી નાંખે છે.



પેટના જીવતા બાળકને મારવા ગર્ભપાત કરનાર, કરાવનાર માતા કે અન્યને પણ

નરકમાં પરમાધામી સળગતી આગમાં જીવતા બાળીને મારે છે.





દુષ્ટ-માયાવી-કપટી બીજા લોકોને કપટ કરી ઠગે છે. બનાવે છે. ફસાવે છે.

તેને નરકમાં તીરો ઉપર સૂવાડીને શિયાળીયાં-કૂતરાં ખાય છે.





બેફામ અળગણ પાણી વાપરવુ, જયણા, રક્ષા સાવન કરવાનું ફળ

પરમાધામી નરકમાં પાળ ઉપર ઊંધો સુવાડીને ગુપ્તાંગો છેદી-ભેદીને મારેછે.




પીસવા, દળવા, ખાંડવા વગેરે ઘનેડાં, ઇયળ વગેરે જીવાતોની ઘોર હિંસા


પરમાધામીઓ નરકમાં જીવતી તેજ સ્ત્રીઓને ખાંડીને મારે છે.



જર-જમીન-જોરૂ-સ્ત્રી, શત્રુતા-વૈર-વૈમનસ્યથી લડનારા યુધ્ધ કરનારા ઘણી નીચેની નરકમાં જઇને પરસ્પર લડીને કાપાકાપી કરીને પડે છે.



હાડ,માંસ, લોહી, પરૂ, મળ, મૂત્રાદિ થી ખદબદતી ભયંકર દુર્ગંધ મારતી અશુચીથી ભરેલી નરક ની વૈતરણી નદીમાં પડેલા જીવો તીવ્ર વેદના ભોગવે છે.



દારૂ–ગાંજા વગેરેના વ્યસનીઓ દારૂ આદિ પીને જે ગંદા પાપો કરે છે.

તેના ફળ રૂપે નરકમાં પરમાધામી તપાવેલુ ગરમ સીસું પીવરાવી પીડે છે.

આ પ્રમાણે વિવિધચિત્રોમાં જોવાથી પરમાધામી કૃત વેદના અને તીવ્ર ત્રાસનો ખ્યાલ આવી શકે છે. કેટલી નિર્દયતા, ક્રુરતા અને કઠોરતાથી પરમાધામીઓ મારે છે, કાપે છે, પીડે છે, ચીરી નાખે છે, ફાડી નાખે છે. પ્રહાર કરે છે. અગ્નિમાં પ્રવેશ કરાવે છે. ઉકળતા તેલની કઢાઇમાં ભજીયાની જેમ તળી નાંખે છે, લાકડું કાપે તેમ કરવતથી કાતરી નાંખે છે, ભાલાથી વીંધી નાંખે છે. ટુકડે ટુકડા કરીને બવરાવે, તપતુ સીસું મોઢામાં નાંખે, આકાશમાં ઉપર ઉછાળે, અને કપડા ધોઇએ તેમ જમીન ઉપર પછાડે છે. દોરીથી બાંધી દઇને ખેંચે, વજન ભરીને ગાડુ ચલાવવા ગાડામાં જોડે, વીંછી–કૂતરા વાઘ, સિંહાદિ પશુઓ વિકુર્વીને હાથ–પગાદિ બવરાવે. વન ઉભું કરી વાયરો વિકુર્વે જેમાં હવામાં કાગળની જેમ ઉડે–પડે – પછડાય, અણીદાર કાંટા, ભાલા ઉપર પરાણે ચલાવે છે. જોરથી બીહામણા અવાજો કરીને ડરાવે.

પુજ્ય શ્રી શીલાંકાચાર્યજી મહારાજ આચારાંગ સૂત્રની ટીકામાં લખે છે કે

नरकगतौ वत्तारो योनिलक्षाः पञ्चविंशति-कुलकोटिलक्षाः। श्रवणलवनं, नेत्रोद्धार, करक्रमपाटनं हृदयदहन, नासाच्छेदं प्रतिक्षण दारूणम । कटपिदहनं तीक्ष्णापातत्रिशूलविभेदनं, दहनवदनैः कङ्केधोरैः समन्तविभक्षणम् ॥ १ ॥ નરકમાં ચાર લાખ યોનિ, પચીશ કોડલાખ કુલ છે. દરેક ક્ષણે ભયંકર રીતે કાનને કાપવા, આંખોને ફોડવી, હાથપગ છેદવા, હૃદય બાળવું નાસિકા છેદવી, તીક્ષ્ણ પડતા ત્રિશૂલથી છેદવું. અગ્નિમુખ ભયંકર કંક પક્ષીઓથી ચારે બાજુ ભક્ષણ કરાવું. ૧

तीक्ष्णैरसिमिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः परशु-त्रिशुलमुद्गर तोमरवासीमुषण्ढीमिः ॥ २ ॥ सम्मिन्नतालुशिर-सश्छिन्नकर्णनासौष्ठाः । भिन्नहृदययोदरागा भिन्नेाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥ ३ ॥

તીક્ષ્ણ તલવારેા, ચમકદાર 'ભાલાઓ, ભયંકર જમૈયા, ચક્રો, કુહાડા, ત્રિશૂલ, મુદ્ગર, સાગ, વાંસલા, બંદૂકો આ હથિયાર વડે. ૨. તાલુ, મસ્તક, કાન, નાસિકા, ઓષ્ઠ હૃદય પેટ. આંતરડા, ચક્ષુયુગલ વગેરેના છેદનભેદન કરાતા ખૂબ દુઃખી છે. ૩

निपतन्त उच्चेपतन्तेा विधेहमाना महीतले दीनाः । नेक्षन्ते दातारं नैरयिकाः कर्म्मपटलास्घाः ॥ ४ ॥ કર્માન્ધ, દીન, નારકેા ભૂમિતલ ઉપર, ઊંચાનીચા કરાતા, કેાઇ રક્ષકને જોતા નથી. ૪

એ જ પ્રમાણે શ્રી નંદી સૂત્રની વૃત્તિમાં પુજ્ય મલયગિરિજી લખે છે–

नरकगतेा कुन्ताग्रभेदकरपत्रशिरः पाटनशुलारोपण-कुम्भिपाकासि पत्रवनकृतकर्णनासादिच्छेद कदम्बालुकापथगमना दिरुपगनेकप्रका दुःखमेव निरंतरम् नाक्षिनिमीलनमात्रमपि तत्र सुखमू ।

નરકગતિમાં, ભાલાના અગ્રભાગથી ભેદાવું, કરવતથી મસ્તક વિદારવું, શુળી પર આરોપણ કરવું. કુંભિમાં પકાવવું. અસિપત્ર વન વડે કર્ણ નાસિક વગેરેનેા છેદ થવેા, કદમ્બા પુષ્પાકાર રેતીના માર્ગે ચાલવું વગેરે અનેક પ્રકારનું નિરંતર દુઃખ છે. આંખના પલકારા જેટલા સમયમાં પણ ત્યાં સુખ નથી, આટલી તીવ્ર વેદનાઓમાં કપાય, છેદાય, ભેદાય છાતા

પણ નારકીઓ મરતા નથી. તેમનું આયુષ્ય નિરૂપક્રમ છે. ગમે એટલા આઘાતોથી પણ આયુષ્ય પુરૂ ન થાય, તેમજ તૂટી પણ ન જાય. એટલે જ નારકી જીવો આપઘાત, આત્મ હત્યા પણ કરી નથી શકતા. કપાયા પછી, ટુકડા કર્યા પછી જેમ પાણીનું ટીપુ પાછું પાણીમાં મળી જાય, અથવા પારો જેમ પારામાં મળી જાય સાંધો પણ ન દેખાય તેમ આ નારકીઓના શરીરો પણ અંગો ભેગા થતા જ જોડાઈ જાય છે અને ઉભા થઈને ચાલવા જાય, નાસવા ભાગવા જાય. ત્યાં તો પરમાધામી ફરી ફરી મારે છે. એમ માત્ર નરકમાં સતત વેદના દુઃખ ને ત્રાસ જ ભોગવવાનું છે. નારકીઓ પોતાનું આયુષ્ય સમાપ્ત થયા પછી પૂરેપૂરૂ ભોગવાઈ ગયા પછી જ મૃત્યુ પામે.

ક્ષેત્રકૃત વેદના

આ તો વાત થઇ ફકત અસૂરો દ્વીરિત પરમાધામીકૃત વેદનાની. પરન્તુ ત્રીજી નરક પછી ૪, ૫, ૬, ૭ આ ચાર નરકોમાં પરમાધામીઓ પણ નથી ત્યાં શું થતુ હશે. ? શું જ્યાં પરમાધામી મારનાર નથી ત્યાં મજા હશે ? ત્યાં શું દુઃખ–પીડા–ત્રાસ–વેદના નહીં હોય ?

ના, એમ નથી. એક પછી બીજી નરકમાં અનેકગણું, બીજી પછી ત્રીજીમાં અનેક ગણું વધારે, એ જ પ્રમાણે ત્રીજી કરતાં ચોથી અને ચોથી પછી પાંચમી–છઠ્ઠી–સાતમી નરકોમાં અનેક ગણું દુઃખ વધારે છે ત્યાં પરસ્પરકૃત અને ક્ષેત્રકૃત વેદનાનું પ્રમાણ છે. નારકીજીવોને આવી દશ પ્રકારની વેદનાઓ થાય છે. એમ સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે.

नरया दसविह वेयणासी उसिण खुह पिवास कंडूहिं ।
परवरस्स जर-दाह-भय-सोग चेव वेयन्ति ॥

શીત (ઠંડી,) ઉષ્ણ (ગરમી), ક્ષુધા (ભૂખ), તૃષા (તરસ) કંડુ-ખરજવુ, પરવશતા, (જવર) તાવ, દાહ-બળતરા, શોક અને ભયાદિની દશ પ્રકારની વેદના અનેક ગણી વધારે નરકમાં છે. એક તો અહીંના સૂર્ય-ચન્દ્રાદિનો અંશમાત્ર પણ પ્રકાશ ત્યાં નરકપૃથ્વીઓમાં પહોંચતો નથી. તેથી સાતે નરકોમાં અંધારૂ વ્યાપેલુ છે. પહેલી પછી બીજી નરકપૃથ્વીમાં ઘણું વધારે, પછી વધુ ગાઢ....ગાઢ અંધારૂ છે. એટલે જ સાતમી નરકનું નામ મહાતમઃપ્રભા (તમસ્તમઃપ્રભા) અર્થાત ઘોર અંધારા-વાળી નરક જ્યાં અસંખ્યવર્ષો સુધી પડી રહેલા નારકીઓને પોતાને જ પોતાની આંગળી પણ કયારેય દેખાતી નથી એટલુ ઘોર નિબીડ અંધારૂં છે. તો બીજા તો કયાંથી દેખાય ? કોઇ સંભાવના જ નથી. અને પછી ચાલે, દોડે જાય, ભાગે એટલે એકબીજાને અથડાય, ભટકાય અને પછી લડવા માંડે ઝઘડવા માંડે અને મારામારી ઉપર ઉતરી જાય છે એટલે સૂધી કે લોહી લોહાણ થઈ જાય છે.

નરકમાં ઠંડી-એટલી ભયંકર હોય છે કે એ નારકીને જો અહીંયા લાવીને મહા મહિનાની સખત ઠંડીમાં હિમાલય ઉપર બરફ ઉપર સૂવાડી દીધો હોય અને ઉપરથી સૂસવાટા મારતો પવન ફૂંકાતો હોય તો તેને ઘસઘસાટ ઉંઘ આવી જાય તો પણ તેને ગમે આ હિસાબે વિચાર કરો નરકમાં અહીં કરતાં હજાર ગણી ઠંડી છે.

એ જ પ્રમાણે ગરમી પણ એટલી જ છે. એક નારકીને

જે ત્યાંથી અહીં લાવીને સળગતી ભઠ્ઠી ઉપર તપતા તવા ઉપર બેસાડવામાં આવે તો તેને ઘસઘસાટ ઉંઘ આવી જાય. એ હિસાબે કલ્પના કરો. નરકમાં ગરમી ઉષ્ણતાનું પ્રમાણ કેટલુ હશે ? હજાર ગણી ગરમી વધારે છે. આવી ગરમી જેમાં બિચારા શેકાઇ જાય. અને આટલી ગરમીના કારણે તેમને ભૂખ– તરસ કેટલી સખત લાગતી હશે તેની કલ્પના કરો. તરસની પણ એક જાતની વેદના હોય છે. અને તેના કારણે સતત તરફડતા હોય છે. ભારે ત્રાસ અનુભવતા હોય છે.

क्षुरिकावैरूप्यजन्या, कन्दुदेहेऽतिदुःखदा । अनन्तगुणितोऽत्रत्या जावज्जीवं ज्वरस्तथा ॥८॥ अनन्तप्न पारवश्य दाहशोकभयाद्यपि । कष्टं चिममप्येषां नैरयिशस्त्रादिशंनात् ॥ ९ ॥

લોકપ્રકાશ– ક્ષેત્રલોક

એજ પ્રમાણે બિચારા નારકીઓના શરીરમાં એક એક રૂંવાટે–રૂંવાટે રોગો ભરેલા હોય છે. ખાજ ખુજલી અને ખરજવુ તો એટલુ વધારે હોય છે કે–બ્લેડ- ચપુ- છરી- તલવાર લઈ ને સતત ખણો છતા પણ નારકીઓને નિરાંત નથી વળતી. સખત બહુ ઉગ્ર ખરજવા થી ખણી–ખણીને થાકી–થાકીને લોથ–પોથ થતા થતા અબજો વર્ષો (સાગરોપમો)નો કાળ પસાર કરે છે. કોઢ વગેરે રોગો પણ ભારે વ્યાપેલા હોય છે.

અહીંયા ડોકટર એક ઇંજેક્શનની સોય મારે અથવા પગમાં કાંટો વાગે ત્યારે આપણે કેવી ચીસ પાડીએ છીએ ? એવી એક સાથે આખા શરીરમાં કરોડો સોયો ભોંકાતી હોય તેવી તીવ્ર વેદના થાય છે. પણ શું કરે ? અહીંયા આપણને

દરદ ન થાય, દુઃખે નહીં તે માટે શીશી સુંઘાડીને ડોકટરો ઓપરેશન વખતે હાથ–પગ વગેરે કાપે છે. ચીરે છે, પરન્તુ નરકમાં સતત હાથ–પગ–નાક– કાન કપાતા જાય છે. કેટલી તીવ્ર વેદના !

ભયંકર તાવ.જવર અને દાહ–બળતરાની વેદના પણ તેમને કેટલી ? આપણે તેમના શરીરે જો સ્પર્શ કરીએ તો સળગતા અંગારાના સ્પર્શથી પણ વધારે લાગે, દાઝી જઈએ એટલો તાપ– જવર હોય છે. એટલી સખત બળતરા હોય છે. નરક પૃથ્વીઓની ભૂમિ જ એટલા અણીદાર કાંકરાવાળી હોય છે. અને અણીદાર છરાની બનેલી હોય છે. આવી જમીન ઉપર ચાલતા–ચાલતા પગ ચીરાઈ જાય લોહી–લોહાણ થઈ જાય એવી તો ત્યાંની ભૂમિઓ હોય છે. બિચારા નારકી જીવો ઉઘાડા પગે ચાલે પણ શી રીતે ? ચપ્પલ–બૂટ કપડા વગેરેનું તો ત્યાં નામ–નિશાન નથી. અને આવી પૃથ્વીઓમાં પાછી કાદવવાળી, લોહી–પરૂ વગેરેની વહેતી–નદીઓ જેવી ભૂમિ, કાદવ જેવી કીચડવાળી પૃથ્વીઓ, વૈતરણી નદી જેવી ભૂમિ– અહીંયા જમીનની નીચેની ગટર જેવી જમીનો અને એમાં કાદવના કીડાની જેમ સતત ચાલવું–બેસવું, જીવવું એટલે કેટલી યાતના ?

ત્રીજી નરકમાં પથરાયેલી રેતી એટલી તો સખ્ત ગરમ તપેલી કે આપણા જેવો મનુષ્ય તો કલાકમાં શેકાઈને બળી જાય એવી નરકમાં બિચારાઓને કાયમ રહેવાનું છે. આ પ્રમાણે ત્યાં નરકમાં ક્ષેત્રકૃત એટલે એ ધરતીઓ ઉપરની આ દસ પ્રકારની વેદના છે. ભયંકર દુઃખ ત્રાસ છે.

પરસ્પરકૃત વેદના :

આ નારકી વેદનાનો ત્રીજો પ્રકાર છે. અહીંયા જન્મના વૈર વૈમનસ્યના કારણે નરકમાં સાથે ઉત્પન્ન થયેલાં, ભેગા રહેતા નારકીઓ પરસ્પર કેટલી કાપાકાપી કરે છે : વૈર–ઝેર સામે યાદ આવે છે. અને જોતાં જ વૈરનો બદલો લેવા મારા–મારી કરે છે. જેમ અહીંયા સામ સામે યુદ્ધ કરે છે. તલવાર બંદુકો ચલાવીને કાપે છે. મારે છે. એ જ પ્રમાણે નરકોમાં આ અંદરો-અંદર-ની કાપાકાપી–મારામારી તો રોજ ચાલતી હોય છે. તેમને છોડાવનાર પણ કોણ ? કોઈ નહીં. તીવ્ર વેરના કારણે દુશ્મ-નાવટ ખૂબ જાગી જાય છે.

નારકીઓને ક્રોધ–માનાદિ કષાયોના ઉદયો કેટલા તીવ્ર-તર હોય છે? તેમનો કષાય એટલે ? આપણે એની શી ઉપમા આપી શકીએ ? શબ્દો નથી જડતા. એકબીજાને ડરાવવો, ભગા-ડવો, મારવો વગેરેની પરસ્પર કૃત વેદના ઘણી તીવ્ર હોય છે. આધી યુદ્ધાદિ જેવી પરસ્પર કૃત વેદના મિથ્યાદૃષ્ટિ નારકીઓજ ઉભી કરે છે–સમ્યકત્વી શાંત રહે છે. સમતા ભાવથી સહન કરે છે.પોતે થઇને ઉભી નથી કરતો.

આના પ્રકારની (**परस्परोदीरितदुःखाः ।**) વેદના સાતે નરકમાં છે. ક્ષેત્રકૃત વેદના પણ સાતે નરકમાં છે. **संक्लिष्टा सुरोदीरित दुःखाश्च प्राक चतुर्थ्या ।** પરમાધામી અસુરો વડે કરવામાં આવતી તીવ્ર વેદના ફકત ચોથી પહેલા એટલે ફકત ત્રીજી નરક સુધી જ છે. તેની આગળ આ નથી. શ્રી પ્રશ્ન-વ્યાકરણાંગ સૂત્રમાં ફરમાવે છે–

असिवण-दम्भवण-जंतपत्थर-सूइतल-कखारवायि-कल-कलंत-वेयरणि-कदम्बवालुया-जलिपगूहनिरंभणं उसिणोसिण कंटइलल-दुग्गमरहजोयणतत्तालोहमग्गगमण-वाहणाणि । इमेहीं बिविहेहिं आयुहेहिं । किं ते मुग्गरमुसुंढि करकय सति हल गय मुसल चक्क कोंत तोमर सूल लउल भिंडिमाल सवल पट्टिस चम्मेट्ठ दुहण मुट्ठिय असिखेड्ग खग्ग चाव नाराय कणक कप्पिणि वासि परसु कंटक तिक्ख निम्मल अण्णेहि य एवमादिएहि असुभेहि वेउव्विएहिं अणुबद्धतिव्ववेरा परोप्पर वेयणं उदीरंति अभिहणंता ।

ખડગાકાર પત્રવાળું વન, દર્ભવન, ઘરટ્ટાદિ પત્થર, ઉભી સોયવાળી ભૂમિ, ખાર ભરેલી વાપિકા, સીસા વગેરેથી ભરેલી વૈતરણી નદી, કદમ્બ પુષ્પાકાર રેતી, બળેલી ગુફા વગેરેમાં રુંધાવું. ઉષ્ણ ઉષ્ણ કાંટાથી વ્યાપ્ત, દુર્ગમ રથમાં જોડાવું, તપેલા લોખંડના માર્ગે ગમન યોગ્ય વહન થવું, વળી આવા વિવિધ આયુધોવડે પીડાવું. તે આયુધો હથોડા, બંધૂક, કરવત, ત્રિશૂલ, હળ, ગદા, મુશલ, ચક્ર ભાલા, તોમર, બાણ, સાંગ, શૂલ, લાઠી, ગોફણ, સબલ, અર્પીઓ, ચર્મ વેષ્ટિત પ્રસ્તર, ધણ, મુઠ્ઠી, કટારી, ઢાલ, તલવાર, ધનુષ્ય, બાણ, અણીયાલા બાણ, કાતરી, વાંસલો, કુહાડી, તીક્ષ્ણ, નિર્મલ બીજા પણ અશુભવિકુર્વેલા સેકડો હથિયારો વડે, અનબદ્ધ તીવ્ર વૈરવાળા જીવો પરસ્પર હણતા વેદના ઉત્પન્ન કરે છે.

विण-सुणग-सियाल-काक-मज्जार-सरभ दीविय-वियग्घ सद्दुलहीहि- दप्पिय-खुहाभिभूतेहिं णिच्चकालमणसिएहिं घोरारसमाणमीसरुवेहिं अक्कमित्ता दढदाढा-गाढडक्क-कड्ढिय-सुतिक्ख-नह फालियउद्धदेहा विच्छप्पंते समंतओ विमुक्क

संधिबंधणाविओगमंगा कंक कुरर-गिद्ध-घोर कट्टवायसगणेहि य पुणो खरथिरदढनकखलोहतुंडेहिं ओवत्तिया पक्खाहय-तिक्खणबखविकिन्न-जिब्भंछियणयण-नीदओलुग्ग विगतवयणा, उक्कोसंता च उप्पयंता निपतंता भमंता। सी उण्ह-तण्हा-खुह वेयण अप्पईकार अडविजम्मण-णीश्रमउविग्गवास-जग्गण वह बंधण-ताडणकणनीवायण-अट्ठीभंजण-नासाभेय प्पहारदुभण छवीच्छेयण अभिओग-पावण - कसंकुसारनिवाय-दमणाणि वाहणाणि य।

વરગડા, શ્વાન, શિયાળ, કાગડા, બિલાડા, અષ્ટાપદ, ચિત્રા, વાઘ, વ્યાઘ્ર પત્ય, સિંહ, દર્પિત અને ભૂખથી પીડાતાં નિત્ય ભોજન વિનાના ઘોર ભયંકર અવાજ કરતાં. તે પશુઓ વડે આક્રમણ કરાયેલા, દૃઢ કાઢો વડે ગાઢ રીતે કરડાયેલા, ખેંચાયેલા, તીક્ષ્ણ નખ વડે સર્વત્ર વિદારેલા દેહવાળા, સાંધા ઢીલા થયેલા અને અંગ વિરૂપ થયેલા નારકોને કંકપક્ષી, સમળી, ગીધ, અતિ ક્રૂરકારી કાગડાના સમૂહ વડે, કર્કશ, સ્થિર, દૃઢ નખ અને લોહ મુખવાળા તે પક્ષીઓ વડે પાંખોથી હણાતા, તીક્ષ્ણ નખ વડે જીભ ખેંચાયેલા, આંખો કઢાયેલા, નિર્દય વિકૃત વદનવાળા તે નારકો ક્રન્દન કરતા, ઊંચે ઉછળતા, નીચે પડતા ભમતા વેદના સહન કરે છે. શીત, ઉષ્ણ, તૃષા, ભૂખાદિ વેદના વૈદ્યાદિથી રહિત જંગલમાં જન્મવું, નિત્ય ભયથી ઉદ્વિગ્ન, જંગલમાં વસવું, નિદ્રાનો ત્યાગ, વધ, બંધન, મારવું અગ્નિથી ચિન્હ કરવાં, ગર્તાદિમાં ફેંકવું, હાડકાં ભાંગવા, નાસિકામાં કાણાં પાડવા, પ્રહારથી દમન, અવયવ કાપવાં, પરાધીન કરવાં, ચાબુક, અંકુશ લોહશલાકાઓનું શરીરે પડવું, દમન કરવું, વાહન થવું ઇ. વેદના પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે પ્રશ્ન વ્યાકરણાંગસૂત્રમાં ભિન્ન-ભિન્ન પ્રકારની વેદનાઓનું વર્ણન કર્યું છે.

નરકમાં ઉત્પત્તિ વિષે

એક વખત શ્રી ગૌતમ સ્વામીએ વીરપ્રભુને પ્રશ્ન પૂછ્યો- હે ભગવંત! રત્નપ્રભા આદિ સાતે નરક પૃથ્વીઓમાં એક સમયે કેટલા નારકીઓ ઉત્પન્ન થતા હશે?

ईमी से णं भंते । रयणप्पहाए पुढवीए नेरतिया एक्कसमएणं केवतिया उववज्जंति? गोयमा! जहण्णेणं एक्को वा दो वा तीन्न वा उक्कोसेणं संखेज्जा वा उववज्जंति एवं जाव अधे सत्तमाए ।

સર્વજ્ઞ શ્રી વીરપ્રભુએ ઉત્તર આપતાં કહ્યું-હે ગૌતમ! જઘન્યથી એટલે એછામાં ઓછા ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા નારકી જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. અને એ જ પ્રમાણે સાતે નરકોમાં સમજવું. આ પ્રમાણે શ્રી જીવાભિગમ આગમમાં કહ્યું છે.

નારકીઓનો જન્મ ઉપપાત જન્મ કહેવાય છે. આવા ઉત્પન્ન થવાના તેમને માટે ૮૪ લાખ નરકાવાસો છે. અને ઉત્પત્તિયોનિઓ નારકીઓની ૪ લાખ ગણવામાં આવી છે. ત્યાં ઉત્પત્તિ સમયે પ્રથમ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું નાનું તેનું શરીર હોય છે અને અંતર્મુહૂર્તમાં જ ઘણું મોટું થઇ જાય છે. સંકીર્ણ એટલે સાંકડી કુંભીમાં નહીં સમાતાં તે જીવો ઘાણીમાં પીલાતાં પશુની જેમ ચીસાચીસ કરે છે. આ ચીસો સાંભળીને નારકી જીવને ઉત્પન્ન થયેલો જાણીને નારકસંત્રી પરમાધામીઓ યમદૂતની જેમ દોડતા આવે છે. પકડો પકડો.... મારો....મારો....બોલતા બોલતા તલવાર ભાલા વડે

ભેદી વિંધે છે. ટુકડા કરી–કાપી નાંખી તેને કુંભીમાંથી બહાર કાઢે છે. નિર્દયપણે પીંડે.... તે બીચારા નારકીઓ નાસભાગ કરવા માંડે પણ તેમનું શું ચાલે? પછી તો કાપવા મારવાની વેદના શરૂ થઈ જાય છે. જન્મતાની સાથે જ આ વેદનાઓ છે. આ પ્રમાણે ભવભાવનામાં જણાવતા કહેવામાં આવ્યું છે કે

अंगुलअसंखभागो तेसि शरीरं नहिं हवइ पढमं । अंतोमुहुत्तयेतेण जायइ संपि हु महल्लं ॥९३॥ पीडिज्जइ मे। तत्तो घडियालसंकडे अमाबंतो । पीलिज्जंतो हत्थिव्व घाणए विरसमारसइ ॥९४॥ तं तह उप्पंपा पासिडण धावंति हट्ठतुट्ठमणा। रे रे गिपहहगिण्हएयं दुट्ठं ति जंपंता ॥९५॥ छोल्लिज्जंतं तह संकडाउ जंताओ वंससलियं व । धरिऊण खुरे कड्ढंति पलवमाणं इमे देवा ॥९७॥ एएय निरयपाला धावंति समंतओ व कलयलंता । रे रे तुरियं मारह छिदह भिंदह इमं पावं ॥९९॥ इय जंपंता वावल्लभल्लिसेलेहिं खग्गकुंतेहिं नीहरमाण विंधंति तह य छिंदंति निद्दारुणा ॥१००॥

નરકમાંથી ભાગીને કેમ નથી આવી જતા ?

શ્રી રાયપસેણીય નામના આગમમાં આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યુ છે કે

चउहिं ठाणेहि एएसी अहुणोववण्णए नरएसु नेरहए इच्छेइ माणुसं लोगं हव्वमागच्छित्तए नो चेव णं संचाएइ ? महाभूयंवेयणं बेदेसाणे २ नरयपालेहिं भुज्जो भुज्जो समहिज्जमाणे ३ निरय बेयणिज्जंसि कम्मंसि अक्खीसि अवेयंसि अनिज्जिन्नंसि ४ निरया ऽयंसि कम्मंसि अक्खीणंसि अनिज्जन्नंसि.

હે પ્રદેશી, નરકમાં તાજો ઉત્પન્ન થયેલો નારકી મનુષ્યલોકમાં આવવાને ઈચ્છે પણ ચાર કારણોથી આવી શકે નહિ.

૧ ભયંકર મોટી વેદનાને ભોગવવી. ૨. નરકના પાલક પરમાધામીઓનું વારવાર સતાવ્યા કરવું. ૩. નરકનું વેદનીય કર્મ ક્ષીણ ન થયેલું હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી. ૪. નરકનું આયુષ્ય ક્ષીણ થયુ ન હોવાથી ભોગવાયુ ન હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી. આવા કારણોસર કોઈ પણ નારકી જીવ જીવતા તો નરકમાંથી ભાગીને આવી શકે તેમ નથી.

કઇ નરકમાંથી આવેલો જીવ શું પામી શકે ?

૧ પહેલી નરકમાંથી આવેલો જીવ ચક્રવર્તી થઇ શકે.

૨ બીજીમાંથી આવેલો વાસુદેવ કે બળદેવ પણ થઇ શકે.

૩ પહેલી ત્રણમાંથી આવેલ જીવ તીર્થંકર થઇ શકે છે. જેમ શ્રેણિક મહારાજા પહેલીમાંથી આવીને અને શ્રીકૃષ્ણ ત્રીજી નરકમાંથી આવીને આગમી ચોવીશીમાં તીર્થંકર બનશે.

૪ પહેલી ચારમાંથી આવેલો જીવ કેવળી થઇ શકે છે.

૫ ૧ થી ૫ માંથી આવેલ જીવ ચારિત્રપામી સાધુ થઇ શકે.

૬ ૧ થી ૬ માંથી આવેવ જીવ દેશવિરતિધર શ્રાવક થઇ શકે.


૭ ગમે તે નરકમાંથી આવેલ જીવ સમ્યકત્વ તો પામી શકે છે.

આ સર્વ લબ્ધિઓની સંભાવના તે તે જીવ માટે રહે છે. પામે જ એવુ નથી. પરન્તુ પુરૂષાર્થ–પ્રયત્ન વિશેષે કરીને પામી શકે છે.

કયાં સંઘયણવાળા જીવો કઇ નરક સુધી જઇ શકે ?

૧. વજ્રઋષભ નારાચસંઘયણ વાળા જીવો સાતમી નરક સુધી જઇ શકે છે. (૨) ઋષભ નારાચ સંઘયણવાળા છઠ્ઠી સુધી ૩ - નારાચ સંઘયણવાળા જીવો પાંચમી સુધી, ૪ અર્ધનારાચવાળા

૬ સંઘયણો–



ચોથી નરક સુધી, પાંચમા–કીલિકા સંઘયણ વાલા જીવો ત્રીજી નરક સૂધી અને છઠ્ઠા સેવાર્ત (છેવટ્ટુ) સંઘયણ વાળા જીવો બીજી નરક પૃથ્વી સુધી જઇને ઉત્પન્ન થઇ શકે છે. સંઘયણ એટલે શરીરનો બાંધો, મજબૂતી. એ પ્રમાણે જીવો પાપો પણ વધુ તીવ્ર આદિ કરતા હોય છે તે કારણે તેમને તે તે વધુ નીચી તીવ્ર નરકોમાં જવુ પડતું હોય છે,

એ પ્રકારે નારકી જીવો

ચાર ગતિમાં ૫૬૩ જીવોના જે પ્રકારો ગણવામાં આવ્યા છે, તેમાં નારકીઓને ૧૪ પ્રકારના ગણ્યા છે. સાત નરકના નામે ૭ પ્રકારના નારકી જીવો. પરન્તુ ૬ પર્યાપ્તિઓની

દ્રષ્ટિએ ૭ પર્યાપ્તા 卐 નરકગતિ નારકી–અને ૭ અપર્યાપ્તા નારકીઓ એમ ૧૪ પ્રકારના નારકીજીવો ગણવામાં આવ્યા છે. મિથ્યા દ્રષ્ટિ, મહાઆરંભ–સમારંભ કરનાર, મહાપરિગ્રહો, માંસાહારી, હિંસક વૃત્તિ વાળો, પંચેન્દ્રયાદિનો વધ–ઘાત કરનાર તીવ્રકોધી, અનન્તાનુબંધી કષાયની વૃત્તિવાળો, કૃષ્ણાદિ અશુભ ક્રૂર લેશ્યાવાળા જીવો તથા રૌદ્રપરિણામી જીવો, અતિ પાપ-મગ્નજીવો વિશેષ કરીને નરક ગતિનું આયુષ્ય બાંધીને નરક ગતિમાં જાય છે. નરકગતિમાં જનારા જીવોમાં ફકત મનુષ્ય તથા તિર્યંચગતિના પશુ–પક્ષીઓ આ બેજ ગતિના જીવો નરકગતિમાં જઈ શકે છે. પરન્તુ દેવલોક દેવના દેવતા નરકમાં નથી જતા. કારણ તેવા કારણો નો અભાવ છે. અને તે જ પ્રમાણે નારકીઓ મરીને પાછા તુરત નારકી તરીકે નથી જન્મ લેતા. કારણ કે તેમને તેવા કારણોનો અભાવ હોય છે. હા, દેવલોકના દેવતાઓ પૂર્વભવના અતિસ્નેહપ્રેમ આદિના કારણને કારણે પોતાની વૈક્રીય શકિતથી નરકગતિમાં જઈને ઘડીભર પોતાના સ્નેહીને મળીને પાછો આવી જાય છે. પરન્તુ મરીને તુરંત ન જ જાય. એક ભવ મનુષ્ય તિર્યંચનો બાંધ્યા પછી જાય. ભૂતકાળમાં અનન્તા જીવો નરક ગતિમાં ગયા છે.

આ સંસારમાં ધર્મ કરતા પણ પાપનું પ્રમાણ ઘણું વધારે છે. તેથી પાપની સજા ભોગવવા માટે જીવો નરકમાં જનારા પણ ઘણાં વધારે. નરકગતિમાં પાપોની સજા વધુ પ્રમાણમાં ભોગવવાની છે. બાકી, ત્યાં ધર્મ નથી. ભગવાન નથી, સાધુ સંત નથી. દર્શન પુજા નથી. ભકિત ભાવના નથી. એટલે સદંતર ધર્મનો અભાવ જ છે. એટલે નરકમાં તો શું

ધર્મારાધના થઇ શકે ? ન જ થઇ શકે. જે કંઇ પણ ધર્મારાધના કરવી હોય તે અહીંયાં આ જન્મમાં જ કરી લેવી જોઇએ. અહીંયા સાક્ષાત દેવ-ગુરુ તથા ધર્મ હતો અને છે.

ત્યારે આરાધ્યો નહીં અને નરકમાં ગયા પછી પરમાધામીના પગે પડીને માફી માંગશો ? પરન્તુ ગમે એટલા પગે પડશો, આજીજી કરશો, માફી માંગશો તો પણ પરમાધામીને દયા નહીં આવે. પેલા અધર્મી છે. પરમ અધર્મી છે. સ્પષ્ટ કહેશે-કેમ ઉપર દેવ-ગુરૂ-ધર્મ હતા ત્યારે આરાધ્યા નહિં. માન્યા નહીં ? ત્યારે તો તું ઘણાં અભિમાનમાં હતો. અભિમાનમાં જ બોલતો ફરતો હતો.... હું ધર્મમાં નથી માનતો મને આમાં કોઈ શ્રદ્ધા નથી. વિશ્વાસ નથી. આ બધું હમ્બગ છે.... વગેરે તારા અભિમાનની ભાષા ઘણી વિચિત્ર હતી. અને હવે તું મારા પગે પડે છે. અરે....રે ! મનુષ્ય જન્મમાં તીર્થંકર ભગવાનને પગે પડયો હોત. માન્યા પૂજયા હોત તો અહીં આવવાનો અવસર જ ન આવત. પરન્તુ હવે શું થાય ? તેં ત્યાં કંઇ જ નથી કર્યું. ફકત પાપો જ ઉપાર્જન કર્યાં છે. હસતા હસતા પાપો ખૂબ બાંધ્યા છે. તો હવે આજે અહીંયા તેની સજા ભોગવવા તૈયાર થા. આ સમજીને માત્ર સમ્યગ દ્રષ્ટિ જીવો જ સમતા ભાવે નરકની વેદના સહન કરે છે. બાકી, મિથ્યા દૃષ્ટિ જીવો ખૂબ લડે છે, બાઝે છે. કાપાકાપી મારામારી કરતા હોય છે. બીજી બાજુ તીવ્ર નપુંસકવેદનો ઉદય હોય છે. નરકમાં કોઇ સ્ત્રી--પુરૂષ તરીકે નથી હોતા. બધા જ નપુંસક એટલે કામ-વિષય વાસનાનો પણ તીવ્ર ઉદય હોય છે. આ કારણે પણ મારામારી પરસ્પર ચાલતી રહે છે.

ઘડીભર શ્વાસ લેવા જેટલો સમય પણ નિરાંત કે શાન્તિ નથી.

[પ્રસંગોપાત અત્રે "નારકચર્ચા"ના વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે નરકસંબંધી વિશેષ વિચાર કર્યો છે. આગમાદિ શાસ્ત્રોમાંથી નરકસંબંધી હકીકતો સંક્ષેપમાં સ્પષ્ટ કરી છે. જેથી આપણા જેવા સર્વ જીવોને નરક ગતિની પ્રતીતિ થાય.]



અકંપિત ગણધરને સમાધાન તથા તેમની દીક્ષા

छिन्नम्मि संसयम्मि जिणेण जर-
मरण विप्प मुक्केण ।
सो समणो पव्वइओ तीहिं
सह खंडियसएहिं ॥

આ પ્રમાણે ગૌતમગોત્રીય અકંપિતદેવ દ્વિજોત્તમ વિપ્રવર્ય પંડિતે નરકગતિ અને નારકી જીવો વિષે સર્વજ્ઞ પરમાત્મા મહાવીર પ્રભુ સાથે ચર્ચાવિચારણા કરી અને તેમની શંકાનું સમાધાન થયું. મનઃ સંતોષ થયો. નરક ગતિની પ્રતીતિ થઈ. પ્રભુના વચનથી અથાર્થતા અને તત્વની વાસ્તવિકતા સમજાઈ ગઈ. સમ્યગ સાચું જ્ઞાન પામ્યા. સાચી દિશા પામ્યા. અને વાસ્તવિકતા સમજાઈ ગયા પછી પોતાના સંકલ્પ પ્રમાણે જીવન પ્રભુ ચરણે સમર્પિત કરવા તૈયાર થયા અને પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુનું શિષ્યત્વ સદ્ધાના માટે સ્વીકાર કર્યું. આઠમા ક્રમે ગણધર બન્યા. ત્રિપદી પામી દ્વાદશાંગી રચી. યથાર્થ તત્વનો જગતને ઉપદેશ આપ્યો. ૩૦ વર્ષનું કુળ ચારિત્ર પાળ્યું. કેવળજ્ઞાન પામી ૨૧ વર્ષ સુધી

કેવળી તરીકે વિચરી ૭૮ વર્ષનું કુલ આયુ પૂર્ણ કરી પ્રભુની હયાતીમાં જ રાજગૃહીમાં અંતિમ ૧ માસનું અનશન કરી નિર્વાણ પામ્યા. સદાના માટે આ સંસારથી મુક્ત થયા. સિદ્ધ-બુદ્ધ -મુક્ત નિરંજન-નિરાકાર બન્યા.

એમની ચર્ચાના આ વ્યાખ્યાનમાંથી આપણે સહુ કોઇ સાચુ તત્વ સમજી પાપ કરતાં અટકીએ અને નરકગતિથી બચીએ. કોઇ જીવ નરકગતિમાં ન જાય એ જ શુભેચ્છા સાથે સર્વ મંગળ..... 卐

શિવમસ્તુ સર્વ જગતઃ



– શિબિરની સફળતાનો એક પ્રબળ પુરાવો –

પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજના

નરકગતિના સચિત્ર વ્યાખ્યાન પ્રસંગે ઉપસ્થિત સેંકડો ભાઇ–બહેનોએ તથા શિબિરાર્થી યુવાનોએ જાહેરમાં સામૂહિકરૂપે કરેલ

દારૂ, માંસ, ચોરી, જુગાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, આદિ વ્યસનો તથા ગર્ભપાત, બળાત્કાર, દુરાચાર, અનાચાર આદિ ન સેવવાના પચ્ચખાણ.

માનસિક સંકલ્પ સાથેની જીવન ભરની

પ્રતિજ્ઞા..

જીવનમાંથી પાપોને તિલાંજલિ....

સૌરાષ્ટ્રની ધરતી જામનગરના હજારો શિબિરાર્થી યુવાનો તથા ભાઇ–બહેનોએ કરેલો.

અનુમોદનીય ત્યાગ...
સ્વીકારેલી પ્રતિજ્ઞા...
લીધેલા પચ્ચખાણ....
બદલ શતશ ધન્યવાદ

જૈન શાસન જયવંતુ રહો....

શ્રી આદિનાથાય નમઃ

પ. પૂ. મુનિરાજ
શ્રી અરૂણવિજયજી મહારાજના

વિ. સં. ૨૦૪૦ ની સાલના જામનગરના ચાતુર્માસ દરમ્યાન શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘે યોજેલ **૧૬ રવિવારીય ચાતુર્માસિક શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર** માં ચાલતી દર રવિવારીય **ગણધરવાદ વિષયની સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા** ના ૧૧ માં વ્યાખ્યાનની પ્રસ્તુત પ્રવચન પુસ્તિકા સ્વ.

પ. પૂ આચાર્યદેવ શ્રીમદ્
હેમસાગર સુરીશ્વરજી મહારાજ

(ગચ્છાધિ પતિ) ની આસો સુદ ૮ ની ચોથી પુણ્યતિથિ પ્રસંગે પુજ્યશ્રીની સ્મૃતિ અર્થે પૂ. સાધ્વીજી શ્રી મૃગેન્દ્ર શ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી સુયશાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી વિપુલ યશાશ્રીજી મહારાજ ના અત્રે જામનગર ચાતુર્માસ દરમ્યાન તેમની પ્રેરણાથી શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘના મોટા ઉપાશ્રયની શ્રાવિકા બહેનોએ કરેલ **સામૂહિક ફંડ માંથી** તથા



પ.પૂ.આ.મ.શ્રી હેમસાગર સુરીશ્વરજી

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘના ઉદાર સહકારથી પ્રસ્તુત પ્રવચન પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

– શ્રી આદિનાથાય નમઃ –

પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

– ની પવિત્ર નિશ્રામાં –

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ

તરફથી યુવાનોના લાભાર્થે આયોજિત

– ૧૬ રવિવારીય ચાતુર્માસિક –

– શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર –

આસો સુદ ૬. રવિવાર તા. ૩૦–૯–૧૯૮૪

ની ૧૧ મી રવિવારીય શિબિર પ્રસંગે



સર્વે શિબિરાર્થીઓની સાધર્મિક ભક્તિ મુંબઇ. ના સુપ્રસિદ્ધ ઉદાર દાનવીર શેઠ શ્રી

મહેતા તારાચંદ ધનજીભાઇ

તથા તેમના પરિવાર તરફ થી કરવામાં આવી છે.

તથા ચોથી શિબિરની સચિત્રગણધરવાદની 'કર્મ સિદ્ધિ' વિષયની પ્રવચન પુસ્તિકા પણ તેમના સૌજન્યથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

જૈન સમાજના સુપ્રસિદ્ધ આવા ઉદાર દાનવીરના સહકાર બદલ સાભાર ધન્યવાદ.

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ ભુવન સંઘ



સાધ્વીજી-ચાતુર્માસિક ૬૬ રવિવારીય

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર.

ફ્ર સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા ફ્ર

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક • પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય :- "પુણ્ય' અને 'પાપ' – સિદ્ધિ"

આસોસુદ ૧૩, અને વદ ૪] વ્યાખ્યાન-૧૨,-૧૩ [તા. ૭ અને ૧૪-૧૦-૮૪

– ૧૨ અને ૧૩ બન્ને સંયુક્ત વ્યાખ્યાનો –

નવમા ગણધર શ્રી અચલભ્રાતા સ્વામી

વિષય:- "પુણ્ય" અને "પાપ" સિદ્ધિ

શંકા – પુણ્ય અને પાપ જેવું કંઈ છે કે નહીં ?



ते पव्वइए सोउं अयलभाया
आगच्छइ जिणसगासं ।
वच्चामिण वंदामि
वंदिता पज्जुवासामि ॥

પ. પૂ. આસન્નોપકારી પરમપિતા પરમાત્મા ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીર સ્વામીને નમસ્કાર પૂર્વક....

અકંપિત પંડિત આદિ પોતાના શિષ્ય પરિવાર સાથે સર્વજ્ઞ મહાવીર સ્વામી પાસે ગયા. અને તેમની સાથે ચર્ચા કરીને શંકાનું સમાધાન કરીને દીક્ષિત થયા તે સાંભળીને નવમા દ્વિજોત્તમ પંડિત પ્રવર અચલભ્રાતા પણ પોતાના ૩૦૦ શિષ્યોના પરિવાર સાથ પ્રભુ પાસે જવાનો વિચાર કરે છે. અને વિચારે છે કે હું પ્રભુ પાસે જઈશ ભગવંતને વંદન કરીશ, અને વંદન કરીને તેમની સેવા કરીશ. આ પ્રમાણે વિચાર કરીને કોસલા નગરીના વતની ૪૧ વર્ષની ઉંમરવાળા હરિતગોત્રવાળા અચલભ્રાતા વસુ પંડિત તેમના ૩૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે સમવસરણે આવ્યા.

आभट्ठो य जिणेणं जाइ-जरा मरण-विप्पमुक्केणं ।
नामेण य गोत्तेण य सव्वण्णु सव्वदरिसीणं ॥ १९०६

જન્મ-જરા-મરણથી રહિત સર્વજ્ઞ-સર્વદર્શી સમતાના સાગર-કરુણાના ભંડાર ભગવંતે તેમના નામ અને ગોત્ર પૂર્વક સંબોધન કરી બોલાવતા કહ્યું, હે હસ્તિગોત્રિય અચલભ્રાતા આવો.... ખુશીથી આવો, આવો મધુર-મીઠો આવકાર મળતા પંડિત અચલભ્રાતા સમવસરણમાં ઉપર આવ્યા. સ્તબ્ધ બની ગયા. ત્યાં તો પ્રભુએ આગળ કહ્યું –

किं मण्णे पुण्ण-पावं अत्थि-नत्थि त्ति संसओ तुज्झं ।
वेय पयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥

જીવ માત્રના મનોગત ભાવોને જાણનારા અંતર્યામી પરમાત્મા મહાવીર પ્રભુએ અચલભ્રાતાની મનોગત શંકાને પ્રગટ કરતા કહ્યું– હે સૌમ્ય ! તારા મનમાં એવી શંકા છે કે પુણ્ય–પાપ જેવું કંઈ છે કે નહીં ? અદૃષ્ટ દેખાતા એવા પુણ્ય–પાપ હોઈ શકે ખરા ? આ પ્રમાણે તારા મનમાં પુણ્ય–પાપ વિષે શંકા છે. પરન્તુ હે અચલભ્રાતા ! તને આ સંશય થવામાં પરસ્પર વિરુદ્ધાર્થવાળા વેદનાં પદો તેમાં કારણભૂત છે. તે વેદપદોનો અર્થ બરોબર ન લગાડતાં આ શંકા ઉભી થઈ છે, અને જે વેદ વાકયો પરસ્પર વિરૂધ્ધ અર્થવાળા તારી સામે આવ્યા તેનો આશય તું ન સમજી શકયો. એટલે સંશય ઉભો થયો. તે વેદવાકય આ પ્રમાણે છે– "पुरुष एवेदं ग्नि सर्वं यद्भूतंयच्च भाव्यम्" તને જેમાંથી સંશય થયો તે આ વેદ વાકય છે. અને તેનો અર્થ તું એવો કરે છે કે– આ પ્રત્યક્ષ જણાતું જે કંઈ પણ જડ ચેતન સ્વરૂપ જે થયું અને થશે તે સર્વ પુરુષ જ છે. પુરૂષ અર્થાત આત્મા જ છે.

પરન્તુ આત્મા સિવાયના પુણ્ય–પાપ નામના કોઈ પદાર્થ છે જ નહીં.

હે અચલભ્રાતા ! તેં આ વેદ વાક્યથી એમ નક્કી કરી લીધું કે આત્મા સિવાય- પુણ્ય–પાપાદિ જેવું કંઈ જ આ જગતમાં નથી.

બીજી બાજુ વેદના એવા પણ વાક્યો આવ્યા, જેવા કે– "**पुण्यः पुण्येन कर्मणा पापः पापेन कर्मणा**" અર્થાત પુણ્ય એટલે શુભ કર્મ વડે પ્રાણી પુણ્યશાળી થાય છે, અને પાપ એટલે અશુભ કર્મ વડે જીવ પાપી બને છે. આ વેદ વાક્યથી તો પૂણ્ય–પાપની સત્તા જણાય છે. એક વાક્ય જુદું અને એના કરતાં બીજો વાક્ય સાવ વિરૂદ્ધ એટલે પરસ્પર વિરૂદ્ધ બે પ્રકારના વાક્યોના અર્થનો વિચાર કરતાં તું દ્વિધામાં પડયો. મનમાં શંકા જાગી. હવે શું કરવું ? પૂણ્ય–પાપ માનવું કે ન માનવું ?

એમાં પુણ્ય–પાપની સત્તા જણાવતા એવા કોઈ પ્રબલ તર્કો પ્રમાણે તને ન મળ્યા એટલે તે પુણ્ય–પાપ માનવાનો પક્ષ જતો કર્યો. અને પુણ્ય–પાપ જેવું કંઈ છે જ નહીં : આ પક્ષ નક્કી કર્યો.

વેદ વાક્યોનો સમન્વય અને સાચો અર્થ

ભગવાન– હે અચલભ્રાતા ! સર્વ પ્રથમ તો વેદ પદોનો અર્થ અને આશય સમજ, કે એ વેદો શું કહેવા માંગે છે ? એટલે તને ખ્યાલ આવશે કે તારો સંશય યોગ્ય છે કે અયોગ્ય ? "पुरुष एवेदं ग्नि सर्वं यदं भूत यच्च भाव्यम्" આ વાયક

એમ કહેવા માંગે છે કે આ પ્રત્યક્ષ જણાતું ચેતન–અચેતન સ્વરૂપ જે ભૂતકાળમાં થયું અને ભવિષ્યમાં થશે, તે સર્વ આત્મા જ છે. આ વેદ વાકય વિશેષ કરીને આત્માની સ્તુતિ કરે છે. આત્માના મહિમાનું વર્ણન કરે છે. નહીં કે આત્મેતર અન્ય પદાર્થોનો નિષેધ નથી કરતો. એકનો મહિમા વર્ણવ્યો એટલે બીજાનો નિષેધ થઈ ગયો, એવો જગતમાં કોઇ વ્યવહાર પણ નથી દા. ત. "पिष्णुमयं जगत्" આ વેદ વાકયમાં આખા જગતને વિષ્ણુમય કહ્યું છે. વિષ્ણુનો મહિમા જણાવતા એમ કહે છે કે—

जले विष्णुः स्थले विष्णुः, विष्णुः पर्वतमस्तके ।
सर्वं भूतमयो विष्णुस्तस्माद् विष्णुमयं जगत् ॥

અર્થાત જલમાં વિષ્ણુ છે, સ્થલ (ભૂમિ)માં વિષ્ણુ છે, પર્વત ઉપર પણ વિષ્ણુ છે, અને સર્વ ભૂતમય વિષ્ણુ છે. તેથી સંપુર્ણ જગત વિષ્ણુમય છે."

આ વાકયમાં વિષ્ણુનો મહિમા ગાયો છે. પરન્તુ બીજા અન્ય પદાર્થોનો અભાવ કર્યો હોય એવો કોઈ ધ્વનિ આમાંથી નથી નીકળતો. એટલે આ વાકયો ઉપરથી પુણ્ય-પાપ જેવું કંઈ છે જ નહિં એવો જે તું અર્થ કાઢે છે તે બિલકુલ અયોગ્ય છે. એ જ પ્રમાણે 'पुरुष एवेद'" આ વાકયમાં આત્માનો મહિમા વર્ણવ્યો છે. પરંતુ આમાં પણ આત્મેતર અન્ય પદાર્થ કંઈ છે, જ નહિ એવો આ વેદ વાકયનો કોઇ અભિપ્રાય જ નથી. બીજું હે અચલભ્રાતા ! થોડો એ પણ વિચાર કર કે જો પુણ્ય પાપ જેવું કંઇ હોત જ નહીં તો વેદમાં "अग्निहोत्रं

जुहुयात स्वर्गकामः" સ્વર્ગ મેળવવાની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. આ રીતે યજ્ઞ કરવાનું શા માટે કીધું ? વેદોની તો એવી માન્યતા છે કે અગ્નિહોત્રાદિ યજ્ઞ કરવાથી એક અદૃષ્ટ (પુણ્ય) ઉત્પન્ન થાય છે. તે આત્માને સ્વર્ગમાં લઈ જાય છે.

બીજું એ કે, જો પુણ્ય-પાપનું અસ્તિત્વ ન માનવામાં આવે તો, દાનનું ફળ પુણ્ય અને હિંસાનું ફળ પાપ જે મનાય છે, તે સર્વ નિષ્ફળ અસંગત સિદ્ધ થઇ જશે અને જો પુણ્ય-પાપનો નિષેધ થશે તો દાન-હિંસાદિ પ્રવૃત્તિનો પણ નિષેધ થઈ જશે. પરંતુ લોક વ્યવહારમાં તો તેવું દેખાતું નથી. દાન હિંસાદિ પ્રવૃત્તિઓ તો એકધારી-એક સરખી ચાલુ જ છે. જીવો આચરે જ છે. અને જો જીવો પ્રવૃત્તિ કરે જ છે તો પછી તે પ્રવૃત્તિ સદંતર નિરર્થક જ છે એમ પણ કહી નહીં શકાય. કંઈક સાર્થકતા તેમાં પણ છે.

અને બીજું એ પણ આ સંસારમાં સ્પષ્ટ દેખાય છે કે દરેક પ્રાણી સુખ-દુઃખ અનુભવે છે. કોઈ સુખી કોઈ દુઃખી છે, તો પછી તેનું કારણ શું ? માટે આ સંસારમાં સુખ દુઃખ છે તો તેનું કારણ પણ પુણ્ય-પાપ છે એ સ્પષ્ટ થાય છે. માટે વેદનું તાત્પર્ય પુણ્ય-પાપનું નિષેધ કરવાનું નથી. માટે હે અચલભ્રાતા ! પુણ્ય-પાપ અવશ્ય છે.

પુણ્ય-પાપ વિષે મતભેદના પક્ષો-

मण्णसि पुण्णं पावं साहारणमहव दोऽवि भिन्नाहं ।
होज्ज न वा कम्मं चिय सभावओ भवपवचेाऽयं ॥

હે અચલભ્રાતા ! વળી તારી સમક્ષ પુણ્ય–પાપ વિષે જુદા જુદા મતો ઉપસ્થિત છે તેમાંથી પણ તું નિર્ણય નથી કરી શકતો કે ખરો પક્ષ કયો હશે ? તેથી પણ તારુ મન દ્વિધામાં હોવાથી સંશયગ્રસ્ત છે. પુણ્ય–પાપ વિષેના તારી સામે ઉપસ્થિત મતો– આ પ્રમાણે છે

(૧) પુણ્ય હશે ? (૨) પાપ હશે ? (૩) અથવા ઉભયમિશ્ર હશે ? (૪) અથવા બન્ને ભિન્ન હશે ? અથવા શું આ ભવનો પ્રપંચ માત્ર સ્વભાવથી જ ચાલતો હશે ? આ પક્ષોને વધુ સ્પષ્ટ કરીએ–

(૧) માત્ર પુણ્ય જ છે. અને પાપ નથી.

(૨) માત્ર પાપ જ છે. પુણ્ય નથી.

(૩) પુણ્ય– અને પાપ શું મેચકમણિની જેમ બન્ને મિશ્ર છે ? અર્થાત મેચકમણિમાં વિવિધ રંગો હોવા છતા તે એક સાધારણ વસ્તુ છે તેમ સુખ–અને દુઃખરૂપ ફળ આપનાર કોઈ એક જ સાધારણ રૂપ છે ? અર્થાત શું પુણ્ય–પાપ બન્નેમિશ્ર છે ?

(૪) અથવા સુખનું ફળ આપનાર પુણ્ય, અને દુઃખનું ફળ આપનાર પાપ શું બન્ને જુદા–જુદા સ્વતંત્ર છે ?

(૫) કર્મ જ નથી. અર્થાત શુભાશુભ કર્મરૂપ પુણ્ય–પાપ જેવી કોઈ વસ્તુ જ નથી. અને આ સંસારનો ભવપ્રપંચ માત્ર સ્વભાવથી જ ચાલે છે. કર્મનો અભાવ અને સ્વભાવવાદ માનનાર આ પાંચમો પક્ષ છે. હે અચલભ્રાતા ! આવી પરસ્પર વિરુદ્ધ પાંચ પ્રકારની માન્યતાઓથી તું સંશયગ્રસ્ત થયો છે. આ પાંચે મતો કે પોતપોતાના મતની સિદ્ધિ માટે સમર્થન-

કારક ભિન્ન ભિન્ન યુક્તિઓ આપીને મતપુષ્ટિ કરે છે. તે આ પ્રમાણે છે.

(૧) એકાન્ત પુણ્યવાદ પક્ષ

पुण्णुक्करिसे सुभया तरतमजोगावगरिसओ हाणे ।
तस्सेव खए मोक्खो पत्थाहारोवमाणाओ ॥

ફક્ત પુણ્યવાદ જ માનનારા અને પાપ ન માનનારા મતવાદીઓનું માનવું છે કે એકલા પુણ્યને જ માનવાથી સુખ–દુઃખ બન્ને ઘટી શકે છે. તો પછી પાપ તત્વ માનવાની કોઈ જરૂરજ નથી રહેતી. જેમ–જેમ ભોજનમાં પથ્યાહારને જ વિશેષ રૂપે લેવામાં આવે તો આરોગ્ય સુધરે છે. સારૂ રહે, વધારો થાય છે. અને જેમ પથ્ય આહારનું પ્રમાણ ઘટે છે તેમ આરોગ્યમાં પણ હાનિ આવે છે. અર્થાત રોગ વધે છે. એમ પુણ્યનું પ્રમાણ ઘટે છે તેમ તેમ દુઃખ વધે છે. અને જો પથ્ય આહાર સાવજ છોડી દેવામાં આવે તો મૃત્યુની પણ સંભાવના છે. તે જ પ્રમાણે ફક્ત એકલા પુણ્યને જ માનવાથી સુખ–દુઃખની ઉપપત્તિ થઈ શકે છે. તો પાપ જુદુ માનવાની જરૂર નથી.

પુણ્યનો ક્રમશ. ઉત્કર્ષ એટલે જેમ જેમ પુણ્ય વધે તેમ તેમ સુખ વધે છે. અને પુણ્ય એકદમ વધી જાય તો સ્વર્ગ મળે છે. જો પુણ્ય ક્રમશઃ ઘટે તો સુખ પણ ઘટે છે. અર્થાત દુઃખ મળે છે. અને પુણ્ય જો સાવ જ ઘટી જાય તો નરકમાં દુઃખ મળે છે. અને પુણ્યનો સર્વથા ક્ષય અભાવ થઈ જાય તો મોક્ષ મળે છે. આ પ્રમાણે એકાન્ત પુણ્યવાદીઓ એકલા પુણ્યપક્ષથી પણ સંસારની વ્યવસ્થા ચલાવવાનું વિચારે છે.

એકાન્ત પુણ્યવાદ પક્ષનો નિરાસ અને પાપ સિદ્ધિ

इय सवित्ते सुह-दुक्खकारणत्तो य कम्मणो सिद्धो ।
पुण्णावगरिसमेत्तेण दुक्ख बहुलत्तणमजुत्तं ॥

કર્મ રૂપી (મૂર્ત) હોવા છતાં સુખ-દુઃખનું કારણ સિદ્ધ થાય છે. તેથી તે કર્મને પુણ્ય કર્મ, અને પાપકર્મ એમ બે પ્રકારનું માનવું જોઇએ. એટલે પુણ્ય ઘટવાથી દુઃખ વધે છે, અને માટે જ પાપને પુણ્યથી સ્વતંત્ર જુદું માનવાની આવશ્યકતા જ નથી, એવો પક્ષ ખોટો ઠરે છે.

જેમ કોઇને પણ વધારે સુખનો અનુભવ થતો હોય તો તેના કારણરૂપે વધારે પુણ્યને માનવામાં આવે એ જ પ્રમાણે જો કોઈને વધારે દુઃખનો અનુભવ થતો હોય તો તેની પાછળ કારણ સ્વરૂપે કોઈ વધારે અશુભ કર્મને જ માનવું જોઇએ. અને તે અશુભ કર્મ એટલે જ પાપ. પરન્તુ વધારે દુઃખના અનુભવની પાછળ પુણ્યનું ઘટવું માનવું એના કરતા પાપનું વધવું એ માનવું વધુ ઉચિત છે. દુઃખની વૃદ્ધિ માટે તેને અનુરૂપ કર્મ માનવું જોઇએ અને તે છે પાપ કર્મ.

જીવને જે દુઃખની વૃદ્ધિ થાય છે. તેનું કારણ ફકત પુણ્યનું ઘટવું એજ યોગ્ય નથી. કારણ કે દુઃખની વૃધ્ધમાં બાહ્ય નિમિતોમાં વધુ પડતો અનિષ્ય અયોગ્ય આહારાદિ પણ કારણ હોઈ શકે છે. જો દુઃખની વૃધ્ધિની પાછળ ફકત પુણ્યનું ઘટવું જ કારણ માનવામાં આવે તો જે પુણ્યથી મેળવેલ ઈષ્ટ આહારાદિ બાહ્ય સાધનો છે તેની હાનિ થવાથી જ વધારે દુઃખ થવુ જોઇએ. પરન્તુ તેમાં સુખને પ્રતિકુળ એવા અનિષ્ટ

આહાર આદિ વિપરીત બાહ્ય સાધનોનાં બળના પ્રકર્ષની અપેક્ષા રહેવી ન જોઇએ. જો પુણ્ય ઘટવાથી જ દુઃખ વધતુ હોય તો સુખના સાધનોનો ઘટાડો જ તેમાં કારણ હોવો જોઇએ. પણ દુઃખના સાધનોની વૃદ્ધિ તેમાં અનિવાર્ય ન હોવી જોઇએ.

પરન્તુ ના. દુઃખ માત્ર સુખના સાધનો ઘટવાથી જ વધે છે એવુ નથી. સુખના સાધનો ઘણાં હોય છે છતાં પણ દુઃખ વધી શકે છે. માટે દુઃખની વૃધ્ધની પાછળ સ્વતંત્ર અશુભ કર્મ માનવો જોઇએ. અને તે છે પાપ કર્મ સુખના વધ-ઘટની પાછળ તેના કારણભુત પુણ્યકર્મની વધ-ઘટ કારણ બને છે તે પ્રમાણે દુઃખના વધ-ઘટની પાછળ તેના પણ સ્વતંત્ર કારણરૂપે અશુભ પાપ કર્મને માનવો જોઇએ. પુણ્ય ઇષ્ટ સાધનો વસ્તુઓ ઘટી શકે છે, પરન્તુ દુઃખદાયિ અનિષ્ટ વસ્તુઓ કેવી રીતે વધે ? તે તો અશુભ કર્મના ઉદયથી વધે છે માટે અશુભ કર્મ-પાપને સ્વતંત્ર માનવો જોઇએ.

બીજુ હે અચલભ્રાતા ! જો પુણ્યની વૃધ્ધના આધારે મસ્ત મોટુ સુખી શરીર માનવામાં આવે અને પુણ્યના ઘટવાથી નાનું દુઃખી શરીર એમ જો માનવામાં આવે તો શું આ પક્ષ બરોબર છે ? પાપ જેવી કોઇ વસ્તુ જ સ્વતંત્ર ન હોય (ન માને) અને માત્ર પુણ્યની વધ-ઘટ પ્રમાણે જ જો શરીર માનવામાં આવે તો બીજી ઘણી આપત્તિ છે. એટલે વધારે પુણ્યથી વધારે મોટુ શરીર અને ઓછા પુણ્યથી નાનું શરીર એમ જો માનીએ તો ચક્રવર્તી કરતા પણ હાથીનું શરીર

મોટું છે, એટલે શું ચક્રવર્તી કરતા હાથીનું પુણ્ય વધારે માનવું ? અને હાથી કરતા ચક્રવર્તીનું શરીર નાનું છે તો શું હાથી કરતા ચક્રવર્તીનું પુણ્ય ઓછું માનવું ? ના. હાથીનું શરીર મોટું છે છતાં પણ પુણ્ય તો ચક્રવર્તીનું વધારે છે. અને હાથીનું પુણ્ય કેટલું ? સાવ થોડું. તો પછી પુણ્ય ઘટવાથી શરીર ઘટે, આ મત પ્રમાણે તો હાથીનું પુણ્ય સાવ થોડું છે તો હાથીનું શરીર સાવ નાનું થવું જોઇએ ને ? અને પુણ્ય વધવાથી જ શરીર મોટું વધતું હોય તો ચક્રવર્તીનું વધવું જોઇએ ને ? પરન્તુ તેમ પણ માનવું યોગ્ય નથી. સુખની પાછળ સ્વતંત્ર પાપને જ કારણભૂત માનવા જોઇએ.

બીજુ હે અચલભ્રાતા ! થોડું પણ હોય તો સોનું સોનું જ કહેવાય. અને વધારે પણ હોય તોય સોનું સોનું જ કહેવાય. વધારે સોનાથી મોટો દાગીનો બનશે. થોડા સોનાથી નાનો દાગીનો બનશે. પણ એવું નથી કે વધારે સોનાથી તો તો સારો મોટો દાગીનો બની જશે પણ ઓછાથી માટીનો ઘડો બનશે. અર્થાત થોડાથી બીજું જ કંઈ બની જશે ? ના. થોડાથી નાનું, અને વધુથી મોટું પણ બનશે તો સોનાનું જ. એ જ પ્રમાણે વધારે પુણ્યથી વધારે સુખ અને ઓછા પુણ્યથી ઓછું સુખ મળશે. પરંતુ વધારે પુણ્યથી વધારે સુખ અને ઓછા પુણ્યથી દુઃખ મળશે એમ તો ન જ કહેવાય. થોડા સોનાથી નાનો દાગીનો બને તે જ પ્રમાણે થોડા પુણ્યથી થોડું સુખ જ મળે પણ દુઃખ મળે એ પક્ષ ખોટો. માટે હે અચલભ્રાતા !

સુખની પાછળ પુણ્ય અને તે જ પ્રમાણે દુઃખની પાછળ પાપને સ્વતંત્ર કારણ માન. આ રીતે સ્વતંત્રપણે પાપની સિદ્ધિ થાય છે.

કાર્યકારણના અનુમાનથી પુણ્યપાપની સિદ્ધિ

પ્રશ્ન : કાર્ય હોય તો કારણ હોય કે કારણ હોય તો કાર્ય હોય ? કોણ કોની સાથે રહે ? દા. ત. ધૂમાડો હોય તો અગ્નિ ? કે અગ્નિ હોય તો ધૂમાડો ? જ્યાં જ્યાં અગ્નિ રહે ત્યાં ત્યાં ધૂમાડો હશે ? કે જ્યાં જ્યાં ધૂમાડો હશે ત્યાં ત્યાં અગ્નિ હશે ?

ઉત્તર : ધૂમાડો હશે ત્યાં તો અગ્નિ ચોક્કસ હશે જ. પરન્તુ અગ્નિ હોય ત્યાં ધુમાડો કદાચ હોય કે ન પણ હોય. દા. ત. લોખંડનો તપેલો લાલચોળ ગરમ ગોળો છે. ત્યાં અગ્નિ છે પણ ધૂમાડો નથી. એટલે અગ્નિ હજી ધૂમાડા વગર રહી શકશે, પરંતુ ધૂમાડો અગ્નિ વિના ન જ રહી શકે.

કારણ એકબીજામાં કાર્ય–કારણ ભાવ સંબંધ છે. કાર્ય હોય ત્યાં તો કારણ ચોક્કસ હોય જ. દા. ત. ઘડો હોય ત્યાં માટી અવશ્ય હોય જ, કારણ એ કે કાર્ય કયારે ય કારણ વિના રહેતું જ નથી.

કારણ તો કાર્ય વિના પણ રહી શકે છે. માટી ઘડા વિના પણ રહી શકે છે, અગ્નિ ધૂમાડા વિના પણ રહી શકે છે. કારણનું લક્ષણ કરતા કહ્યું કે : अनन्यथा सिद्धत्वे सति कार्य नियत पूर्ववृत्तित्वं कारणं " કાર્યની ઠીક પાછળ રહે તે કારણ.

આ રીતે આટલી કાર્ય-કારણની પૂર્વ ભૂમિકા વિચાર્યા પછી હવે એ શોધીએ કે સુખ-દુઃખ એ કાર્ય છે કે કારણ? શું એ બન્ને કારણ છે? તો એમાંથી થતું કાર્ય શું? ના.... કંઈ જ નથી. માટે એ બન્નેને કારણ તો ન જ માની શકાય.

તો શું કાર્ય માની શકાય? હા. કાર્ય કહી શકાય. સંસારમાં સુખ દુઃખ તે તે વ્યક્તિમાં દેખાય છે. કોઇને બંગલો, કોઇને ઝૂંપડી....વગેરે સુખ-દુઃખ છે. તે કાર્ય છે. જો કાર્ય હોય તો કારણ વિના કેમ સંભવે? સુખ-દુઃખને જો કાર્ય માનીએ તો તેના કારણમાં કોને માનશું?

આના ઉત્તરમાં સુખ-દુઃખના કારણ રૂપે માનવામાં કોઈ ઉપરવાળાને, કોઈ કુદરતને, કોઈ ઈશ્વરને, કોઈ પિતાને, કોઈ માતાને .. વગેરેને ભિન્ન ભિન્ન કારણ માનશે.

પરંતુ પોતાના સુખ-દુઃખની પાછળ જો ઈશ્વર-કુદરત આદિને જો કારણ માનવામાં આવશે તો તેમાં ઘણી આપત્તિઓ આવશે. ઈશ્વરનું સ્વરૂપ વિકૃત થઈ જશે. પછી તો ઈશ્વરને પણ રાગીદ્વેષી, પક્ષપાતી, સ્વાર્થી વગેરે માનવાનો વખત આવશે. (જેનો વિચાર આપણે પહેલા પણ-ચોથા વ્યાખ્યાનમાં પાના નં. ૧૨ થી કહી ગયા છીએ. ત્યાંથી એ બધી દલીલો વાંચી લેવી.

અને ઈશ્વર પણ સર્વને સુખ-દુઃખ તે તે જીવના કર્માનુસારે આપતો હોય તો પછી કર્મને સ્વતંત્ર કારણ માની શકાય, પછી બીજાની સત્તાની આવશ્યકતા જ નથી. એટલે

સુખ–દુ.ખનું કારણ નક્કી કરતાં આપણે કર્મસત્તાને ઠરાવીએ. તેમાં પણ શુભાશુભ કર્મને સુખ–દુઃખના કારણ સ્વીકારવામાં કોઈ આપત્તિ આવે તેમ નથી.

કાર્ય :-	**સુખ**	**ફળ**	**દુઃખ**
કારણ :-	પુણ્ય (શુભ કર્મ)	કર્મ	પાપ (અશુભ કર્મ)

સુખ–દુ.ખ કાર્ય છે. ફળ છે. તો તેની પાછળ કારણ ચોકકસ હોવું જ જોઈએ. તેના માટે પુણ્ય–પાપને જ માનવા પડશે. પુણ્ય–પાપ એ બીજું કંઈ જ નથી. એક જ સિકકાની બે બાજુની જેમ એક કર્મના શુભ અને અશુભ વિભાગ છે. સારા શુભ કર્મને પુણ્ય અને બરાબ અશુભ કર્મને પાપને કહીએ છીએ.

કર્મ

શુભ	અશુભ
(શુભઃ પુણ્યસ્ય)	(અશુભઃ પાપસ્ય)
સારું, ધર્મ	બરાબ, અધર્મ

કર્મ માત્રને બે વિભાગમાં વહેંચી દીધા છે. જીવોની પ્રવૃત્તિ કે વૃત્તિ બે જ પ્રકારની છે. કાં તો સારી અને કાં તો બરાબ દરેક જીવને મન–વચન અને કાયા આ ત્રણમાંથી ઓછા વધારે કરણો (સાધનો) મળ્યા છે. તે જ તેની પ્રવૃત્તિમાં સહાયક બને છે.

૧. મન) થી વિચાર | સારા વિચાર
| ખરાબ વિચાર

૨. વચન) થી વાક્ વ્યવહાર | સારી ભાષા
| ખરાબ ભાષા

૩. કાયા)થી પ્રવૃત્તિ | સારી પ્રવૃત્તિ
| ખરાબ પ્રવૃત્તિ

આ પ્રમાણે મન-વચન ને કાયા (શરીર) આ ત્રણ સાધનો મળ્યા છે. આ ત્રણે જડ છે. એની પ્રવૃત્તિનો મૂળકર્તા આત્મા સચેતન તત્વ છે. કર્મવશાત જીવ ત્રણેનો ઉપયોગ કરે છે. મનનો ઉપયોગ વિચાર કરવામાં થાય છે અને વિચારો બે પ્રકારના છે. કાં તો માનવી સારા વિચાર કરે છે, અને કાંતો ખરાબ-ગંદા વિચાર પણ કરે છે.

૨. વચન-વાણી-ભાષાનો વ્યવહાર વચનયોગથી થાય છે. તે પણ બે વિભાગમાંજ વહેંચી શકાય છે. કેટલાક સારી-પ્રિય-મધુર મીઠી-આવકારદાયક આદરાર્થી ભાષા વાપરે છે. તો કેટલાક તદ્દન ખરાબ, અપ્રિય, કડવી, કઠોર, દુઃખદાયી, ગાળ-યુકત, અપમાનજનક, ગંદી ભાષા પણ વાપરે છે.

૩. કાયા - શરીરની પ્રવૃત્તિ ચેષ્ટા આદિ હલન-ચલન આવવું-જવું, ખાવું-પીવું, ઉઠવું-બેસવું, ફરવું-ફરવું, લડવું-ભાગવું વગેરેની ઘણી પ્રવૃત્તિ શરીર દ્વારા કરવામાં આવે છે. એ પણ બેજ વિભાગમાં વહેંચાય છે. કાં તો સારી પ્રવૃત્તિ અને કાં તો ખરાબ પ્રવૃત્તિ.

ઉપર મુજબ મળેલા મન-વચન-કાયાનો ઉપયોગ સારા કે ખરાબ, શુભ-અશુભ આ બે રીતે જ થાય છે. બન્ને રીતે લોકો કરે છે. સારાને શુભ કહો. તે જ પુણ્યોત્પાદક-પુણ્ય કારક છે. અને ખરાબને અશુભ કહો તે જ પાપકારક, પાપોત્પાદક છે. કર્મના સિદ્ધાન્ત પ્રમાણે જેવા કર્યા છે, તેવા જ ફળ ભોગવવા પડે છે. જે કર્યા છે તે ભોગવવા પડે છે. કાંટા વાવવાથી કેરી નથી ઉગતી અને કેરી વાવવાથી કાંટા નથી ઉગતા. જેવું વાવીએ છીએ, તેવું જ લણીએ છીએ. જેવું આપીએ છીએ તેવુ જ પામીએ છીએ. As you sow So shall you reap. આ પ્રમાણે કામ કરતી કર્મ સત્તાના ઘરમાં નિશ્ચિત ન્યાય પદ્ધતિ છે. સુખ આપશો તો સુખ પામશો. દુઃખ આપશો તો દુઃખ પામશો. કોઇને પણ સુખ આપવું અર્થાત દુઃખી ન કરવો તે પુણ્ય છે. શુભ છે. અને તેનું ફળ સુખ જ મળશે. એ જ પ્રમાણે કોઈને પણ દુઃખ આપવુ, દુઃખી કરવો એ પાપ છે. અશુભ છે. તેના કારણે જીવોને દુઃખનો જ ઉદય થાય છે.

दुखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थिति ।
न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्मसंचयः ॥

આ પણ એક જગતનો શાશ્વતો નિયમ છે કે દુઃખ જ્યારે જ્યારે ઉદયમાં આવે છે ત્યારે કરેલા અશુભ પાપ કર્મના કારણે જ, અને સુખ પણ કયારેય ઉદયમાં આવશે ત્યારે કરેલા ધર્મ (પુણ્ય)ના કારણે જ આવે છે. આ સર્વ

શાસ્ત્રોમાં કંડારાયેલુ શાસ્ત્ર વચન છે. માટે કોઈએ પણ પાપ ન કરવા અને ધર્મ–પુણ્ય કરવાં જોઇએ.

પરન્તુ આ સંસારમાં તદ્દન ઊંધી વિપરીત પ્રવૃત્તિ કરનારા જીવો પણ જોવા મળશે. કહ્યું છે કે–

पुण्यस्य फलमिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।
कहां पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादशः ॥

આ સંસારમાં જીવોની વિચિત્ર વૃત્તિ પણ જોવા મળે છે કે, પુણ્યનું ફળ જે સુખ છે તે તો સહુ મેળવવા ઇચ્છે છે. પરન્તુ સુખના કારણભૂત પુણ્યને આચરવા કોઈ નથી ઇચ્છતું. એ જ પ્રમાણે પાપનું ફળ જે દુઃખ છે તે કોઈ નથી ઇચ્છતું. પરન્તુ આશ્ચર્ય તો એ વાતનું છે કે પાપ કરવાનું છોડતા પણ નથી. પાપ કરીને સુખી થવાની ઇચ્છા ઘણા રાખે છે. બાવળ વાવવાથી કેરી કયારેય ઊગતી નથી. તેમ પાપ કરવાથી સુખ કોઈ કાળે મળતું નથી. દુઃખ જ મળે. કર્મસત્તાના દરબારમાં દેર પણ નથી અને અંધેર પણ નથી.

એકાન્ત પાપવાદના નિરાશપૂર્વક પુણ્યસિદ્ધિ

બીજા પક્ષમાં જે એકાન્ત પાપવાદ માનીને તેની વધઘટના આધારે જગતમાં સુખ–દુઃખની વધઘટ માનવાનો વિચાર છે. તે પક્ષ પણ એકાન્ત વાદનો પક્ષ છે. તે કેવી રીતે ઉચિત નથી તે જોઇએ. પ્રથમ એકાન્ત પુણ્યવાદનો બિલકુલ વિરુધ્ધ મત છે. પ્રભુએ કહ્યું –

एवं चिय विवरीयं जोएज्जा सव्वपावपक्खेऽवि ।
न य साहारणरूवं कम्मं तक्कारणाभावा ॥

હે અચલભ્રાતા ! જે મેં કેવલ પુણ્ય પક્ષમાં કહ્યુ હતું તે જ ઉલટાવીને અહીંયાં આ એકાન્ત પાપવાદના પક્ષમાં વિચારવું. તે જ તર્ક યુક્તિ અહીંયાં પણ વાપરવી જેમ પુણ્ય ઘટવાથી દુઃખ ન થઈ શકે, તેમ પાપ ઘટવાથી પણ સુખ ન થઇ શકે. જો ઘણું ઝેર ઘણું નુકસાન કરતું હોય તો થોડું ઝેર પણ નુકસાન જ કરશે. થોડું ઝેર ફાયદો તો નથી જ કરતું. એવી જ રીતે એમ સ્પષ્ટ કહી શકાય કે ઘણું પાપ ઘણું દુઃખ આપે તો થોડું પાપ થોડું પણ દુઃખ જ આપશે. થોડું પાપ સુખ તો ન જ આપી શકે. ક્યાંથી આપે ? પાપ તો પાપની જ કક્ષાનું છે. જેમ ઝેર તો ઝેરની જ કોટીનું છે. પ્રમાણ ઓછું વધારે છે.

પ્રમાણમાં ફરક પડવાથી એનો ફળમાં પણ ફરક પડી શકે છે. પરન્તુ પ્રમાણ ઘટવાથી વિપરીત ફળ તો ક્યાંથી આપી શકે ? માટે પાપ સાવ થોડું પણ હોય તો થોડું પણ દુઃખ આપશે અને જો સુખ જોઈતું હોય તો આપણે પુણ્ય તત્ત્વની સાબિતી કરવી જ પડશે.


(૩) પુણ્ય-પાપ સંકીર્ણ (મિશ્રયોગ) પક્ષ ઉચિત નથી.

कम्मं जोगनिमित्तं सुभेऽसुभे वा स एगसमयम्मि ।
होज्ज न ऊभयरुवो कम्मंपि तओ तयणुरुवं ॥

હે અચલભ્રાતા ! એકાન્તરૂપે પુણ્ય-પાપને ઉભયસંકીર્ણ (મિશ્રયોગે માનીએ તે પણ ઉચિત નથી. કારણ કે તેવા કર્મનું કોઈ કારણ નથી.

કર્મનું કારણ યોગ છે અને એક સમયે એક જ ઉપયોગ હોય છે. એક સમયે કાં તો શુભ ઉપયોગ હોય અથવા અશુભ હોય. પરન્તુ શુભાશુભ બન્ને ઉપયોગ એક સમયે તો સંભવે જ નહીં. એટલે તેનું કાર્ય કર્મ પણ પુણ્યરૂપ શુભ અથવા પાપરૂપ અશુભ ભિન્ન ભિન્ન થાય. પરન્તુ ઉભયરૂપ મિશ્ર તો ન જ થાય.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મ-બંધના હેતુઓ કહેવાય છે. આ બધા પાંચે હેતુઓમાંથી એક



યોગ જ એવો હેતુ છે, જેના કર્મબંધની સાથે અવિનાભાવ સંબંધ છે. અર્થાત્ જ્યાં જ્યાં કર્મબંધ હોય ત્યાં યોગ હેતુ અવશ્ય હોય છે. તેથી અહીં બીજા કારણોના બદલે યોગની પ્રધાનતા લીધી છે.


મન, વચન અને કાયાના ત્રણ કારણથી યોગ પણ ત્રણ પ્રકારનો છે– ૧. મનોયોગ, ૨. વચનયોગ અને ૩. કાયયોગ. મુખ્યત્વે આ યોગ જ કર્મબંધનો મુખ્ય હેતુ છે.

હે અચલભ્રાતા ! તું જે એમ માને છે કે એક સમયે, એકીસાથે શુભાશુભ મિશ્રયોગ પણ હોય છે. દા.ત., દાન દેવાનો શુભ વિચાર અને દાન વિધિ અવિધિ પુર્વકની અશુધ્ધ હોય. તે જ પ્રમાણે વચનથી ઉપદેશ અશુભ હોય અને કાયાની ચેષ્ટા અશુધ્ધ હોય એવા સમયે શુભાશુભ બન્ને મિશ્ર હોય છે.


પરન્તુ તારી આ માન્યતા યોગ્ય નથી. પ્રત્યેક યોગના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ પડે છે. મન-વચન-કાયયોગના જે પ્રવર્તમાન પુદ્ગલો છે, જે સ્ફુરણ પરિસ્પંદ છે તે દ્રવ્ય-યોગ છે અને આ બન્ને પ્રકારના દ્રવ્યયોગનું ઉત્પત્તિ કારણ અધ્યવસાય છે તે ભાવયોગ છે. ભાવયોગ નિશ્ચય નયની અપેક્ષાએ એક સમયે શુભ અથવા અશુભ બંનેમાંથી એક જ હોય છે. તત્વચિન્તનમાં વ્યવહાર કરતાં નિશ્ચયની પ્રધાનતા હોય છે અને દ્રવ્યયોગની બાહ્ય પ્રવૃત્તિમાં વ્યવહારની પ્રધાનતા હોય છે. અધ્યવસાય સ્થાનોમાં શુભ અથવા અશુભ બે જ ભેદ છે. પરન્તુ શુભાશુભ મિશ્ર એવો ત્રીજો ભેદ જ નથી. માટે અધ્યવસાય જ્યારે શુભ હોય ત્યારે પુણ્યબંધ અને અધ્યવસાય જ્યારે અશુભ હોય ત્યારે પાપબંધ (અશુભબંધ) પડે. પરન્તુ બન્ને મિશ્ર (સંકીર્ણ) તો સંભવ જ નથી. કારણ કે તેવા મિશ્ર અધ્યવસાય એક સમયે નથી. એક સમયે શુભ અથવા અશુભ-માંથી એક જ યોગ હોય. તેથી પુણ્ય-પાપ સ્વતંત્ર માનવા જોઇએ, મિશ્ર (સંકીર્ણ) નહીં.

ભાવયોગ એ ધ્યાન અને લેશ્યારૂપ છે.

(૧) ધ્યાન



(૨) લેશ્યા



આ પ્રમાણે શુભ–અશુભ કર્મ (પુણ્ય–પાપ) ના બંધમાં નિમિત્તરૂપ ધ્યાન અને લેશ્યા બન્નેમાં શુભ–અશુભ બે ભેદ છે અને બન્નેમાંથી યોગમાં અધ્યવસાય સ્થાને એક સમયે એક જ હોય. શુભ અથવા અશુભ, પરંતુ શુભાશુભ મિશ્ર એવો ત્રીજો કોઈ ભેદ નથી હોતો. માટે શુભ–અશુભ કર્મબંધ રૂપ પુણ્ય–પાપને સ્વતંત્ર માનવો જોઈએ, સંકીર્ણ મિશ્ર નહીં.



કર્મપ્રકૃતિઓમાં મિશ્ર તથા સંક્રમના હેતુઓ-

पुव्वगहियं च कम्मं परिणामवसेण मीसयं नेज्जा ।
इयरेयरभावं वा सम्मा-मिच्छाइ न उ गहणे ॥

मोतूण आउयं खलु दंसणमोहं चरित्तमोहं च ।
सेसाणं पयडीणं उतरविहि संकमो भज्जो ॥

હે અચલભ્રાતા ! કોઈ કર્મ શુભાશુભ મિશ્ર નથી. તો સમ્યક્ મિથ્યાત્વરૂપ મોહનીય કર્મની આ મિશ્ર પ્રકૃતિ કેમ ? તારા આ સંશયના વિષયમાં કહેવાનું કે, આ સમ્યક્ મિથ્યાત્વ મોહનીય અર્થાત મિશ્ર મોહનીય કર્મ પ્રકૃતિ બંધની અપેક્ષાએ મિશ્ર નથી. યોગ દ્વારા જે કર્મનું ગ્રહણ થાય છે તે અપેક્ષાએ તો કર્મ શુભ અથવા અશુભ જ હોય છે. પરન્તુ અધ્યવસાયના બળથી શુભમાંથી અશુભમાં અથવા અશુભમાંથી શુભમાં પરિણત કરી શકાય છે. મિથ્યાત્વ રૂપ અશુભનું સમ્યક્ રૂપ શુધ્ધ અથવા વીપરીતપણે પણ પરિવર્તન અધ્યવસાયના આધારે કરી શકાય છે. આ પ્રકારે સત્તાગત કર્મની અપેક્ષાએ મિશ્ર મોહનીયનો સંભવ છે. પરન્તુ ગ્રહણકાળે તો મિશ્રનો બંધ પડતો જ નથી. માટે શુભાશુભ મિશ્ર ભેદ ન માનતાં બન્નેને સ્વતંત્ર માનવાં ઉચિત છે.

કર્મપ્રકૃતિમાં પણ અન્યોન્ય સંક્રમમાં એવો જ નિયમ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, વેદનીય, આયુષ્ય આ આઠે મૂળ પ્રકૃત્તિઓમાં તો પરસ્પર સંક્રમ થઈ જ શકતો નથી. અર્થાત્ એક મૂળ પ્રકૃતિ બીજી પ્રકૃતિ રૂપે પરિણત કરી શકાતી જ નથી. પરન્તુ ઉત્તર પ્રકૃતિઓમાં સંક્રમ સંભવે છે. આયુષ્ય કર્મમાં ચારે પ્રકારના દેવ, નરક, તિર્યંચ, મનુષ્ય એમ ચારે આયુષ્ય પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ થતો જ નથી. મોહનીય કર્મમાં પણ દર્શન

મોહનીય, ચારિત્ર મોહનીય એ બે ઉત્તર પ્રકૃતિઓનો સંક્રમ નથી. એ સિવાયની બીજી કર્મ પ્રકૃતિઓમાં વિકલ્પે સંક્રમની સંભાવના છે.

૪૭ ધ્રુવ બંધિનિ ઉત્તર પ્રકૃતિઓ ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૧૬ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, ૫ અંતરાય એ બધાની પોતપોતાની મૂળ પ્રકૃતિઓ અભિન્ન હોય તેવી માટે એવો નિયમ નથી કે પોતપોતાની મુળ પ્રકૃતિથી પરન્તુ આ સિવાયની બાકીની અધ્રુવબંધિનિ પ્રકૃતિઓ ઉત્તર પ્રકૃત્તિઓમાં પરસ્પર સંક્રમ સદૈવ થાય છે. અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓમાં પણ જે અબધ્યમાન હોય તે બધ્યમાન પ્રકૃતિમાં સંક્રાન્ત થાય છે. પણ બધ્યમાન પ્રકૃતિ અબધ્યમાનમાં સંક્રાન્ત થતી નથી આ પ્રમાણે પ્રકૃતિ સંક્રમ વિકલ્પે છે.

૫. એકાન્ત સ્વભાવવાદને નિરાસ –

એક પક્ષ એવો પણ છે કે જે પુણ્ય-પાપ જેવી કોઈ વસ્તુ માનવા જ તૈયાર નથી. કર્મ-પુણ્ય-પાપ કંઈ છે જ નહીં. આ આખો સંસાર ચક્ર સ્વભાવથી જ ચાલે છે. જીવાજીવ સર્વ પદાર્થોના નીયત સ્વભાવો છે. સ્વભાવથી જ આ સંસારની વિચિત્રતા સિધ્ધ થાય છે

સ્વભાવવાદીઓનું એમ માનવું છે કે- વસ્તુઓની ઉત્પત્તિમાં કોઈ પણ હેતુની અપેક્ષા નથી. સ્વભાવથી જ સંસારમાં બધું બને છે. કમળ કેમળ છે, કાંટા કઠોર છે. મોરના

પિંછા વીવીધ રંગી છે. ચંદ્રિકા સફેદ છે. આ સર્વ પ્રકારની વિચિત્રતા કોઈ કરતુ નથી. સ્વભાવથી જ થાય છે. માટે ઈશ્વર, કર્મ કંઈ જ માનવાની જરૂર નથી. કોઈ કર્તા નથી, બધું સ્વભાવિસિધ્ધ છે. જેમ કાંટાની તીક્ષ્ણતામાં કોઈ હેતુ નથી, તે જ પ્રમાણે જીવોના સુખ-દુઃખમાં પણ કોઈ હેતુ નથી. માત્ર સ્વભાવથી જ જીવો સુખી-દુઃખી થતા હોય છે. આ પ્રમાણે સંસાર સ્વભાવના કારણે ચાલ્યા કરે છે. એવું સ્વભાવવાદીઓનું કહેવું છે.

હે અચલભ્રાતા ! આ પક્ષ પણ યુક્તિયુક્ત નથી. કારણ, પહેલાંતો એ વિચારીએ કે સ્વભાવ શું છે ? સ્વભાવ એટલે શું ? શું સ્વભાવ તે કોઈ વસ્તુ વિશેષ છે ? અથવા નિષ્કારણતા છે ? અથવા શું વસ્તુનો ધર્મ છે ? શું છે ? સ્વભાવવાદનો વિચાર કરતા પહેલા તો આ ત્રણે વિકલ્પો ઉભા થાય છે. આપણે ક્રમશઃ એક એકને જોઈએ.

૧. સ્વભાવને જો વસ્તુ વિશેષ માનીએ તો તે આકાશ-કુસુમ અથવા વન્ધ્યાપુત્રના જેવુ સિધ્ધ થશે. કારણ સ્વભાવ કયાંય ઉપલબ્ધતો નથી, કે આપણે આ વસ્તુનું નામ સ્વભાવ કહી શકીએ. એવી કોઈ વસ્તુ પૃથ્વી તલ ઉપર ઉપલબ્ધ નથી. માટે વન્ધ્યાપુત્રની જેમ સ્વભાવ પણ વસ્તુ વિશેષ સિદ્ધ ન જ થઈ શકે.

બીજુ સ્વભાવને મૂર્ત માનવો કે અમૂર્ત જો મૂર્ત માને તો તો પછી કર્મ મૂર્ત જ છે. તો સ્વભાવને કર્મનું જ બીજુ નામ આપી દીધું હોય તેમ લાગે છે. અને જો અમૂર્ત માને

તો સ્વભાવ આકાશની જેમ કોઇનાય સુખ-દુઃખનો કર્તા સિદ્ધ નહીં થાય. અને અમૂર્ત માને તો મૂર્ત શરીર આદિની નિર્મિતિ માટે અનુરૂપ કારણ નહીં કહેવાય.

૨. જો બીજા અર્થમાં સ્વભાવનો નિષ્કારણ અર્થ માનતો હોય તો તે પણ ઉચિત નથી. કારણ જો કોઈ પણ કાર્યની પાછળ કોઈ કારણ જ નહીં હોય તો શરીરાદિ બધા પદાર્થો એકી સાથે કેમ ઉત્પન્ન નથી થઈ જતા ? અગ્નિ કારણ છે તો જ ધૂમાડો નીકળે છે, અને માટી કારણ છે તો જ ઘડો બને છે. પરન્તુ આ પક્ષ પ્રમાણે જો સાવ નિષ્કારણતા જ માનવામાં આવે તો અત્યારે અને સદાય ઘડા, ધૂમાડાની ઉત્પત્તિ સતત થતી જ રહેવી જોઇએ. પરન્તુ ના. વ્યવહારમાં પણ અગ્નિના જ કારણે ધૂમાડો નીકળે છે તે સિધ્ધ થાય છે. આ પ્રમાણે સ્વભાવને સાવ નિષ્કારણતા જો માનશો તો પણ સિધ્ધ નહીં થાય. સુખ-દુઃખની પાછળ જો કોઈ કારણ જ નથી એમ માનીશ તો સંસારમાં કાં તો બધા સુખી જ હોવા જોઇએ અને કાં તો બધા દુઃખી જ હોવા જોઇએ. કારણ વિના તો બધું જ સંભવ થવું જોઇએ. અથવા તો પછી કોઈ પણ સુખી નહીં, કોઈ દુઃખી પણ નહીં હોવા જોઇએ. પરન્તુ હે, અચલ-ભ્રાતા ! આ કયારેય શકય નથી. પ્રત્યક્ષ વિરૂદ્ધ છે. કારણ, સંસારમાં કોઈ સુખી કોઈ દુઃખી એમ ભિન્ન ભિન્ન પ્રકારનો જીવો છે. તો તેનું કોઇ તો કારણ માનવું જ જોઇએ અને તે છે કર્મ સંસારની વિચિત્રતા, શરીરની ભિન્ન ભિન્ન વિચિત્રતા આ બધાની પાછળ કોઈ કારણ જ ન હોય તો કેમ સંભવે ? માટે નિષ્કારણતા એ સ્વભાવનો અર્થ ઉચિત નથી.


૩. ત્રીજા અર્થમાં સ્વભાવને વસ્તુ ધર્મ પણ નહીં કહી શકાય. જો સ્વભાવને આત્માનો ધર્મ માને તો તે પણ અમૂર્ત સિધ્ધ થશે. અને તેથી શરીરાદિ ઉત્પન્ન થઈ નહીં શકે. અમુર્તથી મુર્તની ઉત્પત્તિ ન જ સંભવે. શરીર મુર્ત છે. સ્વભાવને મુર્ત વસ્તુનો ધર્મ કહો તો બરોબર છે. કારણ, કર્મ મુર્ત જ છે. કર્મ પણ પુદ્ગલનો પર્યાય જ છે. અને તમારો કહેવાનો આશય આ હોય તો ઠીક. તો પછી સ્વભાવ વાદ શા માટે માનવો ? તેના બદલે કર્મવાદ જ માનવો. વધુ સુસંગત છે. દોષરહિત નિર્દોષ પક્ષ છે. કર્મવાદમાં કોઇ આપત્તિ નથી.

આ પ્રમાણે સ્વભાવવાદ પક્ષના ત્રણે અર્થો સુસંગત સિદ્ધ નથી થતા. સ્વભાવ તો એકરૂપ જ હોય છે. સ્વભાવ નિયત હોય છે. જ્યારે સંસારમાં કાર્યો પ્રતિનિયત તથા વિચિત્ર હોય છે. એકરૂપ સ્વભાવથી વીપરીત તથા વિચિત્રકાર્યની સિધ્ધિ નહીં થાય. એક ઘડો બનાવવા માટે જેમ માટી, પાણી, દંડ, ચક્ર, ચીવટ, કુંભાર આદિ ઘણાં કારણો છે. તેમ નાના સ્વભાવવાદ પક્ષ માનવાનો વખત આવશે. તો પછી ભિન્નભિન્ન પ્રકારના શરીરની પાછળ કર્મવાદ પક્ષ જ સુસંગત છે. અને કર્મમાં અનેક પ્રકારની પ્રકૃતિઓ છે, જે નાના પ્રકારની વિચિત્રતાને સિધ્ધ કરી શકે છે. વીવીધ કર્મોથી સુખ-દુઃખની વિવીધતા સિધ્ધ થાય છે.

અનુમાનથી પુણ્ય-પાપરૂપ કર્મની સિદ્ધિ

જીવ અને કર્મના સંયોગનો જે પુણ્ય અને પાપરૂપ પરિણામ વિશેષ છે તે કારણ તથા કાર્ય ઉભય રીતે જાણી શકાય છે. તે માટે કાર્ય-કારણના અનુમાનો છે.

બે પ્રકારના અનુમાન



કારણાનુમાન તથા કાર્યાનુમાનના બે અનુમાનો દ્વારા આ પરિણામની સિધ્ધ થાય છે.

૧. **કારણાનુમાન-** કારણથી કાર્યનું અનુમાન તે કારણાનુમાન કહેવાય. દા. ત., જેમ ખેતી કરવી એ ક્રિયા છે અને તે કારણ થકી ઘઉં, જવ, બાજરી વગેરેનો પાક થવો તે કાર્ય છે. કારણથી કાર્ય થાય. એ જ પ્રમાણે દાન કરવું, હિંસા કરવી મારવું વગેરે પણ ક્રિયા છે. કારણ છે. તો તેનું કોઈ કાર્ય પણ અવશ્ય હોવું જોઇએ. અને આ કાર્ય તે જીવ કર્મના પુણ્ય-પાપરૂપ પરિણામ છે. દાન આપવાની ક્રિયા એ પુણ્યરૂપ કારણ છે, અને હિંસા કરવી મારવા આદિની ક્રિયા તે પાપરૂપ કારણ છે. આ બન્ને પુણ્ય-પાપ શુભાશુભ કર્મરૂપ છે. આ પ્રમાણે આ પુણ્ય-પાપને કારણાનુમાનથી કાર્યરૂપે સ્વીકારવા જોઇએ. કહ્યું પણ છે કે-

समासु तुल्यं विषमासु तुल्यं सतीष्वसत्त्वाप्यसतीषु सत्त्व ।
फलं क्रियास्वित्यथ यन्निमित्तं तद् देहिनां सोऽस्तिनु कोऽपि धर्मः ॥

સમાન પ્રયત્નનું સમાન ફળ મળે છે, અને અસમાન વિષમ પ્રયત્નનું પણ સમાન ફળ મળે છે, પ્રયત્ન કરવા છતાં પણ ફળ નથી મળતું, અને કોઈ વાર પ્રયત્ન ન કરવા છતાં પણ ફળ મળે છે. આથી જણાય છે કે ફળનો આધાર માત્ર પ્રયત્ન ઉપર જ છે એમ નથી. પણ તેનો આધાર જીવના કર્મ ઉપર છે.

૨. કાર્યાનુમાન – કાર્ય હોય તો તેની પાછળ કારણ અવશ્ય હોવું જોઇએ. જેમ ધૂમાડાની પાછળ અગ્નિ અને ઘડાની પાછળ માટી એ કારણ છે. તેમ આ શરીર પણ કાર્ય છે. તો તેની પાછળ પણ કંઈક કારણ અવશ્ય હોવું જોઇએ. આ શરીરનો નિર્માતા બનાવનાર કોણ ? તમે કહેશો, ઈશ્વર. તો ઈશ્વરને પણ શરીરનો કર્તા માનીશું તો પણ ઘણા દોષો આવશે. ઈશ્વર ગર્ભમાં એકની આંખ બનાવે, અને બીજાની ન બનાવે, આંધળો, કાણો, મુંગો, બહેરો, અપંગ વગેરે શું ઈશ્વર બનાવે છે ? અથવા શું ઈશ્વર બનાવતી વખતે આંખ–નાક–કાન બનાવવાનું ભુલી ગયા હતા ? શું ઈશ્વર એક પૂર્ણ તત્વ હોય અને તેનાથી પણ ભુલ સંભવ છે. ખરી ? જો ના....અને પછી તમે કહેશો ના, ઈશ્વર પણ તે જીવના કર્મ પ્રમાણે બનાવે છે. જો કર્મ માનવાના જ હોય તો સંપુર્ણપણે કર્મ સત્તાનેજ માને ! કર્મસ્વયં ફળ આપી શકે તેમ છે. તેટલુ સામર્થ્ય કર્મ ધરાવે છે. કર્મના ફળ આપવા માટે ઈશ્વરને વચ્ચે લાવવાની જરૂર નથી. નહીંતર ઈશ્વરનું સ્વરૂપ

વિકૃત થઈ જશે. કર્મો સ્વયં બળવાન છે. માટે તે જેવી રીતે જીવોએ બાંધ્યા છે. તેવી રીતે ઉદયમાં આવશે ત્યારે ભોગવવા પણ પડશે. ના....ના.... અમે તો ગર્ભમાં થતી શરીર રચનાની પાછળ માતા-પિતાને કારણ માનીએ છીએ તો પછી તેમાં અદ્રષ્ટ-પુણ્ય-પાપકર્મ કે ઈશ્વર કંઈજ વચ્ચે કારણ માનવાથી આવશ્યકતા નથી રહેતી.

અનુમાનથી સિદ્ધિ :

હા માતા-પિતા તો કારણ છે જ, પરન્તુ તે તો માત્ર નિમિત કારણ છે. માતા-પિતાના સંયોગે ગર્ભમાં શરીર માટે જે સ્થિતિ ઉભી થઈ પછી તેમાં અંગોપાંગાદિની રચના પૂર્ણ -અપુર્ણ થઈ ન થઈ વગેરેની પાછળ પછી કોણ કારણ રહેશે ? દા. ત. એક જ માતાના ૪ પુત્રોમાં ૨ ને આંખ-કાન છે. અને બીજા બે આંધળા-મુંગા છે. આંધળીમાતાના પુત્રો દેખાતી અને દેખાતી માતાના પુત્રો આંધળા, તથા મુંગા-બહેરા માતા -પિતાના પુત્રો બોલતા-સાંભળતા, અને એજ પ્રમાણે બોલતા -સાંભળતા માતા-પિતાના પુત્રો મુંગા-બહેરા શા માટે જન્મે છે ? શું કારણ છે. જો માત્ર માતા-પિતાને જ કારણ માનવા જઇએ તો પણ અપુર્ણતા છે. ત્યાં પણ પુરૂ સમાધાન નથી થતું. માટે માતા-પિતાને નિમિત્ત કારણ માનીને -તેમાં મુખ્ય કારણ તે જીવના શુભ(પુણ્ય) -અશુભ(પાપ) કર્મને કારણ હોવું જ જોઈએ. એમ કાર્યાનુમાનથી પણ કારણાનુમાન સ્પષ્ટ થાય છે. અને તેથી શરીર રચનાની પાછળ કર્મને કારણ માનવું જોઇએ. કાર્ય પ્રત્યક્ષ હોય ત્યારે કારણનું અનુમાન કરવું તે કાર્યાનુમાન

છે, અને કારણ પ્રત્યક્ષ હોય ત્યારે કાર્યનો અનુમાન કરવું તે કારણાનુ માન છે. બન્ને રીતે અદૃષ્ટ–પુણ્ય–પાપની સિદ્ધિ થાય છે.

અંકુરાઓથી ઉત્પત્તિમાં મૂળ કારણ• બીજ છે. અને બીજા સહકારી કારણેાં છે. તેમ અહીંયા પણ સુખની પાછળ મુખ્ય કારણ પુણ્યકર્મ છે, તથા દુઃખની પાછળ પાપ કર્મ છે– અને તે। સહકારી કારણેાં અહીંયા અનેક છે. સુખ–દુઃખ માત્ર દૃષ્ટ કારણેાંના આધારે જ નથી. અર્થાત બાહ્ય જગતના ભૌતિક સાધનેાં, એટલે બંગલેા, ગાડી, ટી. વી, રેડીયેા, પૈસા, કપડા વગેરે સારા–અને વિપુલ પ્રમાણમા મળે તેથી જ કંઈ સુખી કહેવાય અને તે સાધનેા ન હોય તેા શું દુઃખી જ કહેવાય એવું પણ નથી ?

ઘણાઓની પાસે અઢળક છે. બાગ–બગીચા અને બંગલા પણ છે, ગાડી, વાડી, લાડી પણ છે. છતાં પણ મહાદુઃખી છે. સળગતેા સંસાર છે. સહેજ પણ સુખ નથી. લડે છે, ઝગડે છે. મરે છે, અને મારે છે.... અને બીજી બાજુ સાધુ સંતેાને જૂઓ ભૌતિક સાધનેા બિલકુલ નથી. સાધનેાનેા ત્યાગ કર્યો છે છતાં પણ સુખી છે. સંપત્તિ સંપન્ન કરેાડપતિઓ પણ સાધુ–સંતેાના ચરણે જઇને પડશે. સુખ–શાંતિ માટે પ્રાર્થના કરશે.... આ શું દેખાય છે. એક સહકારી કારણ હેાવા છતા પણ દુઃખી છે, અને બીજો સહકારી નિમિત્તો નથી છતાં પણ સુખી છે. તેા તેની પાછળ અદૃષ્ટ પુણ્ય–પાપને માન્યાવિના ચાલ તેમ જ નથી.

એક રાજા–એક રંક, એક સુખી–એક દુઃખી, એક અમીર, બીજો ગરીબ, એક શેઠ બીજો નોકર એક રાણી બીજી દાસી, એક પ્રધાન બીજો સામાન્ય, એક સંતોષી બીજો લોભી. એક બ્રાહ્મણ બીજો હરિજન, એક રોગી બીજો નીરોગી, એક સશક્ત બીજો અશક્ત, આ બધી સંસારની વિચિત્રતા, વિષમતા કોને આભારી છે ? શા માટે છે ? સૃષ્ટિનો કર્તા–નિયન્તા–ધાતા વગેરે માનનારા પણ અન્તે તો કર્મને માને જ છે. તેઓ પણ જીવના કર્મને બળાવન ગણે છે. ઇશ્વર પણ જીવના કર્મ પ્રમાણે એને સારા–નરસા ફળ આપનારો છે. એમ ફળદાતા ઈશ્વરને માને છે પરન્તુ કર્મ કર્તા તો જીવને જ માને છે. પરન્તુ જ્યારે કર્મકર્તા જીવ પોતે છે અને તે જ કર્મ કરે છે તો પછી કરેલા કર્મને જ ફળદાતા શા માટે ન માનવા ? શું કરવા ફળ દાતા તરીકે પણ ઈશ્વરને વચ્ચે લાવવા ? બરાબ, અશુભ કર્મ જીવે કર્યા છે, તો ઈશ્વરે તેને બરાબ–દુઃખરૂપફળ આપવા માટે પણ ખોટી પાપપ્રવૃત્તિ કરવાની જરૂર શું છે ? એથી તો ઈશ્વર પાપ કરનારો સિદ્ધ થશે. લાલેને બીજા માટે પાપ કરતો હોય, અને પોતે ઈશ્વર કર્મ કરે અને તેનું ફળ બીજાને મળે આ અન્યાય સિદ્ધ થશે. બાઇએ આપણે અને બીજાનું પેટ ભરાય એવુ બને બરૂ ? ના. તો પછી ઈશ્વરની શક્તિને વચ્ચે માનીને ઈશ્વરનું સ્વરૂપ વિકૃત કરવા કરતા કર્મસત્તા જે જીવોપાર્જિત છે તેને જ માનીને ચાલવુ વધુ હિતાવહ છે. સાચો માર્ગ છે–

કર્મો આશ્રવ સમયે જ શુભ– અને અશુભ એવા બે ભેદે છે. શુભાશ્રવ તે જ પુણ્ય, અને અશુભા–શ્રવ તે જ પાપ. [शुभः पुण्यस्य, अशुभः पापस्य] આ પ્રમાણે તત્વાર્થસૂત્રમાં પુણ્ય–પાપ બન્નેને આશ્રવતત્વમાં ગણાવીને તેને શુભ–અશુભ કહ્યા છે.

ક્રિયા સફળ હોય છે –

જીવ માત્ર આ સંસારમાં પ્રવૃત્તિશીલ છે. કાર્યશીલ છે. દરેક જીવ પ્રવૃત્તિ–ક્રિયા કાર્ય તો કરે છે, સતત કરે છે. વિદ્યાર્થીને એમ જણાવવામાં આવે કે તું પરીક્ષા આપ ખરો.... પણ પરિણામ એટલે એનું ફળ કંઇ જ નહીં આવે. પાસ પણ નહીં કે નાપાસ પણ નહીં. વ્યાપાર કરે પરન્તુ તેમાં કમાણી પણ નહીં અને નુકસાન પણ નહીં તો તે ધોરણ ચાલશે. અર્થાત ફળ ન મળે તેવી ક્રિયા કોઈ નથી કરતું. દરેકની દરેક ક્રિયા ફળ સાપેક્ષ જ હોય છે. દરેક ક્રિયાની પાછળ દરેક જીવના મનમાં ફળપ્રાપ્તિની (ઇચ્છા) અપેક્ષા પડેલી જ હોય છે. હું પાણી પી લઉં જેથી તરસ મટી જાય, હું બરોબર ભણું જેથી પાસ થાઉં. હું ધંધામાં બરોબર લક્ષ આપું જેથી કમાણી સારી થાય. હું કંઇક દાનાદિ કરૂં, બીજાને આપુ જેથી આપણને પણ કયારેક કોઇ આપશે, આપણે સુખી થઇશું. આ પ્રમાણે બધી જ ક્રિયાઓ–પ્રવૃત્તિઓ ફળની અપેક્ષાવાળી જ હોય છે. દરેક ક્રિયાનું ફળ ચોકકસ હોય છે.

અને ક્રિયા–પ્રવૃત્તિઓ બે પ્રકારની હોય છે. સારી અને બરાબ. કોઈ દાન આપે છે. તો કોઈ ચોરી કરે છે. બીસુ

કાપે છે, છરી દેખાડી લુંટી લે છે. કોઈ ભુખ્યાને ભોજન આપે છે, કોઈ તરસ્યાને પાણી આપે છે. તો કોઇ વળી તે ગરીબનું ઝુંટવીને પણ પોતે ખાવા બેસી જાય છે. કોઈ નિર્વસ્ત્રીયાને પહેરવા સારા કપડા આપે છે તો કોઈ વળી એની પણ ચોરી કરીને અથવા લડી-ઝગડીને પડાવી લે છે. કોઈ મરતાને પણ બચાવવા મથે છે. પોતાના ભોગે પણ પ્રયત્ન કરે છે, તો કેટલાક તત્વો એવા પણ છે જે જીવતાને પણ ત્રાસ આપીને મારે છે. એક બીજાને પોતાનું લોહી આપીને પણ બચાવવા કોશિશ કરે છે ત્યારે બીજો એનું ખૂન કરીને લોહીલુહાણ પણ કરી નાંખે છે.

આ પ્રમાણે આ સંસારમાં સારી અને ખરાબ બન્ને પ્રકારની પ્રવૃત્તિઓ-ક્રિયાઓ છે. એમાં તો કોઈ પણ ના પાડી શકે તેમ જ નથી. કારણ સંસાર-વ્યવહારની આ સર્વ પ્રવૃત્તિ દૃષ્ટ છે. પ્રત્યક્ષગમ્ય છે. અને દરેક જીવ જાણે છે કે આમાં સારી કઇ અને ખરાબ કઈ ? આમાં પણ કોઈ ના પાડી શકે તેમ નથી. તો શું ફકત તેના ફળ-પરિણામ જે કદાચ અદૃષ્ટ છે તેમાં જ વિશ્વાસ ન રાખવો એમ ? શા માટે ન રાખવો.. કોઈ પણ ક્રિયા નિરર્થક, હેતુ વિનાની, પ્રયોજન વિનાની તો હોતી જ નથી. તેમ જ ફળ વિનાની પણ નથી હોતી. માટે જે ક્રિયા માનો છો તો તેનું ફળ પણ અવશ્ય માનવું જ પડે છે, અને ફળ માનીએ તો તેના કારણ રૂપે ક્રિયા માનવી જ પડે. વિદ્યાર્થી નાપાસ થયો છે તો એ સિધ્ધ થઇ ગયું છે કે એની મહેનત (એની ક્રિયા) બરોબર

નહોતી. કાર્યાનુમાન અને કારણાનુમાન બન્ને રીતે સિધ્ધ થાય છે.

એ સારી–બરાબ જે ક્રિયાઓ છે તેના ફળરૂપે સુખ–અને દુઃખ આ બે જ પ્રકારના ફળ મળે છે. કોઈ સુખી થાય છે તો કોઈ દુખી થાય છે. પછી ભલે કાળ અને ક્ષેત્ર તે જ રહે અથવા બદલાય તો પણ ફળ તો મળવાનું જ છે. કાળ કદાચ આજે ન હોય, અથવા વર્ષ પછીનો હોય, ૧૦૦ વર્ષનો હોય અથવા ૧૦૦૦ કે લાખ વર્ષનો હોય તો પણ કોઈ દોષ નથી. વિદ્યાર્થી ૧ વર્ષે એક ધોરણ આગળ વધે છે. M. A. કોઇ ૩ વર્ષમાં થશે. કોઇ ૭ વર્ષમાં ડોકટર થશે. કોઈ ૨૦ વર્ષે નોકરમાંથી શેઠ બનશે. કોઈ ૫૦ વર્ષે મહા મહેનતે દેશનાં વડાપ્રધાન થશે. તો કોઈ ૧૦૦ વર્ષે યોગી થશે.... એમ ક્રિયાના ફળનો કાળ ઘણો ઓછો કે વધારે લાગે, પરન્તુ ક્રિયાનું ફળ તો મળે જ છે. ક્રિયાથી પૂર્વે ક્રિયાનું પ્રયોજન કે હેતુ રહે છે. અને ક્રિયા–પ્રવૃત્તિની સમાપ્તિ પછી કાળાન્તરે તેનું ફળ મળે છે. માટે ક્રિયા કયારે ય નિષ્ફળ તો ન જ કહેવાય. સફળ એટલે ફળસહિત જ હોય છે. હવે જીવની ક્રિયા, જે મન–વચન–અને કાયાનાં આધારે થાય છે. તે જ પ્રમાણે ક્રિયા કે પ્રવૃત્તિ સારી છે કે બરાબ છે તેના આધારે જીવને તેનું ફળ મળશે અર્થાત સારી ક્રિયા કે પ્રવૃત્તિનું ફળ સુખ–સાહ્યબી વગેરે અને બરાબનું ફળ દુઃખ–દુર્ગતિ વગેરે મળશે. આ સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી.

હા. ઘણી વખત એવું પણ બને છે. કે ક્રિયા કરવાં છતા પણ ફળ મળતું નથી દેખાતો. તો પછી ક્રિયા સફળ કેમ માનવી ?

હા, બરોબર છે. જીવે આચરેલી ક્રિયા જ્યારે ફળ નથી આપતી ત્યારે તેમાં થતો વિઘ્ન–અન્તરાય તે પણ તેનું જ ફળ છે. ક્રિયા પણ કર્મ છે અને અન્તરાય પણ કર્મ છે. અને તે જ પ્રમાણે ક્રિયા કારકનું અજ્ઞાન, અથવા સામગ્રીની ઉણપ એ પણ કારણ હોઇ શકે છે. જેનાથી ફળ ન પણ મળે. પરન્તુ એનાથી જીવે આચરેલી ક્રિયા નિષ્ફળ નથી માની શકાતી. જીવ ફળ–પ્રયોજન વિનાની ક્રિયામાં પ્રવૃત્તિ જ નથી કરતો. હા દાનાદિ ક્રિયા પણ મનઃશુદ્ધિ પુર્વક ન કરાતી હોય તો ક્રિયા હોવા છતાં પણ ફળ નથી મળતું. જે ક્રિયા કરાય છે. ત્યારે તે કર્તાનું મન–વિચારધારા, અને વાણી વ્યવહાર બધુ શું એ ક્રિયામાં પરોવાયેલું તેને અનુરૂપ હોય છે ? તો જ તે ક્રિયા ફળ દાયક નીવડશે. ઘણીવાર એવું પણ જોવામાં આવે છે કે ક્રિયા કંઈક કરતા હોય છે. પરન્તુ તેમાં રસ રહેતો નથી. એટલે તે ક્રિયાનો કર્તા ક્રિયામાં ચાલુ રાખે છે. છતાં પણ તેનું મન બીજે ભમતુ રાખે છે. મનઃશુદ્ધિ ન હોવાના કારણે બંધાતા કર્મ ઉપર અસર થવાની જ છે. અને તેનું ફળ તેને તે રીતે જ મળશે.

દાનાદિ ક્રિયાનું ફળ હોવું જ જોઇએ. કારણ કે તે જીવે આચરેલી છે. ખેતીવાડીની જેમ. ખેતીવાડી કરવાથી જેમ

ધાન્ય, અનાજ વગેરેની પ્રાપ્તિનું ફળ માનવામાં આવે છે. તેમ મન-વચન-કાયાથી થયેલી ક્રિયાનું ફળ તે સુખ-દુઃખાત્મક જ માનવું જોઇએ. ક્રિયા તે પુણ્ય અને પાપ રૂપ કર્મ અને તે કર્મનું ફળ તે સુખ-દુ.ખ. જેમ ઉગેલા અંકુરનું કારણ બીજ છે, તેમ મળેલા સુખ-દુઃખ રૂપ ફળનું કારણ કર્મ છે, જે પુણ્ય-પાપરૂપ છે.

પરન્તુ હે ભગવંત ! સુખ-દુઃખના કારણને અદૃષ્ટ પુણ્ય -પાપરૂપે જ શા માટે માનવા ? જો તે કારણને દૃષ્ટ માની લઇએ તો પુણ્ય-પાપની સત્તાનો કોઈ પ્રશ્ન જ ન રહે. જેમ પગમાં કાંટો વાગ્યો અને માણસ દુઃખી થયો. અત્તર-સુખડ વગેરે લગાડવાથી સુખ અનુભવાય છે. વગેરે ઘણું કારણો દૃષ્ટ છે તો પછી અદૃષ્ટ એવા પુણ્ય-પાપને શા માટે માનવા પડે ?

હે અચલભ્રાતા ! ના. એ પણ માની ન શકાય. કારણ કે એક સરખા દૃષ્ટ કારણો જોવા છતાં પણ વિચિત્રતા દેખાય છે. દા. ત. અત્તર-સુખડ લગાડેલા સુખી માણસને શું રડતો નથી જોયો ? શું સુખી-સંપન્ન માણસને રોગ-ત્રસ્ત નથી જોયો ? જો એના ઉત્તરમાં હા પાડતા હો તો સુખનો આધાર દૃષ્ટ કારણો ઉપર એક સરખો કયાં રહ્યો ?

એ જ પ્રમાણે દુઃખનું પણ છે. કાંટો વાગવા છતાં પણ બધા એક સરખા દુઃખી નથી હોતા. રોગ હોવા છતા પણ બધા એક સરખા દુઃખી નથી હોતા. માટે સુખ-દુઃખના કારણ તરીકે દૃષ્ટ પદાર્થોને માનવા જતા ઘણી મોટી ભૂલ

થશે. એક જ દુધ બધાને સરખી રીતે ફળદાયી નથી નીવડતું. એ જ દુધ કોઇ પીએ છે તો મસ્ત થાય છે–શકિત શરીર વધે છે. અને એ જ દુધ બીજા પીએ છે તેને ઝાડા– થાય છે. ત્રીજાને દુધ પીવાથી ઉલ્ટી થાય છે દૃષ્ટકારણ. એક જ અને એક સરખુ હોવા છતાં પણ ફળ એકસરખું નથી દેખાતું માટે અદૃષ્ટ પુણ્ય–પાપ રૂપ કર્મને જ કારણ માનશું તો જ સમાધાન થશે. બે બાળકો સાથે ઉપરથી પડતું મુકનાર માતા ત્રણેની મરવાની ક્રિયા છે એમ લાગે છે. પડવાનું સ્થાન દૃષ્ટ કારણ છે. છતાં પણ માતા અને એક દીકરી મરે છે અને બીજી દીકરી જીવતી રહે છે તેનું શું કારણ ? એક જ જગ્યાએ બન્ને સાથે પડવા છતાં પણ એક મરે છે અને બીજો જીવતો રહે છે. એક જ પાઠશાળામાંથી એક જ ધોરણમાંથી ૨૫ વિદ્યાર્થીઓ પાસ થાય છે. અને બીજા નાપાસ થાય છે. દૃષ્ટ કારણ રૂપે પુસ્તક–શિક્ષક, શાળા, ધોરણ બધુ એકજ છે. છતાં કોઇ પાસ અને કોઇ નાપાસ શા માટે થાય છે ? એકજ દવા (ઔષધ) એક સરખા ૧૦ રોગીને આપવામાં આવે છે છતાં કોઇને રોગ મટે છે અને કોઇને નથી પણ મટતું. એક સરખો આહાર હોવા છતાં એક રાજી તો બીજો નારાજ છે. એક તંદુરસ્ત છે. તો બીજો નાદુરસ્ત છે. આ પ્રમાણે દૃષ્ટ કારણો માનવાથી કયારેય નહીં ચાલે. અદૃષ્ટ કર્મને કારણ માનવાથી જ વાસ્તવિકતાં સમજાશે.

આ પ્રમાણે સુખ–દુઃખરૂપ કાર્યના માટે સમાન દૃષ્ટ કારણો માનવામાં ઘણાં દોષો રહેલા છે. સુખ–દુઃખ ફળ છે. કોઇને

પુષ્પમાળા પહેરાવવામાં આવે તો તે ઘણો રાજી થાય છે. અને એજ કુલમાળા જો કુતરાના ગળામાં નાંખી હોય તો તે નારાજ થાય છે. જલ્દી તોડીને કાઢી નાખવા માટે તૈયાર થશે. મતલબ કુતરાને તે માળા સુખકારક નથી. ઉપરથી બંધનકારક, દુઃખકારક લાગે છે.

ગધેડાને સાકર હિતકર નથી લાગતી. તે નથી ખાતો. એ પ્રમાણે વિચાર કરતા દ્રષ્ટકારણ માનવામાં ઘણી આપત્તિઓ છે.

પુણ્ય-પાપરૂપ અદૃષ્ટ કર્મની સિદ્ધિ-

પુત્રોત્પત્તિમાં દ્રષ્ટકારણ માતાપિતા જ હોય છે છતા પણ એક બાળક સર્વાંગ સંપૂર્ણ સુંદર દેખાય છે. છતા તે જ માતા-પિતાનું બીજુ બાળક કુરૂપ-અને હીનાંગ વિકલાંગ દેખાય છે. એક રૂપવાન અને બીજો કુરૂપ કેમ ? એક સર્વાંગ સંપૂર્ણ અને બીજો વિકલાંગ કેમ ? માતા પિતા તો એ જ છે. તો પછી આ તફાવત શા માટે ? માટે દ્રષ્ટ ઉપરાંત પણ અદ્રષ્ટ કારણ શુભા-શુભકર્મને માનવા જ પડે. એ જ શુભ કર્મ-તે પુણ્ય, અને અશુભ કર્મ તે પાપ. આ પ્રમાણે અદ્રષ્ટ કર્મ રૂપે પુણ્ય-પાપસિધ્ધ થાય છે. શરીરની રચના પાછળ પણ પુણ્ય-પાપ વગેરે અદ્રષ્ટ રૂપે રહેલા છે. અને આ પુણ્ય -પાપ શુભ- અશુભ ક્રિયા-પ્રવૃત્તિ આધારે સિધ્ધ થાય છે. આથી ક્રિયા-પ્રવૃત્તિના આધારે કર્મના પુણ્ય-પાપ એવા બે ભેદ સ્વભાવથી જ ભિન્ન જાતીય સિધ્ધ થાય છે.

इह इष्टहेतवस्तंभविकार्यं विशेषात् कुलालयत्न इव ।
हेत्वन्तरमनुमेयं तत् कर्म शुभाशुभं कर्तुः ॥

દેખાતા દ્રષ્ટ કારણો હોવા છતા કાર્ય વિશેષનો અર્થાત સુખ-દુઃખનો અસંભવ હોય તો કુંભારના પ્રયત્નની જેમ એક અન્ય અદ્રષ્ટ કારણનું અનુમાન થાય છે. અને તેને કર્તાનું શુભ-કે અશુભ કર્મ કહેવામાં આવે છે.

(૪) પુણ્ય-પાપની સ્વતંત્ર સિદ્ધિ-

પુણ્ય-પાપ બન્ને જુદા-જુદા સ્વતંત્ર છે. કારણ કે તેના કાર્યરૂપ સુખ-દુઃખ સ્વતંત્ર છે. એકી સાથે નથી અનુભવાતા આ પ્રમાણે બન્નેના કાર્યો સુખ-દુઃખ જુદા જુદા, સ્વતંત્ર સ્પષ્ટ જણાય છે. તો તેના કારણ ભૂત કર્મ શુભાશુભ અર્થાત પુણ્ય પાપને કારણે સ્વતંત્ર જ માનવા જોઈએ. એમ અનુમાનથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. સુખનું કારણ પુણ્ય (શુભ કર્મ) અને દુઃખનું કારણ પાપ (અશુભ કર્મ). આ સાથે ચોથો પક્ષ જ વધુ યુક્તિયુક્ત અને સુસંગત થાય છે.

જો પુણ્ય-પાપને મિશ્ર સંકીર્ણ માનવામાં આવે તો ઘણા દોષો આવશે. જો પુણ્ય-પાપ મિશ્ર હોય તો તેના ઉદયે મળતું સુખ-દુઃખ પણ સંકીર્ણ મિશ્રરૂપે અનુભવવામાં આવવુ જોઈએ અર્થાત કયારેય પણ એકલા સુખ અથવા દુઃખનો અનુભવ થવો જ ન જોઈએ. પરન્તુ ના, એમ નથી. સંસારમાં એવા પણ ઘણા જીવો છે જે એકલું સુઃખ જ અનુભવી રહ્યા છે. અને એવા પણ ઘણાં જીવો છે જે એકલું દુઃખ જ અનુભવી રહ્યા છે. એજ પ્રમાણે સ્વર્ગની દેવગતિમાં જીવો એકલું સુખ જ અનુભવે છે. અને બીજી બાજુ નરકગતિના નારકી જીવો એકલું દુઃખ જ અનુભવે છે. નરકમાં ઘડીભર પણ અંશ

માત્રનું પણ સુખ નથી. ૧ મિનિટ પણ નરકના નારકી જીવો સુખી નથી. સુખ નથી, પામતા તો શાતાની તો વાત જ ક્યાં રહે હા. એક માત્ર વિકલ્પ છે તીર્થંકરોના પાંચ કલ્યાણક પ્રસંગે જ બે ઘડીમાત્ર નરકના નારકી જીવો શાતા પામે છે. પરન્તુ તે પુણ્ય તીર્થંકરનું છે. તેમના જન્માદિના પ્રભાવથી બીજા જીવો સુખ–શાતા પામે છે. સ્વર્ગમાં સુખ–મોજ–ભોગોપભોગનું પ્રમાણ અતિ છે. માટે ત્યાં એકલું સુખ જ ભોગવાય છે. દુઃખનો અભાવ છે. આ પ્રમાણે સુખ–દુઃખના કારણભૂત પુણ્ય–પાપ સંકીર્ણ–મિશ્ર હોત તો તેના ફળરૂપે ઉદયે નારકીમાં તેમજ સ્વર્ગમાં પણ સુખ–દુઃખ બન્ને મિશ્રપણે જ ભેગા ઉદયમાં આવવા જોઈએ. પરન્તુ તે તો નથી. દૃષ્ટપણે જ વિરૂદ્ધ છે. (દેવ–નારકીનું તથા તેમની દેવ–નરકગતિનું વર્ણન આ પહેલા કરેલું છે. ત્યાંથી વાંચી લેવું) માટે સ્વતંત્ર સુખના કારણ ભુત સ્વતંત્ર સુખ જ, અવ સ્વતંત્ર દુઃખના કારણભુત સ્વતંત્ર દુઃખ જ માનવું ઉચિત છે.

જો પુણ્ય–પાપને સંકીર્ણ–મિશ્ર માનીએ તો સંકીર્ણ કારણના ઉદયે ફળરૂપે સુખ–દુઃખ પણ મિશ્રપણે જ ઉદયમાં આવવા જોઈએ. એવું ન બને કે મિશ્ર કારણ હોય ખરા પણ તેમાંથી એક ઉત્કટ પણે ફળરૂપે ઉદયમાં આવે અને બીજો ન આવે. ના, એમ ન બને. માટે સુખના ઉત્કટમાં પુણ્યની ઉત્કટતા અને દુઃખની ઉત્કટતામાં પાપની ઉત્કટતાને જ કારણ માનવી જોઇએ.

બીજુ હે અચલભ્રાતા! જો તું પુણ્ય-પાપ બન્નેને સંકીર્ણ -મિશ્ર માનીને ચાલે તો એકની વૃદ્ધિ થવાથી બીજાની પણ વૃદ્ધિ માનવી જોઇએ. પરન્તુ એમ તો બનતું નથી. પુણ્યના વધવાથી પાપની હાનિ થાય છે, અને પાપના વધવાથી પુણ્યની હાનિ થાય છે. માટે બન્નેને મિશ્ર માનવા યોગ્ય નથી, સ્વતંત્ર જ માનવા જોઇએ. જેમ બે ભાઈ હોવા છતાં એકની વૃધ્ધિની કારણે બીજાની હાનિ થાય છે એવુ પણ નથી, એમ પુણ્ય-પાપ બન્ને કર્મ હોવા છતા પણ એક નથી. ભિન્ન ભિન્ન છે. અને પુણ્ય -પાપ રૂપે સ્વતંત્ર માનીને બન્નેને કર્મરૂપે એક મિશ્ર માનતો હોય તો કોઇ દોષ નથી.

આ પ્રમાણે પાંચ પક્ષોમાંથી ૧, ૨, ૩, અને પાંચમો સ્વભાવવાદનો એવા ચાર પક્ષો મિથ્યા સિધ્ધ થાય છે. યુક્તિ સંગત નથી. અને ફક્ત એક ચોથો પક્ષ જે પુણ્ય-પાપને સ્વતંત્ર માનવાનો છે તે એક જ પક્ષ સત્ય-સાચો સાબિત થાય છે. તે જ ખરો છે.

પુણ્ય-પાપ શું છે ?

પુણ્ય-પાપ વિષે અસ્તિત્વની ચર્ચા તર્ક-યુક્તિ પુર્વક કર્યા પછી તેમાં સત્તા-સાબિતિ જોયા પછી હવે આ પુણ્ય-પાપ શું છે તેનો વિચાર કરીએ. આત્મા અનન્ત જ્ઞાનનો માલિક છે. જડ-ચેતન આ બે મૂળભૂત દ્રવ્યો આ બ્રહ્માંડમાં છે. જડ ચેતનથી સર્વથા સદંતર ભિન્ન છે, અને તે જ પ્રમાણે ચેતન આત્મા સદંતર જડથી ભિન્ન છે. એક-બીજા એક બીજાથી સદંતર ભિન્ન ગુણો ધરાવે છે. અને તેના જ કારણે

બન્નેનું દ્રવ્યસ્વરૂપ પણ ભિન્ન છે. ચેતન આત્મા જ્ઞાન–દર્શન –ચારિત્રાદિ ચેતનાના ગુણો ધરાવે છે. જ્યારે જડ પદાર્થ આમાંનો એક પણ ગુણ નથી ધરાવતો જડ વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શાદિ ગુણોવાળો છે. સંસારમાં જડ–ચેતન બન્ને સંયુકત અર્થાત ભેગા થઈને રહે છે. આત્મા કયારેય સંસારમાં સ્વતંત્ર એકલો શરીરના સંયોગ વિના રહેતો જ નથી આત્માને સંસારમાં રહેવા માટે કોઈ ન કોઈ આધાર– ભુત સ્થાન શરીર તરીકે રાખવુ જ પડે છે. તો જ આત્મા રહી શકે. જેમ દ્રવપદાર્થ પાણી કોઈ પણ આધાર પાત્ર હોય તો જ રહી શકે. આધાર પાત્ર ન હોય તો તે રહી જ ન શકે. ભલે પછી તે દ્રવ–પાણી માટે આધાર નાનો–મોટો હોય. પછી તે વાટકી, ગ્લાસ, લોટો, બાલ્ટી, ઘડો, જગ, ટાંકી, પીપ કે પછી ગમે તે આકારે હોય. તેમાં પાણીને કશો વાંધો નથી. એ જ પ્રમાણે દ્રવ્ય એવા આત્માને આ સંસારમાં કોઈ ન કોઈ આધાર પાત્ર જે શરીરના નામે ઓળખાય છે, તેમાં જ શરીર રહેવું પડશે. પછી તે શરીર નાનું હોય કે મોટું, દેવનું હોય કે પક્ષીનું, બે પગવાળુ હોય કે, ચાર, પગનું, દનું હોય કે આઠનું, પગવાળું હોય કે પગ વગરનું ગમે તેવું શરીર હશે. જીવને સંસારમાં તો શરીર માં જ રહ્યા વિના છુટકો નથી. અને આ શરીર પણ જીવ પોત પોતાના કર્માનુસાર બાંધે છે. એ શરીરની સાથે વચન યોગ–ભાષાનો વ્યવહાર કરવા વાણી મળે છે. અને તે જ પ્રમાણે વિચાર કરવા જીવો મન ઉપાર્જિત કરે છે. આ ત્રણ કારણો જીવની સાથે


હોય છે. જો કે બધા જ જીવોને ત્રણે હોય જ એવું નથી. ઘણાંને મન ન પણ હોય તે અસંજ્ઞિ કહેવાય અને ઘણાં જીવોને વચન યોગ પણ નથી હોતો. તે એકેન્દ્રિય સ્થાવર કહેવાય છે. જીભ વિનાના હોય છે. મન–વચન ન હોય તે હજી પણ બને પરન્તુ કાયા જ ન હોય શરીર જ ન હોય તે ન બને. કોઈ પણ જીવ શરીર વિનાનો સંસારમાં ન હોય. શરીર વિનાના આત્માને મુકત કહેવાય. તે મોક્ષમાં હોય. મુકતાત્માને મોક્ષમાં કોઈ શરીર નથી હોતું તે અશરીરી કહેવાય છે. અને સંસારી જીવ સશરીરી કહેવાય છે.

કર્માશ્રવ અને તેના હેતુઓ

काय वाङ मनः कर्मयोगः" આ પ્રમાણે કાયા (શરીર) **वाङ** (વાણી–વચન) અને મન આ ત્રણે કરણોના કારણે જીવ કર્મ સાથે જોડાય છે. જીવનો કર્મની સાથે યોગ–જોડાણ આ ત્રણના કારણે થાય છે. અને પછી એમાં જીવના કષાયાદિ ભાવો ભળે છે. પછી તેના કારણે જીવ બાહ્યાકાશમાંથી કર્મ-યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે. અને તે કર્મરૂપે બંધાય છે. પૂ. ઉમાસ્વાતિજી મહારાજે તત્વાર્થાધિગમ સૂત્રમાં કહ્યું કે

सकषायत्वात् जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ।

સકષાય અર્થાત ક્રોધ–માન–માયા–લોભાદિ રાગ–દ્વેષના કારણે જીવ કાર્મણ વર્ગણાના કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. જે જીવની સાથે બંધાઈને કર્મ સંજ્ઞા પામે છે. તેને જ કર્મ





કહેવાય છે. स आश्रवः તેને આશ્રવ એટલે આવવું, આગમન ઝરવું. આત્મામાં કાર્મણ વર્ગણાંના પુદ્ગલોનું આવવું તે આશ્રવ કહેવાય છે. અને આ કાર્મણ વર્ગણાના (જડ પુદ્ગલ પરમાણુઓનો વિશેષ જથ્થો) પરમાણુઓ (રજકણ જેવા) આત્મા સાથે ચોટે છે. ચોંટ્યા પછી તે કર્મ બની જાય છે. તેને કર્મ બંધ કહેવાય છે.

કર્મબંધના હેતુઓ –

આ કર્મો આત્માની સાથે જે બંધાય છે, તેના મુખ્ય પાંચ હેતુઓ છે.

मिथ्यादर्शनाविरति-प्रमाद-कषाय-योगा बन्ध हेतवः ॥





–મિથ્યાત્વ, અરતિ, પ્રમાદ, કષાય અને યોગ એવા મુખ્ય પાંચ હેતુઓ વડે આત્મા કર્મ બાંધે છે. કર્મ વર્ગણાનું આગમન થયા પછી કર્મરૂપે બંધાય છે તે આત્માની સાથે ક્ષીર–નીરસંયોગની જેમ અથવા લોખંડનો ગોળો અને અગ્નિની જેમ બંધાઇને એકરસ થઈ જાય છે. તેને કર્મબંધ કહેવામાં આવે છે. આત્મામાં જે કાર્મણ વર્ગણા આવે છે, આશ્રવ જે થાય છે, તેના પણ મુખ્ય ૫ માર્ગો છે. તેને આશ્રવ માર્ગો કહ્યા છે.

इन्द्रिय-कषाया-ऽव्रत-क्रियाः पञ्च-चतु:-पञ्च-पञ्चविंशति संख्याः पूर्वस्य भेदा : ॥

ઇન્દ્રિય, કષાય, અવ્રત અને ક્રિયા તથા યોગ એ મુખ્ય ૫ આશ્રવ માર્ગો છે. ઇન્દ્રિયો–૫, કષાય–૪, અવ્રત–૫, ક્રિયા–૨૫

અને યોગ ૩– એમ કુલ ૪૨ ભેદો આશ્રવતત્વના કહ્યા છે. આ ૪૨ માર્ગે આત્મામાં કાર્મણ વર્ગણાનું (આવવું) આગમન–આશ્રવ થાય છે. જેમ દરિયામાં રહેલા હોડકામાં કાણું પડતા પાણી અંદર આવે. એવું એક કાણું નહીં પણ ૪૨ કાણા હોય અને બધે રસ્તે પાણી અંદર પ્રવેશતુ હોય તો તે હોડકુ તરે કે ડૂબે ? શું હાલત થાય ? એમ આ ૪૨ માર્ગે આત્મામાં કર્મોનું આગમન–પ્રવેશ થાય છે. અને પછી તેના ઉપર બંધના પાંચ હેતુઓ બેઠા છે. તેના કારણે કર્મોનો બંધ થાય. બંધાય.

હવે આજે કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો જથ્થો જે આવીને આત્મા ઉપર છવાઈ ગયો અને આત્માના ગુણો ઢંકાઇ ગયા તે સારું થયું કે ખરાબ થયું ? આત્માની મુખ્ય શક્તિઓ હણાઇ ગઈ. ઢંકાઈ ગઈ. એના ગુણો દબાઈ ગયા. જેવાં કે–


આત્માના ૮ ગુણો		ઢંકાવાથી ૮ કર્મ–
૧ અનન્ત જ્ઞાનગુણ	– ઢંકાવાથી	–જ્ઞાનાવરણીય કર્મ
૨ અનન્ત દર્શનગુણ.	– ,,	–દર્શનાવરણીય ,,
૩ અનન્ત ચારિત્રગુણ	– ,,	–મોહનીય ,,
૪ અનન્ત વીર્ય (શક્તિ)	– ,,	–અંતરાય ,,
૫ અનામી– અરૂપી	– ,,	–નામકર્મ ,,
૬ અગુરૂલઘુ	– ,,	–ગોત્રકર્મ
૭ અનન્ત સુખ (અવ્યાબાધ સુખ)–	,,	–વેદનીય કર્મ
૮ અક્ષય સ્થિતિ–	– ,,	–આયુષ્યકર્મ

આ પ્રમાણે આ બાજુ જે આત્માના આઠ ગુણો હતા. જેનાથી આત્માની શોભા હતી. આત્મા પોતાના સ્વરૂપમાં રહીને બધું જ સુંદર સારું કરી શકતો હતો હવે તે ગુણો કાર્મણ પુદ્ગલ પરમાણુઓના આશ્રવથી ઢંકાઈ ગયા છે. અને તેના કારણે હવે આત્મા કાંતો સદંતર વિપરીત પ્રવૃત્તિ કરશે. અને કાં તો યોગ્ય પ્રવૃત્તિ નહીં કરી શકે. શું આ સારૂ થયું કે બરાબ થયું ? હકીકતમાં આત્માનો એક પણ ગુણ ઢંકાય તે ગુણનો એક અંશ પણ ઢંકાય તો તે પણ સારું તો નથી જ. તો પછી પુરેપુરા મહદંશે ગુણો ઢંકાઈ જાય તે કેટલું બરાબ કહેવાય ?

બસ, આમાં જે સર્વથા ગુણો ઢંકાઈ જાય છે, અને વીપરીત સ્વરૂપ ઉભુ કરે છે તે પાપ છે. અશુભ છે. અશુભ કર્મને જ પાપ કહેવાય છે. અને જે આત્માને શરીરાદિ, ગતિ વગેરે સંસારમાં મળ્યું છે જે શુભ રૂપે સારૂં છે. સંસારમાં જીવ છે, રહે છે ત્યાં સુધી પણ જે સારૂં કહેવાય તેને શુભ કર્મ અથવા પુણ્ય કહેવાય છે. શુભ કર્મને જ પુણ્ય કહેવાય છે.


જો કે કર્મ માત્ર શુભ છે જ નહીં આત્મા ઉપર એક પણ કર્મ હોય તે અશુભ જ છે. પરન્તુ હવે એ દિવસ તો આપણા માટે દૂર છે કે આત્મા સદંતર સર્વથા કર્મ વિનાનો બની જાય. તો તો ઘણું ઉત્તમ. પરન્તુ જ્યાં સુધી આત્મા સર્વથા સદંતર સર્વથા કર્મ વિનાનો ન થઈ જાય ત્યાં સુધી જે કર્મો આત્મા ઉપર ઢગલાબંધ ચોટેલાં પડ્યાં છે તેમાં કેટલા સારા અને બરાબ છે ? કેટલા શુભ અને કેટલા અશુભ છે તેનો વિચાર કરવાનો રહ્યો.

તે શુભને પુણ્ય અને અશુભને પાપ કહેવાય છે.



શું આત્માના ગુણો ઢંકાય તે શુભ કે અશુભ ?–

આત્માના આઠ ગુણો અને તેના આવરક
આઠ કર્મો:—



આત્માના મૂળભુત ૮ ગુણો છે. જડથી ચેતનને ભિન્ન કરનારા, જુદો પાડનારા આ ભેદક આઠ ગુણો મુખ્ય છે. અને

આ આઠે ગુણો પુર્ણ સ્વરૂપે પ્રગટ હોય ત્યારે આત્મા સિદ્ધ-બુદ્ધ મુકત કહેવાય અને એ જ આત્માના આ આઠે ગુણો ઢંકાયેલા હોય, કાર્મણ વર્ગણાના રજકણોના જથ્થાથી આવરાયેલા હોય ત્યારે જીવ સંસારી કહેવાય. અનન્ત જ્ઞાન, દર્શન, વીર્ય આદિ આ ગુણો કર્મોથી ઢંકાયેલા હોય એ શું શુભ ગણાય ખરું ? ના. કોઈપણ રીતે શુભ ન જ કહેવાય. આત્મગુણોનો એક અંશ માત્ર પણ ઢંકાયેલો હોય તો તે પણ અશુભ જ કહેવાય તો પછી આત્મા સર્વ પ્રદેશે, સર્વ ગુણોથી ઢંકાયેલો દબાયેલો કહેવાય તો કયાંથી શુભ ગણાય ? અશુભ ગણાય. અર્થાત આત્મગુણોનું આચ્છાદન પાપરૂપ ગણાય.

હા. હવે સંસારી જીવની દૃષ્ટિથી જ જોઇએ તો એમ લાગશે કે જીવને મોક્ષમાં ન જાય ત્યાં સુધી તો સંસારમાં જ રહેવું પડે તેમ છે. સંસારમાં રહે ત્યાં સુધી 卐 ચારગતિના ચકકરમાં જ ભટકવું પડશે. આ ચારગતિમાં જીવ જન્મ લેશે. જીવન જીવશે. આયુષ્ય ભોગવશે. શરીર, ઇન્દ્રિયો, ગતિ વગેરે ધારણ કરશે. એનો જન્મ કોઈ કુળમાં થશે. એને નાનું મોટું શરીર, યશ-અપયશ-વગેરે મળશે. ઇન્દ્રિયો-પર્યાપ્તિઓ વગેરેની જરૂર પડશે. જેમ લગ્ન કરીને સંસાર માંડવો હોય તો સોય-દોરા ને ચપ્પુથી લઈને તલવાર સુધીની સેંકડો વસ્તુઓ જોઇશે. બધી ઘરવખરી અને ઘર વસાવવું પડે છે. ઉભું કરવું પડે છે, બધાની જરૂરિયાત પડે છે.

એમ જીવને પણ સંસારમાં રહેવા માટે, આ શરીરરૂપી ઘરમાં રહેવા માટે, શરીર, ઇન્દ્રિયો, મન, ભાષા આદિની

પર્યાપ્તિઓ, ગતિ–જાતિ, આયુષ્ય, યશ–ત્રસપણું, કુળ, સુખ–આદિ ઘણી વસ્તુઓની જરૂર પડશે. હવે તે વસ્તુઓ જીવને પોતાના આત્મ ગુણો થકી તો મળવાની નથી. તે તો બધી કર્મજન્ય છે. કર્મ થકી જ મળવાની છે. જીવને બધી જ ગમતી, જોઇતી સારી મળે તે શુભ. તે જ પુણ્ય અને અણ-ગમતી–અર્થાત પ્રતિકૂળ મળે તે પાપ. (અશુભ). અનુકૂળ, ગમતી તે શુભ (પુણ્ય). કારણ કે જીવ કર્મના કારણે સંસારમાં છે. માટે હવે સારૂ કે બરાબ, શુભ કે અશુભ જે કંઈ પણ મળશે તે જીવના પોતાના પુણ્ય (શુભ) કે પાપ (અશુભ) કર્મના કારણે જ મળશે. બીજો વચ્ચે આવનાર કોઈ નથી. જે છે તે આ આઠ કર્મો જ છે.

પુણ્ય અને પાપ એ બન્ને કર્મજન્ય જ છે. જીવો જે શુભ કર્મ બાંધે છે, તે પુણ્ય કહેવાય અને જીવો જે અશુભ કર્મો બાંધે છે તે પાપ કહેવાય. જો કે કર્મ માત્ર બધાજ અશુભ છે. કારણ આત્માના ગુણોને ઢાંકનાર શુભ કહેવાય જ નહી. પરન્તુ જ્યારે કર્મના કારણે જીવ સંસારમાં જ છે, ત્યારે હવે સંસારીની અપેક્ષાએ, કર્મ બંધની અપેક્ષાએ એમાં અંદર–અંદર ભેદ કર્યા કે સારા કયા અને બરાબ કયા ?

પહેલાં કર્મનો બંધ અને પછી ઉદય–

કુવામાં પાણી હોય તો બહાર આવે. એ જ પ્રમાણે જીવોએ પહેલા શુભ કે અશુભ જે કર્મ બાંધ્યા હશે તે જ કાળાન્તરે ઉદયમાં આવશે. બાંધ્યા વિના ઉદયમાં કયાંથી આવે ? બંધાયેલા કર્મ આત્મા સાથે અંદર ચોટેલા હોય છે. તેની કાળ અવધિના નિયમ પ્રમાણે તે આત્મા સાથે ચોટી રહેશે-

તેના નિયત સમયે તે પણ ઉદયમાં આવશે. અને ઉદયમાં આવીને પોતાનું સારું–ખરાબ ફળ આપીને તે ચાલ્યું, જશે. જેમ એક નર્તકી સ્ટેજ ઉપર આવીને નાચીને બધાને ખુશ કરીને ચાલી જાય છે, અથવા કોઈ દુઃખદ નાટકાદિના પ્રસંગમાં કોઈ પાત્ર આવીને દર્શકોને–શ્રોતાઓને દુઃખી કરી જાય છે, રડાવીને ચાલ્યું જાય છે. તેજ પ્રમાણે ઉદયમાં આવનારા શુભ (પુણ્ય) કર્મો જીવને સુખ આપીને ચાલ્યા જાય છે. રાજી રાખે છે. અને એ જ પ્રમાણે ઉદયમાં આવનારા અશુભ (પાપ) કર્મો જીવને દુઃખ આપીને, નારાજ કરીને ચાલ્યા જાય છે. હવે આ પ્રશ્ન થાય છે કે આ કર્મો બંધાય છે કેવી રીતે અને તેના ઉદયે સુખ–દુ.ખ ભોગવાય કેવી રીતે ? કેટલા પ્રકારે ?

કર્મબંધ

શુભ કર્મબંધ (પુણ્ય)	અશુભ કર્મબંધ (પાપ)
૯ પ્રકારે બંધાય છે.	૧૮ પ્રકારે બંધાય છે.
પુણ્યનું ફળ ૪૨ રીતે ભોગવાય છે.	પાપનું ફળ ૮૨ રીતે ભોગવાય છે.

કર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે પુણ્ય કર્મ (શુભ) ૯ પ્રકારે બંધાય છે. અને તે ઉદયમાં આવે ત્યારે ૪૨ રીતે ભોગવાય છે. એ જ પ્રમાણે અશુભ પાપકર્મ ૧૮ રીતે બંધાય છે. અને તે જ ઉદયમાં આવે ત્યારે ૮૨ રીતે ભોગવાય છે.

સમસ્ત સંસારમાં સર્વ જીવો આ પુણ્ય અને પાપની બંધનની પ્રવૃત્તિમાં ક્રિયા કરે છે. અને તેના ઉદયે સુખ–દુઃખ ભોગવે છે. આ બે વિભાગમાં સર્વ જીવો વિભકત છે. સમસ્ત બ્રહ્માંડના સર્વ જીવોની મન, વચન અને કાયાની સર્વ

પ્રવૃત્તિને સારી કે ખરાબ, શુભ કે અશુભ આ બે વિભાગમાં સમાવેશ કરવામાં આવે છે. ત્રીજો વિભાગ જ નથી પડતો. શુભ પ્રવૃત્તિ ૯ પ્રકારની હોય છે. અને અશુભ ખરાબ ૧૮ પ્રકારની હોય છે. તેની મુખ્ય જાતિના ભેદો આ પ્રમાણે છે.

પુણ્ય બાંધવાના ૯ પ્રકારોઃ પાપ બાંધવાના ૧૮પ્રકારો

૧. પાત્રને અન્નદાન કરવાથી.
૨. ,, ,, પાણી ,, ,,
૩. ,, ,, સ્થાન ,, ,,
૪. ,, ,, શય્યાદિ ,, ,,
૫. ,, ,, વસ્ત્રપાત્ર ,, ,,
૬. મનથી શુભ ચિંતન સંકલ્પ સારા વિચાર કરવાથી.
૭. વચન – ભાષાથી શુભ આવકારદાયક વાણી વ્યવહારથી.
૮. કાયા–શરીરથી જાતે બીજા માટે સારી પ્રવૃત્તિ કરવાથી
૯. વિનમ્ર ભાવે આપ્ત અને વડીલ જનોને નમસ્કારાદિ કરવાથી.

૧ પ્રાણાતિપાત–હિંસા.
૨ મૃષાવાદ – જૂઠ.
૩ અદત્તાદાન–ચોરી.
૪ મૈથૂન – અબ્રહ્મ.
૫ પરિગ્રહ – સંગ્રહ.
૬ ક્રોધ
૭ માન–અભિમાન.
૮ માયા–છળ–કપટ.
૯ લોભ.
૧૦ રાગ–
૧૧ દ્વેષ, વૈર. વૈમનસ્ય.
૧૨ કલહ–ઝઘડો, કંકાસ
૧૩ અભ્યાખ્યાન–
૧૪ પૈશૂન્ય–
૧૫ રતી અરતી
૧૬ પરપરિવાદ–
૧૭ માયામૃષાવાદ–
૧૮ મિથ્યાત્વશલ્ય–

૯ પ્રકારે પુણ્ય બંધાય છે

આ જગતમાં સર્વજીવોની શુભ-પ્રવૃત્તિ અન્ન-વસ્ત્રાદિ આપવારૂપ પ્રવૃત્તિને શુભ અથવા પુણ્ય બાંધવાવી પ્રવૃત્તિ કહેવામાં આવે છે. મન, વચન અને કાયા આ ત્રણેની મુખ્ય શુભ પ્રવૃત્તિ ગણીએ તો ૯ પ્રકારની થાય છે. સામે પાત્રને ઉદ્દેશીને સ્વપર ઉપકારની વૃત્તિથી આપવું તે શુભ. સામે પાત્ર મહાન સુપાત્ર હોય ત્યારે સ્વઉપકાર ભાવ કેળવવો અને અનુકંપાદિ બુદ્ધિથી દીન-દુઃખી જોવા પાત્ર આપવાનું હોય ત્યારે પરોપકાર ભાવ મુખ્ય હોય છે. સ્વ ઉપકાર ભાવ ગૌણ હોય છે.

તીર્થંકર પરમાત્મા જગતના પરમ પાત્ર છે. સર્વોત્તમ પાત્ર છે. પ્રભુને આહારાદિ આપનારનું પણ કલ્યાણ ચોક્કસ થાય. ત્યાર પછી મોક્ષમાર્ગને અભિમુખ થયેલા મુનિ મહારાજ સુપાત્ર કહેવાય. તેમને પણ આહાર, વસ્ત્ર-પાત્ર, સ્થાનાદિનું દાન કરવું તે સુપાત્રદાન છે. અને દીન-દુઃખી, અનાથ, દરિદ્રાદિ અનુકંપા ભાવથી અનુકમ્પ્યપાત્ર છે. તેમને દુઃખ નિવૃત્યર્થે આહાર-વસ્ત્રાદિ આપવું પણ પુણ્યકારક છે.

પુણ્ય કર્મના કારણોને શુભાશ્રવ કહેવાય છે અને તે પણ પુણ્ય બંધનું કારણ કહેવાય છે. તે ૯ પ્રકારે બંધાય છે.

૧. પાત્રને અન્ન (આહાર-ભોજન) આપવાથી.
૨. પાત્રને તૃષાશાન્ત્યર્થે પાણી પીવરાવવાથી.
૩. પાત્રને અવસરે જગ્યા સ્થાન (વસતિ) આપવાથી
૪. પાત્રને સૂવા-બેસવા, શય્યા-ખાટ-પલંગ આપવાથી.
૫. પાત્રને પહેરવા કપડા-વસ્ત્રાદિ આપવાથી.
૬. મનથી શુભ ચિંતનરૂપ સંકલ્પ ભાવ રાખવાથી.

૭. આવકાર દાયક પ્રેમાળ વચન વ્યવહારથી.
૮. શરીરથી સેવા–શુશ્રુષા આદિ શુભ કરણીથી.
૯. દેવ–ગુરૂ–ધર્માદિને નમસ્કાર કરવાથી. નમ્રતાથી.

આ પ્રમાણે પુણ્ય બાંધવાના ૯ પ્રકારો છે. પ્રથમ પાંચ પ્રકારોમાં તો જે જે આપવાનું છે, તેની વાત છે. આપણે બીજાને આ પાંચ મુખ્ય વસ્તુઓ આપી શકીએ છીએ. આહાર પાણી, વસ્ત્ર–પાત્ર, સ્થાન (જગ્યા) અને સાધન–સામગ્રી. આ પાંચ જ મુખ્ય આપવાના પ્રકારો છે. આ પાંચની જ પ્રાયઃ જીવન વ્યવહારમાં મોટા ભાગે જરૂરિયાત હોય છે. જીવન જરૂરિયાતની મુખ્ય સાધન–સામગ્રી આ પાંચ પ્રાધાન્યપણે છે. પછીના ત્રણ મન–વચન–કાયાના શુભ યોગના ભેદો છે.

૧. આવનાર પ્રત્યે શુભ ચિંતવવું, સારો ભાવ રાખવો, સારૂ થયું ભલે પધાર્યા, ભલે આવ્યા, આનન્દ, ઘણો આનન્દ થયો, રોમાંચ થાય. પરંતુ મનમાં અશુભ ભાવ ન આવે, આર્તધ્યાનમાં ચિંતા ન થાય. અરે રે....! આ ક્યાંથી આવી ટપક્યા ? મનોગત શુભભાવ પુણ્ય બંધાવશે.

૨. વચનયોગથી મીઠો આવકાર આપવો. ભાષા સન્માનાર્થી હોય, આવકાર પ્રેમભર્યો હોય, હાસ્ય સાથે રાજી થઈને પધારો.... પધારો.... ધન્ય ઘડી, ધન્ય ભાગ, સારૂ થયુ આપ પધાર્યા .. કેમ છો ? મજામાં છો ? બધુ સારૂ છે ને ? શાતામાં છો ? આનન્દ–મંગળ વગેરેપૂર્વક નિષ્કપટ, માયા રહિત નમ્રભાવે, આનન્દથી વચન યોગનો મીઠો આવકાર પ્રેમભર્યો વાણીનો વ્યવહાર પણ પુણ્ય બંધાવે છે.

(૩) કાયાથી શુભ પ્રવૃત્તિ. મનથી શુભ ભાવ

લાવ્યો, વચનથી શુભ આવકાર આપ્યો તો પછી હવે કાયાથી શા માટે અશુભ કરવુ ? કાયાથી તમે પ્રવૃત્તિ કરવા માંડો.... પધારો.... પધારો બિરાજો.... બેસો.... ચટાઈ, ગાદી, બુર્સી વગેરે....બેસવા આપવુ, સુવા આપવુ.... શું થયુ પગે વાગ્યુ છે ? ઉભા રહો હું પાટો બાંધી દઉં....એમ કહી સેવા–શુશ્રુષાના કાર્યમાં હર્ષથી લાગી જવુ.... પણ શુભ પ્રવૃત્તિ છે. તમે તમારી કાયાને (શરીરને) કામે લગાડીને પ્રવૃત્તિ કરો તે શુભ કાય વ્યાપાર પણ પુણ્ય બંધાવે છે.

એનાથી વીપરીત મનથી શુભ વીચાર ન કરવો.... અરેરે.. ! ક્યાં આવી પડયા ?.... વચનથી પણ શુભ આવકાર નહી.... કેમ શા માટે આવ્યા છો ? ક્યાંથી આવી ચઢયા ? અહીંયા ? શું છે ? કોણે તમને બોલાવ્યા છે ? વગર બોલાવે પણ હાલ્યા આવો છો ?.... એવો ને એવો છે.... આવી કર્કશ, કડવી અપમાનજનક ભાષા ભારે અશુભ કર્મ બંધાવે છે અને એ જ પ્રમાણે શરીરથી પણ આપણે નમવું નહીં. બેસવા ચટાઈ–ગાદી પાથરવી નહી. સેવા–શુશ્રુષા પણ ન કરવી. પાણીનો ગ્લાસ પણ ન આપવો.... વગેરે કાયાની પ્રતિકુળ પ્રવૃત્તિ પણ કર્મ બંધાવશે.

(૯) નવમું અને છેલ્લુ પુણ્યબંધનું કારણ તે નમસ્કાર ભાવ છે. નમસ્કાર એ શુભ વ્યવહાર છે. સામે નમસ્કરણીય વ્યક્તિ કેવા પ્રકારની છે તે ખાસ જોવાનું હોય છે. પછી તેને અનુરૂપ નમસ્કારનો વ્યવહાર થાય છે–પરન્તુ નમસ્કારનો વ્યવહાર જગતમાં સર્વત્ર છે. સર્વ ક્ષેત્રમાં છે. નાના–મોટા વચ્ચે છે, અને સમકક્ષમાં પણ પરસ્પર છે.

તીર્થંકર ભગવાન પ્રત્યે પંચાંગ પ્રણિપાત પુર્વક નમસ્કાર કરવો એ સર્વોત્તમ પુણ્યનો પ્રકાર છે. તેમના જ સિદ્ધાન્તે ચાલનારા પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોને સંયમી આત્માઓને, સંસારના ત્યાગીઓને, વિરક્ત વૈરાગીઓને આદર ભાવથી નમસ્કાર કરવા પણ પુણ્યકારક છે. ધર્મના પ્રત્યે પૂજ્યભાવ રાખવો, વીનય-વીનમ્રપણે ચાલવુ પણ નમસ્કાર સ્વરૂપે છે. આપ્તજન, માતા-પિતા, વડીલ, જ્યેષ્ઠબંધુ, વિદ્યાદાતા, શિક્ષકાદિ પ્રત્યે પણ નમસ્કારનો વ્યવહાર પુણ્યકારક છે. એથી વિપરીત વ્યવહાર પાપકારક અશુભ કહેવાય છે.

આ પ્રમાણે પુણ્ય બાંધવાના આશ્રવ કારણો શાસ્ત્રકાર મહર્ષિઓએ ૯ બતાવ્યા છે. સમક્ષ પાત્રના પ્રમાણે જેવા ભાવ-અધ્યવસાય તે પ્રમાણે પુણ્ય પણ ન્યૂનાધિક બંધાય.

પાપકર્મ ૧૮ રીતે બંધાય છે-

જેમ શુભ અધ્યવસાયો વીધારો પુણ્ય બંધાવે છે તેમ તેનાથી વીપરીત-અશુભ અધ્યવસાયો-વીચારો પાપ બંધાવે છે. સારાનું ફળ સારૂ અને ખરાબનું ફળ ખરાબ. સમયે સમયે જીવો મન-વચન-કાયાની જેવી શુભ-અશુભ વૃત્તિ તથા પ્રવૃત્તિ રાખે છે તેને અનુરૂપ જીવો શુભ (પુણ્ય) અશુભ (પાપ) કર્મ બાંધે છે. જગતમાં એવી પણ ઘણી પ્રવૃત્તિ તથા વૃત્તિ છે જે શુભ નથી હોતી. અશુભ, ખરાબ હોય છે. તેને પાપ કહેવામાં આવે છે. સર્વજીવમાત્રની મન-વચનકાયાની આવી અશુભ પ્રવૃત્તિઓને સર્વજ્ઞ જ્ઞાની ભગવંતોએ ૧૮ જાતમાં વિશ્લેષણ કરીને આપણી સમક્ષ રજુ કરી છે. જેને ૧૮ પાપ સ્થાનક કહીએ છીએ.

૧. પ્રાણાતિપાત – પ્રાણ છે જેને એવો પ્રાણી. સંસારી જીવ. એક જીવ–પ્રાણીના પ્રાણોનો નાશ કરવો, મારવો તે હિંસા કહેવાય છે. કોઈપણ નાના–મોટા પ્રાણીની હિંસા તે પ્રથમ પાપ છે.

૨. મૃષાવાદ – મૃષા = ખોટું, અસત્ય, વાદ = કથન, બોલવું, ભાષા, કોઈપણ કારણે–નિમિત્તે ખોટું બોલવુ, અસત્ય ભાષા વાપરવી એ બીજુ પાપ છે.

૩. અદત્તાદાન – ન આપેલુ લેવું. માલિક પોતે નથી આપતો છતા લેવું તે અદત્તાદાન કહેવાય. અર્થાત ચોરી. માલિકની આજ્ઞા–અનુમતિ વિના વસ્તુ લેવી તે ત્રીજુ પાપ ચોરી કહેવાય.

૪. મૈથુન સેવન – અતિ વિષય–વાસના, કામવાસનાની વૃત્તિના કારણે અમર્યાદ મૈથુન સેવન કરવું, કામક્રીડાઓ કરવી તે ચોથુ પાપ છે.

૫. પરિગ્રહ – સંગ્રહ, અમાપ સંગ્રહ, આવશ્યકતા વિના પણ અતિ પ્રમાણમાં મર્યાદા બહાર વસ્તુઓનો સંગ્રહ કરવો. તેના ઉપર મોહ–મમત્વ મૂર્ચ્છા રાખવી, તેની ખાતર આરંભ સમારંભ કરવો તે પરિગ્રહ પાંચમુ પાપ છે.

૬. ક્રોધ – અપ્રશસ્ત ક્રોધ કરવો. કષાયવૃત્તિથી તીવ્ર ક્રોધ કરવો. એ પણ છઠું પાપ છે.

૭. માન – અપ્રશસ્ત ભાવનું અભિમાન, ઘમંડ એ પણ કષાય છે. અનર્થકારી છે. તે પણ પાપ છે.

૮. **માયા** – અપ્રશસ્તભાવથી છળ, કપટ, વિશ્વાસઘાત, દગો દેવો વગેરેને માયાના નામથી ઓળખાય છે.

૯. **લોભ** – અપ્રશસ્તભાવથી સંસારમાં જીવ–અજીવ ઉપર લોભવૃત્તિ રહેવી, સર્વ પદાર્થો પ્રત્યે અતિશય મમત્વ –મોહભાવ રાખવો અને તેને મારાપણાથી મેળવવી, રાખવી. તે લોભવૃત્તિ પણ કષાય તરીકે નવમું પાપસ્થાનક જ ગણાય છે.

૧૦. **રાગ** – ઇચ્છા, રાગ, આકર્ષણ, મોહ–મમત્વ, મુર્છા અને મારાપણાના રાગભાવથી જે મારી નથી તેને પણ મારી માનીને વ્યવહાર કરવો.... એ રાગ પણ દસમા નંબરનું પાપ છે.

૧૧. **દ્વેષ** – રાગથી તદ્દન વીપરીત આ દ્વેષ છે. દ્વેષ વૃત્તિના કારણે વૈર–વૈમનસ્ય–દુશ્મનાવટ રાખવી, ઈર્ષ્યા કરવી, તેનેદ્વેષ રાખવો અપ્રિતિ–અણગમો રાખવો વગેરે દ્વેષના નામે અગિયારમું પાપ સ્થાન છે.

૧૨. **કલહ (કલેશ)** – ઝગડો કરવો, લડવા, ઝગડવામાં અનેક વૃત્તિઓ, કષાયો આદિ કામ કરે છે. એમાં અપ–શબ્દ ગાળો તથા ગંદી ભાષા વાપરવામાં આવે છે. કલહ કયારેય શુભ નથી હોતો. અશુભપાપમાં ૧૨મો છે.

૧૩. **અભ્યાખ્યાન** – કોઇના પણ માથે કલંક દેવું, પાપનો આરોપ મુકવો. સાધુ–સંત–સજજન ઉપર વીપરીત આરોપ મુકવો, બળજબરીથી નથી છતાં છેનો આરોપ મુકી વર્તવુ તે અભ્યાખ્યાન. ખોટા આળ ચઢાવવાના નામનું ૧૩મું પાપસ્થાન છે.

૧૪. પૈશૂન્ય – ચાડી ખાવી, ચાડી–ચુગલી કરવી, આ વૃત્તિમાં પણ ઈર્ષ્યા–દ્વેષ, માયા, લોભ આદિ કષાયો વગેરે કામ કરતા જ હોય છે. નારદીવૃત્તિથી એક બીજાને ચઢાવીને લડાવવા વગેરે પૈશૂન્ય વૃત્તિનું ૧૪મું પાપસ્થાન છે.

૧૫. રતિઅરતિ –રતિ=ગમો, અરતિ=અણગમો. પ્રીતિ અપ્રીતિ, પ્રેમ–અને દ્વેષ, સારૂ, ગંદુ–બરાબની વૃત્તિ–તિરસ્કાર કરવાની વૃત્તિ આદિ આ ૧૫મા રતિઅરતિ પાપમાં ગણાય છે.

૧૬ પરપરિવાદ– પર–પારકી, પરિવાદ=એટલે વીપરીત-વાદ- ઉધું બોલવું, નથી છતાં છે ના રૂપમાં બોલવું અર્થાત કોઈનિ વીશામાં આરોપાત્મક ભાવમાં બીજાની સાથે ટિકા–ટિપ્પણાત્મક નિંદારૂપે બોલવુ, કોઈનું ધપ્પાતું વીપરીત બોલવું તે આ પરપરિવાદ નામનું ૧૬મું પાપસ્થાનક છે. અવર્ણવાદ પણ કહેવાય છે.

૧૭. માયા મૃષાવાદ– માયા એટલે કપટ કરીને બોટુ બોલવુ. માયા વીના સાદુ બોટુ એ જુદી વસ્તુ છે. અને આ ઈરાદા પુર્વક કપટ વૃત્તિથી માયાના કારણે બોટું બોલવું તે. માયા મૃષાવાદ ૧૭મું પાપ ગણાય છે.

૧૮ મિથ્યાત્વ શલ્ય– પગમાં કાંટાની જેમ હૃદયમાં મિથ્યા–વીપરીત વીચારધારા રાખવી, દેવ–ગુરૂ–ધર્મનું વાસ્ત-વીક સાચુ સ્વરૂપ ન જાણવુ, અને રાગી–દ્વેષીને દેવ માનીને ચાલવુ, કંચન–કામિનિના ત્યાગી પંચમહાવ્રત ધારીને–સાધુ–ગુરૂ ન માનવાં, અને સર્વજ્ઞ– કેવલિનો પ્રરૂપિત ધર્મ–ધર્મરૂપે ન માનવો, અને અશુભ પાપમય આચારને ધર્મ

માનવો તે મિથ્યાજ્ઞાન કહેવાય. સાચા સમ્યગ જ્ઞાન પ્રત્યે મિથ્યા–વીપરીત વૃત્તિનું કાંટાની જેમ હૃદયમાં શલ્ય (ગાંઠ) રાખ્યા વીપરીત આચરણ કરવુ તે. મિથ્યાત્વશલ્ય નામનું ૧૮મું અને છેલ્લું પાપ–સ્થાનક કહેવાય છે.

આ પ્રમાણે મુખ્ય પાપ પ્રવૃત્તિની આ ૧૮ જાતિઓ છે. સંક્ષિપ્તમાં તેનો અર્થ આપણે જોયો છે. વિસ્તાર તો સમુદ્ર જેટલો અમાપ છે. સંસારમાં સર્વજીવો જે પાપ આચરે છે, તે સર્વ આ ૧૮માં જ સમાઈ જાય છે. આ અઢારથી આગળ કોઇ ૧૯મું પાપ નથી. બધા પાપોની મુખ્યજાતિઓ ૧૮ છે. આ ૧૮ અશુભ છે. એક આત્મા માટે તો હિતકર્તા નથી જ. હાનિકારક જ છે. આ પાપોનું સેવન કરવાથી આત્માને તો નરકાદિના દુઃખોની યાતના જ ભોગવવાની છે. ભયંકર વેદના, દુઃખ ભોગવશે. માટે કોઇ પણ પાપ સારૂ નથી. એક પણ પાપ આચરવા જેવું નથી.

પરમાત્માએ પ્રથમ પાપ છોડવાનું કહ્યું છે. જેટલા અંશે તમે પાપ છોડશો, પાપ ન કરવાની પ્રતિજ્ઞા (પચ્ચખાણ) કરશો, તેટલા અંશે તમે સાચા ધર્મી બનશો. આ ૧૮ પ્રકારના પાપો આપણે સહુ સમજીએ છીએ. પાપનો અભાવ એ જ ધર્મનો ભાવ છે. પાપવૃત્તિ છોડવાથી જ શુભ ધર્મવૃત્તિ આવશે.

૧. હિંસાનું પાપ છોડવાથી – અહિંસા ધર્મ પ્રગટશે.
૨. મૃષાવાદનું ,, ,, – સત્ય ,, ,,
૩. અદત્તાદાન(ચોરી),, ,, – અચૌર્ય (અસ્તેય)નું ,, ,,
૪. મૈથુનનું ,, ,, – બ્રહ્મચર્ય ,, ,,

૫. પરિગ્રહનું પાપ છોડતાં – અપરિગ્રહ–ત્યાગ પ્રગટશે
૬. ક્રોધનું ,, ,, – ક્ષમા ધર્મ વધશે.
૭. માનનું ,, ,, – વિનય–નમ્રતાનો ધર્મ વધશે.
૮. માયાનું ,, ,, – સરળતા પ્રગટ થશે.
૯. લોભ ,, ,, – સંતોષવૃત્તિ જાગશે.
૧૦. રાગ ,, ,, – વૈરાગ્ય પ્રગટ થશે.
૧૧. દ્વેષ ,, ,, – મૈત્રી ગુણ ,, ,,
૧૨. કલહ (કલેશ) ,, ,, – સમતા ગુણ ,, ,,
૧૩. અભ્યાખ્યાન ,, ,, – સર્વ પ્રત્યે આદરભાવ ,, ,,
૧૪. પૈશૂન્ય ,, ,, – શાંતવૃત્તિનો ગુણ ,, ,,
૧૫. રતિ–અરતિ ,, ,, – સર્વ સમભાવ ગુણ ,, ,,
૧૬. પરપરિવાદ ,, ,, – ગુણાનુરાગી પણું ,, ,,
૧૭. માયા મૃષાવાદ ,, ,, – નિર્દોષ સરળતાને સત્ય ,, ,,
૧૮. મિથ્યાત્વશલ્ય ,, ,, – સમ્યગ જ્ઞાન દ્રશા ,, ,,

આ પ્રમાણે આ ૧૮ પાપ સ્થાનકો જે અશુભ કર્મ છે. તેનો ત્યાગ કરવાથી, તે છોડવાથી અર્થાત ન કરવાની પ્રતિજ્ઞા કરવાથી તેની સામે તે તે ધર્મ તે તે ગુણ પ્રગટ થાય છે. તે જ આપણા માટે સાધ્ય છે. એવું ન થવું જોઇએ કે પાપને જ ધર્મ બનાવીને ચાલીએ. ના, તો તો મહા અનર્થ થઇ જશે. પાપને અશુભ, પાપ વૃતિને પાપ ગણીને છોડવી એ જ હિતાવહ છે અને તેની સામે પાપના ત્યાગ રૂપ ધર્મનું આચરણ એ જ હિતાવહ છે. એકબીજાનું મિશ્રણ એકબીજામાં કરવું એ હિતાવહ નથી. પાપના નામે ધર્મ કરવો કે ધર્મના નામે

પાપ કરવુ એ પણ મિથ્યાભાવ છે. બન્ને સ્વતંત્ર છે. શાશ્વત છે. માટે પાપનો આશ્રય ન લેવો. પાપને ધર્મ માર્ગમાં લાવવું અને ધર્મના નામે પાપ ખપાવવું. પાપને ધર્મ બનાવીને આચરવું એ પણ મોટું પાપ છે.

કહેવાતા હાલી નીકળેલા ભગવાનો તો ઘણા છે. આજે આ કળિયુગમાં ભગવાનોનો પણ રાફડો ફાટયો છે. જે તે ભગવાન થાય છે. ભલે પછી તે પાપ આચરતો હોય અને લોકોનું ટોળુ પોતા તરફ ખેંચવા માટે, પોતાના અનુયાયી બનાવવા માટે ધર્મને સરળ કરે છે. ધર્મ ને સરલ કરવાનો અર્થ જ એ થયો કે, ધર્મ. નિયમ-સિદ્ધાન્તમાં બાંધ-છોડ કરવી અને તેમાં અધર્મ પાપનો અંશ મિશ્રિત કરવો. એનાથી ધર્મનું સરલીકરણ થાય છે. આવી રીતે ખોટો માલ સાચાના નામે વેચી નાંખવાની જેમ પાપને ધર્મના નામે ખપાવીને સહેલો ધર્મ, સુગમ ને સરળ ધર્મ બતાવી અજ્ઞાની-લોકોના ટોળાને પોતા તરફ ખેંચીને અનુયાયી બનાવવાની પ્રવૃત્તિ દિવસે-દિવસે જોર પકડતી જાય છે.

પાપપ્રવૃત્તિની તરફનો રાગ, રસ અને સ્વાભાવીક આકર્ષણ, ભોગોની તરફ રાગ તો અનાદિ કાળથી જીવોમાં પડેલી વૃત્તિ જ છે. સંજ્ઞા છે અને તે તો સહજ છે, સ્વાભાવીક છે. પરન્તુ અનાદિની આ ટેવો-સંસ્કારોને છોડવા પાપોનો ત્યાગ કરવો. ન કરવાની પ્રતિજ્ઞા કરવી એ જ સાચો ધર્મ માર્ગ છે. તપ-ત્યાગનો રાગ કેળવવો, અને રાગનો ત્યાગ કરવો એના જેવો ઉત્તમ માર્ગ કયો ? પરન્તુ જીવોને આ માર્ગ

આકરો લાગે છે. અને રાગમાર્ગ, ભોગમાર્ગ કપરો લાગે છે એટલે પ્રવૃત્તિ પાપમાર્ગ તરફ સહજ સ્વાભાવીક છે. અને તેમાં પણ પાપને ધર્મ કહેનારા આવા ગુરૂ કે ભગવાનો મળી જાય છે પછી તો પુછવું જ શું ? જોઇતું હતું ને વૈદ્યો કહ્યું.... પછી તો ચાલ્યુ. પરન્તુ જીવોએ સમ્યગ જ્ઞાનનો– સમ્યગ–સાચો ચારિત્ર સમ્યગ તપ માર્ગનો ધર્મ સમજવો જોઇએ. અને તેમાં પણ સાચી સમ્યગ શ્રદ્ધા કેળવવી એ જ સાચો હિતકારી માર્ગ છે.

શુભ–અશુભ કર્મોની ગણતરી–

કર્મો ૮ છે અને તેમાં પણ ૪ ઘાતી + ૪ અઘાતી એમ બે ભેદે છે. અને આ ૮ કર્મોમાં બધા પુણ્ય–પાપની ગણતરી શુભ–અશુભ રૂપે કરવામાં આવે છે.

૮ કર્મ

૪ ઘાતી કર્મ	૪ અઘાતી કર્મ

૧	૨	૩	૪
જ્ઞાનાવરણીય	દર્શનાવરણીય	મોહનીય	અંતરાય
૫	૯	૨૮	૫
પાપની બધી,	બધી,	૨૬	બધી
પુણ્યની નથી	નથી	નથી	નથી

૫	૬	૭	૮


	નામકર્મ	ગોત્રકર્મ	વેદનીક	આયુષ્ય
	૧૦૩	૨	૨	૪
પાપની-	૩૪ —	૧ —	૧ —	૧
પુણ્યની-	૩૭ —	૧ —	૧ —	૧

પાપની અશુભ પ્રકૃતિ- ૫+૯+૨૬+૫+૩૪+૧+૧+૧=૮૨.
પુણ્યની શુભ પ્રકૃતિ - ૩૭+૧+૧+૩=૪૨.

૪ ઘાતી કર્મમાં તો સર્વ પ્રકૃતિઓ પાપના ઘરની જ છે. જે કર્મો આત્માના મૂળભૂત ગુણોનો જ ઘાત કરી નાખે છે, ગુણોને દબાવી જ દે છે તેને તો પુણ્યની શુભ પ્રકૃતિ કહેવાય જ કેવી રીતે ? ન જ કહેવાય. માટે તે બધી પાપની પ્રકૃતિઓ થઇ. દા. ત. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે જ્ઞાન ગુણ પૂર્ણપણે પ્રગટ નથી થયા. જ્ઞાન ૫ છે. તે પાંચે ઉપરના આવરણના કારણે જ્ઞાનાવરણીય કર્મ પણ પાંચ છે. માટે તે પાંચે જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિને પાપની અશુભ જ ગણવી પડે છે. લોક વ્યવહારમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે કોઈ પણ અજ્ઞાની હોય, આપણો છોકરો, બાપ કે પતિ કે ભાઈ પણ અજ્ઞાની-અભણ મૂર્ખ હોય એ સારુ તો નથી જ, એ શોભાસ્પદ તો નથી જ. કોઈ પણ એને શુભ-સારૂ નથી ગણતો. માટે તે પાપનો જ ઉદય ગણાય. અજ્ઞાન, અલ્પ જ્ઞાન, મૂર્ખતા પાપકર્મનો જ ઉદય ગણાય એ જ પ્રમાણે દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિઓ અને ૨૬ મોહનીયની તેમ જ અંતરાય કર્મની પાંચે પ્રકૃતિઓ પણ અશુભ જ ગણાય. એમાં આ બધામાં એક પણ સારી નથી. શુભ નથી. માટે

ચારે ઘાતી કર્મમાં એક પણ પ્રકૃતિ શુભ, સારી નથી. બધી અશુભ પાપની જ છે.

હવે વાત રહી અઘાતી કર્મની. અઘાતીમાં શું છે કે તે નામ-ગોત્રાદિ ચાર કર્મો આત્મ ગુણોનો સર્વથા-સાવ ઘાત નથી કરતા. તેથી તેને અઘાતી કર્મ કહ્યા છે. આ ચાર કર્મોમાંથી કેટલાક કર્મો સારા શુભ ગણાય. અને કેટલાક કર્મો અશુભ ખરાબ પણ ગણાય. જો કે કર્મ બધાય ખરાબ જ હોય છે, એમાં ના નથી. પરન્તુ હવે જ્યારે જીવાત્મા કર્મયુક્ત થઇને સંસારમાં રહ્યો જ છે, ત્યારે તે જીવને શરીર, ગતિ, જાતિ, ઇન્દ્રિયો, આયુષ્ય, કુળ-ઘર, સુખ-દુઃખ વગેરેમાંથી સારૂ કેટલું મળશે અને ખરાબ-અશુભ કેટલું મળશે તે વિચારવાનું રહ્યું એટલે ઘાતીમાં સર્વ અશુભ-પાપની ખરાબ પ્રકૃતિઓ છે. જ્યારે અઘાતીમાં શુભ-અશુભ પુણ્ય-પાપની બન્ને પ્રકૃતિઓ છે.



આ પ્રમાણે શુભાશુભ કર્મનો બંધ અને ઉદય બન્ને જોતા પુણ્ય કર્મ ૯ પ્રકારે બંધાય છે અને ૪૨ રીતે ઉદયમાં આવે છે. ભોગવાય છે. એ જ પ્રમાણે પાપકર્મ ૧૮ રીતે બંધાય છે અને ૮૨ રીતે ઉદયમાં આવે છે. ભોગવાય છે. સંસારમાં સર્વ જીવો માટે પુણ્ય અને પાપના આટલા જ મુખ્ય પ્રકારો છે.

હવે ક્રમશઃ કેટલી રીતે સંસારમાં જીવોને પુણ્યના હૃદયે સુખ મળે છે. જીવો કઈ કઈ રીતે સુખી થાય છે તે પુણ્ય પ્રકૃતિઓને સ્પષ્ટ જોઈ લઇએ એટલે ખ્યાલ આવશે.

ક્રમશઃ પુણ્યની ૪૨ પ્રકૃતિઓ–

જેમ ખાધા પછી તાકાત આવે, જોયા પછી મજા આવે, અને વાગ્યા પછી ઉગે એ જ પ્રમાણે શુભ કે અશુભ બન્ને કર્મોનું પણ એવું છે. બાંધ્યા પછી ઉદયમાં આવે. ઉદયમાં આવવું એને વિપાક પરિણામ કહેવામાં આવે છે. શુભ (પુણ્ય) કર્મનો વિપાક સુખ મળે અને અશુભ (પાપ) કર્મના વિપાકે દુઃખ મળે. વાવ્યા પછી ઉગે એમાં જેમ બીજ વાવણી પહેલા થાય છે અને પછી તેમાંથી અંકુર ફુટે છે પછી ધાન્ય ઉગે છે. એમ ૯ પ્રકારે પુણ્ય જે બાંધવામાં આવે છે, તે જ તેની વાવણી છે. એ જ પ્રમાણે ૧૮ પ્રકારે જે પાપ (અશુભકર્મ) બાંધવામાં આવે છે તે પાપની વાવણી છે અને પછી બીજને જેવા હવા–પાણી–પ્રકાશનો નિમિત્ત મળશે અને તે ઉગશે તેમ સંસારમાં જીવને નિમિત્તો મળવાથી તે પુણ્ય અને પાપના વિપાકો સુખ–દુઃખરૂપે ઉદયમાં આવે છે, ઉગે છે. અને પરિણામે કોઇ સુખી થાય છે તો કોઇ દુઃખી થાય છે.

સંસારમાં જીવો જે પ્રકારના સુખો પામે છે. શારીરિક, વ્યાવહારિક, પારિવારિક આદિ અનેક પ્રકારનું છે. તેના મુખ્ય ભેદો શાસ્ત્રકાર મહર્ષિઓએ ૪૨ પ્રકારના ગણાવ્યા છે. શુભરૂપ શું શું હોય છે તે જણાવતાં, શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં ફરમાવ્યું છે કે....

सायं सम्मं हासं पुरिस-रइ-सुभाउ-नाम-गोत्ताइं ।
पुण्णं, सेसं पावं नेयं सविवागमविवागं ॥ १९४६.

શાતાવેદનીય, શોધેલા શુદ્ધ મિથ્યાત્વના પુદ્ગલ એટલે સમ્યક્ત્વ મોહનીય, હાસ્ય પુરૂષવેદ, રતિ, નરકાયુ વિના દેવ, મનુષ્ય, તિર્યંચના ત્રણ આયુષ્ય, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, મનુષ્યદ્વિક પંચેન્દ્રિયજાતિ, પાંચ શરીર, ત્રણ અંગોપાંગ, પહેલુ સંઘયણ, પહેલુ સંસ્થાન, શુભ વર્ણ ચતુષ્ક, અગુરૂલઘુ નામ, પરાઘાત, ઉશ્વાસ, આતપનામ, શુભ વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશ, નિર્માણ તથા અન્તમાં તીર્થંકર નામકર્મ આ પ્રમાણે પુણ્ય થકી ઉદયમાં આવનારી અર્થાત ફળસ્વરૂપે મળનારી આ ૪૨ પ્રકૃતિઓ સુખરૂપ છે. સુખકારક છે.

(જો કે અહીંયા વિશેષાવશ્યક ભાષ્યમાં સમ્યક્ત્વ મોહનીયને પુણ્ય પ્રકૃતિ ગણવામાં આવી છે તેનું મુખ્ય કારણ તત્વરૂચિરૂપ સમ્યક્તને શુભ ગણ્યું છે. પરન્તુ પ્રચલિત અન્ય આચાર્યના મતે ૪૨ પ્રકૃતિઓ જ મુખ્યપણે શુભ પુણ્યની છે. સમ્યક્ત્વ મોહનીય પણ શંકા-કુશંકાના હેતુરૂપ સંશયાત્મકાદિ

અનર્થના હેતુભૂત હોવાથી અશુભ છે. એટલે એ પણ પાપ પ્રકૃતિ છે. એ જ પ્રમાણે હાસ્ય, પુરૂષવેદ, તથા રતિ એ પણ મોહનીય કર્મની જ પ્રકૃતિઓ છે. અને મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ જીવને વિપર્યાસ કરનાર છે. તેથી તે અશુભ-પાપની પ્રકૃતિઓમાં ગણાય. માટે પુણ્યની તો શુભ ૪૨ પ્રકૃતિઓ જ છે.)

सा उच्चगोअ मणुदुग, सुरदुग, पञ्चिंदिजाइ पगदेहा ।
आइति तणुबंगा, आइम संघयण संठाणा ।
वन्नचउक्कांडगुरुलहू — परघा उस्सास आयवुज्जोअ ।
सुरवाइ निमिण तसदस, सुरनरतिरि आउतित्थयरं ॥

૧. **શાતાવેદનીય** – વેદન, સંવેદન અનુભવવું. શાતા એટલે સુખ જેમાં શારીરિક રોગોના અભાવમાં અશાતા ન ભોગવવાની હોય, શરીરની મસ્ત તંદુરસ્તી, સશક્ત, નીરોગી અને સુંદર શરીરનું સુખ તે શાતાવેદનીય છે.

૨. **ઉચ્ચગોત્ર** – ઉચ્ચ અને નીચ એવા બે પ્રકારના ગોત્રમાં જીવનો જન્મ ઉચ્ચ ઘર-કુળ કે ગોત્રમાં થાય, સારા સુખી-સંપન્ન શ્રીમંત કુળમાં થાય, રાજકુળમાં જન્મ થાય અને જન્મથી જ પાણીના બદલે દુધ જેવી સુખ સાહેબી મળવી તે આ પુણ્યને આભારી છે.

૩. **મનુષ્યગતિ** – 卐 આ ચાર ગતિમાંથી જીવને મનુષ્ય ગતિ-માનવભવ પ્રાપ્ત થાય એ મહાન પુણ્યનો ઉદય છે. કારણ, સર્વ પ્રકારની ધર્મારાધના મોક્ષપ્રાપ્તિ આદિની સુલભતા આ મનુષ્ય જન્મમાં જ છે.

૪. મનુષ્યાનુપૂર્વી – મૃત્યુ પછી જીવને બીજા જન્મમાં જ્યાં ઉત્પન્ન થવાનું છે તે ઉત્પતિ સ્થાન સુધી જીવને લઇ જાય તેવું આ મનુષ્યાનુપૂર્વી નામ કર્મ પુણ્યના ઘરનું છે.


૫.-૬. દેવદ્વિક–દેવગતિ, દેવાનુપૂર્વી – એ જ પ્રમાણે જીવને મૃત્યુ પછી શરીર છોડયા પછી જીવને જે કર્મ દેવગતિમાં ઉત્પત્તિ સ્થાન સુધી લઇ જાય તે દેવાનુપૂર્વી નામ કર્મ એમ બન્ને પુણ્ય પ્રકૃતિ છે.

પંચેન્દ્રિય જાતિ–સંસારમાં પાંચ પ્રકારની ઇન્દ્રિયો છે. જે જીવને પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ સંપુર્ણ મળે તે આ પુણ્ય પ્રકૃતિ થકી મળે છે.

ઔદારિક–પાંચ શરીર–ઉદાર પુદ્ગલોનો ઔદારિક વૈક્રિયપુદ્ગલોનો દેવ નારકને વૈક્રિય, આહારક તથા તૈજસ અને કાર્મણ એવા પાંચ શરીરની પ્રાપ્તિ થાય તે (પણદેહા) પુણ્ય પ્રકૃતિના ઉદયે થાય છે.

ત્રણ શરીરનાં ઉપાંગો–શરીર તો મળ્યુ પરન્તુ તેના આંખ–નાક, કાન, આંગળીઓ આદિ અંગો–ઉપાંગો પણ–સુંદર પરિપુર્ણ સારા મળે તે અંગોપાંગ નામ કર્મ છે. અને પ્રથમ ત્રણ શરીરના જ અંગોપાંગ હોય છે. તૈજસ અને કાર્મણ તો સૂક્ષ્મ શરીરરૂપે હોય છે. એટલે તેને અંગોપાંગ નથી હોતા.

પ્રથમ સંઘયણ– સંઘયણ એટલે શરીરના બાંધાની મજબૂતી હાડકા વગેરેની મજબુતી. તે ૬ પ્રકારની છે. નીચેના ચિત્રમાંથી સ્પષ્ટ સમજી શકાશે.



આ ૬ પ્રકારના સંઘયણોમાંથી ફકત પહેલું વજ્ર–ઋષભ નારાચ સંઘયણ એક જ પુણ્ય પ્રકૃતિ (શુભ) માં ગણવામાં આવેલ છે. એ સિવાયના પાંચે અશુભ છે. વજ્ર–ખીલી, ઋષભ–હાડનો પાટો, અને નારાચ એટલે આંટી મારીને મજબુત બંધન રહે. આ સંઘયણ હોય તો જ મોક્ષે જઈ શકાય.

સમચતુરસ્રસંસ્થાન–

સંઘયણ જેમ શરીરને બાંધો–મજબુતી ઉભી કરે છે. તેમ સંસ્થાન એ શરીરનો આકાર નક્કી કરે છે. સુડોલ, બેડોલ એવા આકારો હોય છે. એવા ૬ સંસ્થાનો છે. એમાં

પહેલુ સમચતુરસ્ર નામનું સંસ્થાન જેમાં ચારે બાજુથી સરખુ માપ હોય તેને પુણ્ય પ્રકૃતિમાં ગણ્યો છે. બીજા અશુભ છે. [પાના ૭૧ ઉપરના ચિત્રથી સ્પષ્ટ સમજાશે.]

શુભવર્ણ ચતુષ્ક–વર્ણ (રંગ), ગંધ, રસ, સ્પર્શ, આ ચારે સાહોબા પણ પુણ્ય નામ કર્મના આધારે છે. ૫ વર્ણમાંથી ૩ વર્ણ સફેદ, લાલ, અને પીળો સારા છે. જેના કારણે શરીરનું રૂપ–રંગ, ચામડીનો રંગ સફેદ ધોળો હોય. અર્થાત માણસ ગોરો હોય એ એની પુણ્યાઈ. ૨ ગંધમાંથી ૧ સુગંધ સારી. માણસના શરીરમાંથી સારી સુગંધ આવતી હોય એ પુણ્ય કર્મ છે.

૫ રસમાંથી ૩ રસ–ખાટો, મીઠો અને તુરો શુભ છે. ૮ સ્પર્શમાંથી ઉષ્ણ, સ્નિગ્ધ (ચીકણો), મૃદુ (કોમળ) અને લઘુ (હલકો) આ ૪ સ્પર્શો શુભ પુણ્યના છે. અર્થાત જેના ઉદયે–શરીરની ચામડીનો સ્પર્શ પણ કોમળ–સુકોમળ, રેશમ જેવું મુલાયમ લાગે તે શુભ સ્પર્શ કહેવાય. આ પ્રમાણે વર્ણાદિ ચતુષ્કના કુલ ૨ ભેદ છે. તેમાં વર્ણ+૩ ગંધ–૧+ રસ–૩,+સ્પર્શ–૪=૧૧. આ શુભ છે. જે પુણ્યોદયના કારણે મળે છે.

અગુરૂલઘુ– આ કર્મના કારણે ભારે કે હલકુ શરીર મળે. જેના કારણે પોતાનું શરીર હાથી જેવું અત્યન્ત વજનદાર– ભારે મળે કે જેના કારણે એ જીવ પોતાનું શરીર વહન જ ન કરી શકે, અથવા સાવ હલકુ મળે કે જેથી સામાન્ય વાતમાં પડી જાય. ઉડી જાય. એવુ ન હોય, મધ્યમસર હોય તે પુણ્ય પ્રકૃતિ કહેવાય.

પરાઘાત– સામે બીજી વ્યક્તિ ગમે તેવી બલવાન હોય છતાં પણ તે આપણને જોઇને જ અંજાઇ જાય. એના ઉપર આપણી પ્રભા પડે એને પરાઘાતના કર્મની પુણ્ય પ્રકૃતિ ગણી છે.

ઉચ્છવાસ– સારી રીતે સરળતાથી જે જીવ શ્વાસ લઈ મૂકી શકે તેને શ્વાસોચ્છવાસ નામકર્મની પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

આતપ– જીવનું શરીર શીત છતા તેનો પ્રકાશ ઉષ્ણ હોય જેમ કે સુર્યના પ્રકાશમાં એકેન્દ્રિય પૃથ્વીકાયિક જીવો અને સુર્યકાન્તમણિ વગેરેને હોય છે. એને આતપ નામ કર્મની પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

ઉદ્યોત– આ પુણ્ય પ્રકૃતિના કારણે જીવનું શરીર શીત–ઠંડા પ્રકાશયુક્ત હોય છે. જેમ કે ચન્દ્ર–નક્ષત્ર,તારા વગેરેના પૃથ્વી કાયના જીવોને તથા આગીયાને પણ હોય છે.

શુભવિહાયોગતિ–જીવની ચાલ–ગતિ સારી હોય.... કોઇને પણ ગમી જાય. ઘડીભર બીજો જોતો જ રહે તેવી શુભ ચાલ ગતિ આ પુણ્ય પ્રકૃતિના આધારે મળે છે. જેમ કે હંસ, હાથી, બળદ વગેરેને છે.

નિર્માણ– શરીર રચનામાં જીવનું શરીર જ્યાં જેવું સુ-વ્યવસ્થિત જોઇએ તેવું બને. નિર્માણ થાય. તેવી દેહરચના સુંદર વ્યવસ્થિત નિર્માણ થવી તે આ નિર્માણ નામકર્મ કહેવાય છે.

આયુષ્યત્રિક– 卐 ચાર ગતિમાં દેવ–મનુષ્ય અને તિર્યંચના પશુ–પક્ષી જીવને પણ તે તે ભવમાં રહેવાની જે કાળ અવધિ તેને આયુષ્ય કહેવાય છે. સારૂ આયુષ્ય મળે એ પણ પુણ્ય પ્રકૃતિના કારણે સંભવે છે.

તીર્થંકર નામકર્મ–તીર્થંકર બનવા માટે પૂર્વના ત્રીજા ભવે જે તીર્થંકર નામકર્મ બાંધવામાં આવે છે તે ઉત્કૃષ્ટ ૮ પુણ્ય–પ્રકૃતિ કહેવાય છે. જે કર્મના ઉદયથી ત્રણે લોકમાં, ત્રણે ભૂવનમાં પૂજનીયપણું મળે, ચતુર્વિધ સંઘ સ્થાપી શકે, કરોડો દેવતાઓ સેવા કરે. સમવસરણ રચે, અષ્ટ પ્રતિહાર્યો તથા અનેક અતિશયો થાય તે સર્વ આ પુણ્ય પ્રકૃતિને આભારી છે.

ત્રસાદિ ૧૦ની ૧૦ પુણ્ય પ્રકૃતિઓ–

तस बायर पज्जत्तं, पत्तेय थिरं–सुभंच सुभगं च ।
सुस्सराइज्जजसं, तसाइदसगं इमं होइ ॥

* **ત્રસ**– જીવને ત્રસપણું મળે. અર્થાત ત્રાસ–દુઃખમાંથી બચી શકે, ભાગી શકે. ૨, ૩, ૪, ૫ ઇન્દ્રિયોવાળું શરીર મળે તે ત્રસનામ કર્મની પુણ્ય પ્રકૃતિ ગણાય છે.

* **બાદર**– બાદર એટલે સ્થુલ મોટાપણું, સાવ સૂક્ષ્મ શરીર નહીં, એવુ શરીર પુણ્ય પ્રકૃતિ છે.

* **પર્યાપ્ત**– જેના કારણે જીવ પોતાની છએ પર્યાપ્તિઓ પૂર્ણ કરીને પર્યાપ્તપણું પામે તે રૂપે રહે તે પર્યાપ્ત નામ કર્મ.

* **પ્રત્યેક**– પ્રત્યેક એટલે. પ્રતિ+એક એક શરીરમાં આપણને એકલાજ રહેવા મળે તે પુણ્ય નામ કર્મ, એક સાથે ઘણાં આત્માઓ ભેગા ન રહેતા એક શરીરમાં એક જ રહે તે પ્રત્યેક પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

* **સ્થિર**– સ્થિર નામ કર્મ પણ પુણ્ય પ્રકૃતિ છે. જેના કારણે જીવને મળેલા દાંત, હાડકા વગેરે સ્થિર રહે, ન પડે.

* **શુભ**– જેને શરીર શુભ મળ્યુ હોય. જેના શરીરના સ્પર્શાદિ પણ બીજાને શુભ લાગતા હોય, પરને પ્રીતિ ઉપજાવનાર હોય તે શુભ નામ કર્મ કહેવાય.

* **સુસ્વર**– જેના કારણે કોયલ જેવો મીઠો સુંદર–મધુર કંઠ મળે. એને ગાતાં સાંભળવા માટે સેંકડો લોકો ભેગા થાય તે સુસ્વર નામ કર્મની પુણ્યાઈ છે.

* **સૌભાગ્ય**–આપણા જીવની પુણ્ય પ્રકૃતિ છે. પાંચમાં પુજાય, પ્રતિષ્ઠા પામે, કંઈ પણ ઉપકાર કર્યા વિના પણ બીજાઓમાં પ્રીતિ–પ્રેમ–પ્રતિષ્ઠા પામે તે સૌભાગ્ય નામ કર્મ છે.

* **આદેય**–આદેય–એટલે પ્રભાવ, આપણા વચનનો, બોલ્યાનો બીજા ઉપર પ્રભાવ પડે તેને આદેય નામ કર્મ કહેવાય. આ પુણ્ય પ્રકૃતિ છે. જેથી બોલેલું કોઈ સાંભળે. વજન પડે.

* **યશ**–યશ જેનાથી વ્યકિતનો યશ દશે દિશામાં પ્રસરે, ગામ, જ્ઞાતિ, સમાજ, દેશ, રાષ્ટ્ર આદી સર્વત્ર પોતાની કીર્તિ પ્રસરે એને યશનામ કર્મની પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.


આ પ્રમાણે ૪૨ રીતે પુણ્યોદયે ઉપરોકત વસ્તુઓ જીવ સંસારમાં પામે છે. સંસારમાં રહ્યા પછી જન્મ્યા પછી.... કેટલી શુભ વસ્તુઓની જરૂર હોય છે. તે સર્વ ઉપાર્જન કરેલા પુણ્ય થકી જ મળે છે. બધી કર્મની જ પ્રકૃતિઓ છે. પરન્તુ જીવન વ્યવહારમાં ઉપયોગી, સારી....છે. જરૂરી છે. એટલે પુણ્ય પ્રકૃતિના વિભાગમાં છે. પરન્તુ બધા જ જીવોને મળી જાય છે એવુ નથી હોતુ. દરેક જીવે જેટલા પ્રમાણમાં પુણ્ય કે પાપ જે બાંધ્યુ હોય તેને તે પ્રમાણમાં મળે છે.

દરેકે દરેક જીવે આ ૪૨ પુણ્ય પ્રકૃતિઓ બાંધી જ હોય એવું નથી. કોઇએ ઓછી બાંધી હોય, તો ઓછુ સુખ મળે. આ પુણ્ય-પ્રકૃતિઓ સુખકારક છે. જીવને સુખ અપાવનારી છે. જીવને શુભ-સારી છે. માટે પુણ્ય પ્રકૃતિ તરીકે ઓળખાય છે. આ સિવાયની પાપ પ્રકૃતિઓ પણ ઘણી હોય છે.

પુણ્યના ઉદયે પ્રાપ્ત થતી સર્વ જીવોને આશ્રયીને કુલ પ્રકૃતિઓ ૪૨ ગણવામાં આવી છે. પરન્તુ તે તે ગતિના જીવોને આશ્રયીને તો ઓછી પણ છે. દા. ત.

મનુષ્યગતિમાં ૩૭ પુણ્ય પ્રકૃતિ

દેવગતિમાં ૩૨ પુણ્ય પ્રકૃતિ



તિર્યંચગતિમાં ૩૩ પુણ્ય પ્રકૃતિ

નરકગતિમાં ફકત ૨૦ પુણ્ય પ્રકૃતિ

૦ એકેન્દ્રિયને ફકત ૨૨ પુણ્ય પ્રકૃતિઓનો ઉદય થઈ શકે.
૦ બે ઇન્દ્રિયને પણ ૨૨ ,, ,, ,, ,, ,,
૦ તે ઇન્દ્રિયને ,, ૨૨ ,, ,, ,, ,, ,,
૦ ચઉરિન્દ્રયને ,, ૨૨ ,, ,, ,, ,, ,,
૦ પંચેન્દ્રિયને (આતપવિના) ૪૧ ,, ,, ,, ,, ,,

આ પ્રમાણે ૪૨ કુલ પુણ્યની પ્રકૃતિઓમાંથી પણ ચારે ગતિના જીવોને ઓછી વધારે કેટલી ઉદયમાં હોઈ શકે છે તે જણાવ્યું એના ઉપરથી દરેક ગતિના દરેક જીવોની સુખની મર્યાદા, પુણ્યના ભોગવટાની મર્યાદાનો ખ્યાલ આવશે. સ્વર્ગને સર્વ પ્રકારનું સુખ મળી જ જાય છે એવું નથી. તેમાં

પણ મર્યાદા છે. અને તે પણ જીવે પોતે બાંધેલા પુણ્ય (શુભ) કર્માનુસારે મળે છે.

૨૮ રીતે ઉદયમાં આવતી પાપ પ્રકૃતિઓ

કર્યા પાપ પ્રમાણે, ૧૮ પ્રકારે બાંધેલા પાપકર્મના ઉદયે જીવોને ૮૨ પ્રકારે તેનું ફળ–દુઃખ ભોગવવુ પડે છે. જે જીવે પાપો કર્યા હોય, જેટલા પાપો કર્યા હોય તે જીવને તેટલા પ્રમાણમાં તે તે પાપકર્મની સજા દુઃખ રૂપે ભોગવવી જ પડે છે. અને તે પણ બાંધેલા ટાઈમ પ્રમાણે જ નિશ્ચિત સમયે જ ઉદયમાં આવશે.


नाणंतरायदसगं, नव बीएनी असाय मिच्छत ।
थावरदस निरयतिगं, कसायपणवीस तिरिय दुगं ॥

જ્ઞાનાવરણીય કર્મની ૫, અંતરાય કર્મ ૫, દર્શનાવરણીય કર્મની ૯. પ્રકૃતિઓ, નીચગોત્ર, અશાતા વેદનીય કર્મ, મિથ્યાત્વ મોહનીય, સ્થાવર દશ, ૧૦, નરકત્રિક, ૨૫ કષાય, તિર્યંચદ્વિક–આ કુલ ૬૨ પ્રકૃતિઓ અને–

इगबितिचउ जाईओ, कुखगइ उवघाय हुंति णवरस ।
अपसत्थं वन्नचउ, अपढमसंघयण संठाणा ॥

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, એ ૪ જાતિઓ, અશુભવિહાયે. ગતિ ઉપઘાત નામ કર્મ, અશુભ વર્ણાદિ ૪, પહેલા સિવાયના ૫ સંઘયણ, અને ૫ સંસ્થાન, આ પ્રમાણે ઉપરની ૬૨ અને + ૨૦ એમ કુલ ૮૨ પ્રકૃતિઓ પાપની અશુભ ગણાય છે. અર્થાત જીવોને ૮૨ રીતે દુઃખદ નિમિત્તો, સંજોગો, વગેરે દુઃખ ઉદયમાં આવે છે. અશુભ મળે છે.

અશુભ પાપ કર્મની પ્રવૃતિઓ.



આ પ્રમાણે ૮ કર્મની કુલ ૮૨ પાપ પ્રકૃતિઓ છે. ૮ કર્મ ઉદયમાં હોય ત્યારે તેમાંની શુભ પુણ્ય કારક ૪૨ પ્રકૃતિઓ અને અશુભ પાપ કારક ૮૨ પ્રકૃતિઓ ગણાય છે.

હવે એ વિચારીએ કે જીવોને કેવી કેવી અશુભ પ્રવૃતિઓ પાપરૂપે ઉદયમાં આવે છે અને તે કેવી દુઃખદ હોય છે.

૫ જ્ઞાનાવરણીય કર્મ પ્રકૃતિઓ – સારા જ્ઞાનનો ઉદય શુભ અને સારો ગણાય, પરન્તુ અજ્ઞાનનો ઉદય અશુભ અને દુઃખદાયિ ગણાય છે. અજ્ઞાન એટલે શું ? જ્ઞાન ગુણ ઉપર આવેલ કર્મનું આવરણ જ્ઞાન જેમ ૫ પ્રકારના છે. મતિજ્ઞાનાવરણી કર્મ –જેના કારણે બુદ્ધિ અલ્પ મળે, મંદમતિ પણ થાય, સમજણ પુરી ન મળે.

શ્રતજ્ઞાનાવરણીય કર્મ – શાસ્ત્રનું જ્ઞાન પુરૂ ન થાય, ભણ્યા પુરૂ ન ચઢે, અભ્યાસમાં રસ ન જાગે, દ્વાદશાંગી, આગમાદિનું જ્ઞાન ન ચઢે, ભણવામાં મન ન લાગે તે સર્વ આ કર્મના ઉદયે છે.

૦ અવધિજ્ઞાનાવરણીય કર્મ – ઇન્દ્રિયોની મદદ વિના પણ રૂપરનું અમુક અવધિ સુધીના પદાર્થો ન જણાય તે આ કર્મના ઉદયે.

૦ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ–જેના ઉદયના કારણે કોઇના પણ મનોગત ભાવો, વિચારો ન જાણી શકાય તે આ કર્મના ઉદય.

૦ કેવળજ્ઞાનાવરણીય કર્મ–કેવળજ્ઞાનના ઉદયથી જે સર્વજ્ઞ પરમાત્મા બધુ જ ત્રિકાળાબાધિત પણે જાણી શકે છે તે આપણે નથી જાણી શકતા તે આ કર્મનો ઉદય છે.

અંતરાય કર્મની ૫ પ્રકૃતિઓ –

અંતરાય તે વિઘ્નરૂપ છે. બાંધેલા અંતરાય કર્મના ઉદયના કારણે જીવોને જ્યારે ઉદયમાં આવે છે. મળતી વસ્તુઓમાં વિઘ્ન ઉભુ થાય છે. અને તેથી જીવ દુઃખી થાય છે. તેવી પાંચ વસ્તુઓ છે. –

૧. દાનાંતરાય – આ કર્મના ઉદયે આપવાના ભાવ હોય, છતે પૈસે, છતી સામગ્રીએ પણ જીવો આપી ન શકે તે દાનાન્તરાય કર્મ કહેવાય.

૨. લાભાન્તરાય – આ કર્મના ઉદયે સામે આપનાર છે. છતાં ન મળે, ધારેલી વસ્તુ આપણને ન મળે, જોઇતું ન મળે તે આ કર્મના ઉદયે છે.

૩. ભોગાન્તરાય – આવાનું હોવા છતા ખાઇ ન શકાય, ભોગવવાની સામગ્રી હોવા છતા ભોગવી ન શકાય, તે દુઃખનું કારણ આ કર્મ છે.

૪. ઉપભોગાન્તરાય = વારંવાર ભોગવાય તે ઉપભોગ કહેવાય. કપડાં પહેરવા, દાગિના, સ્ત્રી વગેરે આટલી વસ્તુઓ હોવા છતા ન ભોગવી શકાય. તે આ કર્મનો ઉદય.

૫. વીર્યાન્તરાય કર્મ – આ કર્મના ઉદયથી બલહીન, અશકત થવાય છે.

આ પ્રમાણે અંતરાય કર્મની બધી પાંચે પ્રકૃતિ અશુભ જ છે. એના ઉદયે બધી રીતે જીવને દુઃખી જ થવું પડે છે. માટે પાપ કારક દુઃખ કારક પ્રકૃતિઓ છે.

દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિઓ –

આત્માના દર્શન ગુણ ઉપર આવેલા આવરણ તે દર્શનાવરણીય કર્મ છે. પાંચ પ્રકારની નિંદ્રા અને ચાર પ્રકારના દર્શનના આવરણ.

૧. ચક્ષુદર્શનાવરણીય – આ કર્મના કારણે ચક્ષુ (આંખ) વડે પુરૂ બરોબર ન જોઇ શકાય.

૨ અચક્ષુ દર્શનાવરણીય – ચક્ષુ સિવાયની – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ પુરેપૂરો ન થઇ શકે, પુરૂ સંભળાય નહીં, ગંધની પણ પુરી ખબર ન પડે વગેરે.....

૩. અવધિદર્શનાવરણીય– આ કર્મના કારણે દૂરના રૂપી પદાર્થો ઇન્દ્રિયોની મદદ વિના પણ સાક્ષાત–પ્રત્યક્ષ નથી જોઈ શકાતા.

૪. કેવલ દર્શનાવરણીય– આત્મા ઉપર આ કર્મ આવરણ રૂપે હોવાના કારણે આત્મા જગતમાં પદાર્થો અનન્તા હોવા છતાં પણ એકી સાથે પ્રત્યક્ષ પણે સાક્ષાત નથી જોઈ શકતો.

આ પ્રમાણે પ્રત્યક્ષ કે પરોક્ષ સીધા આત્મા વડે અથવા ઇન્દ્રિયોની મદદથી પણ પુરૂ ન દેખાય, પદાર્થો ન જોવાય, સામાન્ય બોધ ન થાય, ઇન્દ્રિયોની શક્તિ ઘટવી, હણાવી વગેરે આ દર્શનાવરણી કર્મની પ્રકૃતિઓનો ઉદય છે. તે અશુભ રૂપે છે.

૫. **નિદ્રા**– અનન્તજ્ઞાની આત્માનો ઉંઘવાનો સ્વભાવ નથી. અને તેને નિદ્રા આવ્યા કરે એ પણ પાપનો જ ઉદય કહેવાય. નિદ્રા આવવાથી આત્મા એટલું વાંચતો, લખતો, સ્વાધ્યાય ચિંતન, ધ્યાનાદિ કરતો અટકયો માટે નિદ્રા પણ અશુભ છે. સુખેથી એક શબ્દમાં જાગી જ શકાય તે નિદ્રા, ઘણી વાર જગાડે છતાં ન જાગી શકે તે ગાઢ નિદ્રા, અને વ્યાખ્યાનાદિ સ્થળે બેઠા–બેઠા, ઉભા–ઉભા ઉંઘ આવે તે પ્રચલા નામની નિદ્રા. અને જો ચાલતા–ચાલતા પણ ઉંઘ આવે તો તેને પ્રચલા–પ્રચલા નામની ઉંઘ કહેવાય. તે પણ સારી તો ન જ કહેવાય અને ઉંઘમાંથી ઉઠીને ચાલે, ઘરની બહાર પણ જાય, દિવસનું ચિંતવેલુ કામ કરે.... વગેરે ને થીણદ્ધી નામની પાંચમી નિદ્રા કહેવાય છે. આ પાંચે નિદ્રાઓ એક પછી એક વધારે અશુભ છે. એ પ્રમાણે આ ૯ પ્રકારની દર્શનાવરણીય કર્મની પ્રકૃતિઓ અશુભ છે. પાપકારક છે. એક પણ સારી નથી.

નીચ ગોત્ર કર્મ – બે પ્રકારના ગોત્ર કર્મમાં નીચ ગોત્રકર્મ કે જેના ઉદયથી હીનકુળ, હીન જાતિ, નિન્દનીય ઘરમાં જન્મ મળે એ આ અશુભ પાપકર્મનો ઉદય કહેવાય.

અશાતાવેદનીય– શાતા અને અશાતા એવા બે પ્રકારના વેદનીય કર્મમાં અશાતાવેદનીય કર્મ જેના કારણે શારીરિક દુઃખ ઉદયમાં આવે, જીવ ઉદ્વેગમાં રહે, આધિ–વ્યાધિ અને ઉપાધિઓ રહે, પેટ–માથું વગેરે દુઃખે, રોગો ઘેરી લે અને બિચારો દુઃખી–દુઃખી થઈ જાય તે આ પાપકર્મના કારણે.

મિથ્યાત્વ– આ કર્મના કારણે સત્યને અસત્યરૂપે તેમજ અસત્યને સત્યરૂપે જાણે, અર્થાત વીપરીત જ્ઞાન ધરાવે, ઉલ્ટી સમજ ધરાવે તે આ પાપકર્મના કારણે.

નરકત્રિક– ત્રિક એટલે ૩. નરકની ત્રણે વસ્તુ શુભ રૂપ નથી. નરક આયુષ્ય, નરકની ગતિ અને નરક આનુપૂર્વી (જીવને નરકગતિમાં ઉત્પત્તિક્ષેત્ર સુધી લઇ જનાર કર્મ) પણ શુભ નથી. બધા તીવ્ર દુઃખ કારક છે.

અનન્તાનુબંધી કષાયો– જે આખી જિન્દગી સુધી સાથે રહીને ભવાન્તરમાં પણ જીવની સાથે આવે એવા અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ કે જેના વડે જીવને નરકગતિ મળે, સમ્યકત્વ થતું અટકે, અનન્ત સંસાર વધે એ પણ પાપ કર્મનો જ ઉદય કહેવાય.

ઘણો ક્રોધ કરવો, વગેરે કષાયો કરવા એ સારૂ નથી, સારી છાપ નથી. ખરાબ જ છે. માટે પાપનો (અશુભ) ઉદય જ કહેવાય.

અપ્રત્યાખ્યાની કષાયો–એવા ક્રોધ–માન–માયા કે લોભ જેના કારણે એક–એક વર્ષ સુધી કષાયની આગ ભડકતી

રહે, તિર્યંચગતિ પ્રાપ્ત થાય, દેશવિરતિ ચારિત્ર રોકાય, જીવ શ્રાવક પણ ન બની શકે તે કષાયો કયાંથી સારા હોય ?

પ્રત્યાખ્યાની કષાયો–જે કષાયો વડે સાધુપણું રોકાય, અને જીવો સાધુ થઈ ન શકે, સર્વવિરતિ ચારિત્ર ન લઇ શકે, મનુષ્યગતિ પ્રાપ્ત થાય, અને જે કષાયો ચાર–ચાર મહિના સુધી રહે તે પ્રત્યાખ્યાની કષાયો કહેવાય છે.

સંજવલન કષાયો–૧૫ દિવસની અવધિ સુધી પણ ટકનારા કષાયો જે સાધુ–સંત–મહાત્માઓને પણ ઘણીવાર હેરાન કરી મુકે, વીતરાગી થવા ન દે, યથાખ્યાત ચારિત્ર અટકાવે, આ કષાયો ચારિત્રમાં દુષણ લગાવે. માટે એ પણ અશુભ જ છે.

એકંદરે બધી રીતે જોતાં કષાયો અશુભ જ છે. કષાયનો ઉદય થાય અને જીવો ક્રોધ–માન વગેરે કરે તે પાપનો જ ઉદય છે. ક્રોધ કરવો કે લોભ કરવો એમાંથી કોઇ પણ સારો કે શુભ તો ગણાતો જ નથી. કષ એટલે સંસાર, અને આય એટલે લાભ. એટલે જેના કારણે સંસાર વધે, સંસારનો લાભ થાય તેને કષાયો કહેવાય. એકંદરે સર્વ દૃષ્ટિથી કષાયો અશુભ કર્મ જ છે. અને નવા પાપ બંધાવનાર જ છે. માટે પાપ કર્મના વિભાગમાં ગણવામાં આવ્યા છે.

નોકષાયો– જે પોતે કષાય નથી પરન્તુ કષાયને ઉત્પન્ન કરવામાં જે સહાયક છે તે નોકષાય કહેવાય છે. કારણભૂત હોય તે : દા. ત. હાસ્ય, ભય વગેરે.... તે પણ અશુભ પાપ રૂપ કહેવાય છે. તે ૯ છે.

હાસ્ય– ઘણું હસવું આવતું હોય, ખડખડાટ હસવું વગેરે પણ સારૂ નથી.

રતિ–ગમતી વસ્તુમાં સુખ માનવુ, રાજી થવું,
અરતિ–અણગમતી વસ્તુમાં અણગમો, નારાજી દેખાડવી.
ભય– બીક લાગે, ડરવુ, ભય પામવો વગેરે પણ અશુભ છે.
શોક– ઉદાસીનતા, શોકથી વ્યકત કરવો, ખેદ લાગવો.
જુગુપ્સા– દુર્ગંછા થવી, તિરસ્કાર જાગવો, મોઢુ બગાડવુ.
પુરૂષવેદ– સ્ત્રી સમાગમની કામવાસના જાગવી, ઇચ્છા થવીઃ
સ્ત્રીવેદ– જેનાથી પુરૂષના સમાગમની વાસના જાગવી,
નપુંસકવેદ– જે કર્મના ઉદયે સ્ત્રી–પુરૂષ બન્નેને ભોગવવાની ઇચ્છા થવી, ઉભય મૈથુનની ઇચ્છા એ પણ મહાપાપ.

આ પ્રમાણે આ ૯ નવે નોકષાયની પ્રકૃતિઓ છે. એમાંની એક પણ શુભ–સારી નથી. બધી અશુભ પાપકારક છે. દુઃખ કારક છે.

તિર્યંચદ્વિક– તિર્યંચ=પશુ–પક્ષીની ગતિ મળવી, એ ગતિમાં જીવને ઉત્પત્તિ ક્ષેત્ર સુધી વક્રગતિએ લઈ જનાર કર્મ તે તિર્યંચ અનુપુર્વી કર્મ કહેવાય. તે બન્ને અશુભ છે.

એકેન્દ્રિયાદિ જાતિઓ– જીવોને પંચેન્દ્રિયપણું ન મળે અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય-પણું મળે એ પણ અશુભ છે, કારણ જીવને બરી મજા, પુર્ણ વિકાસ તો પંચેન્દ્રિયપણુ મળે તેમાં જ છે. માટે એકે-ન્દ્રિયપણું શુભ નથી,અશુભ છે. દ્રા. ત. જેના કારણે આત્માને પૃથ્વી

પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ કરમિયા, અળસીયા તથા કીડી, મંકોડા, ઇયળ, ધનેડા, માખી–મચ્છરાદિના નાના–નાના જન્મો લેવા પડે એ કયાંથી શુભ કે પુણ્યકારક હોય? અશુભ જ હોય.

અશુભ વિહાયોગતિ–જે લોકોને ચાલ પણ સારી ન ન મળે. જેની ચાલ ઉંટ, ગધેડા વગેરે જેવી હોય તેને આ અશુભ કર્મનો ઉદય સમજવો.

ઉપઘાત–એવુ શરીર હોય કે પોતાના શરીરના કારણે પોતાને જ પીડા થાય, તકલીફ થાય તે. દા. ત. પડજીભી, ચોરદાંત, રસોળી, વગેરે અવયવો આપણને જ તકલીફરૂપ હોય. જે નડે છે, તે આ અશુભ કર્મના કારણે છે.

અશુભ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–

વર્ણાદિ ચાર (ચતુષ્ક) પણ અશુભ મળે તે પણ આ પાપ કર્મનો ઉદય છે. શરીરનો વર્ણ શ્યામ, કાળો મળવો, બધાને ન ગમે તેવો અને લીલો હોય તે પણ સારો નથી, લસણ ડુંગળી વગેરેની જેમ દુર્ગન્ધ આવતી હોય, પરસેવા આદિના કારણે પણ આવતી દુર્ગન્ધ કોઇને ન ગમે તે, રસ, જેના કારણે તીખા, કડવા રસ વગેરેનો અનુભવ થાય, મરચા–કરેલા વગેરે જેવે, તે પણ અશુભ અને જીવના શરીરનો સ્પર્શ પણ સાવ ઠંડો, કર્કશ, રૂક્ષ, બરછટ, ભારે સ્પર્શનો અનુભવ થાય. જે ન ગમે. અપ્રિય હોય તેને અશુભ કર્મ જ કહેવાય છે. આ ચારે પાપ કર્મની પ્રકૃતિઓ છે. તેનો ઉદય પણ અશુભ હોય છે.

પહેલા સિવાયના ૫ સંઘયણ – આગળ સંઘયણના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જે ૬ સંઘયણો છે. તેમાનું પ્રથમ તો શુભ છે. પરન્તુ પછીના પાંચ અશુભ છે. શરીરનો બાંધો. મજબુતી–હાડકા વગેરેની રચના ઉપર શરીરનો આધાર છે. તે કેવો છે ? શુભ કે અશુભ ? પહેલુ સંઘયણ શુભ છે. પછીના પાંચ અશુભ.

(૨) ઋષભનારાચ, રુષભ અને નારાચ હોય પરન્તુ ખીલી ન હોય, (૩) નારાચ – હાડકાના સાંધા માત્ર મર્કટ બંધવાળા જ હોય, (૪) અર્ધનારાચ – એક બાજુ મર્કટબંધ અને બીજી બાજુ ખીલીવાલા એવા હાડકાના સાંધા તે અર્ધનારાચ, (૫) કીલિકા – જેમાં હાડકાના સાંધા ફકત ખીલીથી જ દૃઢ થયેલા હોય. (૬) સેવાર્ત (છેદ સ્પષ્ટ) છેવટ આ સંઘયણમાં ઉખણમાં પડેલા મુશલની જેમ ફકત હાડકાના બે છેડા સ્પર્શબંધવાળા જ હોય તે સંઘાયણ સેવાર્ત કહેવાય. આ પ્રમાણે શરીર મજબુતાઇની દૃષ્ટિએ ફકત પહેલો સંઘયણ સારો. પરન્તુ પછીના બરાબ.... પછી મજબુતી ઓછી.... ઓછી.... થતી જાય છે. ઘટતી જાય છે. એટલે અશુભ ગણાય છે.

૫. સંસ્થાન – જેમ સંઘયણ શરીરની મજબુતી રાખે તેમ સંસ્થાન શરીરના આકારમાં ભાગ ભજવે છે. શરીરનો આકાર કેવો છે ? સુડોલ કે બેડોલ, સારો કે બરાબ.... એકસરખો સારો શુભ લાગતો ન હોય તો અશુભ. આવા ૬ પ્રકારના સંસ્થાનમાં પહેલું સમચતુરસ્ર એક જ સારૂ છે. બીજા પાંચે અશુભ છે. (૨) ન્યગ્રોધ સંસ્થા – ન્યગ્રોધ એટલે

વડના ઝાડ જેવું સંસ્થાન અર્થાત નાભિથી ઉપરનું અર્ધું શરીર સુંદર સુલક્ષણ હોય, અને નાભિની નીચેનું અર્ધું શરીર લક્ષણ રહિત હોય. સારૂ ન હોય.

૩. સાદિ-સંસ્થાન ન્યગ્રોધથી ઉલ્ટુ છે. એમાં નાભિ નીચેનું સારૂ સુલક્ષણ હોય છે, અને ઉપરનું લક્ષણ હીન અશુભ હોય.

૪. વામન, મસ્તક–ડોક, હાથ અને પગ આ ચાર અવયવો અપલક્ષણ હોય, શુભ ન હોય અને બાકીના સારા શુભ હોય તે વામન સંસ્થાન.

૫. કુબ્જ–વામનથી વિપરીત અર્થાત મસ્તક, ડોક, હાથ અને પગ એ ચારે અપલક્ષણ અશુભ હોય અને બીજા અવયવો સારા શુભ હોય તે.

૬. હુંડક સંસ્થાન–સર્વે અંગો લક્ષણરહિત હોય તેને હુંડક સંસ્થાન કહેવાય. શરીરની આકૃતિ, આકાર રચનાની દ્રષ્ટિએ આ પાંચ આકારો અશુભ કહ્યા છે.

સ્થાવર દશક–સ્થાવરાદિ ૧૦ પ્રકૃતિઓ પાપના ઉદયના કારણે મળે છે. દુઃખદાયિ અશુભ છે.

૧. સ્થાવરપણું–જીવને દુઃખમાંથી બચી શકે એવુ ત્રસપણુ ન મળતા સ્થાવરપણું મળે કે જેના કારણે ગતિ ન કરી શકે, કયાંય જઈ–આવી ન શકે તે સ્થાવરપણું.

૨. સુક્ષ્મ–જેના કારણે શરીર સાવ સુક્ષ્મ મળે તે.

૩. અપર્યાપ્ત– સ્વયોગ્ય ૬ પર્યાપ્તિઓ પૂરી ન કરી શકે અને ત્યાંજ મૃત્યુ પામી જાય તે અપર્યાપ્ત કહેવાય.

૪. સાધારણ–અનન્તા જીવોને ભેગા રહેવારૂપ એક જ શરીર મળે તે સાધારણ કર્મનો અશુભ ઉદય કહેવાય.
૫. અસ્થિર–જે કર્મના ઉદયથી ભ્રુ, જીભ, દાંત આદિ અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય તે અસ્થિર કર્મ.
૬. અશુભ–નાભિ નીચેના આદિ અંગની અશુભતા પ્રાપ્ત થાય, જેનાથી બીજાને સ્પર્શ થાય તે પણ ન ગમે.
૭. દૌર્ભાગ્ય– જેને જોવાથી જ ઉદ્વેગ થાય, સામુ જોવુ પણ ન ગમે, અપ્રીતિકર લાગે તે દૌર્ભાગ્ય નામનું પાપકર્મ છે.
૮. દુઃસ્વર– જે કર્મના કારણે કાગડા, ભેંસ જેવો ખરાબ કંઠ મળે, સ્વર કોઇને સાંભળવો પણ ન ગમે તે દુઃસ્વર કર્મ.
૯. અનાદેય– જેનાથી આપણા વચનનો પણ બીજા અનાદર કરે, આજ્ઞા ન પાળે, બોલેલાનું વજન ન પડે તે અનાદેય.
૧૦. અપયશ– જેનાથી અપયશ મળે, અપકીર્તિ થાય, નામ –ઇજ્જત બગડે તે અપયશ નામ કર્મ કહેવાય.

આ પ્રમાણે ૮૨ પ્રકારની પાપકર્મની પ્રકૃતિઓનો ઉદય જીવના માટે અશુભ છે. દુઃખકારક છે. સારૂ નથી. સંસારમાં રહેતા જીવને લોક વ્યવહારમાં, પોતાના શરીર નિમિત્તે રંગ–રૂપાદિ અનેક રીતે પાપનો ઉદય દુઃખ કારક હોય છે. ૧૮ પ્રકારે બાંધેલા પાપોનું પરિણામ જીવને ૮૨ રીતે ભોગવવું પડે છે. જો કે એક જ જીવને ૮૨ રીતે ભોગવવું પડે તેમ નથી. પરન્તુ આ ૮૨ પ્રકૃતિઓ તો સર્વસાધારણ–સર્વ જીવોને અનુલક્ષીને સામાન્યપણે કહી છે. પરન્તુ વ્યક્તિગત તો તે તે ગતિના જીવોને ભિન્ન ભિન્ન સંખ્યામાં હશે.

ચાર ગતિ અને પાંચ જાતિવાળા જીવોમાં કોને કેટલી પાપ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે તે જણાવતાં કહ્યું છે કે–

મનુષ્ય ગતિમાં ૭૦ હોય– –દેવગતિમાં ૫૫ અથવા ૫૨.

તિર્યંચગતિમાં ૭૯ હોય– –નરકગતિમાં ૫૮ પ્રકૃતિ હોય.

એકેન્દ્રિયો જ–૬૩, બેઇન્દ્રિયજીવોને પણ ૬૩, તેઇન્દ્રિય જીવોનો પણ ૬૩, ચઉરિન્દ્રિય જીવોને પણ ૬૩ અને પંચેન્દ્રિય જીવોને ૭૫ પ્રકૃતિઓ પાપના ઉદયમાં હોઈ શકે છે.

પાપ-પુણ્યની સરખામણી - આ પ્રમાણે જો પુણ્ય અને પાપની પ્રકૃતિઓમાં સરખામણી કરવામાં આવે તો પુણ્ય પ્રકૃતિઓ શુભ અને સુખકારક, સારી છે. જ્યારે પાપની પ્રકૃતિઓ ખરાબ અશુભ અને દુઃખદાયિ છે. ગતિ–જાતિ–ઇન્દ્રિયો, શરીર, સંઘયણ, સંસ્થાન, આદિ અનેક દૃષ્ટિએ જોવામાં આવતા પુણ્યશાળી જીવને બધુ સારૂ–શુભ મળે છે. કારણ કે એ જીવે પુણ્ય બાંધ્યુ છે. જ્યારે જે જીવે પાપકર્મો કર્યા છે, પાપની પ્રકૃતિઓ બાંધી છે તો પછી પુણ્યની સારી તો ઉદયમાં કયાંથી આવે ? પાપની દુઃખકારી અશુભ પ્રકૃતિઓ જ ઉદયમાં આવે. આ પ્રમાણે જીવોને પોતાને પોતે જ કરેલા શુભ–અશુભ કર્મનું સારું–ખરાબ ફળ મળે છે. એમાં બીજા કોઈ પણ ઈશ્વર–કુદરત વગેરેને કારણ કે નિમિત્ત માનવાની આવશ્યકતા જ નથી. આપણા કરેલા આપણે ભોગવીએ એમાં ઈશ્વર કયાં વચ્ચે આવ્યા? પાપ કે પુણ્ય આપણે કરીએ અને પછી

તેમાં ઈશ્વરને વચ્ચે લાવવા અને તેને સુખ-દુઃખના દાતા માનવા એ આપણી મોટી અજ્ઞાનતા છે, મિથ્યા દશા છે. માટે ઈશ્વરને આ કાર્યમાં વચ્ચે લાવીને દોષિત કરવા, ઈશ્વરનું સ્વરૂપ વિકૃત કરવું, તેને કારણભુત માનવા કરતાં ઈશ્વરને ઉપાસ્ય આરાધ્ય તત્વરૂપેજ રાખવા વધુ ઉચિત છે. અને પરમ-પવિત્ર પુર્ણ તત્વરૂપે, શુદ્ધાત્મા સ્વરૂપે પરમેશ્વર-પરમાત્મારૂપે માનીને તેમની આરાધના, ઉપાસના કરવી જ વધુ ચોગ્ય છે. અને સંસારી જીવોના સુખ-દુઃખનું કારણ તેમણે કરેલા પુણ્ય-પાપને જ માનવુ વધુ હિતાવહ છે. આ જ પક્ષ નિર્દોષ પક્ષ છે. વધુ યુક્તિયુક્ત, બુધ્ધિગમ્ય તથા સુસંગત છે.

સુખી-દુઃખી-જો સંસારમાં સુખ-દુઃખ સ્પષ્ટ દેખાય છે, સુખના કારણે લોકો સુખી છે, સુખના સાધનો વગેરે મળે છે. પુણ્ય યોગે, જીવોને ધન સંપત્તિ, ઐશ્વર્ય, વૈભવ, સત્તા, સંપતિ, કુટુંબ-પરિવાર, ભોગ-વિલાસ, સાધન-સામગ્રી આદિ અપાર મળે છે. અને તેથી તેઓ સર્વ રીતે સુખી ગણાય છે.

એ જ પ્રમાણે દુઃખ પણ છે. દુઃખના ઉદયે જીવો દુઃખી દીન-દરિદ્રતા પામે છે. નીચકુળ, હીનપણું, સાધન-સામગ્રીઓનો અભાવ, ધન-સંપત્તિનો અભાવ, એટલે દીનતા, દરિદ્રતા પામે, દુઃખ-દૌર્ભાગ્ય પામે છે. અનેક વસ્તુઓ દુઃખકારક પામે છે. આ પ્રમાણે સુખ-દુઃખ સંસારમાં પ્રત્યક્ષ અને સ્પષ્ટપણે દેખાય છે તેના કારણે જીવો સુખી અને દુઃખી છે તે અનુભવાએ છીએ. રોજ સંસારમાં નજરે જોઇએ છીએ. તો પછી તેના કારણરૂપે પુણ્ય પાપ અર્થાત શુભ-અશુભ કર્મને

માન્યા વિના કેમ ચાલશે ? જો ઈશ્વરને માનવા જઈએ તો સેંકડો દોષો આવે છે. ઈશ્વરનું સ્વરૂપ જ વિકૃત થઇ જાય છે. અને સુખ-દુઃખનું જો કોઈ કારણ જ ન માનવામાં આવે તો કારણ વિના કાર્ય કેવી રીતે મનાય ? આ તો વાત એવી થઈ કે અગ્નિ વિના ધૂમાડાને માનો, માટી વિના ઘડો માનો. તે તો સંભવ જ નથી. માટે ધૂમાડો જોઇને જેમ અગ્નિનો નિશ્ચય કરીએ છીએ તેમ સુખ-દુઃખ, સુખી-દુખી જોઇને પુણ્ય-પાપરૂપ શુભ-અશુભ કર્મનો નિશ્ચય કરવો જ પડશે. એ વિના છૂટકો જ નથી.

અને બીજુ એ કે શુભ-અશુભ કર્મો સંસારમાં જીવો આચરે છે. સેવે છે. એવી પ્રવૃત્તિ જીવો કરી રહ્યા છે....એ આપણને દરેકને રોજંદા જીવન વ્યવહારમાં દરેક જીવોના જીવનમાં સ્પષ્ટ નજરે જોવા મળે છે. આપણે રોજ જોઇએ છીએ કે આ જીવે ચોરી કરી, ખોટું બોલ્યુ, હિંસા કરી, આરોપ મૂક્યો, વગેરે અશુભ પ્રવૃત્તિ તો સ્પષ્ટપણે જોઇએ છીએ. અને એ જ પ્રમાણે શુભ પ્રવૃત્તિમાં પેલા ભાઇએ પરોપકાર કર્યો, દાન-પુણ્ય કર્યું, ભૂખ્યાને ખાવા અન્ન આપ્યું, નિર્વસ્ત્રને પહેરવા કપડા આપ્યા, વગેરે....પુણ્યની સર્વ પ્રવૃત્તિ પણ રોજંદા વ્યવહારમાં રોજ જોઇએ છીએ. આંખ સામે સ્પષ્ટ દેખાય છે.

તો પછી દીવા જેવી વાતને છોડી દઇને ન માનવી આ વાત તો કેવી થઈ કે કોઇ છોકરો એમ કહે કે હું મારી માને જ નથી માનતો, અર્થાત મને જન્મ આપનારી કોઈ 'મા'

આ જગતમાં છે જ નહીં અર્થાત મારો જન્મ મારી કુક્ષીથી થયો જ નથી. મારી કોઈ મા જ નથી.

શું આ વાત બને ખરી ? શું શક્ય પણ છે ? શું સંભવ પણ છે ? ના.... તો એ છોકરાને પાગલ માનવો પડે. અરે 'ખેતરમાં છોડવા ઉગ્યા છે. ઘઉં કે બાજરી જે ઉગ્યુ હોય તે.... પરન્તુ છોડવા ઉગ્યા જ છે તો આપણે એટલુ તો કબુલ કરવું જ પડશે કે એક દિવસ ખેડુતે ખેતી કરી હતી અને ઘઉં વાવ્યા હતા તો આજે ઘઉં ઉગ્યા છે, બાજરો વાવ્યો છે. તેથી આજે બાજરો ઉગ્યો છે. વાવ્યા વગર કંઈ અનાજ ઉગતુ જ નથી. એ જ પ્રમાણે વાવીએ તેવું લણીએ તેમ, કરીએ તેવું પામીએ, આપીએ તેવું લઇએ, બોલીએ તેવું સાંભળીએ વગેરે કર્મસત્તાના પણ પ્રબળ કારણો સ્પષ્ટ છે.

કર્યા વિના તો કોઇ પામે જ નહીં. જેમ ઘઉં વાવ્યા હતા. તેમ પુણ્ય-પાપ કર્યા હતા. તો આજે તેના ફળરૂપે સુખ-દુઃખ પામ્યા છીએ. અને જો સુખ-દુઃખ માનીએ અને તેના કારણરૂપે પુણ્ય-પાપ ન માનીએ તો પણ ન ચાલે. એ જ પ્રમાણે પુણ્ય-પાપ માનીએ અને તેના કાર્યરૂપે સુખ-દુઃખ ન માનીએ તો પણ ન ચાલે. એકમાં કારણ નિષ્ફળ જાય, અને બીજામાં કાર્ય નિષ્ફળ જાય.

એના કરતાં ચરાચર સંસારમાં બન્ને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. નજર સામે સ્પષ્ટ દેખાય છે. બન્ને પક્ષો-કાર્ય અને કારણના સ્પષ્ટ દેખાય છે તો પછી શા માટે ન માનવા ? સંસારમાં સુખી-દુઃખી જીવો પણ ઘરે-ઘરે દેખાય છે. ચોરી

કરનાર ચોરને જેલ મળે છે. સજા થાય છે, એ જેમ સ્પષ્ટ નજરે દેખાય છે તેમ પાપ કરનારને દુઃખ અને પુણ્ય-કરનારને સુખ એ યુક્તિયુકત સિધ્ધ થાય છે.

હા, એ વાત ખરી કે આજે જ પાપ કર્યા અને આજે જ દુઃખ ઉદયમાં નથી આવતુ, એમ આજે જ પુણ્ય કર્યુ અને આજે જ સુખ ઉદયમાં આવતુ નથી દેખાતુ. પરિણામમાં વિલંબ દેખાય છે. જો આજનું કરેલુ આજેજ ઉદયમં આવી ગયું હોત તો સ્પષ્ટ ચોકકસ માનવામાં આવત. પરન્તુ તેમ નથી બનતુ. તેમાં કાળક્ષેપ થાય છે. સમય લાગે છે એ હકીકત છે.

તો શું સમય લાગે એટલે ન માનવું ? એવું ખરૂં ? પરીક્ષા આપ્યા પછી જો ૨ મહિને પરિણામ આવતું હોય તો શું ન માનવું ? ના.... એમ નથી પાપ-પુણ્ય-શુભ-અશુભ કર્મ જે રીતે કરીએ છીએ જેવા પરિણામો, જેવા અધ્યવસાય, અધ્યવસાયોની તરતમતા, લેશ્યાની સ્વભાવતા, અને કષાયેની તીવ્રતા આદિના કારણે જે કર્મનો બંધ પડે છે તે દીર્ઘ કાળનો પડે છે. જેમ સિમેન્ટનો થાભલો સુકાયા પછી કેમ ૮૦-૧૦૦ વર્ષ સુધી ટકે છે ? આ ૧૦૦ વર્ષ કોણે નકકી કર્યા ? સિમેન્ટની ગુણવત્તા જ એવી છે. એમ કર્મ બંધાય છે ત્યારે તેની અંદર કષાય-લેશ્યા આદિના કારણે જે રસબંધ પડે છે તેના આધારે સ્થિતિબંધ નકકી થાય છે. કર્મની સ્થિતિ નકકી થશે. અને પછી વચ્ચેનો અબાધાકાળ ગયા પછી કર્મનો ઉદય નિશ્ચિત થવાનો જ છે. સિવાય કે ઉદીરણા કરીને ખપાવી ન નાંખ્યો હોય તો....

ગમે તેટલા વર્ષો કે ભવો વીતે તો પણ બાંધેલુ શુભ કે અશુભ કર્મ તો એના નિશ્ચિત સમયે ઉદયમાં આવવાનું જ છે. એમાં તો શંકા જ નથી. ૧૮મા ભવમાં કાનમાં તપતુ શીશું રેડાવવાના કારણે ૨૭મા ભવમાં મહાવીરના કાનમાં ખીલા ઠોકાયા .., ત્રીજા ભવમાં બાંધેલુ કર્મ ૨૭ માં ભવમાં પણ ઉદયમાં તો આવ્યુ જ....વચ્ચે પણ આવ્યુ હતુ. કર્મ તો બંધ ઉદય, ઉદીરણા અને સત્તાના ચારે વિભાગમાં ફરતુ જ છે. કયારેક ઉદયમાં આવે અને જો ઉદયમાં ન પણ આવે તો સત્તામાં પડયુ રહે છે. આજે નહીં તો કાલે. ઉદીરણા અથવા ભોગવીને જો ખપાવ્યું હોય તો તો સવાલ જ નથી.

પરન્તુ ન ખપાવ્યુ હોય તો તો ભોગવવું જ પડશે. શુભકર્મને સુખના ભોગવટામાં, અને પાપરૂપ અશુભકર્મને દુઃખના ભોગવટારૂપે પણ ભોગવવુ પડશે. આ પ્રમાણે સુખ-દુઃખ તો નજરે દેખાતા પ્રત્યક્ષ સિદ્ધ છે. તો તેના કારણરૂપે પુણ્ય-પાપ (શુભ-અશુભ કર્મ) પણ પ્રત્યક્ષ સિદ્ધ છે. તો તેનાથી અદૃષ્ટ એવા કર્મની સિદ્ધિ થઈ. અને કર્મની સિદ્ધિ થઈ તો તેના કારણે જીવોની એક ગતિથી બીજી ગતિમાં જવા-આવવારૂપ ગમના-ગમન સિદ્ધ થયુ. કર્મવશાત એક ગતિ સ્વર્ગની અથવા કર્મવશાત એક ગતિ નરકની પણ મળે છે. સ્વર્ગમાં ઉત્કટ પુણ્યના ઉદયે સુખનો જ ભોગવટો વધુ મળે છે. સ્વર્ગમાં સુખની બહુલતા છે. પ્રાધાન્યતા છે. એ જ પ્રમાણે એનાથી તદ્દન વીપરીત પાપના ઉદયે નરક ગતિ મળે છે. ઉત્કટ બાંધેલા પાપ જીવને નરક ગતિમાં લઈ જાય

છે. જ્યાં તીવ્ર પાપના ઉદયે તીવ્ર વેદના દુઃખ જ ભોગવવાનું છે. સ્વર્ગ અને નરક ઉત્કૃષ્ટ પુણ્ય અને પાપના કારણે મળતી ગતિ છે. અને તેના પરિણામે ત્યાં તીવ્ર–ઉત્કટ સુખ અને દુઃખ ભોગવાય છે. આ પ્રમાણે પુણ્ય–પાપની સિદ્ધિથી સુખ–દુઃખ સિદ્ધ થાય છે. અને સુખ-દુઃખ સિધ્ધ નહિ થાય તો તેના આધારે સ્વર્ગ–નરક સિધ્ધ થાય છે. અને સ્વર્ગ નરક સિધ્ધ થયાં એટલે તેના આધારે લોક–પરલોક સિધ્ધ થયા. ગત્યન્તર–એટલે એક–બીજી ગતિ સિધ્ધ થઈ, અને પરલોકમાં અધોલોક અને ઉર્ધ્વલોક સિદ્ધ થયા. અને તેની સિદ્ધિના આધારે ગત્યન્તર અર્થાત અન્ય ગતિરૂપે સ્વર્ગ–નરક-ની ગતિઓ સિદ્ધ થઈ અને બીજી બે ગતિ મનુષ્ય અને તિર્યંચની ગતિ તો અહીંયા પ્રત્યક્ષ જ છે. એમ કુલ 卐 ચાર ગતિ સિધ્ધ થાય છે. અને આ બધું આખુ ચક્ર સિધ્ધ થાય એટલે તે સર્વના કેન્દ્ર સ્વરૂપે અધિષ્ઠાતા રૂપે પરલોકગામી = પરલોકમાં જનાર (ગમન કરનાર) એવા આત્મા દ્રવ્યની સિધ્ધિ થાય છે. આત્મા ન માનીએ તો સ્વર્ગ–નરક, લોક–પરલોકમાં સર્વત્ર જશે કોણ ? શરીર તો અહીંયા જ બાળી નાંખવામાં આવે છે. પછી અવશિષ્ટ તો માત્ર આત્મા જ રહે છે. એટલે પરલોકગામી સંસર્તા આત્માને માનવો જ પડશે અને પરલોકગામી આત્માને માન્યો એટલે.... પુનર્જન્મ–પુર્વજન્મની સિધ્ધિ થશે. એક ગતિ, એક શરીર છોડવું તેનું નામ મરણ અને બીજી ગતિમાં જઈને ઉત્પન્ન થવું, જનમવું તે પુનર્જન્મ થયો અને એવા ભૂતકાળમાં કેટલા જન્મ થયા

છે તે વિચાર કરતા, પુર્વજન્મની સિધ્ધ થશે. અને અંતે આત્માની સ્થિરતાનું સ્થાન પરમધામ મોક્ષ સિધ્ધ થશે. આ પ્રમાણે અદૃષ્ટ સર્વ તત્વોનું ચક્ર સિધ્ધ થાય છે. સર્વ પદાર્થો એક સાથે સિધ્ધ થાય છે. એક બીજની સાથે સાંકળની જેમ સંકળાયેલા છે. માટે એક તત્વની સિધ્ધિથી બધા તત્વોની સિધ્ધિ સ્વયં થઈ જાય છે.

૧૭. પુણ્ય પાપનું સ્વતંત્ર અસ્તિત્વ

પુણ્ય-પાપનું સ્વતંત્ર અસ્તિત્વ માન્યા વિના કોઈ સંજોગોમાં ન ચાલે. મિશ્ર માનવામાં ઘણાં દોષો છે. દા. ત. શરીર રચનાનો જ વિચાર કરીએ તો પણ સ્પષ્ટ ખ્યાલ આવશે કે એક માતાના બન્ને જોડકા જન્મતા પુત્રો પણ એક સરખા નથી હોતા. એક સ્વરૂપવાન હોય છે. બીજો કુરૂપ હોય છે. એવા ઘણા તફાવતવાળા બન્ને હોય છે, એટલે શરીર પાછળ માત્ર માતા-પિતાજ નથી. પરન્તુ તેથી પણ વિશેષ તે....તે જીવના પુણ્ય-પાપ કર્મ છે. પુણ્યની ૪૨ અને પાપની ૮૨ એવી શુભ-અશુભ જે પ્રવૃત્તિઓ ઉદયગત જોઈએ છીએ તેમાં શુભ પુણ્યની પ્રકૃતિએ શુભ દેહની રચના માટે કામ આવે છે, અને અશુભ, પાપની પ્રકૃતિઓ અશુભ દેહરચના પાછળ કામ આવે છે. અને તે પ્રમાણે શરીરરચના થાય છે. આ પ્રમાણે કર્મના પુણ્ય-પાપરૂપ બે ભેદ સ્પષ્ટ સિધ્ધ થાય છે. કર્મ તો બન્નેની એક સંયુક્ત સંજ્ઞા છે. પરન્તુ મુળરૂપે કર્મ હોવા છતા બન્ને પુણ્ય-પાપરૂપે છે તો સ્વતંત્ર જ, એટલે કર્મને જ બે ભેદમાં જુદા જુદા કહી શકાય છે. પુણ્ય કર્મ અને પાપ-કર્મ અર્થાત શુભ કર્મ અને અશુભ કર્મ.

સુખ–દુઃખ કાર્યરૂપે છે. તો કાર્યના મટે તેને અનુરૂપ કારણ જ હોવું જોઇએ. જેમ કેરીના ફળ માટે કેરી જ કારણ બને છે, ઘડો બનાવવા માટી જ કામ લાગે છે. અને કપડાં બનાવવા માટે કપાસ (રૂ) અને તેના તન્તુઓ જ કામ લાગે છે. કપાસના તન્તુઓથી ઘડો બનવાનો નથી. અને માટીથી કપડા–વસ્ત્ર બની શકે નહીં. માટે કાર્યને અનુરૂપ તેને યોગ્ય જ કારણ પણ માનવુ પડે છે. કાર્ય એક અને કારણ બીજું ગમે તે માનીએ તો નથી ચાલતુ. એ જ પ્રમાણે સુખરૂપ કાર્ય માટે શુભ કર્મ (પુણ્ય) અને દુઃખરૂપ કાર્ય માટે અદૃષ્ટ અશુભ કર્મ (પાપ)ને જ માની શકાશે. પરન્તુ વિપરીત નહીં. પાપના કારણે સુખ અને પુણ્યના કારણે દુઃખ ન જ માની સકાય. તે સંભવ નથી. માટે બન્ને સ્વતંત્ર છે. કાર્યને અનુરૂપ કારણનો નિયમ સ્વીકારવાથી જ આ પ્રમાણે સિધ્ધ થશે.

જીવ અને શુભ પુણ્ય કર્મનો સંયોગ તે જ સુખનું કારણ છે, તે સંયોગનો જ સ્વપર્યાય સુખ છે. અને એ જ પ્રમાણે જીવાત્મા સાથે અશુભ પાપકર્મનો સંયોગ તે જ દુઃખનું કારણ છે. તે સંયોગનો જ સ્વપર્યાય દુઃખ છે.

સુખ સારૂ છે. ગમ્ય છે. પ્રિય છે. સારી કક્ષાનું છે. તેથી અનુમાન કરીએ કે તેને અનુરૂપ જીવે કરેલી પ્રવૃત્તિ–ક્રિયા પણ શુભ–સારી જ હોવી જોઇએ. સુખની યોગ્યતા ઉપરથી પુણ્ય –ક્રિયાની યોગ્યતા તથા શુભતા નિશ્ચિત કરી શકીએ છીએ કે આ જીવે કયારે ય દાન કર્યું હશે. આહાર વસ્ત્ર-પાત્રાદિ

આપ્યા હશે. જે શુભ પ્રવૃત્તિ છે. તેથી આ જીવ સુખી થયો છે અને તેથી ભિન્ન બીજી રીતે દુઃખની ઉત્કટતા અનુસાર પાપની તીવ્રતા વગેરે માનવી જોઇએ. આ જીવ ઘણી રીતે, અધી રીતે દુઃખી દેખાય છે. માટે કદાચ આ જીવે હિંસા, જૂઠ, ચોરી આદિ ઘણાં ઉત્કટ પાપો કર્યા હશે.

હિંસા-જૂઠ-ચોરી આદિના પાપો કરવાથી કદાપિ કયારેય, કોઈ કાળે, કોઇ પણ જીવ સુખી થયો નથી. અને થતો નથી, એ જ પ્રમાણે દાનાદિનું પુણ્ય કાર્ય કરવાથી કોઈ પણ જીવ કયારેય કદાપિ દુઃખી થયો નથી ... અને થશે નહી....માટે ક્રિયા-પ્રવૃત્તિ ભિન્ન છે....તેથી કર્મ-ક્રિયાજન્ય અદૃષ્ટ પણ પુણ્ય પાપરૂપે ભિન્ન-ભિન્ન છે. અને પુણ્ય-પાપ રૂપ શુભાશુભ કર્મ ભિન્ન છે. તો તેના ફળરૂપે સુખ-દુઃખનાં કાર્ય પણ સ્વતંત્ર ભિન્ન જ માનવા જોઇએ.

મૂર્ત-અમૂર્ત ચર્ચા

किं जह मुत्तममुत्तस्स कारणं तह सुहाइणं कम्मं ।
दिटठं सुहाइकारणमन्नाइ जहेह तह कम्म ? १९२५.

જેમ અન્ન, ફળની માળા ચંદન, સ્ત્રી અને સાપ, ઝેર, કાંટો વગેરે મૂર્ત સાધનો હોવા છતા પણ તેનાથી અમુર્ત સુખ-દુઃખના કારણરૂપે મુર્ત પદાર્થો છે. તે જ પ્રમાણે અમુર્ત સુખ દુઃખના માટે મુર્ત કર્મ કારણ બની શકે છે. કર્મ મુર્ત છે. આત્મા અમૂર્ત છે. સુખ-દુઃખ અમુર્ત છે. પરન્તુ તેના કારણરૂપે પુણ્ય-પાપરૂપ કર્મ મુર્ત છે. આ મુર્ત કર્મથી મુર્ત

દેહાદિની પણ કાર્યરૂપે ઉત્પત્તિ થાય છે. અને એ જ પ્રમાણે સુખ–દુઃખની ઉત્પત્તિ પણ તેના થકી જ છે. મુર્ત ઘટ–પટ પદાર્થથી અમુર્ત એવા આત્માને અમુર્તજ્ઞાન થાય છે. અને તે સંભવે છે. મુર્ત ઘટ–મટાદ્દિ નષ્ટ પણ થઈ જાય છે છતાં અમુર્તજ્ઞાન નષ્ટ નથી પણ થતું. જેમ ઘટાદ્દિ કાર્યો મુર્ત છે. તો તેના કારણભૂત માટીના પરમાણુઓ પણ મુર્ત છે. મુર્ત પરમાણુઓ જે વર્ણ, ગંધ–રસ–સ્પર્શાત્મક છે તેનાથી બનેલુ કાર્ય ઘટ પણ મુર્ત બન્યુ છે. તેમ શરીરાદ્દિ કાર્ય પણ મુર્ત હોવાથી તેના કારણરૂપે કર્મ પણ મુર્ત છે.

જેમ ખોરાક એક સરખો છે. ઘણાં માણસો ખાય છે. દા. ત. દૂધ ઘણાં પીએ છે. પરન્તુ ઘણાંમાં એક સરખી શારીરિક શક્તિ નથી દેખાતી. કારણ એક–સરખુ ઘણાંમાં છે. પરન્તુ કાર્ય બધે એક સરખુ નથી દેખાતુ. એટલે કોઇને દુધ પચે છે, બીજાને ઝાડા થાય છે, ત્રીજાને ઉલટી થાય છે. એવા ઘણાં ફળો દેખાય છે. તેમાં કર્મ મુખ્ય કારણ છે. કારણ, દુધ બધાએ સરખુ પીધુ છે. પરન્તુ કર્મ બધાના એક સરખા નથી. પુણ્ય–પાપ કર્મ બધાના ભિન્ન–ભિન્ન છે. એજ પ્રમાણે મિષ્ટાન્નાદ્દિ એક સરખું ભોજન કરનારા ઘણા માણસોમાં પણ તેના ફળ રૂપે આનન્દ–સુખ–એક–સરખું નહીં પણ જોવા મળે. એક સરખું મિષ્ટાન્નનું ઉત્તમ ભોજન જમ્યા છતાં કેટલાક આનન્દ–સુખ અનુભવશે, કેટલાક દુઃખ પણ અનુભવશે. કેટલાક ખિન્ન પણ થશે. કેટલાક રોગાદિમાં વૃદ્ધિ અનુભવશે. એમ ઘણી વિચિત્રતા જોવા મળશે.

એ વિચિત્રતા પુણ્ય–પાપના કર્મને આભારી છે. શરીર કાર્ય મુર્ત છે. તેના કારણરૂપે કર્મ પણ શુભાશુભ ભેદે મુર્ત છે, અને શરીર સંયોગે આત્માને અનુભવાતુ સુખ–દુઃખ અમુર્ત છે. આત્મા પણ અમુર્ત છે.

એવું નથી કે કાર્ય મુર્ત કે અમુર્ત હોય તો તેના બધા કારણો મુર્ત કે અમુર્ત હોવા જોઇએ. સુખ–દુખાદિ અમુર્ત છે તો તેનું ફકત કર્મજ કારણ છે એમ નથી. આત્મા પણ તેનું કારણ છે. અને કર્મ પણ કારણ છે. બન્નેમાં ભેદ એટલો જ છે કે આત્મા સમવાયી કારણ છે અને કર્મ સમવાયી કારણ નથી. તેથી સુખ–દુઃખાદિ અમુર્ત કાર્ય હોવાથી તેના સમવાયીકારણ આત્માની અમુર્તતાનું અનુમાન થઇ શકે છે. પરન્તુ કર્મમાં અમુર્તતાનું અનુમાન કરવાનું કોઇ પ્રયોજન નથી. આથી શરીર કાર્યરૂપે મુર્ત હોવાથી તેના કારણરૂપે કર્મને પણ મુર્ત માનવું જોઇએ.

પુણ્ય અને પાપના સવિપાક અને અવિપાક એવા પણ ભેદો પડે છે. વિપાક એટલે ફળ, પરિણામ. કર્મની જે પ્રકૃતિ જે રૂપે બાંધી હોય તેનો વિપાક પણ તેજરૂપે થાય છે. તે સવિપાક પ્રકૃતિ કહેવાય છે. અને જો તે પ્રકૃતિના રસને મન્દ કરી દઇને અથવા નીરસ કરીને તેના પ્રદેશોનો જ ઉદય ભોગવવામાં આવે તો તે અવિપાકી પ્રકૃતિ કહેવાય છે.

પુણ્ય અને પાપનું લક્ષણ – પુણ્ય અને પાપ આ બન્ને શબ્દોની વ્યુત્પતિ ઉપરથી બન્નેના લક્ષણનો ખ્યાલ આવી જશે. "आत्मानं पुनातीति पुण्यम" આત્માને જે

પવિત્ર કરે છે તે પુણ્ય અર્થાત જે કાર્યો કરવાથી અશુભ કર્મ વડે મલિન થયેલો આત્મા ધીરે ધીરે પવિત્ર અર્થાત શુભ કર્મવાળો થાય તે પુણ્ય કહેવાય અને પુણ્યના કાર્યો કરવાથી જે શુભ કર્મ બંધાય તે શુભ કર્મ પણ પુણ્ય કહેવાય. આ પ્રમાણે પુણ્ય ક્રિયા અને પુણ્ય ફળ એવા બે અંગ છે. એને પરસ્પર કારણ તથા કાર્ય તરીકેનો સંબંધ છે.

'पायति-शोषयति पुण्यं, पांशयति वा गुण्डयति वा जीववस्त्रमिति पापम्' – પાપની વ્યાખ્યા કરતા જણાવે છે કે જે પુણ્યનું શોષણ કરે અથવા જીવરૂપી વસ્ત્રને રજવાલું મલિન કરે તે પાપ કહેવાય. પુણ્ય કે પાપ બન્ને કર્મની જ શુભ અશુભ રજ છે. જેમ એક માણસ શરીરે તેલ ચોળીને ઉઘાડા શરીરે ખુલ્લામાં બેસે તો બહારના વાતાવરણમાં ઉડતી રજ તેના શરીર ઉપર ચોટી જશે. તેલના પ્રમાણમાં રજકણો ચોટશે. બસ, એવી જ રીતે રાગ-દ્વેષની વૃત્તિથી સ્નિગ્ધ એટલે તેલવાળા જેવો થયેલો આત્મા પણ કર્મની રજથી લેપાઈ જાય છે. કર્મયોગ્ય-કાર્મણવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરતા જીવને ચોટે છે અને તેમાં જ શુભ-અશુભના ભેદો પડે છે. તે જીવના શુભ-અશુભ અધ્યવસાયો ઉપર આધાર રાખે છે. જીવના શુભ -અશુભ ધ્યાન (વિચાર)ના અધ્યવસાયરૂપ જે પરિણામો છે, તેમજ તેમાં રહેલ શુભ-અશુભ લેશ્યાની તરતમતા, તથા તેમાં રહેલ જે પ્રશસ્ત-અપ્રશસ્ત કષાયોની માત્રા તથા મન-વચન -કાયાના શુભાશુભ યોગોના કારણે શુભ અથવા અશુભ કર્મો બંધાય છે. ધર્મધ્યાન આદિ રૂપ શુભ ધ્યાન, શુભ લેશ્યા

તથા શુભ પ્રશસ્ત કષાય તથા શુભ યોગ–પુણ્ય કર્મ બંધાવશે. પુણ્ય કર્મ એ જ શુભાશ્રવ છે. અને આર્ત–રૌદ્ર રૂપ અશુભ ધ્યાન (વિચાર), કૃષ્ણાદિ અશુભ લેશ્યા તથા અપ્રશસ્ત એવા ક્રોધાદિ કષાયો તથા મન–વચન–કાયાના અશુભ યોગો એ બધા ભેગા થઇને અશુભ કર્મ અર્થાત પાપ બંધાવે છે. જેવો બંધ એવો ઉદય. એ નિયમ પ્રમાણે શુભ કે અશુભ કર્મ જે બાંધ્યા છે તે શુભ કે અશુભ પરિણામ ફળરૂપે ઉદયમાં આવે છે. શુભનું પરિણામ શુભ. જેમ શુભભાવથી ભરવાડે ખીર વહોરાવી તો તેના ફળરૂપે શાલિભદ્રને સર્વ શુભ–પુણ્યની ઋદ્ધિ–સિદ્ધિ મળી. અને અશુભ પરિણામવાળા જીવોને ફળ પણ અશુભ પાપાદિના દુઃખરૂપે મળે છે. કર્મ શાસ્ત્રનો એ નિયમ છે. જેવો કર્મબંધ હશે, અને જે કર્મ બંધ હશે તેવો જ અને તે જ ફળસ્વરૂપે ઉદયમાં આવશે. પુણ્યનો ઉદય સુખરૂપ તથા પાપનો ઉદય દુઃખરૂપ થશે.

પુણ્ય–પાપની ચતુર્ભંગી

પુણ્ય અને પાપ આ બન્નેના ૪ ભેદો પડે છે. તેને પુણ્ય–પાપની ચતુર્ભંગી કહે છે.


૧. પુણ્યાનુબંધી પુણ્ય – બાંધેલા પુણ્યનો જ્યારે ઉદય થાય ત્યારે તે ફરીથી નવા પુણ્યનો અનુબંધ

કરાયે તે કારણ બને તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. દા. ત. ભરવાડના ભવમાં વહોરાવેલી ખીરના ઉદયે શાલિભદ્ર બન્યો, અઢળક ધન–સંપત્તિ મળી. અને તે જ પુણ્યાઇ ફરી જિન ભક્તિમાં, દાનાદિમાં વાપરી જેના કારણે એ સંપત્તિ પણ નવુ પુણ્ય ઉપાર્જન કરવામાં કારણ બની. અસાર લક્ષ્મીનો ત્યાગ કરી મોક્ષ પામ્યા.

૨. પાપાનુબંધી પુણ્ય–જે પુણ્યના ઉદયે નવા પાપનો બંધ થાય તે પાપાનુબંધી પુણ્ય કહેવાય. પુણ્યના ઉદયે ધન–સંપત્તિ આદિ બધુ ઘણું સારૂ મળ્યુ છે પરન્તુ હવે તે ધન–સંપતિનો ઉપયોગ દારૂ પીવામાં, જુગાર રમવામાં, વેશ્યા-ગમનમાં કરે છે તેના કારણે નવું પાપકર્મ બાંધે છે. દા. ત. મમ્મણ શેઠ. પૂર્વભવમાં સાધુ મહારાજને લાડવો વહોરાવ્યો, અને પછી જઇને પાછો લઇ આવ્યો. પરિણામે લાડવો વહોરાવવાના કારણે ઘણો સુખી થયો, અઢળક સંપત્તિ મળી. પરન્તુ લાડવો પાછો લેવાના પાપના કારણે તે સંપત્તિનો સદુપયોગ કરી ન શકયો. તીવ્ર મોહ અને લોભમાં રત્નમય બળદો બનાવવાની ઘેલછામાં મૃત્યુ પામી સાતમી નરકે ગયો.

૩. **પુણ્યાનુબંધી પાપ** – ઉદય પાપનો છે પરંતુ હવે નવું પુણ્ય ઉપાર્જન કરે છે, તે પુણ્યાનુબંધી પાપ કહેવાય. પાપના ઉદયે ગરીબ, ભિખારી દરિદ્રના કુળમાં જન્મ્યો છે. પરંતુ હવે થોડામાંથી થોડું પણ આપીને નવું પુણ્ય બાંધે છે તે આ ત્રીજો ભેદ છે. પાપના ઉદયે ચોર બનેલો ચોરી કરતો રોહિણેય ચોર....અવસરે પ્રભુની દેશના શ્રવણ કરી.... અન્તે પ્રભુવીરનો શિષ્ય બન્યો, સાધુ બન્યો. પાપના ઉદયમાં પણ નવું પુણ્ય બાંધી અન્તે આત્મ કલ્યાણ સાધ્યું.

૪. **પાપાનુબંધી પાપ** – ગયા જન્મના અથવા ભૂતકાળના ભારે પાપ–કર્મના ઉદયે જીવ ફરીથી નવી પ્રવૃત્તિમાં પાછો પાપ જ બાંધે છે. તે પાપાનુબંધી પાપ. કાળ–સૌકરિક બિચારો પાપકર્મના ઉદયે કસાઈના ઘરે જન્મ્યો છે અને હવે ફરીથી રોજના ૫૦૦ પાડા મારવાનું ભયંકર પાપ ઉપાર્જન કરી રહ્યો છે. તે પાપાનુબંધી પાપ કહેવાય. આ પ્રમાણે જો ચક્ર ચાલ્યા જ કરે તો જીવનો છુટકારો કયારે થાય ? કરેલા પાપના ઉદયે ફરી પાપ જ કરવું અને ફરી દુઃખી થવું....એ ચક્ર તો અનાદિ કાળથી, અનન્તા ભવોથી ચાલ્યું જ આવે છે.


१ पुण्यानुबंधी-पुण्य
२ पापानुबंधी-पुण्य
३ पुण्यानुबंधी-पाप
४ पापानुबंधी-पाप

આ ચારે ભેદમાં પહેલો ભેદ જે પુણ્યાનુબંધી પુણ્યનો છે તે સર્વશ્રેષ્ઠ, ઉત્તમ છે. પહેલાના પુણ્યના ઉદયે મળેલા સુખમાં ફરીથી નવું પુણ્ય બાંધતા જઈએ તે જ વધુ હિતકારી છે. અને ત્રીજો ભેદ પુણ્યાનુબંધી પાપનો પણ સારો કે, જેમાં પહેલાના પાપના ઉદયે પણ નવું પુણ્ય બંધાવે છે. પરન્તુ બીજા બે હોય છે. ત્યાજ્ય છે. કારણ તેમાં પાપનો અનુબંધ છે.

જીવે કર્મ બાંધતા જેટલું સાવચેત રહેવાનું છે તેનાથી વધુ એ કર્મના ઉદય વખતે સાવધાન–સાવચેત રહેવું જોઈએ. જો પુણ્યના ઉદયે નવા પાપનો બંધ થતો હોય તો શું કામનું ઘી જેમ રાખમાં ઢોળાય તો શા કામનું ? એટલે મળેલું સુખ નવું પાપ ન બંધાવી જાય તે ખાસ ધ્યાન રાખવા જેવું છે.

પાપ કર્મ ન બંધાય તે માટે શું કરવું ?

ખાતા–પીતા–ઉઠતા–બેસતા ડગલે ને પગલે પાપ કર્મ બંધાતા હોય તો શું કરવું તે અંગે શ્રી દશવૈકાલિક આગમમાં શિષ્ય પ્રશ્ન કરે છે—

कहं चरे कहं चिटठे कहमासे कहं सए ।
कहं भुंजंतो मासन्तो पावं कम्मं न बंधइ ॥

હે ભગવંત ! કેવી રીતે ચાલવું ? કેવી રીતે ઉભા રહેવું ? કેવી રીતે બેસવું ? કેવી રીતે સુવું ? કેવી રીતે ભોજન કરવું ? કેવી રીતે બોલવું ? કે જેથી પાપકર્મ ન બંધાય ? કારણ ડગલે ને પગલે ખાવા–પીવા–ઉઠવા–બેસવા

આદિની સર્વ ક્રિયામાં કર્મ બંધાય છે. તો શું કરવું ? દૈનિક ક્રિયા તો બંધ થવાની નથી તો શું કરવું ?

જ્ઞાની ભગવંતે ઉત્તર આપતા કહ્યું.–

जयं चरे जयं चिट्ठे, जयमासे, जयं सअे ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥

હે શિષ્ય ! જયણા પૂર્વક ચાલ, જયણાપૂર્વક ઉભો રહે, જયણા પૂર્વક બેસ, જયણા પૂર્વક સુવાનું રાખ, જયણા પૂર્વક બોલ જેથી પાપ કર્મ ન બંધાય. અર્થાત સર્વ ક્રિયામાં જયણા રાખ. ચેતના રાખ. અર્થાત જીવરક્ષાનો ઉપયોગ રાખ એ જ મહત્વનું છે. જયણાના ઉપયોગ પૂર્વકની ક્રિયા નિષ્પાપ થશે.

જીવ વિશેષના સ્વભાવના કારણે પુણ્ય–પાપ

परिणामा-ऽऽसयवसओ धेणुए जहा पओ विसमहिरस ।
तुल्लोऽवि तदाहारो तह पुण्णा-ऽपुण्ण परिणामो ॥
जह वेगसरीरगमवि सारा-ऽसार परिणामया मेह ।
अविसिट्ठो वाऽऽहारो तह कम्मसुभा-ऽसुभविवागो ॥

સ્પષ્ટપણે પ્રત્યક્ષ રીતે આપણે જોઈએ છીએ કે એક સરખો આહાર કરવા છતાં પણ પરિણામ ભિન્ન ભિન્ન પણ હોય છે. આહાર તો એક જ છે પરન્તુ આશ્રય અર્થાત વ્યક્તિ વિશેષના કારણે તેના પરિણામમાં ભેદ પડે છે. દા. ત. ગાય અને સાપ એ બે જીવો છે. બન્નેના શરીરભેદથી આહારના પરિણામમાં પણ ભેદ પડે છે. ગાય ખાઇને દૂધ આપે છે અને સાપ દૂધ પીને પણ ઝેર–વિષરૂપે પરિણમાવે

છે. આ પરિણામ સ્વભાવ વિશેષ છે. જીવવિશેષના કારણે છે, તેમ કર્મમાં પણ તે તે શુભ કે અશુભ અધ્યવસાયવાળા પોતાના આશ્રય જીવમાં જઈને તે તે કર્મ પણ શુભ કે અશુભ અર્થાત્ પુણ્ય કે પાપરૂપે પરિણમે છે. આ સામર્થ્ય શક્તિવિશેષ જીવમાં છે. જે કર્મ પુદ્ગલોને શુભ–પુણ્યરૂપે તથા અશુભ પાપરૂપે પરિણમાવી શકે છે.

એવું પણ નથી કે એક જીવ શુભ અને બીજો જીવ અશુભ રૂપે પરિણમાવે. ના, પરંતુ જેમ આપણે સારામાં સારો આહાર લીધો હોય અને છતાં પણ તેમાંથી સાર અને અસાર એવા બે ભેદ પડે છે. તે જ આહારમાંથી પરિણામો તત્કાળ થઇ જાય છે. આહારમાંથી રસ, રૂધિર, માંસ, મજ્જા, અસ્થિ, વીર્ય આદિરૂપે પરિણમન થાય છે. એ સર્વજન સિદ્ધ છે અને અસાર આહારને મળ–મૂત્રાદિરૂપે બહાર વિસર્જન કરી દે છે. આ પ્રમાણે જેમ એક જ આહારના શુભ અને અશુભ પરિણામો થાય છે તે જ પ્રમાણે ગ્રહણ કરેલા કાર્મણવર્ગણાના પુદ્ગલોમાં પણ જીવ અધ્યવસાયાદિ કારણોથી શુભ અને અશુભના ભેદ પાડે છે. શુભાશુભ પરિણામો વડે પુણ્ય–પાપના શુભ–અશુભ ભેદ પડે છે અને જેવા બંધમાં શુભ–અશુભ ભેદ પડે છે તેવા જ ઉદય વખતે પણ શુભ—અશુભ ભેદ સુખ—દુઃખ-રૂપે ભેદ પડે છે. અર્થાત શુભ પુણ્ય કર્મ સુખ રૂપે અને અશુભ પાપ કર્મ દુઃખરૂપે ઉદયમાં આવે છે. કર્મ પ્રકૃતિના આ બે મુખ્ય ભેદ પડે છે. પછી તેના વિભાગમાં ૮ કર્મ અને તેમાં સારી–બરાબ કર્મ પ્રકૃતિઓ એટલે પુણ્ય–પાપ.

આ ૮ કર્મમાં આગળ ગણાવી ગયા તે મુજબ શુભ–અશુભ અર્થાત પુણ્ય કર્મની પ્રકૃતિઓ તથા અશુભ–પાપ કર્મની પ્રકૃતિઓ છે. જેના કારણે જીવને સુખ–દુઃખની પ્રાપ્તિ થાય છે.

પાપ ન કરવાનો ઉપદેશ

પુણ્ય–પાપના આટલા વિવેચનથી સ્પષ્ટ સમજી શકાય છે કે પાપ કર્મ સર્વથા હેય, ત્યાજ્ય છે. પાપનો સર્વથા સદંતર ત્યાગ કરવાનું કહે તે જ ધર્મ. માટે સર્વ પ્રથમ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવો એ જ સર્વોત્તમ ધર્મ છે. ધર્મ કરવા છતાં પણ પાપ કરતા જઈએ તો તે યોગ્ય નથી. ઉચિત નથી. દુધપાકમાં ઝેર નાંખીને પીવા જેવું છે. માટે પાપો સર્વથા ત્યાજ્ય છે. પ્રથમ પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરતા–કરતા–ધર્મમાં પ્રવેશ કરવો જ હિતાવહ છે. "**દુગ્ગઇ–નિબંધણાઇ અટ્ઠારસ પાવઠાણાઇ**"– દુર્ગતિના બંધનરૂપ અઢારે પ્રકારના પાપો કોઈ પણ દ્રષ્ટિએ આચરવા જેવા નથી. ત્યાજ્ય છે. **પાવકમ્મં નેવ કુજ્જા, ન કારવેજ્જા.**" શ્રી જિનાગમ શાસ્ત્રો ફરમાવે છે કે પાપ કર્મ કયારેય પણ કરવું નહી અને બીજા પાસે પણ કરાવવું નહીં. સ્વયં ન આચરવું અને પાપ બીજા પાસે પણ ન આચરાવવું. તેમજ કોઈ પાપ કરતો હોય તેને સારૂ ન માનવુ.

'પાપ કમ્મણો અણ્ણેસિં તે પરિણ્ણાય મેહાવી"

બુદ્ધિમાન સમજુ માણસે પાપ કર્મને સારી રીતે ઓળખીને તે ન આચરવુ એ જ હિતાવહ છે. શ્રી દશવૈકાલિક આગમમાં મહાવીર પ્રભુએ ફરમાવ્યું છે કે–

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणई सोच्चा, जं सेयं तं समायरे ॥

હે જીવ ! તું કલ્યાણનો માર્ગ પણ સારી રીતે જાણી લેજે અને પાપનો માર્ગ પણ સારી રીતે ઓળખી લેજે. બન્ને માર્ગને સારી રીતે જાણ્યા પછી જે કલ્યાણકારી–શ્રેયસ્કર હોય તેનું આચરણ કરજે. અને જે શ્રેયસ્કર ન હોય તેનો પરિત્યાગ કરજે. આટલું આપણે સર્વેએ સ્પષ્ટ સમજવા જેવું છે.

સંશયનું સમાધાન અને દીક્ષાનો સ્વીકાર

छिन्नम्मि संसयम्मि जिणेण जर-मरणविप्पमुक्केण ।
सो समणो पव्वइओ तिही उ सह खंडियसएहिं ॥

પુણ્ય અને પાપના વિષયની શ્રી વીરપ્રભુ પાસે ચર્ચા કરીને અચલભ્રાતા નામના નવમા દ્વિજોત્તમ વિદ્વાન પંડિતની શંકાનું સમાધાન થયું. સંશય ટળી ગયો. પુણ્ય-પાપ કર્મનું સાચું સ્વરૂપ સમજી ગયા. વાસ્તવિકતાનું તત્ત્વ સમજાતાં અને સંશય–શંકા છે. ઢા.તા.,

અચલભ્રાતા પોતાના ૩૦૦ શિષ્યો સાથે ભગવાન મહાવીરના ચરણોમાં દીક્ષા સ્વીકારવા તૈયાર થયા. સર્વ સમર્પિત ભાવથી બ્રાહ્મણ્યનો ત્યાગ કરીને આર્હત દીક્ષા સ્વીકારી. દ્રવ્ય–ભાવથી સર્વનો ત્યાગ કરી સર્વસ્વ પ્રભુના ચરણે સમર્પિત કર્યું. સ્વપક્ષનો ત્યાગ કરી સત્યપક્ષ સ્વીકાર્યો. યથાર્થ તત્ત્વ સમજ્યા. પ્રભુના શાસનમાં નવમા મુખ્ય શિષ્ય બન્યા, ગણધરપદે બિરાજ-

માન થઇ નવમા ગણધર શ્રી અચલભ્રાતા સ્વામી બન્યા. ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. જીવનની સાધના સાધી. સ્વયં તર્યા, અનેકોને તાર્યા. પ્રભુની હયાતીમાં જ કેવળજ્ઞાન પામ્યા અને અંતમાં રાજગૃહી તીર્થમાં જઈ એક માસની સંલેષણા પૂર્વકનું અનશન કરી સદાના માટે સંસારનો ત્યાગ કરી.... દેહનો ત્યાગ કર્યો, કર્મનો ત્યાગ કર્યો. સર્વકર્મ રહિત અજર-અમર મુક્તિનું ધામ પામ્યા. શાશ્વત સુખ પામ્યા. મોક્ષે બિરાજમાન થયા.

આ પ્રમાણે પુણ્ય-પાપના તત્ત્વનું રહસ્ય સમજી આપણે પણ સર્વે પાપ તત્ત્વનો ત્યાગ કરી પરમપદ પામીએ એ જ શુભેચ્છા.

卐.....શુભં ભવતુ.....卐




卐 શ્રી આદિનાથ સ્વામિને નમ : 卐

પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

— ની પવિત્ર નિશ્રામાં —

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ

તરફથી જૈન સિદ્ધાન્તોના પ્રચાર પ્રસારાર્થે

સચિત્ર ગણધરવાદ જાહેર વ્યાખ્યાનમાળા

ની ૧૨ અને ૧૩માં ભાગની પ્રસ્તુત પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજની નિશ્રામાં

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છજ્ઞાતિ જૈન સંઘ

— તરફથી યોજવામાં આવેલ —

શ્રી મહાવીર જૈન શિક્ષણ-શિબિરના

બારમા રવિવારે આસો સુદ ૧૩ રવિવાર તા. ૭-૧૦-૮૪ ના રોજ

સર્વે શિબિરાર્થી ભાગ્યશાળીઓની સાધર્મિક ભક્તિ

મહેતા પોપટલાલ જેશિંગલાલ ગુંદાવળાના સુપુત્રો, શાંતિભાઈ, ચંદુભાઇ, તથા અભેયચંદભાઈ આદિ શ્રી ગુંદાવાળા પરિવાર તરફથી કરવામાં આવી છે.

આસો વદ ૪ રવિવાર તા. ૧૪-૧૦-૧૯૮૪ના તેરમા રવિવારે

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

માં જિનવાણી શ્રવણાર્થે પધારેલા સર્વ શિબિરાર્થી ભાગ્યશાળીઓની

— સાધર્મિક ભક્તિ —

નો પવિત્ર લાભ—જામનગર નિવાસી મહેતા ભાયચંદ ભાણજીભાઈ હ. કુલચંદ વર્ધમાન તથા મહેતા રામજી ભાણજી ચેલાવાળા પરિવાર તરફથી લેવામાં આવ્યો છે.

તારાઓની જઘન્ય સ્થિતિ ઉપરનાં સૂત્રમાં કહેવાઇ ગઇ છે. આથી જ્યોતિષ્કના સૂર્ય આદિ ચાર ભેદોમાં જઘન્ય સ્થિતિની વિચારણા કરવાની રહે છે. જ્યોતિષ્કના ચાર ભેદોમાં પણ સૂર્ય–ચંદ્ર ઇંદ્રોની, તેમની ઇંદ્રાણીઓની અને વિમાનાધિપતિ દેવોની જઘન્ય સ્થિતિ નથી, આથી અહીં શેષ તરીકે સૂર્યાદિ ચારના વિમાનોમાં રહેનારા સામાન્ય દેવો સમજવા.

દેવતાઓને સંઘયણ નથી હોતા. ૬ દિશાનો આહાર હોય છે, સર્વ કષાય અને ઇન્દ્રિયો અને સંજ્ઞા વગેરે હોય છે. દેવતાઓમાં કોઈ નપુંસક નથી હોતા. પુરૂષ–સ્ત્રી વેદવાળા બે જ વેદવાળા હોય છે. જ્યાં દેવીઓ છે. ત્યાં દેવો કરતા પણ દેવીઓ ૩૨ ગણી અધિક છે. દેવોમાં સમ્યકત્વીને ૩ જ્ઞાન, અવધિજ્ઞાન સુધી હોય છે, મિથ્યાત્વીને ૩ અજ્ઞાની હોય છે. વિભંગાવધિ હોય છે. દેવતાઓ ફકત ચોથા ગુણ સ્થાન સુધી જ પહોંચે છે, તેથી આગળ નહીં. ભૌમાનિક દેવલોકમાં પીત– પદ્મ લેશ્યા, હોય છે. અને અર્થાત પ્રથમ બે માં પીત લેશ્યા, પછી ૩, ૪, ૫ માં પદ્મ લેશ્યા અને પછી ૬ થી છેક ઉપર અનુતર વિમાન સુધીના દેવતાઓમાં શુકલ લેશ્યા હોય છે.

ભવનપતિ અને વ્યંતર નિકાયમાં પહેલી ત્રણ અશુભ લેશ્યા–કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા હોય છે.

શ્રી ભગવતી સૂત્રમાં ચમરેન્દ્ર અને સૌધર્મેન્દ્રની વચ્ચે થયેલા સંઘર્ષનું વર્ણન પણ કર્યું છે.

સાતમા ગણધર શ્રી મૌર્યપુત્રે ભગવંત મહાવીર પરમાત્મા ને દેવસંબંધી શંકા પૂછી એટલે સર્વજ્ઞ ભગવંતે તો સ્પષ્ટ કહી દીધું કે મૌર્યપુત્ર ! આ પ્રત્યક્ષ પ્રમાણમાં વળી શંકા

જાણવાની જરૂર શી છે ? આ સમવસરણમાં તું જોઈ લે આ બધા કેટલાય દેવતાઓ આવ્યા છે અને હું સર્વિજ્ઞ છું અને મને તો પ્રત્યક્ષ દેખાય છે. માટે સર્વિજ્ઞ વચનમાં શ્રદ્ધા રાખીને તારે પણ માની લેવું જોઇએ.

આ વાત પરમાત્મા તો સ્પષ્ટ કહી શકે એમ છે. કારણ કે પ્રભુને વાંદવા તો દેવતાઓ અહર્નિશ આવતા જ હોય છે. હેમચન્દ્રાચાર્ય મહારાજે વીતરાગસ્તોત્રમાં આ વાત લખતાં કહ્યું છે કે – "जघन्यतः कोटिसंख्यास्त्वां सेवंते सुरासुरा" હે ભગવંત ! ઓછામાં ઓછી કોઇ કરોડ સંખ્યા દેવતાઓની આપની સેવામાં હાજર રહે છે. ભગવાનની પાસે તો દેવતાઓ આવે છે, રહે છે એટલે પરમાત્મા તો સ્પષ્ટ કહી શકે છે. પરન્તુ "પ્રશ્ન આપણો છે ? આપણી પાસે આવતાં પણ નથી, રહેતા પણ નથી છતાં દેવતાઓનું અસ્તિત્વ છે એ શેના ઉપરથી સિધ્ધ કરવું. ? દેવતાઓ દેવલોક કેવો હોય એ સમજવા માટે અત્રે પ્રસંગ બાહ્ય અથવા પ્રસંગને અનુરૂપ દેવગતિ, દેવજાતિ આદિનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. વિશેષ વિસ્તારથી જાણવાની જિજ્ઞાસાવાળાઓએ શ્રી ભગવતી સૂત્રાદિ આગમોં, લોકપ્રકાશ, તત્વાર્થસુત્ર આદી ગ્રંથોમાંથી જાણવા પ્રયત્ન કરવો.

અનુમાનથી દેવસિદ્ધિ

હે મૌર્યપુત્ર ! અનુમાન પ્રમાણથી પણ દેવતાઓ છે એ વાતની સિધ્ધિ થઈ શકે છે. જેમ યન્ત્રપુરૂષમાં તો ચાલવાની શક્તિ નથી, પરંતુ તેમાં કોઈ શક્તિ, પુરૂષ પ્રવેશ કરીને ગતિ

આપે તો ચાલી શકે છે. તે જ પ્રમાણે આપણા શરીરમાં કાર્ય વાચા આદિની મર્યાદિત શક્તિ છે. પરંતુ કોઈ દેવ આ શરીરમાં પ્રવેશીને પ્રબળ શક્તિથી બીજા અકલ્પનીય કાર્યો કરાવી દે. અચિંતનીય બોલાવી આપે તો સમજવું કે કોઈ દેવ આપણા શરીરમાં પ્રવેશીને આ પ્રકારની ચેષ્ટાઓ કરાવી રહ્યો છે.

(૨) જાતિસ્મરણથી પુર્વજન્મ જોઇને હું દેવ હતો કે બીજો કોઈ હતો એ જોઇ શકે છે.

(૩) કેટલાક તપસ્વીઓ, યોગીઓને દેવતાઓ પ્રત્યક્ષ પ્રગટ થઈને દર્શન આપે છે.

(૪) કેટલાક દેવતાઓ જે વિદ્યા, મંત્રના અધિષ્ઠાતા હોય છે તે દેવતાઓ તે મંત્ર, વિધાના સ્મરણ, પ્રયોગથી પ્રગટ થાય છે.

(૫) દાન–પુણ્ય–તપાદિ ક્રિયાવડે ઉપાર્જિત પુણ્ય વડે પણ દેવગતિ–સદ્ગતિ મળે છે તે પણ સ્વર્ગની ગતિ મળી શકે.

(૬) 'દેવ' એવો શબ્દ પણ તદ્પદવાચ્ય વ્યક્તિ એવા દેવને જ સિદ્ધ કરે છે. કારણ દેવ, અમર, નિર્જરઃ આદિ ઘણાં શબ્દો દેવ માટે વપરાય છે. કારણ કે દેવપદ વ્યુત્પત્તિ-વાળુ સાર્થક શુધ્ધ પદ છે. દેવપદનો અર્થ મનુષ્ય,પશુ આદિ તો નથી જ થતો. માટે દેવપદથી જે વાચ્ય છે તેથી જ દેવસિધ્ધિ થાય છે.

જો દેવ છે તો પછી આવતા કેમ નથી ?

પ્રદેશી રાજાએ કેશીસ્વામીને એ પણ પ્રશ્ન પૂછયો હતો કે સાહેબ જૂઓ ! આપના કહેવા પ્રમાણે દેવ જો હોય તો.... આવવા તો જોઈએ ને ? મારા દાદીમા ખૂબ ધર્મિષ્ટ હતા. તેઓ ખૂબ તપ–ત્યાગાદિ કરતા હતા. એમની મૃત્યુ વખતે મેં દાદીમાને કહ્યું હતું કે જો તમે મૃત્યુ પછી આટલા પસાયે જો દેવલોકમાં જાઓ. તો તમે મને કહેવા આવજો તો હું સાચું માનીશ. પરન્તુ સાહેબ હજી સુધી તો આવ્યા નથી. તો મારે શું માનવું ?

કેશી સ્વામીએ કહ્યું– હે પ્રદેશી ! ધાર કે તું સુંદર સુગંધી જલ–અત્તરથી સ્નાન કરીને, નવા વસ્ત્રો, પહેરીને, આભુષણ પહેરીને રાજસિંહાસને જ્યારે બેસવા જતો હોય ત્યારે જો કોઈ સામાન્ય ગંદો માણસ જો ઉકરડામાં બોલાવે તો તું જાય ખરો ?

પ્રદેશી રાજા : ના સાહેબ ! હરગીજ ન જાઉ. એજ પ્રમાણે હે પ્રદેશી ! દેવલોકના સુખ–ભોજમાં, આનંદમાં, રાચતા એ દેવોને આ મૃત્યુલોકમાં મળ–મૂત્રોથી ભરેલા આ પુરૂષ શરીર તેમજ મનુષ્યલોકમાં આવતા અત્યન્ત દુર્ગન્ધ, ગંદુ લાગે છે. અને તેઓ આવવાનું રાખે છે.

પરંતુ આજે તમે જે અત્રે આવ્યા. તેના કારણમાં પણ દેવતાઓના આગમનનું કારણ હતું ને ! કેમ ? સોમિલવિપ્રને ત્યાં તમે બધાં વિદ્વાનો યજ્ઞનિમિતે ભેગા થયા હતાં. અને

દેવતાઓને આકાશમાંથી આવતા જોયા પરન્તુ તે દેવતાઓ તમારા યજ્ઞમંડપમાં ન આવતા અહીં સમવસરણમાં એટલે જ તમે બધા વિદ્વાન પંડિતો વિચારમાં પડયા અને પછી એક એક પછી એક અહીં આવતા જાઓ છો ?

બીજુ શાસ્ત્રો પણ એ વાતની સાક્ષી પૂરે છે કે સીતેન્દ્ર દેવ તીવ્ર સ્નેહરાગથી લક્ષ્મણજીને શાન્ત્વના આપવા નરકમાં ગયા હતા અને એજ પ્રમાણે સ્નેહ, પુર્વજન્મના રાગ–સ્નેહ આદિના કારણે પણ દેવતાઓ આવી શકે છે. પુર્વજન્મના મિત્ર પુત્ર આદિના સ્નેહવશ પણ આવે છે. પુર્વજન્મના વૈરીને પીડા આપવા, તપશ્ચર્યાના ગુણથી પ્રસન્ન થઈને, અથવા મિત્રાદિ ઉપર ઉપકાર તથા કામક્રીડાદિના નિમિતે–કારણે પણ દેવતાઓ આવી શકે છે.

જ્યારે ઘણા શિષ્યોને કાળ ધર્મ પામતી વખતે કહ્યું કે જો તમે દેવલોકમાં જાઓ તો મને કહેવા પાછા આવજા પરંતુ ઘણા ન આવ્યા. સદ્‌ભાગ્યે છેલ્લો મૃત્યુ પામેલો શિષ્ય દેવ-લોકમાંથી આવ્યો અને અષાઢાભૂતિમુનિની આગળ દેવલોક, દેવ અસ્તિત્વ અને ત્યાંની રિધ્ધિ–સિધ્ધિનું વર્ણન કર્યું ત્યારે અષાઢાભૂતિ માન્યા. વાત સાચી છે તેમ સમજ્યા.

વર્તમાન કાળમાં પણ પ્રેતાત્માનું મળવું, પ્રેતાત્માના દર્શન થવા, પ્રેતાત્મા સાથે વાતચીત કરવી વગેરે ઘણાં અનુભવે છે. આજનું વિજ્ઞાન પણ આ વાતને અનુભવતુ થયું છે. પશ્ચિમ

જગત આ તત્ત્વોને સ્વીકારતું થયું છે. બ્રિટનના રાજા બીજા ચાર્લ્સ અને અનેક પ્રેમીકાઓની વચ્ચે સૌથી વધુ સૌંદર્યવતી ડચેસ ઓફ માઝાકિન અને ચાર્લ્સના ભાઇની પ્રેમિકા મારામદ પ્રેાકલરની વચ્ચેના પ્રસંગેા, વીલીયમ સમીલી, અન ગ્રીનલો તથા ગ્લાસ્ગેા યુનિ.નેા જ્યેાર્જ ક્રિડનહામ અને વીલિયમ ડાઇકની વચ્ચે તથા લડી એલિઝાબેથ અને રેાબર્ટ નેલસનની વચ્ચે, તથા ઇંગ્લેંડની વચ્ચે બ્રેાગલે જોયેલ પ્રસંગ, તેમજ બેઝુલ અને તેના મિત્રેામાં અનેકના સંબંધેાના પ્રસંગેા મૃત્યુ પછી પણ તેઓ એક બીજાને મળે છે. વાતેા કરે છે. આવા તેા સેંકડેા પ્રસંગેા આજે પણ નેાંધાયા છે. આ પ્રમાણે આપણને દેવ અસ્તિત્વ વિષે આપણને ખ્યાલ આવી શકશે.

ઉપર આકાશમાં ફરતા દેખાતા સુર્ય–ચન્દ્રાદિ દેવવિમાનો ને જોઇને પણ દેવતાઓનું પ્રત્યક્ષ મૂલક અનુમાન કરી શકીએ છીએ. અને દેવગતિ સાધી શકીએ છીએ.

મૌર્યપુત્રનેા સંશયેાચ્છેદ અને સંયમગ્રહણ–



સાતમા ગણધર શ્રી મૌર્યસ્વામી પ્રભુની પાસે તર્કયુક્તિઓથી દેવતાઓના અસ્તિત્વ વિષે સંશેય છેદાઈ જતાં સમજી ગયા.

छिन्नम्मि संशयम्मि जिणेण जर-मरण विप्पमुक्केणं ।
सेा समणेा पव्वइओ अद्धुट्ठिहिं सह खंडियसणहिं ॥

જરા-મરણથી રહિત એવા પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ પાસે દેવ અસ્તત્વની વાતો સમજીને જેનું સશય-શંકા નષ્ટ થઈ ગઈ એવા સાતમા ગણધર મૌર્યપુત્ર સ્વામી સંશય નષ્ટ થતા પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષા લીધી. ચારિત્ર સ્વીકારી મહાવીરના શાસનમાં સાતમા ગણધર બન્યા. અંતમુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરી. અનેક જીવોના તારણહાર બન્યા. કેવળજ્ઞાન પામી પ્રભુની હયાતીના કાળમાં જ રાજગૃહી તીર્થે જઈ અનશન કરી પરમધામ મોક્ષે પહોંચ્યા. સર્વ દુઃખથી અને સંસારથી સદાના માટે મુકત થયા.

આ પ્રમાણે દેવ અસ્તિત્વ સંબંધિ ચર્ચા કરી.... સર્વ જીવોનું કલ્યાણ થાઓ.





卐 શ્રી આદિનાથસ્વામીને નમ : 卐

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજની પવિત્ર નિશ્રામાં

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ-જામનગર

તરફથી

વર્તમાન પેઢીની યુવા આલમના જીવન ઘડતર અર્થે આયોજિત

—ચાતુર્માસિક ૧૬ રવિવારીય—

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

— માં દર રવિવારે ચાલતી —

સચિત્ર ગણધરવાદની જાહેર વ્યાખ્યાનમાળા

— ની દસમા રવિવારના પ્રસ્તુત પુસ્તિકા —

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ જ્ઞાનભંડાર

તરફથી છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ભાદરવા વદ ૧૩ રવિવાર. તા. ૨૩-૯-૧૯૮૪ની આ

દસમા રવિવારની—

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

માં જોડાયેલા સર્વે શિબિરાર્થી મિત્રોની

◈ સાધર્મિક ભક્તિ ◈

૩૦ વર્ષથી જામનગરના સેવાભાવી અને સામાજિક કાર્યશીલ એક સુપ્રસિદ્ધ **શ્રી મહાવીર જૈન યુવક મંડળ** તરફથી કરવામાં આવી હતી.

આ દિવસે **Beauty Without Cruelty**ની ફિલ્મ બતાવવાનો કાર્યક્રમ મંડળ તરફથી જ રાખવામાં આવેલ. જેમાં અહિંસાનો પ્રચાર કરી ફંડ કરેલ. હજારોભાઈ-બહેનોએ પ્રતિજ્ઞા કરી હતી.

આ ઘટનાની તપાસ કરી. તેના પતિ દીનદયાળ પતિને જબ-લપુર બોલાવી વકીલ પાસે બધી વાત સંભળાવી. તે બિચારો સાંભળીને રડવા લાગ્યો. વાત કબૂલ કરી. ઘટના સાચી કરી.

પૂર્વજન્મની વિગત આપતો નરેશકુમાર–

પાટણ પાસે ચાણસ્મા (ગુજરાત) ની વાણીયાવાડમાં રહેતા બાબુલાલ કાલ્યાલાલનો પુત્ર નરેશકુમાર ૨૮–૧૧–૧૯૫૧ના જન્મ પામેલ. તે ૨ા વર્ષની ઉંમરે કહે છે, "હું વીરમગામનો છું." (૩ વર્ષનો થયો ત્યારે કહ્યું) અમારી બંગડીઓની દુકાન હતી. હું મારા પિતાજી સાથે માલ ખરીદવા મુંબઈ ગયો હતો. અમે પાલિતાણા ગયા હતા. વીરમગામમાં અમારા ઘર જોડે ઉપાશ્રય હતો. તથા નેમિનાથ, શીતળનાથ ભગવાનનાં દેરાસર હતાં. હું રોજ દર્શન કરવા જતો હતો.

૪ વર્ષની ઉંમરે બીજી ઘણી વિગત આપીને પોતાનાં માતા–પિતા વગેરેની વાતો કરી એ પછી તપાસ કરી સાચી પડી હતી. કાન્તિભાઇએ ભાગ લઇ આ તપાસમાં બધી પૂછ–પરછ કરી હતી. નરેશને વીરમગામ લઈ ગયા હતા, ત્યારે નરેશે બધુ બતાવ્યું હતુ.

બળદે માલિકની સંપત્તિ બચાવી

આગ્રા જીલ્લાગઢ તહેસીલમાં ઈત્માદપુરાગામમાં રામસ્નેહી ના ઘરે એક બળદ હતો. એક દિવસ ઘરમાં ચોરી થઈ અને ચોરો ધન લઈ ભાગ્યા. ત્યાં બળદ પણ તેમની પાછળ ખૂબ દોડ્યો. પીછો કર્યો. ચોરોએ બળદની એક આંખ ફોડી લોહી લોહાણ કરી નાંખ્યો. છતાં બળદ પાછળ દોડતો જ રહ્યો અને દૂર ગામે બે સિપાહીઓએ આ દોડભાગ જોઇને બે ચોરને

પકડયા. બળદ ચોરોના હાથમાંથી પોટલી ખેંચી લઈ પાછો સિપાહીઓ–ચોરોને લઇને ઘરે આવ્યો. રામસ્નેહીને ધનની પોટલી આપી. ગામ ભેગું થયું. લોકો આશ્ચર્ય પામી ગયા. રામસ્નેહી ગળગળો થયો. બળદને ગળે વળગી ભેટી પડયો. તેની ખૂબ સેવા કરી. અને કહેતો, આ મારો પૂર્વજન્મનો પુત્ર લાગે છે. આટલી સંજ્ઞા અને બુદ્ધિ બળદમાં છે. પણ તે બોલી નથી શકતો.

મુસ્લિમ યુવતી શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે

રોહાના તૈયબજી નામ ધરાવતી એક મુસ્લિમ ઘરમાં જન્મેલી યુવતી શ્રીકૃષ્ણની મૂર્તિ રાખી રોજ ફૂળ ચઢાવી પૂજા કરતી અને ભગવદ્ગીતાનો પાઠ કરતી. એનાં ઘરવાળાં બધાં કંટાળી ગયાં હતાં. પરંતુ નાની ઉંમરથી તેની વાતો સાંભળી આશ્ચર્ય અનુભવી રહ્યાં હતાં. "સાપ્તાહિક હિન્દુસ્તાન" પેપરમાં છપાયેલી આ ઘટનામાં શિવકુમાર ગોયલે રોહાના સાથે ઘણી પ્રશ્નોત્તરી કરી તે છાપી છે અને લખ્યું છે કે, બાળા માંસ–મચ્છી આદિ કંઈ નથી ખાતી. છતાં મુસ્લિમ કુટુંબમાં થયેલા જન્મથી ઉદાસ રહે છે. અને મોટા ભાગનો સમય કૃષ્ણભક્તિમાં ગાળે છે. તેમ જ ઉપદેશ કરે છે.

પાશ્ચાત્ય વિદ્વાનો પુનર્જન્મના સિદ્ધાન્તો સ્વીકારે છે.

(૧) ઇંગ્લેન્ડનો નામાંકિત વિદ્વાન "ઇમરસન" જીવનને સીડીની ઉપમાં આપતા લખે છે કે–'એવી સીડી ઉપર છે અને નીચે પણ છે. કોઇ વાર આપણે ઉપર ચડીએ છીએ અને કોઈ વાર ઊતરીએ છીએ.

"એરિસ્ટોટલે" લખ્યું છે કે–જીવ પોતાના માટે હંમેશાં નવાં નવાં વસ્ત્ર (શરીર) બનાવતો રહે છે. (1) Reincarnation by Walker. P. 23 & P 27)

(૨) ઈસ્વીસનની શરૂઆતમાં થઈ ગયેલા એક ક્રિશ્ચીયન વિદ્વાન 'ઓરિજિન' (Origin) કહે છે કે, "જે આત્માઓને શરીર આપીને આ દુનિયામાં મોકલવામાં આવે છે તે અપરાધ કરે છે. તેથી તેની હવે પછીની જન્મની અવસ્થા બગડે છે. એની વર્તમાન અવસ્થા પણ પૂર્વકર્મોના કારણે છે." ((Reincarnation by Walker. P.236–37)

(૩) ઓવિડ (Oveid) નામના વિદ્વાને પાઈથાગોરસ પર લખેલી કવિતામાં લખ્યું છે કે–"મૃત્યુને પુરાણી માતા તરીકે આલેખતાં, તે હંમેશા નવા નવા સ્વરૂપમાં પ્રકટ થાય છે. (D.T).

(૪) રોમના પાદરીઓ-નોમિસિઅસ, સાઈનેસિઅસ, હેલેરિઅમ પણ ખુલ્લી રીતે પુનર્જન્મના સિદ્ધાન્તોનું સમર્થન કરતા હતા. (ઉપરનું પુસ્તક P. 237)

(૫) "ધી પાવર વિધિન" નામના પુસ્તકના લેખક એલેકઝાંડર કેનન જે દુનિયાના ખૂણે ખૂણામાં પ્રવાસ ખેડી આવ્યા છે. તેઓ આ પુસ્તકમાં લખે છે કે, "મારી બધી વાતનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાર હોય તો એટલો જ છે કે, આત્માનું મૃત્યુ હોઈ શકતું જ નથી." આટલી વાત જો જગત સમજી જાય તો તો પછી કોઇ કોઇનું ખૂન કરે નહીં. દુઃખનો માર્યો કોઇ જીવ આત્મહત્યા પણ ન કરે. કેમકે આત્મહત્યા કરવા

ઇચ્છતો માણસ પછી સમજી શકે છે કે, "આત્મહત્યા કરી લેવાથી જેટલાં દુઃખનો અંત આવશે તેનાથી ઘણાં વધુ દુઃખો ફરી માથે તૂટી પડશે. કેમકે હું અમર છું, મારે અહીંથી પણ બીજે કયાંય જવાનું છે."

વશીકરણવિદ્યા (Hypnotism) અને પુનર્જન્મ

Hypnotism એક વશીકરણ વિદ્યા છે. સંમોહનની પ્રક્રિયા છે. વિશ્વ વિખ્યાત **Hypnotist** એલેકઝાન્ડર કેનને ૧૩૮૦ સંમોહનના લગભગ પ્રયોગો કર્યા પછી કેટલાક મહત્વના પ્રસંગોને ટાંકતાં "ધી પાવર વિધિન" નામનું એક પુસ્તક લખ્યું છે. એક વખતનો નાસ્તિક પુનર્જન્મ, આત્મા આદિમાં ન માનનારો આ પ્રયોગો ઉપરથી આત્મા તથા પુનર્જન્માદિ પદાર્થની સિદ્ધિ કરે છે. **Deepest Hypnotism** ઊંડા સંમોહનના પ્રયોગોમાં માણસને ઘણાં વર્ષોના ઊંડાણમાં લઈ જાય છે. અને પ્રશ્નો પૂછવામાં આવે છે. તમે ફક્ત પાંચ વર્ષના હતા ત્યારે શું કરતા હતા ? તમે ૩ વર્ષના હતા ત્યારે શું કરતા હતા....એમ પૂછાતા પ્રશ્નોમાં દર્દી સંમોહનની પ્રક્રિયામાં અંગૂઠો મોઢામાં મૂકીને ચૂસવા બેસતો હતો. વૈજ્ઞાનિકો હજી વધારે ઊંડા જવા પ્રયત્ન કરી રહ્યા છે. તમે ૬ મહિનાના, ૮ મહિનાના હતા અને માતાના ઉદરમાં ગર્ભ તરીકે હતા ત્યારે શું કરતા હતા ? કેમ રહેતા હતા ? આટલા ઊંડાણમાં પહોંચવામાં હજી સફળતા મળી છે. અને એ જ પ્રમાણે હજુ પાછળ-પાછળનાં વર્ષોમાં લઈ જવા માટે તેને પૂછવામાં આવે છે, તમે ગયા જન્મમાં શું હતા ? કયાં હતા ? કોણ હતા ?

કેવા હતા ? વગેરે પ્રશ્નોની હારમાળામાંથી ૨૦% સફળતા મળતી. અને એમ કરીને પૂર્વજન્મોની હકીકત જાણવા પ્રયત્ન કરવામાં આવે છે. છઠ્ઠા નંબરના ઊંડાણના સંમોહનની પ્રક્રિયામાં માણસ પૂર્વજન્મની હકીકતોને વધુ સ્પષ્ટ કહી શકે છે.

લઘુતાગ્રંથિ તથા ભયગ્રંથિ આદિથી પીડાતા માણસને સંમોહનની પ્રક્રિયાથી લઘુતા તથા ભયમુક્ત કરવા માટે પ્રયોગો કરવામાં આવે છે. અને આ માનસિક સ્વસ્થતા માટે **Hypnotists** ને સફળતા પણ મળે છે. આ રીતે વર્તમાન જગતમાં **Reincarnation Therapy** "પુનર્જન્મપથી" ની પદ્ધતિ પ્રચલિત થવા માંડી છે. જેમાં સંમોહનની પ્રક્રિયાથી ઊંડાણમાં લઇ જઈને સમજણ આપવામાં આવે છે. તથા કારણ શોધવામાં આવે છે. આ રીતે પૂર્વજન્મની સ્મૃતિઓ કરાવીને વર્તમાન જીવનની અનેક સમસ્યાઓનો ઉકેલ લાવવાનું કામ વર્તમાન હિપ્નોટિસ્ટ વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. દા. ત.,

લિફ્ટના ભયથી મુક્ત કર્યો

એક માણસ લિફ્ટથી બહુ ડરતો હતો. તે કયારેય લિફ્ટમાં ઊતરતો નહીં. માટે તેના સંબંધીઓ તેને હિપ્નોટિસ્ટ પાસે લઇ ગયા. પૂછપરછમાં આ જીવનમાં તો તેવા ભયનું કોઇ કારણ જણાતું નથી તો પછી શું બન્યું હશે ? એમ વિચારી તેને ઊંડા સંમોહન (**Deepest Hypnotism**)ના છઠ્ઠા પ્રકારમાં લઇ ગયા. અને તેમાં તેને પૂર્વજન્મની હકીકતની કડી સાંપડી. તે બોલ્યો, હું ગયા જન્મમાં 'ચાઈનીઝ જનરલ' હતો. એક વાર બહુ ઊંચા મકાન ઉપરથી પડી ગયો હતો.

અને મારી ખોપરી ફાટી ગઇ હતી. હું મૃત્યુ પામ્યો હતો. આ ભયથી હું થરથરી ગયો હતો. હિપ્નોટિસ્ટે પ્રયોગ પૂરો કર્યો. તેની ભય સંજ્ઞા ઉપર પ્રહાર કર્યા. અને જે ઉપરથી પડવાની પ્રક્રિયાની જેમ તે લિફ્ટમાં ઊતરવામાં જે ભય માનતો હતો તે ભય દૂર થયો, ભયગ્રંથિ દૂર થઇ.

પાણીથી ડરતી સ્ત્રી

એક સ્ત્રી પાણી જોઈને ખૂબ ગભરાતી હતી. નદી, તળાવ કે સમુદ્રને તો તે ક્યારેય નજરે પણ જોવા તૈયાર ન હતી. એનાં કુટુંબીઓ એ સ્ત્રીને હિપ્નોટિસ્ટ પાસે લઈ ગયા. **Deep Trance** માં ઉતારીને પૂછપરછ કરતા ખબર પડી કે આ સ્ત્રી પૂર્વજન્મમાં રોમ દેશમાં ગુલામ તરીકે પુરુષ હતી, ત્યારે તેના કોઇ અપરાધને કારણે તેને હાથે-પગે સાંકળો બાંધીને પાણીમાં ઉતારીને ગૂંગળાવીને મારવામાં આવેલો. તેનો ભય વ્યાપી ગયો હતો. માટે તે સ્ત્રી પાણીથી ખૂબ ડરતી હતી.... એ પછી તેને જાગૃત કરવામાં આવી અને સમજાવવામાં આવી અને તેનો પાણીનો ભય દૂર થઈ ગયો.

આવા કેટલાક પ્રયોગોથી લોકોની ભયગ્રન્થિને દુર કરવાના પ્રયોગો આ સંમોહનની પદ્ધતિ દ્વારા થઇ રહ્યા છે. સંમોહનની પ્રક્રિયા દ્વારા ઉંડા વશીકરણની પધ્ધતિ દ્વારા પુનર્જન્મની થતી સિદ્ધિ વડે આત્માની નિત્યાનિત્યતાની સિધ્ધિ થાય છે.

હિપ્નોટીઝમના પુરસ્કર્તા આધુનિક વૈજ્ઞાનિકો કહે છે કે, માનવમનના બે વિભાગ મહત્વના છે.: ૧. જાગૃત મન (Conscious MIND) અને ૨. આન્તર (સુષુપ્ત) મન (Sub-conscious MIND). જાગૃત મનમાં આવેલા વિચારો થોડો સમય ત્યાં રહીને પછી આંતરમનમાં ચાલ્યા

જાય છે. સમય મળતા ફરી તે વિચાર જાગૃત મનમાં આવીને પાછા જૂની હકીકત તાજી કરીને, યાદ દેવરાવીને ભયગ્રસ્ત કરે છે. બસ, મનની આ પ્રક્રિયાને જાણીને તેને તે રીતે સલાહ આપવાથી અથવા આંતર મનમાંથી તે વિચાર ભૂસી નાંખવાથી ભયમુકત થવાય છે. જાગૃત અને અર્ધજાગૃતમન બન્નેની કાર્ય પદ્ધતિઓમાં ઘણો તફાવત છે. આ વશીકરણ પધ્ધતિથી બન્ને મનનો અભ્યાસ કરવામાં આવે છે. અને વ્યકિતના મનમાંથી મૂળ કારણ શોધી કાઢવામાં આવે છે. આત્મા હતો, અને તેનો પૂર્વજન્મ તથા પુનર્જન્મ થતો હતો તો જ આ વશીકરણ અને સંમોહનથી સિધ્ધ થઈ શકે છે. અન્યથા કંઈ પણ સંભવ ન હતું. આનાથી એક બીજો પણ સિધ્ધાન્ત સિધ્ધ થાય છે કે, આત્મા ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. અને કયારેક દેવ તો કયારેક મનુષ્ય તો કયારેક પશુ પણ બને છે. કોઇ જો એમ માનતો હોય કે પશુ-મરીને પશુ જ થાય, મનુષ્ય મરીને મનુષ્ય જ થાય, તો તે વાત ખોટી છે. ગતિ, જાતિ અને યોનિ બદલાઇ શકે છે.

બાઇબલ જેવા પવિત્ર ધર્મગ્રન્થમાં પણ જ્યારે પૂર્વજન્મની માન્યતાનું સમર્થન કરવામાં આવ્યું નથી, ત્યારે વશીકરણ-સંમોહન વિદ્યાથી પૂર્વજન્મ તથા પુનર્જન્મની સિધ્ધિ થવાથી પાશ્ચાત્ય વિદ્વાનો માટે ભારે આઘાતજનક બાબત છે. પરન્તુ ભારત દેશના ધર્મો માટે આઘાતના આંચકાનો પ્રશ્ન જ ઊભો નથી થતો. કારણ કે ચારિત્ર ગ્રન્થોમાં, ધર્મગ્રન્થોમાં સેંકડો પ્રસંગો પૂર્વજન્મના ટાંકવામાં આવ્યા છે.

પ્રતિબોધ માટે પૂર્વ જન્મનું વર્ણન–જૈન શાસ્ત્રોમાં અરિહંત તીર્થંકર ભગવંતોને સર્વજ્ઞ – કેવળજ્ઞાની – કેવળ દર્શની તરીકે વર્ણવવામાં આવ્યા છે. ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થવાથી આત્માને કેવળજ્ઞાન કેવળદર્શન અનન્ત જ્ઞાનાદિ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. જેથી ત્રિકાળાબાધિત રૂપે એક જ સમયે સમસ્ત બ્રહ્માણ્ડનું સર્વ કંઈ પણ એક સાથે જોઇ શકે છે અને જાણી શકે છે, જૈન ધર્મના સર્વ સિધ્ધાન્તો ઉપર સર્વજ્ઞ ભગવંતોની છાપ લાગેલી છે. માટે તે અકાટય–અબાધિત છે.

જ્યારે જ્યારે કોઈ પણ જીવને સમજાવવા કે પ્રતિબોધ પમાડવાનો પ્રસંગ આવ્યો ત્યારે સર્વજ્ઞ મહાપુરુષોએ તે જીવને તેનાજ પૂર્વજન્મની ઘટનાઓ તરીકે એ જીવના આંતર મનને જાગૃત કર્યું. અને તે જીવો ઇશારામાં ઘણું સમજી ગયા. દા. ત., પરમાત્મા મહાવીર પ્રભુએ દીક્ષા છોડીને ઘરે જવાના વિચારથી આવેલા મેઘકુમાર મુનિને એના પૂર્વના બે જન્મોની જેમાં તું હાથી હતો... અને કેવા કષ્ટો સહન કર્યાં છે તેની કથા સાથે પૂર્વજન્મ કહી સંભળાવ્યો. અને પોતાના જ ભૂતકાળના જીવનની ઘટનાઓનું વર્ણન સિનેમાના પરદા ઉપર આવતાં ચિત્રોની જેમ મેઘકુમાર મુનિની આંખો સામે તરવા માંડયું. આંતર મન ઉપર જાણે આખી ફિલ્મ શરૂ થઈ ગઈ અને અર્ધજાગૃત મન પૂર્ણ જાગૃત થયું. અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં જ પ્રભુનું કહેવું બધું જ સત્ય છે, એમ કબૂલ કરી પ્રભુનાં ચરણોમાં પડયા. અને દીક્ષા ન છોડવાનો વિચાર દૃઢ કરી વિવિધ પ્રતિજ્ઞાઓ કરી.

ચંડકૌશિક સાપને પણ પ્રભુએ આ જ રીતે સમજાવીને એનું મન જાગૃત કરીને તાર્યો છે. વિપાક સૂત્રમાં દુઃખવિપાકમાં ગણધર ગૌતમસ્વામીએ ગોચરી પ્રસંગે જતાં નગરમાં જે અત્યન્ત દુઃખદાયક ઘટનાઓ જોઈ, ને આવીને પ્રભુની આગળ પ્રશ્ન કરીને પૂછયુ, હે ભગવન્ત ! આ જીવે એવાં તો શાં પાપ કર્યાં છે ? એવાં તો કેવાં પાપો કર્યાં છે કે જેના કારણે આજે આ જન્મમાં આવી ઘોર યાતના=દુઃખો ભોગવી રહ્યો છે ? અનન્તજ્ઞાની ભગવંતે તે તે જીવોના પૂર્વજન્મોની વાતો કરી... અને તેમાં શું શું પાપો કર્યાં છે તે સમજાવ્યાં. એવાં ૧૦ અધ્યયનો છે. ૧. મૃગાપુત્ર, ૨. ઉજ્ઝિતક, ૩. અભગ્નસેન, ૪. શકટ, ૫. બૃહસ્પતિદત્ત, ૬. નંદીવર્ધન, ૭. ઉંબરદત્ત, ૮. શૌરિકદત્ત, ૯. દેવદત્તા, ૧૦. અંજુસુતા.

આ દસેના ભૂતકાળના પૂર્વભવો અને તેમાં કરેલાં પાપોનું વર્ણન અને ત્યાર પછી મોક્ષમાં જાય ત્યાં સુધીના ભાવી ભવોનું અદ્‌ભુત વર્ણન છે. દા. ત., પ્રથમ અધ્યાયના મૃગાપુત્રની વાત લઈએ.

મૃગગામ નગરમાં વિજય ક્ષત્રિયની પત્ની મૃગારાણી હતી. તેનો પુત્ર મૃગાપુત્ર હાથ–પગ–આંખ, નાક, કાન વિનાનો જન્મેલો હતો. માતાએ તેને એક અંધારા ભોંયરામાં રાખેલો હતો. અને ગૌતમસ્વામી જોવા આવ્યા. માત્ર માંસપિંડ જેવી દશામાં પડેલા જીવંત બાળક મૃગાપુત્રને જોઈને ગૌતમ સ્વામીનું મન દુભાયું. અને સમવસરણે આવીને વીર પ્રભુને તેના પાપ વિષે પૂછયું. અને સર્વજ્ઞ વીરભગવંતે કહ્યું, હે ગૌતમ ! આ મૃગાપુત્રનો જીવ પૂર્વ જન્મમાં એકિકાઈ

રાઠોડના નામે ૫૦૦ ગામોનો અધિપતિ હતો. તેણે ગામોની પ્રજા પાસેથી ધન પૈસો લેવામાં ઘણા અનાચાર તથા અત્યાચાર કર્યા છે. અમર્યાદ પાપો કર્યા છે. જેના કારણે તે આજે પાપનો વિપાક (ફળ) ભોગવવા આ દશામાં અહીં આવ્યો છે. અને હે ગૌતમ ! આટલેથી એનાં પાપોની સજા ભોગવાઈ જાય તેમ નથી. અહીંથી ૨૬ વર્ષે મરીને આ જીવ સિંહ તરીકે જન્મ લેશે. સિંહ મરીને ૧લી નરકમાં જશે. ત્યાં ૧ સાગરોપમનો કાળ પસાર કરશે. ત્યાંથી નીકળીને નોળીયો થશે. મરીને બીજી નરકમાં જશે. ત્યાંથી નીકળી પક્ષી થશે. ત્યાંથી મરીને ત્રીજી નરકમાં જશે. ત્યાંથી નીકળી સિંહ થશે ફરી મરીને ચોથી નરકમાં જશે. ત્યાંથી નીકળી સાંપ થઇને પાપો કરી પાંચમી નરકમાં જશે, ત્યાંથી નીકળી સ્ત્રી થઇને મરીને છઠ્ઠી નરકમાં જશે, ત્યાંથી નીકળી પુરુષ થઇને ઘણાં પાપો કરી સાતમી નરકમાં જશે. ત્યાંથી નીકળી સમુદ્રમાં જળચર થશે. માછલા, કાચબા, ગ્રાહ, મગર, વગેરેના ભવો કરશે. તિર્યંચગતિમાં સાડા બાર લાખ જાતિ-યોનિમાં ઉત્પન્ન થશે-મરશે....અનેક લાખ વાર જન્મીને મરશે. વારંવાર દુઃખો ભોગવશે. ફરી ત્યાંથી નીકળી ગાય, ભેંસ, વગેરે ચૌપગાં પશુરૂપે જનમશે. પછી ઉરપરિસર્પ, ભુજપરિ-સર્પ, પક્ષી વગેરે થશે. અને માખી-મચ્છર-ભમરા વગેરેના ચઉરિન્દ્રિયના ભવો, પછી કીડી-મંકોડા વગેરેના તેઇન્દ્રિયના ભવો, કુમિ-કરમિયા-અળસીઆ-ચંખલા વગેરેના બેઇન્દ્રિયના અનેક ભવો કરશે. પછી વનસ્પતિકાયમાં ઝાડ થઇને જન્મ

ધારણ કરશે. પછી વાયુ–અગ્નિ–પાણી અને પૃથ્વીના જન્મો-માં ઘણાં નીચે જઇને અનેક લાખ વાર ત્યાં જન્મશે–મરશે. અને ત્યાંથી નીકળીને સુપ્રતિષ્ઠપુર નગરમાં બળદ થશે. ગંગા નદીના કાંઠે મૃત્યુ પામી એક શેઠના ઘરે પુત્રપણે ઉત્પન્ન થશે. પછી દીક્ષા લઈ સાધુ બનશે. ત્યાંથી મરીને દેવલોક (સ્વર્ગ)માં દેવ થશે. ત્યારપછી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થશે. દીક્ષા લઈ, સાધુ બનશે અને પછી સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષ પામશે–સંસારથી મુકત થશે. પાપોથી મુકત થશે.

આ જે મૃગાપુત્રનું જીવન ચરિત્ર છે. એવા ૧૦ ચરિત્રો શ્રી વિપાકસૂત્રમાં પ્રભુએ કહ્યાં છે અને બધાના ભૂતકાળના પૂર્વજન્મો તથા આગળના ભાવિકાળના અનેક જન્મો, અનેક ગતિઓ–જાતિઓમાં ગમન વગેરે કહીને છેક મોક્ષ પામે ત્યાં સુધીના ભવો કહ્યા છે. તે વિપાકસૂત્ર[1] ખાસ વાંચવાથી–જોવાથી ઘણો ખ્યાલ આવશે.

માત્ર વિપાકસૂત્રમાં જ નહીં પરન્તુ જૈન આગમ શાસ્ત્રો-માં જૈન સાહિત્યક્ષેત્રે તો ડગલે ને પગલે ઘણે ઠેકાણે આવી રીતે પૂર્વજન્મો તથા પુનર્જન્મોની વાતો કરી છે. સામેવાળા જીવના પૂર્વજન્મમાં ભૂતકાળના ભવોમાં કરેલાં પાપકર્મો યાદ કરાવી, તે જીવને જાગૃત બનાવી કર્મક્ષય માટે ધર્મ કરવા પ્રેર્યો છે. કરેલાં પાપકર્મોનો ક્ષય કરવા માટે ધર્મ એ એક માત્ર ઔષધ છે. એ સિવાય બીજો વિકલ્પ જ નથી. એટલે

---

૧ શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ) તરફથી શ્રી વિપાકસૂત્ર પ્રતાકારે ગુજરાતનુવાદ સાથે છપાયું છે. મેળવીને વાંચવા વિનંતિ.

આગળ દીક્ષા–ચારિત્ર–વિરતિ–વ્રત-પચ્ચખાણનો ધર્મ કહી ભગવંતે અનન્તાત્માઓને તાર્યા છે. આ એક ઉત્તમ પધ્ધતિ છે.

આજે વર્તમાન યુગમાં વિકસતા વિજ્ઞાને પણ આ દિશામાં પગ આગળ મૂકીને "**Reincarnation Therapy**" (પુનર્જન્મીય ચિકિત્સા પધ્ધતિ)"ની શરૂઆત કરી છે. પરન્તુ કેટલા અંશે સફળતા મળે છે તેનો આધાર માનવીના જ્ઞાન ઉપર છે. તીર્થંકરો તો સર્વજ્ઞ, અનન્તજ્ઞાની કેવળી હતા. એટલે અસત્યનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. જ્યારે વર્તમાન યુગનો માનવી સંમોહન **Hypnotism**ની પદ્ધતિ ઉપર મદાર બાંધીને ચાલી રહ્યો છે. સંભવ છે કે, સફળતા મળે.

વર્તમાન યુગમાં પણ દિલ્હીમાં બનેલ શાંતિ દેવી તથા શકુન્તલા, નેકાટી વગેરેની પૂર્વજન્મીય જાતિસ્મૃતિની વાતો એક સત્ય હકીકત–ઘટના બની ચૂકી છે. જેની ખૂબ તપાસો થઇ ચૂકી છે. અને આજે ઘરે ઘરે જાજતી થઈ ગઈ છે. આપણા જ પૂર્વભવીય પાપકર્મો આ ભવમાં દરવાજા ખખડાવીને બોલાવીને જીવનમાં ઉદયમાં આવે છે. અને માનવીની જિન્દગી દુઃખી બનાવી મૂકે છે. પરન્તુ વર્તમાનકાળમાં કોઇ એવા મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની કે કેવળજ્ઞાની નથી. માટે કોઈ કોઇના પૂર્વજન્મો કે પુનર્જન્મો કહી નથી શકતા.

પરન્તુ એથી પૂર્વજન્મ કે પુનર્જન્મ જેવી કોઇ હકીકત છે જ નહીં એવું માનવામાં આપણી પાસે કોઈ પ્રબળ તર્ક-યુક્તિ કે કારણ નથી. માટે પૂર્વજન્મ પુનર્જન્માદિ શાસ્ત્ર સિદ્ધ

છે, કર્મસિદ્ધ છે. તથા જીવનમાં અનુભવસિદ્ધ છે. નથી દેખાતું માટે નિષેધ કરવો એ કોઇ પ્રબળ યુક્તિ કે તર્ક નથી. એવું તો જીવનમાં ઘણું નથી દેખાતું. પણ એથી શું ?

પાશ્ચાત્ય જગતમાં પુનર્જન્માદિની વાતોને આજે સમર્થન મળતું જાય છે. જ્યારે પૌર્વાત્ય ભારતીય ધર્મોમાં તો પહેલાંથી તેના મૂળમાં છે. જૈન ધર્મમાં તો અનાદિ કાળથી ગવાતી આવી છે. વીસમી સદીના માનવે **Telepathy** વિચાર સંક્રમણની પદ્ધતિથી પણ પુનર્જન્મ–પૂર્વજન્મોની વાતો વિચારવા માંડી છે. અતીન્દ્રિયમનની અચિન્ત્ય શક્તિથી જન્મોજન્મની માનવ જાતના ઇતિહાસની શોધ થઈ રહી છે. **Pera-psychology** પરામનોવિજ્ઞાનથી માનવમનની અચિન્ત્ય શક્તિને બહાર લાવીને સુષુપ્ત મનને જાગૃત કરીને તેના ભૂત–ભાવિનો ખ્યાલ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પૂર્વજન્મ–પુનર્જન્માદિની હકીકત તો છે જ. માત્ર આ પદ્ધતિઓથી તેનો અવિર્ભાવ કરી અનુભવમાં લાવવાનું છે.

વર્તમાનમાં આપણને પૂર્વજન્મોની સ્મૃતિ કેમ નથી થતી ? કારણ કે પૂર્વજન્મો જાણવા માટે જે જાતિસ્મરણ શક્તિ છે તે મતિજ્ઞાનનો ભેદ છે અને આપણું મતિજ્ઞાન મતિજ્ઞાનાવરણીય કર્મના પડળ (આવરણ)થી ઢંકાયેલું છે, દબાયેલું છે. તેથી મગજના સ્મૃતિ કોષો ઠંડા પડેલા છે અને તેના ઉપર ક્રોધ–માન–માયા–લોભ–રાગ–દ્વેષાદિનો આપણો સ્વભાવ જાતિસ્મૃતિ ઉપર ધૂળ નાંખતો જ જાય છે. રાગદ્વેષો આપણા જ્ઞાનગુણને પણ ઢાંકે છે. આવરે છે. માટે જ જૈન દર્શનમાં રાગ–

દ્વેષ-કર્મના આવરણનો નાશ (ક્ષય) કરવાની ક્રિયા (ધર્મ) ઉપર વધુ ભાર આપવામાં આવ્યો છે. "સવ્વપાવપ્પણાસણો" નો હેતુ આપવામાં આવ્યો છે. જે આપણે નવકાર મહામંત્રમાં સદાય નજર સમક્ષ રાખીએ છીએ.

Origin–ઓરિજિન નામનો વિદ્વાન, જે ઇસ્વીસનના આરંભ કાળમાં થયેલો તે કહે છે કે, જે જીવો દેહધારણ કરીને આ સંસાર (જન્મ)માં આવ્યા પછી જે પાપો કરે છે, તેના કારણે તેમના આગામી જન્મો બગડે છે. મૃત્યુ પછીનું જીવન દુઃખી થાય છે. કારણ કે જીવોની વર્તમાન તથા ભાવિ અવસ્થા પૂર્વજન્મીય કર્મોના કારણે છે. માટે આ જન્મના પાપના કારણે આગામી જન્મોમાં દુઃખ ભોગવવું પડે છે એ હકીકત સત્ય છે.

પાઇથાગોરસ જેવો ગ્રીક વિદ્વાન પણ આત્મા–પૂર્વજન્મ –પરલોકાદિના સિદ્ધાન્તોનો સમર્થક હતો. તેને પોતાના કેટલાક પૂર્વજન્મની વાતો યાદ હતી અને તે તેણે કરી પણ હતી એવું કહેવામાં આવે છે.

સાઇમેસિઅસ, નેમિસિઅસ અને હેલેરિઅમ જેવા રોમના પાદરીઓ પણ ખુલ્લી રીતે પુનર્જન્મના સિદ્ધાન્તને ભલે તે બાઇબલમાં ન હોવા છતાં માનતા હતા. રોમમાં જન્મેલા એક જોડકા તરીકેના બે બાળકોએ અમે પૂર્વજન્મમાં પતિ-પત્ની હતાં માટે અમે આજે અહીંયા આ જન્મમાં બન્ને જોડકા તરીકે સાથે જન્મ્યા છીએ અને પછી તો બધી જ પૂર્વજન્મની વાતો કરી એથી ભલભલા નાસ્તિકના છક્કા છૂટી જાય એવી વાત હતી.

આવા તો સેંકડો પ્રસંગો ઘટનાઓ આજે ઉપલબ્ધ થાય છે. વિદ્વાનો દ્વારા તપાસાયેલી અનેક ઘટનાઓ, હકીકતો આજે સત્યની જેમ બહાર આવવા માંડી છે. સેંકડો પુસ્તકો લખાવા માંડયાં છે. કેટલાય પ્રસિદ્ધ થઈ ચૂકેલાં છે. ભારતીય આર્ય પ્રજાને કોઈ આંચકો નથી આપતા. કારણ, અહીંની તો શ્રદ્ધામાં એ વણાયેલ છે.

માટે પૂર્વજન્મ જેવી હકીકત અવશ્ય છે અને પુનર્જન્મ ચોકકસ છે. એનાથી જન્મ પહેલાં આત્મા (**The life after Death**)ના સિધ્ધાન્તો સિધ્ધ થાય છે અને તેનાથી આત્માની અમરતા સિધ્ધ થાય છે અને આત્માનું ચૌદરાજલોકમાં ચાર ગતિમાં પરિભ્રમણ સિધ્ધ થાય છે અને આ પરિભ્રમણ જ્યાં કરે છે, જ્યાં જન્મે–મરે છે. તેના આધારે લોક–અલોક તથા પરલોક સિધ્ધ થાય છે. માટે આ સર્વ તત્વો માનીને આસ્તિક બનવું જ જીવનમાં વધુ હિતાવહ છે. આસ્તિક તરીકેની તત્વોની શ્રધ્ધા રાખીને જીવનમાં પાપથી બચવું એ જ કલ્યાણકારી શ્રેયસ્કર છે. સર્વાત્માઓ જન્મ–મરણનાઆ ચકકરમાંથી મુકત થઇને પરમધામમાં બિરાજે એ જ શુભેચ્છા....




卐 શ્રી આદિનાથસ્વામિને નમ : 卐

પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

ની પવિત્ર નિશ્રામાં

શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ-જામનગર

તરફથી યુવાનોના લાભાર્થે ચાતુર્માસિક ૧૬ રવિવારીય

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

આયોજિત કરવામાં આવી. અને તેમાં દર રવિવારે બપોરે ચાલતી

સચિત્ર ગણધરવાદ જાહેર વ્યાખ્યાનમાળા

ની પ્રસ્તુત ૧૪મા તથા ૧૫માં વ્યાખ્યાનોની સંયુકત પુસ્તક શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ તરફથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

ના ૧૪માં રવિવારે આસો વદ ૧૧ રવિવાર તા. ૨૧-૧૦-૧૯૮૪

ની ૧૪મા શિબિરમાં જિનવાણી શ્રવણાર્થે પધારેલા શિબિરાર્થીઓની

*** સાધર્મિક ભકિત ***

જૈન સમાજના ઉદ્ધાર દાનવીર સૌજન્ય મૂર્તિ જામનગર નિવાસી

શેઠ શ્રી પાટલીયા ઝવેરચંદ ખીમજીભાઇ હ. જેઠાભાઇ પાટલીયા પરિવાર તરફથી કરવામાં આવી છે.

૧૫મા રવિવાર વિ.સં ૨૦૪૧ કારતક સુદ ૧૧ રવિવાર

તા. ૪-૧૧-૧૯૮૪ના રોજ યોજાયેલ ચાલતી શિબિરની ૧૫મી શિબિર

શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

માં જૈન દર્શન સમજવા-શ્રવણાર્થે પધારેલા શિબિરાર્થી ભાઇઓની

– સાધર્મિક ભાકત –

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘની કાર્યવાહક સમિતિ તથા ચાતુર્માસ આરાધના સમિતિના સહયોગ તરફથી કરવામાં આવી છે.

શ્રીનેમિ-નદ્દ

પ.પૂ.મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશ્વ કલ્યાણ તપારાધક શાંતિમુવન સંઘ



અર્વાચિન-અપુર્વાચિક ઢબે પ્રવિચારીય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ

ફ્ર સચિત્ર જાહેર વ્યાખ્યા ૧ માળા ફ્ર

સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક • પ.પૂ.મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

વિષય : "મોક્ષસિદ્ધિ" [શું મોક્ષ છે કે નહીં ?]



૧૧મા ગણધર – શ્રી પ્રભાસસ્વામી

વિષય : **"મોક્ષસિદ્ધિ"**

શંકા– શું મોક્ષ છે કે નહીં ?

ते पव्वइए सोउं पहासो आगच्छइं जिणसयासं ।
वच्चामि ण वंदामिं वंदित्ता पज्जुवासामि ॥ १९७२

પરમ પૂજ્ય ચરમ તીર્થપતિ તરણ-તારણ પરમપિતા સર્વજ્ઞ પરમાત્મા શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીને નમસ્કારપૂર્વક... !

પ્રભાસસ્વામીનું આગમન

પોતાની પૂર્વે દશમા મેતાર્ય પંડિતે ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી, શંકાનું સમાધાન કર્યું. કૃતકૃત્ય થયા તે સાંભળીને અપાપાપુરીમાં સોમિલ વિપ્રના આમંત્રણથી યજ્ઞમાં પધારેલા ૧૧ દિગ્ગજ ધુરંધર વિદ્વાનોમાંના અગિયારમાં અને છેલ્લા દ્વિજોત્તમ વિદ્વાન પંડિત પ્રભાસ બલ કૌણ્ડિન્ય આવ્યા. રાજગૃહના બ્રાહ્મણ જ્ઞાતીય અને કૌણ્ડિન્ય ગોત્રીય બલપિતાના પુત્ર પ્રભાસ પંડિત ૧૬ વર્ષની તરુણ વયે જ ૩૦૦ શિષ્યોના ગુરુ અને વિદ્વાન હતા. પ્રભુ મહાવીર પાસે શંકાઓનું સમાધાન અને ચર્ચા કરવા પધારેલા ૧૧ પંડિતોની હારમાળામાં પ્રભાસ છેલ્લા, અગિયારમા છે. અગિયારે ગણધરોમાં સૌથી નાની ઉંમરના

આ એક જ છેલ્લા ગણધર છે. તેઓ પોતાની ૧૬ વર્ષની નાની ઉંમરે ૩૦૦ વિદ્વાન શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યા. મનમાં એવી ભાવના છે કે, હું પણ સર્વજ્ઞ ભગવંત પાસે જઈશ, પ્રભુને વંદન કરીશ, વંદન કરીને તેમની સેવા કરીશ એમ વિચારીને પ્રભાસ પંડિત પ્રભુના સમવસરણે આવ્યા.

પ્રભાસસ્વામીની શંકાનું પ્રગટીકરણ

આમટ્ઠો ય જિણેણં જાઇ-જરા-મરણ-વિપ્પમુક્કેણં ।
નામેણ ય ગોત્તેણ ય સવ્વણ્ણૂ સવ્વદરિસીણં ॥

પ્રભાસ સમવસરણે આવ્યા એટલે પરમ કૃપાળુ પરમાત્મા સર્વજ્ઞ-સર્વદર્શી જન્મ-જરા મરણથી મુકત જિનેશ્વર શ્રી મહાવીર સ્વામીએ અત્યંત મધુર-મીઠા આવકારપૂર્વક તેમના નામ અને ગોત્રથી સંબોધીને બોલાવ્યા, હે કૌણ્ડિન્ય ગોત્રીય પ્રભાસ ! ભલે પધાર્યા. આવો ભાઇ, આવો. ખુશીથી આવો. આવો મધુર અને મીઠો આવકાર મળતાં પ્રભાસનું મનડું નાચી ઊઠયું. તેઓ પ્રફુલ્લિત હૃદયે પ્રભુ પાસે પહોંચ્યા. વંદન -નમસ્કાર કર્યા. ત્યાં તો પ્રભાસના મનોગત ભાવોને જાણી અંતર્યામી સર્વજ્ઞ ભગવંતે તેના મનની ઈચ્છા પ્રમાણે શંકા પ્રગટ કરતાં કહ્યું-

કિં મન્ને નિવ્વાણં અત્થિ નત્થિત્તિ સંસઓ તુજ્ઝ ।
વેયપયાણ ય અત્થં ન યાણસી તેસિમો અત્થો ॥

હે સૌમ્ય પ્રભાસ ! તું એમ માને છે કે મોક્ષ (નિર્વાણ) છે કે નથી ? તને મોક્ષની વિદ્યમાનતામાં આવો સંશય છે. પરન્તુ આ સંશય તને પરસ્પર વિરુદ્ધ અર્થવાળાં વેદપદો

વાંચતાં– સાંભળવાથી થયેા છે. અને વેદપદોનેા સાચેા અર્થ ન સમજતાં આ શંકા તમારા મનમાં ઘર કરી ગઈ છે. વેદાધ્યયન કરતાં પ્રથમ એક વાત આવી અને તેનેા તમે અર્થ કર્યો તે પણ તમને બરાબર ન બેઠેા, અને તે પછી તેથી વિરુદ્ધ અર્થવાળી બીજી વાત આવી. તેનેા પણ અર્થ તમને બરાબર ન બેઠેા અને પૂર્વની વાત સાથે તમે બીજી વાત સરખાવી. કારણ, એક જ વિષય સંબંધી બન્ને વાત હેાવાથી તમે સરખાવી ખરી પરન્તુ તેનેા અર્થ તેનાથી પણ જુદેા–વિપરીત જ નીકળ્યેા અને પછી શંકાનું સ્વરૂપ તમારા મનમાં એવું દૃઢ થઈ ગયું કે, નિર્વાણ–મેાક્ષ જેવી કેાઇ વસ્તુ જગતમાં અસ્તિત્વ ધરાવતી નથી. દ્વિધામાંથી સંશયાત્મક સ્થિતિમાં લીધેલેા આ નિર્ણય, હે આયુષ્મન્! યેાગ્ય નથી. જે વેદપદેા વાંચતા–સાંભળતા અને અર્થ કરતાં હતાં તે આ પ્રમાણે છે. (પ્રથમ શંકાનું મૂળ કારણ તપાસી લઇએ) **"जरामर्यं वैतत् सर्वं यदग्निहोत्रम्" "सैषा गुहा दुरवगाहा" "द्वे ब्रह्मणी परमपरं च, तत्र परं सत्यं ज्ञानमनन्तरं ब्रह्म"** આ તે વેદવાકયેા છે, જેમાંથી તને સંશય ઊભેા થયેા છે. હે સૌમ્ય! અને તેનેા અર્થ વિચારતાં તને પરસ્પર વિરુદ્ધાર્થ લાગતાં તું દ્વિધામાં પડી ગયેા.

[શતપથ બ્રાહ્મણ (૧૨. ૪. ૧. ૧.)માં આવે પાઠ છે કે– **"एतद्वै जरामर्यं सत्वं यदग्निहोत्रं, जरया वा ह्येवास्मान् मुच्यते मृत्युना वा"॥**] **"जरामर्यं वैतत् सर्वं यदग्निहोत्रम्** આ વેદપદનેા અર્થ તું એમ વિચારે છે કે (यदग्निहोत्रं)

અગ્નિહોત્ર નામનો હોમ (जरामर्य) આખી જિંદગી સૂધી કરવો જોઇએ. યાવત્ જીવન પર્યન્ત કરવો જોઇએ. અગ્નિહોત્રની ક્રિયા તો પ્રાણીવધ-જીવહિંસાના હેતુભૂત છે. અગ્નિહોત્રની ક્રિયા કેટલાકને વધનું કારણ, અને કેટલાકને ઉપકારનું કારણ હોવાથી દોષમિશ્રિત છે. તેથી બન્ને પ્રકારની હોવાથી શુભા-શુભ પ્રકારની છે. તેથી અગ્નિહોત્ર કરવાથી સ્વર્ગ જ મળે છે. સ્વર્ગ એ અગ્નિહોત્રનું ફળ છે. માટે તો કહ્યું છે કે स्वर्गकामो अग्निहोत्रं जुहूयात" સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. આ અગ્નિહોત્રની હોમક્રિયામાં તો દોષ છે. તેથી સ્વર્ગ તો મળી શકે છે. પરન્તુ અપવર્ગ મોક્ષ નથી મળતો. મોક્ષપ્રાપ્તિનો ઉપાય વગેરે તો આમાં કંઈ નથી બતાવ્યો. અને પાછું ફક્ત સ્વર્ગનું ફળ આપનારી અગ્નિહોત્ર ક્રિયાને "जरामर्य" આખી જિંદગી સૂધી કરતા જ રહેવાનું કહ્યું છે. મૃત્યુ પર્યંન્ત આ એક જ ક્રિયા કરતા રહેવાનું કહ્યું તેથી મોક્ષ માટે તો કંઇ કથન જ નથી. તો પછી મારે કરવું શું ?

અગ્નિહોત્રથી તો મોક્ષ મળે તેમ નથી. અને અહીં તો મૃત્યુ સુધી માત્ર એક અગ્નિહોત્રની જ ક્રિયા કરવાનું કહેવામાં આવ્યું છે તો પછી મોક્ષ માટે તો ક્યારે કરવાનું ? અને શું કરવાનું ? અને અપવર્ગ મોક્ષ સંબધી જ્યારે કંઇ જ નથી કહ્યું તો તેનો અર્થ એમ લાગે છે કે, મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નહીં હોય. હશે જ નહીં. માટે જ નહીં કહ્યું હોય. આખી જિન્દગી-મૃત્યુ સૂધી અગ્નિહોત્ર

જ કરનારને એવો કયો કાળ–અવકાશ સમય બાકી રહ્યો કે જ્યારે તે મોક્ષના હેતુભૂત કોઈ ક્રિયા કરી શકે ? માટે મોક્ષના સાધનનો અભાવ હોવાથી સાધ્યનો પણ અભાવ માની લેવો જોઇએ. સાધન સાધ્યસાધક ન હોય તો સાધનના અભાવમાં સાધ્યનો અભાવ પણ માની લેવો જોઇએ. અહીંયાં મોક્ષ નામના સાધ્યના માટે કોઈ સાધન જ નથી.

અગ્નિહોત્ર તો સ્વર્ગ સાધ્યનું સાધન છે અને તે પણ આખી જિન્દગી સુધી કરવાનું છે. તો પછી મોક્ષ સાધ્યનું તો કોઇ સાધન જ નથી અને તે સાધન નથી તેનું કારણ એક એ પણ હોઈ શકે છે કે, આખી જિંદગી સુધી સ્વર્ગ પ્રાપ્તિ માટેની અગ્નિહોત્રની ક્રિયામાં જ સમય ગયો પછી બીજી કોઇ ક્રિયા માટે સમય જ ક્યાં રહ્યો ? માટે અગ્નિહોત્ર આખી જિન્દગી સુધી કરવાની આજ્ઞા કરી હોય એમ લાગે છે. જો મોક્ષ સાધ્ય હોત અને મોક્ષ પ્રાપ્તિનું કોઈ સાધન હોત અને તે પ્રાપ્ત થતું હોત તો અગ્નિહોત્ર 'जरामर्य'' મૃત્યુ પર્યન્ત, આખી જિંદગી સુધી શા માટે કરવાનું કહેત ? તો એમ કહેત કે અમુક વર્ષ સુધી અગ્નિહોત્ર કરો અને પછી અમુક વર્ષ સૂધી મોક્ષપ્રાપ્તિ માટે સાધના કરો. પરન્તુ તે કહ્યું નથી અને ફકત સ્વર્ગપ્રાપ્તિ માટે આખી જિન્દગી સુધી અગ્નિહોત્ર કરવાનું કહ્યું છે.

જે વિદ્યમાન છે અને જે પ્રાપ્ય છે, તેના માટે ક્રિયા કરવાની આજ્ઞા કરી. અને મોક્ષ વિદ્યમાન જ નથી, તેનું અસ્તિત્વ જ નથી માટે તેની પ્રાપ્તિ માટે કોઇ ક્રિયાની આજ્ઞા કરી લાગતી

નથી. અને જો કરી હોય તો અગ્નિહોત્ર આખી જિન્દગી સુધી કરવાનું શા માટે કહે?

બીજી બાજુ તને એમ પણ લાગે છે કે, મોક્ષ જેવું તત્ત્વ હોવું જોઇએ. કારણ કે તે માટે મોક્ષ–અપવર્ગ–નિર્વાણ વગેરે પદો છે. શબ્દો–પદો નિરર્થક તો નહીં હોય. આ વિચારને અનુરૂપ તને મોક્ષનું પ્રતિપાદન કરનારાં વેદપદો પણ દેખાયાં. તે આ પ્રમાણે છે–"सोषा गुहा दुरवगाहा." એનો અર્થ આ પ્રમાણે છે –"મુક્તિરૂપી ગુહા સંસારના અભિનંદી જીવોને દુઃખે પ્રવેશવા યોગ્ય છે. ગુહા અર્થાત મુક્તિ અભિપ્રેત છે. અને તે સંસારમાં રત મનુષ્યોને માટે દૂરવગાહ અર્થાત દુષ્પ્રવેશ્ય છે.

"द्वे ब्रह्मणी (वेदितव्ये), परं अपरं च तत्र परं सत्यं ज्ञानं, अनन्तरं ब्रह्मेति" તથા બે પ્રકારના બ્રહ્મ છે. એક પરબ્રહ્મ અને બીજું અપર બ્રહ્મ. તેમાં પરબ્રહ્મ એટલે સત્ય છે અર્થાત મોક્ષ છે. અને અપરબ્રહ્મ તે જ્ઞાન. પરબ્રહ્મનો અર્થ મોક્ષ છે. આ પ્રમાણે આ પદો પરસ્પર વિરુદ્ધ હોઈને મોક્ષની અસ્તિતા અને નાસ્તિતા સિદ્ધ કરે છે. મોક્ષનું સમર્થન કરનારાં આ વાક્યો મોક્ષનિર્વાણની સત્તા પ્રતિપાદન કરે છે. અને બીજી બાજુ પ્રથમ વાક્ય મોક્ષ નથી. એમ બતાવે છે. માટે આ બે પ્રકારનાં વાક્યોથી દ્વિધા નિર્માણ થઈ, તું શંકામાં પડયો અને દ્વિધામાંથી તને સંશય થયો કે શી વાત છે? મોક્ષ-નિર્વાણ જેવું કંઈ છે ખરું કે નહીં? પરન્તુ હે આયુષ્મન્! આ વેદપદોનો તું જે અર્થ કરે છે તે બરોબર નથી.

વેદપદોનો સાચો અર્થ તું ન જાણતો હોવાથી તારા મન પ્રમાણે તેં અર્થ કર્યો અને બીજી બાજુ મોક્ષના વિષયમાં તું એમ પણ માને છે કે—

નિર્વાણ વળી કેવું હોતું હશે ? કોઈ કહે છે કે, દીપકના નિર્વાણની જેમ જીવનો નાશ થઇ જાય છે તે જ નિર્વાણ કહેવાય છે. દીપકનું નિર્વાણ થઈ ગયા પછી અર્થાત ઓલવાઇ ગયા પછી દીપક કોઇ પૃથ્વી પર જતો નથી, આકાશમાં જતો નથી. કોઈ દિશા–વિદિશાઓમાં પણ જતો નથી. પરન્તુ દીપકમાં રહેલા ઘી કે તેલનો ક્ષય થવાથી તે કેવળ શાન્તિ પામે છે.[૧] તેમ નિવૃત્તિ નિર્વાણ (મોક્ષ) પામેલો જીવ પણ કોઈ અન્ય પૃથ્વી પર જતો નથી, આકાશમાં જતો નથી. દિશા–વિદિશાઓમાં જતો નથી. પરન્તુ ક્લેશનો ક્ષય થવાથી કેવળ શાન્તિ પામે છે.[૨] આ પ્રમાણે દીપકના (નિર્વાણ) નાશની જેમ જીવનો નાશ બૌદ્ધો માને છે, તેવા સ્વરૂપનો મોક્ષ હશે ? કે પછી રાગ, દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા, રોગાદિ સર્વ દુઃખોનો નાશ ક્ષય થવાથી કેવળજ્ઞાન – કેવળદર્શનરૂપ પરમાનંદમય જીવની વિશિષ્ટ વિદ્યમાન અવસ્થા તે મોક્ષ હશે ?[૩]

---

૧ 'दीपो यथा निर्वृतिमभ्युपेतो नैवावनिं गच्छति नान्तरिक्षम्। दिशं न काञ्चिद् विदिशं न काञ्चिद् स्नेहक्षयात् केवलमेति शांतिम् ।

૨ जीवस्तथा निवृत्तिमभ्युपेतो नैवावनिं गच्छति नान्तरिक्षम्। दिशं न काञ्चिद् विदिशं न काञ्चित् क्लेश क्षयात् केवलमेति शांतिम् ॥ सेान्दरनंद –१६–१८–१९

૩ केवल संविद्दर्शनरूपाः सर्वार्तिदुःखपरिमुक्ताः । मोदन्ते मुक्तिगता जीवाः क्षीणान्तरारिगणा. ॥

આ પ્રમાણે નિર્વાણ શબ્દના નિર્ણયના અભાવે અયોગ્ય અર્થ કરવાથી પણ તને મોક્ષ નથી એવો વિચાર આવ્યો છે. હજી એક વિચાર તારા મનમાં છે, જેના આધારે પણ તું એમ માને છે કે મોક્ષ નથી. તે આ પ્રમાણે છે કે, (તું એમ માને છે કે,) જેનો અનાદિ સંયોગ હોય, તેનો વિયોગ કદી પણ ન થાય. જેમ આકાશ અને જીવનો અનાદિ સંયોગ છે. માટે કદી પણ જીવ અને આકાશનો વિયોગ થતો નથી. એ જ પ્રમાણે જીવ અને સંસારનો સંયોગ અનાદિ છે. તો તે બન્નેનો વિયોગ કોઈ કાળે થવો સંભવ જ નથી. જે અનાદિ છે તેનો અન્ત ન સંભવે. માટે અહીં જીવનો સંસારની સાથે સંયોગ સંબંધ અનાદિ છે એથી તેનો વિયોગ જ સંભવ નથી. અને જીવ મોક્ષ તો સંસાર વિયોગ-જન્ય છે. તો એવો મોક્ષ કયાંથી હોય? માટે નિર્વાણની વાત જ કયાં રહી? એટલે મોક્ષ નથી.

એ જ પ્રમાણે જીવ-કર્મનો સંયોગ પણ અનાદિ છે. અને અનાદિ એવા આ સંયોગનો વિયોગ નહીં થાય અર્થાત જીવ કર્મ સદંતર છૂટા નહીં પડે. અનાદિ હોવાથી તો પછી મોક્ષ પણ ન સંભવે. કારણ, મોક્ષ તો જીવ કર્મના સદંતર વિયોગનું નામ છે. આ પ્રમાણે સંસાર તથા કર્મવિયોગના અભાવે મોક્ષનો પણ અભાવ સિધ્ધ થાય છે. હે સૌમ્ય પ્રભાસ! આવી તારી માન્યતા છે. અને તું અહીંયાં જ વિકલ્પોની જાળમાં ફસાઈ ગયો છે. અને તેથી દ્વિધામાં પડેલો હોવાના કારણે મોક્ષ-નિર્વાણ છે કે

નહીં તેવી શંકામાં પડયો છે. અને તું તે બાબતમાં કોઈ નિર્ણય કરી શકતો નથી. પરન્તુ હે સૌમ્ય પ્રભાસ ! તારી આ વિચારધારા અને માન્યતા સત્યથી વેગળી છે. તું જે માને છે તે ઉચિત નથી. અને વેદવાકયોના અર્થ પણ તું જે કરે છે તે પણ બરોબર નથી. માટે તે વેદપદોના સાચા અર્થ તથા તારી ખોટી વિચારધારાની ભ્રમણા દૂર કરવા હું સમજાવું છું તે આ પ્રમાણે છે, જેથી તારી શંકા દૂર થશે.

વેદપદો અને તેના સાચા અર્થ

वेयपयाण य अत्थं न सुट्ठु जाणासि ताण तं सुणसु ।

ભગવંતે ફરમાવ્યું, હે પ્રભાસ ! તું એ વેદપદોનો અર્થ સારી રીતે નથી જાણતો. તે તું સાંભળ.

પ્રભાસસ્વામીએ કહ્યું, હે પ્રભુ ! નિર્વાણ જેવી વસ્તુ (મોક્ષ)ને કેવી રીતે સિદ્ધ કરવી અને વેદવાકયોની અસંગતિ કેમ દૂર કરવી એ કૃપા કરીને આપ બતાવો.

વેદવાકયોનો સમન્વય કરતાં પ્રભુએ ફરમાવ્યું—

"न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः" । આ વેદવાકયમાં અર્થાત વેદોકત જે શ્રુતિ છે. હે પ્રભાસ ! જો મોક્ષનો અભાવ, મોક્ષાવસ્થામાં જીવનો સર્વથા નાશ, અને મુકતાવસ્થામાં સર્વથા સુખનો અભાવ એમ જો બધા અભાવો જ માનીશું તો આ વેદની શ્રુતિ અસંગત બની જાય છે. તે ખોટી ઠરે છે. કેમ કે આ શ્રુતિથી જીવ-કર્મના વિયોગરૂપ મોક્ષ, મોક્ષમાં

શુદ્ધ જીવની સત્તા અને મુકતાત્માને નિરૂપમ અનન્ત સુખની પ્રાપ્તિની વાત આ શ્રુતિમાં સ્પષ્ટ કરવામાં આવી છે. "मतिरपि न प्रज्ञायते" આ વાકયનો અર્થ કરીને મોક્ષાવસ્થામાં જીવનો સર્વથા અભાવ માની શકાય નહીં.

પ્રભાસ—હે ભગવંત ! "अशरीरं वा वसन्त" આ વાકયમાં "અશરીર" શબ્દ છે તેનો એવો અર્થ કરીએ કે, જ્યારે સર્વથા શરીર નષ્ટ થઈ જાય છે ત્યારે જીવ પણ નાશ જ થઈ જાય ને ? તે પણ કયાંથી રહેવાનો છે ? ગધેડાનાં શિંગડાંની જેમ અસત્ જ છે. વેદમાં કહ્યું છે કે, અશરીર=નષ્ટ એવા જીવને પ્રિય-અપ્રિય-અર્થાત્ સુખ-દુઃખ જેવું કંઈ રહેતું નથી. એટલે "मतिरपि न ज्ञायते" એ વાકયના આધારે જીવનો તથા સુખ-દુઃખનો મોક્ષમાં અભાવ છે, એમ માનવું જોઇએ. અને દીપકના ઓલવાઈ જવાની જેમ નિર્વાણ જેવો મોક્ષ અર્થાત્ જીવનો સદંતર નાશ એવો મોક્ષ વેદને અભિપ્રેત છે, એમ મને લાગે છે.

ભગવાન- હે આયુષ્મન્ ! તું એ વેદવાકયોનો યથાર્થ વાસ્તવિક અર્થ નથી કરતો માટે આ ગૂંચવાડો ઊભો થયો છે. વેદમાં "अशरीर" શબ્દ 'અધન' 'અઘટ' જેવો છે. અધન એટલે ધનનો અભાવ બતાવે છે, ઘટનો નિષેધ કરે છે. નિર્ધની માણસમાં ધનનો અભાવ આ શબ્દથી સિધ્ધ થાય છે. એ જ પ્રમાણે અહીંયા 'અશરીર' શબ્દથી શરીર નથી એવો અર્થ થાય છે. અર્થાત શરીર વિનાનો જીવ. જેમ ધન વગરનો માણસ છે, એમ શરીર વિનાનો આત્મા છે એ જ

અવસ્થા મોક્ષ. પણ તું જે ખરવિષાણુની જેમ સર્વથા સત્તાનો જ અભાવ માને છે એ અર્થ યોગ્ય નથી. અશરીર આ શબ્દ જીવનો અભાવ નથી સૂચવતો. પરન્તુ શરીરના અભાવે પણ જીવની સત્તા સૂચવે છે.

બીજું, એ પદમાં ન અવ્યય છે, તો નિષેધ અર્થમાં છે. 'હ' અને 'હૌ' અવ્યય પંચમી અર્થમાં છે. અને સશરીરસ્થ પદનો શરીરવાળા જીવને "પ્રિયાऽપ્રિયયોરપહતિરસ્તિ" એનો અર્થ સુખ-દુઃખનો નાશ અને આ સર્વનો સમુદિત અર્થ કરીએ તો જીવાત્મા શરીરવાળો હોવાથી તેને સુખ-દુઃખનો નાશ નથી. અર્થાત જ્યાં સુધી જીવ શરીરયુકત છે ત્યાં સુધી તે સુખ-દુઃખ રહિત કદાપિ થતો નથી. પરન્તુ શરીર રહિત મુકતાત્માને વેદનીય કર્માદિનો ક્ષય થવાથી સુખ-દુઃખ કયારેય સ્પર્શતાં નથી. માટે અશરીર એ શબ્દથી મુકતાવસ્થામાં શરીરનો અભાવ સૂચવ્યો છે. પરન્તુ જીવનો નહિ. જીવ છે, એવો વેદવાકયનો સ્પષ્ટ અભિપ્રાય છે. તું જે અશરીર શબ્દથી ખરવિષાણુવત જીવનો જ અભાવ માની રહ્યો છે, એ અર્થ સાવ ખોટો છે.

શરીર રહિતપણે મુકતાવસ્થામાં જીવનું અસ્તિત્વ લોકાન્તે હોય છે. ત્યાં મુકતાત્મા વિદ્યમાન છે.

નગ્-નિષેધ ચર્ચા

'અશરીર' શબ્દમાં 'અ' એ નગ્-નિષેધ પર્યુદાસ અર્થમાં છે. એટલે એનો અર્થ એવો થાય છે કે, "શરીર જેને નથી એવો કોઇ પદાર્થ". તો પછી આ અર્થ પ્રમાણે જીવ જ કેમ

પકડાય ? આવી પ્રભાસની શંકાના ઉત્તરમાં ભગવંતે ફરમાવ્યું, હે પ્રભાસ ! પર્યુદાસ નગ્ નિષેધ જ્યાં અભિપ્રેત હોય છે ત્યાં અત્યન્ત વિલક્ષણ નહીં પણ તત્સદૃશ એવો અન્ય પદાર્થ સમજવો જોઇએ.

વ્યાકરણના નિયમ પ્રમાણે "नञ- इवयुक्तं अन्य सदृशाधिकरणे लोके तथा ह्यर्थगति : " લોકમાં नञ् અને इव શબ્દનો જેની સાથે યોગ હોય એ શબ્દથી અન્ય એવો તેના જેવો અર્થ સમજાય છે. દા. ત., અબ્રાહ્મણ. આ શબ્દથી બ્રાહ્મણનો અભાવ, પણ ક્ષત્રિય--વૈશ્યાદિ લેવાય છે. એ જ પ્રમાણે, અહીંયાં પણ "अशरीर" શબ્દથી શરીરનો અભાવ અને જીવની વિદ્યમાનતા એ અર્થ જ યોગ્ય છે. 'सशरीरं' કહીએ તો શરીર યુકત સંસારી અવસ્થામાં જીવ અને 'अशरीर' કહેવાથી શરીર રહિત-શરીરના પણ અભાવમાં જીવના અસ્તિત્વની વિદ્યમાનતા વિચારવી અને એ અવસ્થાને મોક્ષ કહેવો એ જ યોગ્ય છે. અશરીરી એવો લોકાગ્રે વસતો જીવ એ જ મુકતાવસ્થા. અહીંયાં "अशरीरी" એ શબ્દ મોક્ષનો જ સૂચક છે.

'वावसन्त' પદનો અર્થ

વેદોકત શ્રુતિના આ વાકયમાં "वा वसन्त" શબ્દ છે. એનો અર્થ થાય છે. લોકાગ્રે રહેલ. આ વિશેષણવાચી શબ્દથી "अशरीर" શબ્દ વડે વાચ્ય એવા જીવનું જ કથન કર્યું છે. પરન્તુ અવિદ્યમાનની વાત નથી કરી. કેમ કે વસવું-રહેવું એ વિદ્યમાન પદાર્થનો ધર્મ છે. માટે જીવના નાશ

રૂપ મોક્ષ નહીં, પણ જીવની શુધ્ધ મુક્તાવસ્થાને જ મોક્ષ જાણવો.

તથા વા શબ્દથી માત્ર અશરીરી જીવ જ એ વેદનાથી મુક્ત છે એમ નહીં પરન્તુ સદેહી વીતરાગ, જેનો મોહ ઉપશાન્ત થયો હોય અથવા ક્ષય થયો હોય, એવા પરમ સમાધિસ્થ યોગીને પણ સુખ-દુઃખ સ્પર્શતા નથી. જીવનમુક્ત વીતરાગ જેમના ચાર ઘાતી કર્મો નષ્ટ થઈ ગયા છે અને વીતરાગ -સર્વજ્ઞ બન્યા છે તેમને પણ શરીર હોવા છતાં પણ ઈષ્ટ-અનિષ્ટ પ્રિય-અપ્રિય ન હોવાથી સુખ-દુઃખનો સ્પર્શ નથી થતો.

"अशरीरं वा वसन्तं" આ વેદવાક્યનો પદચ્છેદ જો "अशरीरं वाव सन्तम्" આ પ્રમાણે કરીએ તો એમાં 'वाव' એ 'वा' શબ્દના જ અર્થમાં નિયતસિધ્ધ છે. અને सन्तम् અર્થાત ભવન્તં એમ અર્થ કરીએ તો જીવ જ્યારે અશરીર બની જાય ત્યારે એને વીતરાગ એવા સશરીર જીવને પણ પ્રિય-અપ્રિયનો સુખ દુઃખનો સ્પર્શ થતો નથી.

અથવા આ જ વેદવાક્યનો પદચ્છેદ બીજી રીતે કરીએ તો - "अशरीरं वा अव सन्तम्" આ વાક્યમાં "अव" શબ્દ એ "अव्" ધાતુનું આજ્ઞાર્થક રૂપ છે. 'अव'નાં ધાતુના રક્ષણ-પ્રીતિ-અતિ-આદિ ઘણાં અર્થો થાય છે અને ગત્યર્થક ધાતુ જ્ઞાનાર્થક રીતે પણ વપરાય છે. 'अव' અર્થાત જાણો એવો અર્થ પણ થશે. હવે આખા વાક્યાંશનો એવો અર્થ થશે કે-અશરીર એવી મુક્તાવસ્થામાં - "अशरीर" અશરીર એવા "सन्त" - વિદ્યમાન જીવને અથવા "सन्तम्" જ્ઞાના-

દ્વિથી વિશિષ્ટ રૂપે વિદ્યમાન એવા જીવને પ્રિય-અપ્રિય-સુખ -દુઃખનો સ્પર્શ થતો નથી અને વીતરાગ એવા સશરીરીને પણ નથી થતો.

પ્રભાસ- "अशरीरं वा अवसन्तम्" એનો અર્થ- "અશરીરી જે કયાંય પણ વસતો નથી. અર્થાત જે સર્વથા છે જ નહીં, આ પદચ્છેદથી મુક્તાવસ્થામાં જીવનો સર્વથા નાશ થઇ જાય છે. એવો અર્થ પણ થઇ શકે છે.

ભગવાન- હે પ્રભાસ ! અશરીર શબ્દથી જીવની વિદ્યમાનતા સિધ્ધ છે. તો પછી અસંગત પદચ્છેદ કરીને આવા વિપરીત અર્થ કાઢવાનું ઉચિત નથી. અને વળી "प्रियाप्रिययोरपहतिरस्ति" આ શબ્દો પણ શ્રુતિમાં સાથે છે. અર્થાત "સુખ-દુઃખ સ્પર્શતાં નથી. "આ વાકયમાં સ્પર્શનારૂપ વિશેષણ છે. અને તે કયારે બને કે જ્યારે જીવને સત-વિદ્યમાન માનો તો જ ઘટી શકે. નહીં તો નહીં. જો જીવ વન્ધ્યાપુત્રની જેમ સર્વથા અસત-અવિદ્યમાન હોય તો સુખ-દુ.ખ અને સુખી-દુઃખી જે જગતમાં પ્રત્યક્ષ સિદ્ધ છે તે કોણ ? સુખ-દુઃખનો આશ્રય કોને માનીશું ? માટે હે પ્રભાસ ! "वा अवसन्त" એવો પ્રશ્લેષ કરીને વ્યાખ્યા કરવી એ અયોગ્ય છે. આથી કરીને જીવ તથા કાર્મણ શરીરના વિયોગરૂપ મોક્ષની અને મુકત જીવનની વિદ્યમાનતા (અસ્તિત્વ) સિધ્ધ થાય છે.

પ્રભાસ- મોક્ષાવસ્થામાં જીવનું અસ્તિત્વ તો વેદ પણ સ્વીકારે છે તે હું માની લઉં પરન્તુ તે જીવને પ્રિય-અપ્રિય-

સુખ–દુઃખ બન્નેનો સ્પર્શ નથી એમ જે વાક્યમાં કહ્યું છે તે કેવી રીતે ઘટે ? કારણ કે આપ તો એમ કહો છો કે, મુક્ત જીવને પરમ સુખ છે. આ વાતનો વેદની સાથે વિરોધ આવે છે. માટે મુક્ત જીવને સુખી કે દુઃખી માની ન શકાય.

ભગવંત –હે પ્રભાસ ! એ વાત તો સાચી છે કે– પુણ્યકૃત સુખ, અને પાપકૃત દુઃખ એ મોક્ષમાં નથી. વેદમાં જે પ્રિય –અપ્રિયનો નિષેધ કર્યો છે તે બરાબર છે અર્થાત મોક્ષના મુક્ત જીવને સાંસારિક વિષયભોગ જન્ય– સુખદુઃખ નથી. પુણ્ય–પાપજન્ય સુખદુઃખનો નિષેધ કર્યો છે, મુક્તાત્મા પૂર્ણજ્ઞાની છે, રાગ–દ્વેષ રહિત વીતરાગી છે. તેથી સાંસારિક સુખ–દુઃખો કોઈ અસર નથી કરવાનાં મુક્તાત્માનાં સર્વ પુણ્ય–પાપ ક્ષય પામેલાં છે, તેથી તેમને સાંસારિક સુખ–દુઃખ ન સ્પર્શે. પરંતુ એથી એવું પણ સિદ્ધ નથી થતું કે, મુક્તાત્મા સર્વથા સુખ છે જ નહિ, એમ નથી. મુક્તાત્મા સર્વજ્ઞ પૂર્ણજ્ઞાની વીતરાગી છે, નિરાબાધ છે. તેમને કર્મક્ષયજન્ય સ્વાભાવિક અને નિરૂપમ મોક્ષસુખ – પરમાનંદ હોય છે. માટે હે આસન્નકલ્યાણી પ્રભાસ ! "न ह वै शरीरस्य" ઇત્યાદિ વેદનાં પદોથી જીવ અને કાર્મણ શરીરના વિયોગરૂપ મોક્ષ, મોક્ષમાં જીવાત્માનું અસ્તિત્વ (વિદ્યમાનતા) અને પુણ્ય–પાપનો સર્વથા ક્ષય થઈ ગયો હોવાથી સાંસારિક સુખ-દુઃખનો અભાવ અને સ્વાભાવિક મુક્તાત્માને અપ્રતિપાતિ સુખ, એમ આ ત્રણે વાત સ્પષ્ટપણે સિદ્ધ થાય છે તે તું સ્વીકાર કર, અને 'जरामर्यं वैतत् सर्वं यदग्निहोत्रं' અર્થાત

મૃત્યુકાળ પર્યન્ત અગ્નિહોત્ર હોમ કરવો. આ વેદવાકયમાં મોક્ષ હેતુભૂત ક્રિયાનો આરંભકાળ બતાવ્યો નથી. માટે આ વેદવાકયને લઈને તું મોક્ષ સંબંધી જે શંકા કરે છે તે પણ ઉચિત નથી. છતાં પણ આ વાકયમાં 'વા' શબ્દનો "અપિ" એટલે 'પણ' અર્થ છે. તેથી તે પદનો અર્થ એવો છે કે, જીવન પર્યન્ત સર્વ કાળ સુધી પણ અગ્નિહોત્ર હોમ કરવો. અને વા શબ્દથી મોક્ષની ઈચ્છાવાળાએ મોક્ષહેતુભૂત અનુષ્ઠાન પણ કરવું અર્થાત્ મોક્ષની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવાની આવશ્યકતા નથી. કારણ કે તે સ્વર્ગ હેતુભૂત ક્રિયા છે. માટે મોક્ષાર્થીએ મોક્ષસાધક ક્રિયા કરવી. સ્વર્ગાર્થીએ અગ્નિહોત્ર કરવો, એમ વેદવાકયનો કહેવાનો આશય સ્પષ્ટ છે. માટે તું તેં સ્પષ્ટ આશયને સમજે અને 'વા'નો અર્થ બરોબર બેસાડે તો મોક્ષ સંબંધી કોઈ શંકા જ ન રહે. આ પ્રમાણે પ્રભુએ વેદોક્ત શ્રુતિનો બરોબર અર્થ કરી બતાવ્યો અને પ્રભાસનો ભ્રમ દૂર કર્યો. પ્રભાસને વેદ વાકયના અર્થ કરવાની પોતાની ભૂલ સમજાણી. હવે પ્રભાસની કેટલીક વ્યક્તિગત યુક્તિઓ તથા માન્યતાઓનો પણ વાસ્તવિક અર્થ પ્રભુ સમજાવે છે.

જીવ-કર્મના અનાદિ સંબંધોનો નાશ થઇ શકે ?

કર્મ પ્રવાહના આ સંસારમાં જીવ અનાદિ કાળથી છે. અને કાર્મણ વર્ગણાના પુદ્ગળ-પરમાણુઓ પણ અનાદિ કાળથી છે. જીવગત રાગ-દ્વેષની પરિણતિ પણ જીવની સાથે અનાદિની છે. ખાણમાંથી સર્વ પ્રથમ નીકળતું સોનું જેમ માટીની સાથે મિશ્રિત જ છે. સોનું પહેલાથી માટી મિશ્રિત જ કેમ નીકળે

છે ? એ જ પ્રમાણે, સંસારમાં જીવાત્મા મૂળભૂત અવસ્થામાં નિગોદમાં હતો ત્યારથી જ જીવ-કર્મ સાથે મિશ્રિત-બંધાયેલો જ હતો. નિગોદ એ જીવોની ખાણ છે. આપણે બધા નિગોદમાંથી આવ્યા છીએ. દરેક જીવનું પ્રથમ અસ્તિત્વ તો નિગોદમાં જ હતું. એક દિવસ કોઈ આત્માના સિધ્ધ થવાના મહાન ઉપકારથી નિગોદમાંથી બહાર નીકળીને ૮૪ના ચક્કરમાં ભટકતા-રખડતા-ફરતા આજે અહીં મનુષ્ય-ગતિમાં આવ્યા છીએ. પરન્તુ આજ દિવસ સુધી જીવની સાથે કર્મનો સંયોગ તો રહેલો જ છે. માટે તે અનાદિ છે. કનકપાષાણ અર્થાત્ સોના અને માટીનો અનાદિ સંયોગ છે. અહીંયાં પ્રભાસની માન્યતા એવી છે કે જે અનાદિ છે, તેનો અન્ત કદાપિ ન થાય. જીવ-કર્મનો સંયોગ અનાદિ છે તો હવે તેનો સદંતર વિયોગ તો ન જ સંભવે અને જીવ-કર્મનો સદંતર વિયોગ ન થાય તો મોક્ષ કયાંથી સંભવે ? આ પ્રમાણેની પ્રભાસની શંકાનું નિરસન કરતા ભગવાન ફરમાવે છે કે —

पडिवज्ज मणिओ इव वियोगमिह कम्म-जोवजोगस्स '
तमणाइणोऽवि कंचण धाऊण व णाण किरियाहिं ॥

જેમ સોના અને માટીનો અનાદિ સંયોગ હોવા છતાં પણ ધમણ-અગ્નિ આદિના પ્રયોગથી તે બંનેને છૂટા પાડીને વિયોગ કરી શકાય છે. અને અગ્નિમાં તપાવ્યા પછી સોનું-સોનું ઓગળીને એક થઇ જશે. અને માટી-માટી છૂટી પડી જશે. એ જ પ્રમાણે, હે પ્રભાસ ! જીવ અને કર્મ ભલે અનાદિ

કાળથી એક સાથે ભેગાં જોડાયેલાં છે, અનાદિ સંયોગ છે છતાં પણ કોઈ પ્રયત્ન વિશેષથી, પ્રયોગથી બંનેને છૂટાં પાડી શકાય છે. અને તે છે જ્ઞાન–ક્રિયા અર્થાત સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર (ક્રિયા). આની સાધનાથી જીવાત્માના પ્રદેશ ઉપરથી કર્મની બધી રજકણો ખરતી જશે. અને જીવ એક દિવસ આ અનાદિ સંયોગમાંથી છુટકારો મેળવી શકશે, મુક્ત થઈ શકશે. આ વિષયમાં આગળ મંડિકસ્વામીના વ્યાખ્યાનમાં "કર્મ બંધ–મોક્ષ સિદ્ધિ"માં ઘણું કહેવાયું છે, તે ખાસ જાણવું જરૂરી છે.

"नाणकिरियार्हि-मोक्खो" "ज्ञानक्रियाभ्यां मोक्षः"

શ્રી પવિત્ર જિનાગમનાંદે સૂત્રમાં આ સુત્ર આપીને કહ્યું છે કે જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ સાધ્ય છે. જ્ઞાન–સમ્યગ્ જ્ઞાનયોગની સાધના જે ઘણાં કર્મ ખપાવે છે. "જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કરે કર્મનો ક્ષય" કહ્યું છે. અર્થાત્ જ્ઞાની મહાત્મા શ્વાસોચ્છવાસ લેવા માત્ર કાળમાં પણ અદ્ભૂત કર્મ નિર્જરા કરી શકે છે. અને સાથે સાથે સમ્યગ્ ચારિત્ર (ક્રિયા) છે, જે પ્રથમ કર્મના આશ્રવનો નિરોધ એટલે સંવર કરી દે છે. અને પછી નિર્જરામાં કર્મક્ષય કરે છે.

દૃષ્ટાન્ત આપતાં એમ કહ્યું છે કે, જેમ એક આંધળો અને એક પાંગળો બંને જંગલમાં દાવાનળમાં ફસાઈ ગયા હોય અને ચારે બાજુ આગ લાગી હોય તો હવે બચવું કેવી રીતે ? ભાગવું કેવી રીતે ? આંધળો જોઈ ન શકે કે કઈ બાજુ ભાગવું અને પાંગળો જુએ છે તો પગ વિના ચાલી નથી શકતો, ભાગી નથી શકતો.

સરવાળે બન્ને મુશ્કેલીમાં મુકાઈ જાય છે. પરન્તુ બન્ને એક થઈ જાય. અને આંધળાના ખભા ઉપર પાંગળો બેસી જાય અને પાંગળો રસ્તો બતાવે અને આંધળો ચાલવાની ક્રિયા કરે તો બન્ને બચી જાય. અહીયાં પણ સમ્યગ્ જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે. અને સમ્યગ્ ચારિત્ર (ક્રિયા) વિનાનું જ્ઞાન પાંગળું છે. પરન્તુ બન્ને ભેગા થઇ જાય તો જ્ઞાન+ક્રિયાભ્યાં =મોક્ષઃ જ્ઞાન અને ક્રિયા વડે જીવ મોક્ષ સાધી શકે છે. માટે અનાદિ બંધનો નાશ થઇ શકે છે. આ પ્રમાણે જ્ઞાન–ક્રિયાથી જીવ–કર્મના અનાદિ બંધનો ક્ષય કરીને જીવને મુક્ત કરી શકે છે.

પર્યાયનાશે દ્રવ્યનાશ નથી થતો–

ભગવાન–હે પ્રભાસ ! તું જે પર્યાયના નાશથી દ્રવ્યનો પણ નાશ માની લે છે તે અર્થાત સ્વર્ગીય દેવ, મનુષ્ય, પશુ–પક્ષીરૂપ તિર્યંચ અને નારકી આ ચાર જીવની પર્યાય છે. આ પર્યાય નાશ થઇ જાય અર્થાત દેવ–મનુષ્ય મરી જાય તો જીવાત્મા પણ નષ્ટ થઇ જાય છે. કારણ કે તે જીવ મૃત્યુ પછી દેખાતો નથી. માટે આ તારી માન્યતા ખોટી છે.

વીંટીને ઓગાળીને બંગડી બનાવી. તેમાં વીંટી–પર્યાયનો નાશ થતાંની સાથે શું સુવર્ણ દ્રવ્યનો પણ નાશ થઈ જાય છે? ના. આ તો પ્રત્યક્ષ સિધ્ધ વાત સ્પષ્ટ છે. વીંટી પસંદ ન આવતાં બંગડી બનાવવા જતાં જો સોનું જ નષ્ટ થઈ જતું હોય અને વીંટી પર્યાયના નાશ પછી જો કંઈ પણ ન રહેતું હોત તો તે વીંટી ઓગાળી બંગડી બનાવત જ નહીં? પણ ના.... બનાવે

છે, માટે સર્વસાધારણ મનુષ્યને પણ આટલું પ્રત્યક્ષ જ્ઞાન સ્પષ્ટ છે. અને માટે જ સંસારમાં રોજ એક જ સુવર્ણદ્રવ્યની સેંકડો પર્યાયો, આકૃતિઓ, આભૂષણો લોકો બનાવે છે. વાપરે છે. એ જ પ્રમાણે જીવાત્મા પણ એક મૂળદ્રવ્ય છે, અને સ્વર્ગીય દેવ–મનુષ્ય–પશુ–પક્ષી–તિર્યંચ તથા નારક એ સર્વ જીવની પર્યાય છે. અને તે પણ બદલાય છે. પરિવર્તનશીલ છે.

એક પર્યાયનો નાશ અને બીજી પર્યાયની ઉત્પત્તિ થાય છે, મનુષ્ય પર્યાય નષ્ટ થઈને મૃત્યુ પછી પશુ–પક્ષી આદિની બીજી પર્યાય જીવ ધારણ કરે છે, એમ કરતાં કરતાં આજ સૂધી જીવાત્માએ અનન્ત પર્યાયો બદલાવી છે. અનન્ત જન્મ –મરણ કર્યા છે છતાં પણ એ અનન્ત પર્યાયોમાં અનુગત રહેલ જીવ એ જ છે. માટે પર્યાયના નાશ સાથે દ્રવ્યનો નાશ થઇ જાય છે, એવી માન્યતા ખોટી છે. હે પ્રભાસ ! તું જે માને છે કે, જીવની સંસાર પર્યાયનો નાશ થઈ જવાથી ઉત્પન્ન મુક્તાવસ્થામાં જીવદ્રવ્યનો પણ નાશ થઈ જાય છે. દીપકના નિર્વાણની જેમ અર્થાત દીપક ઓલવાઈ ગયા પછી ક્યાં ગયો ? શું કોઈ દિશામાં ગયો ? શું લોપ થઈ ગયો ? શું થયું ? એમ સંસારનો નાશ થયા પછી જીવનો પણ દીપકની જેમ નાશ થઈ જાય છે. આ પક્ષ યુક્તિયુક્ત સિદ્ધ નથી થતો. પર્યાય માત્ર ઉત્પાદ–વિનાશશીલ છે. પરન્તુ દ્રવ્ય– મૂલસ્વભાવી નિત્ય છે. અને નિત્ય એ છે કે, જેનો નાશ નથી થતો, અવિનાશી– શાશ્વત છે. એ જ પ્રમાણે, જીવાત્મા નિત્ય–શાશ્વત તથા અવિનાશી સિધ્ધ થાય છે.

અને મૃત્યુ પછી, સંસારપર્યાયના અન્ત પછી જીવની સત્તા (અસ્તિત્વ) માનશો તો જ મોક્ષ સિધ્ધ થશે. અન્યથા દીપનિર્વાણના સિધ્ધાન્તવાળા બૌદ્ધોની જેમ જીવનો જ અભાવ જો મોક્ષ માનીએ તો કોઈ પણ વસ્તુના અભાવને મોક્ષ કહેવો પડશે. અભાવ એ કંઈ જ નથી. તો પછી અભાવને પણ કંઈક છે એમ કહેવો–અભાવને મોક્ષ કહેવો એ તો અભાવને પણ ભાવ બનાવવા જેવું સિધ્ધ થશે. માટે અભાવને મોક્ષ માનવો જો ઉચિત નથી. સંસારના અન્ત તથા મૃત્યુ પછી નિર્વાણ પછી જીવાત્મા નિત્ય રહે છે. તો જ મોક્ષનું અસ્તિત્વ સિધ્ધ થશે. જીવ વિના મોક્ષ કોનો ? માટે જીવાત્માનો જ મોક્ષ એ જ સત્ય પક્ષ છે. જીવના નારક–મનુષ્યાદિ પર્યાયનો નાશ થાય છે, અને મુક્તિપર્યાય ઉત્પન્ન થાય છે. છતાં પણ આત્મદ્રવ્ય કાયમ, નિત્ય રહે છે.

કર્મનાશે સંસારનાશ

कम्मक्खो संसारो तन्नासे तस्स जुज्जई नासो ।
जीवत्तमकम्मकयं तन्नासे तस्स को नासो ? ॥

પ્રભાસનો પ્રશ્ન એવો છે કે– હે ભગવાન ! કર્મના નાશથી જેમ સંસારનો નાશ થઇ જાય છે તેમ જીવનો પણ નાશ થઇ જવો જોઇએ. કેમકે કર્મ કોની સાથે બંધાયેલાં છે ? કર્મ કોના થકી છે ? તે પણ છે તો જીવના થકી જ ને ? માટે કર્મનો સદંતર નાશ–ક્ષય થઇ જાય છે. તેમ કર્મનાશે જીવનો પણ નાશ થઈ જાય છે પછી મોક્ષ કયાં રહ્યો ? નથી. માટે મોક્ષનો અભાવ જ માની લેવો વધુ સારું છે.

ભગવાન—હે પ્રભાસ ! એક વાત તો તમારી સાવ સાચી છે કે સંસાર એ કર્મના કારણે બનેલો છે. માટે કારણનાશે કાર્યનાશ. કર્મનો નાશ થવાથી સંસારનો નાશ થાય છે. એ તો યોગ્ય છે. પરન્તુ જીવાત્મા તો કર્મનો બનેલો નથી. કર્મે જીવને નથી બનાવ્યો, પણ જીવે કર્મ બનાવ્યાં છે. કર્મ જ્યારે જીવનું કારણ નથી તો પછી કર્મના નાશથી જીવનો નાશ કયા આધારે માનો છો ? શા માટે માનવો ? કારણ-નાશે કાર્યનાશ. એ નિયમ સાચો પરન્તુ અહીંયાં તો કર્મ એ સંસારનું કારણ ખરું પણ કર્મ એ જીવનું કારણ નથી. માટે કર્મના નાશથી જીવનો નાશ માનવો બિલકુલ યોગ્ય નથી. કર્મના અભાવથી જીવનો અભાવ નથી થતો. કર્મના નાશ પછી જીવાત્મા તો રહે જ છે. માટે મોક્ષ જીવાત્માનો છે. કર્મનો મોક્ષ નથી. કર્મ થકી, કર્મ સંબંધના વિયોગથી, સંયોગના નાશથી મોક્ષ છે. માટે મોક્ષ યોક્કસ છે અને તે કર્મના સદંતર નાશથી સિધ્ધ છે.


પૂ. વાચકવર્યજી ઉમાસ્વાતિ ભગવંતે તત્વાર્થમાં આ વાત જણાવતાં કહ્યું કે– " कृत्स्नकर्मक्षयो–मोक्षः "– कृत्स्न –શબ્દનો અર્થ થાય છે સંપૂર્ણ, સર્વ. આ પ્રમાણે આ સૂત્રનો અર્થ થયો સંપૂર્ણ. સર્વ કર્મનો સર્વથા ક્ષય થવો તેનું નામ મોક્ષ.

મૂળમાં આત્મા સંસારી અવસ્થામાં તો કર્મ સંયુકત હતો. જેમ સોનું ખાણમાંથી જ પ્રથમાવસ્થામાં જ માટીની સાથે મિશ્રિત હતું, તેમ આત્મા પણ સંસારી અવસ્થામાં


નિગોદમાંથી જ કર્મ સંયુકત, કર્મમિશ્રિત-કર્મબધ્ધ હતો. એક નહીં આઠે કર્મોથી એ બંધાયેલો હતો.

"क्षीर-नीरवत् जीव-कर्मसंयोगः अनादिः" આત્મા

આત્માના આઠ ગુણો અને તેના આવરક
—: આઠ કર્મો :—



અને કર્મનો સંયોગ સંબંધ દૂધ-પાણીના જેવો અનાદિ કાળથી છે. દૂધ અને પાણી બંને એક-બીજામાં મળીને એવા એકરસ થઈ ચૂકયાં છે કે હવે જોતાં આપણે ભેદ નથી કરી શકતા કે આ દૂધ છે અને આ પાણી છે. જેમ,



લોખંડનો એક ગોળો ભઠ્ઠીમાં તપાવ્યો હોય ત્યારે લોખંડના ગોળામાં એક સોય પણ પ્રવેશ ન કરી શકે.કારણ તેમાં છિદ્ર નથી. સૂચિ પ્રવેશ માટે છિદ્ર નથી. પરંતુ તે જ લોખંડના ગોળામાં અગ્નિ પ્રવેશ કરી શકે છે, અને પછી તો તે પ્રવેશેલો અગ્નિ લોખંડના ગોળાને પણ પોતાના જેવો લાલચોળ બનાવી લે છે. હવે ગોળો કાળો નથી દેખાતો. અગ્નિના વર્ણવાળો લાલચોળ દેખાય છે. ઠીક એ જ પ્રમાણે, એક આત્મા જે અસંખ્ય પ્રદેશી છે તે કાર્મણ વર્ગણાની રજકણોથી ભરેલો કાળો શ્યામ દેખાય છે ત્યાં સુધી સંસારી અવસ્થા છે. કર્મજન્ય અવસ્થા છે, સંસાર કર્મથી બને છે અને કર્મ સંસારમાં બંધાય છે.

અનાદિ કાળથી અનન્તાભવો જીવે કર્યા. અનન્ત પુદ્ગલ પરાવર્તકાળ જેટલો કાળ વિતાવ્યો. પરંતુ હજી સુધી એક દિવસ પણ આત્મા કર્મરહિત થયો નહતો. પ્રવાહની પરંપરાથી કર્મો લાગેલાં જ હતાં. કેટલાંક કર્મો નવાં આવતાં હતાં.... તો બીજી બાજુ કેટલાંક જૂનાં કર્મો ખપતાં પણ હતાં. કર્મો એના સમયે ઉદયમાં આવતાં અને ખપી જતાં, ક્ષય

જતાં અને પાછાં બીજાં નવાં કર્મો બાંધવાનો ક્રમ તો સતત ચાલુ જ રહ્યો. માણસ જેમ રોજ ભોજન કરે છે, પેટ ભરે છે અને પાછો મળ વિસર્જન ક્રિયામાં કાઢી પણ નાંખે છે. ફરીથી ભોજન–ફરીથી મળ વિસર્જન....આ પ્રમાણે આ ક્રિયા સતત એકધારી ચાલી રહી છે, અવિરત ચાલી રહી છે. તો પછી સર્વથા સર્વ કર્મનો ક્ષય તો ન થયો. પ્રવાહની પરંપરાથી પણ કર્મ સતત ચાલુ રહે તો સર્વથા ક્ષય ન થયો કહેવાય. કર્મક્ષય માટે નિર્જરા પ્રારંભ કરવી જોઇએ.

શું નિર્જરા એ જ મોક્ષ છે ?

ના. જો નિર્જરાને જ મોક્ષ ગણીએ તો પછી મોક્ષ તત્ત્વ જુદું સ્વતંત્ર કેમ કહ્યું? એમાંથી એકને નિરર્થક માનવું પડે. કોને નિરર્થક માનો ? નિર્જરાને અથવા મોક્ષને ? ના.... એકેયને નહીં. કારણ, બંને તત્ત્વો સદંતર જુદાં છે. નિર્જરા તો જીવનમાં રોજ થાય છે. પરંતુ મોક્ષ તો જ્યારે થશે ત્યારે એક જ વાર થશે. નિર્જરાના મુખ્ય બે પ્રકાર પણ પડી શકે છે : (૧) એક તો આંશિક નિર્જરા. રોજેરોજ થતી થોડી થોડી નિર્જરા તે આંશિક નિર્જરા કહેવાય. અને, (૨) બીજી છે સંપૂર્ણ નિર્જરા. અર્થાત્ સદંતર સર્વથા સર્વ કર્મોની નિર્જરા થઇ જાય અને આત્મા ઉપર કાર્મણ વર્ગણાનો એક પરમાણુ સુધ્ધાં પણ ન રહે તે છે સંપૂર્ણ અથવા સર્વ નિર્જરા. આ સર્વ નિર્જરા પછી જે આત્મા સર્વ કર્મરહિત દેહરહિત અવસ્થા પામે છે તે જ મોક્ષ. આ પ્રમાણે નિર્જરા એ મોક્ષ નથી. પરંતુ નિર્જરા વડે (થકી) મોક્ષ મળે

છે. એટલે સાધ્ય એવા મોક્ષની પ્રાપ્તિ માટે નિર્જરા એ સાધન છે. માટે જ નવતત્ત્વમાં બંને તત્ત્વ સ્વતંત્ર ભિન્ન-ભિન્ન કહ્યાં છે. કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ – એમાં પણ 'કૃત્સ્ન" શબ્દ સંપૂર્ણ સર્વ અર્થમાં વપરાયેલ છે. સર્વ કર્મનો સંપૂર્ણ ક્ષય તે મોક્ષ.

નવકાર મહામંત્રમાં "સવ્વપાવપ્પણાસણો" પણ એ જ અર્થ સૂચવે છે. અહીં 'સવ્વ' શબ્દ 'કૃત્સ્ન"ના જેવો તે જ અર્થમાં વપરાયો છે. સવ્વ–એ અર્ધમાગધી–પ્રાકૃતનો છે. અને તેનો જ સંસ્કૃતમાં 'સર્વ" બન્યો છે. સર્વ પાપ કર્માનો નાશ થી જ મોક્ષ પ્રનાશ (પ્રણાશ પણાસણો) અર્થાત પ્રકૃષ્ટેન નાશ થવો તે પ્રણાશ. અર્થાત સર્વ અશુભ પાપ કર્મોનો પ્રકૃષ્ટ પણે સંપૂર્ણતઃ સર્વથા નાશ થવો તેને જ મોક્ષ કહ્યો છે. મોક્ષ થયા પછી તે આત્મા મુકતાત્મા, સિધ્ધાત્મા કહેવાય છે.

અનાદિ કર્મસંયોગનો નાશ

દરેક કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ નિશ્ચિત કાળમર્યાદાવાળો જ છે. દા. ત., મોહનીયકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૭૦ કોડાકોડી સાગરોપમ વર્ષ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને વેદનીય. આ ચારે કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૦ કોડાકોડી સાગરોપમનો છે, અને નામ–ગોત્રનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષનો છે.

હવે આ પ્રમાણે આટલાં વર્ષોનો તે તે કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે તો પછી આત્માનો કર્મની સાથે અનાદિ સંયોગ કેવી રીતે ઘટે ? એક આત્મા કોઇ પણ કર્મ બાંધે તો વધુમાં વધુ તેની કેટલી કાળસ્થિતિ રહે ? તો તેના ઉત્તરમાં ૭૦,

૩૦ કે ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષનો કાળ કહ્યો છે. તો આ ૭૦, ૩૦ કે ૨૦ કોડાકોડી સાગરોપમ એટલે અનાદિ નથી થઈ જતો. તો પછી જીવકર્મ સંયોગ અનાદિ કેવી રીતે સિધ્ધ થશે ? ત્યારે ગીતાર્થ જ્ઞાની ભગવંત કહે છે, આ ઉત્કૃષ્ટ કાળસ્થિતિ તો ફકત એક વાર બાંધેલા કર્મની છે. અને આંખના એક પલકારે થતા અસંખ્ય સમયોમાંના દર સમયે જીવ સાત-સાત કર્મ બાંધે છે. આયુષ્ય બાંધે તો આઠ કર્મ બાંધે. જો કે દર સમયે બંધાતાં કર્મોની આટલી ઉત્કૃષ્ટ સ્થિતિ નથી બંધાતી. સામાન્ય સ્થિતિના જ બાંધીએ છીએ પરન્તુ તીવ્ર અધ્યવસાયમાં ઉત્કૃષ્ટ સ્થિતિનાં કર્મો બાંધી શકે છે.

આ પ્રમાણે કર્મો રોજ બાંધીએ છીએ. રોજે રોજનું કર્મ ભિન્ન-ભિન્ન સ્વતંત્ર છે. જેમ એક પ્રવાહબધ્ધ વહેતી નદીનું પાણી દરેક ગામે-ગામે જુદું જુદું ઓળખાય છે. ગામના નામ પ્રમાણે વગેરે ઘણાં નામોથી ઓળખાય છે. પરન્તુ મૂળમાં જોઈએ તો પ્રવાહથી પાણી એક જ છે. એ જ ગંગા જે સમુદ્રમાં ડૂબી રહી છે તે પાણી અને એ જ ગંગા જે માનસરોવરથી નીકળી રહી છે તે પ્રવાહથી એક જ કહેવાય છે. એમ એક કર્મ આજે બાંધ્યું, એક ગઈ કાલે, એક એનાથી પણ પહેલાં. એક કર્મ ગત જન્મમાં, હજી એનાથી પણ પહેલાંના જન્મમાં.... એનાથી પણ પહેલાંના જન્મમાં.... એમ આત્માના સંસારમાં જન્મો કેટલા ? અનન્તા. તો અનન્ત જન્મોમાં જીવે કર્મો કેટલાં બાંધ્યાં ? અનન્તા. આ અનન્તમાં પ્રથમ બંધ કયો ? અને કયારે બંધાયો ? એ શોધવું સંભવ નથી. કારણ, નિગોદ

અવસ્થામાં જ અનન્તા જન્મ, મરણ થયાં છે. અને નિગોદમાંથી બહાર નીકળ્યા પછી આ ચાર ગતિની ઘટમાળમાં પરિભ્રમણ કરતાં કરતાં પણ અનન્ત જન્મમરણ વીતી ગયાં છે. હવે તે બધામાં કર્મબંધની પરંપરાનો વિસ્તાર કરીએ તો તેનો છેડો કયાં મળે ? ન મળી શકે. માટે જીવની સાથે કર્મનો સંયોગ સંબંધ અનાદિ છે. પરન્તુ આજે આપણા આત્મા ઉપર એક પણ કર્મ અનાદિ કાળનું નથી રહ્યું. કારણ કે કેટલાંય કર્મો બંધાતાં ગયાં અને કેટલાંય કર્મો ક્ષય પણ થતાં ગયાં તેનો કોઈ હિસાબ આપણે રાખ્યો નથી. કારણ, તે તે કર્મની સ્થિતિ પૂરી થયા પછી તો તે ક્ષય થઈ જ જવાનો છે.

આ પ્રમાણે કર્મ પરંપરાના વિસ્તારથી અનાદિ છે. પરન્તુ તે જ કર્મ વ્યક્તિગત સ્વતંત્ર એક એક હોવાથી અનાદિ નથી પણ. માટે કર્મનો ક્ષય નાશ નિર્જરા વડે થતો જ જાય છે. અને પાછાં બીજાં કર્મો નવાં બંધાતાં પણ જાય છે. એટલે આત્મા આજ દિવસ સુધી સદંતર કર્મથી મુક્ત થઈ શકયો નથી. કૂવા ઉપર ફરતો પાણીનો ઘડો ભરાઇને ઉપર આવે અને ઉપર ખાલી થઈને પાછો નીચે જઇને ભરાય છે, અને પાછો ઉપર આવીને ખાલી થાય છે. આ ક્રમ સદાય ચાલુ જ રહે છે. એવું જ અહીંયાં આત્મા અને કર્મનું છે. જૂનાં કર્મો ક્ષય થતાં જાય છે અને નવાં કર્મો બંધાતાં જાય છે. અને જૂનાં હજી પૂરાં ક્ષય ન પણ થયાં હોય છતાં નવાં કર્મો તો બંધાતાં જ જાય છે. કારણ કે જીવની મન-વચન-કાયાની પ્રવૃત્તિ તો સતત ચાલુ છે. એ પ્રવૃત્તિ નથી અટકતી માટે કર્મનો બંધ કયાંથી અટકે ? આ

પ્રમાણે જીવાત્મા સાથે કર્મનો સંબંધ કર્મપરંપરાથી અનાદિ સિદ્ધ થાય છે. પરન્તુ જે અનાદિ હોય તેનો વિયોગ ન થાય એવો આ સંબંધ નથી. જેમ કર્મબંધનો સંબંધ અનાદિ છે. એ જ નિર્જરા પણ અનાદિ છે. તે પણ સદાકાળથી થતી આવી છે. આ આંશિક નિર્જરા છે, સંપૂર્ણ નિર્જરા નથી. આવી આંશિક નિર્જરા તો રોજ પ્રતિદિન થાય છે. પરન્તુ પાછા બીજા કર્મનો નવાં કર્મોનો બંધ પણ થાય છે. આ પ્રમાણે નિર્જરા પછી બંધ અને બંધ પછી પાછી નિર્જરા. આ ક્રમ તો સતત અનાદિ કાળથી ચાલુ જ છે. કદાચ અહીંયાં મનમાં એવી શંકા થશે કે જો નિર્જરા પછી બંધ અને બંધ પછી નિર્જરા સતત ચાલુ જ છે તો પછી મોક્ષ ક્યાંથી થશે ? તો મોક્ષ થઈ જ ન શકે ?

ના. એમ પણ નથી. અનેક પેઢીઓથી ચાલતો આવતો આપણો વંશવારસો જે છે, તેમાં હવે પછી એક યુવાન દીક્ષા લઈ લે. લગ્ન ન કરે. એટલે એનો સંસાર એની પેઢીનો વંશવારસો આગળ અટકાવી દે. એમ આત્મા એક વાર કર્મોને આવતાં જ અટકાવી દે. આશ્રવ માર્ગનો જ નિરોધ કરી દે અર્થાત સંવર કરે પછી સતત પ્રબલ નિર્જરા કરે તો બધાં કર્મોનો નાશ થઈ શકે છે. જેમ બારી-બારણાં બંધ કરીને ઝાડુ કાઢવા પછી પાણીથી જમીન ધોઇને સાફ કરી તો બિલકુલ શુદ્ધ ચોખ્ખી થઈ જાય. એ જ રીતે આત્માએ પણ બહારથી આવતાં કર્મોને સર્વથા અટકાવી દેવાં જોઈએ. અને સંવરની ક્રિયા કર્યા પછી સખત નિર્જરા કરવામાં આવે તો ઘણું

કર્મોનો નાશ થઈ જાય અને એ જ રીતે, એ જ ગતિએ ઝડપથી આગળ વધીએ તો એક દિવસ એવો આવે કે આત્મા સદંતર સર્વથા કર્મરહિત થઈ જાય. બસ, તેનું જ નામ મોક્ષ. માટે જ કહ્યું છે કે –"कर्ममुक्ति किल मुक्तिरेव"– કર્મથી છુટકારો એ જ ખરેખર મોક્ષ છે.

જીવ અને કર્મનો સંયોગ છે. જ્યાં સંયોગ છે. ત્યાં જ વિયોગ પણ થાય છે. સંયોગ પછી વિયોગ, વિયોગ પછી સંયોગ. આ તો જગતનો ક્રમ છે. આંશિક નિર્જરામાં જીવ કર્મનો થોડો વિયોગ થાય છે. પરન્તુ એવી ક્રિયા–પ્રવૃત્તિ આદિથી ફરીથી કર્મનો સંયોગ થઇ પણ જાય છે. પરન્તુ જીવાત્માનો કર્મપુદ્ગલની સાથેનો સંયોગ સર્વથા નષ્ટ પણ થઈ શકે છે. અર્થાત વિયોગ થઈ શકે છે. તો જીવ કર્મના સદંતર–સંપૂર્ણ વિયોગને જ મોક્ષ કહીએ છીએ. તો પછી મોક્ષને કૃતક માનવાની જરૂર શી છે ? જીવે કર્મક્ષય કર્યો. જે કર્મો સ્વગુણ નથી. કર્મો આત્માના ગુણ તરીકે તો છે જ નહીં. ગુણોના આચ્છાદક આવરક છે. બહારથી આવેલ રજકણ જેવા છે તો જે બહારથી પર પદાર્થ મારામાં આવેલ છે તેને બહાર કાઢવા જ જોઇએ. તેનાથી છુટકારો મેળવવો જ પડે. તો જ મુક્તિ મળે. આ જીવે કર્મ દૂર કર્યાં એમાં મોક્ષ થયો. એમાં મોક્ષને કૃતક કર્યાથી કહેવાય ? ન જ કહેવાય. દા. ત., આકાશ અને ઘડાનો સંયોગ સંબધ છે. એમાં ઘડો ફૂટી જાય તો આકાશને શું નફો કે નુકસાન ? ઘડાનો નાશ થવા છતાં આકાશ તો સ્વયં

તેવો ને તેવો જ છે. એજ પ્રમાણે. જીવાત્મા ઉપરથી જેનો સંયોગ હતો એવાં કર્મો નીકળી ગયાં તેનું નામ મોક્ષ છે. તો બહારથી આવીને લાગેલાં કર્મો જીવાત્મા ઉપરથી નીકળી ગયાં. ક્ષય પામ્યાં તેમાં જીવને તો કોઈ નુકસાન નથી. લાભ જ છે. જે ગુણો આચ્છાદિત થયા હતા તે પ્રગટ થયા એટલું જ, કઈ ગુણો વધી નથી થયા. જે હતા તેનો જ પ્રાદુર્ભાવ થયો છે. કર્મ-ક્ષયથી જીવાત્મા પોતે પોતાના શુધ્ધ સ્વરૂપને પામે છે.

જો આત્માને આકાશની સાથે સરખાવીએ તો પછી આત્માને આકાશની જેમ વ્યાપક માનવો જોઈએ. તો સર્વવ્યાપી આત્મા થઈ જશે. પરન્તુ ના. આત્માની વ્યાપકતા અનુમાન પ્રમાણથી બાધિત છે. તેથી જીવાત્માને વ્યાપક માની શકાય નહિ. દેહમાં જ આત્માના ગુણો ઉપલબ્ધ થતા હોવાથી આત્મા દેહાકાર જ માનવો જોઈએ. કારણ, દેહથી બહાર આત્માનો કોઇ ગુણ તથા સુખ-દુઃખનો અનુભવ દેહની બહાર કોઇ પણ આકાશ પ્રદેશમાં નથી થતો. માટે દેહની બહાર સર્વ આકાશમાં વ્યાપક આત્માને માની ન શકાય. કારણ, એવો નિયમ છે કે, જેનો ગુણ જ્યાં હોય છે ત્યાં જ તેનું દ્રવ્ય પણ હોય છે. જો ગુણ ન હોય તો દ્રવ્ય પણ નથી રહેતું. એ પ્રમાણે જો મુકતાત્માનો વિચાર કરીએ તો મુકતાત્મા સિધ્ધશિલા ઉપર આકાશ પ્રમાણ વ્યાપક વિસ્તારવાળો નથી. કારણ કે મોક્ષમાં આવવા પહેલાં જીવે અન્તમાં જે શરીર છોડયું છે તેના $\frac{2}{3}$ ભાગ પ્રમાણનો જ આકાર, એટલો જ આકાશ પ્રદેશ એ આત્મા સ્પર્શ કરે છે. એટલી જ જગ્યા રોકે છે માટે મુકતાત્મા પણ અનન્તાકાશની જેમ સર્વવ્યાપી નથી.

જીવ છે તો મોક્ષ છે કે મોક્ષ છે તો જીવ છે ?

કોના આધારે કોણ ? કોના થકી કોણ ? આ વિચાર કરીએ છીએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, જીવાત્મા જો ન હોય તો મોક્ષ કોનો થાત ? સૂર્ય ન ઊગ્યો હોત તો દિવસ કયાંથી થાત ? મોક્ષ તો ફળસ્વરૂપ છે. એ જીવાત્માની ચરમાવસ્થા છે, અને મોક્ષ કોનો થાય છે ? જીવનો કે અજીવનો કે બીજા કોઇનો ? જે બંધાયેલો છે એનો જ છુટકારો (મોક્ષ) થાય છે. કર્મ થકી સર્વથા છૂટવું તેનું નામ છે મોક્ષ. તો બંધાયેલો કોણ હતો ? જીવ. કર્મથી બંધાયેલો જીવાત્મા જ હતો. એ જ કર્મો છૂટી જવાથી મોક્ષ પણ જીવાત્માનો જ થવાનો છે.

માટે જ "कर्ममुक्ति किल मुक्तिरेव" અર્થાત કર્મથી છુટકારો એ જ મુક્તિ છે, મોક્ષ છે, હવે કર્મ તો ઘણાં છે તો કેટલાં કર્મથી મુક્તિ (છુટકારો) એ મુક્તિ કહેવાય ? તો આના ઉત્તર માટે સ્પષ્ટ શબ્દ વાપર્યો છે– "कृत्स्न कर्म क्षयो मोक्षः" તત્ત્વાર્થના આ સૂત્રમાં પૂજ્ય વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજે ખાસ "कृत्स्न" શબ્દ વાપર્યો છે. "कृत्स्न" એટલે સર્વ સંપૂર્ણ. આ જ અર્થને નવકાર મહામંત્રનું સાતમું પદ "સવ્વપાવપ્પણાસણો"માંનો "સવ્વ" શબ્દ સૂચવે છે. "સવ્વ" એટલે સર્વ, સંપૂર્ણ–कृत्स्नः અર્થાત સર્વ પાપકર્મનો નાશ થવાથી જ મોક્ષ મળે છે. કર્મમાત્ર અશુભ જ છે. માટે તેનો નાશ, તેનાથી છુટકારો અને તે પણ સદંતર, સર્વથા સર્વ કર્મોનો સંપૂર્ણપણે નાશ–છુટકારો તેનું જ નામ મોક્ષ છે.

આ પ્રમાણે મોક્ષ એ જીવાત્માની એક ચરમ અવસ્થા વિશેષ છે. એટલે મોક્ષને માનવા માટે આત્માને માનવો જરૂરી છે. પહેલાનાં વ્યાખ્યાનોમાં જે આત્મા વિષે ચર્ચાઓ કરી છે, ત્યાંથી આત્મવિષયક સાચું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું. આત્માની સાબિતીના પુરાવાઓ પ્રમાણોથી આપેલા છે, તે સમજી લેવા. પછી આત્માના સ્વરૂપ વિષે અર્થાત આત્મા કેવો છે તે વિષે પણ વિચાર કર્યો છે. તેનો પણ અભ્યાસ કરવો. તો જ છેલ્લે મોક્ષ સમજાશે. આત્માની ઉત્પાદ-વ્યયની અવસ્થા સંસારમાં છે. અને આત્માની ધ્રુવાવસ્થા જે આત્મસ્વરૂપે છે તે મોક્ષ છે. માટે મોક્ષમાં આત્મા સ્વસ્વરૂપે સદાય ધ્રુવ-નિત્ય છે. કર્મયુક્ત અશુધ્ધ આત્માને સંસારી આત્મા કહીએ છીએ અને એ જ આત્મા સંપૂર્ણ શુધ્ધ બની જાય ત્યારે સંપૂર્ણ શુધ્ધ કર્મરહિત આત્માને જ મુક્તાત્મા, સિધ્ધાત્મા (મોક્ષ) કહીએ છીએ. માટે આત્મા માનવામાં આવે તો જ મોક્ષ પણ માનવામાં આવશે. અન્યથા નહીં.

જે જે ધર્મ કે દર્શન આત્મા નથી માનતા તે તે ધર્મ કે દર્શન મોક્ષ પણ નથી માનતા. દા. ત, ખ્રિસ્તા ધર્મ, ઈસ્લામ ધર્મમાં આત્મા જેવી કોઇ વસ્તુની માન્યતા જ નથી. માટે મોક્ષની ત્યાં કોઈ વાત જ નથી એટલે ચાર્વાક-બૌધ્ધ તથા ખ્રિસ્તી, ઈસ્લામાદિ અનાત્મવાદી દર્શનો છે. માટે મોક્ષ એ આત્મવાદી દર્શનોનું સ્વીકૃત તત્ત્વ છે. આ પ્રમાણે આત્મા તત્ત્વ માનો તો મોક્ષ તત્ત્વ પણ માનવું જ પડે અને જો મોક્ષ તત્ત્વ માનીએ તો આત્મા પણ માનવો જ પડે. એમાં બીજો

વિકલ્પ ત નથી. એ માટે આર્હત દર્શન–જૈન ધર્મ આત્મવાદી અને મોક્ષાનુલક્ષી ધર્મ તથા દર્શન છે. માટે જ કર્મક્ષયની પ્રવૃત્તિને જ ધર્મ માનીને સતત કર્મક્ષય (નિર્જરા)ની જ ધર્મારાધના કરવામાં ઉદ્યમવંત છે. જે તત્ત્વ સિધ્ધાન્તમાં છે, એ જ તત્ત્વ અને સિધ્ધાન્ત આચરણમાં છે. જીવન વ્યવહારમાં જીવંત છે.

બંધ અને મોક્ષ: બંધ અને મોક્ષ બન્ને તત્ત્વો આત્મસાપેક્ષિક છે. આત્મસંબંધી છે. એક જ સિક્કાની બે બાજુ જેવી આ વાત છે. જો સંસારમાં કર્મનો બંધ માનીએ છીએ તો એક દિવસ તેનો જ મોક્ષ અર્થાત તે જ કર્મોનો સર્વથા છુટકારો પણ માનવો જ જોઈએ.

જીવ જે હાનાદિ કરે છે. અથવા અહિંસા આદિ જે અશુભ પ્રવૃત્તિ કરે છે, તે બન્ને પ્રકારની પ્રવૃત્તિમાં પુણ્ય–પાપ, શુભ –અશુભ બન્ને પ્રકારના કર્મથી જીવ બંધાય છે. જેમ કપડાં ઉપર ધૂળ–રજકણ ચોટે અને શુધ્ધ–સ્વચ્છ કપડું મેલું દેખાય છે તેમ, આત્મા ઉપર કર્મરજ ચોટવાથી આત્મા મલિન, અશુધ્ધ અને છે. જીવાત્માના પોતાના રાગ–દ્વેષના અધ્યવસાય વિશેષના કારણે જ બહારથી કર્મયોગ્ય કાર્મણવર્ગણાના રજકણો ખેંચાઈને આત્મપ્રદેશમાં આવે છે. અને દૂધ-પાણીની જેમ ભેગા થઈને, બંધાઈને, એકરસ થઈને નિયતકાળ સુધી રહે છે. અને પ્રયત્ન વિશેષે બંધનો વિચ્છેદ થાય છે, જેમ પુરુષાર્થ પ્રયત્નવિશેષથી દૂધ–પાણીને છૂટાં પાડી શકાય છે, અગ્નિમાં તપાવીને માટી દુર કરીને સુવર્ણને શુધ્ધ બનાવી શકાય છે.

તેમ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિની સાધના દ્વારા આત્માને પણ શુદ્ધ બનાવી શકાય છે. જેમ સાબુથી મેલ દૂર કરીને કપડાને શુધ્ધ બનાવી શકાય છે, એ જ પ્રમાણે આત્મા ઉપર પણ કર્મનાં રજકણોનો મેલ ચોટી ગયો છે. તે આ કર્મમેલથી મલિન થયેલો આત્મા અનન્તાં વર્ષોથી અશુધ્ધ કહેવાય છે. હવે એવા પ્રકારની આત્મધર્મની સાધના કરવી જોઈએ કે જેનાથી આત્મા ઉપરનો આ કર્મનો મેલ છૂટો પડે, ધોવાઈ જાય અને આત્મા શુધ્ધ બને. માટે જે આત્મગુણો કર્મની રજ નીચે ઢંકાઇ ગયા છે તેનો જ પ્રાદુર્ભાવ કરવા માટે તે જ ગુણોનું વ્યવહારમાં આચરણ કરવું, જેથી કર્મનો ક્ષય થાય અને આત્મગુણો પ્રગટ થાય. તે પ્રક્રિયાને જ ધર્મ કહેવામાં આવે છે. ધર્મ જ આત્મા અને કર્મના બંધનને છૂટાં પાડવા સમર્થ છે. એ સિવાય બીજો વિકલ્પ નથી. આ નિર્જરા ધર્મ છે. અને જે વખતે સર્વથા સર્વ કર્મોનો સંપૂર્ણપણે નાશ થઈ જશે ત્યારે મોક્ષ કહેવાશે.

વિકાર નહિ જણાતો હોવાથી, આત્મા આકાશની જેમ અવિનાશી ધર્મવાળો છે. જે વિનાશ ધર્મવાળો છે તે ઘટ-પટના અવયવની જેમ વિકારવાળા હોય છે. માટે મુક્તાત્મા અવિકારી હોવાથી નિત્ય છે. અને તે આત્મા નિત્ય હોવાથી મોક્ષ પણ નિત્ય છે.

જેવી રીતે સુવર્ણ અને માટીનો પ્રથમથી જ અનાદિ સંયોગ હોવા છતાં પ્રયોગ વિશેષથી બન્નેનો વિયોગ થાય છે, છૂટા પડે છે તેમ જીવ-કર્મનો અનાદિ સંયોગ હોવા

છતાં તપાદિ ધર્મ વડે નિર્જરા દ્વારા બન્નેનો સંપૂર્ણ વિયોગ પણ થાય છે. અને સંપૂર્ણ વિયોગાવસ્થામાં જીવ મુક્ત કહેવાય છે. સર્વથા કર્મપુદ્ગલનું આત્મપ્રદેશથી ખરી જવું, છૂટા થવું તે રૂપ વિનાશ એ જ જીવનો મોક્ષ છે.

શું દીપ નિર્વાણની જેમ મોક્ષ છે ?

न य सव्वहा विणासोऽणलस्स परिणामओ पयस्सेव ।
कुंभस्स कवालाणं व तहाविगारोवलंभाओ ॥

પ્રભાસ–જો વસ્તુ સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય ન હોય તો બૌધ્ધોએ એમ શા માટે માન્યું કે દીપનિર્વાણની જેમ જીવનો પણ મોક્ષમાં નાશ થઈ જાય છે ?

ભગવાન – પ્રભાસના આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવંતે ફરમાવ્યું– હે સૌમ્ય ! દીપકની જ્વાલા (અગ્નિ)નો પણ સર્વથા નાશ નથી થતો. દીપક પણ પ્રકાશ પરિણામને છોડીને અંધકાર પરિણામને પામે છે. જેવી રીતે દૂધ દહીંરૂપે પરિણમે છે ત્યારે શું દૂધનો સર્વથા નાશ થયો ? ના. દૂધનું રૂપાન્તર થયું. અને જેમ ઘડો ફૂટી જતાં ઠીકરાં રૂપે તે પરિણમે છે, પરન્તુ ઘડાનો સર્વથા નાશ નથી. આ તો પર્યાય પરિવર્તન થયું ગણાયો. એ જ પ્રમાણે, દીપકની જેમ જીવનો પણ સર્વથા નાશ માની શકાય નહીં.

પ્રભાસ–જો દીપકનો સર્વથા નાશ નથી થતો તો દીપક બુઝાઈ ગયા પછી તેનો પ્રત્યક્ષ કેમ નથી થતો ?

ભગવાન–હે પ્રભાસ ! બુઝાઈ ગયા પછી દીપક અંધકાર પરિણામને પામે છે. દૂધમાંથી દહીંની જેમ પ્રકાશમાંથી

અંધકાર પર્યાયમાં રૂપાન્તર થઈ ગયેા માનવેા જોઈએ અને અંધકાર પણ પુદ્ગલ સ્વરૂપે છે. તે પણ આંખ વડે પ્રત્યક્ષ થાય છે. અંધકાર નથી દેખાતો એમ તેા ન જ કહેવાય. કારણ કે આ રૂમમાં તેા સાવ અંધારું છે. આ બાજુ તેા ઘણું અંધારું છેઃ આ કેવી રીતે કહ્યું ? જોઈને કે ન જોતાં ? આંખ વડે જોઈને જ કહ્યું છે. મતલબ કે, આંખ વડે અંધારું પણ આપણે જોઈએ છીએ એ વાત સાચી છે. અને અંધકાર એ પણ પુદ્ગલ સ્વરૂપે છે. માટે તેનેા પણ શ્યામ વર્ણ છે. વર્ણાદિયુકત પુદ્ગલ હેાય છે. માટે તે વર્ણ વડે ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. તમ અને તેજ બન્ને પુદ્ગલ વિકાર રૂપે છે. માટે બન્નેમાં પર્યાય પરિવર્તન થતું જ રહે છે. બન્ને ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. ઘડેા ફૂટીને ઠીકરાં-રૂપે થાય છે. અને ઠીકરાં ધૂળરૂપે પરિણમે છે. આ રીતે જોતાં



એમ લાગે છે કે. બધા વિકારેા પણ પ્રત્યક્ષ પ્રમાણથી સિધ્ધ થાય છે. એટલે દીપકની જેમ જીવનેા પણ સર્વથા નાશ માની શકાય નહિ.

પ્રભાસ–હવે પ્રશ્ન એ છે કે જો દીપનેા સર્વથા નાશ ન થતેા હેાય તેા પછી ઓલવાઈ ગયા પછી હવે કેમ પ્રત્યક્ષ સાક્ષાત્ નથી દેખાતેા.

ભગવાન–હે સૌમ્ય ! જેમ આકાશમાં એકઠા થયેલા શ્યામ વાદળાંનેા પુદ્ગલ વિકાર દેખાય છે, પરન્તુ તે જ વીખરાઈને આછા–પાતળા થઈને છૂટા પડી ગયા પછી નથી દેખાતા. સૂક્ષ્મ પરિણામ થયા પછી નથી દેખાતા. બીજો એક દાખલેા

લઈએ. આંખમાં આંજવાનું અંજન કે સૂરમો હથીમાં હોય ત્યારે દેખાય છે. પરન્તુ તે જ જો હવામાં વીખરાઈ ગયો હોય તો પછી સૂક્ષ્મપણાના કારણે હવે હોવા છતાં પણ ન દેખાય. પરન્તુ નથી દેખાતો એટલે અવિદ્યમાન છે એમ તો ન જ કહેવાય. એ જ પ્રમાણે દીપક હોલવાઈ ગયા પછી નથી જણાતો. પણ તેનો અંધકારરૂપ પુદ્ગલ વિકાર જણાય છે. દીપકની જવાલા (અગ્નિ) ના પુદ્ગલોનું અત્યન્ત સૂક્ષ્મતર પરિણામ થવાથી અંધકારરૂપ પરિણામ થાય છે. પરન્તુ સર્વથા દીપકનો અભાવ નથી થતો. આ પ્રમણે પુદ્ગલનો પરિણામ-વિકાર-વિચિત્રરૂપે થાય છે.

પુદ્ગલોનો પરિણમન સ્વભાવ-

બીજા દૃષ્ટાન્તથી જોઈએ તો હજી વધુ સ્પષ્ટ થશે. સુવર્ણ પત્ર, મીઠું, સૂંઠ, હરિતકી (હરડે), ચિત્રક અને ગોળ-સાકર આદિના પુદ્ગલસ્કંધો પહેલાં તો ચક્ષુ આદિ ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ દેખાય છે. પરન્તુ પછી દ્રવ્ય-કાળ-ભાવ આદિના કારણે એવા પરિવર્તનને પામે છે કે તે તે ઇન્દ્રિયથી નહીં પણ કોઇ બીજી જ ઇન્દ્રિયથી ગ્રહણ થઈ શકે છે. અથવા સુક્ષ્મતમ થઈ જતા ઇન્દ્રિયો વડે નથી પણ ગ્રહણ થતા.

હરડે, મીઠું, સૂંઠ, ચિત્રક, ગોળ-સાકર આદિ જે પ્રથમ પ્રત્યક્ષ દેખાતાં હતાં તેને જ દાળમાં કે સૂપમાં નાખ્યા પછી તેમાં ઓગળી જાય છે. જે પહેલાં આંખે દેખાતાં હતાં તે હવે આંખે ન દેખાતાં બીજી રસનેન્દ્રિય જીભ વડે ગ્રાહ્ય બને છે. કસ્તૂરી-કપૂર અત્તર આદિની સુગંધવાળુ વડે બધે પ્રસરે

છે. ત્યાર પહેલાં જે કસ્તૂરી–કપૂર આદિ પદાર્થ નજરે દેખાતા હતા તેના જ પુદ્ગલો દૂર હવામાં આંખે નહીં દેખાય. પરન્તુ ઘ્રાણેન્દ્રિય નાકથી ગ્રહણ થશે. આ પ્રમાણે પુદ્ગલ પદાર્થોમાં પર્યાય પરિવર્તન થતું હોય છે. દીપકનો અગ્નિ જે પહેલાં જ્યોતરૂપે આંખે દેખાતો હતો, તે હવે દીપકના ઓલવાઈ ગયા પછી તેની ગંધ આવે છે. હવે તે ગંધ ઘ્રાણેન્દ્રિય (નાક)થી ગ્રહણ થશે, અંધકારરૂપે પરિણમી જતાં ચક્ષુ ગ્રાહ્ય બને છે.

આ પ્રમાણે દીપ નિર્વાણ (ઓલવાઈ જવું) પછી પણ પુદ્ગલ વિકારરૂપે પર્યાય પરિવર્તનથી દીપનું અસ્તિત્વ રહે છે. પરન્તુ સર્વથા અભાવ સિધ્ધ થતો નથી. તે જ પ્રમાણે દીપ નિર્વાણથી જેમ આત્માના નિર્વાણ પછી આત્મદ્રવ્યની પર્યાય મુક્તાત્મા, સિધ્ધાત્મારૂપે પરિણમી જાય છે. પરન્તુ આત્માનો સર્વથા અભાવ નથી થતો. આત્માનો સર્વથા અભાવ થઈ જાય છે એમ માનનારા બૌદ્ધો નિર્વાણ પછી આત્માનું અસ્તિત્વ જ નથી સ્વીકારતા અને તે નૈરાત્મ્યવાદી બની ગયા છે. તે અયુક્ત છે. નિર્વાણ પછી આત્મા દ્રવ્યરૂપે ધ્રુવ–નિત્ય રહે છે. માત્ર પર્યાય પરિવર્તન થયું છે. જેમ દીપ નિર્વાણ પછી પરિણામાન્તરને પામે છે. પરન્તુ સર્વથા નષ્ટ નથી થતો. તે જ પ્રમાણે, આત્મા પણ જ્યારે પરિનિર્વાણને પામે છે. ત્યારે સર્વથા નષ્ટ નથી થઈ જતો. પરન્તુ તે અવ્યાબાધ–આત્યંતિક સુખરૂપ પરિણામાન્તરને પામે છે. સર્વથા દુઃખના નાશની સ્થિતિની અવસ્થા વિશેષને પામે છે.

વિષયભોગ વિના મુક્તાત્માને સુખ ક્યાંથી હોય?

પ્રભાસ સ્વામીએ એવો પ્રશ્ન કર્યો કે–હે ભગવંત! સુખ તો વિષયભોગ વડે થાય છે. વિષયભોગો પણ ઇન્દ્રિયો વડે થાય છે. ઇન્દ્રિયો શરીરની સાથે સંલગ્ન છે. અને મન પણ હોય તો પાંચે ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયોનો સુખરૂપે અનુભવ થઈ શકે. પરન્તુ તે સર્વ ઇન્દ્રિયો શરીર, મન, વિષયો અને તેના ભોગ વિના મુક્તાત્માને સુખ ક્યાંથી સંભવે....? અને તે પણ અનંત સુખ ક્યાંથી સંભવે....?

વાત એ છે કે, અહીંયાં સંસારમાં જે રીતે જીવોએ મન, ઇન્દ્રિય અને શરીર વડે જે વિષયોનાં સુખો અનુભવ્યાં છે તેનાથી પર તેનાથી વધારે બીજા સુખની તો કલ્પના જ કરી નથી શકતો. જંગલના આદિવાસી ભીલને જો ચક્રવર્તીના મહેલમાં ષટરસ ભોજનના મિષ્ટાન્નાદિ ખવરાવ્યાં હોય અને પછી તેને ફરી જંગલમાં મૂકી આવ્યા હોઈએ, પછી તેનાં સગાંસંબંધીઓ આગળ તે ખાધેલા પદાર્થોના સુખની વાત કરે તો અનુભૂત સુખનું શું વર્ણન કરે? કયા શબ્દોમાં વર્ણન કરવું? એટલે અહીંયાં સંસારમાં ૮૪ લાખ જીવ યોનિઓમાં સતત જન્મ–મરણ ધારણ કરતો પરિભ્રમણ કરતો જીવ અનાદિ–અનન્ત કાળથી એક દિવસ પણ શરીર અને ઇન્દ્રિયો વિનાનો થયો નથી. નાના–મોટા દરેક જન્મમાં ઇન્દ્રિયો, શરીર અને મનાદિ વડે જ સુખોને ભોગવ્યાં છે. માટે હવે જીવ તેમાં જ ટેવાઈ ગયો છે. તેથી ભિન્ન ઇન્દ્રિયાદિથી ભિન્ન એવા સુખની તે કલ્પના જ નથી કરી શકતો. આ એક મોટી તકલીફ છે. એ જ

કારણે મોક્ષમાં પણ જીવ શરીર, ઇન્દ્રિયો અને મનના જ વિષયભોગોજન્ય સુખની કલ્પના કરે છે. તે સિવાયનું તે કંઇ જ કલ્પી નથી શકતો. સર્વત્ર માનવીને માત્ર સાંસારિક, વૈષયિક, ભૌતિક, પૌદ્ગલિક સુખની જ કલ્પના થાય છે. પરન્તુ તદતિરિક્ત, તદ્ભિન્નની નથી થતી.

મોક્ષમાં શું મળશે, મહાત્માજી ?

એક યુવાને મહાત્મા બુદ્ધને રાજગૃહી નગરીની બહાર ઝાડ નીચે ધ્યાન કરતા જોયા. એટલે પૂછયું, મહાત્માજી ! તમે શું કરો છો ?

મહાત્માજી– ભાઈ ! મોક્ષ સંબંધી ધ્યાન કરું છું.

યુવાન – મહાત્માજી ! એ મોક્ષ શું છે ? કેવો છે ?

મહાત્માજી– અરે ! જ્યાં દુઃખનું નામ પણ નથી, જ્યાં ખૂબ સુખ જ સુખ–અનન્ત સુખ છે તે મોક્ષ.

યુવાન – તો તો મહાત્માજી, તમે મોક્ષે જવાના હશો ?

મહાત્માજી– હા, જવાનો છું.

યુવાન – તો મહાત્માજી ! અમને પણ સાથે લેતા જશો ?

મહાત્માજી– જરૂર આવો, કેટલાને આવવું છે ?

યુવાન – મહાત્માજી, તમે કેટલાને લઇ જશો ? જો તમારી શક્તિ હોય અને જો તમે બધાને લઈ જઇ શકતા હો તો ઘણું સારું. કારણ, નગરના બધા લોકો બિચારા ઘણાં દુઃખી છે. એ પણ સુખી થઇ જશે.

મહાત્માજી– હા....હા જરૂર....જરૂર.... તું બધાને બોલાવી લાવ પછી આપણે જઈએ.

[યુવાન બધાને બોલાવવા માટે નગરમાં ઘરે.... ઘરે.... ગયો. લોકોને પૂછે છે.... તમારે મોક્ષમાં આવવું છે. તો ચાલો.

ગૃહસ્થી – હે યુવાન ! અમે આવીએ તો ખરા પણ શું ત્યાં ગાડી મળશે ? કારણ, અમે બધી રીતે સુખી છીએ પણ ફકત એક ગાડી નથી, તેનું દુઃખ છે. જો ત્યાં ગાડી મળતી હોય તો આવીએ.

બીજાએ કહ્યું, જો લગ્ન થતાં હોય તો આવીએ. ત્રીજાએ કહ્યું, પૈસા મળતા હોય તો આવીએ. ચોથાએ કહ્યું, રોજ સરસ ખાવા-પીવા મળતું હોય તો આવીએ. પાંચમાએ કહ્યું, મારાં લગ્ન હજી ગઇ કાલે જ થયાં છે. એટલે જો એના કરતાં સારી રૂપાળી સુંદર અપ્સરા ત્યાં મળતી હોય તો આવીએ.... એમ નગરમાં બધાએ પૂછીને એક લાંબુ મોટું લીસ્ટ કરીને યુવાન મહાત્માજી પાસે લઇને આવ્યો.

યુવાન–મહાત્માજી ! લો આ લીસ્ટ. આ બધું ત્યાં મળતું હોય તો આ બધા લોકો આવવા તૈયાર છે.

મહાત્માજી–ભાઇ ! આમાનું ત્યાં કંઈ જ નથી. ત્યાં કશી જ વસ્તુ નથી મળતી. ત્યાં તો શરીર પણ નથી અને ઇન્દ્રિયો પણ નથી. માત્ર આત્મા જ એકલો અનન્ત સુખ અનુભવે છે.... માટે ત્યાં જો આવવું હોય તો આ બધું જે સાંસારિક સુખ અહીંયાં મળ્યું છે તેને પણ તિલાંજલિ આપીને પછી આવવું જોઇએ.

ચાલ. હે યુવાન ! નગરના બધા લોકોની વાત જવા દે. પણ તારે તો આવવું છે કે નહીં ? તું તો ચાલ.

યુવાન....ના ..ના મહાત્માજી..ના..મારે હજી લગ્ન કરવાનાં બાકી છે અને અત્યારથી ત્યાં આવીને શું કરું ? અને તમે તો ના પાડો છો કે ત્યાં કંઈ જ નથી મળતું. તો મારે પણ નથી આવવું....તો મહાત્માજી ! તમે એકલા જ જાઓ....ત્યાં તમારું જ કામ છે. આમે, તમે સાધુસંત મહાત્મા છો. અહીંયાં પણ તમારી પાસે કંઈ જ નથી. અને ત્યાં પણ કંઈ જ નથી મળવાનું તો ત્યાં તમે જ રહી શકશો. અમારું કામ નથી.

આ પ્રમાણે વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે, સંસારના એક સંસારી જીવને માત્ર સાંસારિક, ભૌતિક, પૌદ્ગલિક, વૈષયિક ભોગો અને સુખો સિવાય બીજી કોઇ કલ્પના જ નથી. તો પછી મોક્ષના સુખની તો કલ્પના જ કયાંથી આવવાની ?

સુખ અને સુખનાં સાધનો

સુખ શું છે ? સુખ શેમાં છે ? સુખ શાથી ભોગવાય છે ? સુખ ભોગવનાર કોણ ? આવા અનેક પ્રશ્નોનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાશે કે.... કોઇ જડ પદાર્થ સુખદુઃખનો અનુભવ કરતો નથી. જડ–અજીવ પદાર્થનો સુખ ભોગવવાનો સ્વભાવ નથી. તે જડ હોવાથી. દા. ત., જેમ ઘડો, ઇંટ, પત્થર, મકાન આદિ કોઈ નિર્જીવ જડ પદાર્થ સુખ ન ભોગવી શકે. સુખની અનુભૂતિ ફકત જીવ જ કરી શકે છે

સુખ એ આત્માનો સ્વભાવ છે. આત્મા જ તે ભોગવી શકે. આત્માના ૮ મુખ્ય ગુણોમાં અનન્ત સુખ, અવ્યાબાધ સુખ એ એનો ગુણ છે. જડ–અજીવથી ચેતન એવા આત્માને ભિન્ન જુદો પાડનાર જ્ઞાન–દર્શન–ચારિત્ર, અનન્ત-

વીર્ય અનન્ત સુખાદિ મુખ્ય ગુણો છે. માટે સુખનો ભોકતા આત્મા જ છે. હવે આત્મા જેના વડે સુખ અનુભવે છે, ભોગવે છે તે સાધન શરીર, ઇન્દ્રિયો અને મન છે. તે કરણરૂપે છે. અને આ ત્રણે સાધનોની મર્યાદા છે. પાંચે ઇન્દ્રિયો માત્ર સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ-રંગ તથા શબ્દાદિના વિષયોનાં જ સુખો અપાવશે....અને શરીર માત્ર વૈષયિક-કામ ક્રીડાજન્ય સુખો અપાવશે, અને મન ફકત માનસિક વૈચારિક સુખ અપાવશે. દા. ત., દૂધપાક પીધો અને તે બહુ ભાવ્યો, ગમ્યો. તેનો રસાસ્વાદ જીભે આત્માને પહોંચાડયો. ઇન્દ્રિયો સુખ અનુભવે છે કે ઇન્દ્રિયો વડે સુખ અનુભવાય છે ? અનુભવનાર કર્તા-ભોકતા તો આત્મા જ છે. ઇન્દ્રિયો તો માત્ર કારણરૂપે સાધન છે. જો ઇન્દ્રિયો જ સુખ અનુભવતી હોય તો તે જ ઇન્દ્રિયો મૃત શરીરને પણ છે. તો પછી હવે તે કેમ સુખ નથી અનુભવતી ? પરન્તુ ના. તે ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા અંદર રહેલો ભોકતા આત્મા હવે નથી રહ્યો. તેના ચાલ્યા જવાથી ઇન્દ્રિયો હવે જડ-ભનીને માત્ર પડી રહી છે. પરન્તુ કંઈજ અનુભવી ન શકે. માટે અનુભવ કરનાર ભોકતા તે આત્મા છે.

જ્ઞાનયોગ જે સુખનો મુખ્ય આધાર છે, તે જ્ઞાનમય આત્મા છે. દા. ત., સુંદર શાસ્ત્ર વાંચતાં, શ્રવણ કરતાં, ધ્યાન કરતાં સ્વાધ્યાય કરતાં જે આનન્દ આવ્યો, તેનો અનુભવ કરનાર કોણ ? હવે ધ્યાનમાં તો બધી ઇન્દ્રિયો બંધ છે. કોઈ કામ નથી કરતી. અને શરીર પણ સ્થિર છે. તે પણ કંઈ જ

નથી કરતું, મનનો પણ નિરોધ કરવામાં આવે છે. તો પછી આવા સમયના આનન્દ કે સુખનો અનુભાવક કોણ ? માત્ર આત્મા. માટે આત્મા સ્વયં સુખનો ભોકતા છે. રૂપ-રસ-ગંધ, સ્પર્શ આદિ તો વિષયો છે, ઇન્દ્રિયો કરણ છે. પૌદ્ગલિક પદાર્થો તો સાધન છે. સુખ સાધન-સામગ્રીના પદાર્થોમાં નથી. એક જ પદાર્થ કોઇના માટે સુખનું કારણ બને તો એ જ પદાર્થ-વસ્તુ બીજા માટે દુઃખનું કારણ પણ બની શકે છે. માટે સુખ ફક્ત પદાર્થમાં, વસ્તુમાં જ છે એવું પણ માની લેવાની જરૂર નથી. જેની પાસે અઢળક ધન-સંપત્તિ, સુખ-સાહેબી, સાધન સામગ્રી આદિ ગાડી-વાડી-બાગ બંગલા, પુત્ર-પત્ની-પરિવાર આદિ વિપુલ પ્રમાણમાં ઘણું હોવા છતાં પણ ઘણા લોકો ભારે દુઃખી છે. અને સાધુ સંતો પાસે કંઈ નથી હોવા છતાં આનન્દમાં છે, સુખમાં છે, પરમ સુખી છે. એમની સમતાના સુખની સામે તો સ્વર્ગ-કે સંસારનાં સુખો પણ શી ગણતરીમાં ? પૂજ્ય વાચકવર્ય ઉમાસ્વાતિજી મહારાજ પ્રશમરતિમાં કહે છે-

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्त परोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम् ॥

અર્થાત સ્વર્ગનાં સુખો તો પરોક્ષ છે, અને મોક્ષનાં સુખો તો અત્યંત પરોક્ષ છે. સમત્વભાવનું પ્રથમરસનું સુખ એક માત્ર પ્રત્યક્ષ છે. જે પરવશ-પરાધીન, નથી, સ્વવશ અને સ્વાધીન છે. અવિનાશી-શાશ્વત છે.

એ પ્રથમ સુખ એટલે આત્માનો સહજ શાન્ત સ્વભાવ સ્વરમણુતાનો અદ્‌ભુત સુખ આનંદ તે આત્મવેદ્ય છે.

સુખ કેવું જોઇએ ? ક્ષણિક કે નિત્ય ?

અનેક જાતનાં, અનેક પ્રકારનાં સુખો છે. આવીને ચાલ્યું જાય, ન પણ ટકે એવું સુખ આ સંસારમાં છે. અને વૈષયિક સુખ તો ક્ષણિક છે. ૧–૨ મિનિટ માટે જ તેનો અનુભવ છે. પરન્તુ તે સુખની ૧ મિનિટમાં સમાપ્તિ પછી દુઃખની અનુભૂતિ છે. સંસારનાં સુખો પણ દુઃખમિશ્રિત છે. પરિણામે દુઃખદાયી છે. અન્તે દુઃખરૂપ નીવડે છે. શરીર, ઇન્દ્રિયો અને મન વડે ભોગવાતાં સુખો પરતંત્ર છે, પરાધીન છે. પૌદ્‌ગલિક અને ભૌતિક છે. પુદ્‌ગલપિંડના પદાર્થો ઉપર આધારિત છે. પરન્તુ તે પુદ્‌ગલ પદાર્થ જ નાશવંત છે. તેની સુંદરતા કૃત્રિમ છે. માટે તેના આધારે મળનાર સુખ પણ નાશવંત જ હોય છે. અને કૃત્રિમ હોય છે. દા. ત., એક વસ્તુ. કાચનો જગ પરદેશથી એક હજાર રૂપિયાનો લાવ્યા. તેને ઘરમાં શોભાની જગાએ મૂકી સજાવીને આનંદ પામ્યા. જોઈ જોઈને રાજી થયા. પરન્તુ થોડા જ દિવસોમા તે પડ્યો અને ફૂટી ગયો. તે જોઈ ભારે નારાજ, દુઃખી અન્યા. પહેલાં સુખ અને પછી દુઃખ એમ સુખની પાછળ દુઃખ તૈયાર છે. પ્રથમ એક સુંદર સ્ત્રી સાથેના વિષયભોગોમાં ક્ષણિક સુખ અનુભવતા. થોડો કાળ પસાર થયા પછી અણબનાવ, અપ્રીતિ થવા માંડી અને ગઈ કાલે જે ગમતી હતી તે આજે અણગમતી બની ગઈ. સુખ એ દુઃખમાં પરિણમી ગયું. સંસારનું કોઈ સુખ લાંબુ ટકતું નથી.

આપણે બધા આવા સુખથી પણ કંટાળી ગયા છીએ. માટે હવે એવું સુખ જોઇએ, જે સ્વાધીન અને સ્વવશ હોય, ક્ષણિક નહીં પણ નિત્ય હોય. વૈષયિક, ભૌતિક કે પાદ્‌ગલિક ન હોય પરંતુ આત્મિક, આધ્યાત્મિક હોય. શરીર, ઇન્દ્રિયો અને મન વડે ભોગવાતું શારીરિક, ઐન્દ્રિય અને માનસિક ન હોય પરન્તુ આત્મિક હોય. અન્તવાળું નહીં પણ અનન્ત હોય. અજ્ઞાન કે મોહને આધીન ન હોય. પરન્તુ જ્ઞાનમય અને નિજસ્વભાવની રમણતાવાળું હોય. સુખ પણ આનન્દમય હોય. સચ્ચિદાનંદમય હોય. અમર એવું નિત્ય રહેનારું હોય. સ્વયં સંવેદ્ય હોવું જોઇએ. વિઘ્ન વિનાનું અવ્યાબાધ સુખ હોવું જોઇએ.

આ જે વર્ણન કર્યું છે, એવું સુખ માત્ર મોક્ષમાં હોય છે. અથવા આવું પરમ સુખ જ્યાં મળ્યું હોય કે મળતું હોય તે જગ્યાનું નામ મોક્ષ છે. ત્યાં આવા પ્રકારનું સુખ મળે છે માટે તે જગા પણ અજર–અમર–શાશ્વત અનન્ત સ્વરૂપવાળું છે. ત્યાં અજ્ઞાનતા કે મોહ નથી. માટે ત્યાંનું સુખ સર્વજ્ઞાનમય રાગ–દ્વેષરહિત વીતરાગતામય છે. માટે સુખ હવે ફકત સુખ જ નહીં પણ આનન્દરૂપે છે. આનન્દઘનરૂપે છે. શરીર, ઇન્દ્રિય કે મનને આધીન ન હોવાને કારણે અશરીરી, અનીન્દ્રિય તથા અમન મનાતીત છે. સ્વયં સંવેદ્ય છે. માટે નિત્ય છે. અનન્ત છે. અવ્યાબાધ છે. સચ્ચિદાનંદ સ્વરૂપે ચિદ્‌ઘન, સ્વરૂપે અક્ષય સુખ છે. પરમસુખ છે. આવા સ્થાનનું, આવી અવસ્થા વિશેષનું નામ છે મોક્ષ.

મુક્તાત્માને અકૃત્રિમ અને સ્વાભાવિક પ્રકૃષ્ટ કક્ષાનું સુખ હોય છે. તેઓ અશરીરી હોવાના કારણે તેમને કંઈ પણ ભોગવવાપણું હવે રહેતું નથી. માટે કોઈ પણ ભોગ વિના તેઓ પરમ સુખી છે. જન્મ-જરા, મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત, ઈષ્ટ વિયોગ, અરતિ, શોક, ક્ષુધા, પ્યાસ, શીત, ઉષ્ણ, કામ-ક્રોધ, માન, તૃષ્ણા, રાગ, દ્વેષ, ચિન્તા, ઔત્સુક્ય આદિ સર્વ બાધાનો અભાવ હોવાથી અવ્યાબાધ સુખ છે. પરન્તુ એનો અર્થ એમ પણ નથી કે સર્વથા જડ અવસ્થા છે. કારણ આ બધું એક જડ પદાર્થમાં પણ ઉપલબ્ધ નથી. તો શું એક જડ પદાર્થ પણ પરમ સુખી ? ના. સુખાનુભૂતિ એ જડનો સ્વભાવ જ નથી. જડમાં જ્ઞાન પણ નથી. જ્યારે સુખ તો જ્ઞાનગમ્ય છે. અને મુક્તાત્મા પરમજ્ઞાની, સર્વજ્ઞાની, અનન્તજ્ઞાની છે. અને બીજી બાજુ વીતરાગી છે. અર્થાત રાગ-દ્વેષ રહિત છે. માટે એ પણ પ્રશ્ન ઉત્પન્ન નથી થતો કે તે મુક્તાત્મા કામ-ભોગાદિ પ્રિય વિષયોના ભોગથી સુખ અનુભવતો હશે ? ના.

તત્વાર્થ ભાષ્યની ટીકામાં જણાવ્યું છે કે-

स व्याबाधाभावात् सर्वज्ञत्वाच्च भवति परमसुखी ।
व्याबाधाभावोऽत्र स्वच्छस्य ज्ञस्य परमसुखम् ॥


કોઈ પણ જાતની બાધા ન હોવાથી અને સર્વજ્ઞ હોવાથી તે મુક્તાત્મા પરમ સુખી છે, બાધાનો સર્વથા અભાવ એ જ સ્વચ્છ જ્ઞાતા સર્વજ્ઞનું પરમ સુખ છે.

મુક્તિ અજ્ઞાનાત્મકા જડ નથી

નૈયાયિક દર્શનવાદી "एकविंशति दुःखध्वंसो मोक्ष :"

૨૧દુઃખોનો નાશ થાય તેને મોક્ષ માનીને જડાત્મક મુક્તિ સિદ્ધ કરે છે. જ્યાં આત્માનું જ્ઞાન પણ નથી રહેતું તે જડ જેવો બની જાય છે એને મોક્ષ સ્વરૂપ કહે છે; બીજી બાજુ બૌદ્ધદર્શન જે નૈરાત્મ્યવાદી છે. તે આત્માનું અસ્તિત્વ જ ન રહે તેવું દીપનિર્વાણ જેવો મોક્ષ માને છે. જો મુક્તિ અજ્ઞાનાત્મક સિદ્ધ કરશો તો જડ સિધ્ધથશે. કારણ, જડ–અજીવ પદાર્થ જ્ઞાનગુણ વિનાનો જ છે.

શું ઇન્દ્રિયોને જ જ્ઞાનની સાધન–કરણ માનવી ? શું ઇન્દ્રિયો વિના જ્ઞાન થાય જ નહીં ? ના. એવું પણ નથી. ઇન્દ્રિયોની મદદ વિના પણ જ્ઞાન થઈ શકે છે.



અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન આ ત્રણે જ્ઞાનો માટે કોઈ ઇન્દ્રિયની મદદની જરૂર પડતી જ નથી. તે આત્મિક જ્ઞાન છે. સર્વજ્ઞ એવા કેવળજ્ઞાની આંખ બંધ રાખીને ચાલે તો પણ તેમને બધું દેખાય છે., જણાય છે. માટે ઇન્દ્રિયની જરૂર નથી પડતી. પરંતુ ઇન્દ્રિય અહીંયાં તો શરીર છે. માટે સાથે જ છે. પરન્તુ ઇન્દ્રિયો હોવા છતાં તેનો

ઉપયોગ નથી. આંખ બંધ રાખે તોય શું અને ખુલ્લી રાખે તો પણ શું ? કોઈ ફરક નથી પડતો. એ જ કેવળજ્ઞાન જે અહીંયાં ઉત્પન્ન થયું છે, તે જ કેવળજ્ઞાન નિર્વાણ (મૃત્યુ) થયા પછી મોક્ષમાં પણ એવું ને એવું જ અને એટલું ને એટલું જ રહે છે. સંસારમાંથી મોક્ષમાં ગયા પછી કેવળજ્ઞાનમાં કોઈ ફરક નથી પડતો. કોઈ વધારો ઘટાડો નથી થતો. જ્ઞાન એનું એ જ રહે છે.

પ્રત્યક્ષ શબ્દનો આપણે અર્થ કરીએ છીએ. પ્રતિ+અક્ષ. અક્ષ એટલે ઇન્દ્રિયો, અને 'अक्षं प्रति इति प्रत्यक्षं" ઇન્દ્રિયો પ્રત્યે. સંબંધી. વડે જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય. પરન્તુ પ્રત્યક્ષની બીજી વ્યુત્પત્તિમાં કહ્યું છે– अक्षमात्मा, आत्मानं प्रतीति प्रत्यक्षम्". અક્ષ-થી આત્મા. અને તેના પ્રત્યે તે પ્રત્યક્ષ. તો આ પ્રમાણે જે જ્ઞાન સીધું આત્માને જ થઈ જાય છે તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય. અને જે જ્ઞાન ઇન્દ્રિયો વડે થાય છે, સીધું આત્માને નથી થતું તે પરોક્ષ જ્ઞાન કહેવાય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બન્ને પાંચે ઇન્દ્રિયો તથા મન વડે થાય છે. માટે તે પરોક્ષ જ્ઞાન.

આ પ્રમાણે ઇન્દ્રિયોની મદદ વડે જ જ્ઞાન થાય છે. એવું પણ નથી. સંસારમાં મોટા ભાગે જીવો ઇન્દ્રિયોની મદદથી જ્ઞાન વ્યવહાર કરે છે. જ્યારે એવી કક્ષાના ઉચ્ચ આત્માઓ જે અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાનની કક્ષાએ પહોંચ્યા હોય તેઓ પ્રત્યક્ષ ઇન્દ્રિયોની મદદ વિના પણ જ્ઞાન

પ્રાપ્ત કરે છે. એ જ સર્વજ્ઞાન મોક્ષમાં પણ રહે છે. શરીર–ઇન્દ્રિયના અભાવમાં પણ મોક્ષમાં જ્ઞાન રહે છે.

ભગવાને કહ્યું – હે પ્રભાસ ! કરણો અર્થાત જ્ઞાનેન્દ્રિયોના અભાવના હેતુથી જો તું મુકત જીવને અજ્ઞાની કહેશે તો, તે જ હેતુથી આકાશના દૃષ્ટાંત દ્વારા એ જ મુકતાત્માને અજીવ પણ સિદ્ધ કરી શકશે. આ પ્રમાણે બને તો 'જ્ઞાનેન્દ્રિયનો અભાવ' આ હેતુ વિરુદ્ધ બની જાય. સદ્ હેતુ ન રહે.

પ્રભાસ – ના પ્રભુ ! એ હેતુ વિરુદ્ધ નથી. કારણ, મુકતાત્માને જીવ જ માનવો જોઇએ એમ હું નથી માનતો. ભલે એ હેતુથી મુકતાત્મા અજીવ સિધ્ધ થશે તો પણ ચાલશે. મને તો આપત્તિ નથી. પરંતુ આપના સિધ્ધાંતમાં જ આપત્તિ આવશે.

ભગવાન – હે પ્રભાસ ! આ તો તું કરણના અભાવવાળા હેતુથી આત્માને આકાશની જેમ અજ્ઞાની સિદ્ધ કરે છે. તેથી મેં આ આપત્તિ આપી કે મુકતાત્મા અજીવ થઇ જશે. પરન્તુ વસ્તુતઃ મુકતાત્મા અજ્ઞાની પણ નથી અને અજીવ પણ નથી. આત્મ સ્વરૂપને સારી રીતે ઓળખે તો મોક્ષ પણ સારી રીતે સમજાઈ જાય. કારણ, મોક્ષ એ બીજુ કંઇ નથી, પણ આત્માની જ કર્મરહિત ચરમ શુધ્ધાવસ્થા વિશેષ છે.

પ્રથમ તો એ જાણવા જેવું છે કે કરણના (ઇન્દ્રિયના) અભાવમાં પણ આત્મા અજીવ નથી બનતો. કોઈ પણ વસ્તુની સ્વાભાવિક જાતિ અત્યન્ત વિપરીત જાતિરૂપે પરિણત થઇ શકતી નથી. જીવ–અજીવ તદ્દન વિપરીત ગુણવાળાં દ્રવ્યો છે.

તેથી પારણામિક ભાવના કારણે કયારેય જીવ–અજીવ નથી થતો. તેમ અજીવ કયારેય જીવ નથી બનતો. આવાં પરિવર્તન કદાપિ સંભવ નથી. આકાશ મૂળથી દ્રવ્યરૂપે જ અજીવ છે. તો તે કયારેય જ્ઞાનગુણ યુકત જીવ ન બની શકે. એ જ પ્રમાણે જીવની જીવત્વ જાતિ મૂળથી સ્વાભાવિક છે. તે પરિવર્તનશીલ નથી. માટે વસ્તુતઃ કરણનો અભાવ હોવાથી જીવ કયારેય અજીવ કે અજ્ઞાની સિધ્ધ થતો જ નથી. જીવત્વ અને કારણોમાં વ્યાપ્ય વ્યાપક ભાવ જ નથી. કારણ કે બન્ને અત્યન્ત વિલક્ષણ છે. કરણ તો મૂર્ત અને પૌદ્ગલિક છે. અને જીવ અમૂર્ત હોવાથી તદ્દન વિલક્ષણ છે એટલે ઇન્દ્રિયો રૂપ કરણનો અભાવ થવા છતાં જીવત્વનો અભાવ નથી થતો માટે મુકતાવસ્થામાં પણ જીવત્વ છે.

પ્રભાસ – હે પ્રભુ ! આપની આટલી વાત હું સ્વીકારી લઉં છું. પરન્તુ તે કરણો એટલે ઇન્દ્રિયોના અભાવમાં જીવ મોક્ષાવસ્થામાં જ્ઞાની કેવી રીતે સિધ્ધ થશે ?

ભગવાન – હે પ્રભાસ ! ઇન્દ્રિયાદિ કરણો મૂર્ત છે. તેથી ઘટ–પટની જેમ ઉપલબ્ધિરૂપે જ્ઞાન ક્રિયાના કર્તા ન બની શકે. પરન્તુ તે માત્ર જ્ઞાન ક્રિયાનાં દ્વારો સાધનો છે. પરન્તુ ઉપલબ્ધિનો કર્તા તો જીવ જ છે.

આંખ જતી રહે છતાં પણ સ્મરણ આદિ જ્ઞાન વડે ઘટ–પટાદિનું જ્ઞાન તો થાય છે. માટે જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે. નહીં કે ઇન્દ્રિયો સાથે. ઇન્દ્રિયો તો કરણ અર્થમાં જ્ઞાનનાં સાધન માત્ર છે. એ જ પ્રમાણે ઘણીવાર છતી ઇન્દ્રિયો-

એ અન્યમનસ્કતાના કારણે પણ બરોબર જ્ઞાન નથી થતું. વાંચતાં મન બીજે ભમતું હોય તો પણ વાસ્તવિક જ્ઞાન નથી થતું માટે જ્ઞાનનો બધો આધાર માત્ર ઇન્દ્રિયો ઉપર જ નથી. સંસારી જીવને જ્યાં સુધી પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાન નથી થતાં ત્યાં સુધી માત્ર ઇન્દ્રિયો જ્ઞાનોત્પત્તિમાં સહાયક સાધન તરીકે ઉપયોગમાં આવે છે. અને તદ્જન્ય જ્ઞાન તે મતિ અને શ્રુતિ જ્ઞાન આ બે જ છે. જ્યારે મુકતાત્માને મોક્ષમાં શરીર જ નથી. માટે ઇન્દ્રિયો પણ નથી. ઇન્દ્રિયો નથી. માટે ઇન્દ્રિયજન્ય મતિ-શ્રુતજ્ઞાનની આવશ્યકતા જ નથી. જેમ સૂર્યોદય થતાં ચન્દ્ર, તારા આદિના પ્રકાશ સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે. ઝળહળતા સૂર્યના પ્રકાશમાં તે આંખો પડી જાય છે, તેમ કેવળ અનન્ત જ્ઞાનના ઝળહળતા પ્રકાશમાં મતિ-શ્રુતજ્ઞાનનો પ્રકાશ કેવળજ્ઞાનની અંતર્ગત સમાઈ જાય છે. માટે મુકતાવસ્થામાં આત્મા કેવળજ્ઞાનમય હોવાથી ઇન્દ્રિયજન્ય મતિ-શ્રુતજ્ઞાનની કોઈ આવશ્યકતા રહેતી જ નથી. માટે કરણ-ઇન્દ્રિયોના અભાવમાં મુકતાત્માને અજ્ઞાની કહેવો યોગ્ય નથી.

એક માણસ જેમ ઘરનાં બારી-બારણાંમાંથી જૂએ છે. તેમ દેહમાં રહેલ આત્મા આ શરીર રૂપી ઘરનાં ઇન્દ્રિયો રૂપી બારી-બારણાંમાંથી બહારના વિષયોનું જ્ઞાન કરે છે. એટલે ઇન્દ્રિયો વડે બહારી પદાર્થોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ વિષયોના જ્ઞાન માટે તે તે ઇન્દ્રિય કરણ રૂપે સહાયક સાધન બને છે. પરન્તુ મોક્ષમાં ઇન્દ્રિયોની અપેક્ષા જ નથી.

બીજું જેમ પરમાણુ કયારેય પણ રૂપાદિ રહિત હોય નહીં તેમ આત્મા કયારે ય જ્ઞાનરહિત હોય નહીં. બને જ નહીં. જેમ માતા અને વન્ધ્યા બન્ને એકને જ કહેવુ પરસ્પર વિરુદ્ધ છે તેમ "આત્મા" અને "જ્ઞાનરહિત" એમ કહેવું તે પરસ્પર તદ્દન વિરુધ્ધ છે. વ્યવહારમાં પણ એમ તો કોણ કહેવાનો છે કે મારી માતા વન્ધ્યા છે. ના સંભવ જ નથી. કારણ કે જે માતા હોય તે વન્ધ્યા ન હોય અને જે વન્ધ્યા હોય તે માતા ન હોય. એમ અહીંયાં પણ જે આત્મા હોય તે જ્ઞાન વિના ન હોય અને જે જ્ઞાન રહિત છે તે આત્મા નથી. માટે મુકતાત્માને પણ આત્મા સ્વીકારીને તેને પણ જ્ઞાનમય જ સ્વીકારવો પડશે. આત્મા જ્ઞાનમય જ છે. સંસારી હોય કે મુકત. પરન્તુ સંસારીમાંથી મુકત બન્યા પછી સંસારી અવસ્થાના જ્ઞાનના પ્રમાણ કરતાં મુકતાત્મા જ્ઞાનનું પ્રમાણ અનન્ત ગણું વધી જાય છે. મુકતાત્મા અનન્તજ્ઞાની—પૂર્ણજ્ઞાની બની જાય છે. કારણ તથા પ્રકારના સર્વ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થઈ ગયો છે માટે. હા જીવ સર્વથા જ્ઞાનરહિત બની જાય તો જડ (અજીવ) બની જાય. પરંતુ એ કદાપિ બનતું જ નથી. શકય જ નથી. સંભવ જ નથી. માટે આત્માને કયારેય સંસારી કે મુકત કોઈ પણ અવસ્થામાં અજ્ઞાની અર્થાત જ્ઞાનરહિત માનવાની આવશ્યકતા નથી. અર્થાત આત્મામાં કયારેય જ્ઞાનનો અભાવ સંભવ જ નથી. અને માટે જ જીવ કયારેય અજીવ બની જ ન શકે. જ્ઞાનાદિગુણો જ જીવ અને અજીવની વચ્ચેના મુખ્ય ભેદક ગુણો છે.

મુક્તાત્મા ક્યારેય અજીવ બનતો નથી

આ જગતમાં કોઈ પણ દ્રવ્યની મૂળભૂત સ્વાભાવિક જાતિ ક્યારેય અત્યન્ત વિપરીત જાતિરૂપે બદલાતી નથી. દા. ત. આકાશની અજીવ એ મૂળભૂત સ્વાભાવિક જાતિ છે તો તે ક્યારેય ન બદલાય. એક પ્રકારે જીવની જીવત્વ, અમૂર્તત્વ, અને દ્રવ્યત્વ મૂળભૂત–સ્વાભાવિક જાતિ છે. માટે એ ક્યારેય ન બદલાય. જીવત્માથી અજીવત્વ એ અત્યન્ત વિપરીત જાતિ છે. માટે જીવ ક્યારેય પણ ગમે તે કક્ષા હોય તો પણ બદલાય તો નહીં જ, મુક્તાવસ્થા પણ જીવની અનેક પર્યાયોમાંની એક પર્યાય અવસ્થા વિશેષ છે. સંસારમાં હોય કે મોક્ષમાં પણ. બન્ને અવસ્થામાં જીવત્વ એના દ્રવ્યત્વ સ્વરૂપથી તો તેનો તે જ છે. દ્રવ્યત્વ ક્યાંથી બદલાય ? ન જ બદલાય. માટે મુક્તાવસ્થામાં જીવ અજીવ બની જાય છે. એવી માનવી એ પણ સિધ્ધાન્ત વિરુધ્ધ છે.

આ પ્રમાણે દ્રવ્યત્વ નથી બદલાતું તે જ પ્રમાણે દ્રવ્યગત ગુણ જે ભેદક ગુણ તરીકે રહ્યા છે, તે પણ ક્યારેય ન બદલાય. દા. ત., આત્મામાં જ્ઞાન – દર્શનાદિ મૂળભૂત ગુણો પડયા છે. જે જીવને અજીવથી જૂદો સિધ્ધ કરે છે. તે ગુણો ઉપર કર્મનાં આવરણો આવશે અને જશે. આત્મા અશુધ્ધ–શુધ્ધ બનશે. પરન્તુ ક્યારેય જ્ઞાન દર્શનાદિ ગુણોનો નાશ નહીં થાય. જ્ઞાનાદિ ગુણો આત્મ દ્રવ્યની સાથે અભેદભાવથી રહેલા છે. માટે જ્ઞાન ક્યારેય જાય નહીં, નાશ પામે નહીં. અને તેથી જીવ ક્યારેય અજીવ બને નહીં. માટે મુક્તાત્માને

અજીવ માનવાની જરૂર નથી. ["जडा च मुक्ति." –મુક્તિ જડાત્મક છે. આવું માનનાર નૈયાયિકો હતભાગી છે. તર્કયુક્તિ રહિત તેમનો મત આ વિષયમાં યોગ્ય નથી. આત્માથી જ્ઞાનને ભિન્ન માની એક દિવસ જ્ઞાન આત્મામાં ઉત્પન્ન થાય છે. અને એક દિવસ નષ્ટ થઈ જાય છે. ફરી આત્મા જ્ઞાન રહિત બની જાય છે તે જ મોક્ષ એમ કહીને મુક્તિને જડ માની, તે યોગ્ય નથી.] ગુણ મુળભૂત સ્વદ્રવ્યાન્તર્ગત છે. તે ભિન્ન નહીં, અભેદભાવે રહે છે. માટે આત્મામાં જ્ઞાન–ગુણ બહારથી આવતો નથી પરન્તુ મુળભુત સત્તામાં જ્ઞાન આત્મામાં છે જ. એટલે આત્મા જ્ઞાનમય જ છે. જ્ઞાનવાળો એમ કહેવા કરતાં જ્ઞાનમય જ કહેવો યોગ્ય છે. યોગ્ય જીવત્વ એ તો જીવનો અનાદિનિધન પારિણામિક ભાવ હોવાથી નિત્ય છે. માટે મુળભૂત જાતિ તથા દ્રવ્ય બદલાય જ નહીં.

હા. સંસારી અવસ્થામાં આત્મા ઉપર કર્મરજના આવરણના કારણે તેનો જ્ઞાનગુણ ઢંકાઈ જાય છે, આવરાઇ જાય છે. તે આવરકને આવરણીય કર્મ કહેવાય છે. આત્માના જે ગુણને આવરે તે નામથી તે આવરક કર્મનું નામ પડે છે. દા. ત., જ્ઞાનગુણને આવરનાર જ્ઞાનાવરણીય કર્મ, અને દર્શન ગુણને આવરનાર દર્શનાવરણીય કર્મ સંસારમાં છદ્મસ્થાવસ્થામાં આ આવરક–આચ્છાદકના કારણે જીવના જ્ઞાનાદિ ગુણો ઢંકાયેલા રહે છે. જેમ એક દીપક ઉપર ચાળણી જેવું છિદ્રોવાળુ આવરણ મૂકવામાં આવે પછી તે છિદ્રોમાંથી કેટલો પ્રકાશ બહાર આવે ! સંપૂર્ણ પ્રકાશ તો બહાર આવી જ ન શકે.



એ જ પ્રમાણે, જીવ આત્માના જ્ઞાનાદિ ગુણો ઉપર પણ કર્મના આવા ચાળણી જેવાં આવરણો હોવાના કારણે હવે તેમાંથી બહાર આવતું (પ્રકાશ) જ્ઞાન કેટલું હશે ? અને એ જ ચાળણી જો દીપક ઉપરથી હટાવી લીધી હોય તો પછી પ્રકાશ કેટલો બહાર આવશે ? હવે તો કોઈ આવરણ જ નથી માટે સંપૂર્ણ પ્રકાશ બહાર આવશે. એ જ પ્રકારે, આત્માના જ્ઞાનાદિ ગુણો ઉપરના આવરણીય કર્મોનો સદંતર નાશ થયા પછી નિરાવરણ એવા આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો કેવા ચળકશે ? કેટલા પ્રમાણમાં બહાર આવશે ?

(પ્રકાશ સ્વરૂપ) જ્ઞાન સ્વરૂપ એવા આત્મામાં પણ આવરણોનો ક્ષયોપક્ષમ હોવાથી ઇન્દ્રિયરૂપી છિદ્રો વાટે આત્મા પોતાનો બહુ જ થોડો જ્ઞાન પ્રકાશ બહાર ફેલાવી શકે છે તે સંસારી છદ્મસ્થાવસ્થામાં બને છે.

જેમ એક માણસ ઘરમાં બેઠો બેઠો બારીમાંથી અથવા છિદ્રોમાંથી બહારની વસ્તુ જૂએ છે, ત્યારે તેને ઘરમાંથી મર્યાદિત વસ્તુઓ જ જોઇ શકાય છે. જે આકાશ કે દૃશ્ય આદિ વસ્તુઓ મનુષ્ય ઘર વિના ખુલ્લા મેદાનમાં ઊભો રહીને જૂએ તેમાં અને ઘરમાં બારીમાંથી જૂએ તેમાં કેટલો ફરક પડે છે? તે જ રીતે, એક જીવાત્મા આ શરીર ઇન્દ્રિયો રૂપી પ્રતિબંધક આવરણની અંદર રહીને જૂએ અને જાણે અને જ્યારે સર્વથા શરીર અને ઇન્દ્રિયોનો અભાવ થઈ જાય ત્યારે એકલો સ્વતંત્રાત્મા જેટલું જૂએ અને જાણે તે અનન્ત હોય છે. હવે તેને


કોઈ પ્રતિબંધક નથી. ઘરની જેમ આવરણો દૂર થતાં આત્માનું જ્ઞાન પૂર્ણ સ્વરૂપમાં પરિણમી જાય છે. પછી કરણરૂપ સાધનો ની જરૂર નથી રહેતી. માટે માત્ર ઇન્દ્રિયો કે મનથી જ જ્ઞાન થાય છે. એવુ નથી. એ વિના પણ જ્ઞાન થાય છે. જ્ઞાન ઇન્દ્રિયો કે મનને નથી થતું. આંખ જૂએ છે, કાન સાંભળે છે, વગેરે આપણે નથી કહેતા. કારણ, જો આમ કહીએ તો મડદાને પણ આંખ તો ખુલ્લી છે. કાન ખુલ્લા છે. તો પછી તે કેમ જોતો નથી, સાંભળતો નથી ? માટે આપણે એમ કહીએ છીએ કે, આંખ વડે જોઈએ છીએ, કાન વડે સાંભળીએ છીએ. એહ વડે એ કરણ અર્થમાં તૃતીયા વિભક્તિ છે. અર્થાત કર્તા કોઈ જુદો છે અને તે છે આત્મા. મતલબ જોનાર-સાંભળનાર તો આત્મા છે. ઇન્દ્રિયો-મન તો કરણ અર્થમાં સાધન છે. મતિ-શ્રુતના પરોક્ષ જ્ઞાનમાં આત્મા ઇન્દ્રિયોની મદદથી જૂએ-જાણે છે. માટે જ્ઞાન ઇન્દ્રિયો કે મનને નથી થતું. તે જ્ઞાનનું મૂળ સ્રોત નથી. પરન્તુ જ્ઞાન માટે સાધન માત્ર છે. ઇન્દ્રિયો, મન તો જડ છે. જડને જ્ઞાન નથી. માટે જ્ઞાન તો આત્માને થાય છે. મુળમાં જોનાર-જાણનાર આત્મા છે. જ્ઞાન એ જીવનો જડથી ભેદક લક્ષણ છે. અજ્ઞાન શબ્દના અર્થ જ્ઞાનનો સર્વથા અભાવ, જ્ઞાનરહિત એવો નથી થતો. પરન્તુ અહીંયાં 'અ' એ નિષેધ અર્થમાં નથી. અલ્પ અર્થસૂચક છે. માટે અજ્ઞાન એટલે અલ્પજ્ઞાન એ અર્થ સાચો છે. જો અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ કહીશું તો તો જડ-અજીવ થઈ જશે. પરન્તુ ના. જીવ જડ થતો નથી. અને અજીવ જીવ બનતો નથી. જ્ઞાન એ જીવનું લક્ષણ છે, અજીવનું નહીં.

અનન્ત જ્ઞાન થવાની પ્રક્રિયા

જે અંદર મુળભૂત સત્તામાં હોય છે તે જ પ્રગટ થાય છે. અંદર ન હોય તે નથી પ્રગટતું. આત્મામાં જ્ઞાનાદિ બહારથી લાવવું નથી પડતું. તે તો અંદરથી જ પ્રગટ થાય છે. માત્ર આત્મા ઉપર જે આવરણો અવરોધ રૂપે છે તે જ દૂર થાય, નષ્ટ થાય એટલે આત્માનું જ્ઞાન પ્રગટ થતું જાય. અર્થાત જેમ જેમ વાદળાં ખસતાં જાય તેમ તેમ સૂર્યનાં કિરણો ધરતી ઉપર આવતાં જાય. એમ, આત્મા ઉપરનાં કર્મનાં આવરણો નષ્ટ થવાં જોઈએ તો જ આત્મા વધુ શુદ્ધ–બુદ્ધ–સિધ્ધ–મુકત થઇ શકે. આ પ્રક્રિયામાં આત્મ વિકાસની કેડીએ–ગુણસ્થાનો ચઢવા પડે.

આત્મ વિકાસની નિસરણી–૧૪ ગુણસ્થાન

ઘરમાં જેમ નિસરણી ચઢીને આપણે ઉપર જઇએ છીએ, અને એ જ નિસરણી ઊતરીને આપણે નીચે ઊતરીએ છીએ. એ જ પ્રકારની એક અદ્‌ભુત નિસરણી અધ્યાત્મ શાસ્ત્રમાં છે. આત્મા તેના ઉપર ચઢે-ઊતરે છે. આ ફકત ૧૪ ગુણસ્થાનો-(પગથિયાં)ની છે. જગતના તમામ જીવો આ નિસરણીનાં ભિન્ન ભિન્ન સોપાનો ઉપર ઊભા છે. પહેલું સોપાન તે જીવની સંસારની મિથ્યા દશા અજ્ઞાનતાનું છે. ત્યાં બધા ઊભા છે. અને ક્રમે ક્રમે અહીંથી જ આગળ વધે છે. આ નિસરણીનું છેલ્લું પગથિયું વટાવી જનાર આત્મા મુકત થઈ જાય છે. જેમ જેમ આત્માના ગુણોનો વિકાસ થાય છે. અને કર્મનાં આવરણો ક્ષય કે ક્ષયોપશમ થતાં જાય. તેમ તેમ આત્મા એક


સિદ્ધ ભગવાન
સિદ્ધ શિલા
૧૪ અયોગી કેવલી ગુ.
૧૩ સયોગી કેવલી ગુ
૧૨ ક્ષીણ મોહ ગુ
૧૧ ઉપશાન્ત મોહ ગુ.
૧૦ સૂક્ષ્મ સપરાય ગુ.
૯ અનિવૃત્તિકરણ અથવા બાદર સપરાય
૮ અપૂર્વકરણ (નિવૃત્તિકરણ)
૭ અપ્રમત્ત સર્વવિરતિ
૬ પ્રમત્ત સર્વ વિરતિ
૫ દેશ વિરતિ ગુ
૪ અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુ
૩ મિશ્ર ગુણસ્થાન
૨ સાસ્વાદન ગુણસ્થાન
૧ મિથ્યાત્વ ગુણસ્થાન
ઉપશમ શ્રેણી
ક્ષપક શ્રેણી

એક ગુણસ્થાન આગળ વધતો જાય છે. ઉપર ચઢીને પૂર્ણ સ્વરૂપી સિધ્ધ-બુધ્ધ-મુકત બની જાય છે. મોક્ષે જવા માટે મુકત થવા માટે પ્રત્યેક જીવને આ સોપાનો તો ચઢવાં જ પડે.

જેમ જેમ આત્મગુણોનો વિકાસ થતો જાય અને કર્મનાં આવરણો-બંધનો તૂટતાં જાય તેમ તેમ આત્મા ઉપર ચઢતો જાય. આ સોપાનો આત્મગુણનાં સોપાનો છે માટે ગુણસ્થાન કહેવાય છે. તે ૧૪ છે.

૧. મિથ્યાત્વ	ગુણસ્થાન	૧૪. અયોગી કેવળી	ગુણસ્થાન
૨. સાસ્વાદન	,,	૧૩. સયોગી કેવળી	,,
૩. મિશ્ર	,,	૧૨. ક્ષીણ મોહ	,,
૪. અવિરત સમ્યક દૃષ્ટિ	,,	૧૧. ઉપશાંત મોહ	,,
૫. દેશવિરતિ	,,	૧૦. સૂક્ષ્મ સંપરાય	,,
૬. પ્રમત્ત સર્વ વિરતિ	,,	૯. અનિવૃત્તિ બાદર સંપરાય.	
૭. અપ્રમત્ત સર્વ વિરતિ	,,	૮. અપૂર્વકરણ (નિવૃત્તિકરણ)	

આ ક્રમે આત્માને ઉપર ચઢવાનું છે. પ્રથમ મિથ્યાત્વના ગુણસ્થાનક ઉપર જીવાત્મા પોતાની રાગ દ્વેષની ગ્રંથી (ગાઠ)ને ઓળખે છે. જૂએ છે. અને પછી એ ગ્રંથીને ભેદવા-તોડવા પુરૂષાર્થ કરે છે, યથા પ્રવૃત્તિકરણ અપૂર્વકરણ કરી અદ્‌ભુત શકિત ફોરવે છે. અનિવૃત્તિકરણ એમ આ ત્રણે પ્રક્રિયામાંથી જીવાત્મા પસાર થઇ સીધો ૪થા ગુણસ્થાને આવી દેવ-ગુરૂ-ધર્મની સાચી શ્રધ્ધા પામે છે. યથાર્થ તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરે છે. શુધ્ધ સમ્યક્ દૃષ્ટિ-શ્રધ્ધાલુ બને છે.

પછી જીવનમાં વ્રત-નિયમ-પચ્ચખાણ ધારણ કરી પાંચમા ગુણસ્થાને આવી દેશવિરતિધર શ્રાવક બને છે. ત્યાંથી આગળ

વધીને સંપૂર્ણ પણે આરંભ-સમારંભાદિના પાપોનો ત્યાગ કરીને ઘરબાર સંસાર છોડીને છઠ્ઠા ગુણસ્થાને આવીને સર્વ વિરતિધર પ્રમત્ત સંયતી સાધુ બને છે. એજ સાધુ એક પગથીયુ આગળ વધીને સાતમા અપ્રમત્ત સંયતિ ગુણસ્થાને આવીને અપ્રમાદી સાધુ બને છે.


ત્યાર પછી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી શ્રેણિનો પ્રારભ કરે છે. બે પ્રકારની શ્રેણિ છે. (૧) ક્ષપક શ્રેણિ છે. ઉપરામ શ્રેણીએ ચઢનો જીવ પોતાના આવરક કર્મોને ઉપશમાવતો જાય છે. પરિણામે દબાયેલા કર્મો કયારેક ઉથલો મારે છે. અને જીવ પાછો પડે છે. ૮ મે થી, ૯મે. ૧૦ મે, ૧૧ મે સુધી જ જાય છે અને ૧૧મે થી પછી પાછો નીચે પડે છે. પછી તે વધુ આગળ નથી જઇ શકતો. જયારે બીજો જીવ ક્ષપકશ્રેણિ માંડે છે. તેનો લક્ષ કર્મોનો ભૂકકો બોલાવીને ક્ષય કરવાનો હોય છે. તે મૂળ માંથી જડ જ કાપી નાંખે છે. પછી કર્મનો અંશ પણ રહેતા નથી.

આઠમા ગુણસ્થાનેથી જ અપૂર્વ શકિત ફોરવે છે. અને પોતાના કષાયો આદિ જે કર્મો હોય છે તેનો ક્ષય કરવા નવમા ગુણસ્થાને આવે છે. અહીંના સંજવલન ક્રોધ, માન, માયાનો ક્ષય કરે છે. હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા આદિ નોકષાયોને પણ કાઢી નાંખે છે. અને પછી મનમાં રહેલી વૈષયિ-કામ વૃત્તિઓના અંશને પણ જડ-મૂળમાં ઉખેડી નાંખે છે. સ્ત્રીવેદ-પુરૂષવેદ-નપુંસકવેદની વૃત્તિ સહંતર નિકળી જાય છે અને પછી કોણ-સ્ત્રી-કોણ પુરૂષ વગેરેનો કોઇ ભેદ જ નથી રહેતો. હવે માત્ર એક વ્યાપક આત્મદૃષ્ટિ થઈ જાય છે.

પછી ૧૦મા સૂક્ષ્મ લોભ આદિને પણ બલાસ કરી નાખે છે. સંપરાય એટલે કષાય. તેનો સૂક્ષ્મ અંશ પણ નહી રાખતા.

આ રીતે ક્ષપકશ્રેણિમાં આગળ ચઢતો આત્મા એક પછી એક આત્માના શત્રુ-એવા કર્મોને હણતો જાય છે. તે ૧૧મે. ઉપશમના ગુણસ્થાને નથી જતો અને ૧૧મું ઓળગીને સીધો ૧૨મે ક્ષીણ મોહ ગુણસ્થાને જાય છે. અને મોહની જડ સદંતર નષ્ટ થઈ જાય છે.

મોહનો ક્ષય થયા વિના તો મોક્ષ સંભવ જ નથી. માટે મોક્ષ આ શબ્દનો વિચાર કરીએ તો મો-મોહ (મોહનીયકર્મ) ક્ષ-ક્ષય એટલે મોહનો ક્ષય ત મોક્ષ અર્થાત મોક્ષની પ્રાપ્તિ માટે મોહનો ક્ષય અનિવાર્ય છે. આ બારમે ગુણસ્થાને સદંતર મોહનો ક્ષય કરી નાંખે છે. અને આત્મા વીતરાગ-વીતદ્વેષ અર્થાત રાગ-દ્વેષરહિત બની જાય છે. ૧૨મે થી ૧૩મે ગુણસ્થાને પ્રવેશ કરતા આત્મા ઉત્તમ ધ્યાનની પ્રક્રિયામાંથી પસાર થાય છે.



શુકલ ધ્યાનના ૪ પ્રકારમાંથી આત્મા ૧-૨ વટાવીને ત્રીજામાં પ્રવેશ કરે છે. ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. અહીંયાં ૧૨મા ગુણસ્થાનકમાંથી ૧૩મા ગુણસ્થાનકમાં પ્રવેશ કરતાં આત્મા કેવળજ્ઞાન પામે છે. તો આ કેવળજ્ઞાન અને એની સાથે શું શું પામે છે ? તે ક્યારે પામે છે ? કેવી રીતે પામે છે ? તેની પ્રક્રિયા બતાવતા પૂજ્ય ઉમાસ્વાતિ વાચકવર્યજી તત્વાર્થાધિગમસૂત્રમાં જણાવે છે કે-

"मोहक्षयात् ज्ञान दर्शनावरणान्तरायक्षयाच्च केवलम्"


અર્થાત મોહનીય કર્મના ક્ષય થયા પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અન્તરાય કર્મોનો પણ ક્ષય થઇ જાય છે. અને આ ચારેના ક્ષયે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ જ વાતને તત્વાર્થાધિગમની અંતિમ કારિકાઓમાં જણાવે છે કે-

સંસારબીજં કાત્સ્ન્યેન, મોહનીયં પ્રહીયતે ॥
તતોઽન્તરાયજ્ઞાનઘન-દર્શનઘ્નાન્યનન્તરમ્।
પ્રહીયતેઽસ્ય યુગવત્, ત્રીણિકર્માણ્યશેષત : ॥

સંસારનું બીજ મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે. (૧ થી ૧૨મા ગુણસ્થાનક સુધી મુખ્યપણે મોહનીય કર્મ ખપાવવાની જ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ સાધના છે. ત્યાર બાદ તરત જ (અંતમુહૂર્ત પછી) જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મ એ ત્રણે કર્મો એકી સાથે સર્વથા નાશ પામે છે. ક્ષય થાય છે. આ જ વાતને દૃષ્ટાન્તથી સમજાવે છે-

ગર્ભસૂચ્યાં વિનષ્ટાયાં, યથા તાલો વિનશ્યતિ।
તથા કર્મક્ષયં યાતિ, મોહનીયે ક્ષયં ગતે ॥

જેમ ગર્ભસૂચિનો–મધ્યમાં રહેલા તંતુનો નાશ થતાં સંપૂર્ણ તાડવૃક્ષ નાશ પામે છે, તેમ મોહનીય કર્મનો ક્ષય (નાશ) થતાં શેષ સઘળાં કર્મોનો ક્ષય થાય છે.



૮ કર્મમાંથી ૪ ઘાતી કર્મોનો ક્ષય થઈ જાય એટલે કેવળ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી બીજા૪ અઘાતી કર્મો બાકી રહે છે. તે નિર્વાણ વખતે ક્ષય થઈ જાય છે. એટલે ૮ કર્મના ક્ષયે મોક્ષ થાય છે.

૧. મોહનીય કર્મના ક્ષયે – વીતરાગતા પ્રાપ્ત થાય છે.
૨. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયે – અનન્ત(કેવળ)જ્ઞાન પ્રાપ્ત થાય છે.
૩. દર્શનાવરણીય કર્મના ક્ષયે – અનન્ત(કેવળ) દર્શન ,, ,,
૪. અન્તરાય કર્મના ક્ષયે – અનન્તદાનાદિ લબ્ધિઓ શક્તિ-ઓ મળે છે.


આ ચારે ઘાતી કર્મોના ક્ષયે આ અનન્તચતુષ્ટયીના ગુણો અનન્ત સ્વરૂપે પ્રાપ્ત થાય છે. અને આત્મા સર્વજ્ઞ–સર્વદર્શી બને છે. ભલે બીજા ૪ અઘાતી કર્મો બાકી રહેવા છતાં એ કંઇ ખાસ નડતાં નથી. એ જ વાતને સમજાવતાં તત્ત્વાર્થની અંતિમ કારિકાઓમાં કહે છે. –

ततः क्षीण चतुष्कर्मा, प्राप्तोऽथाख्यात संयमम् ।
बीज वन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः ॥
शेष कर्मफलापेक्षः, शुध्धो बुध्धो निरामय ।
सर्वज्ञ सर्वदर्शी च, जिनो भवति केवली ॥

આ પ્રમાણે ચારે ઘાતી કર્મોનો ક્ષય થઈ જવાથી અનન્ત ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર)ને પામેલા અને બીજરૂપ મોહનીયાદી કર્મના બંધનથી મુકત તે મહાત્મા, સ્નાતક એટલે અન્તર્મલ (કર્મમલ) દૂર કરવાથી સ્નાન કરેલા અને પરમેશ્વર એટલે કેવળ જ્ઞાનરૂપ ઋધ્ધિ–ઐશ્વર્ય પ્રાપ્ત થવાથી પરમ ઐશ્વર્યવાળા – પરમેશ્વર બને છે, આ અવસ્થામાં તે મહાત્મા શેષ ચાર અઘાતી કર્મોના ઉદયવાળા હોવા છતાં મોહાદિમલ દૂર થવાથી–શુધ્ધ, કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત થવાથી બુધ્ધ–બાહ્ય–આભ્યંતર સર્વ રોગના કારણો દુર થવાથી નિરામય, આ પ્રમાણે સર્વજ્ઞ, સર્વદર્શી, જિન – વીતરાગી, કેવળી બને છે.

મોક્ષ શું છે ? મોક્ષ એટલે શું ?

"कृत्स्नकर्मक्षयो मोक्षः" ॥ તત્વાર્થાધિગમસૂત્રના દસમા અધ્યયનમાં મોક્ષ શું છે તે જણાવતાં કહ્યું, –"કૃત્સ્ન એટલે સર્વ. સર્વથા, સંપૂર્ણપણે સર્વ કર્મોનો ક્ષય એટલે નાશ તેનું નામ મોક્ષ. સર્વ એટલે આઠ કર્મ. કારણ કર્મ આઠ જ છે. આઠથી વધારે કર્મ છે જ નહી. અનાદિકાળથી તથા ભૂતકાળનાં અનન્તા વર્ષોથી ચાલ્યો આવતો જીવ – કર્મના સંયોગનો સર્વથા વિયોગ થવો. બન્ને સદંતર છૂટા પડવા તેનું નામ મોક્ષ છે.




જેમ સૂર્ય અને રાહુનું ગ્રહણ થાય અને પછી બન્ને સર્વથા છૂટા પડી જાય તે જ પ્રમાણે જીવ + કર્મનું ગ્રહણ અનાદિકાળથી થયેલું છે. તેનો સર્વથા વિયોગ થવો તેનું નામ મોક્ષ. ૪ ઘનઘાતી કર્મોનો ક્ષય કર્યા પછી, કેવળજ્ઞાની બન્યા પછી જે ૪ અઘાતી કર્મો શેષ રહ્યાં છે તેનો પણ ક્ષય કરવો. અન્તમાં શૈલેશીકરણ આદિની ક્રિયા કરીને એ અઘાતી કર્મોનો પણ ક્ષય કરી સર્વથા કર્મના સંસર્ગથી મુકત થવું. છૂટા થવુ. અર્થાત હવે ૧ પણ કર્મના સૂક્ષમ અંશનો પણ સંબંધ ન રાખવો, તેનું નામ મોક્ષ, માટે જ "सव्वपावप्पणासणो", આ પદમાં સવ્વ શબ્દ મુકાયો છે. સર્વ પાપકર્મનો પ્રકૃષ્ટપણે નાશ આવો અર્થ થાય છે. અને એ જ સર્વ અર્થમાં "कृत्स्न" શબ્દ મૂકાયો છે

સર્વથા કર્મનાશની સાથે સાથે ...જીવ અને શરીરનો જે અનાદિ સંયોગ ચાલ્યો આવતો હતો તેનો પણ સર્વથા વિયોગ અર્થાત હવે પછી કોઈ શરીર નહીં. શરીર નહિં માટે-કોઈ જન્મ-મરણનહી. જન્મ મરણ નહીં એટલે કોઈ પ્રકારનું સુખ-દુઃખ નહિં. માટે જ મોક્ષ એટલે કર્મરહિતપણું, જન્મ-મરણ રહિતપણું, અશરીરીપણું, સુખ-દુઃખ રહિતપણું, આત્માના સર્વગુણોનું પૂર્ણપણું, આ મોક્ષ છે. મોક્ષ કે મુકતાત્મા કેવો છે તે વિષયમાં જણાવે છે કે-

सिद्धाणं नत्थिदेहो, न आऊ न कम्मं न पाणजोणिओ।
साइ अणंता तेसिं, ठिइ जिणिंदागमे भणिया ॥


વાદિવેતાલ પૂજ્ય શાન્તિસૂરી મહારાજ જણાવે છે કે-સંસારી જીવોને જે શરીર, આયુષ્ય કર્મ, પ્રાણ, યોનિ સ્થિતિ આદિ હોય છે તેમાંનું સિધ્ધને કંઈ જ નથી હોતુ. માટે સિધ્ધને શરીર નથી, આયુષ્ય નથી, કોઈ કર્મ નથી, ૧૦ પ્રકારના પ્રાણોમાંથી હવે કોઈ પ્રાણ નથી. ઉત્પન્ન થવા માટે કોઇ યોનિ નથી. અને તેમની સ્થિતિ આદિ-અનન્ત જિનાગમોમાં કહી છે, જ્યારે મોક્ષે જાય છે. ત્યારે સાદિ-શરૂઆત. પરન્તુ ગયા પછી સદાના માટે અનન્ત. અર્થાત અન્ત વિનાની અવસ્થા તે અનન્ત. હવે પછી મુકતાવસ્થાનો અન્ત કયારેય આવવાનો જ નથી. માટે અન્તરહિત અનન્ત સ્થિતિ હોય છે. આ પ્રમાણે જીવોના મૂળભૂત બે ભેદ કર્યા છે-



સંસારી અને સિદ્ધ આ બન્ને પ્રકારના જીવોમાં આ મૂળભૂત તફાવત પાયાનો છે. જીવત્વ એકસરખું હોવા છતાં આ અવસ્થા ભેદ છે.


સંસારની ચારે ગતિઓમાં ૮૪ લાખ જીવ યોનિઓમાં પરિભ્રમણ કરવાનું જેણે સર્વથા બંધ કરી દીધું છે. હવે કર્મજન્ય અનન્તા ભવો જેણે નથી કરવા. ભવ એટલે સંસાર, ભવ એટલે જન્મ-મરણના ફેરા. આ જેને સર્વથા નથી કરવા અને ચાર ગતિના ચક્રમાંથી જે સંસારમાં ઘાંચીના બળદની જેમ સતત પરિભ્રમણ કરી રહ્યો હતો તેનો હવે ત્યાગ કર્યો અને તે અનાદિના ચક્કરમાંથી છુટકારો મેળવે છે. આ ચાર ગતિમાંથી બહાર નીકળે છે. જન્મ - મરણના આ ફેરામાંથી બહાર નીકળે છે. અને સમ્યક્ દર્શનાદિ રત્નત્રયીની આરાધના

કરીને મોક્ષે જાય છે. 'सम्यग् दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः' તત્ત્વાર્થના આ સુત્રમાં સમ્યગ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિની સાધનાને મોક્ષ મેળવવાનો માર્ગ કહ્યો છે. આ માર્ગે આત્મા મોક્ષે જાય છે.




ચાર ગતિમાં કઇ ગતિમાંથી મોક્ષ મળે


卐 સ્વસ્તિક –સાથીયો એ જ ગતિનો સૂચક છે.



આ જ ગતિઓમાંથી દેવગતિમાંથી મોક્ષ નથી મળતો. સ્વર્ગમાંથી સીધા મોક્ષે નથી જવાતું. યદ્યપિ પાંચ અનુત્તર વિમાનના દેવલોકો વિજય-વૈજયન્તાદિ સિધ્ધશિલાની બિલકુલ નીચે છે, નજીક છે, છતાં ત્યાંના દેવતાઓ સીધા મોક્ષમાં જઇ શકતા નથી. એજ પ્રમાણે, સંપૂર્ણ દેવલોકમાંથી–દેવગતિમાંથી મોક્ષમા જઇ નથી શકાતું. કારણ ત્યાં ચારિત્ર–વિરતિ આદિ ધર્મનો અભાવ છે. નરકગતિ અત્યંત દુઃખદાયી છે. દારૂણ દુઃખો જ ભોગવવાનાં છે. ત્યાં નરકમાં પણ ચારિત્ર–તપાદિનો કોઇ ધર્મ નથી. માટે નરકમાંથી પણ મોક્ષ સંભવ નથી તિર્યંચ ગતિમાં પશુ–પક્ષીઓના જીવોને ધર્મની પ્રાપ્તિ થાય છે. પરન્તુ મર્યાદા છે. પાંચમા ગુણસ્થાનકથી આગળ જ નથી વધી શકતા. સમ્યક્ત્વ પામી શકે છે. વ્રત–નિયમ–પચ્ચ-ખાણાદિ કરી શકે છે. શ્રાવક જીવનની સમકક્ષ આવી શકે છે. પરન્તુ આગળ નથી વધી શકતા, સાધુ નથી બની શકતા અને ચારિત્ર વિના તો મોક્ષ સંભવ નથી.



આ ૪ ગતિમાં એક માત્ર મનુષ્ય ગતિ જ એવી છે કે જેનાંથી આત્મા મોક્ષે જઈ શકે છે. મનુષ્યને બધી જ અનુકૂળતા મળી છે. માનવનો જન્મ, આર્ય-દેશ, આર્યકુળ, ધર્મશ્રવણ ધર્મશ્રદ્ધા, આદિ પ્રાપ્ત થયા પછી ધર્માચરણ કરે. વ્રત-વિરતિધર શ્રાવક બનીને આગળ વધી ચરિત્ર સ્વીકારી સાધુ બન્યા પછી પણ અપ્રમત્ત શુદ્ધ સાધુ બને. તપાદિની સર્વ સાનુકૂળતા છે. તે મનુષ્ય કરી શકે છે. અને પછી આગળ વધતાં આઠમા અપૂર્વ કરણ ગુણ



સ્થાનકથી શ્રેણીના શ્રી ગણેશ કરે. શ્રેણી માંડે. બે પ્રકારની શ્રેણિ છે. એક ક્ષપક શ્રેણી અને બીજી ઉપશમ શ્રેણી.

બન્ને પ્રકારની શ્રેણી સમજાવતા આ ચિત્રમાં બે પ્રકારનાં ચિત્રો છે. આના ઉપરથી બે પ્રકારના સ્વભાવવાળા જીવ સમજી શકાશે. ઉપશમશ્રેણીમાં કર્મોનો સદંતર ક્ષય – નાશ કરવાની વૃત્તિ નથી. પરન્તુ કર્મો દબાવવાની વૃત્તિ છે. દા. ત., જેમ પાત્રમાં કાદવ–કચરો નીચે બેસી જાય અને ઉપર ઉપર શુધ્ધ પાણી દેખાય પરન્તુ શા કામનું ? પીવા જતાં પાત્ર હલી જતાં ફરી પાણી ડહોળાઈ જશે. બીજા દૃષ્ટાન્તમાં સગડી છે. સળગતા અંગારા ઉપર રખ્યા નાંખીને ઢાંકી દેતાં આગ સદંતર ઓલવાઇ નહીં જાય પરન્તુ અંદર તો બળતી જશે. અને જો ઉપર હાથ મૂકવા ગયા તો થોડી વાર પછી રખ્યા બસી ગયા પછી દઝવાનો પ્રસંગ આવશે. એમ ઉપશમ શ્રેણીવાળો પણ કર્મોને દબાવતો જાય છે. પરન્તુ રોગની જેમ કયારેક ઉથલો મારીને આત્માને પાડી નાખે છે. એના કરતાં ક્ષપક શ્રેણીવાળો જીવ ઉત્તમ છે. તે સગડી ઉપર રાખના બદલે પાણી નાંખીને અંગારાને સાવ ઓલવી નાંખે છે. તેમજ ઉકાળીને–પાણી ગરમ કરીને બીજા પાત્રમાં શુધ્ધ જલ લઈને કચરો કાઢી નાંખે ને પછી ઉપયોગમાં લે છે. એટલે હવ કચરો ન હોવાથી ડોળાવાનો પ્રશ્ન જ નથી રહેતો.

આ પ્રમાણે ક્ષપકશ્રેણીવાળો આત્મા સદંતર સર્વથા કર્મોનો ક્ષય કરતો-કરતા જ આગળ વધે છે. અને એમ કરતાં-કરતાં એક દિવસ સર્વ કર્મોનો ભુક્કો બોલાવીને કર્મરહિત શુધ્ધ, બુધ્ધ, મુક્ત બની જાય છે.

મોક્ષે જવા માટે આટલું તો જરૂરી છે

સર્વ પ્રથમ મનુષ્યગતિ તો જોઇએ જ. પૂર્ણ પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, ત્રસપણું, ભવ્યત્વપણું, ક્ષાયિક સમ્યકત્વ પણ જોઇએ. અણાહારીપણું, યથાખ્યાત ચારિત્ર જોઇએ. અને આગળ વધતાં કેવળજ્ઞાન, કેવળદર્શન તથા વીતરાગતા પણ અવશ્ય જોઇએ. આટલું તો અહીંયાં જ પ્રાપ્ત કરવું પડે. ૧૪ વર્ગણામાંથી આટલું તો અનિવાર્યપણે મોક્ષે જવા માટે જોઇએ જ. આમાંની ૧ પણ વસ્તુનો અભાવ હોય તો જીવ મોક્ષે ન જઈ શકે. અને કેવળ જ્ઞાનાદિ થઈ ગયા પછી તો અવશ્ય મોક્ષે જાય જ. કારણ, કેવળજ્ઞાનાદિ અપ્રતિપાતિ છે.

આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પંચ પરમેષ્ઠિમાં સિદ્ધ પદ સર્વોપરિ પદ છે. સાધુ બનીને પણ સિધ્ધ થઈ શકાય છે. ઉપાધ્યાય થઈને પણ સીધા મોક્ષે જઈ શકાય છે. આચાર્ય બનીને પણ મોક્ષે જઈ શકાય છે. અને સાધુમાંથી ઉપાધ્યાય, એમાંથી આચાર્ય અને એમાંથી અરિહંત બનીને પણ મોક્ષે જઈ શકાય છે. ટૂંકવાળે જવું તો બધાને મોક્ષે જ છે અને મોક્ષે જવા માટે આ ચાર જ મુખ્ય વધે છે. ભૂતકાળમાં જે અનન્તા મોક્ષે ગયા છે, તે બધા આ ૪ પદો ઉપરથી જ મોક્ષે ગયા છે. સાધુ તો પ્રથમ મૂળભુત પાયાનું પદ છે. અરિહંત થઈને મોક્ષે ગયેલા વધુ થોડા, તેથી વધારે આચાર્ય થઈને, તેથી વધારે ઉપાધ્યાય થઈને અને સૌથી વધારે સાધુ થઈને મોક્ષે ગયેલા અનન્તા છે. માટે જ કહ્યું કે "ઠાંકરે....

ઠાકરે સિધ્ધયા અનન્તા" સિધ્ધ ક્ષેત્રની ભુમિ કેટલી પવિત્ર છે કે જ્યાંથી અનન્તાત્માઓ મોક્ષે ગયા છે !


મોક્ષે જનારાઓ, ગયેલાઓ આ પાંચ જ મુખ્ય પરમેષ્ઠ છે. માટે જ નવકાર મહામંત્રમાં આ પંચ પરમેષ્ઠિને જ સ્થાન આપવામાં આવેલ છે. માટે રોજ આ પંચ પરમેષ્ઠિને જ નમસ્કાર થાય. માટે નવકાર મહામંત્રનું સ્મરણ....નમસ્કાર અવશ્ય કરણીય છે.

અન્ત સમયે કોઈ પદ્માસનમાં બેઠાં-બેઠાં ધ્યાનમાં મોક્ષે જાય, કોઇ કાયોત્સર્ગમુદ્રામાં ધ્યાનમાં મોક્ષે જાય. કોઇ સંથારો કરી ગયા હોય અને સૂતા સૂતા મોક્ષે જાય. તો પણ જઈ શકે છે. એવો નિયમ છે કે, મોક્ષગમન સમયે અન્તે જે કાયા, શરીર છે તે સ્થિર કરી દે. શૈલેશીકરણાદિ કરે. યોગો રૂંધી લે. અને શરીરનાં પોલાણ ભાગો પૂરીને આત્મા એક ઘનાકારે સ્થિર બને છે.

સંસારી શરીરધારી જીવોના મોક્ષપ્રાપ્તિ યોગ્ય શરીરો જઘન્યથી ઓછામાં ઓછા ૨ હાથની કાયા અને ઉત્કૃષ્ટમાં ૫૦૦ ધનુષ્યની કાયાવાળા જ મોક્ષે જઈ શકે. પરન્તુ તેથી ઓછી ૧ હાથની કાયાવાળા મોક્ષે ન જઇ શકે. છઠ્ઠા આરામાં બધા હાથની કાયાવાળા જ જીવો છે. માટે તેમની મોક્ષે જવાની યોગ્યતા જ નથી. ૫૦૦ ધનુષની કાયાવાળા ઋષભદેવાદિ મોક્ષે ગયા.

મોક્ષે જાય ત્યારે શરીરની જે અવગાહના (ઊંચાઇ પ્રમાણ) હોય તેનો ૧/૩ ભાગ ઘટી જાય છે. એટલા પ્રમાણમાં આત્મા

મોક્ષમાં રહે છે. મોક્ષમાં જે માત્ર આત્મસ્વરૂપે રહે છે ત્યાં તેની અવગાહ અહીંયાં જે અન્તમાં શરીર હતું તેનાં ૧/૩ ભાગમાં જ રહે છે. દા. ત, ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળું શરીર હોય તો તેનો ૧/૩ ભાગ એટલે ફક્ત ૧ હાથ આટલું રહે. અને દા. ત., ૨ હાથ પ્રમાણ શરીરની અવગાહના હોય તો તેનો ૧/૩ ભાગ એટલે ફક્ત ૧ હાથ ૮ અંગુલ



પ્રમાણ જ રહે એટલી જગ્યા મોક્ષમાં આત્મા રોકે. અર્થાત એટલા ક્ષેત્રમાં બિરાજે, સ્થિર રહે. માટે ક્ષેત્ર દ્વાર પ્રમાણે મુકતાત્માની અવગાહનાનો વિચાર કર્યો.

આત્માનું મોક્ષગમન –


ચૌદ રાજલોકના આ બ્રહ્માણ્ડમાં તો સતત જીવોનું એક લોકમાંથી બીજા લોકમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં પરિભ્રમણ થતું જ હોય છે. કોઇ જીવ ઉર્ધ્વ લોક–દેવલોકમાંથી મરીને તિર્છાલોકમાં આવીને જન્મે છે. કોઇ અધોલોકમાંથી આવીને મનુષ્યલોકમાં જન્મે છે. તિર્યંચગતિના એકેન્દ્રિય–બેઇન્દ્રિયના જીવો પણ મૃત્યુ પછી વિહાયો ગતિ કર્મ પ્રમાણે એક લોકમાંથી બીજા લોકમાં આવી જન્મે છે. એમ જન્મ–મરણ સતત સંસારમાં ત્રણે લોકમાં ગમનાગમન ચાલુ જ છે. તે ગતિ સૂચક આ ચિત્રમાં મૃત્યુ પછી ગમન દર્શાવવામાં આવ્યું છે. એમાં કોને કેટલા વક્રા કરવા પડે છે? તથા કેટલો સમય લાગે છે? તેનો ખ્યાલ આવશે. પરન્તુ મોક્ષે જનાર એક જ આત્મા એવો છે જે સીધો ઉપર જાય છે.

"तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात्" ॥ १०–५

कृत्स्न कर्म क्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वन्हिर्निसपादानसन्तति ॥

સર્વ કર્મોનો સર્વથા નાશ થતાં જ આત્મા લોકાન્ત· લોકના અન્ત સુધી ઉપર જાય છે. જેમ નાંખેલાં બધાં લાકડાં બળી જવાથી, લાકડાં વગર બળી રહેલા અગ્નિની જેમ સર્વ

કર્મોનો ક્ષય થવાથી સંસારમાં મૂળ કારણોની પરંપરાથી રહિત બનેલ તે આત્મા નિર્વાણ પામે છે, મોક્ષે જાય છે.



આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક બાલી માટલું ઊંધું કરીને I માં પાણીમાં ઉતારવામાં આવે છે. II માં તેના ઉપર માટીના થર કરેલા છે. નં. III માં ઘડો તળિયે છે. IV માં તેના ઉપરથી માટીના થર પાણીમાં ઓગળવામાં માંડયા. અને માટીના થર સર્વથા પાણીમાં ઓગળી જતાં.... ઘડા ઉપર

બિલકુલ ભાર-વજન ન રહેતાં વજન વિહીન અવસ્થામાં તે ઘડો (V પ્રમાણે) સીધો ઉપર આવશે. કયાં સુધી ઉપર આવશે ? પાણીની સપાટી સુધી અને એ ઘડાને કોણ ઉપર મોકલે છે ? કોઇ નહીં. માટીના થરનો ભાર ઓગળતાં વજન વિહીન થતા સ્વયં પોતાની મેળે જ તે ઉપર આવે છે. જેમ એક પરપોટો સીધો ઉપર આવે છે.

એ જ પ્રમાણે આત્મા પણ એના ઉપર ભારરૂપ રહેલાં આઠે કર્મોનો સહંતર સર્વથા નાશ-ક્ષય થઈ જવાથી, કર્મના ભારથી રહિત, સર્વથા વજન વિહીન અવસ્થામાં, કર્મ રહિત બનીને સ્વયં ઋજુ ગતિએ સીધો ઉપર જાય છે. ઊર્ધ્વગામી બને છે. L૯૦° 90° ના કાટકોણની જેમ સરલ(ઋતુ) ગતિએ સીધી ગતિએ લોકના અન્તભાગ સુધી ઉપર જાય છે. આ સહજ સ્વાભાવિક ગતિએ જીવ જાય છે. એમાં માત્ર ૧ સમય જ લાગે છે. સમયાન્તર પણ થતો નથી. અને એ જ સમયે જીવ જઇને સિદ્ધશિલા ઉપર સ્થિર થઈ જાય છે.

(૧) પૂર્વ પ્રયોગનું દૃષ્ટાન્ત–

કુલાલચક્રે દોલાયાઃ મિથૌ ચાપિ યથેષ્યતે ।
પૂર્વપ્રયોગાદ્ કર્મેહ, તથા સિધ્ધગતિઃ સ્મૃતાઃ॥

પૂર્વ પ્રયોગ–એટલે પહેલાના વેગથી પ્રેરણા વિના પણ થાય છે. જેમ કુંભાર ઘડો બનાવે છે ત્યારે ચક્ર–ચાકડો ગોળ–ગોળ ફરે છે. હિંડોળો હાલે છે. બાણ એકધારું જાય છે આ બધામાં પૂર્વ પ્રયોગ અર્થાત્ પહેલાંથી આપવામાં આવેલ વેગ કારણ છે. પૂર્વના યોગ વ્યાપારની અસરથી સિદ્ધિ ગતિએ જીવોની ગતિ થાય છે.

(૨) અસંગનું દૃષ્ટાંત–

મૃલ્લેપ સડગ વિનિમોક્ષાદ્, યથા દૃષ્ટાસ્વલાબુન : ।
કર્મસડગવિનિમોક્ષાત, તથા સિદ્ધગતિ : સ્મૃતા ॥

એક તુંબડી ઉપર માટીનો લેપ કરીને ભારે બનાવીને ઊંધી પાણીમાં નાંખી હોય. અને પછી માટીનો લેપ પાણીમાં ગળી જતા, ભાર દુર થતા, તુંબડી પોતાની મેળે ઉપર આવે છે. તેમ કર્મનો લેપ–ભાર અહીં દુર થતા સિદ્ધાત્મા સીધો ઉપર જાય છે.

(૩) બંધ છેદનું દૃષ્ટાન્ત–

એરણ્ડ યન્ત્રપેડાસુ, બન્ધચ્છેદાદ્ યથા ગતિ : ।
કર્મબન્ધવિચ્છેદાત્, સિધ્ધસ્યાપિ તથેષ્યતિ

એરંડફળ, યંત્ર અને પેડાનું બંધન છેદાતાં અનુક્રમે બીજ, કાષ્ઠ, પેટાપુટની તુરંત ઉપર ગતિ થાય છે. એ જ પ્રમાણે કર્મનો લેપ દુર થતા હળવો બનેલો આત્મા તુરંત ઉપર જાય છે. ઉર્ધ્વગામી બને છે.

(૪) ઉર્ધ્વગૌરવનું દૃષ્ટાંત-

ઉર્ધ્વગૌરવ ધર્માણો, જીવા ઇતિ જિનોત્તમૈ : ।
અધોગૌરવ ધર્માણ : પુદ્ગલા ઇતિ ચોદિતમ્ ॥

શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે કે, જીવો ઉંચે જવાના સ્વભાવવાળા હોય છે. ઉર્ધ્વગામીપણુ એ આત્માનો સ્વભાવ વિશેષ છે. જ્યારે પુદ્ગલો અધોગામી- અર્થાત નીચે જવાના સ્વભાવવાળા હોય છે.

દા. ત.-

યથા અધસ્તિર્યગર્ધ્વં ચ લોષ્ટ વાર્વાગ્નિવીતય : ।
સ્વભાવતઃ પ્રવર્તન્તે, તથોર્ધ્વં ગતિરાત્મનામ્ ॥

જેમ સ્વભાવથી પત્થર નીચે જાય છે, વાયુ તિર્યગ તિર્છી ગતિ કરે છે, અગ્નિ ઉંચે ગતિ કરે છે. આ બધાના સ્વભાવ છે. તેમ આત્માનો ઉંચે જવાનો સ્વભાવ છે. ધુમાડાની જેમ આત્મા પણ કર્મોને બાળીને ઉપર જ જવાના સ્વભાવવાળો છે.

તો પછી એવો પ્રશ્ન ઉભો થાય છે કે જો સ્વભાવથી જ આત્મા ઉર્ધ્વગામી છે તો નરક વગેરેમાં નીચે કેમ જાય છે ? આનો ઉત્તર આપતા જણાવે છે કે-

અતસ્તુ ગતિવૈકૃત્ય મેષાં યદુપલભ્યતે ।
કર્મણઃ પ્રતિઘાતાચ્ય, પ્રયોગાચ્ય તદિષ્યતે ॥

આત્માની જે સ્વભાવથી વિરૂદ્ધ નીચે આદિ જે ગતિ થાય છે તે કર્મના કારણે છે. કર્મ-(ક્રિયા) પ્રતિઘાત (ભીંત

આદિનો) અને પ્રયોગ (પુરૂષની ઈચ્છા પ્રમાણે) આ મુખ્ય ત્રણ કારણોથી સ્વભાવ વિરૂધ્ધ ગતિ થાય છે. કર્મનું કારણ બતાવતા કહે છે કે,

અધસ્તિર્યગથો ઊર્ધ્વં ચ, જીવાનાં કર્મજા ગતિ : ।
અૂર્ધ્વમેવ તુ તદ્ધર્મા ભવતિ ક્ષીણકર્મણામ્ ॥

કર્મયુકત સંસારી જીવોની કર્મના કારણે ઊર્ધ્વ, (ઉપર) અધો (નીચે) અને તિર્છી એમ ત્રણે ગતિ થાય છે. પરન્તુ જો કર્મ ન હોય તો જીવની પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિ થાય છે. મૂળમાં આત્માનો તો શુદ્ધ સ્વભાવ છે. પરન્તુ કર્મના ભારના કારણે બધુ ઉલ્ટુ થાય છે. અને એ જ કર્મોનો નાશ થાય એટલે જીવાત્માના સ્વસ્વભાવાનુસારે બને છે.

દ્રવ્યસ્ય કર્મણો યદ્વદુત્પત્યારમ્ભવીતય : ।
સમં તથૈવ સિધ્ધસ્ય, ગતિ-મોક્ષ-ભવક્ષયા : ॥

જેમ એક દ્રવ્યની ક્રિયાની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણું) એક સાથે થાય છે. એક સમયે હોય છે. એ જ પ્રમાણે સિદ્ધ જીવના ગતિ, મોક્ષ, અને ભવક્ષય એ ત્રણે ભાવો એક સાથે જ થાય છે. જે સમયે ભવનો ક્ષય, એ જ સમયે ગતિ અને ૧ સમયની ગતિમાંજ મોક્ષે જીવ સ્થિર થઇ જાય છે.

કદાચ મનમાં એવો પ્રશ્ન ઉત્પન્ન થશે કે આ એક સાથે ૧ સમયમાં તો ત્રણે કેવી રીતે બને ? સંભવે ?....તેનો ઉત્તર એક દૃષ્ટાન્તથી આ પ્રમાણે છે.


उत्पत्तिश्च विनाशश्च, प्रकाशतमसोरिह ।
युगपत भवतो यद्वत, तथा निर्वाण-कर्मणोः ॥

જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ આ બેમાં પહેલા–પછીનો ક્રમ નથી સંભવતો, અર્થાત જેવી પ્રકાશની ઉત્પત્તિ થઇ કે તેની સાથે જ અંધારાનો નાશ થયો. બન્ને એકી સાથે જ થાય છે. તે જ પ્રમાણે સર્વ કર્મનો નાશ (ક્ષય) નિર્વાણ=મોક્ષની ઉત્પત્તિ એ બન્ને એકી સાથેજ થાય છે. માટે જ કર્મક્ષય, ભવક્ષય, ઉર્ધ્વગતિ અને મોક્ષમાં સ્થિર થવાનું એક સાથે જ થાય છે. એમાં સમયાન્તર નથી.

આ પ્રમાણે સર્વ કર્મક્ષય થતાની સાથેજ ૧ સમયમાં જીવાત્મા ઉર્ધ્વગમન પૂર્વક ગતિ કરે છે. અને સાતરાજ લોક જેટલું અન્તર ૧ સમય માત્રમાં જાય છે. અને લોકાન્તે સ્થિર થાય છે. અહીંયા એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આટલી ઝડપી ૧ સમયમાં ૭ રાજલોકની ગતિથી જીવ જાય છે તો પછી લોકાન્તે અટકી શા માટે જાય છે? હજી આકાશ તો આગળ અનન્ત છે. અલોકાકાશ આગળ અનન્ત છે. અને લોકાની અંદરનો આકાશ હોય કે અલોકનો આકાશ હોય બન્નેમાં કોઈ તફાવત નથી. આકાશ દ્રવ્ય તરીકે બન્ને એક સરખા છે. તો પછી જીવ હજી આગળ અલોકમાં કેમ નથી જતો? અને લોકના અગ્રભાગે કેમ અટકી જાય છે?

આ પ્રશ્નનો ઉત્તર આપતા જણાવે છે કે....

ततोऽप्युर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्माऽस्ति कायस्याभावात्, सहि हेतुर्गतेः परः ॥



આ ચિત્રમાં નજર કરશો તો ખ્યાલ આવશે કે અનન્ત અલોકના કેન્દ્રમાં ૧૪ રાજલોક પરિમિત ક્ષેત્રવાળો લોક છે. લોકમાંના આકાશને લોકાકાશ અને તે લોકની બહારના આકાશને અલોકાકાશ અથવા શૂન્યાકાશ કહેવાય છે. શુન્યાકાશ એટલે જ્યાં કંઇ જ નથી. લોકાકાશમાંજ ગતિ સહાયક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે, સ્થિતિ સહાયક અધર્માસ્તિકાય દ્રવ્ય છે. જીવો છે. પુદ્ગલ દ્રવ્યો છે.

ત્રસનાડીમાં રહેલા ત્રસ જીવોમાંથી કોઇ ૧ જીવ તિર્છાલોકના અઢી દ્વીપમાંથી કર્મક્ષય કરી મોક્ષે જાય છે ત્યારે ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય ગતિમાં સહાય કરે છે. આ બધા દ્રવ્યો વિષ્કંભાકાર પ્રમાણ ૧૪ રાજલોક પરિમિત ક્ષેત્રમાં જ છે. તેની ઉપર તો છે નહીં. જો અલોકમાં પણ ધર્માસ્તિકાય દ્રવ્ય હોત તો તો જીવ અલોકમાં પણ ગતિ-ગમન કરત. પરન્તુ આ ગતિ અને સ્થિતિ સહાયક દ્રવ્યો અલોકમાં નથી. માટે જીવ અલોકમાં ગતિ નથી કરતો. લોકનો છેલ્લો છેડો જ્યાં છે. જ્યાં સુધી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય નામના દ્રવ્યો છે, ત્યાં સુધી જ જીવ ગતિ કરે છે. અને અન્તે અધર્માસ્તિકાય દ્રવ્યની સહાયથી ત્યાં સ્થિતિ થઈ જાય છે. જીવ રોકાઈ જાય છે. પછી આગળ નથી જતો. કારણ કે હવે આગળ ગતિ સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય જ નથી માટે. એટલે એ લોકના અન્ત ભાગે અથવા લોકના અગ્ર ભાગે (એમ બન્ને કહીએ તો ચાલે) ત્યાં જઇને જીવ સ્થિર થઈ જાય છે. સિધ્ધ ભગવંતોની સ્તુતિ કરવા માટે આ પ્રમાણે શબ્દો વપરાય છે.

सिद्धाणं, बुद्धाणं, पारगयाणं, परंपरगयाणं, ।
लोअग्ग मुवगयाणं, नमो सया सव्व सिद्धाणं ॥

સિધ્ધ થઈ ચૂકેલા, બુધ્ધ=પરમજ્ઞાની બનેલા.

સિદ્ધોનું સ્થાન-સિદ્ધશીલા.

तन्वी मनोज्ञा सुरभि :, पुण्या परमभास्वरा ।
प्राग्भारा नाम वसुधा, लोकमुर्ध्नि व्यवस्थिता ॥

સર્વ કર્મરહિત બનીને અન્તમાં દેહ છોડીને મુક્તાત્મા એક સમયાવચ્છેદે કરીને લોકના અન્ત (લોકના અગ્રભાગે) જઈને સ્થિર થાય છે. સૂક્ષ્મ, મનોહર, સુગંધી, પવિત્ર અને પરમ પ્રકાશમય પ્રાગ્‌ભારા નામની પૃથ્વી લોકના અગ્રભાગે રહેલી છે. ત્યાં જઈને સ્થિર થઈ જાય છે. જેને "સિદ્ધશિલા" એવું નામ આપવામાં આવ્યું છે. અર્થાત જ્યાં ફક્ત સિદ્ધો જ બિરાજમાન છે. એવી પૃથ્વી તે સિદ્ધશિલા અર્ધ ચન્દ્રાકાર જેવા આકારવાલી અને ૪૫ લાખ યોજનના વિસ્તારવાલી છે. કારણ એ છે કે મોક્ષમાં આવનારા જીવો ૪૫ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાલા અઢી દ્વીપમાંથી જ આવે છે. મુક્તાત્મા ૯૦° ડીગ્રિના કાટકોણની સીધી દિશાએ જ જાય છે. માટે જે આત્મા જ્યાંથી જે ક્ષેત્ર–ભૂમિમાંથી જશે તે સિદ્ધાત્મા ઠીક સીધો તે ભૂમિની ઉપર જ સ્થિર થશે. દા. ત. સમ્મેત શિખર તીર્થ ઉપરથી ૨૦ તીર્થંકર ભગવંતો મોક્ષે ગયા છે. "પાર્શ્વનાથ હિલ" પાર્શ્વનાથની જે ટુંક છે. જ્યાં નીચે લોંયરામાં એક મોટો શ્યામ–કાળો પત્થર છે. આ શિલા ઉપર કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા–ઉભા પાર્શ્વનાથ ભગવંતે ધ્યાનમાં અંતિમ અઘાતી કર્મો ખપાવ્યા અને સર્વકર્મ રહિત બનીને સીધા મોક્ષે ગયા તો તેમનો આત્મા એ પાર્શ્વનાથની ટુંકના સીધા ૯૦ ડીગ્રિ ઉપર જ સ્થિર રૂપે બીરાજમાન છે. એજ પ્રમાણે વીશે–વીશ તીર્થંકરો, સર્વ સાધુઓ આદિ મહાવીર સ્વામી ભગવાન પાવાપુરી નગરીમાં અન્તમાં જ્યાંથી દેહ છોડીને આત્મા મોક્ષે ગયો તે સ્થાનની સીધા ઉપર છે. માટે

આ પાવાપુરી સમ્મેત શિખર આદિ પવિત્ર તીર્થધામ છે. નિર્વાણ ભૂમિઓ છે. કલ્યાણક ભૂમિ છે.


જેમ વરસતા વાદળા જ્યાં હોય તેની નીચે જઇને ઉભા રહીએ તો પાત્રમાં પાણી પણ ભરાય. નહીંતર વરસાદ સમુદ્રમાં વરસતો હોય અને આપણે આપણાં ઘરમાં પાત્ર હાથમાં લઇને ઉભા હોઇએ તો પાત્ર કયાંથી ભરાય ? ન જ ભરાય. પરન્તુ એ વરસતા વાદળા નીચે જઇને ઉભા રહીએ તો હમણા ભરાઈ જાય. એ જ પ્રમાણે જે સિધ્ધક્ષેત્ર છે, નિર્વાણ કલ્યાણક ભૂમિઓ છે ત્યાં જઇને તીર્થયાત્રા કરવાથી સિધ્ધ ભગવંતોની સાક્ષાત કૃપામાં ન્હાયા જેવો આનન્દ પ્રાપ્ત થાય છે. સીધી સાક્ષાત કૃપા પ્રાપ્ત થાય છે. અને જ્યાં ઠાંઠરે....ઠાકરે....અનન્તા સિધ્યા એવા સિદ્ધ ક્ષેત્રની યાત્રાનુ વધુ મહત્વ આ જ કારણે છે કે અહીંથી અનન્તા આત્માઓ સિદ્ધ થયા છે. જાણે માથા ઉપર છત્ર ધારણ કર્યું છે, છત્રી રાખી હોય, એવા ખુલ્લી છત્રીના જેવા આકારવાળી જે સિદ્ધશીલા છે ત્યાં સિદ્ધાત્માઓ બિરાજમાન છે. ઠીક એમની નીચે એ ભુમિમાં જવાથી જ્યાંથી જે ભુમિમાંથી આત્મા સિદ્ધ થયો છે, ત્યાંના પવિત્ર શુદ્ધ પરમાણુઓ પણ ઘણી સારી અસર કરે છે. જાણે ઉપરથી વરસતા ગંગા (કૃપા-આશીર્વાદ)ના ધોધમાં ન્હાયા એવો અનુભવ થાય છે. માટેજ આવી કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રાએ જવાનું વિધાન છે.

સિદ્ધશીલા ૪૫ લાખ યોજનના જ વિસ્તાર પ્રમાણની શા માટે ? એવા પ્રશ્નના ઉત્તરમાં ખાસ કારણ એ જ છે કે, નીચે મનુષ્યલોક જ્યાંથી મોક્ષે જવાય છે તે દ્વીપ સમુદ્રોનું


ક્ષેત્ર પણ ફક્ત ૪૫ લાખ યોજન પરિમિત જ છે. એમાંથી જ જીવો મોક્ષે જાય છે. એની બહારના અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં તો ફક્ત તીર્યંચોની વસતિ છે. અઢીદ્વીપની બહાર મનુષ્યો નથી. અને મનુષ્ય સિવાય બીજી કોઈ પણ ગતિમાંથી, બીજો કોઇપણ પશુ-પક્ષી-દેવ-નારક તો મોક્ષે જાય જ નહી. તેમનો તો સવાલ જ નથી. માટે અઢીદ્વીપ ૪૫ લાખ યોજન પરિમિત મનુષ્ય લોકના માપ પ્રમાણ ૪૫ લાખ યોજનની જ છે.

મોક્ષમાં સિદ્ધાત્મા કેવી રીતે રહે છે ?

આત્મા તો જ્યોતિ સ્વરૂપ પ્રકાશમાન છે. જેમ એક પ્રકાશનો ગોળો નાના-મોટા સાધનમાં રાખવામાં આવે (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે) તો તેનો પ્રકાશ તેને મળેલા નાના-મોટા



ક્ષેત્રમાં જ પ્રસરીને રહેશે. પરન્તુ દીવાને (ગોળાને) કોઈ ફરક નથી પડતો. એટલુ જ નહી, પરન્તુ એક જ રૂમમાં જો ૧ હજાર ગોળા લગાડયા હોય તો પણ બધાનો પ્રકાશ એક જ રૂમમાં રહી શકે છે. એક ગોળાનો પ્રકાશ બીજામાં, બીજાનો ત્રીજામાં, ત્રીજાનો ચેાથામાં એમ અન્યેાન્ય–પરસ્પર મળીને



રહી શકે છે. અથવા જેમ એક સાથે ૫–૬ દીવડાઓ ભેગા કરીએ તો તે બધાની જ્યેાતિ એક બીજામાં મળી જાય છે. મળ્યા પછી આપણે પારખી પણ નથી શકતા. પરન્તુ જ્યારે દીવડાઓને છૂટા પાડીએ છીએ ત્યારે બધાની જ્યેાતિ પણ સ્વતંત્ર છુટી પડી જાય છે. અને તેનેા પ્રકાશ પણ છુટેા પડી જશે. એ જ પ્રમાણે મેાક્ષમાં અશરીરી એવા આત્માઓ પણ પ્રકાશપુંજ જેવા જ છે. બધા દીવડાઓની જ્યેાત જેમ ભેગી થઇને રહી છે તેમ અનેક સિદ્ધોના આત્માઓ પણ એકબીજામાં સમાઈને રહી શકે છે. પરન્તુ અવ્યાબાધ-પણું હેાવાથી કયાંય કોઇને પણ બાધ થવાનેા સંભવ નથી. એક સ્થાનેથી એક આત્મા સિદ્ધ થયેા. પરન્તુ કાળાન્તરે એ જ સ્થાનેથી બીજો આત્મા પણ સિદ્ધ થઈ શકે છે, ફરી ૬૮૨ વર્ષો પછી બીજો, ત્રીજો, ચેાથેા ફરી કાળાન્તરે પાંચમેા–છઠ્ઠો સિધ્ધ થઈ શકે છે. એમ, કાળ અનન્ત છે. અને જીવેા પણ

અનન્ત છે. એક જ ક્ષેત્ર, ભૂમિમાંથી અનેક મોક્ષે જઈ શકે છે. અને બધા જ સીધા–સરલ ઋજુગતિએ જઇને લોકાન્તે સ્થિર થાય છે.

આ પ્રમાણે સિધ્ધ થતા જાય છે તે સિધ્ધ થનાર, મોક્ષે જનાર આત્માઓમાં અન્તર પડે તો પણ કેટલું? જઘન્ય (ઓછામાં ઓછુ) ૧ સમયનું અંતર પડી શકે છે. એકવાર આંખ બંધ કરીને ઉઘાડીએ એટલા ૧ પલકારામાં તો અસંખ્ય સમયો વીતી જાય છે. એમાં ૧ સમય જેટલું જ જઘન્ય અન્તર પડી શકે છે. અર્થાત ૧ સમયે એક સિધ્ધ થયા પછી બીજો તરતના બીજા સમયે સિધ્ધ થઈ શકે છે. જો કે એક સમયે ૧૦૮ સિધ્ધ થયા એવો અચ્છેરારૂપ પ્રસંગ પણ બનેલો છે. એ જ પ્રમાણે ઉત્કૃષ્ટથી વધુમાં વધુ એક સિધ્ધ થયા પછી બીજાને સિધ્ધ થવામાં આંતરુ પડે તો વધુમાં વધુ છ મહિનાનું આંતરુ પડે પણ તેથી વધારે નહિ. અર્થાત દર ૬ મહિને ૧ આત્મા તો અવશ્ય મોક્ષે જાય જ. આ પ્રમાણે અનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ વીતી ગયો છે. માટે અનન્ત આત્માઓ મોક્ષે ગયા છે. એ સયુક્તિક સિધ્ધ થાય છે. માટે સિધ્ધશીલા ઉપર પહોંચેલા સિધ્ધ પરમાત્માઓ પણ અનન્તા છે. "नमो सिद्धाण" "नमो सया सव्व सिद्धाणं" ના પવિત્ર ટુંકા મંત્રથી એક વાર બોલવા માત્રથી પણ અનન્તા સિધ્ધોને એક સાથે નમસ્કાર થાય છે.

સિદ્ધાત્માનો અનન્ત ઉપકાર—

આ સૃષ્ટિના નિયમની એવી વ્યવસ્થા છે કે એક આત્મા જ્યારે સિધ્ધ બને છે, મોક્ષે જાય છે ત્યારે જ નિગોદ-માંથી એક આત્મા સંસારમાં આવે છે. નિગોદ જે મૂળભૂત જીવરાશિ છે, જીવોની ખાણ છે. તે અવ્યકતાવસ્થા જેવી સૂક્ષ્મ અવ્યવહાર રાશિમાંથી ૧ નિગોદનો જીવ બહાર નીકળે છે. અને તે આત્મા હવે સંસારના વ્યવહારમાં ચારે ગતિ અને પાંચે જાતિમાં પરિભ્રમણ કરશે.

જેમ એક માતા ન હોત તો આપણને જન્મ કોણ આપત ? એમ ૧ આત્મા સિધ્ધ ન થયો હોત તો આપણા જેવો જીવ નિગોદમાંથી બહાર જ કયાંથી આવ્યા હોતા માટે નિગોદના ગોળામાંથી આપણને જન્મ અપાવી નિગોદપણું છોડાવનાર માતા તુલ્ય કોઈ હોય તો તે એક માત્ર સિધ્ધાત્માજ છે. માટે સિધ્ધાત્મા માતાસમાન પૂજય છે. અને એ સિધ્ધા-ત્માને સિધ્ધ થવા માટે ધર્માંરાધનાની પ્રાપ્તિ કરાવનાર અરિહંત છે. અરિહંતે ધર્મતીર્થ સ્થાપ્યું તો ધર્મ મળ્યોને ? નહીતર ધર્મ વિના કયાંથી સિધ્ધ થાત ? માટે અરિહંત એ પિતા તુલ્ય છે. અને નવકાર મહામંત્રમાં પ્રથમ સ્થાને અરિ-હંત પૂજનીય છે. બીજા પદે સિધ્ધ પરમાત્મા પૂજનીય છે. આ પ્રમાણે અરિહંત–સિધ્ધ પરમાત્માનો અનન્ત ઉપકાર છે.

ભલે આજે વર્તમાનકાળે કપરા કળિયુગે પાંચમા આરામાંથી અહીંથી કોઈ મોક્ષે ન જતું હોય પરન્તુ મહા વિદેહ ક્ષેત્રમાં જયાં સદા માટે ચોથો આરો જ વર્તે છે. ત્યાંથી

તો સતત મોક્ષ ચાલુ જ છે. પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં તો કયારેય મોક્ષમાર્ગ બંધ રહેતોજ નથી. સદાકાળ માટે ચાલુ જ રહે છે. એ પ્રમાણે અનન્તા આત્માઓ ભૂતકાળમાં સિદ્ધ થયા છે અને ભવિષ્ય કાળમાં અનન્તા આત્માઓ સિદ્ધ થશે. એવીજ સ્તુતિ કરતાં શકસ્તવ (નમુત્થુણં)માં કહયું છે કે

જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસંતિણાગ એકાને ।
સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥

જે અતીત–ભૂતકાળમાં સિદ્ધ થયા છે, અને જે ભવિષ્યકાળ–અનાગત કાળમાં સિદ્ધ થશે. તથા જે સંપ્રતિ વર્તમાનકાળે સિદ્ધ થઈ રહ્યા છે તે સર્વેને મન, વચન, કાયાથી ત્રિવિધે નમસ્કાર કરું છું. વન્દન કરું છું.

જઈ આઇ હોઈ પુચ્છા, જિણાણમગ્ગંમિ ઉત્તર તઇઆ ।
ઇક્કસ્સ નિગોયસ્સ આગંત ભાગો ય સિદ્ધિ ગઓ ॥"


જ્યારે કયારેય પણ પ્રશ્ન પૂછશો કે કેટલા મોક્ષે ગયા ત્યારે ત્યારે જિનેશ્વર ભગવંતના આગમોમાં, માર્ગમાં એક જ ઉત્તર મળશે કે એક નિગોદનો પણ અનન્તમો ભાગ જ મોક્ષે ગયો છે. નિગોદના જીવો અનન્તા અનન્ત છે. જયારે મોક્ષે ગયેલા સિધ્ધાત્માઓ અનન્તા છે.

સિધ્ધાત્મા અનન્ત લોકાલોકાકાશ સુધી જુએ જાણે છે

તાદાત્મ્યાદુપયુક્તાસ્તે, કેવલજ્ઞાન–દર્શનૈઃ ।
સમ્યક્ત્વસિદ્ધતાવસ્થા, હેત્વભાવાચ્ચ નિષ્ક્રિયા ॥

સિધ્ધાત્મા તાદાત્મ્યભાવે કેવળજ્ઞાન અને કેવળ દર્શનથી ઉપયુકત એટલે કેવળજ્ઞાન–કેવળદર્શનના સતત ઉપયોગમય છે. સમ્યકત્વ અને સિધ્ધત્વમાં અવસ્થિત છે. કોઇ પણ જાતની

અનન્ત લોક-અલોકજાણ
સુધી કેવલ જ્ઞાની જુએ છે.



ક્રિયાનું કારણ ન હોવાથી નિષ્ક્રિય-ક્રિયા રહિત છે. અનન્તકાળ સુધી પણ હલવા-ચાલવાનું નથી. જે આકાશ પ્રદેશે સ્થિર થયા છે તે અને તેટલા જ આકાશ પ્રદેશમાં તેમને અનન્તકાળ સુધી એમ ને એમ જ સ્થિર રહેવાનું છે. એમાં અંશ માત્ર પણ અહીંથી ત્યાં હલન-ચલન આદિ કંઇ જ નથી કરવાનું. સ્થિર જ રહેવાનું છે.

આ સ્વરૂપે ચૌદરાજ લોકના સર્વોપરી અગ્રભાગે બિરાજમાન સિદ્ધાત્મા સતત કેવળજ્ઞાન–કેવળદર્શનના જ ઉપયોગવાળા છે. આ જ્ઞાનમાં ઉપયોગ મુકવો નથી પડતો. લોકાન્ત બેઠેલા સિદ્ધાત્મા અનંત કેવળજ્ઞાન–કેવળદર્શનથી અનન્તલોક તથા અલોકાકાશ હાથમાં આંવાની જેમ સ્પષ્ટ જુએ છે. એમના જ્ઞાન–દર્શનથી એ સર્વત્ર વ્યાપ્ત છે. એ જ કેવળજ્ઞાન –દર્શન અહીંયાં સશરીરી અવસ્થામાં જ તેરમા ગુણસ્થાને આવતાં પ્રાપ્ત થઇ જાય છે. તે જ સિદ્ધાત્મામાં પણ સદાકાળ રહે છે. માટે સિદ્ધાત્મા એમના જ્ઞાન–દર્શનથી સર્વ લોકાલોક વ્યાપી છે. પરન્તુ આત્મ દ્રવ્યથી સર્વત્ર નથી. માટે આત્માને વિભુ અને સર્વવ્યાપી માનવો હોય તો માત્ર તેના અનન્ત જ્ઞાનથી જ માની શકાય. અન્યથા સ્વદ્રવ્યથી નહી. અલોકમાં શું શું નથી ? કેમ કંઈ જ નથી ? કેમ શુન્યાકાશ, અલોકાકાશ છે ? તે પણ જોઇને સર્વજ્ઞ ભગવંતે જ કહ્યું છે. અલોકમાં ફકત આકાશ જ છે, પરન્તુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવો, પુદ્ગલ પરમાણુઓ આદિ કંઈજ નથી. એ બધું લોકમાં જ છે. અને લોક COSMOS આવો છે. વગેરે આ બધી વિગત કોણે જણાવી છે? સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવંતોએ જ જણાવી છે માટે એમાં શંકાને સ્થાન નથી અને તેમના જ વચનો તે આગમ છે. માટે આગમ પણ પ્રમાણોમાં મોટુ પ્રમાણ છે તે પણ ગ્રાહ્ય છે. આગમ પ્રમાણથી પણ ઘણું જાણી શકાય છે.

પુણ્યના અભાવે પણ સિદ્ધો સુખી છે.

પુણ્ણા-પુણ્ણકયાइं जं सुह-दुक्खाइ तेण तन्नासे ।
तन्नासो तो मुत्ता नस्सुह-दुक्खो जहागासं ॥ २००२

अहवा निस्सुह-दुक्खो नमं व देहे-क्रियादभावाओ ।
आहारो देहोच्चिय जं सुह-दुक्खोवलद्धीण ॥ २००३

પ્રભાસ સ્વામીનો પ્રશ્ન એ છે જે સુખદુઃખ છે તે પુણ્ય-પાપ જન્ય છે (કૃત છે.) કારણના નાશથી કાર્યનો પણ નાશ થાય છે. જેમ ઘી કે તેલના નાશ થવાથી દીવો પણ નાશ પામે છે. એમ પુણ્ય-પાપનો નાશ થાય છે. કારણરૂપે પુણ્ય-પાપ હતા અને કર્મક્ષયમાં તે જ ન રહ્યા તો પછી તેમાંથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખ તો કયાંથી રહે ? માટે મુકતાત્મા આકાશની પેઠે સુખ-દુઃખ રહિત સિધ્ધ થશે અને બીજી રીતે સુખ-દુઃખનો અનુભવ કરવા માટે જે શરીર, ઇન્દ્રિયો આદિ સાધન હતા. હવે મોક્ષમાં અશરીરી અવસ્થામાં એ પણ નથી રહયા તો પછી સિધ્ધો અનન્ત સુખી વગેરે કયાંથી કહી શકાય ? કારણ શરીર ઇન્દ્રિયો તો સુખ-દુઃખની ઉપલબ્ધિનો આધાર છે. બીજુ પુણ્યનું ફળ કર્મોદય જન્ય હોવાથી દુઃખ રૂપ જ છે. એ જ વાત પાપના ફળમાં પણ કહી શકાય. આ પ્રમાણે કહેવુ તો પ્રત્યક્ષ વિરૂધ્ધ લાગશે.

ઉપરોકત પ્રભાસના પ્રશ્નનો ઉત્તર આપતાં સર્વજ્ઞ પ્રભુ ફરમાવે છે કે

जतोच्चिय पच्चेक्खं सोम्म ! सुहं नत्थि दुक्खमेवेदं ।
तप्पडियारविभत्तं तो पुण्णफलं पि दुक्खं ति ॥
विसयसुहं दुक्खं चिय दुक्खंपडियारओ तिडीपिल्लव्व ।
तं सुहमुवयाराओ न रोगयारो विणा तच्चं ॥
तम्हा जं मुतसुहं तं तत्तं दुक्खंसंखहऽवस्स ।
मणिणोऽणाबाहस्स व णिप्पडियारप्पसूइओ ॥

-હે સૌમ્ય ! પ્રત્યક્ષ જે રૂપે સુખ જણાય છે તે હકીકતમાં તો સુખ નથી પણ દુઃખ જ છે. માત્ર દુઃખના પ્રતિકાર રૂપે તેની વ્યવસ્થા કરી છે. એટલે પુણ્યનું ફળ પણ દુઃખ રૂપ જ છે. જેમ રોગની શાન્તિ માટે જ્યારે દવા-ઉપચાર વગેરે કરવામાં આવે છે, ત્યારે દુઃખ-તકલીફ પણ થાય છે. પરન્તુ તે સુખરૂપ માનવામાં આવે છે. તેમ વિષય-સુખ પણ દુઃખના પ્રતિકારરૂપ હોવાથી દુઃખરૂપ છતાં પણ સુખરૂપ કહેવાય છે. હકીકતમાં તો તે સુખ નથી. પરન્તુ સુખાભાસ માત્ર છે. તે તો ઉપચારથી સુખ કહેવાય છે. હે પ્રભાસ ! તને જે એમ લાગે છે કે સ્ત્રીયોગે વિષયસુખ અને ચક્રવર્તી આદિ પદની પ્રાપ્તિ વગેરે સ્વસંવેદ્ય સુખને દુઃખ કહેવું તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે, એ પણ યોગ્ય નથી. ઉપચાર સત્ય સુખ વિના સંભવ નથી.

મોહમાં મૂઢ જીવો પરિણામે દુઃખદાયીને પણ સુખ માને છે. વૈષયિક સુખો તો ક્ષણિક સુખો છે. તે કાળાન્તરે, પરિણામે દુઃખદાયી નીવડે છે. પુણ્ય પણ કર્મ જ છે. અને તે પુણ્યોદયે આવાં વૈષયિક-ભૌતિક સુખો પણ વસ્તુતઃ તો દુઃખ જ છે. એ તો ઔષધોપચાર જેવા થયા. કોઢ-હરસ આદિ રોગોમાં છેદન-ભેદન વગેરેના ઉપચારો જેમ ક્ષણિક દુઃખદાયી માનીને અન્તે સુખની લાલસા છે. તેમ આ વૈષયિક દુઃખોને જીવે ક્ષણિક પણ સુખરૂપે માન્યા છે. રતિ-પ્રિય છે. અરતિ અપ્રિય છે. આ પણ ઉપચાર માત્ર છે. ઔપચારિક સુખ તો આભાસમાત્ર છે.

જ્યારે ઉપચારૂ રહિત સત્ય સુખ તો મોક્ષમાં જ છે. અને મોક્ષમાં મુકતાત્માનું સુખ તો સર્વ કર્મના સર્વ દુઃખના ક્ષયથી જન્ય સુખ છે. પુણ્ય નથી કે પાપ નથી. કારણ પુણ્ય-પાપ પણ છે તો કર્મ જ ને? ફરક એટલો કે પુણ્ય એ શુભ કર્મ છે, જ્યારે પાપ એ અશુભ કર્મ છે. એવું પણ નથી કે માત્ર અશુભ કર્મ પાપના જ ક્ષયથી મોક્ષ મળે છે અને પુણ્ય એટલે શુભ કર્મ હોય તો જ મોક્ષ મળે છે. ના એવું પણ નથી.

જેમ પાપ એ અશુભ કર્મ છે તો પુણ્ય પણ શુભ કર્મ છે. એનો પણ ક્ષય-નાશ કરવો જ પડે છે. માટે મોક્ષ એ પુણ્યથી નથી મળતો. એ તો પુણ્ય-પાપરૂપ સર્વ કર્મના ક્ષયથી મળે છે. પુણ્ય સુખોત્પાદક સુખ સામગ્રીકારક ખરું પણ અન્તે તો તે પણ બન્ધન રૂપ જ છે. દા. ત. સોનાની સાંકળ પણ હોય, અથવા સોનાનું પાંજરૂ પણ હોય. હીરા-મોતી પણ જડ્યા હોય તો પણ તે છે તો બંધનરૂપ જ. સંસારનાં પુણ્ય જન્ય જે સુખ-સામગ્રી, ઐશ્વર્ય, ભોગ-વિલાસ વૈભવાદિ સુખો પણ આત્માને તો બંધનરૂપ જ છે. માટે તે પણ હોય છે. મુમુક્ષુ-મોક્ષાર્થી જીવ માટે તે પણ હોય છે. ત્યાજ્ય છે. સાંસારિક સુખો, વૈષયિક-પૌદ્ગલિક સુખો પણ પુણ્ય જન્ય હોવા છતાં પણ દુઃખદાયક છે. કર્મ બંધાવનાર છે. દુઃખ-દુર્ગતિના કારણરૂપ છે. માટે મોક્ષાર્થી સાધુ-મુનિ આવા સાંસારિક સુખોનો ભોગવટાનો ત્યાગ કરે છે. અને પુણ્યોપાર્જન તરફ પણ લક્ષ નથી રાખતા. તે પણ ઉપાદેય નથી ગણતા. કારણ કે પુણ્યથી મોક્ષ નથી મળતો. મોક્ષ તો

પુણ્ય-પાપરૂપ ઉભય શુભાશુભ કર્મના ક્ષયથી જ મળવાનો છે. સાંસારિક સુખો, વૈષયિક સુખો, પૌદ્ગલિક સુખો એ સાચા સુખ નથી. પરન્તુ આત્મા સ્વયં શરીર-ઇન્દ્રિયો અને મનના અભાવમાં જે સુખ વેદે છે. અનુભવે છે તે જ વાસ્તવિક સુખ છે. સાચું સુખ છે.

આત્માના આવરણરૂપ કર્મોના નાશથી જ આત્મા સ્વગુણાભ્યાસદશાનું, સ્વભાવરમણતાનું સાચુ સુખ અનુભવશે. દા.ત. શાસ્ત્રકાર મહર્ષિ તો અહીં સુધી ફરમાવે છે કે જેઓએ અહંકાર-કામ-મોહ આદિને જીતી લીધા છે, અને જેઓ મન, વચન, કાયાના વિકારોથી રહિત છે, આશાઓ ઇચ્છાઓ આદિ જેમની નથી રહી તેવા ભવ્યાત્માઓને તો અહીંજ સાચા સુખની અનુભુતિ થાય છે. શ્રી પ્રશમરતિ પ્રકરણમાં પૂ. ઉમાસ્વાતિ મહારાજ ફરમાવે છે કે-

निर्जितमदमदनानां वाक्काय मनोविकाररहितानाम् ।
विनिवृतपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥

અર્થાત જેમને વચન, શરીર અને મનના વિકારોથી રહિત અભિમાન અને વિષય-વાસનાના કામને જીતનારા અને પારકી (પર વ્યકિત કે વસ્તુની) આશા-અપેક્ષા ન રાખનારા શાસ્ત્રાજ્ઞાના પાલક સાધક માટે તો જાણે અહીંયાં જ મોક્ષ છે. અર્થાત આ બધા વિકારો અને વિકૃતિઓના અભાવમાં મોક્ષ છે. હવે એ મોક્ષની અહીંયાં જેને ઉપમા આપી છે તે કેવી રીતે છે તે કહે છે-

स्वर्ग सुखानि परोक्षाण्यत्यन्त परोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम् ॥

સ્વર્ગના સુખો તો પરોક્ષ છે અને મોક્ષના સુખો તો એનાથી પણ અત્યન્ત પરોક્ષ છે તેની તો વાત જ શી કરવી? પરન્તુ એકમાત્રપ્રશમ સુખ જ પ્રત્યક્ષ છે. કારણ કે તે પ્રશમ (પ્રશાન્ત) રસનું સુખ નથી તો પરાધીન (પરવશ) કે નથી તો વિનાશી. સંસારમાં બધું ચોરાઇ શકે છે. પરન્તુ આત્માનો આનન્દ કદાપિ નથી લૂંટાતો. નથી ચોરાતો. આત્મ સુખ વિનાશી નથી, અવિનાશી છે.

માટે મુકતાત્માનું સુખ-"सादिकमनन्त मनुपममव्याबाधसुखमुत्तमं प्राप्तः" સાદિ-અનન્ત, અનુપમ-અર્થાત જગતમાં જેની કોઇની પણ સાથે ઉપમા જ ન આપી શકાય એવું, અને અવ્યાબાધ એટલે કોઇથી પણ બાધા-પરાભવ ન પામે તેવું મુકતાત્માનું સુખ છે. જેમ એક આદિવાસી જંગલી ભીલને ચક્રવર્તીના ષટરસ ભોજનના સુખની શું કલ્પના આવી શકે ? સંભવ નથી. એમ સર્વ કર્મ રહિત મુકતાત્માના અનન્ત અવ્યાબાધ સુખની આપણા જેવા સંસારી સુખને તો કલ્પના પણ કયાંથી આવે ? સંભવ નથી.

સંસારમાં તો સુખ શેમાં છે તે કહે છે-

लोके चतुर्ष्वर्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाभावे, विपाके मोक्ष एव च ॥

લોકવ્યવહારમાં વિષય વાસના જન્ય ક્ષણિક સુખને, વેદના=દુ:ખ-પીડાના અભાવને, વિપાક-પરિણામને અને મોક્ષ એ ચાર અર્થોમાં સુખ-શબ્દનો પ્રયોગ થાય છે. જેમ કે ઠંડી ગર્મી, સુંવાળુ સ્પર્શ આદિ પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોને

તથા વિષય–વાસના જન્ય કામસુખને પણ સંસારી જીવો સુખ માને છે, દુઃખ ન હોય, અને શરીર સારું નીરોગી હોય તો પણ હું ખૂબ સુખી છું એમ સંસારી જીવો માની લે છે, પુણ્યકર્મના વિપાકથી ઈષ્ટ–પ્રિયાનુભવને પણ સુખ માનનારા સંસારી જીવો ઘણા છે. પરન્તુ સાચા અર્થમાં તો ચોથો પ્રકાર જે મોક્ષ સુખ છે તે તો કલેશ–કષાય–કર્મવિપાક રહિત છે. માટે મોક્ષ સુખ જ અનુપમ છે તે કહે છે–

પુણ્યકર્મવિપાકાચ્ચ, સુખમિષ્ટેન્દ્રિયાર્થજમ્ ।
કર્મક્લેશવિમોક્ષાચ્ચ, મોક્ષે સુખમનુત્તમમ ॥

પુણ્ય કર્મના ફળસ્વરૂપે, ઈષ્ટ ઈન્દ્રિય જન્ય સુખો તથા કર્મ કલેશથી રહિત જે સુખ છે તે જ અનુત્તમ–અનુપમ મોક્ષ સુખ છે.

લોકે તત્સદૃશો હ્યર્થઃ, કૃત્સ્નેઽપ્યન્યો ન વિદ્યતે ।
ઉપમીયેત તદ્યેન, તસ્માન્નિરૂપમં સુખમ્ ॥

સમસ્ત લોક–બ્રહ્માણ્ડમાં (વિશ્વમાં) મોક્ષસુખ જેવો અન્ય કોઈ પદાર્થ નથી, કે જેની સાથે મોક્ષસુખને પરખાવી શકાય. માટે મોક્ષસુખ અનુપમ છે. મોક્ષના સુખની સંસારમાં ઉપમા પણ આપી શકાય તેમ નથી.

પ્રત્યક્ષં તદ્ ભગવતામર્હતાં તૈશ્ચ ભાષિતમ્ ।
ગૃહ્યતેઽસ્તીત્યતઃ પ્રાજ્ઞૈ, ર્ન છદ્મસ્થપરીક્ષયા ॥

આવું અનુપમ મોક્ષસુખ અરિહંત ભગવંતોને પ્રત્યક્ષ છે અને તેમને જ તેનો ઉપદેશ આપ્યો છે. અને તેથી જ બુદ્ધિશાળીઓ મોક્ષના સ્વરૂપ તથા સુખને સમજી શકયા છે. બાકી, છદ્મસ્થ જીવોની પરીક્ષાથી તો તે ગમ્ય પણ નથી.


સર્વકર્મથી મુકત મુકતાત્મા–સિધ્ધાત્મા પોતાના અનન્ત જ્ઞાનાદિ ગુણોમાં સતત–સદા મસ્ત છે. માટે તેમનો અવ્યાબાધ અનન્ત સુખ જ્ઞાનવેદ્ય છે. સચ્ચિદાનન્દ સ્વરૂપમાં છે. આનન્દ ઘન સ્વરૂપમાં છે. ચિધ્ધન, ચિદાનન્દ સ્વરૂપમાં છે. તેમાં ઓટ આવવાની નથી. શકસ્તવ (નમુત્થુણં)માં સિધ્ધિગતિનાં વિશેષણો આપતા જણાવે છે કે –

"सिव-मयल-मरुअ-माणंत – मक्खय-मव्वाबाह-मपुणशवित्ति सिध्धिगइ"

ઉપદ્રવરહિત કલ્યાણકારી, અચલ અર્થાત કદાપિ ચલાયમાન ન થાય તેવુ, ફરીથી કોઈ કર્મો હવે તે મને બંધાય તેમ નથી, અનન્ત સ્વરૂપે જ્ઞાન, સુખાદિ છે, અક્ષયસ્થિતિ છે. મોક્ષાવસ્થા–સિધ્ધસ્વરૂપ કયારેય નષ્ટ નથી થવાનું, અવિનાશી છે. અવ્યાબાધ અર્થાત કોઇથી પણ બાધા–પરાભવ પામે તમ નથી. અને મોક્ષ એવું સ્થાન છે જ્યાં ગયા પછી અપુનરાવૃત્તિ ફરીથી પાછા આવવાનું નથી. કારણ ત્યાં કર્મબંધના હેતુઓ નથી, કારણો નથી, મન–વચન–કાયા આદિ નથી. નથી તો રાગ–દ્વેષ. માટે મુકતાત્મા કયારેય પણ અર્થાત અનન્તા કાળે પણ પાછા સંસારમાં નથી. આવતા ગમે તેવા પ્રસંગે–નિમિત્તે કે કારણે તેમને આવવાનું કોઈ પ્રયોજન જ નથી. ધર્મના અભ્યુદય માટે કે અનુગ્રહ માટે અથવા પરિત્રાણ–બચાવવા વગેરે કોઇ પણ હેતુથી મુકતાત્મા ફરી સંસારમાં નથી આવતા. માટે અવતારવાદ માનવો એ ઉચિત નથી.

સિદ્ધના મુખ્ય ૮ ગુણો—

વ્યાપક વિચાર કરતા સિદ્ધના ગુણો તો અનન્ત છે. આયુષ્ય પુરૂ થઈ જાય તો પણ આ અનન્ત ગુણો ગણી ન શકાય. કારણ જે સિદ્ધાત્મા પૂર્ણ છે, પરિપૂર્ણ છે, સંપૂર્ણ છે, તેમનામાં કઈ વાતનું અધુરાપણું હોય ? સર્વ ગુણોની પરમ શુધ્ધતા અને પરિપૂર્ણતા સિધ્ધોમાં જ હોય. પછી તે જ્ઞાનાદિ હોય કે શકિત આદિ હોય. બધા જ ગુણો સિધ્ધોમાં ચરમ કક્ષાએ છે.



આત્માના મુખ્ય–મૂળભૂત આઠ જ ગુણો છે. (૧) અનન્ત જ્ઞાન (૨) અનન્ત દર્શન (૩) અનન્ત ચારિત્ર

(યથાખ્યાત ચારિત્ર) (૪) અનન્ત વીર્ય (૫) અનામી–અરૂપીપણુ (૬) અગુરૂલઘુ (૭) અનન્ત (અવ્યાબાધ) સુખ (૮) અક્ષય સ્થિતિ.

આ આઠ જ ચૈતન્ય સ્વરૂપ ચેતન દ્રવ્ય આત્માના મૂળભૂત ગુણો છે. દરેક જીવાત્મામાં મૂળભૂત પડેલા જ છે. આ જ ગુણો આજે આપણામાં પણ છે. અને એક નાની કીડી-માંકીના અને ઝાડ–પાન વનસ્પતિના જીવમાં પણ આ સર્વે ગુણો મુળભુત પડેલા જ છે. તફાવત એટલો જ કે આપણામાં અને સર્વ જીવોમાં આ ગુણો કર્મના આવરણથી ઢંકાયેલા છે. દબાયેલા છે. જેમ સુર્ય વાદળાઓથી ઢંકાયેલો છે, અથવા તો ઢાંકણાથી કોઇ વસ્તુ ઢંકાયેલી હોય તેમ આત્માના આ સર્વગુણો કર્મના આવરણોથી ઢંકાયેલા છે. આમાંના પ્રથમ ચાર કર્મોનો ક્ષય થાય એટલે આત્મા સર્વજ્ઞ–સર્વદર્શી–વીતરાગી બને છે. કેવળી બને છે. અને બીજા ૪ અઘાતી કર્મોનો પણ ક્ષય થઈ જાય અર્થાત આઠેય કર્મોનો સર્વથા સંપૂર્ણપણે ક્ષય થઈ જાય ત્યારે આત્મા સિધ્ધ–બુધ્ધ–મુકત બને છે. મોક્ષે જાય છે. ત્યારે આજ આઠેય ગુણો જે મુળભુત સર્વ જીવોમાં છે તે જ મુકતાત્મામાં પુર્ણપણે પ્રગટ થાય છે. કારણકે કર્મના સર્વે આવરણો ખસી જવાથી આ જ ગુણો પૂર્ણ શુધ્ધ સ્વરૂપમાં પ્રગટ થાય છે.

જેમ વાદળાઓ ખસી જતા સૂર્ય પૂર્ણ તેજસ્વીરૂપે પ્રકાશમાન દેખાય છે. સુર્યમાં તેજસ્વીપણું એનું મુળભુત છે. એ કંઇ બહારથી નથી આવતું. વાદળાનું આવરણ હતું અને તે ખસી ગયું એટલે સ્વચ્છ દેખાવા માંડયું. એ જ પ્રમાણે આત્મામાં ગુણો બહારથી નથી આવ્યા પહેલેથી જ મુળભુત પડેલા જ છે. તે સર્વે ગુણો તેના ઉપરના સર્વે આવરણો (કર્મો) નષ્ટ થવાથી પૂર્ણપણે સ્વચ્છ સ્વરૂપે પ્રગટ થયા છે. તેનો પાદુર્ભાવ થયો છે. એવો અષ્ટગુણયુકત પૂર્ણ જ્ઞાનાદિ ગુણવાન નિરાવરણ આત્મા તે જ મુકતાત્મા સિધ્ધાત્મા કહેવાય છે. સિદ્ધાત્મા એ પરમાત્મા થયા ત્યારે આપણે હજી પામરાત્મા જ રહ્યા. આપણું પામરપણું એક દિવસ દુર થઇ જશે ત્યારે આપણે પણ પામરમાંથી પરમ બની જશું. પામરમાંથી પરમ બનવાનો પરમાત્માએ ચીંધેલો માર્ગ જ ધર્મ છે. જે માર્ગે ચાલીને એ પોતે પરમાત્મા બન્યા છે તે જ ધર્મમાર્ગ આપણને બતાવ્યો છે. પામરમાંથી પરમ બનવાની પ્રક્રિયા બતાવી છે. માટે એ જ માર્ગે આપણે ચાલીશું ત્યારે એક દિવસ આપણે પણ પરમ, સિદ્ધ, બુદ્ધ, મુકત બની શકીશું.

ફકત જૈનો જ મોક્ષ પામી શકે અને બીજા નહીં ?

ના એવુ કંઇ નથી. રસ્તો કોઇનો વ્યકિતગત નથી. જે ચાલે એનો છે. નિસરણી–પગથીયા જે ચઢશે તે પહોંચશે. એવી મોક્ષની નિસરણી છે. મોક્ષ સુધી પહોંચવાની ૧૪ ગુણસ્થાનકની નિસરણી છે.


एगोऽहं नत्थीमे कोई, नाहमन्नस्स कस्सइ।
एवमदीणमनसो, अप्पाणमणुसासइ॥

આ ૧૪ ગુણસ્થાનક ઉપર ક્રમે-ક્રમે આગળ ચઢવાનું છે. આ સોપાનો, (પગથીયાં)નું નામ જ ગુણસ્થાન છે. જે જે ગુણો આત્મા વિકસાવે છે તે તે સોપાને આત્મા ચડે છે. માટે આને ગુણસ્થાનક કહેવાય છે. અને તે ૧૪ છે. ૪ ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ શ્રદ્ધાળુ બને. પાંચમા ગુણસ્થાને વ્રત-વિરતિ -પચ્ચખાણ ધારણ કરનાર શ્રાવક બને, છઠ્ઠે ગુણસ્થાનકે આવીને સાધુ બને. સાતમે અપ્રમત સાધુ બને. આઠમેથી ક્ષપક શ્રેણિ માંડે. નવમેં કષાય-વેદ-નોકષાય આદિનો ક્ષય કરી દશમે જિતેન્દ્રિય બને. બારમે આવીને જિન-વીતરાગ બને અને તેરમે સર્વજ્ઞ-સર્વદર્શી-કેવળી બને. ૧૪ મું પુરૂ કરીને સીધો મોક્ષે જઇને સિદ્ધ-બુદ્ધ-મુકત બને છે.

જેને કોઇને પણ મોક્ષે જવુ હોય તેને આ ક્રમથી જ ચૌદ ગુણસ્થાનક ચઢવા જ પડે. પછી તે જૈન હોય કે જૈનેતર, સ્ત્રી હોય કે પુરૂષ, કોઈ પણ હોય. અહીંયાં તો આત્માના કર્મના આવરણોનો ક્ષય કરતા કરતા ગુણો પ્રગટ કરતા કરતા આગળ આગળના ગુણસ્થાનો ચઢતા-ચઢતા ઉપર જવાનું છે. શાસ્ત્રોમાં સિધ્ધ જીવોના ૧૫ ભેદ દર્શાવ્યા છે. અર્થાત અહીંથી મોક્ષે જનાર આત્મા કયા-કયા ભેદે મોક્ષે જઈ શકે છે તે ભેદો ૧૫ છે.

जिण अजिण तित्थ, ऽतित्था गिहिअन्न सलिंगथी नर नपुंसा ।
प-तेय सय बुद्धा, बुद्धबोहिय सिद्धाणक्का य ॥

(૧) જિન સિધ્ધ, (૨) અજિન, સિધ્ધ (૩) તીર્થ સિધ્ધ, (૪) અતીર્થ સિધ્ધ, (૫) ગૃહસ્થલિંગ સિધ્ધ (૬) અન્યલિંગ સિધ્ધ,

(૭) સ્વલિંગ સિધ્ધ (૮) સ્ત્રીલિંગ સિધ્ધ (૯) પુરૂષલિંગ સિધ્ધ (૧૦) નપુંસકલિંગ સિદ્ધ ૧૧) પ્રત્યેકે સિધ્ધ ૧૨) સ્વયંસં બુદ્ધસિધ્ધ ૧૩) બુધ્ધબોધિતસિધ્ધ ૧૪) એક સિધ્ધ (૧૫) અનેક સિદ્ધ.

(૧) જિનસિધ્ધ–તીર્થંકર પદવી પ્રાપ્ત કરીને અરિહંત બનીને જે મોક્ષે જાય. દા. ત. મહાવીર સ્વામી આદિ જિન સિધ્ધ કહેવાય.

(૨) અજનસિદ્ધ– તીર્થંકર પદવી પ્રાપ્ત કર્યા વિના ગણધરાદિ જે મોક્ષે જાય. દા. ત. ગૌતમસ્વામી આદિ ગણધરો. તે અજિનસિધ્ધ.

(૩) તીર્થસિદ્ધ– તીર્થંકર તીર્થની (સંઘની–ધર્મતીર્થની) સ્થાપના કર્યા બાદ જે તીર્થમાં મોક્ષે જાય તે તીર્થ સિધ્ધ દા. ત. ગણધરો આદિ. તે તીર્થ સિધ્ધ.

(૪) અતીર્થસિદ્ધ–તીર્થ સ્થાપના પહેલાં જ મોક્ષે જાય. તે. દા. ત. મરૂદેવામાતા તે અતીર્થ સિધ્ધ.

(૫) ગૃહસ્થલિંગસિદ્ધ–ગૃહસ્થના વેષમાં જ જેઓ મોક્ષે ગયા તે. દા. ત. ભરત મહારાજા.

(અહીંયાં મોક્ષે જતા વેષ ભલે ગૃહસ્થનો હોય કે તાપસનો ભગવો વેષ હોય કે ગમે તે હોય. પરન્તુ સર્વજ્ઞોકત માર્ગ તો પામેલા જ હોય. ભાવ સાધુત્વ તો આવ્યા જ જાય)

(૬) અન્યલિંગ સિદ્ધ–તાપસ વગેરે અન્યદર્શનની અન્યધર્મી સાધુના વેષમા જેઓ મોક્ષે ગયા તે અન્યલિંગ સિધ્ધ કહેવાયા. દા. ત. વલ્કલચીરીત.પસ. (અહીં વેષભૂષા આદિ તાપસની રહી. પરન્તુ ભાવથી નિશ્ચય માર્ગે આ આત્મા સર્વજ્ઞોકત માર્ગે ૧૪ ગુણસ્થાને જ ચઢયો છે.)

(૭) સ્વલિંગ સિદ્ધ- સર્વજ્ઞોકત-રજોહરણ (ઓઘો), મુહપત્તિ આદિ મુનિવેષ તે સ્વલિંગ કહેવાય. એવા સાધુવેષ માં સાધુ બનીને જે મોક્ષે જાય. તે. દા. ત. સાધુમુનિ મહારાજ

(૮) સ્ત્રીલિંગ સિદ્ધ-સ્ત્રીપણાની દેહકૃતિએ જે મોક્ષે જાય તે સ્ત્રીલિંગ સિધ્ધ કહેવાય. એવું કંઇ નથી કે સ્ત્રીલિંગે મોક્ષે ન જઇ શકે ? ના. કારણ કે સ્ત્રી હોય કે પુરુષ હોય. અથવા તો નપુંસક લિંગવાળો હોય તો પણ મોક્ષે જઈ શકે છે. સ્ત્રી-પુરૂષ આદિ તો શરીર કૃતિના ભેદો છે. સ્ત્રીના શરીરની રચના અને પુરૂષના શરીરની રચના માત્ર રચના આકૃતિનો બાહ્ય શારીરિક ભેદ છે. પરન્તુ અન્દર મૂળભૂત આત્મા તો નથી સ્ત્રી કે નથી પુરૂષ. આત્મા તો અનામી-અરૂપી છે. એટલે મોક્ષ કોનો થવાનો છે ? આત્માનો કે શરીરનો ? શરીર તો અહીં લાકડામાં બળે છે. એટલે શરીરનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? મોક્ષે તો આત્મા જાય છે. તો પછી વચ્ચે શરીર કે વસ્ત્રાદિ ક્યાં બાધક બને છે કે નડે છે ? આત્મા ગુણસ્થાનોની શ્રેણિ ચઢતો જાય છે. અને નવમાં ગુણ-સ્થાને ચઢીને વેદ મોહનીય આદિનો ક્ષય કર્યા પછી હવે સ્ત્રી-પુરૂષનો ભેદ જ નથી રહેતો પછી સવાલ જ ક્યાં છે ? કેવળજ્ઞાનાદિ આત્માને થાય છે. નહીં કે શરીરને. માટે લિંગથી શરીર સ્ત્રી-પુરૂષ કે નપુંસક કોઈ પણ હોય તો પણ મોક્ષે જઇ શકે છે. નલ્લીનાથ ૧૯મા ભગવાન સ્ત્રીસ્વરૂપે જ થયા છે. મરૂદેવા માતા પણ સ્ત્રી દેહે મોક્ષે ગયા છે, ચંદન બાળા અને મૃગાવતી આદિ મહાન સાધ્વીઓ સ્ત્રીદેહથી જ મોક્ષે

ગઇ છે. માટે સ્ત્રી મોક્ષે ન જાય, અને કેવળજ્ઞાન ન પામે ઇત્યાદિ માન્યતા સાવ પાયા વિનાની ખોટી છે.

(૯) **પુરૂષલિંગ સિદ્ધ** – પુરૂષ દેહથી જે મોક્ષે જાય તે પુરૂષલિંગ સિધ્ધ કહેવાય. ગૌતમસ્વામી આદિ પુરૂષ દેહધારી અનેક મોક્ષે ગયા છે.

(૧૦) નપુંસકલિંગ સિદ્ધ – નપુંસકપણાના શરીરવાળા મોક્ષે જાય તે નપુંસક લિંગ સિધ્ધ કહેવાય. દા.ત. ગાંગેય વગેરે નપુંસક હતા. અને મોક્ષે ગયા.

(૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ – જેઓ સન્ધ્યાના રંગાદિ નિમિત્તો–પ્રસંગો જોતા વૈરાગ્ય પામી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા તે પ્રત્યેક બુધ્ધ સિધ્ધ કહેવાયા. દા.ત. કરકંડુ મુનિ. રાજા કરકંડુ રસ્તામાં એક બળદને જોઇને વૈરાગ્ય પામ્યા. દીક્ષા લઈ સાધુ બન્યા અને પ્રત્યેક બુદ્ધ થઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.



(૧૨) સ્વયંસંબુદ્ધ સિદ્ધ – ગુરૂના ઉપદેશ વિના તથા પ્રકારે કર્મ પાતળાં પડવાથી નિમિત્ત વિના પણ પોતાને સંસાર અસાર લાગતાં વિરકત બની વૈરાગ્ય ભાવના પ્રકટતાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય તે સ્વયંસંબુધ્ધ કહેવાય. દા.ત. કપિલ કેવલી વગેરે.

(૧૩) બુધ્ધ-બોધિત સિદ્ધ – ગુરૂ ભગવાન આદિ પાસેથી બોધ પામેલા, ઉપદેશથી સંસાર અસાર જાણી છોડીને દીક્ષિત બની કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા તે બુધ્ધ – બોધિત સિદ્ધ કહેવાય. દા.ત. જંબુસ્વામી વગેરે.

(૧૪) એકસિદ્ધ – એક સમયે પોતે એકલા જ મોક્ષે ગયા હોય તે એકસિધ્ધ કહેવાય. દા.ત. મહાવીર સ્વામી.

(૧૫) અનેક સિધ્ધ – ૧ સમયમાં જ અનેક મોક્ષે ગયા. સિધ્ધ થયા. દા.ત. ઋષભદેવ ભગવાન જે સમયે મોક્ષે ગયા તે જ સમયે તેમના પોતાના ૯૯ પુત્રો અને ભરત ચક્રવર્તીના ૮ પુત્રો અને ઋષભદેવ પોતે ૧. (૯૯+૮+૧=૧૦૮) એમ ૧૦૮ ૧ સમયે મોક્ષે ગયા તે અનેક સિધ્ધ કહેવાયા.

આ પ્રમાણે ૧૫ ભેદે આત્મા સિધ્ધ થાય છે, મોક્ષે જાય છે. સંભાવ્ય અને શકય તે સર્વ પ્રકારો આવી ગયા. આટલા ભેદે ભૂતકાળમાં મોક્ષે ગયા છે અને ભવિમાં જશે. મોક્ષ માર્ગ પણ શાશ્વતો છે તે કદાપિ બંધ થવાનો નથી. ૧૫ કર્મભૂમિઓમાંથી ધર્મારાધના કરી સર્વ કર્મ ક્ષય કરી કોઈ પણ આત્મા મોક્ષે જઇ શકે છે. મુકત થઈ શકે છે. એવું નથી કે મોક્ષે જવાનો અમુક આત્માનો જ અધિકાર છે. અમુક જ

જઇ શકે. જે ઈશ્વર હોય અને અવતાર લે તેમનો જ મોક્ષ થાય અને બીજાનો નહીં, એવું પણ નથી. હા. અભવી જીવ મોક્ષે નથી જતો. જાતિભવ્ય કે દુર્ભવ્ય પણ મોક્ષે નથી જતો. જેમ બધા મગની વચ્ચે કોરડુ મગ નથી સીઝતો, તેમ અનન્તા આત્માઓની વચ્ચે અભવીનો મોક્ષે નથી જઈ શકતો. કારણ તેનું જીવદળ જ એવું છે. તેને મોક્ષ વિષયક શ્રધ્ધા જ નથી થતી. માટે તેનો મોક્ષ નથી થતો. ભાવિ જીવ સમ્યગ્ત્વ પામીને રત્નત્રયીની આરાધના કરીને, સર્વકર્મ ક્ષય કરી મોક્ષે જઇ શકે છે. મહાવિદેહક્ષેત્રમાંથી સતત મોક્ષ માર્ગ ચલુ રહે છે. ત્યાં સદાય ચોથો આરો વર્તે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કર છ મહિને ૧ જીવ તો મોક્ષે જાય જ. આત્મા જ્યારે સમ્યગ્ત્વ પામે ત્યારે જ તેનો મોક્ષ નિશ્ચિત થઈ જાય. અર્થાત આ સમ્યગ્ત્વ પામેલો આત્મા અવશ્ય અર્ધ પુદ્ગલ પરાવર્તકાળમાં મોક્ષે જવાનો જ. વચ્ચે અમુક ભવો પણ થાય. પરન્તુ સમ્યગ્ત્વ પામ્યો તે આત્મા મોક્ષે જવાનો જ. એક માત્ર મનુષ્યગતિમાંથી જ મોક્ષ મળે છે. એ સિવાય દેવ–નારક–તિર્યંચ ગતિમાંથી મોક્ષ નથી મળતો. આવા, મોક્ષ તત્વની શ્રધ્ધા અને સાધના એ જ શ્રેયસ્કર માર્ગ છે.

સંતપયપરૂવણયા, દવ્વપમાણં ચ ખિત્તફુસણા ય ।
કાલો અ અન્તર ભાગો, ભાવે અપ્પાબહું ચેવ ॥

૧) સત્ (વિદ્યમાન) પદની પ્રરૂપણા, ૨) દ્રવ્ય પ્રમાણ –(સંખ્યા), ૩) ક્ષેત્રદ્વાર, ૪) સ્પર્શના દ્વાર, ૫) કાળ દ્વાર, ૬) અન્તર દ્વાર, ૭) ભાગ દ્વાર, ૮) ભાવ દ્વાર, અને ૯મું નિશ્ચય અલ્પ બહુત્વદ્વાર. આ નવ અનુયોગ દ્વાર છે.

આ ૯ દ્વાર (૯ ભેદ)થી મોક્ષ તત્વ સંબંધી વિચારણા કરવી જોઇએ. તેથી મોક્ષના અસ્તિત્વ અને સ્વરૂપ સંબંધી સર્વ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે. મોક્ષ છે, મોક્ષ નિત્ય છે, મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે. મુકત થનાર આત્મા છે. ઇત્યાદિ વિધેયાત્મક વિચારધારાનું આલંબન લઇ પ્રતિદિન ચિન્તન કરવું જોઇએ.



પ્રભાસ સ્વામીનું સમાધાન અને દીક્ષા –

छिन्नमि संसयाम्मि जिणेण जर – मरणवप्पमुक्केण ।

सेा समणो पव्वइओ तिहिं सह खंडियसएहिं ॥

અનેક તર્કો–યુકિતઓ આદિ પ્રમાણોથી પ્રભાસસ્વામીએ વીરપ્રભુ સાથે મોક્ષ સંબંધી વિસ્તારથી ચર્ચા કરી. અને જગદ્‌ગુરૂ શ્રી વીરપ્રભુએ અત્યન્ત સરલ રીતે અનેક પ્રમાણોથી તર્ક–યુકિત આદિ સાથે સુચિકર રીતે પ્રભાસને સમજાવ્યા. એમની શંકાઓનું સમાધાન કર્યું અને જે વેદવાકયમાંથી આ શંકા ઉદ્‌ભવી હતી, તે વેદવાકયનો પણ વાસ્તવિક સાચો અર્થ કરી સમજાવ્યો અને પ્રભાસને તેની ભુલ બતાવી.

વર્ષોથી મનમાં ઘર કરી ગયેલી આ મોક્ષ વિષયક શંકાનું સમાધાન થતાની સાથે જ રાજગૃહી નગરીના રહેવાસી કૌંડિન્ય ગોત્રના બલભદ્ર પિતાના પુત્ર દ્વિજોત્તમ બ્રાહ્મણ પોતાની ૧૬ વર્ષની નાની ઉંમરે અદ્‌ભુત પ્રજ્ઞાની પ્રતિભાના કારણે ૩૦૦ શિષ્યોના ગુરૂ બન્યા હતા. અધ્યાપક બન્યા હતા. તેમના મનનું સુંદર સમાધાન થતાની સાથે જ તેઓ પોતાના ૩૦૦

શિષ્યો સાથે સર્વજ્ઞ વીરપ્રભુના ચરણોમાં જીવન સમર્પિત કરીને જૈન દીક્ષા સ્વીકારે છે. વિદ્વાન પંડિતને તત્વ સમજ્યા પછી આચરણમાં, અમલમાં, સમર્પણમાં વિલંબ શા માટે ? અને ચારિત્ર લઇ સાચા અણગાર બન્યા. ત્રિપદો પામી. ગણધરપદે બિરાજમાન થઇ શાસનના સાચા શણગાર બન્યા. શ્રી વીર પ્રભુના ઉમરમાં સહુથી નાના એવા ૧૧મા ગણધર બન્યા, દ્વાદશાંગીની રચના કરી. સમ્યગ્જ્ઞાન પામ્યા અને અનેકોને પમાડ્યું. જીવનની સાધના સાધી.

તદ્ભવ મોક્ષગામી પ્રભાસ સ્વામીએ કુલ ૮ વર્ષનો કાળ છદ્મસ્થાવસ્થામાં રહીને ઉમરના ૨૮મા વર્ષે તો ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગી બન્યા. ૧૬ વર્ષ સુધી તેઓ કેવળી તરીકે વિચરી આ પૃથ્વીતલને પાવન કરી. અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડીને ૪૦મા વર્ષની નાની ઉંમરે તેઓ પોતાની જન્મભૂમિ રાજગૃહીમાં પધાર્યા. અન્તે ૧ મહિનાના નિર્જલ ઉપવાસ સાથે માસ ભક્તની સંલેષણા કરી પાદપોપગમન અનશન કરી દેહનો ત્યાગ કરી સદાના મોક્ષે સિધાવ્યા. સિદ્ધ બુધ્ધ-મુકત-નિરંજન -નિરાકાર-રૂપાતીત-અશરીરી બન્યા.

જે અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાળે।
સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ।।

-જેઓ ભૂતકાળમાં સિધ્ધ થયા છે. જેઓ ભવિષ્યમાં મોક્ષે જઈ રહ્યા છે. તે સર્વેને મન-વચન-કાયાથી નમસ્કાર થાઓ. "સિદ્ધા સિધ્ધિં મમ દિસંતુ" એવા હે સિધ્ધ ભગવંતો મને પણ સિધ્ધગતિ દેખાડો. સર્વ જીવો મોક્ષ પામો. ....સર્વે મુકત થાઓ, એ જ શુભાભિલાષ..

પ. પુ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

ની શુભ પ્રેરણા અને સદુપદેશથી સ્થપાયેલ–

યુવાપેઢી, વિદ્યાર્થી આલમ, આમ જનતા, સંઘ અને સમાજના કલ્યાણાર્થે સ્થપાયેલ એક સેવાભાવી સંસ્થા–

* શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કલ્યાણ કેન્દ્ર *

80 બ. નિયમાનુસાર કરમાફી પત્ર પ્રાપ્ત ટ્રસ્ટ રજીસ્ટર નંબર E 1526 (BOMBAY)

વિવિધ પ્રકારનું ઉત્તમ સાહિત્ય પ્રકાશિત કરતી, વિદ્યાર્થી આલમમાં આચાર–વિચારના ઉત્તમ સંસ્કારોનું સિંચન કરતી, નવયુવાનોના જીવન ઘડતરનું કાર્ય કરતી, યુવાનોનો કાયાકલ્પ કરતી, મહાવીર પ્રભુના સિધ્ધાન્તોનો પ્રચાર તથા સમ્યગ જ્ઞાનનો પ્રસાર કરતી સંસ્થાની પ્રાણ ભૂત એક મહત્વની પ્રવૃત્તિ–

* શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર *

વિવિધ સ્થળે યોજાયેલી ગ્રીષ્માવકાશકાલીન શિબિરો–

૧. શ્રી સર્વોદય પાર્શ્વનાથ મંદિર–માથેરાન–(મહારાષ્ટ્ર)
૨. શ્રી આદિનાથ સોસાયટી–પૂણે–સતારા રોડ–પૂણે (મહારાષ્ટ્ર)
૩. શ્રી વર્ધમાન આયંબિલભવન, ભિવંડી–(થાણા–મહારાષ્ટ્ર)
૪. શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર–ઉપાશ્રય– વલસાડ (ગુજરાત)
૫. શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર–દાદાસાહેબ–ભાવનગર (સૌરાષ્ટ્ર)
૬. શ્રી વાસુપુજ્યસ્વામી પ્રાસાદ. આણંદજી કલ્યાણજી પેઢી. સુરેન્દ્રનગર (,,)

વિવિધ ચાતુર્માસોમાં યોજાયેલી ચાતુર્માસિક ૧૬ રવીવારીય શિબિરો

૧. શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન મંદિર–ઉપાશ્રય. ચોપાટી જૈન સંઘ. ચોપાટી મુંબઈ.
૨. શ્રી આરાધના ભવન. ગોવાળીયા ટેંક જૈન સંઘ. મુંબઈ.
૩. શ્રી ચંદ્રપ્રભુ જૈન મંદિર-ઉપાશ્રય. શ્રી પ્રાર્થના સમાજ જૈન સંઘ મુંબઈ.
૪. શ્રી ને. મે. વાડી ઉપાશ્રય. ગોપીપુરા જૈન સંઘ. સુરત–ગુજરાત.
૫. શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય. ઘડીયાળી પોળ. જાની શેરી વડોદરા ,,
૬. શ્રી વીસા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ. શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા. જામનગર–(સૌરાષ્ટ્ર)

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

ના વિ.સં. ૨૦૪૦ના એક યાદગાર અને યશસ્વી ચાતુર્માસ દરમ્યાન

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ

તરફથી યુવા અ લમના આત્મશ્રેયાર્થે યોજેલ


— ઃ ચાતુર્માસિક ૧૬ રવિવારીય ઃ —

* શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર *

ની ચાલતી શિબિર દરમ્યાન દર રવિવારે બપોરે ચાલતી

સચિત્ર ગણધરવાદની જાહેર વ્યાખ્યાન માળા

માં ૧૬ રવિવારની અંતિમ "મોક્ષસિદ્ધિ" વિષયક આ પુસ્તિકા



જામનગરના સુપ્રસિદ્ધ બાંધણી નિર્માતા

શ્રી મહાવીર અગરબત્તી વર્કસ

ના સપરિવાર તરફથી

પૂ. સ્વ. માતુશ્રી લત્તીબેન ચુનીલાલ

અગરબત્તીવાલા

તથા પૂ. સ્વ. પિતાશ્રી ચુનીલાલ પોપટલાલ અગરબત્તીવાલાના પરિવારના સહકારથી સમ્યગ જ્ઞાનના પ્રચારાર્થે શ્રુતભક્તિરૂપે છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

તથા કારતક વદ ૩ તા. ૧૧-૧૧-૮૪ ના ૧૬માં છેલ્લા રવિવારની શિબિરમાં પધારેલા સર્વે શિબિરાર્થી મિત્રોની —

- 卐 - સાધર્મિક ભક્તિ - 卐 -

શ્રી મહાવીર અગરબત્તી વર્કસ - સુપ્રસિદ્ધ બાંધણીવાલા

સ્વ. ચુનીલાલ પોપટલાલ શાહના સુપુત્રો શ્રી પ્રવીણભાઇ, અનંતભાઇ પ્રતાપભાઇ આદિ અગરબત્તીવાળા સપરિવાર તરફથી કરવામાં આવી છે.

- શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણકેન્દ્ર મુંબઇના પ્રેરક :...
- શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર ના સૂત્રધાર...
- શ્રી મહાવીર જૈન સાધર્મિક - કલ્યાણ કેન્દ્ર, મુંબઇ સંસ્થાપક અને સાધર્મિકોના ઉદ્ધારક...
- શ્રી મહાવીરપાર્શ્વ સમવસરણ મંદિર - કુથૂંડી તીર્થના પ્રેરક - કર્ણધાર તથા જૈન શાસનના સુપ્રસિદ્ધ પ્રવચન કાર તથા ચિંતક અને લેખક, બહુમુખી પ્રતિભા સંપન્ન - વિદ્વદ્રત્ન.....



પૂજ્ય.મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

(રાષ્ટ્રભાષા રત્ન - વર્ધા, સાહિત્ય રત્ન - પ્રયાગ, ન્યાયદર્શનાચાર્ય મુંબઇ)

....ની કલમે લખાયેલ જૈનધર્મ અને દર્શનના તાત્વિક - વિષયોનો તાર્કિક વિશ્લેષણ કરતા લખાયેલ સચિત્ર મનનીય સાહિત્ય...

- કર્મ તણી ગતિ ન્યારી... (ગુજ.)
- कर्म की गति न्यारी... (हिन्दी.)
- ભાવના ભવ નાશિની... (ગુજ.)
- સચિત્ર ગણધરવાદ..(ભાગ-૧ અને ૨ ગુજ.)
- पाप की सजा भारी...(हिन्दी भाग-१ अने २)
- શ્રી નમસ્કાર મહામંત્રનું અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન (પ્રેસમાં-ગુજ.)

જૈન ધર્મ અને દર્શનના પાયાના તત્વજ્ઞાનને સમજવા માટે ઘણું ઉપયોગી સાહિત્ય છે...ખાસ વસાવો...વાંચો..અને વંચાવો

સંપર્ક... હિતેશભાઇ પી. મસાલીયા.

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણકેન્દ્ર

૩૯, વસંત વિલાસ, ૨જે માળે, ડૉ. ડી. ડી. સાઠે માર્ગ

પ્રાર્થના સમાજ મુંબઇ-૪૦૦૦૦૪